શકિતપાત-જયોતિર્ધર
પરમહંસ પરિવ્રાજકાચાર્ય

શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ





“હું ચતુર્થાશ્રમી સંન્યાસી છું.
જીવન અને મરણ એ બંને મારા માટે
સમાન છે. હું જ્યારે દશ્ય સ્થૂળ પ્રપંચથી
માંડીને મહત્તત્ત્વ સુધીના સમસ્ત પ્રપંચને
કાલત્રય વડે બાધિત થયેલું હોવાથી
મિથ્યા માનું છું ત્યારે આ શરીરનાં
ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશને કારણે કોઈ પણ
પ્રકારની આપત્તિ મને શા માટે થવી જોઈએ ?
મારે આ જગતમાં કશું જોઈતું નથી.
પ્રારબ્ધવશાત્ દેહસંબંધને કારણે
જે કાંઈ સુખદુઃખ પ્રાપ્ત થાય તે બધાને
હું સહજપણે ભોગવી શકું છું, અને
એને જ હું સૌથી મોટું સાધન માનું છું.”

- સ્વામી લોકનાથતીર્થ

શક્તિપાત જ્યોતિર્ધર

પરમહંસ પરિવ્રાજક

શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ

શક્તિપાત-જ્યોતિર્ધર

પરમહંસ પરિવ્રાજકાચાર્ય

શ્રીલોકનાથતીર્થસ્વામી મહારાજ



॥ શ્રી શ્રીગુરવે નમઃ ॥

શક્તિપાત જ્યોતિર્ધર
પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ

પ્રેરક : શ્રી. બાલમુકુંદ પુ. પંડિત

લેખકો : ડો. શ્રી. હર્ષદભાઈ મ. ત્રિવેદી

પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યા

સંપાદક : પ્રા. શ્રી. પુરુષોત્તમ રં. શહાપુરકર

સહસંપાદક : પ્રા. શ્રી. અશોક રા. અમૃતે

卐 પ્રકાશક 卐

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ મહાયોગ ટ્રસ્ટ

શ્રીરંગનગર, પંપિંગ સ્ટેશન પાસે, ગંગાપુર રોડ, નાશિક : ૪૨૨ ૦૦૫.

પ્રકાશક:

પ.પૂ.શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ

પ્રધાન વિશ્વસ્ત

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ મહાયોગ ટ્રસ્ટ,

શ્રીરંગનગર , પંપિંગ સ્ટેશન પાસે, ગંગાપુર રોડ, નાશિક : ૪૨૨૦૦૫.

ફો ન: (૦૨૫૩) ૩૧૧ ૬૧૬

પ્રથમાવૃત્તિ : ૨૧૦૦ પ્રત © Copyright સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશન દિન : ૨૩મી મે, ૨૦૦૨, પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ જન્મદિન

વૈશાખ સુદ ૧૨, શક ૧૯૨૪.

ડી. ટી. પી. : દેના સ્કૂલ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન

રામકુટીર,મોટા મહાદેવ પાસે, નડિયાદ, ૩૮૭ ૦૦૧.

ફોન. : (૦૨૬૮)–૨૮૪૧૯

મુદ્રણ : શ્રી.યજ્ઞેશભાઈ પંડ્યા

પ્રિન્ટવિઝન, સેંટ્રલ બેંકના ખાંચામાં

નાનાલાલની ગલી, અમૂલ્ય બિલ્ડિંગ પાછળ

આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૦૬

ફોન: ૬૪૦૫૨૦૦

પ્રાપ્તિસ્થાન : (૧) શ્રી. પ્રભાકર રામચંદ્ર અરગડે

'આર્શીવાદ' , ૬ ઝવેરનગર સોસાયટી

વાઘોડિયા રોડ, વડોદરા : ૩૯૦ ૦૧૯ ફોન : ૫૧૦ ૫૮૨

(૨) વ્યવસ્થાપક

પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ મહાયોગ ટ્રસ્ટ

શ્રીરંગનગર, પંપિંગ સ્ટેશન પાસે

ગંગાપુર રોડ, નાશિક : ૪૨૨ ૦૦૫

કિંમત : રૂા. ૬૦.૦૦

પ.પૂ. શ્રીગુળવણી મહારાજ



જીવનચરિત્રની કેડીના પથપ્રદર્શક અને
સદ્‌ગુરુ પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના
અત્યંત પ્રિય અને અંતરંગ શિષ્ય
પ.પૂ. શ્રીગુળવણી મહારાજનાં કરકમલોમાં
આ ગ્રંથપુષ્પ સાદર સમર્પિત

- ના. ય. ઢેકણે

॥ શ્રી શ્રીગુરવે નમઃ ॥

મંગલાચરણ

卐 શ્રીગણેશ શારદા સ્તવન 卐

ગ્રંથારંભે તુજ નમું ચરણ કંજ મહારાજ,
આપો સન્મતિ મોરયા, જેથી સુધરે કાજ. ૧

મૂલાધારે તું વસે , કરે મતિપ્રકાશ,
ગુરુલીલા ગાવા કરી, કરો પૂર્ણ જે આશ. ૨

વળતી પ્રણમું શારદા બ્રહ્મકુમારી જેહ,
વાગ્દેવતા વિશ્વમાં, વિલસે જે નિર્દેહ. ૩

ગુરુરૂપે મા તુંજ તું, ઈષ્ટ દિગંબર દત્ત,
જાણી પ્રણમું ભાવથી, થાય ભેદ નિરસ્ત. ૪

ગુરુલીલામૃત પાનની ઈચ્છા તુજને જેહ,
બ્રહ્મપ્રાપ્તિનું જાણ તું, સૂચક મંગલ એહ. ૫

–પ.પૂ. શ્રીરંગઅવધૂત મહારાજ

॥ શ્રી શ્રીગુરવે નમઃ ॥

શ્રીગણેશ સ્તવન

હે હેરંબ ! મુનિમાનસ કદંબ,
જગદાદિસ્તંભ આજિ પૂજિબો તોમાય.

હે ગજવદન ! સર્વસિદ્ધિસાધન,
કલ્યાણ નિધાન આજે પ્રણામ તોમાય.

એકદન્ત વિશાલશરીર સુંદર ભાલ,
લંબોદર મોદકકર અતિશોભા પાય.

મૂષકવરવાહન સર્વવિઘ્ન વિનાશન,
પ્રણતપાલન અઘનાશન ગણપતિરાય.

ચારુચન્દ્રશેખર ત્રિનયન મનોહર,
રિદ્ધિસિદ્ધિ વનિતા અંકે શોભા પાય.

અંકુશ પરશુવર પાશ મોદકવર,
તારિ કરે કતો શોભા પાય.

વ્યાલોલ ગંડસ્થલ મદગંધમુદિત,
મધુપસક્ત પૂરિત ભૂમંડલ તવ મહિમાય.

—પ. પૂ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ

।। શ્રી સંતરામ મહારાજ સત્ય છે. ।।

ૐ હરે રામ હરે રામ રામ રામ હરે હરે । હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ।।

શ્રી સંતરામ સમાધિ સ્થાન

નડિયાદ - ૩૮૭ ૦૦૧. (ગુજરાત)

(ટ્રસ્ટ રજી. નં. એ-૧૪૨-ખેડા)

☏: (૦૨૬૮) ૫૦૦૦૫

યોગીરાજ અવધૂત શ્રીસંતરામ મહારાજની દિવ્યઅખંડજ્યોતિના શુભાશીર્વાદ

પ. પ. શ્રીલોકનાથતીર્થ મહારાજનું જીવનચરિત્ર મૂળ મરાઠી–હિન્દીમાં હતું. અધ્યાત્મપરાયણ, સંતસેવી, ગુરુકૃપાપાત્ર વિદ્વાન ભક્તોની ભાવનાથી તે ગુજરાતીમાં પ્રકાશિત થાય છે તે આનંદની વાત છે.

સંતોના સાન્નિધ્યમાં, સંત્સંગમાં ભક્તિ, જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય, સદાચારનો બોધ રહેલો હોય છે, જે આ ચરિત્રના પ્રકાશનથી વાચનારને પ્રાપ્ત થશે.

આજના વિષમ, અશાંત, હિંસક વાતાવરણમાં આવા પરમપાવન સંતના ઉપદેશને અનુસરવાથી સુખ, શાંતિ, પ્રેમ સર્વત્ર પ્રસરશે. સંતોના ઉપદેશનું, આચરણનું, એમણે જીવેલા જીવનનું ચિંતન કરવાથી જીવન ધન્ય અને સાર્થક બનશે.

આપણે ત્યાં ઋષિ, સંત–ગુરુનું મહત્ત્વ છે. સહુ એમના ચિંતનને, વિચારને, આજ્ઞાને મહત્ત્વ આપે છે. આવા સંત–ગુરુ પ્રેમ અને કરુણાથી સભર હૃદયના આશીર્વાદ વરસાવી ભક્તનું કલ્યાણ કરે છે.

શ્રીલોકનાથતીર્થ મહારાજે એમને પ્રાપ્ત જ્ઞાન, વિદ્યા, ક્રિયાથી ભક્તોના લૌકિક તેમ જ પારમાર્થિક જીવનને ચેતનવંતુ રાખી લોકહિતનું કાર્ય કર્યું છે.

માનવશરીર દુર્લભ છે. એ અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ, આકાશ, પંચતત્ત્વ ઉપરાંત મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારથી બન્યું છે. આમાં આત્માનો નિવાસ છે. આ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની વસ્તુ છે અને તે ગુરુ પ્રેરણાએ પ્રાપ્ત થાય છે.

સહુનું શુભ અને મંગલ થાઓ. જય મહારાજ.

–નારાયણદાસ મહારાજ

તા. ૧૨–૫–૨૦૦૨ મહંતઃ શ્રી સંતરામમંદિર, નડિયાદ

Shree Datta Sanstha, Garudeshwar

(Branch P.T./A 9)

GARUDESHWAR, Via Rajpipla-393 151, Dist. Narmada. ✆ : (02640)32157

"श्रीदत्त"

તા.૨૧–૪–૨૦૦૨ શ્રી રામનવમી

गंगा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च हरेत् श्रीगुरु दर्शनम् ।।

(श्रीगुरुचरित्र अ.१३ –१३०)

પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામીમહારાજનું જીવનચરિત્ર અલૌકિક છે. નાનપણમાં જ કુટુંબની જવાબદારી આવતાં નબળી આર્થિક સ્થિતિને દૂર કરવા તેમણે ઘણાં કષ્ટ ઉઠાવ્યાં હતાં. સંન્યાસ લીધા પછી સંન્યાસધર્મના પાલનાર્થે એમણે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. આ બધું તેમણે પ્રારબ્ધભોગ સમજીને આનંદથી સહન કર્યું. પોતાનું સંપૂર્ણ જીવન તેમણે લોકકલ્યાણાર્થે જ વીતાવ્યું હતું. પૂજ્ય સ્વામીજીનાં કેવળ દર્શન, સ્પર્શ અને સંકલ્પમાત્રથી સાંસારિક લોકોનાં દુઃખ દૂર થઈ જતાં હતાં. તેમણે અનેકને કલ્યાણના માર્ગે લગાડ્યા હતા. તેઓ આધુનિક કાળમાં ખરેખર એક ઉચ્ચકોટિના મહાન સત્પુરુષ અને સદ્‌ગુરુ હતા.

પૂજ્ય સ્વામીજીના જીવનમાં બનેલી કેટલીક ઘટનાઓ તેમનું સાંસારિક તથા સંન્યાસી જીવન તથા તેમનો સ્વભાવ આદિ બાબતો પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જીવનપ્રસંગો સાથે ઘણું સામ્ય ધરાવે છે. બન્ને મહાપુરુષોના જન્માક્ષરના સમીક્ષાત્મક વિવેચન લેખમાં આ સામ્ય વાંચીને આનંદ થયો છે.

ગુજરાતના ધર્મપ્રેમી, જિજ્ઞાસુ અને અધ્યાત્મપ્રેમી મુમુક્ષુઓને પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું આ ચરિત્ર બોધપ્રદ, કલ્યાણપ્રદ અને મોક્ષકારક નીવડશે એવી મને શ્રદ્ધા છે.

શ્રીદત્ત સ્વરૂપ સ્વામી મહારાજના સેવક
બાપૂરાવ દેવ
મેનેજિંગ ટ્રસ્ટી, શ્રીદત્ત સંસ્થા, ગરુડેશ્વર.

ઉદ્દેશ : "દત્ત ભગવાનના પરમ ઉપાસકોને ભજન કરવા સારું"

। श्री दत्तः प्रसन्नोऽस्तु ।

અવધૂત નિવાસ ટ્રસ્ટ

નારેશ્વર, પો. સાયર.
વાયા અંકલેશ્વર-૩૯૩ ૧૦૭.
ફોન : (૦૨૬૬૬) ૫૩૨૯૩

(રજી. નં. [illegible])

Avadhut Nivas Trust

NARESHVAR POST. SAYAR.
VIA ANKLESHVAR-393 107.
PHONE : (02666) 53293

૨૧/૪/૦૨

શ્રીરામનવમી

વિશ્વસ્ત,
પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ
મહાયોગ ટ્રસ્ટ, નાશિક.

આપ સૌ પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું ચરિત્ર ગુજરાતીમાં પ્રગટ કરી રહ્યા છો, ને છપાતાં પૂર્વે તે મને વાંચવા મોકલ્યું તે માટે આભારસહિત આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

પ. પૂ. શ્રીરંગ અવધૂત મહારાજશ્રી કહેતાઃ "સ્વયમાશીસ્તુ સત્કર્મ।" સત્કર્મ એ સ્વયં આશીર્વાદ સ્વરૂપ છે. તમો સત્કર્મ કરી રહ્યા છો, એટલે સદ્‌ગુરુની આશિષ મળી જ ગઈ છે. સંતોનાં ચરિત્રો લખાવાં જોઈએ અને છપાવાં જોઈએ. એનો જેટલો પ્રચાર–પ્રસાર થાય તેટલો સારો. કારણ કે સંતોને પ્રાંતીય બન્ધનો હોતાં નથી. તેઓ જાતપાતથી પર હોય છે. એમનો કોઈ વાડો હોતો નથી. તેથી તેમનાં ચરિત્ર વાંચીને લોકો સન્માર્ગે જાય છે, જીવનની સાર્થકતા પામે છે. અને ભેદોની ભૂતાવળ એમની પાસે ફરકતી જ નથી. વાંચકનું જીવન ઊર્ધ્વગામી બને છે. જીવન જોઈને જીવન ઘડાય છે.

પૂ. શ્રીરંગ અવધૂત બાપજીને કોકે પૂછેલું : " બાપજી, શું કરો છો ? " પૂજ્યશ્રીએ કહેલુંઃ " કંઈ ન કરવા માટે જે કંઈ કરવું ઘટે તે કરું છું. " સિદ્ધ મહાયોગની સાધનામાં સાધકે માત્ર સાક્ષીભાવે જે કંઈ મનનાં તરંગો ઊઠે, તેને નિહાળવાનાં જ હોય છે. બાકીનું બધું ગુરુ ઉપર છોડી દેવાનું છે. શક્તિ જે કંઈ કરે છે, તે સાધકના ભલા માટે જ કરે છે, એવો દૃઢ વિશ્વાસ આ સાધનાનો પાયો છે. પુસ્તકના પાને પાને એ દગ્ગોચર થાય છે.

પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજે કેવી અને કેટલી કઠિન તપશ્ચર્યા કરી, શિષ્યો પ્રત્યે તેઓ કેવા માયાળુ છતાં શિસ્તપાલનના આગ્રહી હતા, તેઓ પરાર્થે જીવન જીવ્યા, એ બધું આ ચરિત્રગ્રંથમાં જાણવા મળે છે. સિદ્ધયોગ (મહાયોગ)માં ગુરુ સ્પર્શથી, દૃષ્ટિથી, સંકલ્પથી અને મંત્રથી પણ દીક્ષા આપે છે. એ દીક્ષાના બધા જ પ્રકારો આ ગ્રંથમાં જોવા મળે છે જ પણ ભક્તના રોગો, દોષો, અડચણો વગેરે પણ સ્વામીજીએ સ્પર્શ, દૃષ્ટિ કે સંકલ્પમાત્રથી દૂર કર્યાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. મંત્રાનુષ્ઠાન પણ બતાવેલું છે. ઘણીવાર તો પોતે પણ એવું બધું કરી ભક્તની વહારે ધાયા છે.

એમણે ચલાવેલી શક્તિપાતયોગની પ્રણાલિકાનું મૂળ ઠેઠ પ. પ. શ્રીગંગાધરતીર્થ સ્વામી મહારાજ (૧૮૮૬) સુધી જાય છે. પૂ. શ્રીગુળવણી મહારાજ, પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ તથા પ.પૂ. ડો. શ્રી. અરુણોદય જાની મહારાજે એને સુપેરે સાચવી છે અને વૃદ્ધિંગત કરી છે. પ. પૂ. શ્રીગુળવણી મહારાજ પછી પ. પૂ. શ્રીદત્ત મહારાજ કવીશ્વરશ્રીએ સિંહફાળો આપ્યો છે.

પૂ. શ્રીરંગ અવધૂત મહારાજશ્રીના આશીર્વાદ આ ગ્રંથ ઉપર તથા આપ સૌ ઉપર ઊતરો એવી એમને ચરણે પ્રાર્થના કરું છું.

'સાધકા : વર્ધન્તામ્' ।

સંતચરણરજકાંક્ષી
ભવદીય
હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષીનાં
આત્મીય પ્રણામ.

૩૦, સોનાલી
કારેલીબાગ
વડોદરા–૩૯૦ ૦૧૮

ચિત્શક્તિની લીલા

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર જે એક અગમ્ય, અગોચર પરમશક્તિ છે તેને વેદાન્તમાં 'બ્રહ્મ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. બીજી બાજુએ એ જ પરમશક્તિને તંત્રશાસ્ત્રમાં ચિત્શક્તિ, ચેતના, વિષ્ણુમાયા, કુંડલિની શક્તિ એવી અનેક સંજ્ઞા આપવામાં આવી છે. પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જીવનમાં આ જ ચિત્શક્તિએ જે અદ્ભુત લીલા કરી છે તેનું અવલોકન આપણને આ ગ્રંથમાંથી મળે છે. આ ચિત્શક્તિ કેવી રીતે કાર્ય કરે છે તે પણ પૂજ્ય સ્વામીજીના ચરિત્રમાંથી જ સ્પષ્ટ થાય છે.

બંગાળના ઢાકા શહેરમાં ઢાકેશ્વરી કાલીમાતાજીના પૂજારીનો એક નાનો છોકરો યોગેશ પિતાનું અવસાન થવાથી ઘર છોડીને નીકળી પડ્યો. સદ્ભાગ્યે તેને શ્રીઆત્માનંદ પ્રકાશ ગુરુની પ્રાપ્તિ થઈ અને ગુરુ સાથે વિનિટિયા ગામમાં પરમગુરુ શ્રીનારાયણતીર્થદેવના જ્ઞાનસાધન મઠમાં તેણે સાધના શરૂ કરી. શ્રીગુરુ કૃપાથી શક્તિપાત થવાથી સાધનામાં રંગત આવી. ક્યારેક હસે. નવરાશના વખતમાં યોગેશ મઠમાં ઝાડુ કાઢે, ભોજન બનાવે. બન્ને ગુરુઓની સેવા કરે , લાકડાં ફાડે અને ભિક્ષા કરે. શ્રીનારાયણતીર્થદેવે એને પૂજા શીખવાડી. તેમણે સદ્ગુરુ શ્રીઆત્માનંદ પ્રકાશ સાથે યોગેશને ઘેર પરત મોકલ્યો. ઘરની વ્યવસ્થા કરીને અને માતુશ્રીની આજ્ઞા લઈને ૨૨મા વર્ષે સંન્યાસ ગ્રહણ કરીને તે *'ચિન્મયાનંદસરસ્વતી'* બન્યો.

કાશી તથા ૠષિકેશ થઈને શ્રીચિન્મયાનંદ સરસ્વતી ટેહરીના જંગલમાં આવ્યા. ત્યાં એકાન્તમાં સાધના ચાલુ રાખી. અહીં પણ તેમને અનેક ક્રિયાઓ થઈ. પછી ક્રિયાનો વેગ શાંત થયો. ચિત્શક્તિ કુંડલિનીએ હવે શ્રીચિન્મયાનંદના કાર્યનું સુકાન પોતાના હાથમાં લીધું. ધ્યાનમાં આદેશ આવ્યો: *"દક્ષિણમાં જા, અને જગદુદ્ધારનું કામ કર."* યુવાન ચિન્મયાનંદને દક્ષિણમાં ક્યાં જવું એની ખબર ન હતી. તેઓ હાથરસ સ્ટેશને આવ્યા. ક્યાંની ટિકિટ લેવી એનો વિચાર કરતા હતા, ત્યાં જ એક ધનિક સદ્ગૃહસ્થે તેમને હોશંગાબાદની ટિકિટ કઢાવી આપી. શ્રીચિન્મયાનંદ સરસ્વતી

સ્વામીએ આ રીતે સન ૧૯૨૨માં હોશંગાબાદમાં આવી મંગળવાર ઘાટ ઉપર મુકામ કર્યો. બીજી બાજુ એ જ ચિત્‌શક્તિ પૂજ્ય શ્રીગુળવણી મહારાજને બાર્શીથી હોશંગાબાદ ખેંચી લાવી. તેઓ ખર્રા ઘાટ ઉપર શ્રીદત્તમંદિર પાસે હનુમંતરાવ ફાળકેના ઘરમાં રહેવા લાગ્યા.

કુલાર્ણવ તંત્ર વગેરેમાં વેધદીક્ષાનું વર્ણન આવે છે. તેના જાણકાર રાવબહાદુર પરાંડે હોશંગાબાદમાં ન્યાયાધીશ હતા. એ સત્સંગી હોવાથી એમને ત્યાં અનેક સાધુસંતો આવતા. આ દરમ્યાન ચિત્‌શક્તિએ બીજી લીલા કરી. પૂજ્ય સ્વામીજીએ પિશાચનો ઉદ્ધાર કર્યો. આ વાત શ્રી. પરાંડેના કાને આવી. તે દર્શને આવ્યા અને તેમણે સ્વામીજીને ભિક્ષા માટે આમંત્રણ આપ્યું. બીજા દિવસે સ્વામીજી જ્યારે ભિક્ષા માટે પર્ધાયા ત્યારે શ્રી.પરાંડેએ પ્રશ્ન કર્યો: " વેધદીક્ષા શું છે? અને એ આપી શકે એવી કોઈ અધિકારી વ્યક્તિ આપના પરિચયમાં છે " કુંડલિની શક્તિએ સ્વામીજીને અંદરથી આજ્ઞા કરી: " જો આ સુવર્ણ તક તને મળી છે. તું પોતે જ આ દીક્ષા આપે છે એમ તું પ્રગટ કર." સ્વામીજીએ છાતી ઠોકીને કહ્યું: "હું પોતે જ વેધદીક્ષા આપું છું. " શ્રી. પરાંડે આશ્ચર્યચકિત થયા. એમણે શ્રીગુળવણી મહારાજને આ શુભ સમાચાર આપ્યા કે મંગળવાર ઘાટ ઉપર આવેલો યુવાન બંગાળી સંન્યાસી વેધદીક્ષા આપનાર સમર્થ અધિકારી છે.

શ્રી.નારાયણપ્રસાદ દુબે નામનો વકીલ જે અસાધ્ય ચર્મરોગથી પીડાતો હતો તેને શ્રી.પરાંડેએ દીક્ષા માટે તૈયાર કર્યો. દીક્ષા પછી તેને ઉત્તમ અનુભવ થવા લાગ્યા. શ્રીગુરુમહારાજે પણ શ્રી.નારાયણપ્રસાદને થતી ક્રિયાઓ જોઈને "આ યુવાન સંન્યાસી શક્તિપાતની દીક્ષાં આપનાર અધિકારી દીક્ષાગુરુ છે " એવી એમને ખાત્રી થઈ. ત્યાર પછી શ્રીબાબા મહાજનને દીક્ષા અપાઈ. એમને પણ સારા અનુભવ થવા લાગ્યા. શ્રીગુળવણી મહારાજે સ્વામીજીને ઘાટ છોડી પોતાને ઘેર નિવાસ કરવા વિનંતિ કરી. સ્વામીજી એમને ઘેર પધાર્યા અને એમની સાથે રહેવા લાગ્યા. શ્રીગુળવણી મહારાજે પોતાને દીક્ષા આપવા પૂજ્ય સ્વામીજીને વિનંતિ કરી. ત્યારે સ્વામીજીએ કહ્યું: "અત્યારે તારી પ્રાણાયામની સાધના ચાલે છે, તેથી

આગળ ઉપર જોઈશું ." શ્રીગુળવણી મહારાજ નિરાશ થયા. ચાર દિવસ પસાર થયા. એક દિવસ સ્વપ્નમાં શ્રીસ્વામીજીએ શ્રીગુળવણી મહારાજના મસ્તક ઉપર હાથ મૂક્યો. એમની જ્ઞાનસાધના શરૂ થઈ. ક્રિયાઓ થવા માંડી. વહેલી સવારે જાગ્યા ત્યારે ખબર પડી કે આ દીક્ષા સ્વપ્નની ભ્રાન્તિ હતી.

બીજા દિવસે સંધ્યાકાળે રોજની માફક બધા સ્વામીજી સાથે ફરવા નીકળ્યા. થોડુંક ચાલ્યા પછી સ્વામીજીએ અચાનક કહ્યુંઃ "ચાલો આપણે પાછા ફરીએ." સ્વામી મહારાજ ઘેર આવીને પલંગ ઉપર બેઠા અને શ્રીગુળવણી મહારાજને તેમણે પ્રશ્ન કર્યો : " તું આટલી બધી પ્રાણાયામની સાધના કરે છે, છતાંય તારી કુંડલિની શક્તિ કેમ જાગ્રત થતી નથી ?" શ્રીગુરુમહારાજે કહ્યુંઃ "આપ મારા ઉપર અનુગ્રહ કરો." સ્વામીજી તરત ઊભા થયા. છાટી સરખી કરીને શ્રીગુળવણી મહારાજના સહસ્રકમલદલ ઉપર કરકમલ મૂક્યો, ને જોર જોરથી શ્વાસ છોડવા લાગ્યા. શ્રીગુળવણી મહારાજના શરીરમાં કંપની ક્રિયા શરૂ થઈ. કુંડલિની મૂલાધાર છોડી મેરુદંડમાં (સુષુમ્ણામાં) પ્રવેશીને સહસ્રારમાં પહોંચી. ભસ્રિકા પ્રાણાયામ શરૂ થયો. મસ્તક જમીન ઉપર નીચું નમ્યું. યોગમુદ્રાઓ થવા લાગી. આસનો થવા લાગ્યાં. બંધ અને મુદ્રાઓ થવા લાગ્યાં. શક્તિ ઊછળવા લાગી. શ્રીગુળવણી મહારાજ દેડકાની માફક કૂદવા લાગ્યા. તેમને જગ્યા ઓછી પડી. આવી રીતે એક કલાક સુધી ક્રિયા કરીને કુંડલિની શક્તિ ફરીથી મૂલાધારમાં પાછી ફરીને શાંત થઈ. શ્રીચિન્મયાનંદજીને ખૂબ આનંદ થયો. એમને ચિત્‌શક્તિના આદેશનું રહસ્ય સમજાયું. આવા સુપાત્ર શિષ્યને દીક્ષા આપવા અને ગુરુપરંપરા ચાલુ રાખવા, મહાશક્તિએ તેમને દક્ષિણ તરફ પ્રયાણ કરવાનો આદેશ આપ્યો હતો.

શ્રીગુળવણી મહારાજ ભાનમાં આવ્યા. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. કંઠ ગદ્‌ગદ્‌ થયો. ઊભા થઈને તેમણે સ્વામીજીનાં ચરણ પકડ્યાં, અને કહ્યુંઃ "હું તો આપને દક્ષિણા તથા ફળ પણ આપી ન શક્યો. આ અપરાધની હું ક્ષમા માગું છું. " સ્વામીજીએ પીઠ થાબડીને કહ્યુંઃ "અમે તો ગુરુની જાત, કશું લઈએ નહિ, પણ આપતા જ રહીએ. અમારો ગુરુ શ્રીદત્ત." શ્રીગુરુમહારાજ *"શ્રીદત્ત દત્ત"* બોલવા લાગ્યા અને શાન્ત થયા. બીજા દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં ગુરુ અને શિષ્ય સામસામે બેઠા. ફરીથી રાત્રીના જેવી જ ક્રિયાઓ થવા લાગી.ખૂબ લાંબા સમય સુધી ક્રિયાઓ ચાલી.

શ્રીગુરુમહારાજ દર વરસે ગુરુદ્વાદશીના દિવસે નરસોબા વાડીમાં જતા. ૧૯૦૭થી શરૂ થયેલો આ નિયમ આ વરસે પહેલીવાર તૂટ્યો. કુંડલિનીની આગાહી સાચી પડી. સ્વામીજીને એક એવો શિષ્ય પ્રાપ્ત થયો કે જે ભવિષ્યમાં પોતાની પરંપરાને આગળ મહારાષ્ટ્રમાં અને અન્ય પ્રાન્તોમાં ફેલાવશે. આ રીતે આ કુંડલિની મહાશક્તિએ ઉત્તર ભારતમાંથી વેધદીક્ષાની ગંગાનો પ્રવાહ સ્વામીજી દ્વારા દક્ષિણમાં વાળ્યો અને શ્રીગુળવણી મહારાજને નિમિત્ત કરીને આ પરંપરા દ્વારા અનેક સાધકોને દીક્ષા અપાવી તેમનું કલ્યાણ કર્યું. ગુજરાતમાં પણ આ 'ગંગા'નો પ્રવાહ શ્રીગુળવણી મહારાજ દ્વારા વહેવા લાગ્યો. ચિત્‌શક્તિની અદ્‌ભુત લીલા માટે સ્વામી મહારાજના જીવનચરિત્રનો ગ્રંથ દરેક સાધકે વાચવો જોઈએ, જેથી આ મહાશક્તિની લીલાનાં દર્શન તેમને પણ થઈ શકે.

*'આમુખ'*લખવાનો આદેશ આપી મારા ઉપર અનુગ્રહ કરવા માટે મારા ગુરુવર્ય પ.પૂ . શ્રીનારાયણકાકાનાં શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામપૂર્વક તેમનો આભાર વ્યક્ત કરું છું.

મૂળ મરાઠી તથા હિન્દી ચરિત્રગ્રંથના આધારે સ્વામી મહારાજનું ચરિત્ર ગુજરાતી ભાષામાં સુયોગ્ય ફેરફાર કરીને ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદી તથા પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યાએ ખૂબ મહેનત કરીને તૈયાર કર્યું છે. પ્રા. શ્રી. અશોક અમૃતેનો સહકાર પણ એમને મળ્યો છે. આ ત્રણેય વિદ્વાન પ્રાધ્યાપકોની મહેનત સરાહનીય છે. શ્રીસદ્‌ગુરુ તેમના ઉપર કૃપાદષ્ટિ કરે એવી પ્રાર્થના છે. ગુજરાતમાં પૂજ્ય સ્વામીજી જ્યાં જ્યાં વિચર્યા હતા તેમાંનાં કેટલાંક સ્થળોની મુલાકાત લઈને તે સ્થળોના ફોટાઓ પ્રા. શ્રી. શહાપુરકરે લીધા છે. શ્રીઢાકેશ્વરી માતાનો ફોટો પણ તેમણે મેળવીને આ પુસ્તકમાં પ્રગટ કરાવ્યો છે. ગ્રંથના સંકલન માટે તેમણે જે અથાગ મહેનત કરી છે તે બદલ હું તેમને અભિનંદન આપું છું. તેઓ શ્રીગુરુકૃપાનું પરમપાત્ર બને એવી શુભેચ્છા આપીને આ *આમુખ* પૂર્ણ કરું છું.

શ્રીરામ નવમી — અરુણોદય ન. જાની

તા. ૨૧–૪–૨૦૦૨

પ.પૂ. શ્રીદત્ત મહારાજ કવીશ્વર



"આપના આદેશથી ગ્રંથના પ્રકાશનની
સ્વીકારાયેલી જવાબદારી આજે પૂર્ણતા પામે છે."

- ના. ય. ઢેકણે

.પ્રાસ્તાવિક

આધ્યાત્મિક માર્ગમાં વ્યક્તિને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે આત્મસાક્ષાત્કાર કરવા માટે–કુંડલિની શક્તિની જાગૃતિ અનિવાર્ય છે. આ કાર્ય સદ્‌ગુરુના સંકલ્પમાત્રથી થઈ શકે છે. એને શક્તિપાત યોગ અથવા સિદ્ધયોગ પણ કહેવામાં આવે છે. શક્તિપાત યોગમાર્ગ વેદપ્રતિપાદ્ય અને ગીતોક્ત છે. અત્યારે શક્તિપાત યોગમાર્ગનો પ્રચાર પહેલાંની સરખામણીમાં ઘણો બધો વધી ગયેલો જોવા મળે છે. વાસ્તવિક રીતે એ તો અતિપ્રાચીન માર્ગ છે. કાલક્રમાનુસાર તે લુપ્ત થઈ ગયો હતો. જિજ્ઞાસુઓ અને સાધકો અત્યારે આ માર્ગ તરફ મોટા પ્રમાણમાં આકર્ષિત થયેલા જોવા મળે છે. એનાં જે અનેક કારણો છે, તેમાં મુખ્ય કારણ એ છે કે આ માર્ગ સરળ, સહેલો તત્કાલ પ્રચીતિ (પ્રતીતિ) આપનારો છે. તદુપરાંત આ માર્ગ સર્વશ્રેષ્ઠ અને મુક્તિદાયક છે. સદ્‌ગુરુની કૃપાથી દીક્ષા દ્વારા સાધકમાં શક્તિસંક્રમણ થાય છે. સાધક પોતાનામાં સ્થૂળ અને સૂક્ષ્મ રીતે કાર્ય કરતી શક્તિનો અનુભવ કરે છે. વિવિધ ક્રિયાઓ દ્વારા શક્તિ સાધકનાં શરીર, પ્રાણ અને મનને વિશુદ્ધ કરીને તેના આધારને તપ:પૂત બનાવે છે, અને તેને કલ્યાણમાર્ગે લઈ જાય છે. કોઈપણ જાતના પ્રયત્ન કર્યા વિના સાધક આધ્યાત્મિક વિકાસના અનુભવો પ્રાપ્ત કરે છે. આ પ્રકારે કાર્યરત પ્રચંડ સંકલ્પશક્તિ ધરાવતા આધ્યાત્મિક સંપન્ન સિદ્ધપુરુષોની પરંપરા આજ સુધી ચાલતી આવી છે. આ પરંપરામાંના મહાન જ્યોતિર્ધરોમાંના એક પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ છે.

સ્વામીજીએ પહેલેથી જ અનેક કઠણાઈનો સામનો હસતે મોંઢે કર્યો હતો.પરિવ્રાજક થયા પછી તો તેમને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી, છતાંય તેઓ હંમેશ આનંદમાં રહેતા અને સંન્યાસધર્મનું ચુસ્તપણે પાલન કરતા. જીવોના કલ્યાણાર્થે પ્રત્યક્ષ વાતચીત દ્વારા તથા પત્રવ્યવહાર દ્વારા જ્ઞાનોપદેશ અને માર્ગદર્શનનો સેવાયજ્ઞ તેમણે છેવટ સુધી ચાલુ રાખ્યો હતો. તેમના દ્વારા

શક્તિપાતની દીક્ષા પામીને સિદ્ધાવસ્થાએ અને સદ્ગુરુપદે પહોંચેલા સત્પુરુષો તેમણે પ્રગટાવેલો શક્તિજાગરણનો યજ્ઞ આજે પણ અસ્ખલિતપણે ચલાવી રહ્યા છે. સિદ્ધ–સંતપુરુષો પ્રસિદ્ધિપરાઙ્મુખ હોય છે. તેથી તેમના જીવન અંગેની માહિતી મેળવવામાં ઘણી જ મુશ્કેલીઓ ઊભી થાય છે. આ પ્રકારના અવરોધોનો સામનો કરીને ઉપલબ્ધ સાધનો દ્વારા શ્રી.અચ્યુતરાવ પોટભરેએ પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું જીવનચરિત્ર એક વિશિષ્ટ રીતે મરાઠી ભાષામાં ઈ. સ.૧૯૭૬માં પ્રગટ કર્યું. શ્રી. હરિભાઈ અગ્રવાલે તેનો હિન્દીમાં અનુવાદ કર્યો અને તે 'સ્વામી લોકનાથતીર્થ ચરિત્રામૃત સાગર' નામે નાશિકના મહાયોગ ટ્રસ્ટ દ્વારા ઈ. સ.૧૯૯૪માં પ્રગટ થયો. શ્રી. બાલમુકુંદ પંડિતે કરેલા સ્વામીજીના દ્વિતીય આવૃત્તિના સંક્ષિપ્ત ચરિત્રના ગુજરાતી અનુવાદની પ્રેરણાથી અને ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદી તથા પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યાના સંયુક્ત પ્રયાસે સ્વામીજીનું ચરિત્ર ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થઈ શક્યું છે, એનો મને આનંદ થાય છે.

ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદીને મરાઠી ભાષાનું સુંદર જ્ઞાન છે. તેમણે મૂળ મરાઠી તથા અનુવાદિત હિન્દી ચરિત્રનો અભ્યાસ કર્યો. શ્રી. બાલમુકુન્દ પંડિતે મરાઠી ચરિત્રની બીજી સંક્ષિપ્ત આવૃત્તિનો અનુવાદ કરેલો હોવાથી પ્રા. શ્રી. અશોકરાવ અમૃતેને મૂળ મરાઠી પ્રથમ વિસ્તૃત ચરિત્રની આવૃત્તિનો અનુવાદ કરવા માટે કહેવામાં આવ્યું, જે તેમને મદદરૂપ નીવડ્યો. સાંસારિક જવાબદારીઓ અને ક્યારેક પ્રકૃતિ સ્વાસ્થ્યની તકલીફોનો સામનો કરીને તેમણે ચરિત્રલેખનું ઘણું બધું કાર્ય કર્યું. પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યાનો સહકાર પ્રાપ્ત થતાં જ આ કાર્ય પૂર્ણ થઈ શક્યું. બન્ને પ્રાધ્યાપકોના ખંતપૂર્વકના ઝીણવટભર્યા પ્રયત્નોથી આ લેખનકાર્ય થઈ શક્યું છે. ચરિત્રલેખન કાર્યની અન્ય ઘણી બધી પ્રવૃત્તિમાં પ્રા. શ્રી. અશોકરાવ અમૃતેનો સહકાર પણ તેમને સાંપડ્યો હતો. આ ચરિત્રલેખનપ્રકાશન કાર્યના શ્રી. બાલમુકુંદ પંડિત બીજનિક્ષેપક અને પ્રેરક બન્યા છે.

આ ચરિત્રલેખન પ્રકાશન કાર્યમાં અન્ય અનેક સાધકોની અને સજ્જનોની પણ મદદ મળી છે. ગુરુભક્ત પ્રા. શ્રી. પુ. રં. શહાપુરકરે ગ્રંથના સંકલનની જવાબદારી સ્વીકારીને સંપાદકની ભૂમિકા ભજવી છે. પ્રકાશનકાર્યનું સમગ્ર સૂત્રસંચાલન તેમણે કર્યું છે. તદુપરાન્ત ચરિત્ર ગ્રંથમાં ચરિત્રાંશોને યથાયોગ્ય સ્થાનોમાં મૂકીને પુનર્ગઠનનું કાર્ય પણ તેમણે કર્યું છે. ગ્રંથમાં તસવીરો મેળ વવાનું તેમ જ કેટલીક નવીન માહિતી મેળવીને ગ્રંથમાં ઉચિત સ્થળે મૂકીને ગ્રંથસંપાદક તરીકે પ્રશસ્ય સેવા કરી છે. અનેક સાધકો અને સજ્જનોએ ગ્રંથપ્રકાશનની આર્થિક જવાબદારીમાં સહકાર આપ્યો છે. ચરિત્રપ્રકાશનકાર્યના સેવાયજ્ઞમાં ઘણા સાધકબંધુઓએ પોતાનો ફાળો આપ્યો છે. ગ્રંથનું મુદ્રણકાર્ય દેના સ્કૂલ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન અને શ્રી. યજ્ઞેશભાઈ પંડ્યાએ સમયસર અને સુંદર રીતે સંપન્ન કર્યું છે. શ્રી. બાલમુકુંદ પંડિત, પ્રા. શ્રી. અશોકરાવ અમૃતે, ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદી, પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યા તથા પ્રા. શ્રી. પુ. રં. શહાપુરકરની સેવાઓ વિશેષ ઉલ્લેખનીય છે. તેમના ઉપર તથા પરોક્ષ અપરોક્ષ સેવા આપનાર સાધકો ઉપર સદ્‌ગુરુ મહારાજની કૃપા સદા રહો એવી અંતરની શુભાશિષ.

પ.પ. શ્રીસ્વામીજીના મરાઠી ચરિત્રગ્રંથના પ્રાસ્તાવિક નિવેદનમાં પ.પૂ. શ્રીદત્તમહારાજશ્રીએ સિદ્ધમહાત્માઓના ચરિત્રવાચનથી શું લાભ થાય છે તે તેમણે મહર્ષિ પતંજલિનું એક સૂત્ર ટાંકીને સમજાવ્યું છે :

"ચિત્તસ્થૈર્યના જે વિવિધ ઉપાયો યોગસૂત્રકાર શ્રીપતંજલિએ બતાવ્યા છે તેમાં ' वीतराग विषयं वा चित्तम् ' એ એક મહત્ત્વનો ઉપાય બતાવ્યો છે. જે ચિત્તનો વિષય વીતરાગી સિદ્ધ પુરુષ થાય છે, તે ચિત્ત સ્થિર થાય છે. ..... વીતરાગ ગુણાતીત થયેલા મહાત્માઓનું ચરિત્ર અલૌકિક હોય છે. ..... એમનું ચરિત્ર ઈશશક્તિનું નિર્દેશક હોવાથી જિજ્ઞાસુ અને શ્રદ્ધાવાન જીવોને તે યથાર્થ માર્ગદર્શન આપવામાં સમર્થ બને છે. સિદ્ધસત્પુરુષોના ચરિત્રનું મનનચિંતન થવાથી વાચકનું ચિત્ત

સ્થિર અને સમાહિત રહી શકે છે. આ એક મોટો લાભ છે.

"આ સૂત્રનો બીજો એક અર્થ એ છે કે જે ચિત્ત વીતરાગ પુરુષોનો વિષય બને છે, એટલે કે મહાત્માઓના ચિત્તમાં જેને વિશે અનુગ્રહ બુદ્ધિ નિર્માણ થાય છે, તેનું ચિત્ત આપમેળે જ સ્થિર થવા લાગે છે. આને જ શક્તિપાત કે સિદ્ધયોગ (કૃપા) કહી શકાશે. ..... શિષ્યનું કલ્યાણ થાય એવો સદ્ગુરુનો સંકલ્પ થતાંની સાથે જ શિષ્યનું ચિત્ત સ્થિર થવા લાગે છે. તે કલ્યાણમાર્ગે લાગે છે. આ દૃષ્ટિએ આ સૂત્રમાં ભગવાન પતંજલિએ ગર્ભિત રીતે શક્તિપાતયોગ સૂચિત કર્યો છે......"

મૂળ મરાઠી ગ્રંથના અને અનુવાદિત હિન્દી ચરિત્રના ભક્તિભાવપૂર્વક વાચનથી જિજ્ઞાસુઓને શક્તિસંચાર થયાના અને સાધકોને (દીક્ષાર્થીઓને) સાધનામાં સુંદર સુંદર અનુભવો પ્રાપ્ત થયા છે, એવી માહિતી સાધક સમુદાયો દ્વારા પ્રાપ્ત થઈ છે. ગુજરાતી ચરિત્રના વાંચનથી પણ સાધકોને તથા જિજ્ઞાસુઓને એવા જ પ્રશસ્ય અનુભવો પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા છે.

— ના. ય. ઢેકણે

પ. પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ



અમારી વાતઃ૧

માર્ચ ૧૯૯૬માં પ. પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ વડોદરામાં આવ્યા હતા ત્યારે તેઓએ મારે ઘેર આવીને મને પરમગુરુ શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું ચરિત્ર ગુજરાતી ભાષામાં લખવાનો અનુરોધ કર્યો હતો. મૂળ મરાઠી અને અનુવાદિત હિન્દી ચરિત્રની પ્રત પણ તેમણે મને મોકલી આપી. પ.પૂ. શ્રીનારાયણકાકાના આદેશથી શ્રી.બાલમુકુન્દ પંડિત તેમણે કરેલો મરાઠી ચરિત્રનો ગુજરાતી અનુવાદ મને આપી ગયા. શ્રી.પંડિતે મરાઠી બીજી સંક્ષિપ્ત આવૃત્તિનો અનુવાદ કરેલો હતો. તેથી પ્રા. શ્રી. અશોકરાવ અમૃતેને મૂળ મરાઠી પ્રથમ આવૃત્તિના વિસ્તૃત ચરિત્રનો અનુવાદ કરવા માટે વિનંતી કરવામાં આવી. તે પ્રમાણે તેમણે અનુવાદ તૈયાર કરી આપ્યો. મૂળ મરાઠી અને અનુવાદિત હિન્દી ચરિત્રનું વાંચન અને અધ્યયન કરીને ગુજરાતી અનુવાદની સહાયથી ચરિત્રલેખન થયું છે. મરાઠી તથા હિન્દી ચરિત્રમાંનાં બિનજરૂરી પુનરાવર્તનો, અનાવશ્યક કથનવિસ્તાર અને વિગતોને ટાળીને, હિન્દી ચરિત્રમાંની કેટલીક વિશેષ વિગતોને લક્ષ્યમાં લઈને, તેમ જ નિરૂપ્ય તથ્યોની ચોકસાઈ રાખીને આ ચરિત્ર લખવામાં આવ્યું છે.

ચરિત્રલેખનકાર્યને બનતી ત્વરાએ સંપન્ન કરવામાં પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યાની મદદ લેવી પડી હતી. પ્રા. શ્રી. પંડ્યાએ સંતચરિત્રની સેવા કરવાની તક સ્વયંસ્ફૂર્ત રીતે ઝડપી લીધી. પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજે એ માટે અનુમતિ આપી. ચરિત્રલેખનકાર્યમાં તેમનો ઈષ્ટ સહકાર પ્રાપ્ત થયો છે.

પૂજ્ય સ્વામીજીના ચરિત્રમાં તેમના સંતવ્યક્તિત્વના ઉમદા ગુણોનું આકલન સહજપણે થઈ રહે છે. પરિવાર પ્રત્યેની તેમની કર્તવ્યબદ્ધતા અને સાંસારિક વિષયો પ્રત્યેની તેમની નિઃસ્પૃહતા, એ બંને ગુણોનો વિરલ યોગ તેમની પૂર્વાવસ્થામાં દષ્ટિગોચર થાય છે. ગુરુપદ પ્રાપ્ત કર્યા પછી તેઓ શિષ્યોની ઐહિક સુખાકારી અને આધ્યાત્મિક ઉન્નતિ માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે.

શિષ્યો ઉપર લખાયેલા તેમના પત્રોમાંથી આ બાબત બરાબર ઊપસી આવે છે. સિદ્ધયોગ વિશેની તેમની વિશેષજ્ઞતાના અણસાર પણ એ પત્રોમાંથી મળે છે. સંત તરીકેનો જીવન પ્રત્યેનો તેમનો અભિગમ, સંન્યાસ જીવનમાં સામાન્યતઃ ઊભા થતા સંજોગો સાથે કામ પાડવાની તેમની રીતનો પણ ખ્યાલ ત્યાંથી મળી રહે છે.

પૂજ્ય સ્વામીજીએ કોઈ એક સ્થળનો કદી મોહ રાખ્યો નથી. તેઓ સદા ભ્રમણશીલ રહ્યા છે. શ્રી. શંકરરાવ માર્કન્ડે કૃતજ્ઞભાવે આગ્રહપૂર્વક તેમને આશ્રમ બનાવી આપ્યો, તો તેમણે ત્યાંયે સળંગપણે નિવાસ કર્યો નથી. બલ્કે સમયાંતરે બધું ગુમાવી બેઠેલા શ્રી. શંકરરાવને ફરીથી બેઠા કરવા માટે તેમણે એ " આશ્રમ એમનો જ છે " એમ કહીને એ આશ્રમ વેચીને આવેલા પૈસા એમને મોકલી આપ્યા. ઉત્તરાવસ્થામાં તેમણે પોતાની લૌકિક સિદ્ધિઓ સુપાત્ર શિષ્યોને આપી દેવાનો એકથી વધુ વાર પ્રસ્તાવ મૂક્યો હતો. માત્ર દ્રવ્યનો જ નહીં પણ સિદ્ધિઓનો પરિગ્રહ પણ સંન્યાસીને નહીં એ મતલબનો ઉત્કટ વૈરાગ્યભાવ એમણે એ રીતે દર્શાવ્યો હતો. સુપાત્ર શિષ્યો પાસેથી મળતી આર્થિક સહાય તેઓ યથાસમય સ્વીકારતા હતા પણ જરૂર કરતાં વધુ દ્રવ્ય લેવાની કે રાખવાની લિપ્સા તેમણે ક્યારેય સેવી નથી.

પાછલી ઉમરે નાની મોટી શારીરિક તકલીફોનો સમયસર તબીબી ઉપચાર કરાવવાનું તેમને માટે ક્યારેક નાણાંના અભાવે દુર્ઘટ બનતું હતું. વિપરીત નિયતિને પ્રસન્નપણે આધીન રહેવાનો તેમનો તિતિક્ષાભાવ ત્યારે સમ્યક્પણે પ્રગટ થતો. એવે વખતે તેઓ ઘણીવાર લાંઘણના હાથવગા કઠોર ઉપચારની પણ અજમાયશ કરતા. ચર્ચાસ્પદ વ્યક્તિત્વ ધરાવતી મહિલાના અંતર્ગત મનોભાવોને ખુલ્લા કરી દઈને સ્વામીજીએ એક પ્રસંગે પોતાની સંયમ પરાયણતાની ભાવનાને નિર્ભીકપણે પ્રગટ કરી હતી. અહીં તેમનું અંતર્યામિત્વ તીવ્ર નૈતિક સદાગ્રહના પાલન માટે પ્રવર્ત્યું હતું. અન્યથા તેઓ વિનોદવૃત્તિથી કે પરાર્થઘટક બુદ્ધિથી પણ અંતર્યામિત્વ, દૂરદર્શન કે ભવિષ્યદર્શન જેવી શક્તિઓનો વિનિયોગ કરતા. શક્તિપાત દ્વારા કે સંકલ્પપૂર્વકના સ્પર્શ દ્વારા

સાધકોના રોગ મટાડ્યા હોવાનાં પણ નોંધપાત્ર દૃષ્ટાંતો છે.

પરોપકારવૃત્તિથી નીપજેલા પ્રસંગોએ સ્વામીજી કર્તાપણાનો ભાર માથા પર રાખતા ન હતા, પરન્તુ સંબંધિત વ્યક્તિના પ્રારબ્ધ સાથે તેઓ તેને જોડી દેતા હતા. તેઓ શાસ્ત્રજ્ઞ હતા આથી તેઓ જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં સત્સંગગોષ્ઠીઓ યોજાતી. ચુનંદા શિષ્યો સાથેની સાંધ્ય લટારો પણ સત્સંગપૂર્ણ બની રહેતી. અનિષ્ટ પ્રત્યે તેમનો ક્રોધ ભભૂકી ઊઠ્યો હોય, સત્સંગી માટે તેમને ભૂરિભૂરિ હેતભાવ પ્રગટ્યો હોય, પીડિત માટે કરુણાથી હૃદય દ્રવી ઊઠ્યું હોય, હિંસક વલણવાળા ઉપદ્રવીઓનો એકલે હાથે સામનો કરવાની હિંમત બતાવી હોય તેવા પ્રસંગો આ ચરિત્રમાં નિરૂપાયા છે. પ્રખર ગૌભક્તિના દ્યોતક હોય તેવા પ્રસંગો પણ અહીં આવે છે. સ્વાદિષ્ટ રસોઈ બનાવીને શિષ્યોને પોતાના હાથે જમાડવાનો એમનો શોખ પણ પ્રસંગોપાત વ્યક્ત થયો છે. પરિશિષ્ટરૂપે રજૂ થયેલી કેટલીક ગીતરચનાઓ દ્વારા સ્વામીજીના અધ્યાત્મરંગી કવિકૌશલનો પણ પરિચય મળી રહે છે.

ચરિત્રગ્રંથ માટે યોગ્ય તસ્વીરો મેળવવાનું, ચરિત્રમાટે ગુજરાત વિસ્તારની કેટલીક વિશેષ વિગતોની માહિતી મેળવવાનું, ચરિત્રાંશોના પુનર્ગઠનનું અને પ્રકાશન માટે ફાળો મેળવવાનું કાર્ય પ્રા. શ્રી. પુ. રં. શહાપુરકરના સહકારથી થયું છે. મને પોતાનો સમજીને પરમગુરુની સેવા કરવાનો જે અવસર પ.પૂ. શ્રીનારાયણકાકાએ આપ્યો છે, તે બદલ હું તેમનો હૃદયપૂર્વક ઓશિંગણ છું. આ કાર્ય દરમ્યાન પ્રા. શ્રી. શહાપુરકર તથા પ્રા. શ્રી. અમૃતેના ઉષ્માવંત મૈત્રીભાવથી અનુપ્રણિત થયેલા ગુરુબંધુભાવનો જે ભર્યો ભર્યો અનુભવ થયો છે તે શ્રીસદ્‌ગુરુસ્મરણ સાથે વણાઈને હંમેશાં યાદ રહેશે.

– હર્ષદ મ. ત્રિવેદી.

અમારી વાત : ૨

સ્વામીજીના જીવનચરિત્રને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવાના પ્રકાશન સમિતિના સ્તુત્ય કાર્યમાં યત્કિંચિત ફાળો પ્રદાન કરી શકવાનું સદ્‌ભાગ્ય સાંપડવા બદલ હું ધન્યતા અનુભવું છું. સ્વામીજીના જીવનચરિત્રના લેખનકાર્યમાં સહભાગી થવાની પ્રેરણા મને સ્વામીજી દ્વારા જ પ્રાપ્ત થઈ હશે કદાચ.

આ જીવનચરિત્રને ગુજરાતીમાં લખવાના નિમિત્તે સ્વામીજીના જીવનના અનેક પ્રેરક પ્રસંગોથી પરિચિત થવાનો અમૂલ્ય લાભ મને અનાયાસ જ મળ્યો છે. સ્વામીજીના અનેક શિષ્યો, ભક્તો પર એમની કૃપા, કરુણા સદૈવ વરસતી રહેતી. એમની દિવ્ય સિદ્ધિઓનો લાભ આ ભકતો શિષ્યોને હંમેશાં મળતો રહ્યો છે. સ્વામીજીના પરમ ભક્ત જાંબવંતસિંહને મોટી ઉંમરે બળિયાનો વ્યાધિ થયેલો. સ્વામીજીનાં દર્શન માત્રથી જાંબવંતસિંહ એ વ્યાધિથી મુક્ત થઈ ગયેલા. પ. પૂ. શ્રી. નારાયણકાકા પણ સ્વામીજીના એવા જ ભક્ત. એમની પેટની તકલીફ પણ સ્વામીજીના સ્પર્શ માત્રથી કાયમને માટે દૂર થઈ ગયેલી. હોશંગાબાદનિવાસી શ્રી. નારાયણપ્રસાદનો ચામડીનો અસાધ્ય રોગ સ્વામીજીએ શક્તિપાતની દીક્ષા આપીને મટાડી દીધેલો. સ્વામીજીની અલૌકિક દિવ્યશક્તિના આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો એમના જીવનચરિત્રમાં વાચકોને વાંચવા મળશે.

ઈચ્છિત મૃત્યુની સિદ્ધિ ધરાવતા સ્વામીજીએ એમને બારણે આવીને ઊભેલા યમદૂતોને વિદાય કરી દીધેલા.

સ્વામીજીએ એમની જીવનશૈલી શાસ્ત્રોકત યમનિયમાનુસાર ગોઠવેલી. અનેક અવરોધો અને આકરી કસોટીઓ સામે હસતે મોંએ ઝઝૂમતા રહીને તેઓ સંન્યાસધર્મનું ચુસ્તપણે પાલન કરતા રહેલા.

સ્વામીજીને અનેક દૈવી સિદ્ધિઓ પ્રાપ્ત થયેલી. પોતાના ભક્તો, શિષ્યોનાં કષ્ટો દૂર કરવા તેઓ ક્વચિત્ આ સિદ્ધિઓનો ઉપયોગ કરતા. એમણે ઈચ્છ્યું હોત તો પોતાના શરીરમાં ઘર કરી ગયેલ વ્યાધિથી, આ સિદ્ધિઓને બળે, એ મુક્ત થઈ શકયા હોત. પણ परोपकाराय सतां विभूतयः એ સૂત્રને ચરિતાર્થ કરતા હોય એમ તેઓ એ વ્યાધિની વેદનાને સહન કરતા રહેલા.

આદ્યશક્તિના આદેશો સ્વામીજીને મળતા રહેતા ને એ આદેશોનું પાલનેય તેઓ કરતા. આ આદેશોનું ક્યારેક ઉલ્લંઘન થતું ત્યારે એની શિક્ષા એમને ભોગવવી પડતી.

સ્વામીજીના બહોળા શિષ્ય સમુદાયમાંના ઘણા એમને માર્ગદર્શન માટે પત્રો લખતા. આ બધા જ પત્રોના ઉત્તરો સ્વામીજી વિના વિલંબે પાઠવતા ને જિજ્ઞાસુઓની સમસ્યાઓનો ઊકેલ સૂચવતા.

સ્વામીજીનું જીવનચરિત્ર મરાઠી તેમ જ હિન્દી ભાષામાં પ્રગટ થઈ ચૂક્યું છે. એમનું જીવનચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં ગુજરાતી ભાષી મુમુક્ષુ વાચક વર્ગ પણ એમના અલૌકિક જીવનથી સુપેરે પરિચિત થઈ શકશે.

ગુજરાતી ભાષામાં પ્રગટ થતા સ્વામીજીના જીવનચરિત્રને ગુજરાતી ભાષી સુજ્ઞ વાચકવર્ગ ઉમળકાભેર આવકારશે એવી શ્રદ્ધા સાથે

– પ્રા. હરિત પંડયા

૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ
નડિયાદ : ૩૮૭ ૦૦૨

સંપાદકીય

वन्दे दत्तसुतं गुरुं गुळवणीं श्रीवामनं पावनम् ।।

પૂનામાં એપ્રિલ ૧૯૬૭માં પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીનો સહસ્રચંદ્ર–દર્શન શાંતિ સમારોહ યોજાયો. પ.પૂ. શ્રીવિષ્ણુતીર્થ સ્વામી મહારાજ સમારંભમાં અધ્યક્ષ હતા. તે વખતે શ્રીશિવોમ્‌તીર્થ સ્વામી મહારાજ તેમની સાથે હતા. તેમણે પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીને પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના ચરિત્ર ગ્રંથના લેખન–પ્રકાશનની આવશ્યકતા જણાવી. આ રીતે એમના દ્વારા ચરિત્રલેખનકાર્યને ચાલના મળી. શરૂઆતમાં ગુરુબન્ધુ શ્રી.અચ્યુતરાવ પોટભરેએ ઋષિકેશથી પ્રસિદ્ધ થતા હિન્દી ત્રૈમાસિક 'દિવ્યાન્દ'માં ચરિત્રલેખમાલા શરૂ કરી. પછી મરાઠી ત્રૈમાસિક 'પંથરાજ'માં મરાઠીમાં ચરિત્ર ક્રમશઃ પ્રગટ થતું ગયું. પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી. પોટભરેએ 'શ્રીવાસુદેવ નિવાસ' આશ્રમમાં રહીને ચરિત્રલેખનનું કાર્ય પૂરું કર્યું. પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનો સ્વતંત્ર ચરિત્ર ગ્રંથ મરાઠીમાં ઈ. સ. ૧૯૭૬માં પ્રગટ થયો.

પ્રસિદ્ધિપરાઙ્‌મુખ સંતનું ચરિત્ર લખવાનું કાર્ય ઘણું અઘરું હોય છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ પોતાના વિશે ક્યારેય કદી બોલતા નહિ. પૂનાથી શ્રી.ગોપાળરાવ ખેર નામના સાધકે સન ૧૯૫૧માં સ્વામીજીને કાશીમાં પત્ર લખીને તેમના પૂર્વાશ્રમ વિશેની માહિતી માગી. ત્યારે સ્વામીજીએ પ્રત્યુત્તરમાં પોતાની ગુરુપરંપરાનો નિર્દેશ કરીને જણાવી દીધું કે પોતે સંન્સાસી હોવાથી પોતાના પૂર્વાશ્રમ વિશે કશું જણાવી શકશે નહિ. પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીનો સ્વામીજી સાથેનો સન ૧૯૨૨ થી ૧૯૫૪ સુધીનો એટલે કે બત્રીસ વરસનો સંબંધ હતો. છતાંય તેમની પાસે સ્વામીજીના પૂર્વાશ્રમ વિશેની કશી જ માહિતી હતી નહિ. બાર્શીમાં એમના પૂર્વજીવન વિશેના પ્રશ્નના જવાબમાં સ્વામીજીએ શ્રીમદ્ શંકરાચાર્યના જીવનની માહિતી આપી અને

પોતાના વિશેની માહિતી આપવાની ટાળી. સ્વામીજીના પૂર્વજીવન સાથે સંકળાયેલાં શહેરો ઢાકા, મદારીપુર, વિનિટિયા કાલક્રમે બાંગલાદેશમાં ગયાં હોવાથી એ સ્થળોએ જઈને જાતતપાસ કરવાનું કાર્ય પણ દુર્ઘટ બની ગયું. સ્વામીજી એકવાર પોતાનું વતન છોડ્યા પછી ફરી પાછા ત્યાં ગયા ન હતા. આમ સ્વામીજીનું પૂર્વજીવન સમાજ સમક્ષ અપ્રગટ રહ્યું.

સ્વામીજીના ચરિત્રલેખનનું કાર્ય મૂળ મરાઠી ચરિત્રલેખક માટે અનેક અવરોધોથી ભરેલું હતું. શ્રી. અચ્યુતરાવ પોટભરેએ ચરિત્રસંકલનનું કાર્ય સન ૧૯૬૭થી શરૂ કર્યું. પ્રથમ તેમણે એક પ્રશ્નાવલિ તૈયાર કરી અને અનેક સંબંધિત વ્યક્તિઓને તે મોકલી આપી. કેટલીક સંબંધિત વ્યક્તિઓને તેઓ રૂબરૂ મળ્યા. શિષ્યોને અને ભક્તોને સ્વામીજીએ લખેલા પત્રો તેમણે મેળવ્યા. પ.પૂ. શ્રીગુળવણી મહારાજ પાસે સ્વામીજીએ તેમને લખેલા પત્રનો એક મોટો સંગ્રહ હતો. સન ૧૯૨૩થી ૧૯૫૫ સુધીના આશરે પાંચસો જેટલા પત્રો એમની પાસે હતા. અન્ય સ્થળોએથી ગુરુબન્ધુઓ પાસેથી સ્વામીજીએ લખેલા સો દોઢસો જેટલા પત્રો મેળવ્યા. મળેલા પત્રો તથા મેળવેલી માહિતી તેમણે (શ્રી. પોટભરેએ) કાલક્રમાનુસાર ગોઠવી. આ બધા પત્રો જ સ્વામીજીના જીવનચરિત્રનો મૂલાધાર બન્યા. આ બધા પત્રો પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીને ક્રમવાર વાંચી સંભળાવવામાં આવ્યા. પત્રગત સંદર્ભો અંગેની ઘટનાઓ તથા માહિતી જે યાદ આવતું તે યાદ કરીને મહારાજશ્રી કહેતા ગયા. આ રીતે શ્રી. પોટભરેએ સંકલન કરીને સ્વામીજીનું ચરિત્ર લખ્યું.

મરાઠી ચરિત્રના આશીર્વાદપત્રમાં પ.પૂ. શ્રીશિવોમ્‌તીર્થ સ્વામીજીએ શ્રી. પોટેભરેના ચરિત્રલેખનકાર્યની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે.: 'सहस्रों पत्रोंको पढना, क्रम मिलाना और अुस परसे जीवनी लिखना कोई सरल कार्य नही है । परन्तु अुन्होने यह सब किया - - -।' પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજે શિષ્યોને તથા ભક્તોને અસંખ્ય પત્રો લખ્યા. આ પત્રસાગરમાંથી ચરિત્રને લગતા જીવનપ્રસંગોને લગતા પત્રો વીણીને તથા તેમાંથી કેટલાંક ઉદ્દેશલક્ષી પત્રરત્નોને શોધીને ચરિત્ર લખવાનું

એક અનોખું અને અજોડ કાર્ય શ્રી. પોટભરેજીએ કર્યું છે. આવી રીતે ચરિત્ર લખવાનું કાર્ય આજ દિન સુધી કોઈએ કર્યું હોય એવું જાણવા મળ્યું નથી.

શ્રી. ભુંજગરાવ (નાના) ભાલેરાવ તથા તેમનાં કુટુંબીજનોને સ્વામીજીનો ભરપૂર સહવાસ પ્રાપ્ત થયો હતો. તેમની પાસેથી સ્વામીજીના જીવનવૃત્તાન્તની, તેમના સ્વભાવ વિશેની તથા તેમની દિનચર્યા અંગેની ઘણી બધી માહિતી પ્રાપ્ત થઈ. સ્વામીજીનો જેમની સાથે વિશેષ સંપર્ક હતો તથા જેમની સાથે વિશેષ પત્રવ્યવહાર થયો હતો એવા પ્રમુખ ભક્તોને મળીને શ્રી. પોટભરેએ એમની સાથે વિસ્તૃત ચર્ચા કરીને સ્વામીજી વિશે માહિતી મેળવી. આમાં ખાસ કરીને પ.પૂ. શ્રીગુળવણી મહારાજ, પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ, મા. શ્રી. નીલકંઠ વત્સરાજ, શ્રી. જામ્બવન્તસિંહજી આદિ અનેક ભક્તોની સાથે મુલાકાત લઈને સ્વામીજીના જીવન વિશેની જાણકારી મેળવવામાં શ્રી. પોટભરેજીએ અથાક મહેનત કરી છે.

પોતાના સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ સેવીને, દરરોજ કલાકો સુધી સતત લેખનકાર્ય કરીને, ક્યારેક રાતના દિવસો કરીને તથા અન્ય કોઈ વ્યક્તિનો વિશેષ સહકાર લીધા વિના એકલે હાથે જ ચરિત્રલેખનનું કાર્ય તેમણે કર્યું છે. સંપૂર્ણ મરાઠી ચરિત્ર ખૂબ જ સારી રીતે લખાઈ ગયું છે. તેમનું આ કાર્ય વિશેષ પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે. સાહિત્યસેવાનું તેમનું આ ઋણ સાહિત્યપ્રેમી તથા અધ્યાત્મપ્રેમી વાચક કદી ભૂલી શકે તેમ નથી. પ.પૂ. શ્રીદત્તમહારાજ કવીશ્વરશ્રીએ આ મરાઠી ચરિત્રને સન ૧૯૭૬માં પ્રકાશિત કર્યું. પ.પૂ. શ્રીશિવોમ્‌તીર્થ સ્વામી મહારાજ પ્રકાશન સમારંભના અધ્યક્ષ હતા. પરમગુરુના ચરિત્રલેખનથી ગુરુબન્ધુ શ્રી. અચ્યુતરાવ પોટભરેની આ પરમસેવા ચિરસ્મરણીય થઈ છે.

સેંધવા (મધ્ય પ્રદેશ) નિવાસી શ્રી. હરિભાઈ અગ્રવાલે મરાઠી ભાષાનું જ્ઞાન ન હોવા છતાં સ્વામી મહારાજના મરાઠી ચરિત્રનું બે વખત વાંચન કર્યું.

ગ્રંથનું વાંચન તેમના નિત્ય સ્વાધ્યાયનું અંગ બની ગયું હતું. સ્વામીજીના ચરિત્રનો હિન્દી અનુવાદ કરવાની તેમને પ્રેરણા થઈ. તે માટે તેમણે પ.પૂ. શ્રીદત્તમહારાજ કવીશ્વર પાસેથી અનુમતિ મેળવી અને ચરિત્રનો અનુવાદ કર્યો. પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકાણે મહારાજે આ અનુવાદ 'श्रीस्वामी लोकनाथतीर्थ चरित्रामृत सागर ' ના નામે નાશિકના 'મહાયોગ ટ્રસ્ટ' દ્વારા સન ૧૯૯૪માં પ્રગટ કર્યો.

અમદાવાદનિવાસી શ્રી.બાલમુકુંદ પંડિતનો જન્મ મહારાષ્ટ્રમાં શહાદા ગામે એક રાષ્ટ્રપ્રેમી અને ધર્મપ્રેમી એવા સંસ્કારી કુટુંબમાં થયેલો. માતૃભાષા ગુજરાતી પણ શિક્ષણ મરાઠી અને અંગ્રેજીમાં થયેલું. પ. પૂ. શ્રીદત્ત મહારાજ કવીશ્વર પાસેથી શક્તિપાતની દીક્ષા પ્રાપ્ત થયેલી. પૂર્વજન્મના અત્યન્ત સારા સંસ્કારોને લીધે સદ્ગુરુ પ.પૂ. શ્રીદત્તમહારાજ કવીશ્વર, પ.પૂ. શ્રીનાના મહારાજ તરાણેકર, પ.પૂ. શ્રીશિવોમ્તીર્થ સ્વામી મહારાજ, પ.પ. શ્રીઆનંદમયી મા જેવા અનેક સંતોની પધરામણી એમને ઘેર થયેલી તેથી તેમનાં ચરણદર્શન અને સહવાસનો અલભ્ય લાભ એમને પ્રાપ્ત થયેલો. પ.પૂ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના મરાઠી ચરિત્રની બીજી સંક્ષિપ્ત આવૃત્તિનું વાચન કર્યા પછી તેનો ગુજરાતી અનુવાદ કરવાની એમને ઈચ્છા થઈ. તદનુસાર એ સંક્ષિપ્ત આવૃત્તિનો અનુવાદ તેમણે કર્યો અને પ.પૂ. શ્રીદત્તમહારાજશ્રીને તે પ્રકાશિત થાય તે માટે પ્રાર્થના કરી.

પ.પૂ. શ્રીદત્તમહારાજ કવીશ્વરશ્રીએ પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ સમક્ષ પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું ચરિત્ર ગુજરાતી ભાષામાં પ્રગટ થાય એવી ઈચ્છા વ્યક્ત કરી. પ.પૂ. શ્રીનારાયણકાકાએ આને આજ્ઞા સમજીને, તેઓશ્રી જ્યારે ગુજરાતના પ્રવાસે આવેલા, તે વખતે તેઓશ્રી ગુરુબન્ધુ ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદીને ઘેર ગયેલા ત્યારે તેમણે ડો. શ્રી. હર્ષદભાઈને સ્વામી મહારાજનું ચરિત્ર ગુજરાતી ભાષામાં લખવાનો અનુરોધ કર્યો હતો. ડો. શ્રી. હર્ષદભાઈને મૂળ પ્રથમ આવૃત્તિના વિસ્તૃત ચરિત્રની મરાઠી પ્રત તથા અનુવાદિત હિન્દી પ્રત પણ તેમણે મોકલી આપી. પ.પૂ.

શ્રીનારાયણકાકાની આજ્ઞાથી શ્રી. બાલમુકુન્દ પંડિતે તેમનો લખેલો અનુવાદ પણ ડો. શ્રી. હર્ષદભાઈને મોકલી આપ્યો.

ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદી ગુજરાતી ભાષાના તજ્જ્ઞ લેખક, વિવેચક અને કવિ છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે તેઓ નિવૃત્ત થયા છે. સન ૧૯૯૩ – ૯૪ના વરસ માટે ગુજરાતી અધ્યાપક સંઘના તેઓ અધ્યક્ષ હતા. કે. કે. બિરલા ફાઉન્ડેશનના રાષ્ટ્રીય સાહિત્ય સન્માન સમિતિના ગુજરાત વિભાગની સમિતિના તેઓ પ્રમુખ હતા અને ઝોનલ સમિતિના સભ્ય હતા. યુનિવર્સિટીના પી. જી. કાઉન્સિલના અને સયાજી સાહિત્યમાલા સમિતિના તેઓ સભ્ય હતા. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના જર્નલના સંપાદક તરીકેની સેવા પણ તેમણે આપી છે. બોર્ડ ઓફ સ્ટડીઝ (અભ્યાસ સમિતિ)ના તેઓ સભ્ય હતા. ભાષા તજ્જ્ઞ અને સાહિત્યસન્માનના અનેક હોદ્દાઓ ઉપર રહેલી વ્યક્તિની પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજે ચરિત્રલેખન માટે કરેલી પસંદગી એક સદ્‌ભાગ્યની વાત છે. પ્રતિકૂળ શારીરિક સ્વાસ્થ્ય અને અનેક વ્યાવહારિક મુશ્કેલીઓ હોવા છતાં એમણે ચરિત્રલેખનનું ઘણું બધું કાર્ય કર્યું છે. મૂળ ચરિત્રમાં આપેલા મરાઠી પદ્યોનું ગુજરાતીમાં સમશ્લોકી ભાષાંતર એમણે કર્યું છે. પ.પૂ. શ્રીગુળવણી મહારાજના અનુગૃહિત હોવાથી પરમગુરુની સેવા કરવાનો લાભ એમને મળ્યો છે.

ચરિત્રલેખનનું કાર્ય વહેલી તકે પૂરું થાય તે માટે પ.પૂ. શ્રીનારાયણકાકાની સંમતિથી મહુધા કોલેજના અંગ્રેજીના નિવૃત્ત પ્રાધ્યા. શ્રી. હરિતભાઈ પંડ્યાનો સહકાર મેળવવામાં આવ્યો. સંતના ચરિત્ર લેખનકાર્યમાં મદદરૂપ થવાની તક તેમણે સ્વેચ્છાએ ઝડપી લીધી અને એ કાર્ય પૂરું કરવામાં તેઓ સહાયક થયા. પ્રાધ્યા. શ્રી. હરિતભાઈ પંડ્યા અંગ્રેજી તથા ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસી છે. લઘુનવલકથા, નવલિકા, બાળવાર્તા, રેડિયો નાટિકા, રેખાચિત્રો તથા હળવા નિબંધો લખીને ગુજરાતી

સાહિત્યની વિવિધરૂપે તેમણે સેવા કરી છે. સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની સ્પર્ધામાં તેમની કૃતિઓ ઘણી બધી જગ્યાએ પ્રથમ સ્થાને પસંદ કરવામાં આવી છે અને પારિતોષિકોને પાત્ર પણ થઈ છે. એમની કૃતિઓ 'કુમાર', 'નવચેતન' 'અખંડાનંદ' જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થતી રહી છે. તેમનો 'હાર્બર' નામનો લઘુકથાસંગ્રહ અને 'નિહારિકા' નામનો વાર્તાસંગ્રહ પ્રગટ થયો છે. એમની વાર્તામાં તથા લઘુકથામાં માનવજીવનનું હૃદયસ્પર્શી ચિત્રણ જોવા મળે છે. 'સપનાં થયાં સાકાર' નામના એક ચરિત્રનું લેખન પણ તેમણે કર્યું છે. પ્રાધ્યા. શ્રી. હરિતભાઈ જેવા સાહિત્યસર્જકની સેવા આ ચરિત્રલેખનકાર્યમાં સાંપડી છે.

ગુજરાતી સાહિત્યના આ બન્ને પ્રેમી, પૂજારી, અભ્યાસી અને સર્જકના સહકારથી પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું ચરિત્રલેખનકાર્ય પૂર્ણ થયું છે, તે ખરેખર સ્વામીકૃપા જ છે. ચરિત્રલેખનકાર્ય માટે તેમણે આપેલા સહકાર બદલ બન્ને વિદ્વાનોના અમે ઋણી છીએ. પ્રકાશક તરફથી તેમનો આભાર માનું છું.

શ્રી. બાલમુકુંદ પંડિતે મરાઠી સંક્ષિપ્ત ચરિત્રની બીજી આવૃત્તિનો અનુવાદ કરેલો હોવાથી, સંખેડા કોલેજના સંસ્કૃતના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી. અશોકરાવ અમૃતેને પ્રથમાવૃત્તિના વિસ્તૃત ચરિત્રનો અનુવાદ કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. તે પ્રમાણે તેમણે અનુવાદ કરીને ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદીને તે સુપ્રત કર્યો. ડો. શ્રી.હર્ષદભાઈને મરાઠી ભાષાનું સારું જ્ઞાન હોવાથી મૂળ મરાઠી ગ્રંથની પણ તેઓ મદદ લઈ શકતા હતા. પ્રા. શ્રી. અમૃતેએ કરેલો અનુવાદ એમને ખૂબ જ મદદરૂપ નીવડ્યો હતો. પ્રા. શ્રી. અમૃતેની માતૃભાષા મરાઠી હોવા છતાંય તેઓ ગુજરાતમાં જન્મેલા, ગુજરાતી માધ્યમમાં શિક્ષણ પામેલા એટલે ગુજરાતી ભાષા ઉપર એમનું સારું એવું પ્રભુત્વ છે. ચરિત્રલેખનકાર્યને લગતી અનેક પ્રવૃત્તિઓમાં તેમનો સારો એવો સહકાર પ્રાપ્ત થયો છે. તેમના સહકાર અને સેવાકાર્ય બદલ પ્રકાશક તરફથી તેમનો આભાર માનું છું. તેઓ

પ.પૂ. શ્રીદત્તમહારાજ કવીશ્વરના અનુગૃહિત છે.

મૂળ ચરિત્રગ્રંથમાં પૂજ્ય સ્વામીજીના જીવનપ્રસંગો સમયાનુક્રમ પ્રમાણે લેવાના પ્રયત્નો થયા છે. તે સમયાનુક્રમ આ ગ્રંથમાં પણ જાળવવામાં આવ્યો છે. પૂજ્ય સ્વામીજીના ગોપ્રેમના પ્રસંગોને એક જ અધ્યાયમાં લીધા છે. તેવી જ રીતે પૂજ્ય સ્વામીજીની દક્ષિણ–ઉત્તર તીર્થયાત્રાનો સમાવેશ એક જ અધ્યાયમાં લઈ શકાયો છે. પૂજ્ય સ્વામીજીએ એમના અનેક ભક્તો ઉપર કરેલી પ્રેમવર્ષા 'સ્વામીજીની ભકતવત્સલતા' ના પ્રકરણમાં આવી જાય છે. એક જ સ્થાનેથી લખેલા પત્રોને સહજ રીતે એક જ પ્રકરણમાં લેવામાં આવ્યા છે. આ રીતે ચરિત્રનું સંકલન બન્ને ચરિત્રલેખકોની સંમતિથી થયું છે.

પ.પૂ. ડો. શ્રી. અરુણોદય જાની સાહેબે ચરિત્ર ગ્રંથ માટે *આમુખ* લખીને ગ્રંથને અલંકૃત કર્યો છે. રાષ્ટ્રપતિ સંમાનિત માન્યવર ડો. શ્રી. જાનીસાહેબ સંસ્કૃત ભાષાના વિદ્વાન, લેખક, વિવેચક અને કવિ છે. મહામહોપાધ્યાય પદવી વિભૂષિત ડો.જાનીસાહેબ મ. સ. યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ઘણાં વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા હતા. વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામંદિરના તેઓ થોડાં વર્ષ માટે નિયામક પણ હતા. સંસ્કૃત ભાષામાં ડી.લિટ.ની માનદ પદવી ધારણ કરનાર ગુજરાતમાં તેઓ એક માત્ર વ્યક્તિ છે. તેમને અર્ધમાગધી, જર્મન, ગ્રીક, લેટિન, ફ્રેંચ અને મરાઠી ભાષાનું સારું જ્ઞાન છે. અન્ય અનેક જવાબદારીમાંથી સમય કાઢીને તેમણે *આમુખ* લખી આપીને પુસ્તકની મૌલિકતા વધારી છે. તેઓશ્રીના સહકાર માટે પ્રકાશક વતી તેમનો આભાર માનું છું.

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ ગુજરાતમાં ઘણાં બધાં સ્થાનોમાં રહ્યા હતા. કેટલાંક સ્થાનોમાં તેમણે ચાતુર્માસ પણ કરેલા. ભાગ્યશાળી સાધકો ઉપર કૃપા કરવા એમના ગામે જઈને એમને ઘેર પણ તેઓ રહ્યા હતા. શ્રી. ભગવાનદાસ ઉપાધ્યાયના સુપુત્ર શ્રી. નારાયણદાસની મુલાકાત ખૂબ જ અદ્‌ભુત રીતે થઈ છે. તેમના દ્વારા પૂજ્ય સ્વામીજીએ જે જે સ્થળોની મુલાકાત

લીધી હતી તથા જ્યાં નિવાસ કરેલો તે તે સ્થાનોના ફોટાઓ પ્રાપ્ત કરી શકાયા છે. શ્રી.નારાયણદાસે તેમના પિતાજી શ્રી. ભગવાનદાસને સાધના દરમ્યાન થતી ખેચરી ક્રિયાઓના પોતાની પાસેના ફોટા આપ્યા છે. પૂજ્ય સ્વામીજીનો યુવાવસ્થાનો એક ફોટો પણ તેમણે આપ્યો છે. પૂજ્ય સ્વામીજી મુંબઈમાં મલ્હારવાડીમાં કાલબાદેવી ઉપર આવેલા દાદી શેઠ અગિયારી લેનમાં માતૃછાયા બિલ્ડિંગમાં જ્યાં રહેવા આવેલા તે ઓરડીઓ તેમણે બતાવી, જેના ફોટા આપણે લઈ શક્યા છીએ. શ્રી.નારાયણદાસે પોતાની ઉપર સ્વામીજીની થયેલી કૃપાની વાતો કરી. તેમની સાથેની મુલાકાત દરમ્યાન તેમણે પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય પણ આપી. તેમના આ સહકાર બદલ પ્રકાશક વતી તેમનો આભાર માનું છું.

પ. પૂ. શ્રી. નારાયણકાકાની ઉપસ્થિતિમાં ચરિત્ર પ્રકાશન અને લેખન સમિતિની બેઠકો અમદાવાદ અને વડોદરામાં થઈ. ચરિત્રલેખન અંગેના જે નિર્ણયો લેવામાં આવ્યા હતા તે પ્રમાણે કાર્યવાહી થતી રહી છે. મરાઠી *સિદ્ધયોગ* પુસ્તિકાનો અનુવાદ ચરિત્રગ્રંથના ભાગ તરીકે છાપવાનો નિર્ણય પ્રથમ લેવાયો હતો. પછી પ.પૂ. શ્રીનારાયણકાકાની આજ્ઞાથી '*સિદ્ધયોગ*'નો ગુજરાતી અનુવાદ સ્વતંત્ર પુસ્તક તરીકે છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. તે પુસ્તક સ્વતંત્ર રીતે છાપવામાં આવ્યું. તેવી જ રીતે *સિદ્ધયોગ* પુસ્તકનો અંગ્રેજી અનુવાદ પણ પ્રગટ થયો છે. આને લીધે ચરિત્રગ્રંથ થોડો મોડો પ્રકાશિત થઈ રહ્યો છે. તે બદલ દિલગીરી વ્યક્ત કરું છું. આર્થિક સહાય આપનાર સાધકોને તથા સજ્જનોને તે માટે રાહ જોવી પડી છે. તે માટે તેમની બધાની હું ક્ષમા માગું છું.

પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહાય આપનાર ભાગ્યશાળી સેવાભાવી સાધકોની તથા સજ્જનોની યાદી પ્રસ્તાવના વિભાગના અન્તે આપવામાં આવી છે.

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજે લખેલી હિન્દી, સંસ્કૃત અને બંગાળી પદ્ય રચનાઓ મા. શ્રી. નીલકંઠ વત્સરાજ દ્વારા તથા મૂળ મરાઠી

ચરિત્રગ્રંથમાંથી મળી. સંસ્કૃત રચનાઓ પ.પૂ. ડો. શ્રી. જાનીસાહેબે સુધારી આપી છે, જ્યારે બંગાળી રચનાઓ શ્રીમતી શાંતિબેન દિઘેએ સુધારી આપી છે. આ સહકાર બદલ પ્રકાશક વતી બન્નેનો આભાર માનું છું.

ચરિત્ર ગ્રંથમાં છાપેલા હોશંગાબાદ તથા કાશીના કેટલાક ફોટાઓ *'મહાયોગ ટ્રસ્ટ'* નાશિકના ટ્રસ્ટીઓ મા.શ્રી. ઘાટે તથા મા.શ્રી. પ્રભુણે દ્વારા પ્રાપ્ત થયા છે. કાશીના કેટલાક ફોટાઓ શ્રી.સુધાકર સરપોતદારે જાતે કાશી જઈને પાડ્યા હતા. તે બદલ બધાના અમે ઋણી છીએ.

'માય મરાઠી' ના માજી તંત્રી વડોદરા નિવાસી શ્રી.પ્રભાકર તેલંગ દ્વારા કોલકાતા રહેતા હાલના બૃહત્ મહારાષ્ટ્ર મંડળના ઉપાધ્યક્ષ શ્રી.સૂર્યકાન્ત કુલકર્ણીનું સરનામું મળ્યું. ઢાકાના ઢાકેશ્વરી મંદિરના પ્રવેશદ્વાર તથા ઢાકેશ્વરી દેવીની મૂર્તિના ફોટાઓ મેળવી આપવા માટે તેમને વિનંતી કરવામાં આવી. શ્રી. સૂર્યકાન્તભાઈ ગ્રંથાલય પ્રવૃત્તિના વરિષ્ઠ કાર્યકર્તા છે. તેઓ કોલકાતાના મહારાષ્ટ્ર મંડળના અધ્યક્ષ હતા. અત્યારે અખિલ ભારતીય બૃહત્ મહારાષ્ટ્ર મંડળના ઉપાધ્યક્ષ છે અને ' બૃહન્મહારાષ્ટ્ર પરિચય સૂચિ'ના સંપાદક છે. પોતે અનેક સામાજિક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાંય તેમણે ફોટાઓ માટે પ્રયત્ન ચાલુ રાખ્યા. એમણે એવી માહિતી આપી કે ઢાકાનું ઢાકેશ્વરીનું મંદિર ધ્વસ્ત થયું છે, પરન્તુ હાલના પૂજારી શ્રી. લાલુભાઈ તિવારીએ (પુરોહિતે) મૂર્તિનું સ્થાનાંતર કરીને તેને કોલકાતા લાવીને તેની સ્થાપના કરી છે. અત્યારે કોલકાતામાં કુમારતુલીમાં ઢાકેશ્વરીનું મંદિર છે. તેનો ફોટો તથા મંદિરના સ્થાનાન્તર વિશે કોલકાતામાંથી પ્રકાશિત થતા *'આનન્દબજાર પત્રિકા'*માં પ્રસિદ્ધ થયેલા સમાચારની કાપલી પણ તેમણે મોકલી આપી છે. તેમના આ કાર્ય બદલ પ્રકાશક વતી તેમનો તથા શ્રી. પ્રભાકરભાઈ તેલંગનો આભાર માનું છું.

આ ચરિત્રગ્રંથને પ્રાપ્ત થયેલા આશીર્વાદપત્રો ગ્રંથના રત્નાલંકાર સમાન છે. નડિયાદના શ્રીસંતરામ મહારાજ પ.પૂ. શ્રીનારાયણદાસ મહારાજના

આશીર્વાદ શરૂઆતથી જ મળેલા છે. તેમણે આશીર્વાદ સાથે ગ્રંથ પ્રકાશનાર્થે સારી એવી રકમ આપીને કરુણા પણ કરી છે. તેમને વંદન કરીને તેમની કૃપાશિષ કાયમ મળતી રહે એવી એમનાં ચરણે પ્રાર્થના કરું છું. શ્રીદત્ત સંસ્થા, ગરુડેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી મા. શ્રી. બાપુરાવ દેવ સાહેબે પ.પ. શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના પ્રતિનિધિરૂપે પાઠવેલા આશીર્વાદપત્ર બદલ હું તેમનો ઋણી છું અને પ્રકાશક વતી તેમનો આભાર માનું છું. શ્રીઅવધૂત નિવાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. શ્રી. ધીરુભાઈ જોશીએ પ.પૂ. શ્રીરંગ અવધૂતના પ્રતિનિધિ રૂપે પાઠવેલા આશીર્વાદપત્ર બદલ અમે તેમના ઋણી છીએ. તેવી જ રીતે તેમણે 'શ્રીગુરુલીલામૃત'માંથી કેટલાંક અવતરણોનો ચરિત્રગ્રંથમાં ઉપયોગ કરવા માટે સંમતિ આપીને અમને ઉપકૃત કર્યા છે. તે બદલ પ્રકાશક વતી તેમનો આભાર માનું છું.

મ. સ. યુનિ. વડોદરાના ગુજરાતી ભાષાવિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ તથા પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજના પરમભક્ત ડો. શ્રી. સુભાષભાઈ દવે અને ડો. શ્રી ધીરુભાઈ જોષીએ શ્રીગુરુલીલામૃતમાંથી યોગ્ય દોહાઓ 'અવતરણ' માટે શોધીને આપ્યા છે. તે અમે સુયોગ્ય જગ્યાએ મૂકી શક્યા છીએ. ગ્રંથના સુગઠન માટે તેમણે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ પણ આપી છે. તેમના આ સહકાર બદલ હું તેમનો પ્રકાશક વતી આભાર માનું છું.

પ.પૂ. શ્રીશિવોમ્‌તીર્થ સ્વામીજીએ મૂળ મરાઠી ગ્રંથમાં '*શક્તિપાતસાધન પ્રણાલી*' નામનો એક લેખ લખ્યો છે. તે લેખને ગુજરાતી ગ્રંથમાં પ્રગટ કરવા માટે એમણે અનુમતિ આપી છે. એ લેખ પરિશિષ્ટમાં લીધો છે. તેમની આ અહૈતુકી કૃપા બદલ હું તેમનો ઋણી છું. પ્રકાશક વતી તેમનો આભાર માનું છું.

જ્યોતિષી શ્રી. ગોપાલભાઈ ભટ્ટ અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાંય તેમણે સમય કાઢીને પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ અને પ.પૂ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરોનું સમીક્ષાત્મક વિવેચન કરતો એક મૂલ્યવાન લેખ લખીને જ્યોતિષશાસ્ત્રમાં રસ ધરાવતા વાચકો

માટે એક અનોખી વાનગી પીરસી છે. લેખ પરિશિષ્ટમાં લીધો છે. પ્રકાશક વતી હું તેમનો આભાર માનું છું.

ગ્રંથનું કમ્પ્યુટર કંપોઝિંગ નડિયાદની દેના સ્કૂલ ઓફ કમ્પ્યુટરે સુંદર રીતે કરી આપ્યું છે. બધાં પાંચેય પ્રૂફો સુધારી આપીને આ સંસ્થાએ ખૂબ મોટો સહકાર આપ્યો છે તે બદલ હું તેમનો ઋણી છું. ભાષાકીય અશુદ્ધિ જો જણાય તો તે બદલ સંસ્થા તથા પ્રકાશક વતી ક્ષમા પ્રાર્થું છું. તેવી જ રીતે પ્રિંટવિઝનના માલિક શ્રી. યજ્ઞેશભાઈ પંડ્યાએ ફોટાઓની સુંદર ગોઠવણી કરીને ગ્રંથનું મુદ્રણ સમયસર અને વાજબી ભાવે કરી આપ્યું છે તે બદલ હું તેમનો ઋણી છું. પ્રકાશક વતી બન્નેનો આભાર માનું છું.

ઉપર ઉલ્લેખ કર્યા સિવાયની જે જે વ્યક્તિઓએ પરોક્ષ અપરોક્ષ રીતે પુસ્તકના કાર્યમાં મદદ કરી હોય પરન્તુ અનવધાનને લીધે જેમના નામનો ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તે સર્વ સહકાર આપનાર ભાઈ–બહેનોનો હું પ્રકાશક વતી આભાર માનું છું.

પૂજ્ય સ્વામીજીનું ચરિત્ર અઢાર અધ્યાયોમાં છે. ૧૯મો અધ્યાય ઉપસંહારાત્મક છે. અઢાર અધ્યાયો ગુરુગીતાનો અન્વર્થક સંકેત રચે છે. તેથી આ ગ્રંથઔપાસનિક મહત્ત્વ ધરાવે છે.

પૂ. સ્વામીજી સંન્યાસધર્મનું ચુસ્તપણે પાલન કરીને, સતત પ્રવાસ કરીને 'પરિવ્રાજક' વૃત્તિથી રહીને એક તરફ ' શક્તિ' ને અધીન રહીને ફરતા, તો બીજી તરફ કોમલ હૃદયે સ્વામીજી ભક્તોના પ્રેમને વશ થઈને તેમની સાથે વધારે રહીને 'શક્તિ'ની શિક્ષા પણ ભોગવતા હતા. ભક્તોના પ્રેમ આગળ ઝૂકીને ઈશશક્તિની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને સજા ભોગવવા તૈયાર રહેલા આ મહાન ત્યાગી સંત સત્પુરુષના ચરણે આપણા સૌનાં કોટિ કોટિ પ્રણામ.

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની કૃપાથી થયેલી આ સેવા એમનાં જ ચરણે સમર્પિત કરું છું.

કાષ્ઠ પૂતળી નાચતી, ચાલક ખેંચે જેમ,
ચાલક તું મુજ યંત્રનો, લખું લખાવે તેમ.
(શ્રીગુરુલીલામૃત–૧–૫૬)

સદ્‌ગુરુચરણાનુરાગી
પુરુષોત્તમ રં. શહાપુરકર.

ચરિત્ર પ્રકાશન માટે આર્થિક સહાય આપનાર દાતાઓની યાદી

રૂા. ૧૦૦૧ થી વધુ આપનાર સજ્જનોની યાદી

શ્રીસંતરામ મંદિર નડિયાદ. વડોદરા નિવાસી પ. પૂ. ડો. શ્રી. અરુણોદય જાની સાહેબ, ડો. સૌ. ઉમાબેન દેશપાંડે, પ્રા. શ્રી. અશોક રા. અમૃતે, કુ. સુષમા અ. અમૃતે, શ્રી. બળવન્ત મ. વાલવડકર, શ્રી. નવીનભાઈ માલવણિયા, શ્રી.રતિલાલ સી. સોની, શ્રી. નટુભાઈ બી.પટેલ સ્વ. શ્રી. જયન્તકુમાર નાગરેચા, પ્રા. પુ. રં. શહાપુરકર. શ્રી.નીતિનકુમાર દ. દેશપાંડે, ડો. શ્રી. હર્ષદભાઈ મ. ત્રિવેદી. અમદાવાદ નિવાસી પ.પૂ. વૈદ્ય શ્રી.ભાસ્કરભાઈ હર્ડીકર, વૈદ્ય શ્રી. ભાલચંદ્ર દ. નંદુરબારકર, વૈદ્ય શ્રી. હરિદાસ શ્રીધર કસ્તુરે, શ્રી. દત્તાત્રેય પાં. નંદુરબારકર, શ્રી. દત્તાત્રેય જોશી, શ્રી.રાજેન્દ્રભાઈ પરીખ, સૌ. લતાબેન રા.પરીખ, શ્રી શંતનુ બા. ક્ષીરસાગર. મુંબઈ–મલાડ નિવાસી શ્રી. નારાયણદાસ ભગવાનદાસ ઉપાધ્યાય. વિરાર નિવાસી શ્રી. ઉદયકુમાર ચં. કડીકર. ઔરંગાબાદ નિવાસી સ્વ. શ્રી. મ્હાળસાકાન્ત મ. અંબડકર. સંખેડા નિવાસી શ્રી. નીતિન જયન્તીલાલ દવે, શ્રી. જસવંતસિંહ સોલંકી. હૈદ્રાબાદ નિવાસી શ્રી. શત્રુઘ્નભાઈ અગ્રવાલ. શ્રીગરુડેશ્વર નિવાસી શ્રી. દિનકરરાવ શંકરરાવ બાપસે, સિન્નર નિવાસી શ્રી સંજય વિનાયક દેશપાંડે અને નાશિક નિવાસી મે. વિરાજ બિલ્ડર્સ.

રૂા.૫૦૧ /– આપનાર સજ્જનોની યાદી

વડોદરા નિવાસી શ્રી. કીર્તિકુમાર વિ.જોશી, શ્રી. સતીશ ન. સોલાપુરકર, કુ. શ્રેયા શ્રીનિવાસ સોલાપુરકર, સૌ.મોહિની દિ. સોલાપુરકર, શ્રી. જગદીશભાઈ ભટ, શ્રી. લક્ષ્મણ ગણેશ પાધ્યે, શ્રી. વિષ્ણુપન્ત ફાટક, શ્રી. ઉદયકુમાર પ્ર.ઓરપે, શ્રી. પ્રભાકર ગો. ભાગવત, સૌ. પ્રતિભા અ. પેડગાંવકર, મેસર્સ એકબોટે એન્ડ સન્સ, ડો. શ્રી. ઉપેન્દ્રભાઈ ભટ્ટ. પુણે

નિવાસી શ્રીમતી પદ્મજાતાઈ મુ. ફડકે. ઔરંગાબાદ નિવાસી ડો. શ્રી. પ્રભાકર મ્હા. અંબડકર, શ્રી. પ્રકાશ મ્હા. અંબડકર, શ્રી. રાધાકૃષ્ણ મ્હા. અંબડકર. ગાંધીનગર નિવાસી શ્રી. જે. બી. ભટ્ટ. આણંદ નિવાસી શ્રી. ગજાનન પ્રકાશ.

પ.પ. શ્રીલોકનાથતીર્થ
સ્વામી મહારાજ ચરિત્ર લેખનપ્રકાશન સમિતિ

(૧) પ.પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ

(૨) પ.પૂ. ડો. શ્રી. અરુણોદય ન. જાની સાહેબ

(૩) પ.પૂ. વૈદ્યરાજ ભાસ્કરભાઈ હર્ડીકર

(૪) ડો. શ્રી. હર્ષદભાઈ મ. ત્રિવેદી

(૫) પ્રા. શ્રી હરિતભાઈ પંડ્યા

(૬) પ્રા. શ્રી અશોકરાવ રા. અમૃતે

(૭) પ્રા. શ્રી.પુ. રં. શહાપુરકર

(૮) શ્રી. પ્રભાકર રામચંદ્ર અરગડે

(૯) શ્રી. બ. મ. વાલવડકર

卐 અંતરંગ 卐

<u>પ્રસ્તાવના:</u>		
(૧)	આશીર્વાદ પત્રો	11
	(૧) પ.પૂ શ્રીસંતરામ મહારાજ, નડિયાદ	
	(૨) શ્રીદત્ત સંસ્થા,ગરુડેશ્વર	
	(૩) શ્રીઅવધૂત નિવાસ ટ્રસ્ટ,નારેશ્વર	
(૨)	ચિત્‌શક્તિની લીલા	15
	પ.પૂ. ડો.શ્રી.અરુણોદય જાની સાહેબ	
(૩)	પ્રાસ્તાવિક	21
	પ. પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ	
(૪)	અમારી વાત (લેખકોનાં નિવેદન)	27
	ડો. શ્રી. હર્ષદભાઈ ત્રિવેદી	
	પ્રા. શ્રી. હરિતભાઈ પંડ્યા	
(૫)	સંપાદકીય	32
	પ્રા. શ્રી. પુ. રં. શહાપુરકર	
(૬)	આર્થિક સહાય આપનાર દાતાઓની યાદી	44
અધ્યાય નં	*અધ્યાય શીર્ષક*	*પાન*
૧	સિદ્ધયોગની પરંપરા	૧
	પ્રાચીન પરંપરા, પ.પ. શ્રીગંગાધરતીર્થ સ્વામી મહારાજ, પ.પ. શ્રીનારાયણતીર્થદેવ, પ.પ. શ્રીશંકરપુરુષોત્તમ તીર્થ	

卐 અંતરંગ 卐

અધ્યાય	અધ્યાય શીર્ષક	પાન
૨	જન્મ અને શૈશવ અભ્યાસકાળ, મા ભગવતીનાં દર્શનની લગની, શ્રીસદ્‌ગુરુની શોધમાં	૨૧
૩	સંન્યાસગ્રહણ શ્રીસદ્‌ગુરુની સેવામાં, હિમાલયમાં એકાન્તવાસ, શક્તિનો આદેશ, પિશાચોને સદ્‌ગતિ	૩૧
૪	દીક્ષાના શ્રીગણેશ યોગી શ્રીગોવિંદ મહારાજ પંડિત, અધ્યાત્મ પ્રેમી ન્યાયાધીશ પરાંડે, શ્રી.નારાયણપ્રસાદને દીક્ષા, આર્યસમાજી પૂર્ણાનંદજી, શ્રી.બાબા મહાજનને દીક્ષા, પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીને શક્તિપાતની દીક્ષા, શિષ્યો સાથે તીર્થાટન	૪૩
૫	પ.પૂ શ્રીગુળવણી મહારાજશ્રીને દીક્ષાધિકાર ગુરુવર્યોના સાંન્નિધ્યમાં, શિષ્યોને માર્ગદર્શન, સ્વામીજી આજેગાંવમાં, બાર્શીમાં ચાતુર્માસ	૭૮
૬	ચિન્મયાનંદ *'લોકનાથતીર્થ'* થયા સ્વામીજી પૂનામાં, ભુજંગરાવ (નાના) ભાલેરાવ, સ્વામીજી બાર્શીમાં, હરિદ્વારમાં ચાતુર્માસ (૧૯૨૯), અચાનક પૂનામાં, સ્વામીજી રેવાતટે, ડોણજામાં સ્વામીજી, કાશીમાં ચાતુર્માસ (૧૯૩૧), ટેહરીનું આકર્ષણ, ચાતુર્માસ (૧૯૩૨), રનૌલી અને શુકતાલમાં ચાતુર્માસ (૧૯૩૩), ઉત્તરાધિકારપદનો અસ્વીકાર (૧૯૩૫)	૯૦

卐 અંતરંગ 卐

અધ્યાય	અધ્યાય શીર્ષક	પાન
૭	ગુજરાતમાં આગમન વ્યાસક્ષેત્રમાં ચાતુર્માસ (૧૯૩૫), સ્વામીજી પ્રભાસ-પાટણમાં, વઢવાણમાં ચાતુર્માસ, પૂ. શ્રીમગર-સ્વામીજીના સહવાસમાં, ભગવાનદાસનો અસાધ્ય રોગ, સંતવચન સમ ભાલચંદ્ર શાસ્ત્રી ભારતીને દીક્ષા, સ્વામીજી થુરાવાસમાં	૧૧૫
૮	પરિવ્રાજક સ્વામીજી સંન્યાસી જીવનની મર્યાદાઓ, એ લગ્ન આજે નહિ થાય, દીક્ષા મુખ્ય મંત્ર સહાયક, સ્વામીજી અને શ્રી-સમર્થ રામદાસ સ્વામી, યોગ ગંગોત્રીનું પ્રયાગરાજ, કાશીપ્રેમી કાશીમાં પરિવ્રાજક	૧૩૫
૯	કૃપાસાગર સ્વામીજી સેવાપરાયણ શંકરરાવ, સ્વામીજીની પત્રગંગા, જાંબવંતસિંહને દીક્ષા, શક્તિનો સહસ્રારમાં પ્રવેશ, સ્વામીજીની દીર્ઘકાલીન માંદગી, સ્વાસ્થ્ય માટે સ્થાનફેર, સ્વામીજીની બાલસહજ વૃત્તિ, ઈચ્છા મરણી સ્વામીજી, સ્વામીજીની વિલક્ષણ સ્મરણશક્તિ, દીક્ષાથી દર્દ ગાયબ, સર ચુનીલાલને શીખ	૧૫૦
૧૦	અનુગ્રહ લીલા સ્વામીજીની સ્વભાવ વિશેષતાઓ, સ્વામી સેવક ભુજંગરાવ, સ્વામીજીની દિનચર્યા, જાંબવંતસિંહ પર ખૂનનો આરોપ, કાલી સેવક કાશીમાં, નવ વર્ષના દિગંબરને દીક્ષા, સ્વામીજીના અંતરજ્ઞાનની	૧૭૫

卐 અંતરંગ 卐

અધ્યાય	અધ્યાય શીર્ષક	પાન
	પ્રતીતિ, શ્રી.ભાલચંદ્ર વિ. કિર્લોસ્કર, સિંહગઢની સફર,આરોગ્યમંદિરને આશીર્વાદ	
૧૧	જાંબવંતસિંહની કસોટી	૧૯૮
	વાંદરાંઓનું પરાક્રમ, ડોણજેમાં શિવરાત્રી, શંકરરાવનો કાશીમાં આશ્રમ માટે પ્રસ્તાવ, સ્વામીજી સદ્‌ગુરુનાં દર્શને, જાંબવંતને બળિયા, કાલીમાતાનાં દર્શન	
૧૨	દક્ષિણ –ઉત્તરની યાત્રા	૨૧૬
	શ્રીશૈલમ્‌ની યાત્રા, વિરૂપાક્ષની પૂજા, આશ્રમના મકાનની વાસ્તુશાંતિ (૧૯૪૬), બદરીનાથની યાત્રા (૧૯૪૭), સમાધિ એટલે શું ? દામલેનો અંતકાળ, સ્વામીજી આખી રાત સમાધિમાં	
૧૩	ગોપ્રેમી સ્વામીજી	૨૪૦
	સ્વામીજી કાઠમાડુંમાં, ભીલોડામાં ચાતુર્માસ (૧૯૪૯), માધવબાગની સભામાં, સ્વામીજીની વિનોદવૃત્તિ	
૧૪	પરમશિષ્ય શ્રીનારાયણકાકા	૨૫૪
૧૫	ભક્તવત્સલ સ્વામીજી	૨૬૧
	શંકરરાવ રેસને રવાડે, નિસ્પૃહસ્ય તૃણં જગત્ ।, ડો . બેન્દ્રે, બાબામહારાજ માનવતકર, શ્રી.બાળાસાહેબ વાકડે, સત્પુરુષ અશ્વત્થામા, મા. શ્રી. બ. ના. ભિડે.	

卐 અંતરંગ 卐

અધ્યાય	અધ્યાય શીર્ષક	પાન
૧૬	સેવાપરાયણ શિષ્યવૃંદ શ્રી.ગોપાળરાવ ખેર, શ્રી.પ્રભાકર સોવની, શ્રી.જાધવ, શ્રી. હીરાલાલ શાહ, શ્રી.નારાયણ ભાલેરાવ, શ્રી. યોગેશ ભાલેરાવ, શ્રી. દત્તાત્રેય દિગંબર દામલે, શ્રી.ગોરે ભટજી, શ્રી.નારાયણ પંડ્યા	૨૮૦
૧૭	પરમ ભક્ત શ્રી.નીલકંઠ સદ્‌ગુરુનાં સંસ્મરણો	૨૯૭
૧૮	પૂના અને નાગપુરના પ્રવાસે દુષ્કર સ્વામીસેવા, પૂનાની છેલ્લી મુલાકાત, સ્વામીજી પરાંડે પરિવારમાં, કુંડલિની જાગૃતિનો એક અનુભવ, માર્ગદર્શક પત્રો, પ્રારબ્ધની બલિહારી, કાશીમાં ચાતુર્માસ, કાશીથી લખેલા પત્રો, મહારાજશ્રીને યાત્રા અંગે માર્ગદર્શન	૩૦૮
૧૯	કાળનો સંકેત મૃત્યુંજયી સ્વામીજી, અંતિમ વરસ (૧૯૫૪), વિદાય પૂર્વેની સાંત્વના, અંતિમ ઈચ્છા, મહાનિર્વાણ (માઘ વદ, ૩), અંતિમ દર્શને ભક્તોની ભીડ, શ્રદ્ધાંજલિ (અલૌકિક અનુભવ)	૩૨૯
<u>પરિશિષ્ટ</u>		
૧	*ત્યાગી, તપસ્વી, સરલચિત્ત સાધુપુરુષ શ્રીલોકનાથતીર્થ* *–યોગેન્દ્ર વિજ્ઞાની*	૩૫૭

卐 અંતરંગ 卐

અધ્યાય	અધ્યાય શીર્ષક	પાન
૨	શક્તિપાતયોગ પ્રણાલી અને સાધક – સ્વામી શ્રીશિવોમ્તીર્થ	૩૬૦
૩	જન્માક્ષરોનું સમીક્ષાત્મક વિવેચન – શ્રી. ગોપાલભાઈ ભટ્ટ	૩૭૪
૪	પ.પ. શ્રીસ્વામીજી વિરચિત પદો	૩૮૭
૫	ઢાકેશ્વરી મંદિરનું સ્થળાંતર – આનંદબજાર પત્રિકા	૩૯૨
૬	સંદર્ભ ગ્રંથો અને માહિતીની સૂચિ	૩૯૫

VIII/8

અધ્યાય:૧

સિદ્ધયોગની ગુરુપરંપરા

केन मार्गेण भो स्वामिन् ! देही ब्रह्ममयो भवेत् ।। (श्रीगुरुगीता श्लोक ३)

સિદ્ધયોગ એ અતિ પ્રાચીન માર્ગ છે. મુમક્ષુના આધારમાં સદ્‌ગુરુ પોતાની દિવ્યશક્તિનો, મંત્ર દ્વારા, દૃષ્ટિ દ્વારા, સ્પર્શ દ્વારા અથવા સંકલ્પ દ્વારા સંચાર કરીને એની કુંડલિની શક્તિને જાગૃત કરી આપે છે. સમર્પણની ભાવનાથી ધ્યાન – સાધના કરતા સાધકની કુંડલિની મૂલાધાર ચક્રમાંથી સુષુમ્ણાપથમાં આરોહણ કરીને ક્રમે ક્રમે સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા ચક્રોને ભેદીને સહસ્રારમાં રહેલા પરમ શિવને મળે છે. ત્યારે સાધક સચ્ચિદાનંદરૂપ થઈને અજરામર બની જાય છે.

પરમ શિવ જ શિવ અને શક્તિ રૂપે આવિષ્કૃત થયેલ છે. શિવના આધારમાં શક્તિ જગદાકાર બને છે. આખું વિશ્વ શિવના આધારમાં શક્તિનો વિલાસ છે. આ સચરાચર વ્યાપ્ત શક્તિ દરેક વ્યક્તિના મૂલાધારમાં રહેલી હોય છે. એ શક્તિ જયારે બહિર્મુખ કે જગદાભિમુખ હોય છે ત્યારે જીવ માત્ર

વિષયાભિમુખ બનીને જીવે છે, પરંતુ જ્યારે તેની શક્તિ અંતર્મુખ બનીને સુષુમ્ણામાં ઊર્ધ્વગતિ કરતી કરતી શિવને મળવા આરોહે છે, ત્યારે તે જીવ વ્યવહારધર્મી કે દુન્યવી મટીને મોક્ષાર્થી બને છે. સહસ્રારમાં શક્તિનું શિવ સાથે મિલન થતાં જીવ મોક્ષ પામીને શિવ બની જાય છે.

આ મુક્તિ સાધના કુંડલિની શક્તિના જાગરણ દ્વારા થતી હોવાને કારણે એને કુંડલિની યોગ કહેવામાં આવે છે. સદ્ગુરુના શક્તિસંચારથી આ શક્તિ કાર્યરત થતી હોવાને કારણે એને ગુરુકૃપા યોગ અને શક્તિપાત યોગ પણ કહેવામાં આવે છે. આ માર્ગમાં હઠયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ તથા રાજયોગનો સાધકની વ્યક્તિગત આવશ્યકતા અનુસાર સમન્વય થતો હોવાને કારણે, એને મહાયોગ તથા સિદ્ધયોગ પણ કહેવામાં આવે છે. ધ્યાનની પ્રક્રિયામાં શારીરિક ક્રિયાઓથી માંડીને પ્રાણ અને મનની સૂક્ષ્મ ક્રિયાઓ આપોઆપ થતી રહે છે. એ ક્રિયાઓ દ્વારા સાધકમાં દેહની, પ્રાણની અને મનની આવશ્યક શુદ્ધિ થાય છે. સાધક ક્રમે ક્રમે વિકાસ પામીને અમનસ્કતા કે મનોનાશની દશાને પામે છે. મનના આવરણમાં ઢંકાયેલા ચૈતન્ય કે બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે. સાધક નિષ્પત્તિની અંતિમ અવસ્થાએ પહોંચીને ચૈતન્યનો નિત્ય અનુભવ કરે છે તથા ઈશ્વરના નિત્ય સંપર્કમાં રહેતો થાય છે અને અંતે નામ માત્રના રહ્યા સહ્યા દ્વૈતનો લય થાય છે. અને સાધક અદ્વૈતનો સદૈવ અનુભવ કરવાની સ્થિતિ પ્રાપ્ત કરે છે. સદ્ગુરુની કૃપાથી આ રીતે સિદ્ધ બનેલો સાધક, સદ્ગુરુની આજ્ઞા થતાં અન્યને પણ સાધના તરફ વાળવાને શક્તિમાન બને છે.

પ્રાચીન પરંપરા

ભગવાન શંકરને શક્તિપાત માર્ગના આદ્ય પ્રવર્તક માનવામાં આવે છે અને ભગવાન દત્તાત્રેયને આ માર્ગના દીક્ષા–પ્રદાતા ગુરુ ગણવામાં આવે છે. ભગવાન શિવે માતા પાર્વતીને શક્તિપાત વિદ્યાનો બોધ કર્યો ત્યારે પાર્વતીજી

સમાધિમાં ઊતરી ગયાં હતાં. એ વિદ્યાને લુપ્ત થતી અટકાવવા ભગવાન વિષ્ણુએ મત્સ્યના ઉદરમાં પ્રવેશીને એ વિદ્યા ગ્રહણ કરી લીધી. પછી તેઓ મત્સ્યેન્દ્રનાથ રૂપે અવતર્યા. નાથ સંપ્રદાયમાં શિવજી આદિનાથ છે, દત્તાત્રેયજી પરમ ગુરુ છે, ને એ સંપ્રદાય પણ શક્તિપાતનું અવલંબન લે છે. શ્રીદત્ત સંપ્રદાય અને શિવોપાસનાનો સંબંધ શ્રીગુરુચરિત્રમાં દૃષ્ટિગોચર થાય છે. અવધૂત ગીતામાં શ્રીદત્તનું શિવ સાથેનું સંપૂર્ણ એકત્વ વારંવાર પ્રગટ થયું છે અને આત્મા–પરમાત્માનું ઐક્ય પણ લગાતાર નિર્દેશાયું છે. શિવમહાપુરાણમાં શક્તિપાત માર્ગના ધ્યાનયોગનું સ્પષ્ટ વર્ણન આવે છે. પદ્મપુરાણ, શિવગીતા, શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા જ્ઞાનેશ્વરીમાં પણ ચિત્તને નિર્વિચાર કરીને અચિંત્યમાં જોડી દેવાની પ્રક્રિયાવાળા ધ્યાનયોગનો બોધ કરવામાં આવ્યો છે. સ્કંદપુરાણ અંતર્ગત ગુરુગીતામાં ગુરુમહિમા સાથે શક્તિપાતનો મહિમા પણ થયો છે.

વર્તમાન સમયમાં આ માર્ગની એક કરતાં વધુ પરંપરાઓ પ્રવર્તતી જણાય છે. એ સર્વ પરંપરાઓ કોઈ એક મૂળ પરંપરાની પૃથક્ પૃથક્ ધારાઓ છે કે કેમ એ પૂરતી માહિતીને અભાવે કહી શકાય એમ નથી. શક્તિપાત માર્ગ આમ તો વેદકાળ જેટલો પુરાણો છે. પરંતુ એની કોઈ પરંપરાનો નિકટવર્તી ઈતિહાસ પ્રાપ્ત થતો નથી. દસ્તાવેજીકરણની પ્રજાકીય સભાનતાના અભાવને કારણે તથા સંતોની પ્રસિદ્ધિપરાઙ્મુખતાને લીધે આ બધી પરંપરાઓની પૂર્વ કડીઓ ઉપલબ્ધ રહી શકી નથી. આ પરંપરાઓમાંની એક પરંપરા શ્રીગંગાધરતીર્થ સ્વામીથી માંડીને તે આજ દિન સુધી પ્રકાશમાં રહેલી (પ્રચલિત રહેલી) પરંપરા છે.

પ.પ. શ્રીગંગાધરતીર્થ સ્વામી મહારાજ

શ્રીગંગાધરતીર્થ સ્વામીનો જીવનકાળ સન ૧૮૪૦થી સન ૧૯૦૫ સુધીનો છે. તેઓ અયોધ્યાના વાજપેયી બ્રાહ્મણ હતા. તરુણાવસ્થામાં જ તેઓ ઘર છોડીને હિમાલયમાં ચાલ્યા ગયેલા. ત્યાં સંન્યાસી વેશમાં એક દિવ્ય વિભૂતિ

એમને અનુગૃહિત કરીને પછી અદૃશ્ય થઈ ગઈ. સ્વામીજી કૃતાર્થ થઈને ત્યાંથી સીધા જગન્નાથપુરી આવ્યા. ત્યાં ગોવર્ધન મઠમાં એમણે સંન્યસ્ત ધારણ કર્યું. " ગંગાધરતીર્થ" નામ તેઓને આ સંન્યાસ બાદ પ્રાપ્ત થયું. તેઓ એકાંતપ્રિય તથા પ્રસિદ્ધિ પરાઙ્મુખ હતા, તેથી પુરીમાં તેઓ ચંદન તળાવને કિનારે એક નાનકડી કુટિર બાંધીને રહેતા. ત્યાં તેઓ મોટેભાગે સાધનામાં રત રહેતા. તેઓ કુટિરની બહાર ભાગ્યે જ આવતા. બે ત્રણ બ્રહ્મચારી શિષ્યો એમની ભિક્ષાદિનું ધ્યાન રાખતા. લોકો એમને સામાન્ય સાધુ સમજીને એમની નજીક જવાનો પ્રયાસ કરતા નહીં. એ અરસામાં કાલીકિશોર ગંગોપાધ્યાય નામનો એક સાધક ગુરુની શોધમાં હતો. આ સાધક એમની પાસે આવ્યો. એ જ ક્ષણે મહાન સિદ્ધ પુરુષ તરીકે જગતમાં વિખ્યાત થવાનું એમને માટે નિર્માયું હતું.

પ.પ. શ્રીનારાયણતીર્થદેવ સ્વામી મહારાજ

કાલીકિશોર નવદુર્ગાદેવી અને તારિણીચરણના સંતાન હતા. એમનું વતન પૂર્વ બંગાળના ફરીદપુર જિલ્લાનું માંડસાર ગામ હતું. તેઓ પ્રકૃતિએ ધાર્મિક તથા સાત્ત્વિક હતા. અત્યંત ગરીબી હોવા છતાં તેઓ આતિથ્યવ્રતનું ચુસ્તપણે પાલન કરતા. એક દિવસ બપોરને ટાણે એક સંન્યાસી એમને ઘેર આવ્યા. નવદુર્ગાદેવીએ સંન્યાસીને પોતાના ઘરમાં બેસીને ભિક્ષા ગ્રહણ કરવાનો આગ્રહ કર્યો. ઘરમાં પ્રવેશતાં જ ઘરના પવિત્ર, સ્વચ્છ વાતાવરણથી સંન્યાસી ખૂબ પ્રસન્ન થયા. ભિક્ષાથી સંતુષ્ટ થઈ એમણે આશીર્વાદ આપ્યાઃ " અલ્પ કાળમાં તમને તેજસ્વી પુત્ર પ્રાપ્ત થશે." પતિપત્ની આ સંત વચનથી હર્ષિત થયાં. સમયાંતરે આ આશીર્વાદ એમને ફળ્યા. સન ૧૮૭૦માં શરદ પૂનમને દિવસે એમને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. બાળકના જન્મ પછીના બારમે દિવસે બાળકનું નામ "વિપ્રદેવશર્મા" પાડવામાં આવ્યું. આ વિપ્રદેવશર્મા તે જ કાલીકિશોર. કાલીકિશોર એમનું હુલામણું નામ હતું. પછી તો એ જ નામ રૂઢ થઈ ગયું. કાલીકિશોર નવેક માસના હશે ત્યારે એક દિવસ એક છોકરો એમને એમનાં માતાની સંમતિથી રમાડવા લઈ ગયો. બીજાં બાળકો સાથે એય

તલાવડીને કિનારે પહોંચી ગયો ને કાલીકિશોરને એક વૃક્ષ નીચે બેસાડીને સંતાકૂકડી રમવામા લાગી ગયો. કાલીકિશોર ખસતાં ખસતાં છેક તલાવડીને કિનારે આવી ગયો, ને પાણીમાં પડ્યો. બીજાં બાળકો તો એમની રમતમાં લીન હતાં. અચાનક એક માણસે દૂરથી કાલીકિશોરને પાણીમાં પડતો જોયો. એણે ત્યાં દોડી જઈને કાલીકિશોરને પાણીમાંથી બહાર કાઢ્યો. એની મૂર્છિત દશા જોઈને બધાં બાળકો ગભરાઈ ગયાં. એટલામાં એણે આંખો ઉઘાડી અને સૌના જીવમાં જીવ આવ્યો. બધાં બાળકો એને લઈને એની માતા પાસે આવ્યાં ને બાળકને એની જનેતાને સોંપીને એમણે આખો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. માતાએ ભાવવિભોર થઈને પોતાના સંતાનને છાતી સરસો ચાંપી દીધો .

ગરીબીને કારણે કાલીકિશોર છઠ્ઠા ધોરણથી આગળ ભણી શક્યો નહીં પરંતુ એનામાં વાચન માટેની રુચિ સહજ રીતે કેળવાયેલી હતી તેથી તે ધીમે ધીમે ધાર્મિક ગ્રંથોના વાચન–મનનમાં રસ લેવા માંડ્યો. આઠમે વર્ષે એને ઉપનયન સંસ્કાર આપવામાં આવ્યા ને આમ એને ગાયત્રીની ઉપાસનાનો અધિકાર પ્રાપ્ત થયો. એ સાથે જ એણે ગાયત્રીની ઉપાસના આરંભી દીધી. એણે નોકરીએ જવાનું ય શરૂ કર્યું.

ત્યારના રિવાજ અનુસાર કાલીકિશોરનાં માબાપે એને નાની ઉંમર હોવા છતાં પરણાવી દેવાના ઉધામા શરૂ કરી દીધા. વિરક્ત મનોદશાવાળા કાલીકિશોરને આ રુચ્યું નહીં ને આમ એણે ઘર છોડીને ચાલ્યા જવાનો નિર્ણય કરી નાખ્યો. એણે ગૃહત્યાગ કર્યો ત્યારે એના ખિસ્સામાં માત્ર સાડા સાત આના (આજના લગભગ ૫૦ નયા પૈસા) હતા. પૂર્વ બંગાળમાં બારેસાલથી બરદ્વાન સુધીનો સેંકડો માઈલનો પ્રવાસ સતત ત્રણ વર્ષ સુધી એણે પગે ચાલીને કર્યો. ત્યારે એની ઉંમર માંડ બારતેર વર્ષની હતી. આ પ્રવાસમાં ન તો એને દેવ મળ્યા, ન તો ગુરુ પ્રાપ્ત થયા. આખરે એ પોતાને ઘેર પાછો ફર્યો. માબાપ પેટે પાટા બાંધીને એક નાના પુત્ર અને નાની પુત્રીનું પાલનપોષણ કરતાં હતાં. ત્યાં મોટા પુત્રના આગમનથી એમણે રાહતની લાગણી અનુભવી. નાનાં ભાંડુઓની

ખુશીનો તો પાર નો'તો.

માબાપના અતિઆગ્રહને કારણે, અનિચ્છાએ પણ કાલીકિશોરને સરોજિનીદેવી સાથે લગ્ન કરવાં પડ્યાં. લગ્ન ટાણે કાલીકિશોરની ઉમર ૧૮ વર્ષની હતી. એ પછી એક જમીનદારને ત્યાં નોકરીએ જવાનું શરૂ કર્યું. પણ થોડા જ દિવસોમાં એ નોકરી છૂટી ગઈ. એ પછી એને એક ચાના બગીચામાં નોકરી મળી. પણ તેય ઝાઝા દિવસ ટકી નહીં. આખરે નજીકના ગામના એક રેલવેના ઠેકેદારને ત્યાં એને સારી નોકરી મળી ગઈ. પણ તબિયત બગડતાં, ન છૂટકે એ નોકરી છોડીને એને પોતાના ગામ ભેગા થઈ જવું પડ્યું. એ પછી કલકત્તાના એક છાપખાનામાં એ નોકરીએ લાગ્યો.

આ બધો વખત દરમિયાન એની અધ્યાત્મપિપાસા તો પૂર્વવત્ ચાલુ જ હતી. એનાં જપ, પૂજા તથા અનુષ્ઠાન ચાલુ હતાં. સાધુ સંતોનો સત્સંગ પણ યથાવત્ ચાલુ રહેલો. બ્રહ્મોસમાજમાંય એણે જવાનું શરૂ કર્યું, પણ ત્યાંનો માહોલ એને અનુકૂળ લાગ્યો નહીં. એટલે પછી એણે રોજ કાલીઘાટ પર જઈને સાધુસંતોને મળવાનું ફરી આરંભી દીધું. એક સાધુએ એને કહ્યું: *વિષયોના ત્યાગ વિના યોગસિદ્ધિ પ્રાપ્ત ન થાય, ને યોગસિદ્ધિ વિના જ્ઞાન ન મળે.* એનું મન ફરી ઉપરત થયું, ને એ રેલમાર્ગે કલકત્તાથી વૈદ્યનાથધામ આવી ગયો. અહીં એને વેશાડંબરી વાક્ચતુર સાધુઓનો ભેટો થયો. પણ એના શુદ્ધ બ્રહ્મજિજ્ઞાસુ ચિત્તનું ક્યાંય સમાધાન થયું નહીં. પછી ત્યાંથી નીકળી એ ત્રણ દિવસ સુધી ભૂખ–તરસ વેઠતો પગપાળા જગન્નાથપુરી આવી પહોંચ્યો. અહીં એને માત્ર પેટભરા સાધુઓનાં ટોળાં જ જોવા મળ્યાં. આખરે એને એક કરાલી બ્રહ્મચારી યુવાન મળી ગયો. સાચા સંતનાં દર્શન કરવાની કાલીકિશોરની તીવ્ર ઈચ્છાને વશ થઈને એ બ્રહ્મચારી એને ચંદન તળાવને કિનારે ગંગાધરતીર્થ સ્વામીની પર્ણકુટીએ લઈ ગયો. ત્યાંના પ્રસન્ન પવિત્ર વાતાવરણથી કાલીકિશોરનું મન શાંત થયું. કુટીરનાં દ્વાર ખોલતાં એને ભગવાં વસ્ત્રધારી શાંત, ગંભીર, પ્રસન્ન વિભૂતિનાં દર્શન થયાં. એનાથી ભાવવિભોર થઈ જવાયું.

એણે વિભૂતિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. સ્વામીજીએ એની સામે જોઈને એને બાજુમાં બેસવા નિર્દેશ કર્યો. "મુકામ (સગવડ) છે ને ?" સ્વામીજીએ એને પૂછ્યું, અને એની ત્યાં રહેવાની તૈયારી વિષે પણ પૃચ્છા કરી. કાલીકિશોરે એનો હકારમાં પ્રત્યુત્તર આપ્યો. સ્વામીજીએ એને હઠયોગની અસારતા તથા રાજયોગ અને જપયોગની મહત્તા સમજાવી તથા નિત્યપાઠ માટે ભગવદ્ગીતાની એક પ્રત આપી. કાલીકિશોરે એ જ દિવસથી ગીતાપાઠ નિયમિત રીતે શરૂ કર્યો. એમ કરતાં એક મહિનો વીતી ગયો, પણ ગુરુના અનુગ્રહની પ્રાપ્તિ ન થઈ.

આખરે એક દિવસ સ્વામીજીએ એને કહ્યુંઃ " તું મારા જેવો થાય એવું કંઈક હું તને આપું છું." ને આમ, ઈ.સ. ૧૮૮૯ના વૈશાખ મહિનાની અખાત્રીજે એને મંત્રયુક્ત દીક્ષા આપવામાં આવી. એ સાથે જ ચિત્તશક્તિનું પ્રોત્સાહક પરિણામ પણ જણાવા લાગ્યું. સ્વામીજીએ કહ્યુંઃ " આ જાગૃતશક્તિ તને યોગ્ય સ્થાને લઈ જશે. ચાલવા દે આ બધું આમ જ." કાલીકિશોરે એકવાર વાતવાતમાં કહી નાખ્યુંઃ "સ્વામીજી, મારે આગળપાછળ ચિંતા કરનાર કોઈ નથી." ત્યારે તો સ્વામીજી કશું બોલ્યા નહીં પરંતુ એક મહિના બાદ જ્યારે સાધના સ્થિર થઈને સૂક્ષ્મ ક્રિયાઓ આરંભાઈ, ત્યારે એમણે કાલીકિશોરને કહ્યુંઃ "તું જૂઠું બોલ્યો હતો. તારે માતાપિતા અને પત્ની છે. તારો શુદ્ધ હેતુ હું જાણું છું, એટલે હું તને ક્ષમા આપું છું. તું ઘેર પાછો જા ને તારી બધી સાંસારિક જવાબદારીઓ સુપેરે અદા કર. તારા દૃઢ આગ્રહને લીધે મેં તને બ્રહ્મજ્ઞાન પ્રાપ્તિની દીક્ષા આપી, પરન્તુ તું હવે અહીં રહીશ નહીં. પોતાને ઘેર જા. જ્ઞાનસંગ્રહ કર. સ્વાધ્યાય અને સાધના કર. પ્રથમ તારે તારું પ્રારબ્ધ ભોગવવું જ પડશે. મેં જે સાધન આપ્યું છે, તે તને યોગ્ય સ્થળે લઈ જશે. જ્યારે તારામાં અધિકાર નિર્માણ થશે ત્યારે આપમેળે તને સંન્યાસ પ્રાપ્ત થશે."

"ઘેર જા" એ આજ્ઞાથી કાલીકિશોર અવાક્ થયા. તેમણે શ્રીગુરુદેવની ક્ષમા માંગી, અને તેઓના ચરણકમળમાં સ્થાન આપી તથા સેવા કરાવી

પોતાની સાધના પૂર્ણ કરાવવા પ્રાર્થના કરી. પછી શ્રીગુરુદેવે એમને મનનીય ઉપદેશ આપ્યો:

"કાલીકિશોર ! તને ખબર ન હોય એવા અનેક ભોગ છે જે તારે ભોગવી લેવા જોઈએ. તે ભોગની મને ખબર છે અને તે મને દેખાય છે. જ્યાં સુધી ભોગવાસના પૂરી થતી નથી ત્યાં સુધી સંન્યાસ લઈ શકાતો નથી. જ્યાં સુધી મનમાંથી વાસના નષ્ટ નથી થતી ત્યાં સુધી મનુષ્ય સંસારી જ રહે છે. અમને વાસના નથી તેથી અમે સંન્યાસી થયા. તું માત્ર સંન્યાસીના બાહ્યાડંબરથી ભુલાવામાં પડ્યો છે. આ સાચો સંન્યાસ નથી. પરમેશ્વરની કૃપા અને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત થયા બાદ સાધન ભજન કરતાં કરતાં જ્ઞાનની પરિપક્વ અવસ્થા પ્રાપ્ત થાય છે. તે સમય સંન્યાસ ગ્રહણ માટે ઉત્તમ હોય છે. એ સિવાય પ્રાપ્ત બધા જ સંન્યાસીઓને ઉદરપૂર્તિના દાસાનુદાસ જ કહેવા જોઈએ. ઢોંગી સંન્યાસી બનવા માટે મેં તને દીક્ષિત કર્યો નથી. સમર્પણ બુદ્ધિથી પ્રારબ્ધ કર્મ ભોગવતાં ભોગવતાં શ્રદ્ધાથી અને વિશ્વાસથી સાધનાનો અભ્યાસ કરવો જોઈએ. તને મેં જે આપ્યું છે તે જ તને સંન્યાસ ધર્મની માનસિક સ્થિતિ સુધી લઈ જશે, અને તને સાચો સંન્યાસી બનાવશે. મારા આર્શીવાદ તારી સાથે જ છે.

"તું મારી પાસે રહે તો દૃઢનિષ્ઠાથી અને શ્રદ્ધાથી સેવા કરશે તેની મને ખબર છે. તારા જેવા શ્રદ્ધાળુ, સેવાતત્પર અને પરમાર્થી શિષ્યને કયો ગુરુ છોડવા ઈચ્છે ? તને મારી પાસે રાખવો એવું મને પણ થયા કરે છે. તારાથી મને પણ ખૂબ સમાધાન મળશે. પણ– – –

"–પણ તે અશક્ય છે. તે બાબતમાં મારો કોઈ ઉપાય ચાલતો નથી. તારાં પ્રારબ્ધ અને ભોગવાસનાની આંતરિક સ્થિતિ જોતાં તને મારી પાસે રાખવો એ ગુરુ તરીકે યોગ્ય થશે નહિ. અમારી જવાબદારી હોય છે, શિષ્યનું કલ્યાણ જ કરવું. આજે જે બાબતનો તને અંદાજ નથી તે હું પ્રત્યક્ષ જોઈ શકું છું, અને

તેથી જ મારે કર્તવ્યકઠોર થવું પડે છે. પણ તું ચિંતા કરીશ નહિ. આમાં તારું કલ્યાણ જ છે.

"કાલીકિશોર ! તારાં માબાપ છે. તેઓની તેં ઉપેક્ષા કરી છે. આ ધર્મશાસ્ત્રની વિરુદ્ધ છે. તેમની ચિંતા જ તારા મનની સ્થિતિને અસ્વસ્થ કરી મૂકશે. પોતાનું કર્તવ્ય પૂરું કરનારનું સમાધાન કંઈક ઓર જ હોય છે. પરિણામ ગમે તે આવ્યું હો તો પણ તે સમયે મન કેવું નિશ્ચિંત હોય છે ! મન કર્તવ્યપૂર્તિના સમાધાનથી તુષ્ટ હોય છે ! તારું એવું નથી. એને લીધે જ તારી સાધનામાં આંતરિક અડચણો આવે છે. વિક્ષેપ આવે છે. તારો સ્વભાવધર્મ સંપૂર્ણ રીતે બદલાઈ જશે તે વખતે બધાં જ તને છોડી દેશે. ત્યાં સુધી તને કોઈપણ છોડશે નહિ. તેથી તું ઘેર જા. પ્રારબ્ધ કર્મો ભોગવવાં જ જોઈએ એવી દૃષ્ટિ રાખીને અનાસક્ત ભાવે બધા ભોગો ભોગવતા રહીને સાધના કરતો રહેજે.

" આ વાત ધ્યાનમાં રાખ કે સંપત્તિ અને સ્ત્રીનો મોહ સર્વનાશનું મૂળ કારણ છે. મનમાં આ વિશેની વાસના જ્યાં સુધી છે ત્યાં સુધી ઉદ્ધાર થઈ શકતો નથી. તને પત્ની છે. તેના પ્રત્યે પતિ તરીકે તારી કેટલીક ફરજો છે. આજે તારી કામવાસના ભલે દેખાતી ન હોય તો પણ તે સુપ્તાવસ્થામાં છે. ગમે તે સમયે તે જાગૃત થઈને પ્રગટ થયા વિના રહેશે નહિ. આજ તારું અંતઃકરણ આ બાબતે શુદ્ધ છે, પરન્તુ પૂર્વસંચિત સંસ્કારથી છુપાયેલી વાસનાઓ ક્યારે ઊછળી આવશે તે કહી શકાતું નથી. મોટા મોટા ઋષિમુનિઓને, હઠયોગીઓને અને જ્ઞાની પુરુષોને આ વાસનાએ જ માર્ગભ્રષ્ટ કર્યા છે. સુપ્ત સંસ્કારોના આવેગને વશમાં રાખવો એ અત્યન્ત અઘરું છે. સાધકની દુર્બળતા અહીં જ હોય છે. આવી માર્ગભ્રષ્ટ પતિત સ્થિતિમાંથી ફરી પોતાની જાતને સંભાળી લઈને સંન્યાસ લઈને સંન્યસ્ત માર્ગે પાછા વળવું અત્યન્ત દુષ્કર હોય છે. અને તેથી જ શાસ્ત્રાજ્ઞાનુસાર પત્ની સાથે સંસાર સુખ ભોગવ. આને લીધે તને દોષ લાગશે નહિ. આ ઉંમરે તું તારી ધર્મપન્તીને છોડીશ તો બીજી સ્ત્રીના મોહમાં પડીશ. આ રીતે મારે તારું પતન જોવાનો વારો આવશે. તે મને ગમશે નહિ.

તેથી તને તારે ઘેર મોકલી રહ્યો છું.

"કર્મનો ત્યાગ તારે કરવાનો નથી. કર્મોએ તારો ત્યાગ કરવો જોઈએ. પણ આ વાત પરિપક્વ અવસ્થા સિવાય ક્યારે ય સંભવી શકે નહિ. જે દિવસે ત્યાગ સહજ ભાવે થાય તે દિવસે સંન્યસ્ત ગ્રહણ કરવાનું યોગ્ય લેખાય. તને ઘેર પાછો મોકલીને સાંસારિક જીવનમાં તને ફરીથી જોતરવામાં મારો બીજો એક હેતુ છે. ભૂલોકમાં ધર્મની ઉન્નતિ કરવાની જવાબદારી તારા શિરે પણ ઓછાવત્તા પ્રમાણમાં છે.

"આ બ્રહ્મજ્ઞાનની દીક્ષા અસાધારણ દીક્ષા હોવાથી મેં તને તે આપી છે. તારા હાથમાં આપેલો તે એક દિવ્ય સ્ફુલ્લિંગ છે. તે સ્ફુલ્લિંગનો દિવ્ય પ્રકાશ તારી મારફતે ભારતભરમાં ફેલાઈ જનાર છે. પણ યોગ્ય સમયે આ કાર્ય બનવાનું છે. તે માટે તારે ધાર્મિક નેતૃત્વ અથવા સાધન–ગુરુત્વ લેવાની અભિલાષા રાખવાનું કારણ નથી. આ થનાર જ છે. તને તેનો અનુભવ થશે. આટલું ધ્યાનમાં રાખીને અનુસંધાનપૂર્વક સાધનરત રહેજે. એટલે બસ. તારા દ્વારા જ આ થનાર છે, તું નિમિત્ત માત્ર છે એ તું ભૂલીશ નહિ. ગુરુ થવાની ઈચ્છાથી કરેલું કાર્ય અહંકારની વૃદ્ધિ કરનારું બને છે, અને અહંકાર તો સર્વ પ્રકારનાં અધઃપતનનું મૂળ છે. કર્તવ્યબુદ્ધિથી જ્ઞાનેચ્છુ બનવાથી, ગુરુતાને બદલે દીનતાને સ્વીકરવાથી તને બહુ મોટો લાભ થનાર છે.

"કાલીકિશોર ! તને હજુ એક સલાહ આપું છું તેનો પણ તું વિચાર કરજે. નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત થયા સિવાય પોતાને રાજા કહેવડાવવો અને રાજવસ્ત્રો પરિધાન કરવાં એ ઘણું જોખમકારક છે. માત્ર વાક્ચાતુરી અને બહારના વેશથી તે સામર્થ્ય મળતું નથી. તે સામર્થ્ય આવ્યા બાદ વેશ અને વાક્ચાતુર્યની જરૂર રહેતી નથી. રસ્તા પરનો ભિખારી પોતાને રાજા કહેવડાવે તો લોકો મશ્કરી કરશે, તેને હસશે. પરન્તુ મેં તને જે અસ્ત્રકૌશલ્ય આપ્યું છે, જે અભય આશીર્વાદ આપ્યો છે તેથી તું ચોક્કસ રાજસિંહાસન પર અધિષ્ઠિત

થઈશ. મને એ પણ દેખાય છે કે લોકો તને રાજા માનશે. તને રાજા કહેશે ! આ રાજૈશ્વર્ય લૌકિક રાજૈશ્વર્ય કરતાં અનંતગણું મોટું હશે અને તે ચિરંતન સમય સુધી રહેશે. તું સર્વતંત્ર સ્વતંત્ર હશે અને 'હું જ છું હું જ છું' એ મંત્રઘોષની દુંદુભિથી આખી પૃથ્વી નિનાદી ઊઠશે. તું જ સર્વત્ર વ્યાપ્યો છે એવી અનુભૂતિ તને થશે. તારું જીવન શાંતિથી પસાર થશે. નિશ્ચિંત રહે. કલ્યાણ હો. "

સ્વામીજીની વાત માનીને કાલીકિશોર એની અનિચ્છા છતાં આશ્રમ છોડીને જગન્નાથપુરીથી કટક તરફ ચાલી નીકળ્યો. માર્ગમાં કંઠેલુ ગામ પાસેથી વહી જતી મહાનદીને કિનારે આવેલા શિવાલય પાસેની વિશાળ ગુફામાં એણે મુકામ કર્યો, ને એણે ત્રિકાળ સાધના આરંભી દીધી. જાગ્રત શક્તિ એનું અલૌકિક કાર્ય કરતી રહી. આસપાસના લોકો આ સાધકનો આદર કરવા લાગ્યા, તથા એની પાસે આવવા માંડ્યા. કાલીકિશોર એને મળવા આવતા લોકોને "નારાયણ" શબ્દોચ્ચારથી આશીર્વાદ આપતો, તેથી લોકો તેને 'શ્રીનારાયણદેવ"ના નામથી ઓળખવા લાગ્યા.

આ બાજુ નવદુર્ગાદેવીને સ્વપ્નમાં સંકેત થયો કે તેનો પુત્ર કંઠેલુ નામના ગામમાં છે. તેમણે પોતાના ગામના પોસ્ટમાસ્તરને એ ગામ વિષે પૂછપરછ કરી. નવદુર્ગાદેવીના કહેવાથી પોસ્ટમાસ્તરે કંઠેલુના પોસ્ટમાસ્તરને કાલીકિશોર વિષે વાત કરી, તથા એની તપાસ કરવા જણાવ્યું. કંઠેલુના પોસ્ટમાસ્તરે કાલીકિશોરની શોધ આરંભી દીધી. એમને જાણવા મળ્યું કે કંઠેલુના શિવાલયમાં એક મહિનાથી રહેતા શ્રીનારાયણદેવ જ કાલીકિશોર છે. એ અંગેની ખાતરી કરી લીધા પછી એમણે શ્રીનારાયણદેવની (હવે આપણે કાલીકિશોરને શ્રીનારાયણદેવના સન્માન્ય નામથી જ ઉલ્લેખીશું.) માતાને સમાચાર પહોંચાડ્યા. ને શ્રીનારાયણદેવને ય તેમની માતાનો સંદેશો પહોંચાડ્યો. એમની પાસે ભાડાના પૈસા તો હતા નહીં. એક દુકાનદારે એમને પ્રવાસખર્ચ પેટે દસ રૂપિયા આપ્યા અને આમ તેઓ સદ્‌ગુરુ તથા માતાના અનુરોધને માન આપીને સ્વગૃહે પાછા ફર્યા. ગૃહત્યાગ કર્યા પછીના આઠ–નવ માસનો વૃત્તાંત એમણે

એમનાં માતાપિતાને કહી સંભળાવ્યો પણ માતાપિતા અને પત્ની તેઓ ઘેર પાછા ફર્યા હતા એ વાતે જ ઘણાં ખુશ હતાં. અહીં આવ્યા પછી એક જમીનદારને ત્યાં એમને મહિને આઠ રૂપિયાના પગારની નોકરી મળી. એથી કંઈ એમની આર્થિક સંકડામણોનો અંત આવવાનો નો'તો. આમ છતાં એમણે ગૃહસ્થી તરીકેની તમામ જવાબદારીઓ નિભાવવાનું આરંભી દીધું. બીજી બાજુ તેઓ, લગીરે પ્રમાદ કર્યા વિના , આંતરિક વિરક્તિ સાથે સાધનાય કરતા રહ્યા.

ઈ. સ. ૧૮૯૭માં શ્રીનારાયણદેવે સત્તાવીશ વર્ષની નાની વયે પિતાનું છત્ર ગુમાવ્યું. એ સાથે જ કુટુંબની સઘળી જવાબદારી એમના એકલાના શિરે આવી પડી. આથી તેઓ માંડસાર ગામને અલવિદા કરીને માતા, પત્ની તથા ભાઈ અને નાની બહેન સાથે ફરીદપુર જિલ્લાના ગુસાઈઘાટ તાલુકાના વિનિટિયા ગામે આવ્યા, ને ત્યાં વસવાટ કર્યો. અહીં એમણે એક જમીનદારને ત્યાં નોકરી સ્વીકારી. વિનિટિયા વેપારવાણિજ્યની ધાંધલ ધમાલ વિનાનું એક શાંત નયનરમ્ય ગામ હતું. અહીંનું નૈસર્ગિક વાતાવરણ શ્રીનારાયણદેવની સાધક વૃત્તિને વધુ અનુકૂળ રહ્યું. ગંગાધરતીર્થ સ્વામીની છબી અપ્રાપ્ય હોવાથી નારાયણદેવે કાલીમાતાને અને ગંગાધરસ્વામીને એક સ્વરૂપ ગણીને કાલીમાતાની છબી લાવીને ગૃહદેવતા સાથે પૂજાસ્થાનમાં એની સ્થાપના કરી. અને ઈષ્ટ મંત્રના જાપ, ગીતાના પાઠ, ઉપનિષદો તથા યોગશાસ્ત્રના ગ્રંથોનું વાચન, સાધના, ભજન, અનુષ્ઠાન વગેરે પહેલાંના કરતાં વધારે ઉત્સાહથી કરતા રહ્યા. અહીં પણ લોકો તેમનો આદર કરવા લાગ્યા. એમના જમીનદાર ધાર્મિક વૃત્તિના હતા. તેથી તેઓ શ્રીનારાયણદેવના અંતરંગને ઝટ ઓળખી ગયા. તેઓ એમને એમના કામકાજમાં વિશેષ સગવડ સુવિધા આપતા રહ્યા. શ્રીનારાયણદેવ પણ શિસ્તબદ્ધ રીતે ને પૂરી નિષ્ઠાથી જમીનદારને ત્યાં નોકરી કરતા રહ્યા. એમની ઘર–ગૃહસ્થીનો બધો ભાર સરોજિનીદેવીએ પોતાને શિરે લઈ લીધો. એટલું જ નહીં, તેઓ જપતપ આદિ પણ પૂરા ખંતથી કરવા લાગ્યાં ને એ રીતે તે આદર્શ સહધર્મચારિણી બની રહ્યાં.

આ બધું છતાં પોતાની તપશ્ચર્યાનું ફળ હજી એમને મળ્યું નથી એનો અજંપો નારાયણદેવને સતત રહ્યા કરતો. એ અજંપો એમને વધુ ને વધુ સાધનાપરાયણ રાખતો. આખરે સોનાનો સૂરજ ઊગ્યો. નારાયણદેવનો એ આડત્રીસમો જન્મદિવસ હતો. દીક્ષા ગ્રહણ કર્યા પછી ઓગણીસ વર્ષ છ મહિના ને તેર દિવસે એ શુભ અવસર આવ્યો. યોગાનુયોગ એ શરદપૂનમનો દિવસ હતો. તે દિવસે એમણે સંધ્યા–આરતી માંડ પૂરી કરી હશે. ત્યાં તો એમના શરીરમાં જોરદાર શક્તિસંચાર થયો. થોડીવારમાં તો એ નિશ્ચેષ્ટ થઈને જમીન પર ઢળી પડયા. આમ છતાં એમણે આંતરચેતના ગુમાવી દીધી નો'તી. એમના મુખ પર દિવ્યાનુભૂતિની પ્રસન્નતા છવાઈ ગઈ. પરંતુ એમની બહેનને એમની સ્થિતિ સમજાઈ નહીં. તેઓ તો અમંગળ આશંકાઓ કરતાં ગભરાઈ ગયાં. થોડીવારે નારાયણદેવે આંખો ઉઘાડી, ત્યારે બહેન ચિંતામુક્ત થયાં. બહેને એમને એમની સ્થિતિ વિષે પૂછ્યું ત્યારે એમણે જણાવ્યું કે એમની એ સ્થિતિ શાસ્ત્રોક્ત પ્રાણાયામના પરિણામ રૂપે કદાચ હોઈ શકે. નારાયણદેવ એ પછી બધો વખત ભાવાવસ્થામાં રહ્યા ને માર્ગદર્શન માટે પ્રાર્થના સાથે રુદન કરતાં કરતાં માને સતત પોકારતા રહ્યા. એમની દશાથી ઘરનાં અન્ય સભ્યો પણ લાગણીવિવશ બની ગયેલાં.

રડતાં રડતાં નારાયણદેવ સ્થિર થઈ ગયા. એમને શક્તિમાતાનાં દર્શન જ્યોતિ સ્વરૂપે થયાં. એ સાથે દિવ્યવાણી પણ સંભળાઈઃ "કશાનો ભય રાખીશ નહીં. તારું સદૈવ કલ્યાણ થશે." નારાયણદેવને એ સમયે સદ્‌ગુરુનું સ્મરણ થયું. એમણે પોતાને થયેલા અલૌકિક અનુભવનું વર્ણન કરતો પત્ર સદ્‌ગુરુને લખ્યો. પત્રના અંતે લખ્યુંઃ "આપનાં દર્શનની તાલાવેલી લાગી છે. કૃપા કરીને આજ્ઞા આપશો." ઉત્તર રૂપે અન્ય કોઈ વ્યક્તિનો પત્ર આવ્યો. પત્રમાં સદ્‌ગુરુના નિર્વાણના દુઃખદ સમાચાર હતા. એ પત્રની નારાયણદેવના મન પર શી અસર થઈ હશે એ કહેવું મુશ્કેલ છે. એકવાર સદ્‌ગુરુદેવ સૂક્ષ્મ રૂપે એમને પ્રત્યત્ક્ષ થયા. એમણે નારાયણદેવને ઈશાન ખૂણા તરફ જોવા કહ્યું. એ બાજુ જોતાં એમને જ્યોતિર્મય દેવીનાં દર્શન થયાં. 'માં' 'માં' કરતા તેઓ

દેવીની પાસે દોડી ગયા, ને દેવીમાતાનું સ્તનપાન કરવા લાગ્યા. આથી તેમનો કાળભય સદંતર વિગલિત થઈ ગયો ને એમને પોતાના અમરત્વનું ભાન થયું.

એક દિવસ મધરાતે તેમને કાલીની મૂર્તિની પૂજા કરવાનું મન થયું. પૂજા કરતાંમાં તો મૂર્તિ તેજથી ચમકવા લાગી. આ દૃશ્ય ત્યાં ઉપસ્થિત સૌએ પણ જોયું. આ અનુભવથી નારાયણદેવને સમજાયું કે તેમનામાં શક્તિસંક્રમણના દીક્ષાપ્રદાનનું સામર્થ્ય પ્રાપ્ત થયું છે. સદ્‌ગુરુએ તેમને ઘેર પાછા ફરવાની આજ્ઞા આપતી વખતે જે ભવિષ્યકથનાત્મક શબ્દો ઉચ્ચાર્યા હતા તે તેમને અત્યારે ફરી યાદ આવ્યા અને સદ્‌ગુરુની આજ્ઞાનુસાર તેઓ પોતાના કર્તવ્ય પ્રત્યે વધુ જાગૃત તથા પ્રોત્સાહિત થયા.

ત્યારબાદ સન ૧૯૧૦માં શુભ દિવસ જોઈને નારાયણદેવે પોતાનાં ભાઈ, બહેન તથા પત્નીને વિધિપુરઃસર દીક્ષા આપી. એ સૌને શક્તિસંચારનો અલૌકિક અનુભવ થયો. પછીનાં બે વર્ષોમાં એમના ભક્તો અને શિષ્યોની સંખ્યા વધતી ગઈ. સૌના સહકારથી એમણે સ્મશાનભૂમિમાં કાલીમાતાનું એક સુંદર મંદિર બંધાવ્યું. પછી તેઓ એ મંદિરમાં જ સાદગીપૂર્વક રહેવા લાગ્યા. એક દિવસ તેમણે પોતાની જનોઈ અને ચોટલી કાલીમાતાનાં ચરણોમાં અર્પણ કરી દીધી, ને ભગવાં વસ્ત્રો ધારણ કરીને સંન્યાસ ગ્રહણ કર્યો તથા નારાયણતીર્થદેવ એવું સંન્યાસીને અનુરૂપ નામ ધારણ કરી લીધું. સન ૧૯૧૩માં એમણે કાલીમંદિરના સ્થાનને "જ્ઞાનસાધન મઠ" નામ આપ્યું. આ મઠ અન્ય મઠોની જેમ પ્રવચન, શાસ્ત્રચર્ચા માટેનું સ્થાન બની રહેવાને બદલે સર્વવ્યાપ્ત ચિત્તશક્તિના પ્રત્યક્ષ અનુભવનું કેન્દ્ર બની રહ્યો. આથી અહીં બધા જ ધર્મો, પંથો અને મતોના લોકો શાંતિ માટે વિના સંકોચે આવવા લાગ્યા.

શિષ્યોની વધતી જતી સંખ્યાને કારણે મઠની આ જગા સાંકડી પડવા લાગી. એટલે શિષ્યોએ નજીકમાં જગ્યા ખરીદી ત્યાં નવું મંદિર બાંધ્યું. શ્રીનારાયણદેવ જૂનું મંદિર પોતાની પત્ની તથા ભાઈભાંડુઓને સોંપીને નવા

મંદિરમાં શિવરાત્રીના દિવસે રહેવા આવી ગયા. અહીં તેમની સેવા તથા સાન્નિધ્યનો લાભ શ્રીશંકરપુરુષોત્તમતીર્થજી તથા તેમના શિષ્ય શ્રીલોકનાથતીર્થ સ્વામીને મળતો રહ્યો.

સન ૧૯૧૩થી ૧૯૨૦ સુધીમાં શ્રીનારાયણતીર્થદેવજીના શિષ્યોની સંખ્યામાં વધારો થયો. એટલે વળી નવી જગ્યાની જરૂર પડી. શિષ્યોએ મેઘા નદીના રમણીય તટે વસેલા મદારીપુર ગામમાં નવા મઠ માટેની જગા શોધી કાઢી. આ ગામમાં વાહનવહેવારનીય સારી સુવિધા હતી. આ મઠમાં જ્ઞાનસાધન મઠનું સ્થળાંતર થયું. માટીના બાંધકામવાળા આ મઠના પરિસરમાં એક વિશાળ વટવૃક્ષ હતું. એની અનેક વડવાઈઓએ જમીનમાં ખૂંપીને થડનું રૂપ ધારણ કરી લીધેલું. એ સર્વે થડોની આસપાસ ઓટલાઓ બાંધેલા હતા. એક સાથે અનેક માણસો એ વૃક્ષની શીતળ છાયામાં બેસી શકે એવી એ વિશાળ જગ્યા હતી. શ્રીનારાયણતીર્થદેવે એ વૃક્ષની નીચે એક શિવમંદિરનું નિર્માણ કર્યું તથા તેની આસપાસ એક સુંદર બાગ બનાવ્યો. આ સ્થળેથી શક્તિપાત સાધનાનો બહોળો પ્રચાર થવા લાગ્યો. શ્રીનારાયણતીર્થદેવ જાતિ, ધર્મ, શિક્ષણ કે ગરીબ તવંગરના ભેદને લક્ષ્યમાં લેતા નો'તા. તેઓ દીક્ષાર્થીના આચારવિચાર તથા આંતરિક સંસ્કારોને મહત્ત્વ આપતા હતા. એકવાર તેમણે એક વિનયી અને વિદ્વાન દેખાતા મધુરભાષી બ્રાહ્મણની દીક્ષા માટેની વિનંતી નકારી કાઢેલી પણ બેએક દિવસ પછી ગંદા–ગોબરા દેખાતા એક મુસલમાનની દીક્ષા માટેની વિનંતી સ્વીકારેલી. એક શિષ્યે આ બાબતે સ્વામીજીને પૂછ્યું, ત્યારે એમણે કહેલુંઃ "જે ઘરમાં લાઈટ ફિટિંગ થયું હોય, ને એના હોલ્ડરોમાં ગોળા લગાવેલા હોય, તો માત્ર વિદ્યુત પુરવઠા કેન્દ્ર સાથે જોડી આપવાની જ વાર હોય છે. આવી તૈયારી ન હોય એવાને પુરવઠા કેન્દ્ર શું કરી શકે ?" સ્વામીજી સાધકો પાસેથી માન, મર્યાદા, વાણી, વર્તન તથા શિસ્ત પાલનનો ચુસ્તપણે આગ્રહ રાખતા. આશ્રમમાં સાંજે રોજ ઉપનિષદોનું પઠન તથા અધ્યાત્મ વિષયો પર પ્રવચનો થતાં. એ પછી સમૂહ સાધનાની બેઠક થતી. સૌએ ચટાઈમાં આસનોનો ઉપયોગ કરવાનો રહેતો. ભોજન સ્વાદિષ્ટ મિષ્ટાન્નયુક્ત પીરસાતું.

સ્વામીજી પોતે તો ભોજનમાં માત્ર લાલ કોળું અને ભાત જ લેતા. તેઓ ક્યારેય કોઈની પાસેથી ભેટ સ્વીકારતા નહી.

૧૯૨૦ પછી શ્રીશંકરપુરુષોત્તમતીર્થજી સ્વામીજીને કાશી ક્ષેત્રમાં લઈ આવ્યા. અહીં તેમના સત્સંગનો લાભ શ્રીલોકનાથતીર્થજીને તથા યોગાનંદજીને સુપેરે સાંપડ્યો. સ્વામીજી એ પછી મદારીપુર મઠમાં પાછા ફર્યા, ને ત્યાં જ કાયમી વસવાટ કર્યો. તેમના માર્ગદર્શન નીચે તેમના શિષ્યો સત્સંગના પ્રચારાર્થે સમાયાંતરે બહાર જતા આવતા રહેતા. દીક્ષાપ્રદાન દ્વારા સ્વામીજીએ અનેકોને સન્માર્ગે વાળેલા તથા રોગમુક્ત કરેલા અને તેમના પ્રારબ્ધ ભોગો પોતે ભોગવી લીધેલા. છેલ્લે તેમણે આંત્રવણના એક દરદીને દીક્ષા આપી તેનો આંત્રવણ પોતાના શરીરમાં સંક્રાન્ત કરેલો. પોતાના અંતકાળને નિકટ આવતો જોઈને સ્વામીજીએ એક બંગાળી ગીત રચીને પોતાના તત્કાલીન મનોભાવોને વ્યક્ત કર્યા છે. ગીતનો ભાવાર્થ આ પ્રમાણે છે :

"વિષય સુખનું જ બીજું નામ દુઃખ છે. એ ભ્રામક સુખ માટે આ શરીરને બહુ શ્રમ આપ્યો છે. ×× જે દિવસની આજ લગી રાહ જોતો હતો એ આવી ગયો છે. ×× આ દેહ છોડી હવે હું આનંદલોકમાં જાઉં છું. ×× બીજાને માટે જે મૃત્યુ છે તે મારે માટે અમૃત છે." એમણે એમના શિષ્યોને કહ્યુંઃ" જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત જ હોય છે. તેથી મારા દેહત્યાગથી કોઈએ દુઃખી કે ભયભીત થવું નહીં. હવે હું વિદેહી અવસ્થામાં રહીને નિર્બંધ શક્તિ અને ગતિથી ભક્તોનું અધિકાધિક કલ્યાણ કરતો રહીશ. વિદેહી અવસ્થા પરમોચ્ચ અવસ્થા છે. તે આનંદમય હોય છે." પછી શાંત સ્થિર બેસીને સ્વામીજીએ ચાર વાર "सर्व खल्विदं ब्रह्म" મહામંત્રનો ઉચ્ચાર કર્યો ને છેલ્લા ઉચ્છવાસે પ્રણવોચ્ચાર કરીને દેહત્યાગ કર્યો. આ ઘટના સન ૧૯૩૫માં બની. એ પછી એક મહિનાને અંતરે સરોજિનીદેવીએ, ભગવત્ સ્મરણ કરતાં કરતાં દેહ છોડ્યો. સ્વામીજી તથા શ્રીસરોજિનીદેવીની સમાધિઓ આશ્રમના પરિસરમાં એકમેકની જોડાજોડ બનાવવામાં આવી. સ્વામીજીની પુત્રી શ્રીમતી શૈલબાળા તથા જમાઈ શ્રી.



પ.પ. શ્રીનારાયણદેવતીર્થ સ્વામી મહારાજ (૧૮૭૦-૧૯૩૫)

શક્તિપાતયોગ પથપ્રદર્શક પ.પ. શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ

વિશ્વેશ્વરે આશ્રમમાં રહીને ત્યાંની વ્યવસ્થા સંભાળી લીધેલી. સન ૧૯૬૦માં આશ્રમ પરિસરમાંનું એ વિશાળ વટવૃક્ષ વાવાઝોડામાં મૂળ સમેત ધરાશાઈ થઈ ગયું. આ આશ્રમનું સ્થળ આજે તો ભારતની સરહદની બહાર છે.

શ્રીયોગાનંદજી પૂ. સ્વામીજીના અગ્રગણ્ય શિષ્યોમાંના એક છે. તેમણે શક્તિપાત માર્ગ વિષે *'મહાયોગ વિજ્ઞાન'* નામક એક ગ્રંથ હિંદીમાં લખ્યો છે. એમણે બુલંદશહરના માંડુ ગામમાં લાંબા સમય સુધી નિવાસ કરેલો. એ પછી તેઓ ત્યાંથી ઋષિકેશમાં આવેલા તેમના આશ્રમમાં રહેવા ગયેલા.

૫. પૂ. શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ

શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામીનું મૂળ નામ રોહિણીકુમાર હતું. તેમનો જન્મ વૈશાખ સુદ છઠ ને સોમવારે સન ૧૮૯૦માં પૂર્વ બંગાળના ઢાકા જિલ્લાના વિક્રમપુર પરગણામાં આવેલા ચીતલકોટ મુકામે થયો હતો. એમનો જન્મ જે જમીનદાર કુટુંબમાં થયો હતો તે કુટુંબ કાલીની તંત્રોક્ત પૂજા પરંપરાગત રીતે કરતું હતું. એમનાં માતા દુર્ગાસુંદરી તથા પિતા પ્રસન્નકુમારને પાંચ સંતાન હતાં. બે પુત્રી અને ત્રણ પુત્રો. આ બધાં સંતાનોમાં તેઓ વચેટ હતા. પાંચ વર્ષની નાની વયે તેમણે માતાનું સુખ ગુમાવ્યું ત્યારથી તેઓ મા કાલીને જ દેહધારી સગી મા તરીકે અનુભવવા લાગ્યા. નાનપણથી જ તેઓ પોતાના પિતાની સાથે ધ્યાનમાં બેસતા. એકવાર કાલીની મૂર્તિ સામે ધ્યાનમાં બેસતાં તેમને સમાધિ લાગી ગયેલ, ને બાહ્ય જગતની અનુભૂતિ સદંતર લુપ્ત થઈ ગયેલી. આમ નાનપણથી જ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં આગળ વધવા માટેની પૂરી સજ્જતા હતી.

રોહિણીકુમારને શાળામાં ભણવા મૂક્યા પણ તેમનું ચિત્ત અભ્યાસમાં ચોંટતું નો'તું. શાળાના સમય બાદ તેઓ સાધુ સંતોની સંગતમાં બેસીને સમય વ્યતીત કરતા. દસમા ધોરણથી તો તેમણે નિશાળનો સદંતર ત્યાગ કર્યો, ને યોગાભ્યાસમાં મન પરોવી દીધું. એકવાર ધ્યાનના અભ્યાસ દ્વારા તેમને સદ્‌ગુરુ

મેળવવાની ઈચ્છા થઈ, અને તેમને દિવ્યકાંતિવાળા સદ્‌ગુરુનું સ્વપ્નમાં દર્શન થયું. સ્વપ્નમાં દેખાયેલા સદ્‌ગુરુને લાંબી દાઢી હતી. સ્વપ્નમાં દેખાયેલા એવા સદ્‌ગુરુને પ્રાપ્ત કરવા એમણે ખૂબ રખડપાટ કરી. પણ એમને સફળતા ન મળી. કોઈકે તેમને સદ્‌ગુરુની પ્રાપ્તિ માટે શ્રીરામકૃષ્ણ પરમહંસનું ધ્યાન ધરવાની સલાહ આપી. એ મુજબ એમણે શ્રીરામકૃષ્ણની છબી સમક્ષ બેસીને ધ્યાન ધરવાનું શરૂ કર્યું. એમને ધ્યાનમાં શ્રીરામકૃષ્ણનાં દર્શન થયાં. શ્રીરામકૃષ્ણે તેમને કહ્યું કે તારા ગુરુનું નામ નારાયણતીર્થ છે ને ફરીથી એ જ કાંતિમય દેહધારી ને ફરફરતી લાંબી દાઢીવાળા સત્પુરુષનાં દર્શન શ્રીરામકૃષ્ણે એમને કરાવ્યાં. એ પછી તેઓ ફરીથી ગુરુની શોધમાં નીકળી પડ્યા. આખરે ૧૯૧૦માં વિનિટિયામાં તેમને ધ્યાનમાં જે મહાપુરુષનાં દર્શન થયાં હતાં તથા શ્રીરામકૃષ્ણે જેનો નિર્દેશ કરેલો એ સદ્‌ગુરુનો મેળાપ થયો.

રોહિણીકુમારે શ્રીનારાયણતીર્થદેવ પાસેથી દીક્ષા લેવાની પોતાની ઈચ્છા દર્શાવી. એમની ઈચ્છા મુજબ શ્રીનારાયણતીર્થદેવે તેમને બ્રહ્મચારી દીક્ષા આપી, અને તેમને આત્માનંદપ્રકાશ બ્રહ્મચારી એવું નામ આપ્યું. એ પછી સ્વામીજીએ તેમને શક્તિપાતની દીક્ષા પણ આપી. રોહિણીકુમાર જ્ઞાનસાધન મઠમાં રહીને યથાશક્તિ સાધના તથા ગુરુસેવા કરતા રહ્યા.

સાધનામાં આત્માનંદને કંપ, દિવ્યનાદ શ્રવણ, શરીરની શબવત્ નિશ્ચેષ્ટતા, ભસ્ત્રિકા, કાલીભાવ જાગૃત થઈને જીભનું લબલબ થવું, રુદન, હાસ્ય, નર્તન, ગાયન જેવા બહુવિધ અનુભવો થતા રહ્યા. એમને રાતભર સમાધિ લાગેલી રહેતી ને એ સરળતાથી ઊતરતી નહીં. આવી સ્થિતિમાં તેમને અનુભવ થયો કે "હું આદિ–અંતહીન આકારની જેમ અનંત છું. હું સૂર્યની જેમ અખંડ તેજપુંજ છું ને મારામાંથી અખંડ તેજકિરણો બહાર પ્રસરી રહ્યાં છે." શ્રીનારાયણતીર્થદેવે શ્રીઆત્માનંદને ગુરુપદનો અધિકાર આપીને શક્તિપાત સાધનાના પ્રસાર માટે કાશી તરફ જવાની આજ્ઞા આપી. એમની આજ્ઞાનુસાર તેઓ કાશી આવ્યા. અહીં આવ્યા પછી તેમણે હરિદ્વાર, ઋષિકેશ, ઉત્તરકાશી

વગેરેનો પ્રવાસ કર્યો. ઉત્તરકાશીમાં પોતાનો આશ્રમ સ્થાપવાનો એમણે સંકલ્પ કર્યો. તે જ દિવસે એક વૃદ્ધ ગૃહસ્થે મઠની સ્થાપના માટે પોતાનું ઘર તથા જમીન એમને દાનમાં અર્પણ કર્યાં. ત્યાં શ્રીઆત્માનંદે શંકરમઠની સ્થાપના કરી. એ મઠની સ્થાપના ટાણે ૧૯૩૨માં મોટો સમારંભ યોજાયેલો.

શ્રીનારાયણતીર્થદેવની ઈચ્છાનુસાર શ્રીઆત્માનંદને દંડ સહિતની સંન્યાસદીક્ષા સન ૧૯૨૬માં આપવામાં આવી. આ દીક્ષા તેમને જગન્નાથપુરીના શ્રીમદ્ શંકરાચાર્ય ૧૦૦૮ પ.પૂ.શ્રીભારતીકૃષ્ણતીર્થ સ્વામીએ આપી. આ દીક્ષા પછી આત્માનંદે શ્રીશંકરપુરુષોત્તમતીર્થ એવું નામ ધારણ કર્યું. સન ૧૯૨૮માં તેમણે શક્તિપાત માર્ગ વિષે બંગાળી ભાષામાં *''યોગવાણી''* નામે અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો. સન ૧૯૩૪માં કાશી ક્ષેત્રના છોટી ગૈબીમાં *"સિદ્ધયોગાશ્રમ"* નામે બીજા મઠની સ્થાપના કરવામાં આવી. સન ૧૯૩૫માં શ્રીનારાયણતીર્થદેવે દેહત્યાગ કર્યો, એ પહેલાં શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી દ્વારા પ્રવાસ, લેખનકાર્ય, આશ્રમોની સ્થાપના તથા સંચાલન.અને સાધન સત્સંગ આદિ વડે શક્તિપાત માર્ગનું સંવર્ધન થતું જોયેલું અને એ કારણે પરમ સંતોષની લાગણી સાથે એમણે દેહ છોડેલો.

સન ૧૯૩૧માં શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી પાસે કાલીપદ આચાર્ય નામના એક જિજ્ઞાસુ આવ્યા. સ્વામીજીએ તેમને શક્તિપાત સહિત બ્રહ્મચારી દીક્ષા આપીને તેમને શ્રીવાસુદેવપ્રકાશ બ્રહ્મચારી નામ આપ્યું. બ્રહ્મચારીજીએ સ્વામીજીના સદૈવ સાન્નિધ્યમાં રહીને એમની અનન્ય ભાવે સેવા કરી. આથી પ્રસન્ન થઈને સ્વામીજીએ તેમને સંન્યાસદીક્ષા આપી અને તેમને શ્રીનારાયણતીર્થ નામ આપ્યું અને સન ૧૯૫૭ના નવેમ્બરની ચોવીસમી તારીખે તેમને પોતાના સિદ્ધયોગાશ્રમના ઉત્તરાધિકારી નીમ્યા.

સન ૧૯૫૮ના સપ્ટેમ્બરની અઠ્ઠાવીસમી તારીખે ભાદરવા વદ અગિયારસને દિવસે સાંજે ૯–૧૦ વાગ્યે શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી 'સોઽહં' સહ પ્રણવોચ્ચાર કરતાં કરતાં બ્રહ્મલીન થયા.

卐 શ્રીમહાકાલીનું ધ્યાન 卐

शवारूढां महाभीमां, घोरद्रंष्ट्रां हसन्मुखीम् ।
चतुर्भुजां,खड्गमुण्डवराभयकरां, शिवाम् ।।
मुण्डमालाधरां, देवीं ललज्जिव्हां दिगम्बराम् ।
एवं संचितयेत् कालीं स्मशानालयवासिनीम् ।।

卐 શ્રી મહાકાલી સ્તવન 卐

હૈમવતિ ભગવતિ ચંડિકે પ્રણતપાલિકે ।
જયતુ મહેશભામિનિ ત્રિતાપનાશિનિ ।।
ભુક્તિમુક્તિદાયિનિ અંબિકે ।

ચંડમુંડવિનાશિનિ રકતબીજ વિમર્દિનિ ।
અસુર સૈન્ય મર્દિનિ શુંભનિશુંભ ઘાતિકે ।।
અસિચર્મશૂલ ધારિણિ સતાંસુખવિવર્ધિનિ ।

વિશુદ્ધભક્તિદાયિનિ જગતાં જનનિ અંબાલિકે ।
બ્રહ્માદિક રક્ષયિત્રિ જય સદાભયં દદાસિ ।।
લોકનાથં શરણાગતં ત્રાહિ માં અંબિકે ત્ર્યંબકે ।

卐 શ્રીમહાકાલી સ્વરૂપ 卐

અનુપમ તબોરૂપ હેરિલામ અદ્‌ભૂત ।
નીરખી સમરમાઝે ચકિત દનુજભૂપ ।।
અસિમુંડ વરાભય કરે શોભે અદ્‌ભૂત ।
પદતલે વિરાજિત મહાદેવ શવરૂપ ।।

—સ્વામી લોકનાથતીર્થ



ઢાકાથી કોલકાતામાં સ્થળાન્તરિત (બાંગાલ દુર્ગા) ઢાકેશ્વરીની મૂર્તિ



ઢાકેશ્વરી મંદિરનું પ્રવેશદ્વાર



ઢાકેશ્વરીનું મંદિર

અધ્યાય –૨

જન્મ અને શૈશવ

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते।

– શ્રીભગવદ્‌ગીતા અ.૬/૪૧

ગંગા નદીના એક પ્રવાહને પદ્મા નામે આપણે ઉલ્લેખીએ છીએ. એ નદીની શાખા સમી બુર્હી નદીને કિનારે પૂર્વ બંગાળનું મુખ્ય શહેર ઢાકા વસેલું છે. એ નગરની અધિષ્ઠાત્રી દેવી શ્રીઢાકેશ્વરી એ શ્રીકાલીમાતાનું જ એક સ્વરૂપ છે. શ્રીઢાકેશ્વરી દેવીનું અતિ પ્રાચીન અને ભવ્ય મંદિર નગરના વાયવ્ય વિસ્તારમાં આવેલું છે. કાલીમાતાના ધ્યાન શ્લોકાનુસાર શ્રીઢાકેશ્વરી માતાની મૂર્તિ 'મહાભીમ', 'શવારૂઢ', 'ઘોરદંષ્ટ્ર', 'લલજિહ્વ', 'હસન્મુખ', 'ચતુર્ભુજ', 'અભયહસ્ત', 'ખડ્‌ગમુંડધર', 'મુંડમાલાધર' અને દિગંબર સ્વરૂપની છે. પ્રાચીન સમયમાં શ્રીબલ્લારસેન રાજાનો રાજ્યાશ્રય આ મંદિરને પ્રાપ્ત હતો. રાજાએ મંદિરના નિભાવ માટે કાયમી વ્યવસ્થાની ગોઠવણ કરેલી. પૂજાનો અધિકાર વંશપરંપરાગત પૂજારી પાસે રહેતો. આ મંદિરમાં વર્ષના ચારેય નવરાત્રી ઉત્સવો સુપેરે ઉજવાતા પણ આ બધામાં ચૈત્ર અને આસોના નવરાત્રી

ઉત્સવો મોટા પાયા પર યોજાતા. આ મંદિરની પૂજાનો અધિકાર શુકલ યજુર્વેદી, માધ્યંદિન શાખાના કાશ્યપ ગોત્રનાં ચક્રવર્તી બ્રાહ્મણ કુટુંબો વંશપરંપરાથી ભોગવતાં હતાં.

સન ૧૮૯૨ સંવત ૧૯૪૮, શકે ૧૮૧૪ની વૈશાખ સુદ બારશ ને રવિવારે અમૃતસિદ્ધિ યોગના દિવસે હસ્ત નક્ષત્રમાં જ્યારે ચંદ્ર કન્યા રાશિમાં હતો ત્યારે સવારે સ્થાનિક સમય પ્રમાણે ૦૯–૫૦ વાગ્યે શ્રીઢાકેશ્વરી મંદિરના પૂજારી શ્રીચક્રવર્તી બાબુને ત્યાં એક પુત્રરત્નનો જન્મ થયો. ચક્રવર્તીબાબુ દેવી પૂજાનાં સર્વ વિધિવિધાનોમાં અતિ કુશળ હતા તથા ઉચ્ચ આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા હતા. એમનાં પત્ની મંદિરના ઉત્સવોની ઉજવણીની વ્યવસ્થા કરવામાં તથા સેવાપૂજાની સામગ્રી તૈયાર કરવામાં એમને સહાય આપતાં રહેતાં. મંદિરની સાફસૂફી તથા સુશોભનમાં તેઓ વિશેષ ધ્યાન આપતાં. ભોજનશાળા તથા ગૌશાળાની નાનીમોટી કામગીરીમાં ય તેઓ સહાયક થતાં રહેતાં. તેઓ જપતપ, વ્રતાનુષ્ઠાન આદિ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ પૂરી નિષ્ઠાથી સદૈવ કરતાં. આવાં ધર્મનિષ્ઠ માતાપિતાનો પુત્ર ઉચ્ચ સંસ્કારો લઈને જન્મે એમાં શી નવાઈ ? આ બાળકના જન્મના ગ્રહો આદ્ય શંકરાચાર્યના ગ્રહો જેવા જ હતા. આ ગ્રહો બાળકના વિરક્ત જીવનના સંકેતો આપતા હતા. નામકરણવિધિને દિવસે બાળકનું નામ "યોગેશચંદ્ર" રાખવામાં આવ્યું.

બાળ યોગેશ ચહેરે મહોરે ફૂટડો હતો. એની બાળ સહજ ક્રીડાઓ સૌને આનંદ આપતી. મંદિરનું વિશાળ પટાંગણ એને એની રમતો માટે અનુકૂળ રહેતું. અહીં એનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થતું રહેતું. એની ગ્રહણશક્તિ અસાધારણ હતી, તેથી તે જે કાંઈ જોતો સાંભળતો, એ સહેલાઈથી ગ્રહણ કરી લેતો. આમ તેને નાનપણથી જ વિવિધ સ્તોત્રો તથા પૂજાવિધિ કંઠસ્થ થઈ ગયાં હતાં. મંદિરમાં થતી પૂજાવિધિને એ ધ્યાનથી જોતો અને આરતીમાં ઉમળકાથી ભાગ લેતો. ક્યારેક મંદિરના એકાદ એકાંત ખૂણે એ ધ્યાન ધરવા પણ બેસી જતો. સ્વભાવે તે આનંદી હતો. ગૌસેવા એને ગળથૂથીમાંથી પ્રાપ્ત થઈ હતી.

ગાયોને પાણી પાવું, ઘાસ નીરવું, ગૌશાળાની સફાઈ કરવી તથા ગાયોને દોહવા જેવાં કામો તે ઊલટથી કરતો. ગાયોને વહાલ કરવું તેને ગમતું. વાછરડાંને ખીલેથી છોડીને દોડાવવામાં એને મઝા પડતી.

યોગ્ય સમયે તેના પ્રાથમિક શિક્ષણનો આરંભ થયો. પુસ્તકિયા અભ્યાસનો તેને ભારે કંટાળો હતો, પરંતુ તે કુશાગ્રબુદ્ધિવાળો હતો એટલે એને માટે જે અભ્યાસ નિશ્ચિત કરવામાં આવેલો હોય તે એ વિના વિલંબે પૂરો કરતો. તેના અક્ષરો મરોડદાર અને સુંદર હતા. આઠ વર્ષની વયે તેને માતાજીની મૂર્તિ સમક્ષ યજ્ઞોપવીત આપવામાં આવ્યું. સંધ્યાથી તે યથાવિધિ પૂજા સુધીની બધી વિધિઓ તેણે પિતાજી પાસેથી અલ્પ સમયમાં શીખી લીધી. ઉપરાંત બ્રહ્મકર્મથી તે વૈશ્વદેવાદિ પૂજા સહિત યજ્ઞોપવીત ધારણ કરવા સુધીનાં બધાં જ ધાર્મિક કર્મો તે પિતાજી પાસેથી શીખ્યો. મંદિરનાં યજ્ઞ, અનુષ્ઠાનાદિ ધાર્મિક કર્મકાંડોની તાલીમ પણ તેને પિતા પાસેથી મળતી રહી. ગાયત્રીનાં જપાનુષ્ઠાનથી તથા સપ્તશતીના નિત્ય પઠનથી તેના હૃદયમાં સ્થિત મહાશક્તિ વધુ પ્રસન્ન બનવા લાગી. એનો કંઠસ્વર મધુર હતો. આરતી ટાણે તેનો મધુર સ્વર વાતાવરણમાં અનેરાં સ્પંદનો જગવતો. ભજનોના ગાનમાં નીતરતી એના કંઠની હલક સૌનાં હૈયાં ડોલાવી જતી.

બંગાળનાં બીજાં ધર્મસ્થાનોની જેમ શ્રીઢાકેશ્વરીના મંદિરમાં પણ પશુબલિની પ્રથા હતી. દેવીમાની મૂર્તિ સામે બલિની વેદી હતી. મંદિરમાં પશુવધ માટેનું નિશ્ચિત શસ્ત્ર હતું. બલિ આપતાં પહેલાં વેદી, શસ્ત્ર તથા બલિ માટે આણેલા પશુની વિધિપૂર્વક પૂજા થતી. પશુને નૈવેદ્ય તથા પુષ્પમાળા અર્પણ થતાં. બલિ અપાયા બાદ પશુનું મસ્તક દેવીને અર્પણ થતું. ધડ યજમાનોને અપાતું. બલિનો કાર્યવિધિ ચક્રવર્તી બાબુ સ્વયં સંભાળતા. યોગેશને નાનપણથી જ બલિદાનનું દૃશ્ય જોવાનો મહાવરો થઈ ગયો હતો. તેથી તેને તે જોવાથી કશો ત્રાસ થતો નો'તો. આથી બલિદાનનો વિધિ કરવાની કામગીરી એને શિરે આવી ત્યારે એ કામગીરી તે સહજપણે અને સ્વસ્થતાથી કરી શકે એવી માનસિક

સ્થિતિ એણે પ્રાપ્ત કરી લીધેલી. યોગેશને માટે એ જાણે પ્રારબ્ધ કર્મ હતું. એવું જ એના ભોજનની બાબતે હતું. બંગાળી બ્રાહ્મણોના રોજિંદા આહારમાં માછલીનો છૂટથી ઉપયોગ થતો. એમાં કોઈને કશી છોછ લાગતી નહીં. યોગેશ પણ ભોજનમાં માછલીનો ઉપયોગ કરતો હતો. પરંતુ દીક્ષા લીધા પછી એણે માછલીનો આહાર લેવાનું સદંતર બંધ કરી દીધું. સાત્ત્વિક આહારના વિધિનિષેધનું જ્ઞાન તો તેને પહેલેથી હતું જ, પરંતુ પરંપરાની ચુસ્ત પકડને લીધે એ ટેવમાંથી મુક્ત થવાનું દીક્ષા પહેલાં એને માટે શક્ય નો'તું.

અભ્યાસકાળ

યોગેશચંદ્રની કુશાગ્ર બુદ્ધિ, ઉત્તમ ગ્રહણશક્તિ તથા સચોટ યાદશક્તિનો ઉલ્લેખ આ અગાઉ થઈ ગયેલ છે. એકવાર એના વર્ગના ઈતિહાસના શિક્ષકે સૌ વિદ્યાર્થીઓને એક પાઠ ઘેરથી લખી લાવવા કહ્યું. શિક્ષક કડક શિસ્તના આગ્રહી હતા. વિદ્યાર્થીઓમાં એમની ઘણી ધાક હતી. કોઈ એમની આજ્ઞાનો અનાદર કરી શકતું નહીં. બીજે દિવસે શિક્ષકે વિદ્યાર્થીઓનું ગૃહકાર્ય તપાસવા માંડ્યું. યોગેશનો વારો આવ્યો ત્યારે કશાય ખચકાટ વિના એણે કહી દીધું કે પોતે ગૃહકાર્ય લખી લાવ્યો નથી. એણે કહ્યું કે એ પાઠ એણે ઘેર વાંચ્યો હતો ખરો. શિક્ષકે એને એ પાઠ મોંઢે બોલી જવા કહયું, અને યોગેશે યોગ્ય આરોહ –અવરોહ સાથે આખો પાઠ કશીય ભૂલચૂક વિના બોલી બતાવેલો. એનો મુખપાઠ પ્રભાવશાળી હતો. એની વાક્છટાથી બધા છક થઈ ગયેલા. આ પ્રસંગ પછી એના સહાધ્યાયીઓ એને માનની નજરે જોતા થઈ ગયા. એના શિક્ષક માટે એ ગૌરવનું પાત્ર બની ગયેલો.

યોગેશ ઘરની, મંદિરની તેમ જ અન્ય જવાબદારીઓ અદા કરવામાં પિતાને મદદરૂપ થવા માંડ્યો હતો. નાનો ભાઈ પણ ધીમે ધીમે ઘડાતો જતો હતો. નાની બહેનેય કેળવાતી જતી હતી. મંદિરનો નિભાવ શણ અને ડાંગરનાં ખેતરોની ઊપજ પર થતો હતો. એકવાર ચક્રવર્તી બાબુ તાવે પટકાયા. તાવ

છતાં તેઓ નિત્યકર્મ તો નિયમિતપણે કરતા તથા બે–ચાર દિવસે ખેતરનો આંટોયે મારતા. એકવાર ખેતરેથી પાછા આવ્યા પછી તેઓ આંગણામાં પટકાઈ પડ્યા ને એમને પથારીવશ થવું પડ્યું. તાવ ભેગા બીજા વ્યાધિ પણ લાગુ પડ્યા. તબીબી ઉપચારો શરૂ કરાયા. સાથે સાથે સપ્તશતીના પાઠ પણ શરૂ થયા. ઘરનાં સૌ અનન્ય ભાવે તેમની સેવાચાકરી કરવા લાગ્યાં. ચક્રવર્તી બાબુના પિતાશ્રી તથા પિતામહશ્રી બત્રીસ–તેત્રીસ વર્ષની વયે દેવલોક પામેલા. આ પરિવારમાં જન્મેલા પુરુષો અલ્પાયુષી હતા. પિતાજીની માંદગી દરમિયાન યોગેશ વધારે ગંભીર અને પ્રૌઢ બનતો ગયો. એ પોતાની ચિંતાગ્રસ્ત માતાને આશ્વાસન આપતો રહેતો. પરંતુ અંતે જે નિર્મિત હતું તે બન્યું. ચક્રવર્તી બાબુએ પણ બત્રીસ–તેત્રીસ વર્ષની વયે એમની જીવનલીલા સંકેલી લીધી. એમની વિદાયથી પરિવારનાં સૌ ઊંડા શોકમાં ડૂબી ગયાં.

યોગેશનું ચિત્ત ધીમે ધીમે શાંત થવા લાગ્યું. એનામાં રહેલ વાસનાનાં બીજ પણ ઉન્મૂલિત થવા માંડ્યાં. પિતાજીના અવસાન બાદ પણ એણે, અગવડો વેઠીનેય પોતાનો અભ્યાસ જારી રાખ્યો. પરંતુ ખેડૂતોએ એ વર્ષે એને ખેતીની કશી ઊપજ દેખાડી નહીં. મંદિરની આવક પરિવારના નિભાવ માટે પૂરતી નો'તી. યોગેશ ત્યારે હાઈસ્કૂલના પાંચમા (હાલના ૯મા) ધોરણમાં હતો. એનો અંગ્રેજીનો અભ્યાસ સુપેરે આગળ વધતો રહેલો. પણ કુટુંબના નિર્વાહ માટે એને અભ્યાસ પડતો મૂકીને એક કારખાનામાં કારકૂની સ્વીકારવી પડી.

નોકરીમાં એને આખા દિવસ દરમિયાન ભારે કામગીરી રહેતી. એક ઘડીની નવરાશ એને મળતી નહીં. એને ધીમે ધીમે સમજાયું કે આ દુઃખમય સંસારમાં સુખની અપેક્ષા રાખવી નિરર્થક છે. જ્યારે ઢાકેશ્વરીની પૂજા કરતો ત્યારે મંત્ર જપ કરતાં કરતાં એ લીન થઈ જતો ને ભક્તિભાવની છોળો એના હૈયામાં ઊછળતી રહેતી. આમ માની પૂર્ણ કૃપાની પાત્રતા તે મેળવી રહ્યો હતો.

મા ભગવતીનાં દર્શનની લગની

બાહ્ય રીતે શાંત દેખાતા યોગેશના જીવનમાં આંતરિક રીતે વિદ્રોહનાં બીજ અંકુરિત થવા લાગ્યાં હતાં. સંસારના કડવા અનુભવે અને પારિવારિક બંધનોએ એને લગ્નની બાબતે નિઃસ્પૃહી બનાવી દીધો હતો. વારસામાં મળેલી વિરક્તિની ભાવનાએ એના હૃદયમાંથી ધન, સ્ત્રી તથા કીર્તિ માટેની એષણાને નિર્મૂળ કરી નાખી હતી. એને તો માત્ર મા ભગવતીનાં દર્શનની લગની લાગી હતી. પરમતત્ત્વને પામવાની તેની ઝંખના તેને સાંસારિક બાબતોથી વિમુખ કરીને અંતર્મુખ બનાવી રહી હતી. તે વિવશ બનીને આંસુથી છલકતાં નયનોએ પોકારી ઊઠતોઃ " મા, મને મુક્તિનો માર્ગ બતાવ. માર્ગ ચીંધી શકે તેવા કોઈકનો મને મેળાપ કરાવી આપ. તારા વિના આ જગતમાં મારું કોઈ નથી. " માને પુત્રની મનોદશાનો ખ્યાલ આવી ગયો હતો. બધી દિશાઓ અંધકારમય લાગતાં તે મૂઢ જેવો બની જતો હતો. ક્યારેક મમતાના પાલવમાં પુત્રને બાંધી રાખવા મા પ્રયન્ત કરતાં ત્યારે પુત્ર સંસારની અસારતા દર્શાવીને માને કહેતોઃ "મારા સંકલ્પો, મેં કોઈને દુઃખી કરવા માટે નહીં પણ મારા આત્માના કલ્યાણ માટે કર્યા છે. "

એ અરસામાં બંગભંગની ચળવળ શરૂ થઈ. આ ચળવળથી આખો દેશ પ્રભાવિત થયો. અંગેજોના સિતમોએ માઝા મૂકવા માંડી હતી. બંગાળના ક્રાંતિકારી યુવાનોએ સંગઠિત થઈને બંગાળના ભાગલાનો વિરોધ કર્યો. શાળા—મહાશાળાઓ, અખાડાઓ તથા ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા યુવાનોએ પ્રતિકારનું રણશિંગુ ફૂંકીને અંગ્રેજોની સરકારને લલકારી. આદર્શઘેલા યોગેશે પણ નોકરી છોડીને ચળવળમાં ઝંપલાવ્યું ને ભૂગર્ભપ્રવૃતિઓનું સંચાલન તે કરવા લાગ્યો. પણ અંતે નાસભાગ અને મારફાડભર્યા આ પ્રકારના જીવનથી એ ત્રસ્ત થઈ ગયો. લૌકિક ધ્યેય ગમે તેટલું મોટું હોય પણ આધ્યાત્મિક ધ્યેય આગળ તો એ ક્ષુદ્ર જ છે, એ સત્ય એને સમજાયું ને એ બંગભંગની ચળવળથી અલગ થઈ ગયો. નોકરી તો એણે છોડી દીધી હતી. પ્રારબ્ધે સંસારના બધા

રસ્તા એને માટે બંધ કરી દીધા હતા. એ સમયે એક જ વિચાર એના મનમાં ઘોળાયા કરતો હતો. એ અનુસાર એણે નિર્ણય કરી નાખ્યો પણ એના નિર્ણયની જાણ એણે ઘરમાં કોઈને કરી નહીં. એણે ભગવતીમાને પ્રાર્થના કરીઃ" હે મા, મારી વિવેકબુદ્ધિ જાગૃત થઈ છે, પણ સદ્ગુરુ વિના એકલી વિવેકબુદ્ધિથી શું પ્રાપ્ત થઈ શકે ? મા, તું મને માર્ગદર્શન આપે એવા ગુરુ દેખાડ." એની પ્રાર્થનાના પરિપાક રૂપે માએ એને એના ભાવિ ગુરુનાં ઘર, ગામ અને માર્ગના સંકેતોનાં દર્શન કરાવ્યાં. માએ યોગેશને ગુરુનાં દર્શન પણ કરાવ્યાં. એ જ રાત્રે દેવીમાનો અંતઃકરણપૂર્વક આભાર માનીને સદ્ગુરુને મળવા ચુપચાપ ગૃહત્યાગ કરીને એ નીકળી પડ્યો. આ ઘટના ૧૯૧૨માં બની. ત્યારે યોગેશની ઉંમર વીસ વર્ષની હતી.

શ્રીસદ્ગુરુની શોધમાં

ગુરુ વિણ મારગ કો લહે, જાણી થયો નિર્વિણ,
ગુરુ શોધવા નીસર્યો, શિષ્ય અતીશે ખિન્ન.

(શ્રીગુરુલીલામૃત ૧-૧૧૯)

ગૃહત્યાગ કર્યા પછી યોગેશ, માએ નિર્દેશ્યા મુજબ સીધો ચીતલકોટમાં નિવાસ કરતા શ્રીઆત્માનંદપ્રકાશ બ્રહ્મચારીજી પાસે આવી પહોંચ્યો. આ વખતે શ્રીઆત્માનંદની ઉંમર બાવીસ વર્ષની હતી. યોગેશને જોઈને તેઓ ઘણા પ્રસન્ન થયા. યોગેશને પણ લાગ્યું કે આ સત્પુરુષ જ પોતાને સાચો માર્ગ બતાવશે. એ જ ક્ષણથી શ્રીઆત્માનંદની અવિરત સેવામાં એ લાગી ગયો. બન્ને વચ્ચે પિતા પુત્રનો સંબંધ બંધાઈ ગયો. ધીમે ધીમે યોગેશને શક્તિપાત તથા કુંડલિનીયોગનું જ્ઞાન પ્રાપ્ત થયું. એકવાર તેણે શ્રીઆત્માનંદને દીક્ષા આપવા પ્રાર્થના કરી. યોગેશ જો આજન્મ બ્રહ્મચારી રહેવા તૈયાર હોય તો જ તેને તેઓ દીક્ષા આપી શકશે એમ શ્રીઆત્માનંદે તેને કહ્યું. યોગેશે તત્ક્ષણ એ માટેની પોતાની તૈયારી બતાવી. એટલે શ્રીઆત્માનંદે તેને બ્રહ્મચર્યની વિધિપૂર્વક દીક્ષા આપી અને તેને *"બ્રહ્મચારી યોગેશચંદ્રપ્રકાશ"* એવું નામ આપ્યું. એ પછી તેઓ બન્ને વિનિટિયાના જ્ઞાનસાધન મઠમાં નિવાસ કરતા શ્રીનારાયણતીર્થદેવ પાસે આવ્યા.

શ્રીઆત્માનંદે પોતાના ગુરુને પોતાના શિષ્યનો વિગતે પરિચય આપ્યો. શ્રીનારાયણતીર્થદેવ શ્રીયોગેશચંદ્રની યોગ્યતાથી સંતુષ્ટ થયા અને તેમને અંતરથી આશીર્વાદ આપ્યા. શ્રીયોગેશચંદ્રને પણ ગુરુ તથા પરમગુરુનાં સહવાસ, સેવા અને પ્રેરણાનો ત્રિવિધ લાભ મળ્યો. મઠના શાંત અને સુરમ્ય વાતાવરણમાં શ્રીયોગેશચંદ્રની સાધનામાં ત્વરિત પ્રગતિ થતી રહી.

શ્રીગંગાધરતીર્થ સ્વામીને બ્રહ્મલીન થયે સાત–આઠ વર્ષ થયાં હશે. શ્રીનારાયણતીર્થદેવે દીક્ષા આપવાનો પ્રારંભ કર્યો એનેય એટલો જ સમય થયો હશે. શ્રીનારાયણતીર્થદેવની કીર્તિ ચોપાસ પ્રસરતી જતી હતી. જ્ઞાનસાધન મઠમાં સાધકો અને જિજ્ઞાસુઓની અવરજવર વધતી જતી હતી. મઠમાં થોડા દિવસ માટે રોકાણ કરનાર સાધકોની સંખ્યા પણ ઠીક ઠીક રહેતી. મઠમાં કાયમ નિવાસ કરનારા સાત–આઠ સાધકો પોતાનાં નિત્યકર્મ આટોપીને આસપાસના વિસ્તારોમાં જતા અને દાળ, ચોખા, શાકભાજીની ભિક્ષા માગી લાવતા. રસોઈ પણ એ સાધકો જાતે જ બનાવતા. ક્યારેક ભિક્ષા પૂરતી ન મળી હોય અથવા બિલકુલ ન મળી હોય ત્યારે આસપાસના જંગલમાં જઈને તેમને માનકંદ (માનકોચૂ)નાં કંદમૂળ લઈ આવીને એમાંથી ભોજન તૈયાર કરવું પડતું. પહેલાં મહેમાન જમતા. એ પછી જે કાંઈ ભોજન સામગ્રી બાકી બચી હોય તે આશ્રમના નિવાસી સાધકો આરોગતા. બળતણ માટેનાં લાકડાં પણ એમને જ જંગલમાંથી વીણી લાવવાં પડતાં. ચોમાસામાં ચારેકોર નદીનાળાં ઊભરાતાં હોય અને ચોમેર પાણી ભરાયાં હોય ત્યારે ભિક્ષા તેમ જ બળતણ માટેનું સૂકું લાકડું મેળવવાની ભારે તકલીફ પડતી. આથી ઉનાળાના પાછલા દિવસોમાં બળતણ માટેનું લાકડું વધારે પ્રમાણમાં એકઠું કરી રાખવું પડતું. શ્રીનારાયણતીર્થદેવે ભીક્ષા માગી લાવવાની, જંગલમાંથી કંદમૂળ લઈઆવવાની, મઠના નિવાસીઓ તેમ જ મુલાકાતીઓ માટે ભોજન તૈયાર કરવાની તથા બળતણ એકઠું કરવાની જવાબદારી મહદ્ અંશે આત્માનંદને તથા યોગેશચંદ્રને સોંપી હતી. યોગેશચંદ્ર રસોઈ સારી બનાવતા. સૌ એમની રસોઈને વખાણતા. ત્યારે બ્રાહ્મણ સિવાય બીજાને વડનું ઝાડ કાપવાની છૂટ ન હતી. એટલે, જ્યારે મઠના પરિસરમાં

આવેલું વડનું તોતિંગ વૃક્ષ પવન ને વરસાદના તોફાનમાં ધરાશાયી થઈ ગયેલું ત્યારે એ વૃક્ષના નાના નાના ટુકડાઓ કાપીને એને આશ્રમમાં યથાસ્થાને મૂકવાની કામગીરી પણ શ્રીઆત્માનંદ તથા શ્રીયોગેશચંદ્રને શિરે આવી પડેલી. આ કપરું કામ પૂરું કરવામાં બેયને ઘણા દિવસો લાગ્યા હતા. ઝાડ કાપતાં શ્રીનારાયણતીર્થદેવને અકસ્માત જ કુહાડીનો ઘા વાગી ગયેલો. કુહાડીનો આ ઊંડો ઘા બે મહિને રુઝાયેલો. આ સમયે પણ શ્રીઆત્માનંદે તથા શ્રીયોગેશચંદ્રે દિવસરાત ખડે પગે ઊભા રહીને સદ્ગુરુની સેવા કરેલી.

આશ્રમનાં સઘળાં નાનાં મોટાં કામો શ્રીયોગેશચંદ્રને તો ગુરુની સેવા સમાન લાગતાં. ચિત્તશુદ્ધિ માટે ગુરુસેવા જેવો બીજો કોઈ સરળ માર્ગ નથી એમ એ પૂરી શ્રદ્ધાથી માનતા. જ્ઞાનસાધન મઠમાં સવાર સાંજ સામૂહિક સાધના નિયમિત રીતે થતી. ભોજન પછીના આરામ બાદ ધર્મગ્રંથોનું વાચન થતું. એ પછી શ્રીનારાયણતીર્થદેવ ઉપનિષદ આદિ વિષયો પર પ્રવચન આપતા. તેઓશ્રી સાદાઈ પર ભાર મૂકતા. તેઓ કહેતા શક્તિપાત યોગ તનનો નહીં, પણ મનનો યોગ છે. શક્તિપાત એટલે સર્વ આસક્તિઓનું વિસર્જન. યોગેશચંદ્રના ભાવુક, નિર્દોષ હૃદયમાં આ બધા સંસ્કારો ઝીલાતા રહેતા. એમને ધ્યાનયોગની વિવિધ ક્રિયાઓ પ્રબળ વેગથી થતી. આ ક્રિયાઓ દરમિયાન એમને ભજનો સ્ફૂરતાં. એ ભજનો તેઓ મધુર હલકમાં ગાતા ય ખરા. થોડા જ સમયમાં શરીરની ક્રિયાઓ શાંત થવા લાગી. એ સાથે જ મન વધુ ક્રિયાશીલ બનતું ગયું. મનમાં પ્રશ્નોની પરંપરા ઊઠવા લાગી. જેવા પ્રશ્નો ઊઠતા ગયા તેવા તેના ઉત્તરો પણ મળતા રહ્યા. વચ્ચે વચ્ચે મન શંકાથી મુકત બની જતું અને વિચારવિહીનતા આવી જતી. આવી સ્થિતિ વધુ ને વધુ વખત નિર્માતી રહેતી અને એના સમયનો ગાળો પણ લંબાતો રહેતો. આવી સ્થિતિ દરમિયાન પરમાનંદની અનુભૂતિ થતી, ને એમનું સમગ્ર અસ્તિત્વ ઝૂમી ઊઠતું. એમના શ્વાસોચ્છ્વાસ થંભી જતા હોય એમ લાગતું. એવે ટાણે પ્રાણશક્તિ મસ્તકમાં સ્થિર થઈ જતી તથા દેવદેવીઓનાં દર્શન થતાં. *આ સ્થિતિમાં એમને કાલીનાં દર્શન થયાં.* દુન્યવી બાબતોથી મુક્ત થઈને તેઓ આશ્રમનાં બધાં કામ મસ્તીની અવસ્થામાં આવીને કરતા. આમ કરતાં ચિત્તનો લય થઈ જતો. ચિત્તની શાંત

અવસ્થામાં પરમ સત્યનો આવિષ્કાર થયો. "વસ્તુ સત્ય નથી, ચૈતન્ય સત્ય છે. આકાર સત્ય નથી, તત્ત્વ સત્ય છે. કલા સત્ય નથી, સૌન્દર્ય સત્ય છે." *"ચિદાનંદરૂપ: શિવોડહમ્ શિવોડહમ્–"* ની અનુભૂતિ કરાવતી શ્રીયોગશ્વરચંદ્રની આ સાધના સન ૧૯૧૨થી ૧૯૧૪ સુધી જ્ઞાનસાધન મઠમાં ચાલતી રહેલી.

શ્રીનારાયણતીર્થદેવની આજ્ઞાથી શ્રીઆત્માનંદ પોતાના નિવાસે પાછા ફર્યા. શ્રીયોગેશચંદ્ર આશ્રમમાં રોકાઈ ગયા. સદ્‌ગુરુની સૂચનાનુસાર શ્રીઆત્માનંદે વિરક્ત જીવન જીવવા માટેની અનુમતિ એમનાં માતાપિતા પાસે માગી. એમને અનુમતિ મળી ગઈ. એ પછી તેઓ મૈમનસિંગમાં આવ્યા અને તેમના મોટા ભાઈને મળ્યા. એમને પણ શ્રીઆત્માનંદે પોતાના ચિત્તની સ્થિતિ સમજાવી અને વિરક્ત જીવન જીવવાની અનુમતિ એમની પાસેથી ય મેળવી લીધી. એ પછી તેઓ વિનિટિયામાં ગુરુદેવ પાસે પાછા ફર્યા અને તેમને બધી વાત કરી. શ્રીયોગેશચંદ્રે શ્રીઆત્માનંદની અનુપસ્થિતિમાં દાદાગુરુની સેવા તથા આશ્રમનાં અન્ય સર્વે કામો ઉપાડી લીધેલાં ને એ રીતે એમની ગેરહાજરી સાલવા દીધેલી નહીં. આમ પોતાના ઉજજ્વળ ભાવિ માટે એમણે પુણ્યસંચય કરી લીધો. શ્રીઆત્માનંદે તો વિરક્ત જીવન જીવવા માટેની સંમતિ માતાપિતા પાસેથી મેળવી લીધેલી જ્યારે પોતે તો કોઈનેય કહ્યા કારવ્યા વિના જ ગૃહત્યાગ કરીને વડીલોનું દિલ દુભાવ્યું છે એમ શ્રીયોગેશચંદ્રને લાગ્યા કરતું. એ જ અરસામાં શ્રીનારાયણતીર્થદેવે શ્રીઆત્માનંદને કહ્યું કે "યોગેશચંદ્રની સાધના સુપેરે ચાલી રહી છે. તેને જો જરૂરી એકાન્ત મળે તો એ ખૂબ ઓછા સમયમાં સારી પ્રગતિ સાધી શકે એમ છે." એ પછી થોડા જ દિવસ બાદ શ્રીઆત્માનંદ યોગેશચંદ્રને લઈને વિનિટિયામાંથી વિદાય થયા અને બંગાળનાં જુદાં જુદાં સ્થળોની મુલાકાતે ઊપડી ગયા. બન્ને જણ પદયાત્રા કરતાં કરતાં ઢાકા આવી પહોંચ્યા. અહીં આવ્યા પછી શ્રીઆત્માનંદે શ્રીયોગશચંદ્રને એમને ઘેર રહેવા જવા સૂચવ્યું અને એ પોતે ઢાકામાંના શ્રીત્રિપુરલિંગ સરસ્વતી સ્વામીના સુવિખ્યાત મઠમાં રોકાયા. શ્રીયોગેશચંદ્રને ઘેર પાછા ફરેલા જોઈને પરિવારનાં સૌ ખુશ થયાં.

અધ્યાય:૩

સંન્યાસ ગ્રહણ

પૂર્વભવે જેણે કરી યોગસાધના પૂર્ણ
વિણ અભ્યાસે આ ભવે લાભે જ્ઞાન એ તૂર્ણ.
(શ્રીગુરુલીલામૃત, ૧૧૫-૭૨)

શ્રીત્રિપુરલિંગ સ્વામીનો શિષ્ય પરિવાર બહોળો હતો. એમનો મઠ પણ વિશાળ હતો. મઠને પોતાની માલિકીનાં ખેતરો, બાગ-બગીચાઓ અને મકાનો હતાં. એ રીતે મઠ સમૃદ્ધ હતો. સ્વામીજી અતિ વૃદ્ધ હતા. તેઓ યોગ્ય ઉત્તરાધિકારીની શોધમાં હતા. એમના ઉત્તરાધિકારીના પદને શોભાવે એવો શિષ્ય એમના શિષ્ય પરિવારમાં એમને જણાયો નહીં.

શ્રીઆત્માનંદને આ મઠમાં રહેવા માટે અલાયદી ઓરડી મળી ને ભોજનની સગવડ પણ મળી, એટલે એમની દિનચર્યા અને સાધના સારી રીતે ચાલતાં રહ્યાં. બહારથી આવતા સત્સંગીઓ પણ એમને મળતા. એમાંના

કેટલાકના પત્ર પણ એમને મળતા. શ્રીયોગેશચંદ્ર એમની સાધના તથા અન્ય નિત્યકર્મથી પરવારીને શ્રીઆત્માનંદ પાસે રોજ આવતા. એ મઠમાં આવતા ત્યારે સાથે ઘરની ગાયનું શેર દોઢશેર દૂધ પણ શ્રીઆત્માનંદ માટે લેતા આવતા. અહીં આવીને તેઓ શ્રીઆત્માનંદની સેવામાં લાગી જતા. તેઓ એમની ઓરડીની સફાઈ કરતા, એમનાં વસ્ત્રો ધોતા, વાસણો માંજતા તથા બપોરે ઘેર જવા નીકળે ત્યારે શ્રીઆત્માનંદની ટપાલ પણ લઈ જતા. ઘેર જમીને થોડો વખત રોકાયા પછી વળી પાછા મઠમાં આવતા અને સત્સંગ કરીને રાત્રે ઘેર પાછા ફરતા. ઉંમરમાં અસમાન આ સાધનાપરાયણ ગુરુ અને સેવાપરાયણ શિષ્યની જોડીને જોઈને મઠના અન્ય સૌ શિષ્યોને ભારે આશ્ચર્ય થતું. ત્રિપુરલિંગ સ્વામી પણ ગુરુ–શિષ્યની આ અનન્ય જોડી જોઈને અત્યંત પ્રભાવિત થયેલા. આથી તેમણે, પોતાના ઉત્તરાધિકારી બનવાનો પ્રસ્તાવ શ્રીઆત્માનંદ સમક્ષ મૂકયો. શ્રીઆત્માનંદે એ પ્રસ્તાવનો વિનયપૂર્વક અસ્વીકાર કર્યો. એમના આ વિરક્તભાવથી બધા વિશેષ પ્રભાવિત થયા.

શ્રીઆત્માનંદ આ મઠમાં આઠ–દસ માસ રહ્યા હશે. આ સમય દરમિયાન શ્રીયોગેશચંદ્રનાં માતુશ્રીએ એમની વૈરાગ્ય ભાવના, સાધના માટેની અભિરુચિ તથા ગુરુસેવાપરાયણતા જોઈ અને તેમણે પોતાના પુત્રને વિરક્ત જીવન જીવવા માટેની પોતાની સંમતિ આપી દીધી. નાનો ભાઈ કમાતો થાય એ પછી નાની બેનનાં લગ્ન લેવાય ને નાની બેનનાં લગ્ન સંપન્ન થયા પછી નાના ભાઈનાં લગ્ન ગોઠવાય એવો ક્રમ માતાપુત્રે વિચારી લીધો હતો. શ્રીઆત્માનંદને લાગ્યું કે હવે શ્રીયોગેશચંદ્રે સંન્યસ્ત ધારણ કરવાની પાત્રતા મેળવી લીધી છે. તેમણે શ્રીયોગેશચંદ્ર સમક્ષ સંન્યાસનો પ્રસ્તાવ મૂકયો. શ્રીયોગેશચંદ્રે તેને ઉમળકાભેર સ્વીકારી લીધો. શ્રીઆત્માનંદની સૂચનાનુસાર શ્રીયોગેશચંદ્રે સન ૧૯૧૪માં બાવીસ વર્ષની નાની વયે સંસારનાં સર્વ બંધનોનો ત્યાગ કરીને *શ્રીત્રિપુરલિંગસ્વામી પાસે વિધિપૂર્વક સંન્યાસ ગ્રહણ કર્યો અને શ્રીચિન્મયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું.* સ્વામીજી આ તેજસ્વી સંન્યાસીથી પ્રારંભથી જ પ્રભાવિત થયા હતા. એમણે તેમની સમક્ષ મઠનું અધિપતિપદ



હોશંગાબાદમાં નર્મદાનદીનો વિશાળ પટ અને વિશાળ ઘાટ

હોશંગાબાદ, મંગળવાર ઘાટ ઉપર આવેલ શિવમંદિર અને પિશાચ કોઠી જ્યાં પૂ. સ્વામીજીએ નિવાસ કરેલો.

હોશંગાબાદ – મંગળવાર ઘાટ થી ખર્રાંઘાટના માર્ગ

સ્વીકારવાનો પ્રસ્તાવ મૂક્યો. શ્રીચિન્મયાનંદે વિનયપૂર્વક કહ્યું: " આચાર્યજી, જે હેતુ માટે સર્વનો ત્યાગ કર્યો એ હેતુ સિદ્ધ કરવામાં મઠની જવાબદારી બંધનકર્તા નીવડશે." સ્વામી આમ ફરી નિરાશ થયા. અંતે શ્રીચિન્મયાનંદે ઘરબાર, મંદિર, વતન વગેરેને છેવટના રામરામ કર્યા અને ઢાકાને કાયમ માટે છોડીને શ્રીઆત્માનંદ સાથે નીકળી પડ્યા.

બંને ગુરુશિષ્ય બંગાળમાં વિહાર કરતાં કરતાં સિલ્ચર, વિનૌતી, કમલાસાગર વગેરે ગામોમાં થોડા થોડા દિવસો મુકામ કરીને ફરીથી જ્ઞાનસાધન મઠમાં પાછા ફર્યા. ત્યાં આવ્યા પછી તેમણે ગુરુદેવને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો અને ભાવિના માર્ગદર્શન માટે પ્રાર્થના કરી. શ્રીગુરુદેવે સાધના ક્ષેત્રે શ્રીચિન્મયાનંદે સાધેલી પ્રગતિનાં વખાણ કર્યાં અને તેમને સાધના માટે વધુ એકાંત અને મુક્તિની જરૂર છે એમ જણાવ્યું. *શક્તિપાત સાધનાનું નિયંત્રણ અને માર્ગદર્શન સાધના દ્વારા જ થાય છે અને સાધ્ય પ્રાપ્ત થતાં સુધી એ ચાલુ જ રહે છે* એવી હૈયાધારણ પણ એમણે આપી. વળી, જે કંઈ બને છે એને ઈશ્વરની ઈચ્છા સમજવી તથા બધી જવાબદારી સાધનાને ચરણે ધરીને ચાલવાની સલાહ એમણે આપી.

શ્રીગુરુદેવની સલાહ મુજબ બન્નેએ વિચારવિમર્શ કર્યો. એ પછી શ્રીઆત્માનંદે શ્રીચિન્મયાનંદને નજીકના એક ગામમાં નિવાસ કરવા સૂચવ્યું ને શક્ય હોય તો એ ગામમાં મઠ સ્થાપવાનું ય કહ્યું. શ્રીઆત્માનંદના સૂચવ્યા મુજબ શ્રીચિન્મયાનંદે એમણે નિર્દેશેલ ગામે જઈને ગામથી થોડે દૂર નદી કિનારે આવેલા એક શિવાલયમાં નિવાસ કર્યો ને ત્યાં નિયમિત રીતે સાધના કરવા માંડી. તેઓ દિવસમાં એકવાર બપોરના સમયે ગામમાં ભિક્ષા માગવા જતા. બાકીનો બધો સમય તેઓ મંદિરમાં વ્યતીત કરતા. ભિક્ષા માગવા સિવાય તેઓ ગામ સાથે કે અન્ય કોઈ સાથે કશો સંપર્ક રાખતા નહીં.

એકવાર તેઓ ધ્યાનમાં બેઠા હતા, ત્યાં મંદિરની બહાર કશો કોલાહલ

સંભળાયો. શરૂઆતમાં તેમણે એ તરફ કશું લક્ષ્ય આપ્યું નહીં, પણ બહાર એકત્રિત થયેલા ટોળાના વિચિત્ર બૂમબરાડાથી ચોંકીને તેઓ બહાર આવ્યા. એમણે જોયું કે બહાર ટોળે વળેલા માણસોના હાથમાં લાઠી–દંડા હતાં. તેઓ બૂમબરાડા પાડતા હતા. એમને બહાર આવેલા જોઈને ટોળું એમના તરફ ધસ્યું. શ્રીચિન્મયાનંદ મંદિરમાં પાછા ફર્યા અને એક લાઠી લઈને બહાર આવ્યા ને ટોળાને પડકારો ફેંકતાં ફેંકતાં લાઠી ઘુમાવવા લાગ્યા. આ એકલવીરની નીડરતા અને હિમ્મત જોઈને ટોળામાંના સૌ હેબતાઈ ગયા. અને ત્યાંથી પોબારા ભણી ગયા. એ બધા એ શા માટે સ્વામીજી પર હુમલો કર્યો હતો એનીય એમનામાંના મોટા ભાગનાને ખબર નો'તી. સ્વામીજીને પછી જાણવા મળ્યું કે એ તો ગામના બે ચાર ગુંડાઓનું જ કારસ્તાન હતું.

સંકટ તો ટળી ગયું પણ શ્રીચિન્મયાનંદનું મન એ જગા પરથી ઊઠી ગયું. તેઓ એ ગામ છોડીને જ્ઞાનસાધનમઠમાં શ્રીઆત્માનંદ પાસે પાછા આવી ગયા. તેમણે પરમગુરુ શ્રીનારાયણતીર્થદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. પરમગુરુએ તેમને આશીર્વાદ આપતાં કહ્યુંઃ "આપણી મહાન પરંપરાનો વિકાસ કરીને એનો વારસો નવી પેઢીને હવાલે કરવાની જવાબદારી તમારા જેવા શિષ્ય પર છે. પરમેશ્વર એ કાર્ય તમારા દ્વારા પૂર્ણ કરશે."

સદ્ગુરુની સેવા

ગુરુસેવા જે આદરે કરે, થાય તે પાર ।
ક્યાંથી તેને દુઃખ ? એ સદા સુખી નિર્ધાર ॥
(શ્રીગુરુલીલામૃત–૯૫.૪૭)

શ્રીઆત્માનંદ કેટલાક શિષ્યોને લઈને કાશી તરફ પ્રયાણ કરી ગયા હતા. શ્રીચિન્મયાનંદ પણ એમની પાછળ કાશી આવી પહોંચ્યા. શ્રીઆત્માનંદે કાશીમાં પાંડેહૌલી મહોલ્લામાં એક મકાન ભાડે રાખીને ત્યાં મુકામ કર્યો. શ્રીચિન્મયાનંદ પાસે શ્રીઆત્માનંદનું સરનામું ન હતું. તેથી તેમને ગુરુની શોધમાં

કાશીમાં ઘણું ભટકવું પડેલું. છતાં તેમને ગુરુનો મેળાપ ન થયો. આખરે એક દિવસ અંતઃપ્રેરણાથી તેઓ એક ઘરમાં પ્રવેશ્યા. એમણે જોયું તો અંદર શ્રીગુરુ પ્રત્યક્ષ ઊભા હતા. પરસ્પર મિલનથી ગુરુ શિષ્યને ઘણો આનંદ થયો. શ્રીચિન્મયાનંદે ગુરુના સાન્નિધ્યમાં કેટલાક દિવસો વિતાવ્યા. એ પછી શ્રીઆત્માનંદ કેટલાક શિષ્યોને કાશીમાં રહેવાની સૂચના આપીને હિમાલયના પ્રવાસે જવા નીકળી પડ્યા. આ પ્રવાસમાં શ્રીચિન્મયાનંદ તેમની સાથે હતા. આ યાત્રા દરમિયાન ગુરુનો સામાન ઉપાડવો, ગુરુની જરૂરી સગવડોની વ્યવસ્થા કરવી, એમને માટે ભોજન તૈયાર કરવું, એમનાં કપડાં ધોવાં વગેરે કામો શ્રીચિન્મયાનંદ કરતા રહ્યા. યાત્રા દરમિયાન તેમણે હરિદ્વાર, ઋષિકેશ, ઉત્તરકાશી, દેવપ્રયાગ, રુદ્રપ્રયાગ વગેરે સ્થળોની મુલાકાત લીધી. બેય ગુરુશિષ્યને ઉત્તરકાશીનું ભારે આકર્ષણ રહ્યું. અહીં ગંગામાતાના એકાંત ખોળે બેસીને તેમણે ઘણો સમય વિતાવ્યો. એ પછી તેઓ કાશીમાં પોતાના મુકામે સન ૧૯૧૯ના માર્ચ મહિનામાં પાછા ફર્યા. શ્રીચિન્મયાનંદે સન ૧૯૧૪માં ઢાકા છોડ્યું. તેઓ ચાર–પાંચ વર્ષ સુધી પરિવ્રાજક બની રહેલા. સન ૧૯૧૯માં શ્રીઆત્માનંદ શ્રીનારાયણતીર્થદેવને શ્રીકાશીક્ષેત્રમાં લઈઆવ્યા અને પાંડેહૌલીવાળા મકાનમાં તેમનો મુકામ રાખ્યો. શિષ્ય ગુરુ તથા પરમગુરુ એકમેકના સહવાસમાં આઠ–દસ મહિના રહ્યા. અહીં તીર્થરાજના કુંભમેળા ટાણે અનેક નાના–મોટા, નામી અનામી સંતો મહાત્માઓ ભેગા થયા હતા. શક્તિપાત પરંપરાના એક પ્રવર્તક, કે જેઓ *મહાયોગ વિજ્ઞાન* ગ્રંથના લેખક તથા ઋષિકેશના સ્વર્ગાશ્રમના અધિષ્ઠાતા હતા, તે શ્રીયોગાનંદ મહારાજ પણ કુંભમેળામાં આવ્યા હતા. એમનો અને શ્રીચિન્મયાનંદનો પરસ્પર પરિચય થયો. શ્રીચિન્મયાનંદની અટલ શ્રદ્ધા, કઠોર વિરક્તિ તથા ઉગ્ર તપસ્યાથી શ્રીયોગાનંદ ખૂબ પ્રભાવિત થયા. શ્રીચિન્મયાનંદને નાની વયે કુંભમેળા નિમિત્તે કાશીક્ષેત્રમાં આવવાનું થયું એથી એમને ઉચ્ચ કોટિના સંતોના સત્સંગ દ્વારા પોતાના આધ્યાત્મિક જીવનને ઘડવાનો અને સમૃદ્ધ કરવાનો અમૂલ્ય અવસર સાંપડ્યો. સન ૧૯૨૦ના આરંભે શ્રીનારાયણતીર્થદેવ વિનિટિયામાં પોતાના આશ્રમે પાછા ફર્યા ત્યારે શ્રીઆત્માનંદ પણ તેમની સાથે વિનિટિયા ગયા.

શ્રીયોગાનંદે ઋષિકેશમાં પોતાના આશ્રમે પાછા ફરતી વખતે શ્રીચિન્મયાનંદને પોતાના આશ્રમે આવવા આગ્રહ કર્યો. શ્રીચિન્મયાનંદે 'પછી આવીશ' એવી હૈયાધારણ આપી.

હિમાલયમાં એકાન્તવાસ

શ્રીચિન્મયાનંદે કઠોર સાધના કરવા હિમાલયમાં એકાન્તવાસ કરવાનો નિશ્ચય કર્યો. કાશીથી તેમણે પ્રયાગમાં અને ત્યાર પછી હરિદ્વારમાં થોડો વખત મુકામ કર્યો. એ પછી ઋષિકેશ આવ્યા. ત્યાં એમણે શ્રીયોગાનંદના આશ્રમમાં બે મહિના નિવાસ કર્યો. શ્રીચિન્મયાનંદની ઉત્કૃષ્ટ વિચારસરણી, શિસ્તબદ્ધ સાધનાક્રમ, વિશુદ્ધ આચાર જોઈને શ્રીયોગાનંદ તેમના પર પ્રસન્ન થયા તથા તેઓ તેમને માટે આદરભાવ ધરાવવા લાગ્યા. અહીં સંપૂર્ણપણે અંતર્મુખી થઈને તેઓ પૂર્ણ શાંતિનો અનુભવ કરવા ઋષિકેશથી આગળ વધીને ઉત્તરકાશીની દિશામાં ટેહરી ગઢવાલ પ્રદેશ તરફ ચાલી નીકળ્યા. હિમાલયના આ અંતરંગ પ્રદેશોના એમના પ્રવાસની યોજનાની જાણ એમણે શ્રીયોગાનંદને પણ કરી નો'તી.

હિમાલયમાં દેવપ્રયાગથી માંડીને તે ઠેઠ ગંગોત્રી સુધીનો ગંગા તથા ભાગીરથી વગેરેની શાખાઓનો પ્રદેશ ટેહરી ગઢવાલ તરીકે ઓળખાય છે. અંગ્રેજોના શાસનકાળમાં કેદાર અને બદરીનારાયણનો વિસ્તાર પણ ટેહરી ગઢવાલ વિભાગમાં હતો. પરંતુ સ્વાતંત્ર્યોત્તર કાળમાં એ વિસ્તારને ઉત્તર પ્રદેશમાં સામેલ કરવામાં આવ્યો છે. ઉત્તરકાશી વર્ષોથી ટેહરી ગઢવાલની રાજધાની હતું. શ્રીચિન્મયાનંદ ઋષિકેશ છોડીને પહેલાં દેવપ્રયાગ તરફ ગયા. હિમાલયમાં પ્રમુખ પાંચ પ્રયાગ સ્થાનો આવેલાં છે: વિષ્ણુપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાગ, રુદ્રપ્રયાગ અને દેવપ્રયાગ. આ સૌમાં દેવપ્રયાગનું મહત્ત્વ વિશેષ છે. અહીં થોડા દિવસ મુકામ કરીને શ્રીચિન્મયાનંદ ભાગીરથીને કિનારે કિનારે ઉત્તરકાશી તરફ જવા નીકળી પડ્યા. ભાગીરથીને તીરે જહ્નુ આશ્રમ, જમદગ્નિ

કર્ણપ્રયાગ, રુદ્રપ્રયાગ અને દેવપ્રયાગ. આ સૌમાં દેવપ્રયાગનું મહત્ત્વ વિશેષ છે. અહીં થોડા દિવસ મુકામ કરીને શ્રીચિન્મયાનંદ ભાગીરથીને કિનારે કિનારે ઉત્તરકાશી તરફ જવા નીકળી પડ્યા. ભાગીરથીને તીરે જહ્નુ આશ્રમ, જમદગ્નિ આશ્રમ, રેણુકા માતાનું સ્થાન તથા ગંગોત્રી જેવાં અનેક પવિત્ર સ્થાનો આવેલાં છે. ભાગીરથીના પ્રદેશની ભૂમિ એટલે ભગીરથની તપસ્યાની ભૂમિ, ગંગાના અવતરણની ભૂમિ, સગરના સાઠ હજાર પુત્રોના ઉદ્ધારની ભૂમિ, પાંડવોની અને પુરાણકાલીન યજ્ઞોની ભૂમિ તથા વેદમંત્રોના ઘોષની અને ઋષિઓને થયેલ વેદમંત્રોના શ્રવણની ભૂમિ. અહીં હિમાચ્છાદિત શિખરોની હારમાળા છે. લીલીછમ વૃક્ષરાજિ છે, ખેલતાકૂદતા શુભ્ર જલપ્રવાહો અને પ્રપાતો છે. કાશ્મીરનું પ્રાકૃતિક સૌંદર્ય શૃંગારોદ્દીપક અને નેત્રાહ્લાદક છે, તો અહીંનું શાંતિપ્રેરક અને ચિત્તાહ્લાદક છે. કાશ્મીરમાં માનવ બહિર્મુખી બને છે. અહીં તે અંતર્મુખી બની જાય છે. આથી જ ભરયુવાનીમાં વૈરાગ્યને વરેલા તપસ્વી સંન્યાસીનાં ચરણ આ દિશામાં પ્રયાણ કરવા આપ મેળે પ્રેરાયાં હતાં. સ્વામી શ્રીચિન્મયાનંદજી સંન્યાસનું તેજ વધુ તેજસ્વી બનાવવા અને સિદ્ધિદાયિની શક્તિનો ઉત્કૃષ્ટ અનુભવ પામવા આ ભૂમિમાં આવ્યા હતા. અહીં તેઓ પર્વતીય પ્રદેશમાં રહેલા ખતરાઓ તથા શારીરિક કષ્ટોની પરવા કર્યા વિના સર્વ રીતે સાધનાને સમર્પિત થઈને રહ્યા. કેવી કપરી પરિસ્થિતિમાં તેમની સાધના થતી રહી હશે એની તો કલ્પના જ કરવી રહી.

અહીં તેમની સાધનાનું માર્ગદર્શન અંતઃપ્રેરણાથી થતું રહ્યું. કર્તવ્ય અકર્તવ્યના આદેશો તેમને ભીતરથી થવા લાગ્યા. તેમનો અંતરનાદ ગમે તેટલો સૂક્ષ્મ હોય તો પણ નિત્ય અનુસંધાનથી સ્પષ્ટ સંભળાવા લાગ્યો. એકવાર એ સાધનામાં બેઠા હતા. તેમને સંભળાયું: *"દક્ષિણ દિશા તરફ પ્રયાણ કર."* સ્વામીજીએ એ અવાજ તરફ લક્ષ્ય આપ્યું નહીં. બીજે દિવસે એ શબ્દો ફરી સંભળાયા. એ આખો દિવસ સ્વામીજી એ શબ્દો વિષે વિચારતા રહ્યા. પણ એમને કશું સમજાયું નહીં. તેથી તેઓ એ બાબતે નિષ્ક્રિય રહ્યા. ત્રીજે દિવસે એ શબ્દો એમને સાધના દરમિયાન વધુ સ્પષ્ટ રીતે સંભળાયા. એ પછી તેઓએ

ટેહરીનું જંગલ છોડ્યું અને ત્યાંથી ઉત્તરકાશી, દેવપ્રયાગ, ઋષિકેશ અને હરિદ્વાર થઈને તેઓ હાથરસ આવ્યા અને ત્યાં મુકામ કર્યો. આ સ્થળ આગ્રાની ઉત્તરે મથુરા વૃંદાવનની પૂર્વે અને બુલંદશહરની દક્ષિણે આવેલું છે.

શક્તિનો આદેશ

સ્વામીજીના આગમન ટાણે એ વિ. સં. ૧૯૭૮નો ચાતુર્માસનો ગાળો હતો. એમણે હાથરસ ગામ પાસેના એક મંદિરનું એકાંત સ્થળ નિવાસ માટે પસંદ કર્યું. મંદિરની પાછળ એક નાની ગુફા બનાવીને તેઓ ત્યાં રહેવા લાગ્યા. અહીં સવાર–સાંજ તેઓ નિયમિત સાધના કરતા. બાકીનો સમય નિજાનંદની મસ્તીમાં પસાર કરતા. ચાતુર્માસ પૂરો થવા આવ્યો, એટલે એમણે સ્થળાંતર કરવાનું વિચાર્યું. તેઓ મા ભગવતીના આદેશની આતુરતાથી રાહ જોતા રહ્યા. આમ દિવસો પસાર થતા ગયા. આખરે ભાદરવાની પૂનમનો દિવસ આવી રહ્યો. તે દિવસે સ્વામીજી સવારે વહેલા ઊઠીને પ્રાતઃ વિધિ આટોપ્યા બાદ ધ્યાનમાં બેઠા. બ્રાહ્મ મુહૂર્તના શાંત એકાન્ત વાતાવરણમાં એમનું ચિત્ત સ્વમાં લીન થયું. ત્યાં મા ભગવતીએ અભ્યંતરમાં દર્શન આપ્યાં અને સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા કરીઃ *"દક્ષિણ દિશા તારી કર્મભૂમિ છે. તારા દ્વારા મારો પ્રચાર દક્ષિણમાં થવાનો છે. પૂર્વે તારા પરમગુરુ શ્રીનારાયણતીર્થને પણ મેં આશીર્વાદ આપ્યા હતા. આ માર્ગના પ્રચાર માટે તું દક્ષિણમાં જા. અહીં વધુ રોકાઈશ નહીં."* આ આદેશ સાંભળીને સ્વામીજી ભાવવિભોર થઈ ગયા. તેમણે ભગવાન શંકર અને મા ઉમાનું સ્મરણ કર્યું. તથા મનોમન તેમને નમસ્કાર કર્યાં અને પોતાનું કમંડલ લઈને ગુફાની બહાર આવ્યા.

સ્વામીજીનો બાંધો એકવડિયો હતો. ઊંચાઈ સવા પાંચ ફૂટ હતી. એમણે અંગે ભગવી છાટી હતી. એમના મુખ પર કાંતિ અને નેત્રોમાં ચમક હતી. એમના દેહ પર બાલ સૂર્યનાં કિરણો પડતાંની વારમાં એમનું વ્યક્તિત્વ ઝળહળી ઊઠ્યું. એમનાં દર્શનથી સમગ્ર પ્રકૃતિએ ધન્યતા અનુભવી. એ એમને

પ્રણામ કરી રહી. સ્વામીજીએ પ્રસન્નતા અનુભવીને આશીર્વાદ આપ્યા.

સ્નાનાદિ નિત્યકર્મથી પરવારીને તેમણે શિવજીનાં દર્શન કર્યાં. એ પછી તેઓ હાથરસના સ્ટેશને આવ્યા. સમયપત્રકમાં દક્ષિણ તરફની ગાડીઓનો સમય જોઈને તેઓ ટિકિટ લેવા ટિકિટ બારીએ આવ્યા. પરંતુ એમણે પહેરેલ ભગવાં વસ્ત્રમાં ગજવું જ ન હતું, પછી પૈસા કયાંથી હોય ! અચાનક એક ધનિક પ્રવાસીની નજર તેમના પર પડી. તેણે સ્વામીજીને પૂછયું: "મહારાજ, કયાં જવું છે આપને ?" "દક્ષિણ તરફ," સ્વામીજીએ કહ્યું.

ધનિક પ્રવાસીએ હોશંગાબાદની ટિકિટ સ્વામીજી માટે કઢાવી, અને તેમના હાથમાં આપતાં કહ્યું: " આપ હોશંગાબાદ જાઓ !" એ ધનિકે સ્વામીજીને થોડાંક ફળ પણ ખરીદીને આપ્યાં. મા ભગવતી પોતાને કેવી રીતે સહાયભૂત થઈ રહ્યાં છે એ વિચારે તેઓ અંતરથી ખુશી અનુભવી રહ્યા. તેઓ પોતે કદી દક્ષિણમાં ગયા ન હતા. ત્યાંના લોકોથી, તેમના રીતરિવાજોથી તેઓ સાવ અપરિચિત હતા. દક્ષિણના લોકોની સામાન્ય રહેણીકરણીથીય તેઓ સાવ અજાણ હતા. તેમના વહેવાર–વિચારની પણ તેમને કશી ખબર ન હતી. કોને ઘેર મુકામ કરવો એ પણ પ્રશ્ન હતો. છતાં તેઓ દક્ષિણ તરફ જવા તૈયાર થઈ ગયા ! જે રીતે એક બાળક માની આંગળી ગ્રહી એ જયાં લઈ જાય ત્યાં નચિંત થઈને જવા તૈયાર થઈ જાય, એ રીતે સ્વામીજી મા ભગવતીને ભરોસે એની પ્રેરણાનુસાર ચાલી નીકળ્યા દક્ષિણ ભારતના પ્રદેશ તરફ જરાય સંકલ્પ – વિકલ્પ અનુભવ્યા વિના. આવી હતી એ સિદ્ધ પુરુષની મા ભગવતી માટેની સમર્પણ ભાવના.

પિશાચોને સદ્‌ગતિ

પરાશક્તિની વિલક્ષણ લીલાના આનંદનો અનુભવ કરતાં કરતાં સ્વામીજી હોશંગાબાદ આવી પહોંચ્યા. ગાડીમાંથી જ તેમને નર્મદામૈયાનાં દર્શન

થયાં. નર્મદાનો તટ એટલે તપસ્વીઓ સંન્યાસીઓનું પિયેર. પોતે પણ એમના પિયેરમાં આવી પહોંચ્યા છે એ વિચારે સ્વામી પ્રસન્ન થયા. નદી કિનારે ચાલતાં તેઓ મંગળવાર ઘાટ પર આવ્યા. નર્મદાજીને પ્રણામ કરીને તેમણે નર્મદાનું પવિત્ર જળ આંખે લગાડ્યું. મસ્તક પર એનો છંટકાવ કર્યો અને જળનું આચમન કરીને તેમણે નદીના નીરમાં સ્નાન કર્યું. નર્મદાનાં શીતલ જળમાં સ્નાન કરવાથી એમનો પ્રવાસનો થાક ઊતરી ગયો ને એમનું મન અલૌકિક શાંતિનો અનુભવ કરી રહ્યું. એ પછી કિનારે આવીને એમણે સંધ્યાદિ આહ્નિક (–સંધ્યા, જાપ, પૂજાપાઠ આદિ નિત્યકર્મ) આટોપ્યું. અહીં નર્મદા તટે ચિત્રવિચિત્ર સાધુઓનો મેળો જામ્યો હતો. આ ઝમેલામાં લંગોટીધારી, કફનીધારી, જટાધારી, મુંડન કરેલા , ગેરુ લગાડેલા, તિલક અંકિત કરેલા, તુલસી માળા ધારણ કરેલા, રુદ્રાક્ષમાળાધારી, હાથમાં દંડકમંડલધારી, ઝોળીચીપિયાવાળા અને એવા બીજા કૈંક વેશધારી સાધુઓ સ્વામીજીની નજરે પડ્યા. ગામમાંથી મળતી ભિક્ષા પર તેઓ નિર્વાહ કરતા. આ પ્રમાદીઓ ધર્મધ્યાન વિસારે પાડીને ચરસ ગાંજો ભાંગનું સેવન કરીને નશામાં ચકચૂર બનીને પડ્યા રહેતા. આ બધા સાધુઓ હતા. સાધકો ન હતા. એમાંથી કેટલાક રીઢાઓ, ગુરુ બની બેઠેલા હતા. બાકીના એમાંના ચેલા બની ગયેલા. એ બધા વચ્ચે બરાબરની હુંસાતુંસી જામતી. સંસારનો ત્યાગ કરીને અહીં આવ્યા પછી એ બધા એક પૈસા માટે બીજાનાં માથાં ભાંગતાં પણ ખચકાતા નહીં.

સ્વામીજી ઉતારા માટેની સાનુકૂળ જગાની શોધમાં લાગી ગયા. એમને જોઈને પેલા સાધુઓએ એમને વિષે ટીકા ટિપ્પણીઓ કરવાનું શરૂ કરી દીધું. "આ છોકરડો કોઈ ફંદામાં ફસાયા પછી ઘર છોડીને અહીં ભાગી આવ્યો લાગે છે." "ભણવાથી કંટાળીને અહીં નાસી આવ્યો હશે." એવું બધું એ બધા સ્વામીજી વિષે અંદરોઅંદર બોલવા લાગ્યા. તેમણે સ્વામીજી પર પ્રશ્નોની ઝડી વરસાવવી શરૂ કરી દીધી. સ્વામીજીએ એમની ફાલતુ વાતો તરફ લક્ષ્ય આપ્યું નહીં. એમણે એટલું જ પૂછ્યું: "અહીં કોઈ ધર્મશાળામાં જગા છે?"

પાશવી વૃત્તિના એ બધા સાધુડાઓના મનમાં એક ક્રૂર યોજના ઘડાઈ. અગાઉ પણ અહીં નવાસવા આવેલા સાધુઓ પર પણ એમણે એમની આ પિશાચી યોજનાનો અમલ કરેલો. વાત એમ હતી કે અહીં એક મકાન સાવ ખાલી હતું. સ્થાનિક લોકોની માન્યતા મુજબ એ મકાનમાં પિશાચનો વાસ હતો. અગાઉ આ મકાનમાં જે સાધુઓએ નિવાસ કરેલો એમાંના આઠ–દસ સાધુઓ મરણને શરણ થયેલા. ત્યાં રાતવાસો કરનારને રાત્રે વિચિત્ર અવાજો ને કિકિયારીઓ સંભાળાતાં ને સવારે તેનો મૃતદેહ બહાર ફંગોળાયેલો જોવા મળતો.

પેલા સાધુઓએ સ્વામીજીને પણ નિવાસ માટે આ મકાન તરફ નિર્દેશ કર્યો. સ્વામીજીએ તો કશાય હિચકિચાટ વિના એ મકાનમાં મુકામ કર્યો. હજી સાંજનું અજવાળું વિલાયું નો'તું. સ્વામીજીએ પેલા સાધુઓએ બતાવેલા ધર્મશાળાના મકાનમાં પોતાનું કમંડલ એક ખૂણામાં મૂક્યું ને બાજુમાં પથારીનો વીંટો મૂક્યો અને પછી સૂવા પૂરતી જગા સાફ કરીને એમણે પથારી બિછાવી. આખા દિવસના થાક્યા પાક્યા સ્વામીજી તો પડતાંમાં નિદ્રાધીન થઈ ગયા.

મધરાતે સ્વામીજી જાગી ગયા. એમને લાગ્યું કે કોઈ એમના પગ દબાવી રહ્યું છે. એમણે પૂછ્યું: " કોણ છે ?" એમણે જોયું તો અસંખ્ય દીવાઓ હવામાં આમતેમ ફરતા એમને દેખાયા. આસપાસ બિહામણા ચહેરાઓ ચિત્રવિચિત્ર ચેનચાળા કરતા એમની નજરે પડ્યા. વચ્ચેવચ્ચે ભયાનક હાસ્ય અને કિકિયારીઓ પણ સંભળાતી રહી. સ્વામીજી ઝટ પરિસ્થિતિ પામી ગયા. તેઓ પથારીમાં બેઠા થયા. એમણે એક ચમત્કારિક પ્રયોગ કર્યો. એ સાથે જ એક બ્રહ્મરાક્ષસ એમની સમક્ષ આવીને પડ્યો ને સ્વામીજીના પગ દબાવવા માંડ્યો. સ્વામીજીએ તેને બરાબર ઠપકાર્યો અને પૂછ્યું: " તારી શી ઈચ્છા છે?" એ બ્રહ્મરાક્ષસ સ્વામીજીને શરણે આવ્યો એટલે બીજા પિશાચોએ પણ સ્વામીજીનું શરણું સ્વીકાર્યું. બ્રહ્મરાક્ષસે વિવેકપૂર્ણ વાણીમાં સ્વામીજીને કહ્યું: "આપ તો મોટા અધિકારી સિદ્ધ પુરુષ છો. આપ આ પ્રેતયોનિમાંથી અમારો ઉદ્ધાર કરો." સ્વામીજીએ સૌને સંબોધીને કહ્યું: " તમે સૌ તમારી જાતને નર્મદામૈયાને સમર્પિત

કરી દો. નર્મદામૈયા આ યોનિમાંથી તમને મુક્ત કરશે." એ સાંભળીને સર્વ પિશાચોએ પોતાની જાતને નર્મદાજીને સમર્પિત કરી દીધી. એ સાથે તેઓ સૌ પ્રેતયોનિમાંથી તત્કાળ મુક્તિ પામ્યા.

વહેલી સવારે સ્વામીજીના બૂરા હાલ જોવાની આશાએ સૌ સાધુડાઓ રાહ જોતા બેઠા હતા. સૌના આશ્ચર્ય વચ્ચે સ્વામીજી પ્રાતઃકર્મથી પરવારીને ઘાટનાં પગથિયાં શાંત ચિત્તે ચડતા દેખાયા. પગથિયાં ચડી રહ્યા પછી તેઓ પોતાના નિવાસમાં પ્રવેશ્યા. સ્વામીજીને હેમખેમ ભાળીને સૌ સાધુઓને ભારે આશ્ચર્ય થયું. એ જ ક્ષણથી તેઓ સ્વામીજીને ભારે આદર અને સન્માનની નજરે જોતા થઈ ગયા.

जाको राखे साईया मारि सकै न कोय ।
बाल न बाका करी सकै जो जग बैरी होय ।।

અધ્યાય ૪

દીક્ષાના શ્રીગણેશ

વેશધારી વાટમાં દુર્લભ સંત સુજાણ ।
સદ્‌ગુરુ પુણ્યે સાંપડે, કરે જ્ઞાનનું દાન ।।

(શ્રીગુરુલીલામૃત, ૧–૨૨૨)

સ્વામીજી હોશંગાબાદમાં આવ્યા ત્યારથી એમના અધ્યાત્મ જીવનનો એક તબક્કો પૂરો થઈને બીજો અતિ મહત્ત્વનો તબક્કો આરંભાયો. પહેલી નજરે સામાન્ય લાગતી એ ઘટના ઈશ્વરીય યોજનાના એક ભાગ રૂપ નીવડવાની હતી અને એક શકવર્તી ઘટના પૂરવાર થવાની હતી. હોશંગાબાદના સ્વામીજીના પ્રથમ રોકાણ દરમિયાન એમનો પ્રથમવાર મેળાપ પ.પૂ. ગુળવણી મહારાજ સાથે થયો. દત્તની ઉપાસના કરતા પરિવારમાં મહારાજશ્રીનો (– મહારાજશ્રી તથા ગુરુમહારાજ શબ્દપ્રયોગો આ ગ્રંથમાં શ્રી ગુળવણી મહારાજ માટે કરેલો છે) જન્મ થયેલો. તેમના

પહેલા ગુરુ દત્તાવતારી શ્રીવાસુદેવાનંદ સરસ્વતી ટેંબે સ્વામી મહારાજ હતા. સન ૧૯૦૭ થી સન ૧૯૧૪ સુધીના એમના બેયના સહવાસ દરમિયાન શ્રીટેંબે સ્વામીએ મહારાજશ્રીને દત્તોપાસના તથા ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રના પાઠ સ્વમુખે આપ્યા. ઉપરાંત દત્તમાલામંત્રની સાધના તથા કેટલાંક યોગાસનોનું માર્ગદર્શન આપ્યું. સન ૧૯૧૪માં શ્રીટેંબે સ્વામી સમાધિસ્થ થયા. એ પછી પણ સાત-આઠ વર્ષ સુધી મહારાજશ્રીએ ટેંબે સ્વામીના માર્ગદર્શનાનુસાર પોતાનો સાધનાક્રમ પૂરા લગાવથી જાળવી રાખેલો. સન ૧૯૧૪થી ૧૯૧૭ સુધીમાં તેમણે અંગ્રેજીનો પોતાનો અભ્યાસ પૂરો કર્યો. મુંબઈની સ્કૂલ ઓફ આર્ટસની ચિત્રકલાની "થર્ડગ્રેડ"ની પરીક્ષાય પાસ કરી અને ફોટોગ્રાફીમાં પણ સારું કૌશલ્ય પ્રાપ્ત કર્યા બાદ તેઓ બાર્શીની હાઈસ્કૂલમાં ચિત્રકલા શિક્ષક તરીકે જોડાયા. ચિત્રકલાનો એમનો એક સહાધ્યાયી વધુ અભ્યાસ માટે અમેરિકા ગયો ને ત્યાં જ સ્થાયી થયો. મહારાજશ્રીને પણ અમેરિકા જવાનો સુયોગ સાંપડેલો, પરંતુ ઈશ્વરીય યોજના એમને માટે જુદી જ ઘડાયેલી તેથી તેઓશ્રીએ એ તક જતી કરી.

મહારાજશ્રી બાર્શીમાં હતા એ દરમિયાન એમનાં મંત્ર અનુષ્ઠાનોની સાથે સાથે આસનો અને પ્રાણાયામનો અભ્યાસ પણ સુપેરે ચાલતો રહેલો. એમણે આસન શીખવવાના વર્ગો પણ શરૂ કર્યા . એ અરસામાં કાશીથી બાર્શી આવેલા શ્રીયોગાનંદ બ્રહ્મચારીજીનાં પ્રવચનો શ્રીભગવત મંદિરમાં સાત દિવસ માટે યોજાયેલાં. તેમનાથી પ્રભાવિત થયેલા તેમના શ્રોતાઓએ આસન પ્રાણાયામ બાબતે તેમનું માર્ગદર્શન માગ્યું. યોગાનંદજીએ મહારાજશ્રીના આસનના વર્ગોની મુલાકાત લીધેલી. તેઓ આસન પ્રાણાયામ બાબતે મહારાજશ્રીની સજ્જતાથી સુપેરે માહિતગાર હતા. તેથી તેમણે પોતાના વ્યાખ્યાનમાં કહ્યુંઃ "માર્ગદર્શન આપવા માટે શ્રીગુળવણીજી પૂરી યોગ્યતા ધરાવે છે. તેઓ ઉત્તમ કોટિના યોગી છે."

મહારાજશ્રીએ ષટ્ક્રિયાથી માંડીને તે મત્સ્યેન્દ્રપીઠાસન સુધીનાં તમામ

આસનો તથા ત્રાટક ખેચરી વગેરે યૌગિક ક્રિયાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી. શ્રીટેંબે સ્વામીના માર્ગદર્શન દ્વારા મહારાજશ્રીએ સારી પ્રગતિ સાધી હતી. પરંતુ ઈચ્છિત શ્રેયની પ્રાપ્તિ વિના એમને પૂર્ણ સંતોષ થયો નો'તો. આ અરસામાં બાર્શીમાં તેઓ એક દિવસ એક મારવાડી સદ્ગૃહસ્થના સંપર્કમાં આવ્યા. તેમની પાસેથી મહારાજશ્રીને પુષ્કરતીર્થ નિવાસી શ્રીબ્રહ્માનંદ સ્વામી લિખિત *"યોગ રસાયણ"* નામનું પુસ્તક પ્રાપ્ત થયું. એ વાંચ્યા પછી તેમણે બ્રહ્માનંદજી સાથે પત્રવ્યવહાર કર્યો. એમનો પત્ર વાંચીને બ્રહ્માનંદજીએ એમને પુષ્કર આવી જવા કહ્યું. કુંડલિની જાગૃતિ માટે પ્રાણાયામનો વધુ અભ્યાસ કરવા તેઓ પુષ્કર ગયા. ત્યાં આવ્યા પછી થોડા દિવસો બાદ તેઓ અતિસારના વ્યાધિથી પીડાવા લાગ્યા. આથી તેઓ પુષ્કરથી પાછા ફર્યા. તેઓ વધુ અભ્યાસ બાબતે ચિંતિત રહેતા. એકાએક એમને સિપ્રીનિવાસી ગુરુબંધુ શ્રીગોવિંદ મહારાજ પંડિતનું સ્મરણ થઈ આવ્યું. શ્રીગોવિંદ મહારાજ શ્રીટેંબે સ્વામીના શિષ્ય હતા. તેઓ ઉચ્ચ કોટિના યોગાભ્યાસી હતા. અનેક જિજ્ઞાસુઓ તેમની પાસે આવતા. પવનીના ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રી તેમના સંપર્કમાં આવ્યા હતા. એ પછી તેઓ એકવાર ગરુડેશ્વરમાં તથા એકવાર કોલ્હાપુરમાં મળ્યા હતા. શ્રીગોવિંદ મહારાજ હોશંગાબાદમાં દત્તમંદિરમાં મુકામ કરતા. એમનું માર્ગદર્શન મેળવવા મહારાજશ્રીએ એમની સાથે પત્રવહેવાર કર્યો. શ્રીગોવિંદ મહારાજે એમને લખ્યુંઃ " પ્રાણાયામ વડે હું તમારી કુંડલિની અવશ્ય જાગૃત કરી શકીશ. એ માટે તમારે હોશંગાબાદમાં આવીને મારી સાથે થોડો વખત રહેવું પડશે.

યોગી શ્રીગોવિંદ મહારાજ પંડિત

મહારાજશ્રી સૂચના મુજબ બાર્શીથી હોશંગાબાદ આવવા નીકળ્યા શકે ૧૮૮૪ના ભાદરવા માસની ગણેશ ચર્તુર્થીના દિવસે, એટલે કે, શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુની જન્મ જયંતીના શુભ પર્વે (સન ૧૯૨૨). મહારાજશ્રી પોતાનાં માતુશ્રી ઉમાબેનને લઈને હોશંગાબાદ આવી પહોંચ્યા. તેઓ સીધા

ખર્રાઘાટ પર આવ્યા અને દત્તમંદિરમાં પ્રવેશીને તેની રજ માથે ચડાવી અને ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. એ પછી સામાન યથાસ્થાને મૂકીને નર્મદાજીનાં દર્શને ગયા. સન ૧૯૧૪માં સદ્ગુરુ શ્રીટેંબે સ્વામી નર્મદા કિનારે જ બ્રહ્મલીન થયેલા. મહારાજશ્રીને તેમનું અંતિમ દર્શન સન ૧૯૧૩માં થયેલું. સદ્ગુરુનું સ્મરણ અહીં તાજું થતાં એમનું અંતઃકરણ ભરાઈ આવ્યું. તેમણે મનોમન પ્રાર્થના કરીઃ "હે ગુરુદેવ, અહીં આવવા પાછળનો મારો ઉદ્દેશ આપ જ પરિપૂર્ણ કરનાર છો. મને હવે માર્ગદર્શન આપો." આમ પ્રાર્થીને તેઓ નર્મદાના પ્રવાહ પાસે આવ્યા ને નર્મદામૈયાને પ્રણામ કરીને તેના પવિત્ર જળનું માર્જન અને આચમન કર્યું અને નર્મદા સ્તોત્રનું ગાન કરવા લાગ્યા. મંદિરમાં આવીને તેમણે શ્રીગોવિંદ મહારાજની મુલાકાત લીધી અને યૌગિક માર્ગદર્શન માટે તેમને વિનંતી કરી. શ્રીગોવિંદ મહારાજે તેમને આશ્વાસન આપીને ચિંતામુક્ત કર્યા.

પોતે હોશંગાબાદ જવાના છે એ મતલબના પત્રો મહારાજશ્રીએ પોતાના કેટલાક સ્નેહીઓને લખ્યા હતા. એમનો પત્ર મળતાં હિંગોલીથી શ્રી. શંકરકાકા આજેગાંવકર તથા શ્રીબાબા મહાજન હોશંગાબાદ આવી પહોંચ્યા. આ બન્ને શ્રીટેંબે સ્વામી મહારાજના પરમ ભક્તો હતા. તેમણે સ્વામી મહારાજની ઘણી સેવા કરી હતી. બાર્શીથી મહારાજશ્રીના આપ્તજન શ્રી. વૈદ્યમાસ્તર હોશંગાબાદ આવી પહોંચ્યા. અહીં આવતાં પહેલાં તેઓ પુષ્કરમાં નિવાસ કરતા શ્રીબ્રહ્માનંદજીને મળેલા. આ સૌનો હેતુ શ્રીગોવિંદ મહારાજના માર્ગદર્શન હેઠળ પ્રાણાયામ દ્વારા કુંડલિની જાગૃત કરવાનો હતો. આ બધા ભક્તોએ ખર્રા ઘાટ પર સાધકો માટે બાંધેલા નિવાસમાં મુકામ કર્યો. આ નિવાસ ગ્વાલિયરના શ્રી.હનુમંતરાવ ફાળકેએ બંધાવ્યો હતો. આ ભક્તોએ શ્રીગોવિંદ મહારાજ પાસે યોગાભ્યાસનો આરંભ કર્યો. રોજ સવારે વહેલા ઊઠીને તેઓ યોગાભ્યાસ કરતા. એ પછી એમનાં પોતપોતાનાં નિત્યાનુષ્ઠાનો શરૂ થતાં. બપોરે સાધના સંબંધી ચર્ચા થતી. સાંજે ફરી યોગાભ્યાસ થતો. અહીંના તેમના રોકાણ દરમિયાન તેમનો આ નિત્યક્રમ રહેતો.

મહારાજશ્રી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળતા. તેઓ નિરંતર પરમાર્થ ચિંતન કરતા રહેતા. તેમની નિત્યોપાસના કલાકો સુધી ચાલતી રહેતી. તેમનું આચરણ વિશુદ્ધ અને વ્યવહાર અધ્યાત્માનુકૂલ રહેતાં. પ્રાણાયામના અભ્યાસમાં તેઓ અગ્રેસર હતા. તેઓ ત્રણ મિનિટ સુધી કુંભક અને એના પ્રમાણમાં પૂરક અને રેચક કરી શકતા હતા. શ્રીગોવિંદ મહારાજ તેમની પ્રગતિથી સંતુષ્ટ હતા. તેમણે કુંડલિનીચાલન માટેની હઠયોગની કઠિન પ્રક્રિયાઓ મહારાજશ્રીને બતાવી. મહારાજશ્રીએ તે પ્રમાણે તિતિક્ષાપૂર્વક અભ્યાસ ચાલુ રાખ્યો. એમની જિજ્ઞાસા જેટલી પ્રબળ હતી એટલી જ પ્રખર તેમની તપસ્યા હતી. કુંડલિની જાગરણ દ્વારા અજ્ઞાનગ્રંથીનો નાશ કરીને જ્ઞાન પ્રાપ્ત કરવું તથા અપરોક્ષાનુભૂતિ રૂપે મોક્ષ પ્રાપ્ત કરવો એ જ તેમનો ઉદ્દેશ હતો. એમના આ ઉદ્દેશની સિદ્ધિ માટે વિશ્વનિયંતા એક વિશિષ્ટ યોજના ઘડી રહ્યા હતા.

અધ્યાત્મપ્રેમી ન્યાયાધીશ

આ જ અરસામાં એટલે કે ૧૯૨૧માં એક ઘટના બની. નાગપુરના રાવબહાદુર દાદાસાહેબ શ્રી.સદાશિવરાવ માધવરાવ પરાંડેની બદલી ઉપન્યાયાધીશ તરીકે હોશંગાબાદ થઈ. તેઓ અત્યંત મેધાવી હતા. તેઓ સદાચારી, શાસ્ત્રોમાં નિષ્ઠા ધરાવનારા તથા યોગાભ્યાસમાં રુચિ ધરાવનારા હતા, તેઓ ગામમાં જઈને તથા ધર્મશાળા ને નદીના ઘાટ પર જઈને સાધુ—સંતોને પોતાને ઘેર બોલાવી લાવતા. આ સાધુ—સંતોની તેઓ આદરપૂર્વક સરભરા કરતા તથા તેમને ભિક્ષા પણ આપતા તથા તેમની સાથે ધર્મશાસ્ત્રો અને અધ્યાત્મને લગતી ચર્ચા કરતા રહેતા. તેઓ પછીથી ન્યાયાધીશપદે પણ નિયુક્ત થયેલા. શ્રી. દાદાસાહેબનું ધાર્મિક અને આધ્યાત્મિક પુસ્તકોનું વાચન બહોળું હતું. તંત્રમાર્ગના કેટલાક ગ્રંથો પણે તેમણે વાંચેલા. કુલાર્ણવ તંત્રના ગ્રંથના અભ્યાસથી તેમને જાણવા મળ્યું કે યોગ્ય ગુરુ વેધદીક્ષા દ્વારા શિષ્યની કુંડલિની શક્તિને તત્કાલ જાગૃત કરી શકે છે. આ ગ્રંથમાંથી તેમણે વેધદીક્ષાની વિધિ તથા એ અંગેની અન્ય માહિતીની નોંધ કરી લીધી. એ પછી તેઓ યોગ્ય

ગુરુની શોધમાં લાગી ગયા. એમને લાગ્યું કે આવી ગૂઢ વિદ્યા ઘણુંખરું બંગાળી સાધુ–સંન્યાસીઓ પાસેથી મળી રહેવાની વિશેષ સંભાવના છે. એટલે એમણે શ્રી. ચેટરજી નામના એક બંગાળી વકીલને વાત કરી અને કહ્યું: "કોઈ બંગાળી સાધુસંન્યાસીને મળવાનું થાય તો મને જણાવજો." એ પછી શ્રી. ચેટરજી બંગાળી સાધુસંન્યાસીની તપાસમાં રહેવા લાગ્યા.

એક દિવસ એક યુવાન સંન્યાસી શ્રી. ચેટરજીને બારણે 'ૐ ભવતિ ભિક્ષાં દેહિ' કહેતાક ને ઊભા રહી ગયા. શ્રી. ચેટરજીએ સંન્યાસીને પોતાના ઘરમાં બોલાવ્યા. એમનાં શ્રીમતીએ સંન્યાસીને ભિક્ષા પીરસી. સંન્યાસી સાથેની વાતચીત દ્વારા શ્રી. ચેટરજીને જાણવા મળ્યું કે સ્વામીજી બંગાળી છે, ને નર્મદાજીના મંગળવાર ઘાટ પર તેમણે મુકામ કર્યો છે. તે દિવસે શ્રી. ચેટરજીએ અદાલતમાં રિસેસ દરમિયાન ન્યાયાધીશ શ્રી. પરાંડેની મુલાકાત લીધી અને તેમને કહ્યું: "આપે મને સોંપેલા એક કામ અંગે આપને વાત કરવા આવ્યો છું. એક યુવાન બંગાળી સંન્યાસી આજે મારે ઘેર ભિક્ષા માટે પધાર્યા હતા. તેઓ મંગળવાર ઘાટ પર ઊતર્યા છે. આપ એમને મળવા ઈચ્છતા હો તો મળી શકો." કહીને શ્રી.ચેટરજીએ દાદાસાહેબની રજા લીધી. એમના ગયા પછી દાદાસાહેબ વિચારવા લાગ્યા: "આટલી નાની વયના સંન્યાસી પાસે વેધદીક્ષાનું જ્ઞાન ન હોઈ શકે. આમ છતાં એમની પાસેથી સમર્થ ગુરુનું નામ ઠેકાણું કદાચ મળી રહે. " અને એમણે એ યુવાન સંન્યાસીને મળવાનું નક્કી કરી નાખ્યું.

અદાલતનો સમય પૂરો થયો એટલે દાદાસાહેબ ઘેર આવ્યા અને થોડો આરામ કર્યા બાદ મંગળવાર ઘાટ જવા એકલા જ નીકળી પડયા. ત્યાં એક ધર્મશાળાની ઓસરીમાં એમણે એક સંન્યાસીને જોયા. સંન્યાસીને જોઈને એમને લાગ્યું કે શ્રી. ચેટરજીએ એમને જે સંન્યાસીની વાત કરી હતી તે આ જ હશે. તેઓ સંન્યાસી પાસે ગયા અને તેમને પ્રણામ કર્યાં. સંન્યાસીએ એમનો પરિચય મેળવવા જે પ્રશ્નો પૂછ્યા એ બધાના એમણે વિનયપૂર્વક જવાબો આપ્યા. થોડી જ વારમાં બેયમાં એકબીજા માટે સદ્‌ભાવ જાગ્યો. પહેલી મુલાકાતમાં

વેધદીક્ષા વિષે વાત કરવાનું ટાળીને શ્રી. દાદાસાહેબે સંન્યાસીને બીજે દિવસે પોતાને ત્યાં ભિક્ષા ગ્રહણ કરવા આમંત્રણ પાઠવ્યું. સ્વામીજીએ એમનું આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું.

બીજે દિવસે સ્વામીજી નિયત સમયે શ્રી. દાદાસાહેબને ત્યાં જઈ પહોંચ્યા. સમયપાલન માટેની સ્વામીજીની ચીવટથી શ્રી. દાદાસાહેબને સાનંદાશ્ચર્ય થયું. એમણે સ્વામીજીનો ઉમળકાભેર સત્કાર કર્યો તથા એમને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું. દાદાસાહેબે એમની ઊલટથી કરેલ સરભરાથી સ્વામીજી સંતુષ્ટ થયા. આ મુલાકાત દરમિયાન શ્રી. દાદાસાહેબ સ્વામીજીને અધ્યાત્મ અને વેદાંત સંબંધી અભ્યાસપૂર્ણ પ્રશ્નો પૂછતા રહ્યા. આ પ્રશ્નોથી સ્વામીજીને શ્રી. દાદાસાહેબની મર્મજ્ઞતાનો સારો પરિચય થયો. સ્વામીજીના ઉત્તરોથી શ્રી. દાદાસાહેબને પણ એમનો પૂરો પરિચય મળી રહ્યો તથા અધ્યાત્મ અને વેદાંત ક્ષેત્રે સ્વામીજીના ગહન અભ્યાસનોય એમને ખ્યાલ આવી ગયો. હવે વિલંબ કરવાનો અર્થ નથી એમ વિચારી શ્રી. દાદાસાહેબે એમનો મુદ્દાનો પ્રશ્ન છેડ્યો. "સ્વામીજી, આપે ઘણા પ્રવાસો, યાત્રાઓ ખેડ્યાં છે ને ઘણા સત્પુરુષોના સંપર્કમાં આપને એ કારણે આવવાનું થયું હશે. તો કૃપા કરીને મને કહેશો કે વેધદીક્ષા આપી શકે એવી કોઈ અધિકારી વિભૂતિ આપની જાણમાં છે ?" આ અણધાર્યા પ્રશ્નથી સ્વામીજી જરા ગંભીર થઈ ગયા. થોડીવારે તેમણે દાદાસાહેબના પ્રશ્નનો હકારમાં જવાબ આપ્યો એટલે શ્રી. દાદાસાહેબે ફરી પૂછ્યું:" કોણ છે એ વિભૂતિ? એમનું ઠેકાણું મને મળી શકે ?" એ પ્રશ્નના જવાબમાં સ્વામીજીએ લગીરે ખચકાટ અનુભવ્યા વિના જણાવ્યું: "હું પોતે જ વેધદીક્ષા આપી શકું છું." દાદાસાહેબ તો એ સાંભળીને દંગ જ રહી ગયા. એમને એમના સાંભળવા ઉપર વિશ્વાસ બેઠો નહીં. પોતાને જે જાણવું હતું અને પોતે જે મેળવવા ઈચ્છતા હતા એ આટલી સહેલાઈથી ને જલદીથી મળી જાય એ માન્યામાં ન આવે એવી વાત હતી. ભિક્ષાન્તે સ્વામીજીએ સૌ પરિવારજનોનાં પ્રણામ સ્વીકારીને તથા આશીર્વચન પાઠવી વિદાય લીધી અને મંગળવાર ઘાટ તરફ ચાલી નીકળ્યા.

બીજે દિવસે અદાલતે જવાના સમયે પણ શ્રી. દાદાસાહેબના કાનમાં સ્વામીજીના શબ્દો ગુંજતા હતાઃ "હું પોતે જ વેધદીક્ષા આપી શકું છું." આ વિધાનની ચકાસણી કર્યા વિના એ સ્વીકારવા શ્રી. દાદાસાહેબનું મન તૈયાર નો'તું. પણ સ્વામીજીની કસોટી કેવી રીતે કરવી એ મોટી સમસ્યા હતી. વેધદીક્ષાથી સાધકનાં મન, બુદ્ધિ અને શરીરમાં મૂલગામી ફેરફારો થાય છે, એમ ગ્રંથોમાં લખેલું છે. સ્વામીજી આવો ચમત્કાર સર્જી શકે છે કે નહીં તે જાણવા શ્રી. દાદાસાહેબ ઉત્સુક હતા. આખરે ભારે મનોમંથનના અન્તે તેમને એક માર્ગ સૂઝયો. હોશંગાબાદમાં શ્રી. નારાયણપ્રસાદ દુબે નામના એક એમ. એ. એલ. એલ. બી. થયેલ પ્રતિષ્ઠિત વકીલ હતા. બન્ને સાત્ત્વિક વૃત્તિના હોવાને લીધે શ્રી. નારાયણપ્રસાદ અને શ્રી. દાદાસાહેબ વચ્ચે સારી દોસ્તી હતી. નારાયણપ્રસાદને ચામડીનો એક રોગ લાગુ પડેલો. એ કારણે એમને આખા શરીરે ચાઠાં પડી ગયેલાં. શ્રી. દાદાસાહેબે તેમને બોલાવીને પૂછ્યુંઃ "તમારા રોગનિવારણ માટે હું તમને કોઈ ઉપચાર સૂચવું તો તે ઉપચાર તમે કરશો?" નારાયણપ્રસાદે કહ્યુંઃ" આ અગાઉ પણ મેં આપને મારા આ રોગના ઈલાજ વિષે પૂછેલું. આપ આજે કોઈ ઉપચાર સૂચવશો તો હું તે જરૂર કરીશ."

"જે ઉપાય હું આજે આપને સૂચવવાનો છું તે દૈવી છે," એમ કહીને શ્રી. દાદાસાહેબે તેમને સ્વામીજીનો ટૂંકો પરિચય આપ્યો અને જણાવ્યું કે "તેમની દૈવીશક્તિથી આપનો રોગ જરૂર મટી જશે એમ મને લાગે છે." એ પછી દાદાસાહેબે એમને સ્વામીજીને રોગ વિષે વિનયપૂર્વક અને વિના સંકોચ વાત કરવાનું સૂચવ્યું. નારાયણપ્રસાદ આ રોગથી મુક્ત થવા આ પહેલાં કેટલાક દાક્તરો, વૈદ્યો, હકીમોને મળેલા તથા કેટલાક ભૂવા જાગરિયા, મંત્રતંત્રનો આશરો લીધેલો છતાં એમનો રોગ નાબૂદ થયો નો'તો. આમ છતાં એમનામાં શ્રી. દાદાસાહેબની જેમ સ્વામીજીના દૈવી ઉપચારમાં શ્રદ્ધા જાગી હતી. એ રાત તેમણે સ્વામીજીને મળવાની ઉત્સુકતામાં પસાર કરી.

બીજે દિવસે સવારે જ્યારે નારાયણપ્રસાદ સ્વામીજીના ઉતારે પહોંચ્યા ત્યારે સ્વામીજી ધ્યાન મુદ્રામાં બેઠેલા હતા. નારાયણપ્રસાદનો પદરવ સાંભળીને સ્વામીજીએ આંખો ઉઘાડી. તેમણે પોતાની સામે નારાયણપ્રસાદને હાથ જોડીને ઊભેલા જોયા. નારાયણપ્રસાદને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડીને એમનો પરિચય પૂછ્યો. નારાયણપ્રસાદે પોતાનો પરિચય આપતાં જણાવ્યું કે "પોતે શ્રી. દાદાસાહેબની ભલામણથી તેમની પાસે આવ્યા છે." એ પછી એમણે પોતાના રોગનો ઉલ્લેખ કર્યો તથા એનો ઈલાજ કરવા વિનંતી કરી. સ્વામીજીએ તરત નિર્ણય કરી નાખ્યો અને કહ્યું. "કાલે સવારે સ્નાન કરીને આવો."

નારાયણપ્રસાદે શ્રી. દાદાસાહેબને સ્વામીજી સાથેની પોતાની મુલાકાતનો વૃત્તાંત કહ્યો. શ્રી. દાદાસાહેબે કહ્યું:" સ્વામીજીને મળવા જાઓ ત્યારે સાથે શ્રીફળ લેતા જજો. છેક ખાલી હાથે ન જતા. આમ તો વેધદીક્ષાનો વિધિ ઘણો મોટો હોય છે. " વેધદીક્ષા વિષે નારાયણપ્રસાદે શ્રી. દાદાસાહેબ પાસેથી વધુ માહિતી મેળવી. એ માહિતી મેળવ્યા પછી એમનામાં કુતૂહલ, ભય અને આશંકાની મિશ્ર લાગણી જન્મી, પરંતુ સ્વામીજીના ઉપચારથી થનાર લાભનો વિચાર કરીને તેમણે એ લાગણી તરફ લક્ષ્ય આપ્યું નહીં. બીજે દિવસે તેઓ સ્નાનાદિથી પરવારીને તથા હાથમાં શ્રીફળ લઈને સ્વામીજીને મળવા ગયા. સ્વામીજી સામે શ્રીફળ મૂકીને તેમણે નમસ્કાર કર્યા અને તેમની સામે હાથ જોડીને ઊભા રહ્યા.

સ્વામીજીએ તેમને ખમીસ અને ટોપી ઉતારી નાખવા જણાવ્યું ને હાથપગ ધોઈને એક ખૂણામાં આંખો મીંચીને આસન પર બેસવા કહ્યું: "શરીર પર તનાવ લાવ્યા વગર ટટાર બેસજો. જે કંઈ આપમેળે થાય તે થવા દેજો. જરાય ગભરાશો નહીં. ઈશ્વરકૃપાથી તમારું દર્દ દૂર થઈ જશે. તમારી આંખો આપોઆપ ખૂલે એ પછી આસન પરથી ઊભા થઈને ખમીસ ટોપી પાછાં પહેરી લેજો," સ્વામીજીએ વધુમાં જણાવ્યું.

નારાયણપ્રસાદ આંખો મીંચીને આસન પર બેઠા. એ સાથે છાતીના ધબકારા વધવા માંડ્યા. મનમાં ચિંતા અને શંકા જાગી. પણ એમણે સ્વામીજીના કહ્યા મુજબ વિચલિત થયા વિના ધીરજ ધરી. એટલામાં શરીર આપોઆપ સુસ્ત થયું. કરોડરજ્જુ ટટ્ટાર થઈ. ધબકારા સામાન્ય થયા. કરોડરજ્જુમાં સુખદ સંવેદના અનુભવી. આંખો આપમેળે સખત રીતે બિડાઈ. શરીરનું ડોલન થવા માંડ્યું. મનમાં નવો ઉત્સાહ જાગ્યો. ચહેરા પર અલૌકિક શાંતિ અને પ્રસન્નતા છવાઈ ગઈ. આમ પોણો કલાક વીત્યો. એ પછી નારાયણપ્રસાદની આંખો આપોઆપ ખૂલી ગઈ. એમની અને સ્વામીજીની નજરો પરસ્પર મળી. સ્વામીજીએ તેમને ધ્યાન દરમિયાન થયેલા અનુભવ વિષે પૂછ્યું. નારાયણપ્રસાદે કહ્યુંઃ "જે અનુભવ થયો છે, એ શબ્દો દ્વારા વર્ણવી શકાય એવો નથી." સ્વામીજીએ કહ્યું કે "અનુભવની અવર્ણનીયતા દ્વારા જ અનુભવની ઉત્કૃષ્ટતાનો નિર્દેશ મળે છે." વળી તેમણે કહ્યુંઃ "આ રીતે મારી સામે ધ્યાનમાં બેસવા માટે સાત-આઠ દિવસ સુધી નિયમિત આવજો. એનાથી તમને ખૂબ ફાયદો થશે. હવે તમે જઈ શકો છો." જતાં પહેલાં નારાયણપ્રસાદે કૃતજ્ઞભાવે સ્વામીજીનાં ચરણો પર માથું મૂક્યું. સ્વામીજીએ જ્યારે કહ્યુંઃ " ઊઠો નારાયણપ્રસાદજી, તમારા પર પરમેશ્વરની કૃપા થઈ છે." ત્યારે નારાયણપ્રસાદથી ભાવવિભોર થઈ જવાયું અને તેમની આંખો ભીની થઈ ગઈ. એ જ દિવસે નારાયણપ્રસાદે પોતાના આ સુખદ અનુભવની વાત શ્રી. દાદાસાહેબને અદાલતમાં વિરામના સમયે હોંશભેર કહી સંભળાવી.

યોગાભ્યાસ તરફની રુચિને કારણે શ્રી. દાદાસાહેબ ખર્રા ઘાટ પરના શ્રીદત્ત મંદિરમાં નિવાસ કરતા શ્રીગોવિંદ મહારાજને મળવા અવારનવાર જતા હતા. ત્યાં મહારાજશ્રી, શંકરકાકા, આજેગાંવકર, બાબા મહાજન અને વૈદ્ય માસ્તર પણ કુંડલિની જાગૃતિ અર્થે આવીને રહ્યા હતા. શ્રી. દાદાસાહેબનો આ સૌની સાથે પરિચય થયો તથા સ્નેહનો સંબંધ રચાયો. તેઓ આ બધા સાથે ફરવા જતા અને શાસ્ત્રોની ચર્ચા કરતા. એમણે સ્વામીજી તથા નારાયણપ્રસાદની મહારાજશ્રીને વાત કરી. તેમણે કહ્યુંઃ "સમર્થ ગુરુ સંકલ્પ દ્વારા શકિતસંચાર

કરીને સાધકની કુંડલિની જગાડી શકે છે. કુલાર્ણવ તંત્રમાં મેં આ શક્તિપાત દીક્ષા અર્થાત્ વેધદીક્ષા વિષે વિગતે વાંચ્યું છે. આ માર્ગ અત્યંત સરળ છે કેમકે એમાં સાધકને પોતાને કશું કરવાનું હોતું નથી. જે કંઈ કરવાનું હોય છે તે ગુરૂ દ્વારા પ્રાપ્ત થયેલી શક્તિથી આપોઆપ થતું રહે છે. આવી દીક્ષા આપનાર એક તેજસ્વી તરુણ બંગાળી સંન્યાસી મંગળવાર ઘાટ પર ભૂતિયા ધર્મશાળામાં ઊતર્યા છે." પછી આ સંન્યાસી વિષે એમને ચેટરજી વકીલ મારફતે કેવી રીતે માહિતી મળી ત્યારથી માંડીને તે નારાયણપ્રસાદને થયેલ દીક્ષાના વિલક્ષણ અનુભવ સુધીની વાત સૌની આગળ વિગતે રજૂ કરી. વળી તેમણે ઉમેર્યુંઃ "મહારાષ્ટ્રમાં આ વિદ્યાની કોઈને જાણ નથી. આવી ઉત્તમ કોટિની વિદ્યાનો આપણે આદર કરવો જોઈએ અને એટલા જ માટે આપણે સ્વામીજીને મળવા મંગળવાર ઘાટ પર જવું જોઈએ."

શ્રી. દાદાસાહેબની વાત સાંભળીને સૌને થોડું આશ્ચર્ય થયું. સૌના મનમાં એક જ પ્રશ્ન ઘોળાતો રહ્યોઃ જે કુંડલિનીને જાગૃત કરવા હઠયોગીઓ પ્રખર ધ્યાન જપ તપ કરીને થાકી જાય, તોય એ શક્તિ જાગૃત થઈ શકતી નથી. એ શક્તિ આમ સહેજમાં જાગૃત થઈ શકે ખરી ? સૌની શંકા દૂર કરવા માટે શ્રી. દાદાસાહેબે કુલાર્ણવમાંથી આ વિષયને લગતો ભાગ વાંચી સંભળાવ્યો અને નારાયણપ્રસાદનો અનુભવ પણ સૌની આગળ ટાંકયો. આથી સૌ સ્વામીજી પાસે એમનાં દર્શન કરવાના હેતુથી જવા તૈયાર થયા અને આમ બીજે દિવસે આ પાંચ જિજ્ઞાસુઓ સ્વામીજીના દર્શનાર્થે મંગળવાર ઘાટે જવા નીકળ્યા.

ભાદરવા વદની એ સાંજે ભારે વરસાદ વરસી રહ્યો હતો. ચારેકોર વનરાજીનું સામ્રાજ્ય વિલસતું હતું. વાતાવરણમાં પ્રસન્નતા વ્યાપી હતી. વરસાદે થોડો વિરામ ફરમાવ્યો એનો લાભ લઈને પાંચે જિજ્ઞાસુઓ મંગળવાર ઘાટ પરના ભૂતિયા બંગલે આવી પહોંચ્યા. અંતઃપ્રેરણાથી જ તે દિવસે સ્વામીજી ફરવા નીકળ્યા નો'તા. પાંચે જણની મંડળીએ ધર્મશાળામાં પ્રવેશ કર્યો ત્યારે સ્વામીજી આસનસ્થ હતા. આ તેજસ્વી તરુણ સંન્યાસીને સૌ મુગ્ધભાવે નીરખી

રહ્યા. "નજીક આકર્ષતું અને વળી બે હાથ દૂર રાખતું " એવું આ સંન્યાસીનું વ્યક્તિત્વ એમને અનન્ય લાગ્યું. આ પહેલાં એ પાંચેમાંના કોઈએ પણ આવું પ્રભાવશાળી ને ગંભીર વ્યક્તિત્વ કોઈ સંન્યાસીનું જોયું નો'તું. સૌએ આદરપૂર્વક સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કર્યાં , ને સ્વામીજીના સંકેત અનુસાર તેમની આજુબાજુ બેસી ગયા. શ્રી. દાદાસાહેબે સ્વામીજીને સૌનો પરિચય કરાવ્યો. બોલવાની ઘણી ઈચ્છા છતાં કોઈના મુખમાંથી હરફ સુદ્ધાં નીકળી શકયો નહી. ભાવસભર શાંતિનું વાતાવરણ સર્વત્ર છવાયેલું રહ્યું.

એ ઓરડાના એક ખૂણામાં એક વ્યક્તિ આસન પર બેઠી હતી. એના શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલતા હતા. એની ડોક ચક્રાકારે ગોળ ગોળ ફરતી હતી. સૌનું ધ્યાન એ વ્યક્તિ તરફ ગયું. શ્રી. દાદાસાહેબે એ વ્યક્તિને ઓળખી. એ વ્યક્તિ બીજી કોઈ નહીં પણ નારાયણપ્રસાદ જ હતા. થોડીવારમાં નારાયણપ્રસાદે આંખો ઉઘાડી. તેઓ પછી આસન પરથી ઊભા થયા ને એમણે સ્વામીજીને પ્રણામ કર્યાં અને પ્રસન્ન મુખમુદ્રા સાથે એક બાજુ બેસી ગયા. સ્વામીજીએ તેમને પૂછ્યુંઃ "કેવું લાગે છે ?" નારાયણપ્રસાદે કહ્યુંઃ "ચામડીના રોગમાં ઘણો સુધારો થયો છે. મારી ત્વચા મુલાયમ અને સ્વચ્છ બનવા લાગી છે." એ પછી શ્રી. દાદાસાહેબે સ્વામીજીને શક્તિપાત વિષે થોડુંક કહેવાની વિનંતી કરી. એમની વિનંતીના અનુસંધાનમાં સ્વામીજીએ કહ્યુંઃ "શક્તિપાતથી વિવિધ આસનો, મુદ્રાઓ, ધ્વનિ, ક્રિયા, દર્શન, બંધ, પ્રાણાયામ, ભજન, ગાયન, હાસ્ય, રુદન જેવા અનેક અનુભવો થાય છે. આ અનુભવોની સંખ્યા સવા લાખ હોવાનું શાસ્ત્રમાં ઉલ્લેખ્યું છે." દાદાસાહેબે સ્વામીજીને પછી પૂછ્યુંઃ "આવા અનુભવોની મન પર શી અસર થાય છે ?"

આ પ્રશ્નનો જવાબ સ્વાનુભવને આધારે આપતાં નારાયણપ્રસાદે કહ્યુંઃ "દીક્ષા પછીના માત્ર ચાર–પાંચ દિવસમાં જ મારું શરીર હલકું થઈ ગયું છે. મનમાં આનંદ અને ઉત્સાહ વધ્યો છે. બુદ્ધિ વધારે કુશાગ્ર બની છે અને શરીરમાં સ્ફૂર્તિ તાજગી વરતાય છે તથા મગજમાં એવી સુખદ સંવેદના અનુભવાય છે

જેનું વર્ણન હું કરી શકતો નથી." આ સાંભળીને મહારાજશ્રીએ શંકા વ્યક્ત કરી કે આવા અનુભવો માત્રથી જ કુંડલિની જાગૃત થઈ છે એમ શી રીતે માની લેવાય? સ્વામીજીએ એમની શંકાનું નિવારણ કરતાં કહ્યું કે " કુંડલિની ચૈતન્યમયી, શક્તિશાલિની અને આનંદવર્ધિની છે. એથી મૂલાધારમાં પ્રથમ સંચલન શરૂ થાય છે. એ પછી આસન પાકું થાય છે. ત્યારબાદ ઉત્સાહ, સ્ફૂર્તિ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે. " સ્વામીજીની વાત સાંભળ્યા પછી સૌની શંકાનું નિરાકરણ થઈ ગયું. સ્વામીજીને પ્રણામ કરીને સૌએ એમની વિદાય લીધી. ત્યાંથી ઘેર જતાં રસ્તામાં શ્રી. દાદાસાહેબે મહારાજશ્રીને કહ્યું : " આ કુંડલિની જાગૃત કરવાની વિદ્યા આપણને પ્રાપ્ત થાય તથા એ વિદ્યાનો મહારાષ્ટ્રમાં બહોળો પ્રસાર પ્રચાર થાય તો કેવું સારું !"

સ્વામીજી હોશંગાબાદમાં આવ્યા એ પછી ૧૦-૧૫ દિવસમાં જ નારાયણપ્રસાદ, ગોવિંદપ્રસાદ તથા કિશોરીલાલ અને લક્ષ્મીનારાયણને એમણે દીક્ષા આપી. આ ત્રણે મહાનુભાવો પોતે પોતાના અનુભવો મહારાજશ્રીને તથા શ્રી. દાદાસાહેબને કહી સંભળાવતા. એમની વાતો સાંભળીને મહારાજશ્રી તથા શ્રી. દાદાસાહેબ આ માર્ગનું મૂલ્ય અને મહત્ત્વ સમજતા થયા. આ માર્ગની વિશેષતાઓ તેમના લક્ષ્યમાં આવવા માંડી. સ્વામીજીની નિઃસ્પૃહતાનો પણ તેમણે અનુભવ કર્યો. દક્ષિણા તરીકે આપેલાં નાણાંને પણ સ્વામીજી સ્પર્શતા નહીં. એ નાણાં આપનારને તેઓ તે પરત કરી દેતા. એમની પાસે મૂકેલાં ફળ અને શ્રીફળ સુદ્ધાં તેઓ પ્રસાદ રૂપે ત્યાં ઉપસ્થિત રહેલાઓને વહેંચી દેતા. તેઓ મિતભાષી હતા અને દિવસભર આસન પર સ્થિર બેસીને સાધનામાં રત રહેતા. બધા સાધકોના મનમાં સ્વામીજી માટે આદર સન્માનની ભાવના પ્રગટી હતી.

આર્યસમાજી પૂર્ણાનંદજી

હોશંગાબાદમાં પૂર્ણાનંદ નામે એક આર્યસમાજી પત્ની બાળકો સાથે

રહેતા હતા. આર્યસમાજની વિચારધારાથી આકર્ષાઈને તેઓ આર્યસમાજી બન્યા હતા. એમને યોગાભ્યાસ માટે પણ રુચિ હતી. આર્યસમાજી સાતવળેકરજીની પાસે તેમણે યોગાભ્યાસ માટે માર્ગદર્શન માગ્યું. પંડિતજીએ તેમને પત્ર મારફતે જણાવ્યું:" હોશંગાબાદમાં જ શ્રીગોવિંદ મહારાજ પંડિત નામના પ્રખર યોગાભ્યાસી રહે છે. એમની પાસેથી પ્રત્યક્ષ માર્ગદર્શન તમને મળી રહેશે." પંડિત સાતવળેકરજીની સૂચનાનુસાર પૂર્ણાનંદે ગોવિંદ મહારાજ પાસે જવાનું શરૂ કર્યું. અહીંથી તેમને સ્વામીજી વિષે માહિતી મળી. એટલે તેઓ સ્વામીજી પાસે આવ્યા, અને પોતાના પર "કૃપા" કરવા વિનંતી કરી. કશીય આનાકાની કર્યા વિના સ્વામીજીએ તેમને બીજે દિવસે સવારે આવવા કહ્યું. એ મુજબ પૂર્ણાનંદ બીજે દિવસે સ્વામીજીને મળ્યા. એ જ દિવસે સ્વામીજીએ એમને દીક્ષા આપી. દીક્ષા આપતાંની સાથે જ સ્વામીજીને પેટમાં શૂળ ઊપડ્યું, ને તેમને હાજતે જવું પડ્યું. આ બાજુ પૂર્ણાનંદને ઊલટી થવા માંડી. ત્યાં સ્વામીજી હાજતેથી પાછા આવી ગયા. એમણે પૂર્ણાનંદની દશા જોઈ. એમણે પૂર્ણાનંદને સાફસૂફી કરીને ફરીથી બેઠક લેવા કહ્યું. ત્યાં તો સ્વામીજીને ફરી ચૂંક ઊપડી અને ફરી હાજતે જવું પડ્યું. આ રીતે એમને ત્રણ–ચાર વાર હાજતે જવું પડયું. સ્વામીજીને થોડો ખ્યાલ આવ્યો. હાથપગ ધોઈને તેઓ પૂર્ણાનંદ પાસે આવ્યા અને પૂછ્યું: "પહેલાં કયારેય તમારા પર વિષપ્રયોગ થયેલો ખરો ?" પ્રશ્ન સાંભળીને પૂર્ણાનંદ તો અવાક જ થઈ ગયા. સ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું: "હા, મારા પર અગાઉ ત્રણ વાર વિષપ્રયોગ થયો છે." એ બાબતે સ્વામીજીને વિગતે માહિતી આપીને એમણે એમની ક્ષમા માગી. એ પછી સ્વામીજીએ કહ્યું: *"આ દીક્ષા સાધકના દોષોને તથા તેનાં પાપોનો નાશ કરીને દિવ્યત્વ અર્પે છે.* કયારેક આવા જોખમી પ્રસંગો ઊભા થાય છે અને સાધકને તથા તેના ગુરુને ત્રાસ આપે છે. પરંતુ અંતે જગદંબા કુંડલિની આપણું પરમ કલ્યાણ કરે છે". એ પછી સ્વામીજીની રજા લઈને પૂર્ણાનંદ વિદાય થયા.

મહારાજશ્રી, શંકરકાકા, આજેગાંવકર, બાબા મહાજન, વૈદ્ય માસ્તર અને દાદાસાહેબ રોજ સ્વામીજી પાસે આવવા લાગ્યા. સૌને સ્વામીજી માટે આદર ભાવ તો હતો જ. ઉપરાંત તેમના વિનોદી સ્વભાવને કારણે સૌને તેમનું

સાન્નિધ્ય કલાકો સુધી માણવાનું ગમતું. સ્વામીજી પણ આ બધાની સાથે નર્મદાના નિસર્ગસભર કાંઠે ફરવા જતા.

પૂર્ણાનંદની દીક્ષા ટાણે બનેલી ઘટના વિષે મહારાજશ્રીને એ જ દિવસે બપોરે જાણવા મળેલું. એ સાંજે સ્વામીજીએ એ પ્રસંગ સૌની સામે વિગતે કહી સંભાળાવ્યો તથા ઉમેર્યું:" *અન્ય સાધના માર્ગો કરતાં આ માર્ગ વધારે ગતિશીલ, પ્રશસ્ય, નિરુપદ્રવી તથા ઉત્કૃષ્ટ છે, અને તેથી મહાન છે. કલ્પનાતીત બ્રહ્મતત્ત્વને પામવાનો આ માર્ગ એવો જ કલ્પનાતીત છે.* એ પછી પૂર્ણાનંદે કહ્યું: "આ માર્ગ શ્રેષ્ઠ તો છે જ પરંતુ આ માર્ગમાં ગુરુનું મહત્ત્વ વિશેષ છે. સાધનામાં સફળતા–નિષ્ફળતાનો બધો આધાર ગુરુ પર છે. સદ્‌ગુરુના તેજ વડે જ સાધકમાં તેજ પ્રગટે છે. સદ્‌ગુરુ પોતાની પ્રચંડ શક્તિથી સાધકને ભીતરથી પ્રહાર કરે છે. પરંતુ પ્રહારનું એકે ચિહ્ન બહાર દેખાતું નથી. સદ્‌ગુરુ કુશળ કુંભકારની જેમ સાધકને થપાટો મારે છે તથા સ્નેહભર્યો હાથ પણ ફેરવે છે અને આમ સાધક શિષ્યનું ઘડતર થતું રહે છે." વખત જતાં પૂર્ણાનંદનો સ્વામીજી સાથેનો સંપર્ક વધ્યો. એમની સાધના પણ પ્રગાઢ બની. જો કે તેમની પત્નીને આ બધું ઝાઝું ગમતું નો'તું. એ એમ માનતાં કે સ્વામીજીએ એમના પતિને અવળે રસ્તે ચડાવી દીધા છે. સ્વામીજી આ વાતને હળવાશથી લેતા અને એમની ટીકાઓની નકલ કરીને સૌને મનોરંજન પૂરું પાડતા.

બાબા મહાજનને દીક્ષા

મુક્તિનગરીના ઝવેરી સમા સ્વામીજીએ શક્તિપાત રૂપી મોતી હોશંગાબાદમાં રહેતા કેટલાક સ્નેહીઓને સાવ સહેજમાં નિરપેક્ષ ભાવે ભેટ ધરી દીધાં હતાં. એમની આ કૃપાથી બધા દીક્ષિતો ધન્યતા અનુભવતા હતા. તેઓ પોતપોતાના અંગત અનુભવોની અરસપરસ વાતો કરતા કદી ધરાતા નો'તા. મહારાજશ્રી, શંકરકાકા, બાબા મહાજન, વૈદ્ય માસ્તર અને દાદાસાહેબ સ્વામીજીનું સાન્નિધ્ય માણવા રોજ સાંજે એમને નિવાસે જતા અને ત્યાંથી અન્ય

દીક્ષિતોના અવનવા અનુભવોની જાણકારી મેળવતા. પરંતુ તેમનામાંથી કોઈએ હજુ સુધી દીક્ષા મેળવવાનો વિચાર કર્યો નો'તો. ધર્મ, વેદાંત અને અધ્યાત્મ વિષે આ મંડળીમાંના સૌના ચોક્કસ ખ્યાલો હતા. કોઈપણ બાબત વિષે આખરી નિર્ણય લેતાં પહેલાં એ બાબતનાં તમામ પાસાંની પૂરી ચકાસણી કરવાની વૃત્તિ તેઓ ધરાવતા હતા. જરૂર પડયે એક ગુરુ ઉપર બીજો કરવામાં તેઓ લગીરે સંકોચ અનુભવતા નો'તા કારણ કે તેઓ જાણતા હતા કે દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા હતા. શંકરાચાર્યે નાળિયેર કાપનાર કોળીને ગુરુ બનાવ્યો હતો. જે ગુણોના સમૂહથી ગુરુતત્ત્વ ઓળખાય છે, તે ગુણોની અનુભૂતિ જે વ્યક્તિમાં જોવા મળે એ વ્યક્તિમાં ગુરુતત્ત્વ છે એવી તેમની દૃઢ માન્યતા હતી. તેઓ હંમેશાં એવા ગુરુની શોધમાં રહેતા.

સ્વામીજીના નિર્મળ ઉજ્જ્વળ ચારિત્ર્યથી એ બધા ખૂબ પ્રભાવિત થયા હતા. એટલામાં બાબા મહાજનને ઘેરથી પત્ર આવ્યોઃ "તાબડતોબ ઘેર આવો." બાબા મહાજનને ધર્મસંકટ ઊભું થયું. એક બાજુ પત્ર મુજબ એમણે વહેલી તકે ઘેર પહોંચવાનું હતું. બીજી બાજુ સ્વામીજીની કૃપા પ્રાપ્ત કર્યા વિના ઘેર પાછા ફરવાનું એમને માટે કઠિન હતું. તેઓ મત્સ્યેન્દ્રપીડાસન જેવા આસનમાં કલાકો સુધી બેસતા હતા. પ્રાણાયામમાં પણ તેમની પ્રગતિ નોંધપાત્ર હતી. આવી સિદ્ધિ મેળવ્યા પછી બધું પડતું મૂકીને ઘેર ચાલ્યા જવું એમને વસમું લાગતું હતું. દિવસોનો તરસ્યો નદીનો કાંઠો સમીપે હોવા છતાં એની પ્યાસ બુઝાવ્યા વિના નદી કાંઠાથી મોં ફેરવીને ત્યાંથી ચાલવા માંડે એવી મનોદશા એમની હતી. એમણે પોતાની મનોવ્યથા મહારાજશ્રીને જણાવી. મહારાજશ્રીએ દાદાસાહેબને એની જાણ કરી. એ સાંજે બધી મંડળી સ્વામીજીને મુકામે ગઈ ત્યારે બાબા મહાજને પોતાને દીક્ષા આપવા માટે સ્વામીજીને પ્રાર્થના કરી. ત્યારે સ્વામીજીએ કહ્યું: " ઉતાવળ કરવાની કશી જરૂર નથી. આમેય છેલ્લા બે-ત્રણ દિવસથી મારી તબિયત નાદુરસ્ત રહે છે. ચિંતા કરીશ નહીં. હું તને તારે ઘેર આવીને દીક્ષા આપીશ."

એ પછી બધી મંડળી સ્વામીજીની રજા લઈને પાછી ફરી. સ્વામીજીએ બાબા મહાજનને દીક્ષા આપવાનું હાલ પૂરતું મુલત્વી રાખ્યું હતું, એથી તેઓ લગીર હતાશ થઈ ગયા હતા .

બીજે દિવસે બપોરની ગાડીમાં રવાના થતાં પહેલાં તેઓ સ્વામીજીનાં દર્શન કરવા ગયા. સાથે શ્રીફળ અને ફૂલહાર પણ લીધાં. નર્મદાનાં નીરમાં હાથપગ ધોઈને તેઓ સ્વામીજી પાસે ગયા. સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરીને તેમણે એમને હાર પહેરાવ્યો ને શ્રીફળ તથા દક્ષિણા એમની પાસે મૂક્યાં અને પછી હાથ જોડીને કહ્યું: " સ્વામીજી, આજે બપોરની ગાડીમાં આજેગાંવ જાઉં છું. મારા પર આપની કૃપાદૃષ્ટિ રાખજો." એ જ ક્ષણે સ્વામીજીએ તેમને ઉપરનાં તમામ વસ્ત્રો ઉતારી નાખીને આંખો બંધ કરીને આસન પર બેસી જવા જણાવ્યું: "તમને હમણાં જ દીક્ષા પ્રાપ્ત થશે" એમણે ઊમેર્યું. અને પછી સ્વામીજીએ બાબા મહાજનને સ્પર્શ કર્યો. ક્ષણાર્ધમાં તો બાબા મહાજનનું આસન દૃઢ થયું. અને એમનું શરીર કમરમાંથી ચક્રાકારે ફરવા લાગ્યું. પ્રાણાયામના ભસ્ત્રિકાદિ પ્રકારો થવા લાગ્યા. શરીરે પરસેવો વળવા લાગ્યો. એમનું હૃદય પરમાનંદની લાગણીથી છલકાઈ ગયું. આ બધી ક્રિયાઓ ઝંઝાવાતી વેગથી એક કલાક સુધી થતી રહી. છેવટે એમની આંખો આપોઆપ ઊઘડી એટલે કૃતાર્થ ભાવે આસન પરથી ઊઠયા અને સ્વામીજીને પ્રણામ કર્યા. સ્વામીજીએ તેમને કહ્યું: " તને સુપેરે દીક્ષા પ્રાપ્ત થઈ છે. નિયમિત સાધના કરતો રહેજે અને આ વાત કોઈને કહીશ નહીં". એ પછી આનંદથી ઊભરાતા હૈયે તેઓ પોતાને ઘેર પાછા ફર્યા ત્યારે દસ વાગી ગયા હતા. દીક્ષા પછી તેઓ શારીરિક અને માનસિક રીતે હળવાફૂલ થઈ ગયા હતા.

ઘેર પહોંચ્યા પછી તેમણે મહારાજશ્રીને તથા શંકરકાકાને કહ્યું: "આજે મારી મહેચ્છા પરિપૂર્ણ થઈ. મને દીક્ષા પ્રાપ્ત થઈ છે." મહારાજશ્રીએ આ વાત જરા વિગતે કરવા તેમને જણાવ્યું ત્યારે બાબા મહાજને કહ્યું કે સ્વામીજીએ આ વાત કોઈને કરવાની મનાઈ ફરમાવી છે. મહારાજશ્રીએ કહ્યું કે "પોતાના

અંગત માણસોને આવી વાત કરવામાં કશો વાંધો નહીં. તમે આ વાત વિગતે ન જણાવો તો અમને એ કેવી રીતે સમજાય ?" ત્યારે બાબાએ કહ્યુંઃ "મને એ વાત કહેતાં નહીં ફાવે. જે કાંઈ બન્યું તે હું તમારી સમક્ષ કરી બતાવું છું. એ પરથી તમને ખ્યાલ આવી જશે, શું શું બન્યું હતું." એમ કહીને બાબાએ ઉપરનાં વસ્ત્રો ઉતારી નાખ્યાં ને આંખો બંધ કરીને આસન પર બેસી ગયા. ફરીથી પહેલાંની જેમ પ્રબળ વેગથી આસન, પ્રાણાયામ, ઘૂર્ણાદિ ક્રિયાઓ થવા માંડી. શરીર નેતરની સોટીની જેમ આપોઆપ વળવા માંડ્યું. બંધ, મુદ્રા, પ્રાણાયામ વગેરે સર્વે ક્રિયાઓ શાસ્ત્રોક્ત રીતે થતી રહી. શાસ્ત્રજ્ઞ મહારાજશ્રીએ એક નિકટના સ્નેહીને થતી આ બધી ક્રિયાઓ સાવ નજીકથી સાદ્યંત નિહાળી અને એમના મનમાંથી રહ્યો સહ્યો સંદેહ પણ દૂર થયો. સ્વામીજી માટે તેમના મનમાં પરમ શ્રદ્ધા જાગી. તેમને લાગ્યું કે પોતાને અને સ્વામીજીને એક સ્થળે ભેગા કરવા પાછળ પરમેશ્વરનો કોઈ ગૂઢ સંકેત હોવો જોઈએ. એ જ દિવસે બપોરની ગાડીમાં બાબા મહાજન આજેગાંવ જવા નીકળી ગયા.

૫. પૂ. મહારાજશ્રીને દીક્ષા

પૂર્ણાનંદને દીક્ષા પ્રાપ્ત થઈ ત્યારથી સ્વામીજીનું સ્વાસ્થ્ય કથળતું જતું હતું. એમાં પાછળથી ઉધરસનો ઉમેરો થયો હતો. આમ છતાં પોતાની ભિક્ષા તેઓ પોતે જ માગી લાવતા હતા. તેઓ પોતાનો બોજ કોઈને શિરે નાખતા નહીં. સ્વામીજીની નાદુરસ્ત તબિયતની બાબત મહારાજશ્રીના ધ્યાનમાં આવી. તેમને થયું કે સ્વામીજીના દીક્ષિતોએ એમની સંભાળ રાખવી જોઈએ પણ કોઈ દીક્ષિત એ જવાબદારી ઉપાડવા આગળ આવતો ન જણાયો, ત્યારે એમણે જાતે જ એ કામ પોતાને શિરે ઉપાડી લેવાનું નક્કી કર્યું. એ માટે તેમણે પોતાનાં માતુશ્રીની અનુમતિ માગી. એમનાં માતુશ્રીને તો એ વાત જાણીને ખુશી થઈ તથા એ શુભકામ માટે પોતાની સંમતિ વિના સંકોચે આપી દીધી. સ્વામીજીની વાતો સાંભળીને તેઓ પોતે જ સ્વામીજીને પોતાને નિવાસે બોલાવી લાવવાનું વિચારતાં હતા.

એ સાંજે મહારાજશ્રી શંકરકાકાને લઈને મંગળવાર ઘાટ પરના સ્વામીજીના મુકામે પહોંચ્યા. એમને આવેલા ભાળીને સ્વામીજી પથારીમાંથી બેઠા થયા. બન્નેએ સ્વામીજીને પ્રણામ કર્યાં તથા એમના સ્વાસ્થ્ય વિષે પૃચ્છા કરી. સ્વામીજીએ કહ્યું: "સારું છે." એ પછી મહારાજશ્રીએ સ્વામીજીને કહ્યું: " આપ આજથી અમારે ઘેર રહેવા પધારો. મારાં માતુશ્રીની પણ એવી જ ઈચ્છા છે. " એ સાંભળીને સ્વામીજીએ ઉત્તર આપ્યો:" સારું. *અમારી માતાની (શક્તિની) પણ એ જ ઈચ્છા છે. ચાલો."*

એ પછી તેઓ ઊભા થયા અને પોતાનું કમંડલ ઉપાડ્યું. મહારાજશ્રીએ તેમનું બિછાનું વાળીને ઉપાડ્યું. નારાયણનું રટણ કરતાં કરતાં સ્વામીજી ખર્રા ઘાટ પર આવ્યા અને તેમણે સાયંસંધ્યા પતાવી. એ પછી ત્રણે મહારાજશ્રીના નિવાસે આવી પહોંચ્યા. મહારાજશ્રીનાં માતુશ્રીએ સ્વામીજીને નમસ્કાર કરીને આવકાર્યા અને બેસવા માટે આસન પાથરી આપ્યું. નાદુરસ્ત તબિયતને કારણે સ્વામીજીએ તે દિવસે કશું ખાધું નો'તું. મહારાજશ્રીનાં માતુશ્રીએ સ્વામીજીને સૂંઠના પાવડર મિશ્રિત દૂધ આપ્યું. એ પીધા પછી સ્વામીજીએ પલંગ પર લંબાવ્યું. પોતાના પરિવારમાં ચાલી આવતી સંતોની સેવાની પરંપરાનું સ્મરણ કરતાં મહારાજશ્રી આનંદની લાગણી અનુભવી રહ્યા. એક રત્નપારખુ એક ઝવેરી પાસેથી રત્નો મેળવવાને બદલે સ્વયં ઝવેરીને જ પોતાને નિવાસે લઈ આવ્યો હતો. પછી એને આનંદ કેમ ન થાય ?

મહારાજશ્રી ૧૯૨૨ના ઓગસ્ટની ૨૭મી તારીખે હોશંગાબાદ આવ્યા હતા. ભાદરવા સુદ પાંચમ એટલે કે ઋષિ પંચમીથી તે આસો માસના આરંભ સુધી મહારાજશ્રીનો પ્રાણાયામનો અભ્યાસ શ્રીગોવિંદ મહારાજની દેખરેખ નીચે ચાલતો રહેલો. મહારાજશ્રીને સ્વામીજીનાં પ્રથમ દર્શન મંગળવાર ઘાટ પર સોમવાર ને આસો સુદ પાંચમના રોજ લલિતાપંચમીને દિવસે થયેલાં. મંગળવાર ઘાટ પરની આ ધર્મશાળામાં સ્વામીજી પંદર–વીસ દિવસ રોકાયેલા. સ્વામીજીનો અને મહારાજશ્રીનો મેળાપ આમ દશેરા દિવાળીના શુભ પર્વમાં

થયો. આ પહેલાં આશરે ચૌદેક વર્ષ પૂર્વેની ગુરુદ્વાદશીએ કૃષ્ણા તીરે આવેલી નરસોબાની વાડીમાં મહારાજશ્રીને પ.પ. શ્રીટેંબે સ્વામી મહારાજનાં પ્રથમ દર્શન થયાં હતાં. આ ગુરુદ્વાદશીએ મહારાજશ્રીને નર્મદા તીરે સ્વામીજીનાં દર્શનનો યોગ થયો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી દર ગુરુદ્વાદશીએ વાડીએ જવાનો મહારાજશ્રીનો નિયમ હતો. સ્વામીજીના મિલનને કારણે આ વર્ષે એ નિયમમાં ભંગ પડ્યો હતો. સ્વામી મહારાજ જ સ્વયં જાણે સ્વામીજીના સ્વરૂપે આ દ્વાદશીએ મહારાજશ્રીને અહીં પુનઃ પ્રાપ્ત થયા હતા.

સ્વામીજીનું મહારાજશ્રીને ત્યાં આવીને રહેવું એ કોઈ બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમીને ત્યાં આવીને રહેવા બરાબર હતું. સ્વામીજી પોતાની રુચિ પ્રમાણેની વાનગીઓનું વર્ણન માતાજી સમક્ષ કરતા અને એમના કહેવા પ્રમાણેની વાનગીઓ માતાજી બનાવીને એમને પીરસતાં. એમાં માતાજીના વહાલની મીઠાશ ઉમેરાતી, એટલે વાનગી ઓર સ્વાદિષ્ટ બનતી. મહારાજશ્રી પણ સ્વામીજીની યથોચિત કાળજી રાખતા. આમ પૂરતી સારસંભાળ, સ્નેહીજનોનો સહવાસ તથા પથ્ય ખોરાક મળવાથી સ્વામીજીનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન સુધરતું ગયું. સ્વાસ્થ્ય સુધરતાં મહારાજશ્રી, શંકરકાકા તથા અન્ય જિજ્ઞાસુઓના સાથમાં સ્વામીજીની નર્મદા તટની સાંજની સહેલ શરૂ થઈ. આ સાંજની નદી તટની સહેલ દરમિયાન સૌ મહદ્ અંશે મૌન ધારણ કરીને ચાલતા રહેતા. ક્યારેક હળવો વિનોદ થતો રહેતો.

મહારાજશ્રી સવારે સ્નાનથી પરવારીને સંધ્યા, પોથીવાચન તથા જપ કરતા. પછી શ્રીગોવિંદ મહારાજના કહ્યા પ્રમાણે પ્રાણાયામનો અભ્યાસ કરતા. સ્વામીજી દિનભર પોતાની સાધનામાં મગ્ન રહેતા. સાથે સાથે મહારાજશ્રીની ઉપાસના અને સાધનાની ગતિવિધિ પર પણ નજર રાખતા.

શ્રીગુરુમહારાજ પહેલાં ગુરુવર્ય શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના શિષ્ય હતા. ગુરુ મહારાજે એક દિવસ એમના ગુરુને પ્રાર્થના કરતાં

કહેલું: "ગુરુદેવ, હું આપનો જ શિષ્ય છું ને અંત સુધી આપનો શિષ્ય જ રહેવાનો છું. હું કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરવાની લાલચે આ પ્રાર્થના કરતો નથી. 'વિશ્વજનની કુંડલિની જગદંબાની કૃપાથી જ ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે' એ સત્યનો સાક્ષાત્કાર થાય છે, એવો આપનો ઉપદેશ મારા કાનમાં સદા ગુંજતો રહે છે. આપે મને હાવનૂરમાં આપનામાં ભગવાન દત્તાત્રેયજીના વ્યાઘ્રાંબરધારી રૂપનું દર્શન કરાવ્યું હતું. આપે મને બધું જ આપ્યું છે. આપની લીલા અકળ છે. આપે જ મારામાં કુંડલિની જાગૃતિની ઈચ્છા જગાડી છે. હું પુષ્કર ગયો હતો. ત્યાંથી બીમારીને નિમિત્ત બનાવીને આપે મને પાછો બોલાવ્યો હતો ને મને હોશંગાબાદ આવવાની પ્રેરણા પણ આપે જ આપી હતી. અહીંની લીલા નિરાળી છે. છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી હું સ્વામી શ્રીચિન્મયાનંદ સરસ્વતીનાં દર્શન કરતો રહ્યો છું. એમનામાં મને આપનાં જ દર્શન થાય છે. આપની અનુમતિ વિના એમની પાસેથી દીક્ષા પ્રાપ્ત કરવાનું મારે માટે સંભવિત નથી. હે ગુરુદેવ, આપની આજ્ઞાનું હું સદૈવ પાલન કરીશ. આપ ના પાડશો તો હું એમની પાસેથી દીક્ષાની માગણી નહીં કરું. મારી તો આપને એટલી જ અરજ છે કે આપ મને યથોચિત માર્ગદર્શન આપો."

એ જ રાત્રે પાછલા પહોરે ગુરુમહારાજને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં શ્રીવાસુદેવાનંદ સરસ્વતી દંડ–કમંડલ તથા કાષાય વસ્ત્ર ધારણ કરેલ સ્વરૂપમાં તેમની સન્મુખ ઉપસ્થિત થઈને બોલ્યા: *"વામન, ચિન્મયાનંદ અને વાસુદેવાનંદ એક જ છે. શક્તિપાત એ દત્ત સંપ્રદાયની વિદ્યા છે. વામન ! તારે હાથે ઘણાં મોટાં કામ થનાર છે. શંકારહિત થઈને શક્તિપાતની વિદ્યા ગ્રહણ કર."* શ્રીગુરુમહારાજે અશ્રુભીની આંખે ગુરુને દંડવત્ પ્રણામ કર્યા. એમને આશીર્વાદ આપીને વાસુદેવાનંદજી અંતર્ધાન થઈ ગયા. એ પછી શ્રીગુરુમહારાજે એક દિવસ સ્વામીજીને પૂછ્યું: " આદરણીય સ્વામી મહારાજ ! મને દીક્ષા પ્રાપ્ત થશે ખરી?"

સ્વામીજીને મહારાજશ્રીની ગતિવિધિથી પૂરેપૂરો સંતોષ હતો. આમ છતાં

તેઓએ મહારાજશ્રીને કહ્યું: "જો વામન, હમણાં તારો પ્રાણાયામનો અભ્યાસ ચાલે છે. એ અભ્યાસથી પણ કુંડલિની જાગૃત થઈ શકે છે. અત્યારે જે અભ્યાસ ચાલે છે એ ચાલુ રાખ. સમય આવ્યે તને પણ દીક્ષા પ્રાપ્ત થશે જ." શાસ્ત્રનિષ્ઠ ગુરુનો શાસ્ત્રનિષ્ઠ શિષ્યને અપાયેલો આ પ્રત્યુત્તર હતો. ઉત્તરના પૂર્વાર્ધથી મહારાજશ્રી થોડા વ્યથિત થયા. પણ ઉત્તરાર્ધથી એમના જીવને શાંતિ થઈ. અહીં કશુંક આપનારને આપવાની ઉતાવળ ન હતી તો એ મેળવનારને મેળવવાનીય કશી અધીરાઈ નો'તી.

प्रसादचिह्नानि पुरःफलानि

સ્વામીજી મહારાજશ્રીને નિવાસે રહેવા આવ્યાને દસ–પંદર દિવસ થયા હતા. અષાઢ અને કારતકમાં હંમેશાં પંઢરપુર જતા વૈદ્ય માસ્તર કારતક બેસતાં પંઢરપુર જવા નીકળી ગયા. બાબા મહાજન દીક્ષા પ્રાપ્ત કરીને પોતાને ગામ જતા રહ્યા હતા. હવે અહીં માત્ર મહારાજશ્રી, ઉમામાતા તથા શંકરકાકા જ રહ્યાં હતાં. શ્રીગોવિંદ મહારાજના માર્ગદર્શન અનુસાર મહારાજશ્રીનો પ્રાણાયામનો અભ્યાસ છેલ્લા દોઢેક માસથી ચાલતો હતો. સ્વામીજીએ પણ પ્રાણાયામનો અભ્યાસ ચાલુ રાખવા સૂચવ્યું હતું. એ અભ્યાસથી મહારાજશ્રીનું શરીર નાજુક અને હલકું થતું ગયું. તેઓ દીક્ષાને પાત્ર થઈ ગયા હતા. પરંતુ સ્વામીજીએ તો માત્ર એટલું જ કહ્યું હતું કે તને દીક્ષા પ્રાપ્ત થશે ! ક્યારે થશે એનો ઉલ્લેખ કર્યો નો'તો. આથી મહારાજશ્રીને એ શુભ ઘડી માટે રાહ જોયા વિના આરો નો'તો.

એટલામાં કારતક વદ અગિયારસે પરોઢિયે મહારાજશ્રીને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમણે જોયું કે પોતે હોશંગાબાદના પોતાના નિવાસમાં શેતરંજી પર બેઠા છે. સ્વામીજી પલંગ પર બિરાજમાન છે. તેઓ એકદમ પલંગ પરથી ઊભા થયા. ખભા પરની છાટીને એક ઝાટકે સરખી કરી, અને તેઓ મહારાજશ્રી પાસે ધીમે ધીમે આવવા લાગ્યા. એમની મુખમુદ્રા અને દૃષ્ટિ પ્રસન્ન અને

શ્રી. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ

પ.પ. શ્રી ચિન્મયાનંદ સરસ્વતી (લોકનાથ તીર્થ)
સ્વામી મહારાજ

"વામન, ચિન્મયાનંદ અને વાસુદેવાનંદ એક જ છે." – શ્રી વાસુદેવાનંદ સરસ્વતી



પ. પૂ. શ્રીગુળવણી મહારાજ

તેજસ્વી જણાતાં હતાં. સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરતી જતી હતી. સ્વામીજીએ મહારાજશ્રીની સામે એકીટશે જોતાં કહ્યું: "वामन, आज ही तुम्हें दीक्षा प्राप्त होगी, अब तुम्हारी कुंडलिनी शक्ति जागृत होगी ।" આ વાક્યો કાને પડતાંની વારમાં મહારાજશ્રીએ ભાન ગુમાવ્યું. સ્વામીજીનું વધુ એક વાક્ય તેમને કાને પડ્યું: आंखें बंध करो એ સાથે જ સ્વામીજીએ મહારાજશ્રીના મસ્તક પર હાથ મૂક્યો. મેરુદંડ પર નીચેથી ઉપર હાથ ફેરવીને મૂલાધારથી સહસ્રાર સુધીનો માર્ગ ખુલ્લો કર્યો. મહારાજશ્રીને ક્રિયાઓ તત્કાલ શરૂ થઈ. હરેક પળે એ ક્રિયાઓનો વેગ વધતો ગયો. આમ જ એમની નિદ્રા પૂરી થઈ અને એમણે આંખો ઉઘાડી. એમણે જોયું કે સ્વામી છાટી ઓઢીને સિદ્ધાસન લગાવીને ધ્યાનમગ્ન અવસ્થામાં પલંગ પર બેઠા હતા. તેમને સમજાયું કે તેમણે જે કાંઈ અનુભવ્યું હતું તે માત્ર સ્વપ્ન હતું. તેમણે ઘડિયાળ માં જોયું તો સવારના સાડા ત્રણ થયા હતા. ઉત્તમ મુહૂર્તે ઉત્તમ સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નથી એમને અનહદ આનંદ થયો પરંતુ તેમને ખ્યાલ આવ્યો કે આખરે તો એ એક માત્ર સ્વપ્ન જ હતું. એ સ્વપ્ન જો ભાવિનું સૂચન કરનારું હશે, તો કદાચ સાચું પણ પડશે એમ એમને લાગ્યું. નહીં તો પછી એને વિસારે પાડવાનું બહેતર હતું. આમ વિચારમાં સવારના સાડા ચાર થયા. સ્વપ્નની વાત કોઈને કરવી નહીં એવા નિર્ણય સાથે મહારાજશ્રી ઊઠ્યા અને નિત્યકર્મમાં લાગી ગયા. સ્વામીજી તો હજી એમની સમાધિમાં જ મગ્ન હતા.

સ્વપ્નની વાત કોઈનેય કહ્યા વિના જ મહારાજશ્રી સવારના નિત્યકર્મથી પરવાર્યા. એ પછી બપોરનું ભોજન લઈ એમણે થોડો આરામ કર્યો. હંમેશ મુજબ સાંજે તેઓ સ્વામીજી સાથે ફરવા નીકળ્યા. એમની સાથે શંકરકાકા તથા ગામના બે ચાર સજ્જનો પણ હતા. એ સૌ નર્મદા કિનારે જઈ રહ્યા હતા, ત્યાં એકાએક સ્વામીજી ઊભા રહી ગયા અને બોલ્યા: "આજે વધારે આગળ નથી જવું. આપણે ઘેર પાછા વળીએ. એટલે સૌ પાછી વળ્યા. ગામમાંથી આવેલા સજ્જનો સ્વામીજીને પ્રણામ કરીને સૌ પોતપોતાને ઘેર જવા રવાના થયા. મહારાજશ્રી અને શંકરકાકા સ્વામીજી સાથે મહારાજશ્રીના નિવાસે પાછા ફર્યા.

ઉમામાતાને પણ લાગ્યું કે આજે સૌ રોજના કરતાં વહેલા પાછા ફર્યા છે. સ્વામીજી પલંગ પર બેઠા. મહારાજશ્રી અને શંકરકાકા સ્વામીજી સામે શેતરંજી પર બેસી ગયા. આજે બધા ફરીને વહેલા પાછા ફર્યા હોવાથી સાંજના નિત્યકર્મને હજી વાર હતી. ઉમામાતા એક બાજુ જપ કરતાં બેઠાં હતાં. વાતાવરણમાં નીરવ શાંતિ હતી. પછી સ્વામીજીએ મૌન તોડ્યું. તેમણે મહારાજશ્રીને પ્રશ્ન કર્યો: " વામન, પ્રાણાયામના અભ્યાસથી શો લાભ થાય છે ?" મહારાજશ્રીએ કહ્યું: "શરીર હલકું લાગે છે. એથી વિશેષ કોઈ લાભ નથી." "તમે શા ઉદ્દેશથી પ્રાણાયામનો અભ્યાસ શરૂ કર્યો છે ?"

"કુંડલિની જાગૃત થાય એ ઉદ્દેશથી."

"તમારો એ ઉદ્દેશ સિદ્ધ થયો છે ખરો ?"

"ના."

"તમારી તિતિક્ષા જોઈને મને તમારી દયા આવે છે. કેટલા દિવસ સુધી તમારે આ કષ્ટ સહ્યા કરવું છે ?"

"આપની કૃપા પ્રાપ્ત થતાં સુધી. આપની કૃપા મારા પર ક્યારે ઊતરશે ?"

"અત્યારે જ. ચાલો, આંખો બંધ કરી દો," સ્વામીજીએ કહ્યું.

સ્વામીજીનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો મહારાજશ્રીમાં શક્તિનો સંચાર થવા માંડ્યો ને એ શક્તિસંચારે એમનું ભાન હરી લીધું. એમના પર જાણે આકાશને ચીરતી વિદ્યુત ત્રાટકી. પ્રાણાયામના સતત અભ્યાસથી નાજુક અને હલકું બની ગયેલું મહારાજશ્રીનું શરીર આમથી તેમ ડોલવા માંડ્યું. એ પછી પદ્માસનસ્થ સ્થિતિમાં જ એમનું શરીર જમીનથી દોઢ ફૂટ જેટલું ઊંચે ઊછળીને એ જગાએ જ પાછું નીચે પટકાવા માંડ્યું. એમના શ્વાસોચ્છ્વાસ ધમણની જેમ ચાલવા લાગ્યા. નાગના ફૂંફાડાની જેમ એમને ભસ્ત્રિકા થવા માંડી. બધી જ ક્રિયાઓ અનાયાસે, આપમેળે થતી રહી. ક્રિયાનો વેગ ઝંઝાવાતી હતો. જાણે તણખો પડ્યો હોય ને આખા વનમાં દવ લાગ્યો હોય એવી એમની સ્થિતિ થઈ ગઈ. મહારાજશ્રીની આવી ગતિવિધિ એક કલાક સુધી ચાલતી રહી.

જે શક્તિની જાગૃતિ માટે મહારાજશ્રીએ આટલી બધી દોડધામ કરેલી એ આજે આમ નિમિષ માત્રમાં સદ્‌ગુરુની કૃપાદૃષ્ટિથી જાગૃત થઈ ગઈ હતી. શંકરકાકા તથા ઉમામાતાને એ જોઈને ભારે આશ્ચર્ય થયું.

મહારાજશ્રીની પહેલી બેઠક પૂરી થઈ, એટલે સ્વામીજીએ કહ્યુંઃ "વામન, તમારું કામ થઈ ગયું છે. અને ઘણી સારી રીતે થયું છે." સ્વામીજીના શબ્દો સાંભળી મહારાજશ્રીને પૂર્ણ સંતોષ થયો. ફૂલોનો હાર, શ્રીફળ, દક્ષિણા કે એવી બીજી કોઈ સામગ્રી વિના અણધારી રીતે મળી ગયેલી આ ચિરવાંચ્છિત દીક્ષા બદલ પોતાની સ્વામીજી તરફની કૃતજ્ઞતાની લાગણી શી રીતે વ્યક્ત કરવી એ બાબત તેઓ મૂંઝવણ અનુભવી રહ્યા. તેઓ ભાવવિભોર થઈને સ્વામીજીનાં ચરણોને ક્યાંય સુધી પકડીને બેઠા રહ્યા. પછી સ્વામીજીએ એમને કહ્યુંઃ "ઊઠો વામન ! તમારું સર્વ રીતે કલ્યાણ થઈ ગયું." એમ કહીને સ્વામીજીએ મહારાજશ્રીને ઉઠાડ્યા. એ પછીના આઠેક દિવસ સુધી મહારાજશ્રીની બેઠક સ્વામીજીના સાન્નિધ્યમાં નિયમિત રીતે થતી રહી. પ્રારંભિક બેઠકોના ક્રિયાવેગને જોઈને સ્વામીજીને શ્રીનારાયણતીર્થદેવ સ્વામીના સાન્નિધ્યમાં થયેલ પોતાની અને પોતાના સદ્‌ગુરુ શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામીની બેઠકો યાદ આવી ગઈ.

પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી મહારાજે પવનીના ચાતુર્માસ દરમિયાન ભાદ્રપદ અનંત ચતુર્દશીના શુભદિને મહારાજશ્રીને મંત્રોપદેશ આપ્યો હતો. એ પણ આજની જેમ ઉમામાતાની સાક્ષીમાં જ અપાયેલો. દર વર્ષે ગુરુદ્વાદશી એ (વાઘબારસે) નરસોબા વાડીએ જવાનો મહારાજશ્રીનો નિયમ હતો. ૧૯૦૭થી એમનો આ નિયમ અતૂટ રહ્યો હતો. ૧૯૨૨માં એ નિયમ મહારાજશ્રીથી પાળી શકાયો નહીં. એનો બદલો ઈશ્વરે આવી રીતે વાળી આપ્યો હતો. પ.પ. ગંગાધરતીર્થ સ્વામી મહારાજે પ.પ. શ્રીનારાયણતીર્થદેવ સ્વામી મહારાજને દીક્ષા પ્રદાન કર્યા પછી આશીર્વચન આપ્યું હતું કે "તારા દ્વારા ભારતભરમાં આ વિદ્યાનો પ્રચાર થવાનો છે." આ વચનની પરિપૂર્તિ માટે જ

મહારાજશ્રીનો નરસોબા વાડી જવાનો નિયમ ૧૯૨૨ માં તૂટી ગયો હશે !

શિષ્યો સાથે તીર્થાટન

પૂર્ણકામ નિષ્કામ એ, લોક કારણે એમ ।
ફરે સ્વયં તીર્થો અહા લીલામાનુષ તેમ ॥

(શ્રીગુરુલીલામૃત, ૨૫–૩૩)

ઈશ્વરે જે હેતુથી સ્વામીજીને તથા મહારાજશ્રીને હોશંગાબાદમાં ભેગા કર્યા હતા એ હેતુ સુપેરે સિદ્ધ થઈ ગયો હતો. એ પછી પણ એક અઠવાડિયા સુધી બધા હોશંગાબાદમાં રોકાયા. બાર્શી પાછા ફરતાં મહારાજશ્રીએ સ્વામીજીના સંગમાં નજીકનાં તીર્થક્ષેત્રોની મુલાકાત લેવાનું ગોઠવ્યું. શંકરકાકા અને આજેગાંવકર પણ એ પ્રવાસમાં એમની સાથે રહ્યા. પહેલાં સૌ ઔરંગાબાદ ગયા. ત્યાંથી દોલતાબાદ ગયા. અહીં સ્વામીજીએ મહારાષ્ટ્રના સંત શ્રીએકનાથજીના ગુરુ શ્રીજનાર્દન સ્વામીજીના સ્થાનનાં દર્શન પ્રથમવાર કર્યાં અને તેમના વિષે જાણકારી મેળવી. પછી બધા વેરુળ અને અજંતાનાં પ્રસિદ્ધ કલા સ્થળોએ ગયા. સ્વામીજીએ ત્યાંનાં શિલ્પો અને ચિત્રો રસપૂર્વક જોયાં. એ જોઈને મહારાજશ્રીએ પોતાના ચિત્રકલા કૌશલ્ય વિષે સ્વામીજીને થોડા સંકોચ સાથે માહિતી આપી. વેરુળથી તેઓ ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગનાં દર્શને ગયા. ત્યાંની સિદ્ધભૂમિ પર બે–ત્રણ દિવસ મુકામ કરીને તેમણે સાધનાના તીવ્ર અનુભવો લીધા. અહીંથી શંકરકાકા બધાને પોતાને ગામ હિંગોલીમાં લઈ ગયા. સ્વામીજીએ તેમનું ભાવભીનું આતિથ્ય બે દિવસ સુધી માણ્યું. અહીંથી ચારે જણ ઔંઢ્યાનાગનાથ શિવજીનાં દર્શને જઈને વળી હિંગોલીમાં પાછા ફર્યા. હિંગોલીના નવા બંધાયેલા દત્તમંદિરમાં એ અરસામાં દત્ત જયંતીનો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. એ ઉત્સવનો લાભ સ્વામીજીના સાન્નિધ્યમાં લેવા દત્તભક્ત શંકરકાકા તથા મહારાજશ્રી ત્યાં દસ–પંદર દિવસ રોકાઈ ગયા. આ લોકોની અડગ શ્રદ્ધા અને ભક્તિ જોઈને સ્વામીજીને પરમ સંતોષ થયો. પછી મહારાજશ્રી પોતાનાં માતુશ્રીને લઈને પૂર્ણા, પિંપળી, ગંગાખેડ, પરલી વૈજનાથ

તથા અંબેજોગાઈ વગેરે સ્થળોની મુલાકાત લઈને બાર્શી આવ્યા. સ્વામીજી હિંગોલીમાં રોકાઈ ગયા હતા. અહીં શંકરકાકાના ભાઈ દત્તોપંતે એમની ખૂબ ભક્તિભાવથી સેવા કરી, અને દીક્ષાનો લાભ મેળવ્યો. અહીંથી સ્વામીજી દત્તોપંત સાથે હોશંગાબાદ આવ્યા. ૧૯૨૩ની શિવરાત્રી તથા હોળીના ઉત્સવો સ્વામીજીએ અહીં માણ્યા. દાદાસાહેબ પરાંડે શાસ્ત્રોની ચર્ચા કરવા અહીં સ્વામીજી પાસે અવારનવાર આવતા. છેવટે તેમને પણ દીક્ષા પ્રાપ્ત થઈ.

હવે સ્વામીજીનો વસવાટ, ખાનપાન વગેરેની સર્વ પ્રકારની વ્યવસ્થાની જવાબદારી દાદાસાહેબે સંભાળી લીધી. એમના સંગમાં સ્વામીજી જુદાં જુદાં ઘણાં સ્થળોએ જઈને મહિનો માસ રહી આવ્યા. આ ગાળા દરમિયાન દાદાસાહેબના નાના ભાઈઓ, ગોવિંદરાવ તથા વાસુદેવરાવને સ્વામીજીની સેવાનો સારો લાભ મળ્યો. એ બેયને ય પછીથી દીક્ષા પ્રાપ્ત થઈ. રોટલામાં દાદાસાહેબની બદલી અમરાવતી થઈ. સ્વામીજી તેમની સાથે અમરાવતી ગયા અને દોઢેક માસ રહ્યા. એકવાર દાદાસાહેબે સ્વામીજીને પૂછ્યું: "બીજા દીક્ષિતો કરતાં વામનરાવ પર દીક્ષાનો પ્રભાવ વિશેષ જણાય છે. એનું શું કારણ ?" ત્યારે સ્વામીજીએ કહ્યું: "પૂર્વેના પ્રબળ સંસ્કારો તથા શુદ્ધ આચારવિચારને કારણે એમનામાં દીક્ષાનો પ્રભાવ સવિશેષ જણાય છે." આ વાત દાદાસાહેબે મહારાજશ્રીને લખી જણાવીને ઉમેર્યું કે સ્વામીજીની પાચનશક્તિ ખૂબ મંદ પડી ગઈ છે. તેઓ ઉપવાસો પણ ઘણા કરે છે. મહારાજશ્રીએ સ્વામીજીને શીર્ષાસન કરવાની ભલામણ કરી. એ મુજબ સ્વામીજીએ રોજ એક કલાક સુધી શીર્ષાસન કરવાનું શરૂ કર્યું. પરિણામે પંદરેક દિવસમાં જ એમની પાચનશક્તિમાં સુધારો થયો, ને એમના ઉપવાસની સંખ્યા ઘટી ગઈ.૧૯૨૩ના નવેમ્બરની ૧૬મી ને શુક્રવારે સ્વામીજી હોશંગાબાદ પાછા ફર્યા.

અહીં દાદાસાહેબના સ્નેહી શ્રી. કાશીનાથ વિનાયક ફડકેએ સ્વામીજીની પૂરા ભક્તિભાવથી સેવા કરી અને દીક્ષા પ્રાપ્ત કરી. અહીં રહ્યે રહ્યે

સ્વામીજીએ દાદાસાહેબના લઘુબંધુને પત્ર દ્વારા સંકલ્પદીક્ષા આપી. સ્વામીજી દ્વારા જે પંદર–વીસ સાધકો દીક્ષિત થયા હતા તેમના અનુભવોનો પ્રભાવ તેમના સંપર્કમાં આવનાર સૌ પર પડતો. મહરાજશ્રીએ બાર્શી જઈને શાળાની નોકરી ફરી ચાલુ કરી. તેઓ રોજ પરોઢિયે ઊઠીને પહેલાં ધ્યાનમાં બેસતા. એ પછી અગાઉ પ્રમાણેનાં અનુષ્ઠાનો વગેરે કરતા. શક્તિપાત સાધનાથી તેમનું મન સર્વદા પ્રસન્ન અને ઉત્સાહી રહેતું. તેમના મનમાં સ્વામીજીનું સ્મરણ સદાય રહેતું. સ્વામીજી પણ અન્ય દીક્ષિતો કરતાં મહારાજશ્રી પ્રત્યે વિશેષ ભાવ દાખવતા.

હોશંગાબાદમાં સ્વામીજી એક વર્ષ રોકાયા. એક દિવસ સ્વામીજીને મહારાજશ્રીનો પત્ર મળ્યો. એમણે પત્રમાં સ્વામીજીને બાર્શીમાં પધારવા વિનંતી કરેલી. સ્વામીજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ત્યાંનાં હવાપાણી પોતાના સ્વાસ્થ્ય માટે સાનુકૂળ હોય તો પોતે ત્યાં આવી જવા તૈયાર છે. મહારાજશ્રીએ બાર્શીનાં હવાપાણી અંગે સાનુકૂળ પ્રત્યુત્તર પાઠવ્યો. સ્વામીજીના પ્રવાસના ખર્ચ જોગી રકમ પણ મોકલી આપી. સ્વામીજી મનમાડથી સીધા બાર્શી જાય તો એમને ભોજન વિના ઘણા કલાકો પસાર કરવા પડે તેમ હતું. અને એમના આહ્નિકમાં પણ વિક્ષેપ પડે એવો સંભવ હતો. વળી દૌંડ સ્ટેશને ગાડી બદલવાની થાય. આ બધાં કારણોને લઈને મહારાજશ્રીએ એક યોજના વિચારી કાઢી. દૌંડમાં ભાસ્કર ભાગવત નામનો તેમનો ધર્મનિષ્ઠ ને ભક્તિભાવવાળો વિદ્યાર્થી રહેતો હતો. એ વિદ્યાર્થી સંન્યાસીના નીતિનિયમોનો ય જાણકાર હતો. મહારાજશ્રીએ આ વિદ્યાર્થીને પત્ર લખીને જણાવ્યું કે તેણે દૌંડ સ્ટેશને હાજર રહીને સ્વામીજીને ત્યાં ગાડીમાંથી ઉતારીને પોતાને ઘેર લઈ જવા. ત્યાં સ્વામીજીને સ્નાન તથા ભોજન કરાવીને પછી બાર્શી લઈ આવવા. ભાસ્કર તો સ્વામીજીને ઓળખે નહીં, એટલે મહારાજશ્રીએ પત્રમાં સ્વામીજીનું વિગતે વર્ણન લખ્યું તથા તેમના કમંડલનું ચિત્ર પણ પત્રમાં દોર્યું. આ આખી વ્યવસ્થાની જાણ મહારાજશ્રીએ પત્ર દ્વારા સ્વામીજીનેય કરી. સાથે ગાડીના સમયપત્રકની માહિતી પણ આપી. અગાઉ નક્કી કર્યા મુજબ સ્વામીજીએ બાર્શી પત્ર લખીને ૧૧–૧–૧૯૨૪ના

રોજ શુક્રવારે હોશંગાબાદ છોડયું. દૌંડમાં ભાસ્કરરાવે સ્ટેશન પર તેમનું સ્વાગત કર્યું તથા નિત્યકર્મ અને ભિક્ષાની ગોઠવણ સંન્યાસીના નિયમોને લક્ષ્યમાં રાખીને સુપેરે કરી. સ્વામીજીએ આ બધી વ્યવસ્થા જોઈ સંતોષ વ્યક્ત કર્યો. થોડો વિશ્રામ કરીને સ્વામીજી નક્કી કર્યા મુજબ ભાસ્કરરાવ સાથે બાર્શી આવ્યા. સ્ટેશને તેમના સ્વાગત માટે મહારાજશ્રી ઉપરાંત વૈદ્ય માસ્તર, પ્રહ્લાદ શાસ્ત્રી, અણ્ણાસાહેબ, મુગુટકર વકીલ, નારાયણરાવ પુરંદરે વગેરે ઉપસ્થિત રહેલા. મહારાજશ્રીએ સ્વામીજીને હાર પહેરાવીને તેમનાં ચરણોમાં મસ્તક મૂકીને પ્રણામ કર્યાં. બાર્શી નિવાસીઓ મહારાજશ્રીના પરિવાર સમાન હતા. બધાને મોઢે એક જ વાત હતીઃ "માસ્તરના ગુરુદેવ પધાર્યા છે." કુંડલિની જાગૃત કરવાનું સામર્થ્ય ધરાવતા તરુણ બંગાળી સંન્યાસીને લોકો મુગ્ધ ભાવે જોઈ રહેતા. સ્વામીજીના દર્શનાર્થે સોલાપુરથી બાપુ કુબડે, ઔંઢીથી વ્યંકટેશ કુલકર્ણી, બાર્શીથી ઉત્તરેશ્વર ક્લબના ડો. બાલાસાહેબ સહસ્ત્રબુદ્ધે, તાત્યા સાહેબ ટિલક, ચિંગુ આબા દિવટે, વકીલ બાવડેકર બુવા, દામુ અણ્ણા રાયચૂરકર વગેરે આવ્યા હતા. આ ઉપરાંત સંખ્યાબંધ આબાલવૃદ્ધો સ્વામીજીનાં દર્શન માટે ઊમટી પડયાં હતાં. મહારાજશ્રીના વ્યક્તિત્વનું જે પાસું સ્વામીજીને હોશંગાબાદમાં જોવા મળ્યું નો'તું, તે એમને બાર્શીમાં જોવા મળ્યું. સ્વામીજી પ્રસન્ન ચિત્તે દર્શનાર્થીઓના નમસ્કાર ઝીલતા તથા સૌને આશીર્વાદ આપતા.

સ્વામીજી મહારાજશ્રીને ઘેર પહોંચ્યા એટલે ઉમામાતાએ તથા ભગિની ગોદાવરીએ એમને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. ભગિની સ્વામીનાં દર્શન પહેલી વાર કરી રહ્યાં હતાં. સ્વામીજીનો બાર્શીમાં આ પહેલો વસવાટ હતો. તેઓ અહીં બે–અઢી મહિના રોકાયા. તેઓના સંપર્કમાં આવેલી અહીંની કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનો ઉલ્લેખ અહીં અસ્થાને નહીં લેખાય. બાર્શીના ભૂષણ સમા વેદમૂર્તિ શ્રીપ્રહ્લાદ શાસ્ત્રી જોષીનું જીવન આદર્શ હતું. તેઓ સ્વભાવે વિનોદી અને મિલનસાર હોવાથી લોકોમાં પ્રિય હતા. વેદાન્ત અને ધર્મશાસ્ત્રના પંડિત તરીકે લોકોમાં તેઓ આદરપાત્ર હતા. તેઓ ઉત્તમ પ્રકારના વક્તા તથા કીર્તનકાર હતા. તેઓ સંસ્કૃતના ઉચ્ચ કોટિના શિક્ષક તરીકે જાણીતા હતા.

ગુળવણી માસ્તર તેમના સહકાર્યકર હતા. બન્ને ધર્મનિષ્ઠ તથા અધ્યાત્માનુરાગી હોવાને લીધે બન્ને વચ્ચે નિકટનો સંબંધ બંધાઈ ગયો હતો.

વૈદ્ય માસ્તર શાળાના આચાર્ય હતા. તેઓ સ્વભાવે શાંત, ધીર, ગંભીર પ્રકૃતિના હતા. સૌ તેમની સલાહ લેતા. મહારાજશ્રીના તેઓ જયેષ્ઠબંધુ સમાન હતા. મહારાજશ્રી તેમની સાથે પારિવારિક વ્યવસાયને લગતી તથા આધ્યાત્મિક બાબતો વિષે વિચારવિનિમય કરતા. તેઓ વારકરી સંપ્રદાયના હતા. એમના ઈષ્ટદેવ પાંડુરંગ હતા. તેઓ જ્ઞાનેશ્વરીનું સદા ચિંતન કરતા રહેતા. વેદાંત, ધર્મ અને અધ્યાત્મમાં બધાં જ સૂત્રોનો અંતર્ભાવ જ્ઞાનેશ્વરીમાં છે, એમ તેઓ માનતા. યોગમાર્ગ માટેની તેમની રુચિને કારણે તેઓ મહારાજશ્રી સાથે પુષ્કર અને હોશંગાબાદ ગયા હતા. અગિયારસની પંઢરીની વારીને કારણે તેઓ હોશંગાબાદથી વહેલા નીકળી ગયા હતા. બાર્શીના લોકોની 'ઉત્તરેશ્વર ક્લબ'માં ઉપનિષદો, જીવનમુક્તિવિવેક જેવા ગ્રંથોનું વાચન થતું રહેતું. અધ્યાત્મચર્ચા પણ થતી. રોજ સાંજે બધા ફરવા જતા. હોશંગાબાદથી પાછા ફર્યા પછી મહારાજશ્રીએ સ્વામીજી વિષે તથા શક્તિપાત વિષે ઘણી વાતો આ બધા સમક્ષ કરેલી. એટલે તેઓ સ્વામીજી વિષે વધુ જાણવા તથા શક્તિપાત વિષે માહિતી મેળવવા ઉત્સુક હતા. મહારાજશ્રીની નિત્ય સાધના તથા એની ફલશ્રુતિ વિષે તેઓ સુપેરે જાણતા હતા. છેલ્લાં પાંચ–છ વર્ષથી બાર્શીના લોકો મહારાજશ્રીના ધર્મનિષ્ઠ અને આચારનિષ્ઠ જીવનથી સુપરિચિત હતા. એ જ મહારાજશ્રીને ઘેર એમના ગુરુ પધાર્યા હતા એ વાતથી તેઓ સૌ ભાવવિભોર થઈ ગયા હતા. સ્વામીજીના સાન્નિધ્યમાં મહારાજશ્રીનું વ્યક્તિત્વ ઓર ખીલી ઊઠ્યું હતું.

મહારાજશ્રી મળસ્કે વહેલા ઊઠીને સ્વામીજીના સાન્નિધ્યમાં ધ્યાનમાં બેસતા. પછી તેઓ સ્વામીજીને દેશપાંડેના કૂવે લઈ જતા. ત્યાં તેઓ પોતાને હાથે કૂવામાંથી પાણી કાઢીને સ્વામીજી સંતૃપ્ત થાય ત્યાં સુધી સ્નાન કરાવતા. તેઓ સ્વામીજીનાં વસ્ત્રો પણ પોતાને હાથે ધોતા. ભિક્ષા પહેલાં તેઓ સ્વામીજીની પૂજા કરતા. સ્વામીજીને મસ્તકે તુલસીપત્ર મૂકીને આચમન માટે

પાણી આપીને તેઓ ભોજન માટે સ્વામીજીને પ્રાર્થના કરતા. તેઓ સ્વામીજીની સેવામાં ખડે પગે રહેતા.

રજાઓના દિવસે સ્વામીજી પાસે સત્સંગીઓની ભીડ જામેલી રહેતી. પ્રહ્લાદ શાસ્ત્રી, વૈદ્ય માસ્તર,પુરંદરે, મુગટકર જેવાઓની ઉપસ્થિતિને લીધે પ્રશ્નોત્તરી વધુ જીવંત અને વૈવિધ્યપૂર્ણ બનતી. સ્વામીજીના તલસ્પર્શી વેદાન્તજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનથી સૌ પ્રભાવિત થયા હતા. એક સમયે *"જીવનમુક્તિવિવેક"*ની છણાવટ કરતાં સ્વામીજીએ કહ્યું કે *"આ એક જ ગ્રંથના પરિશીલનથી મુમુક્ષુ પરમ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે."* સ્વામીજી પોતાના વિષેના પ્રશ્નોના જવાબો ટાળતા. એકવાર એક જિજ્ઞાસુએ તેમના સંન્યાસ ગ્રહણ વિષે પૂછ્યું ત્યારે તેઓ શ્રીમદ્ શંકરાચાર્ય વિષે વાત કરવા મંડી પડ્યા. સ્વામીજીની સત્સંગ બેઠકોમાં અધ્યાત્મ જેવા ગંભીર વિષયો સાથે હળવા વિષયો પણ ચર્ચાતા રહેતા. સ્વામીજીની પોતાને ત્યાં પધરામણી કરાવવાનો અને મંત્રોચ્ચાર સહિત ષોડશોપચારપૂજા કરવાનો લાભ પણ ઘણાને પ્રાપ્ત થયો. આવા પૂજા સમારંભો પ્રસંગે સ્વામીજીના સાક્ષીભાવનો અને નિગ્રહી વ્યક્તિત્વનો સૌને વિશેષ પરિચય થતો. સ્વામીજીની સાથે સમૂહધ્યાનની બેઠકો પણ યોજાતી. એક ખગ્રાસ ચંદ્રગ્રહણ ટાણે દેશપાંડેના વાડામાં યોજાયેલ સમૂહધ્યાનમાં સૌને શક્તિસંચારનો અલૌકિક અનુભવ થયેલો. સ્વામીજીએ ત્યારે જણાવેલું કે *"ગ્રહણકાળે કરવામાં આવતી સાધનાથી વિક્ષેપોનો નાશ થઈને શક્તિનો વિકાસ થાય છે. સાધકોએ ગ્રહણકાળનો લાભ અવશ્ય લેવો જોઈએ,"* એમ પણ તેમણે કહેલું.

અહીંના નિવાસ દરમિયાન સ્વામીજીને મહારાજશ્રીના વિશાળ પરિવારના સભ્યો જેવા બાર્શીના લોકોનાં શ્રદ્ધા, ભક્તિ, સેવાપરાયણતા અને સરળતાનો સારો પરિચય થયો. બાર્શીના લોકોને પણ સ્વામીજીની ભવતારિણી કૃપા, પ્રગાઢ સ્નેહ અને પ્રખર જ્ઞાનનો પૂરો લાભ પ્રાપ્ત થયો. આ સમય દરમિયાન મુગુટકર વકીલ, નારાયણરાવ પુરંદરે અને મહારાજશ્રીનાં બહેન

ગોદાવરીતાઈને દીક્ષા પ્રાપ્ત થયેલી. પ્રહ્લાદ શાસ્ત્રી જોષીએ દીક્ષા મેળવવા પ્રાર્થના કરી, ત્યારે સ્વામીજીએ કહ્યું: "અંતરથી પ્રેરણા નથી થતી. એટલે હમણાં એ વાત નહીં. આગળ જોઈશું." એમનો આ ઉત્તર સૌની અપેક્ષાથી વિપરીત હતો.

બાર્શીમાં આવવા પાછળ સ્વામીજીનો એક હેતુ મહારાજશ્રીનું મન રાખવાનો હતો. બીજો હેતુ પાંડુરંગનાં દર્શને જવાનો હતો. એ હેતુસર મહારાજશ્રી અને વૈદ્ય માસ્તરની સાથે સ્વામીજી પંઢરપુર આવ્યા. સૌનો મુકામ વૈદ્ય માસ્તરના જમાઈને ત્યાં રાખવામાં આવ્યો. પંઢરપુર વિષે થોડી ઉપલક માહિતી સ્વામીજી પાસે હતી. પરંતુ પાંડુરંગની વિવિધ લીલાઓ અને એમના ભક્તોની કથાઓ તેમને આ પ્રવાસ દરમિયાન મહારાજશ્રી તેમજ વૈદ્ય માસ્તર પાસેથી જાણવા મળી.

સ્વામીજીએ ચંદ્રભાગામાં સ્નાન કર્યું. એ પછી તેઓ ભકત શિરોમણિ પુંડલિકના મંદિરે ગયા. ત્યાં એમને કાશીના કુક્કુટમુનિનું સ્મરણ થયું. પછી તેઓ રુકિમણિ અને પાંડુરંગનાં મંદિરે દર્શનાર્થે ગયા. અહીં સભામંડપમાં અખંડ વીણાવાદન ચાલતું હતું. સાથે તુકારામનું અભંગ પણ ગવાતું હતું. મરાઠી અભંગના શબ્દોનો મર્મ આપોઆપ સ્ફુટ થઈને સ્વામીજીના અપરોક્ષ અનુભવ સાથે સમરસ થતો હતો. સ્વામીજીએ ગાથા વાંચવાની ઈચ્છા દર્શાવી. આ સ્થાનને આચાર્યશ્રીએ 'મહાયોગપીઠ' તરીકે બિરદાવ્યું છે. એમણે આ સ્થાન તથા એના માહાત્મ્ય વિષે સ્તોત્રો રચ્યાં છે. એ હકીકત પરથી આ સ્થળની પ્રાચીનતાનો સહેજે ખ્યાલ આવી શકે. અહીં સ્વામીજીની ચિત્તવૃત્તિ સહજ રીતે અંતર્મુખી થઈ ગઈ. તેઓ અંતરમાં દિવ્ય સ્પંદનોનો તીવ્ર અનુભવ કરવા લાગ્યા. સ્વામીજીને મહારાજશ્રી સભામંડપની એક બાજુએ લઈ ગયા અને ત્યાં એકમુખી દત્તાત્રેયની મૂર્તિનાં દર્શન કરાવ્યાં. આ મૂર્તિ કાળા સંગેમરમરમાંથી કંડારેલી અને 'માલાકમંડલૂ ડમરુત્રિશૂલે', 'શંખચક્રે' શોભતી હતી.

રાત્રે અગાશીમાં ચાંદનીનો પ્રકાશ માણતાં સૌ પાંડુરંગની વાતો કરતા હતા. ત્યાં મહારાજશ્રીને એકાએક પ્રબળ વેગે ક્રિયાઓ શરૂ થઈ ગઈ. સ્વામીજીએ મહારાજશ્રીનો અંગૂઠો દબાવીને કહ્યું: "હવે આંખો ખોલી નાંખો. બસ થયું." મહારાજશ્રીએ આંખો ખોલતાંની વારમાં બધી ક્રિયાઓ શમી ગઈ. ત્રીજે દિવસે બધા બાર્શી પાછા ફર્યા. બાપુ કુબડેએ સ્વામીજીને દીક્ષા માટે પ્રાર્થના કરી. ત્યારે સ્વામીજીએ કહ્યું: "તમે હજી નાના છો. તમને દીક્ષા જરૂર પ્રાપ્ત થશે, પણ હમણાં નહીં." પછી મહારાજશ્રીને તેમણે કહ્યું: "વામનરાવ, આને જોઈ લો." એ સાંભળીને કુબડેના મનનું સમાધાન થયું.

કોલ્હાપુર વે. શા. સં. વામન શાસ્ત્રી ગડહિંગલજકર દીક્ષાર્થે સ્વામીજી પાસે આવ્યા હતા. તેમને દીક્ષા પ્રાપ્ત થઈ. સ્વામીજી તેમની સાથે બે–ચાર દિવસ કોલ્હાપુર અને એક દિવસ નૃસિંહવાડી જઈ આવ્યા.

બાર્શીમાં સ્વામીજી પર શ્રીનારાયણતીર્થદેવનો પત્ર વામન દત્તાત્રેય ગુળવણી ડ્રોઈંગ માસ્તરના સરનામે આવ્યો. ગુરુદેવ, મહારાજશ્રીથી માહિતગાર હોવાનું સૂચન આ પરથી મળે છે. પત્રમાં ગુરુદેવે પોતાના ક્ષેમકુશળ જણાવીને સ્વામીજી તથા અન્યોની કુશળતા વિષે પૃચ્છા કરી હતી. પત્રને અંતે તાજા કલમમાં લખેલું: " તું જે મહાન ઉદ્દેશ લક્ષ્યમાં રાખીને બહાર નીકળ્યો છે તે ઉદ્દેશ પરમેશ્વર પૂર્ણ કરો ! " સ્વામીજીએ ફાગણ વદમાં બાર્શી છોડવાનું જાહેર કર્યું. બાર્શીમાં લોકો સ્વામીજીના આવી પડનારા વિયોગના ખ્યાલથી વ્યથિત થયા ને એ દિવસ આવી પહોંચ્યો. બાર્શીમાં સ્ટેશને સૌ ભક્તજનોએ સ્વામીજીને ભાવભીની વિદાય આપી. એ ટાણે સૌની આંખ ભીની થઈ ગઈ હતી. સ્વામીજીનું હૈયું પણ ભરાઈ આવેલું. આમ છતાં આછા સ્મિત સાથે એમણે બધાને એમનો વિદાયસંદેશ પાઠવ્યો. ઉજ્જૈન આવીને સ્વામીજીએ હરસિદ્ધિ તળાવને કિનારે આવેલા દત્તમંદિરમાં મુકામ કર્યો. આ મંદિરમાં અગાઉ પ.પ.શ્રીઅનિરુદ્ધાનંદ સરસ્વતી સ્વામીએ મુકામ કરેલો. તેમના શિષ્ય પ.પ. શ્રીનારાયણદેવાનંદ સરસ્વતી સ્વામી પાસે આ મંદિરમાં

પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામીએ દંડગ્રહણ કરેલો અને તેમણે આ જ સ્થળે પોતાનો પ્રથમ ચાતુર્માસ કર્યો હતો. આ જગાએ આઠ દિવસ રોકાયા પછી સ્વામીજીએ પુષ્કર તરફ પ્રયાણ કર્યું.

પુષ્કરમાં બ્રહ્માનંદ સ્વામીજીનો મોટો આશ્રમ છે. બ્રહ્માનંદજીનો શિષ્ય પરિવાર બહોળો હતો. એમનું ગ્રંથસર્જન પણ વિપુલ હતું. એમના એક શિષ્યે મગજનું સમતોલપણું ગુમાવી બેસતાં બ્રહ્માનંદજીના મસ્તક પર લાકડીથી પ્રહાર કરેલો. એ કારણે તેમના માથામાં મોટો ઘા પડી ગયો હતો. ત્યારથી તેઓ માથે કાયમ ફેંટો બાંધી રાખતા હતા. આસન, ષટ્કર્મ, મૂલ, ઉડ્ડિયાન, જાલંધરના બંધત્રય દ્વારા પ્રાણાયામના યોગ વડે ધ્યાનયોગની સિદ્ધિ સુધીના ક્રમનું માર્ગદર્શન તેઓ કરતા હતા.

સ્વામીજી અને બ્રહ્માનંદજી વચ્ચે હઠયોગ બાબતે ચર્ચા થઈ. આ માર્ગમાં સાધકને ડગલે ને પગલે જોખમ રહેતું હોવાથી એણે સતત ગુરુના સાન્નિધ્યમાં રહેવું પડે છે. ક્યારેક અન્ય ગુરુનું માર્ગદર્શન પણ એને લેવું પડે છે. આ માર્ગની આવી કઠિનતાઓનો બ્રહ્માનંદજીએ સ્વીકાર કર્યો. એ પછી સ્વામીજીએ પૂછ્યું: "એને બદલે કેવળ કુંભકનો અભ્યાસ કરવાથી સાધકને યોગસિદ્ધિ સુધી સરળતાથી પહોંચાડી શકાય કે નહીં?" બ્રહ્માનંદજી એ બાબતે સંમત થયા. એમણે કહ્યું: "કેવળ કુંભક વધતાં બંધત્રય આપ મેળે થવાથી પ્રાણાપાનનો યોગ થાય છે અને એથી ધ્યાનયોગ સરળતાથી સિદ્ધિ થાય છે. "જો કે એ માર્ગ શક્તિપાતનો છે એવી સ્પષ્ટતા સ્વામીજીએ કરી નહીં. પોતાને જીવનમુક્ત માનનાર બ્રહ્માનંદજીએ આમ અનાયાસ જ શક્તિપાત માર્ગની સરળતાનું સમર્થન કર્યું એથી સ્વામીજીને પરમ આનંદ થયો.

પુષ્કરમાં ભોજનની સારી સુવિધા ન મળવાથી તથા ત્યાંનો માહોલ માનસિક રીતે અનુકૂળ ન લાગવાથી સ્વામીજી ત્યાં ફક્ત બે જ દિવસ રોકાઈને ઉજ્જૈનના દત્તમંદિરમાં પાછા ફર્યા. અહીં પુષ્કરની પ્રતિકૂળતાઓ તથા બાર્શીની

થઈ. અહીં ક્ષિપ્રા નદીમાં સ્નાન કરવું તથા મહાકાલેશ્વરના જ્યોતિર્લિંગનાં દર્શન કરવાં એ તેમનું નિત્યકર્મ બની ગયું. તેઓની અંતર્મુખી પ્રકૃતિ હોવાને કારણે યાત્રિકોથી ઊભરાતા મંદિરથી તેમ જ સ્નાનોત્સુક ભાવિકોની ભીડથી ભરપૂર ક્ષિપ્રાના કિનારાથી પોતાની જાતને દૂર રાખતા.

અધ્યાય:૫

પૂ.મહારાજશ્રીને દીક્ષાધિકાર

स्वीयं साम्यं विधत्ते ।

પૂર્ણ શ્રદ્ધા ભક્તની જોઈ, આપ સમાન ।
કરે દત્ત જ્યાં ભક્તને ક્ષેત્ર ન તત્સમ આન ।।

(શ્રીગુરુલીલામૃત,૧૦૮-૧૧૭)

સ્વામીજી ઉજ્જૈનમાં છે એ સમાચાર બાર્શી તેમ જ હોશંગાબાદના ભક્તોને મળ્યા. બાર્શીથી મહારાજશ્રી, પ્રહ્લાદ શાસ્ત્રીજી, મુગુટકર વકીલ તથા અન્ય ભક્તો સ્વામીજીને નિયમિત પત્રો લખતા રહેતા. સ્વામીજી પણ સુંદર અક્ષરોમાં આ પત્રોના ઉત્તરો વિના વિલંબે સંક્ષેપમાં આપતા.

પ્રહ્લાદ શાસ્ત્રીને બાર્શીમાં દીક્ષા પ્રાપ્ત થઈ શકી નો'તી. શાસ્ત્રીજીનાં સુશીલ ને શ્રદ્ધાળુ પત્ની સૌ. ગોપિકાબાઈએ દીક્ષા પ્રાપ્ત કરવાની પોતાની

ઈચ્છા એમની સમક્ષ અનેકવાર વ્યક્ત કરેલી. તેમણે આ વાત મહારાજશ્રી આગળ રજૂ કરવાનું ય પોતાના પતિને કહેલું. મહારાજશ્રીને જ્યારે આ વાતની જાણ થઈ, ત્યારે તેમણે સ્વામીજીને પત્ર લખીને સૌ. ગોપિકાબાઈની અંતરની ઈચ્છા તેમની આગળ પ્રગટ કરી.

સ્વામીજીએ મહારાજશ્રીના પત્રનો ઉત્તર તા ૨૧–૮–૧૯૨૪ ના રોજ પાઠવ્યો. એમણે પત્રમાં લખ્યું: "શાસ્ત્રીજીને દીક્ષા આપવાની મારી તત્પરતા હતી. પરંતુ શાસ્ત્રીજી ઉપર યોગશક્તિની કૃપા નહીં હોવાથી મેં આપી નહીં. હવે પછી શાસ્ત્રીજીને મળવાનું થશે ત્યારે તે વખતે જે પ્રમાણેનો યોગ હશે તે પ્રમાણે થશે. શાસ્ત્રીજીની અનુજ્ઞા લઈને પછી તમે પોતે ધર્મપત્નીને દીક્ષા આપજો. *વામન, મેં તમને દીક્ષાગુરુત્વ આપ્યું છે.* એટલે શુભ દિવસ જોઈને તમે જ સૌ. ગોપિકાબાઈને દીક્ષા આપજો. પ્રાતઃકાળમાં સ્નાનાદિ નિત્યકર્મ બાદ ઈષ્ટદેવને વંદન કરીને તથા માલા, શ્રીફળ, દક્ષિણા અર્પણ કરીને સૌ. ગોપિકાબાઈને આસન પર બેસવાનું કહેજો. પાસેના એક આસન પર તમે પણ સાધના માટે બેસજો. એ પછી જે ઘટના ઘટે એ વિષે મને લખી જણાવજો." *આમ મહારાજશ્રીને ગુરુકૃપાએ વણમાગ્યું ને અણધાર્યું દીક્ષાગુરુત્વ પ્રાપ્ત થયું.*

મહારાજશ્રીએ શાસ્ત્રીજીને પત્રની વાત કરી તથા સૌ. ગોપિકાબાઈને દીક્ષા આપવા બાબતે તેમની સંમતિ માગી. એમને સંમતિ મળી ગઈ. એમણે સૌ. ગોપિકાબાઈની સંમતિ પણ મેળવી લીધી. એ પછી પંચાંગ જોઈને દીક્ષાની વિધિ માટે તા. ૧૨–૯–૧૯૨૪નો દિવસ નક્કી કર્યો. આ નિર્ધારિત દિવસે સૌ.ગોપિકાબાઈ સવારે વહેલાં ઊઠીને સ્નાનાદિ નિત્યકર્મથી પરવારી ગયાં. એ પછી એમણે એમના પતિને નમસ્કાર કર્યા. ત્યારબાદ તેઓ મહારાજશ્રીને ઘેર આવ્યાં. મહારાજશ્રી નિત્યકર્મ આટોપીને તેમની રાહ જોતા બેઠા હતા. ગોપિકાબાઈએ દેવ સમક્ષ શ્રીફળ તથા દક્ષિણા મૂક્યાં. પછી તેમણે મહારાજશ્રીને નમસ્કાર કર્યા. એ સાથે જ તેમના શરીરમાં કંપ વ્યાપી ગયો. મહારાજશ્રીની આજ્ઞાથી તેઓ આસન પર બેસી ગયાં અને આંખો બંધ કરી. દરમિયાનમાં

મહારાજશ્રીનો જમણો હાથ ધ્રૂજવા માંડ્યો. તેમણે એ હાથ ગોપિકાબાઈના શિર પર મૂક્યો. એ પછી તેઓ પોતાના આસને જઈને બેઠા. એમની સાધના સ્થિરપણે ચાલી. શક્તિસંક્રમણના પ્રભાવથી ગોપિકાબાઈને તીવ્ર વેગથી વિવિધ ક્રિયાઓ થવા માંડી. એમની આ બેઠક એક કલાક સુધી ચાલી.

તે જ દિવસે મહારાજશ્રીએ આ દીક્ષા વિષે સ્વામીજીને વિગતવાર પત્ર લખ્યો. પત્રમાં તેમણે સ્વામીજીને જ કૃપાકર્તા તરીકે તથા પોતાને કેવળ નિમિત્ત તરીકે લેખ્યા. વળી ગોપિકાબાઈ પાસેથી દક્ષિણા પેટે મળેલ બે રૂપિયા પણ એમણે મનીઓર્ડરથી સ્વામીજીને મોકલી આપ્યા. સ્વામીજીએ એનો જવાબ પાઠવતાં લખ્યું: "આ ગુરુદક્ષિણા તમારી જ છે. આમ છતાં તમે મને મોકલી જ છે તો મારી પાસે રાખી લઉ છું. બીજી વાત, કોઈ પણ કાર્યમાં જ્યાં સુધી અભ્યાસ થતો નથી ત્યાં સુધી તે કાર્યનું જ્ઞાતાપણું આવી શકતું નથી." અહી સ્વામીજીના ગુરુ તરીકેના સામર્થ્યનો તથા ઔદાર્યનો અને મહારાજશ્રીના શિષ્ય તરીકેના વિનય અને વિવેકનો પરિચય થાય છે.

ગુરુવર્યોના સાન્નિધ્યમાં

સ્વામીજીના ગુરુ શ્રીઆત્માનંદજી ઉત્તરાખંડની યાત્રા કરીને કાશી આવ્યા હતા. તેઓ વિનિટિયાથી પોતાના ગુરુ શ્રીનારાયણતીર્થદેવને પણ સાથે લઈ આવ્યા હતા. સ્વામીજી અને આત્માનંદજી વચ્ચે નિયમિત પત્ર વહેવાર થતો હતો. આ પત્રો દ્વારા તેઓ પોતાના તરફના સમાચાર એકબીજાને જણાવતા રહેતા. ઉજ્જૈનમાં સ્વામીજીનો ચાતુર્માસ પૂરો થવામાં હતો. એ પૂરો થયા પછી એમને ફરજિયાત સ્થળાંતર કરવાનું હતું. ત્યાં એમને પરમ ગુરુદેવ કાશીમાં આવ્યાની જાણ થઈ. આથી તેમણે કાશી જવાનો નિર્ધાર કર્યો અને એની જાણ કરતા પત્રો મહારાષ્ટ્રમાં વસતા એમના શિષ્યો સ્નેહીઓને લખ્યા.

શ્રીઆત્માનંદજી કાશીમાં સ્થિર થવાનું વિચારતા હતા. એ વિચારને કાર્યાન્વિત



હોશંગાબાદમાં નર્મદા કિનારે આવેલા ખર્રા ઘાટ ઉપરનું શ્રીદત્તમંદિર

પ.પૂ શ્રીગુળવણી મહારાજને દીક્ષા થયેલી તે જગ્યાએ પ.પૂ.
શ્રીનારાયણકાકા ઊભા છે. આ જગ્યાએ શ્રીહનમન્તરાવ ફાળકેનું મકાન હતું
જે નર્મદાના પૂરમાં ધ્વસ્ત થઈ ગયું.

કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. પરંતુ તેઓ હિમ્મત હાર્યા નહીં ને કોઈની સમક્ષ એ બાબતે કશી દાદ–ફરિયાદ પણ કરી નહીં. કોઈની સામે હાથ ફેલાવ્યા વિના તેઓ પરમેશ્વર, પોતાના ગુરુ તથા પોતાને મળેલ યોગશક્તિ પર શ્રદ્ધા રાખીને મથતા રહ્યા. જે મુમુક્ષુઓ તેઓની પાસે દીક્ષા પ્રાપ્ત કરવા આવતા તેમને દીક્ષા આપીને તેઓ કૃતાર્થ કરતા હતા. સ્વામીજી કાશીમાં આવતાં અખૂટ શક્તિ અને સ્વાનુભવ ધરાવનાર એવા પરમગુરુ, સદ્ગુરુ અને સ્વામીજીની ત્રિપુટિનો જાણે ત્રિવેણી સંગમ રચાઈ ગયો. સ્વામીજીએ આસો અને કારતક મહિના ગુરુવર્યોના સાન્નિધ્યમાં ગાળ્યા.

સ્વામીજીએ પોતાના પ્રવાસો, પોતાના સંપર્કમાં આવેલા સજ્જનો અને પોતાના દ્વારા દીક્ષિત થયેલા સાધકો તથા તેમના અનુભવો વિષે પોતાના ગુરુ તથા પરમગુરુ સમક્ષ વિગતે વાત કરી. શક્તિપાત સાધના બંગાળના સીમાડાઓ ઓળંગીને મહારાષ્ટ્ર સુધી પ્રસરી છે એ જાણીને સૌએ ધન્યતા અનુભવી. શ્રીનારાયણતીર્થદેવને તેમના ગુરુએ દીક્ષા આપતી વખતે શક્તિમાર્ગના પ્રસાર વિશે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી, તે તેમને યાદ આવી ગઈ તથા શ્રીઆત્માનંદજીને સ્વામીજીની નિષ્ઠા તથા દક્ષતા જોઈને પરમ સંતોષ થયો. આમ છતાં, આ સર્વે જયોતિર્ધરો શક્તિપાત માર્ગના બહોળા પ્રસારનું શ્રેય સ્વયં શક્તિમાતાને આપતા હતા. તેઓ પોતાને તો માત્ર નિમિત્તરૂપે જ લેખાવતા હતા.

સ્વામીજીએ જાણ્યું કે તેમના પૂર્વાશ્રમના સ્નેહી અને ગુરુબંધુ બ્રહ્મચારી શ્રીક્ષિતીશચંદ્ર મુખરજી હાલ ગયામાં આવીને રહ્યા છે. તેથી તેઓ તેમને મળવા તા.૩–૧૨–૨૪ ના રોજ ક્ષિતીશચંદ્રને ઘેર ગયા ને ત્યાં દસ પંદર દિવસ રોકાયા. ઘણા વખત પછી બન્ને મિત્રો મળ્યા એથી તેમને ખૂબ આનંદ થયો. આ અરસામાં સ્વામીજીએ મહારાજશ્રીને પત્ર લખીને જણાવ્યુંઃ "શ્રીસ્વામી મહારાજ હાલ કાશીમાં છે. તેઓ મારા ઉપર ખૂબ પ્રસન્ન છે. એમની કૃપાથી હું આનંદ અનુભવું છું."

શિષ્યોને માર્ગદર્શન

સ્વામીજી ૧૯મી ડિસેમ્બર ને શુક્રવારના રોજ ગયાથી હોશંગાબાદ આવ્યા. એમના આગમન સાથે એમના ભક્તો દર્શનાર્થે તથા સાધકો માર્ગદર્શન માટે આવવા લાગ્યા. પ્રવાસના થાકને લીધે સ્વામીજીને આરામની જરૂર હતી. છતાં કયારેક એકાદ દીક્ષા તેઓ આપતા રહેતા. એક ભક્તિને દીક્ષા આપ્યા પછી તો તેઓ માંદા પડી ગયેલા. એમની માંદગી ત્રણ અઠવાડિયાં સુધી લંબાયેલી. આ વખતે સ્વામીજી હોશંગાબાદમાં ચાર મહિના રોકાયા. તેઓ પોતાનો નિવાસ બદલતા રહેતા. તેઓ તેમના સાધકો સાથે પત્ર વહેવાર કરતા રહેતા ને એ દ્વારા તેમની વર્તમાનની ગતિવિધિઓથી માહિતગાર રહેતા તથા તેમને તેમની સાધના બાબતે માર્ગદર્શન પણ આપતા રહેતા. સાધકોના પત્રોના ઉત્તરો દ્વારા સ્વામીજીએ તેમના સાધકોને આપેલ માર્ગદર્શન સંક્ષેપમાં જોઈ લઈએ.

"સાધના રોજ થવી જોઈએ. જેટલો સમય સાધનાને આપવો જોઈએ તેટલો સાધનાને આપવો જ જોઈએ. સાધનામાં બેસતી વખતે સમયનું બંધન મનમાં ન રાખ્યું હોય તો જ સાધના નિરાંતે થઈ શકે. સાધનામાં કયારેય વિક્ષેપ પડવો ન જોઈએ. સાંસારિક, સામાજિક મુશ્કેલીઓને કારણે સાધના તરફ દુર્લક્ષ્ય ન સેવાવું જોઈએ. એવી મુશ્કેલીઓ દરેકને આવતી હોય છે. એ મુશ્કેલીઓમાંથી છૂટવાનો માર્ગ તો સાધના જ છે. અમે કોઈને સંસાર ત્યાગવાનું કહેતા નથી. એ આપમેળે છૂટી જાય એવો માર્ગ અમે તમને બતાવીશું. તમારો અભ્યાસ ચાલુ રાખો, કમાવાનું પણ જારી રાખો. તમારી વાજબી સાંસારિક ઈચ્છાઓ, જવાબદારીઓ પૂરી કરો, પણ સાધનાને વિસારે પાડશો નહીં. તમે સ્થિર ચિત્તે સાધનામાં બેસો. સાધના જ તમારી પાસે યોગ્ય કર્મો કરાવશે. સાધના દ્વારા તમારામાં શું પરિવર્તન આવે છે એ જોતા રહો. વધારે આસક્તિ અને આકાંક્ષાવાળાથી પરમાર્થ કાર્યો થવાં કઠિન છે. તેથી આસક્તિ ઘટાડવી અને આકાંક્ષાઓ મર્યાદિત રાખવી. આસક્તિ અને આકાંક્ષાઓને મર્યાદિત

રાખવાથી સંસારથી અલિપ્ત થઈ શકાય છે અને સાધના સરળ બને છે. પરિશ્રમ અને જાગરણ સાધના માટે પ્રતિકૂળ છે. સંસારની બધી બાબતો અનિત્ય અને અસત્ય છે. કેવળ પરમ પદ જ સત્ય અને નિત્ય છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને દૃઢતાપૂર્વક નિરંતર સાધના કરતા રહેવું. સાધના દરમિયાન નિરાશા વ્યાપી જાય તો એની ચિંતા કરવી નહીં. સાધના રોજ કરતા રહેવું. એથી નિરાશા ચાલી જશે. આ રીતે સાધના પ્રાપ્ત કરનાર સાધક ત્રણ જન્મો સુધીમાં પૂર્ણતા પામીને મુક્તિ પામે છે. સાધનામાં બેસતી વખતે ગુરુ તથા ઈષ્ટદેવને પ્રથમ નમસ્કાર કરવા અને સાધના નિર્વિઘ્ને ચાલતી રહે એવી પ્રાર્થના કરવી. સાધના દરમિયાન તથા એ પછી થતા અનુભવો તથા મનમાં ઊઠતા વિચારો, પત્રો દ્વારા અનુકૂળતાએ જણાવતા રહેજો. ચિત્ત અને પ્રાણવાયુ એ બેય સ્થિર થયાં છે એવું અનુભવાય એટલે જાણવું કે તમારી સાધના સારી રીતે ચાલી રહી છે. આજ્ઞાચક્રનો ભેદ થવામાં થોડો વધારે સમય લાગે છે. પણ તેથી નિરુત્સાહી થવાની જરૂર નથી. બ્રહ્મચર્યનું સદૈવ પાલન કરતા રહેવું. એ સિવાય આજ્ઞાચક્રનો ભેદ થશે નહીં"

સ્વામીજી આજેગાંવમાં

સ્વામીજી એપ્રિલમાં એકાએક હોશંગાબાદથી મરાઠવાડાના હિંગોલી તાલુકામાં આવેલા આજેગાંવમાં આવ્યા અને ત્યાં રહેતા શંકરકાકા, દત્તોપંત આજેગાંવકર, બાબા મહાજન વગેરેને આનંદાશ્ચર્યમાં મૂકી દીધા. અહીં તેઓ દોઢેક મહિનો રહ્યા. આ અગાઉ શ્રીટેંબે સ્વામી પણ આ ગામમાં આવ્યા હતા. તેઓ જાગૃત દૈવત શ્રીકેશવરાજના મંદિરમાં થોડા દિવસ રોકાયેલા. તેમણે શ્રીકેશવરાજનું એક સ્તોત્ર પણ રચ્યું છે. મંદિરના ગર્ભગૃહના પ્રવેશદ્વારની બન્ને બાજુ આવેલા કઠેડાવાળા વિશાળ ઓટલાઓમાંના એકને શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના ઓટલા તરીકે ઓળખવામાં આવે છે. પછીથી બીજો ઓટલો સ્વામીજીના નામથી ઓળખાતો થયો.

શ્રી. દત્તુકાકા, બાબા મહાજન વગેરે સાધકો પરોઢિયે આ મંદિરે આવીને સ્વામીજીના સાન્નિધ્યમાં સાધના કરતા. એ પછી તેઓ સ્વામીજીને લઈને ગામ પાસેના બાગના કૂવે સ્નાન કરવા જતા. ત્યાં તેઓ સંધ્યાદિ નિત્યકર્મ પતાવીને ગામમાં પાછા ફરતા. ખભે ભીનાં વસ્ત્રો નાખીને આવતા આ ગુરુશિષ્યવૃંદને જોઈને ગ્રામજનો તેમને આદરપૂર્વક નમસ્કાર કરતા. સાંજે ફરીને પાછા ફરતાંય આ ગુરુશિષ્યો બાગના કૂવે જતા અને સાયંસંધ્યા ત્યાં જ કરતા.

શંકરકાકા દેશમુખની આઠ–દસ વર્ષની દીકરી વત્સલા શ્રીકેશવરાજના મંદિરની સાફસૂફી કરતી તથા પાણી છાંટીને રંગોળી પૂરતી. પછી સ્વામીજીને નમસ્કાર કરીને તેમની પાસે બેસતી. સ્વામીજીને નમસ્કાર કરવા આવનારાઓને તે સ્વામીજીના ચરણસ્પર્શ કરવા દેતી નહીં. એક દિવસ કોઈકે સ્વામીજીને કહ્યુંઃ "અમારા સીતારામ મહારાજ તો અમને એમનાં ચરણોમાં માથું મૂકવા દેતા, જ્યારે તમે તો ચરણસ્પર્શ પણ કરવા દેતા નથી. એમ શાથી ?" ત્યારે સ્વામીજીએ કહ્યુંઃ "તમારા સીતારામ મહારાજ સંસારી હતા. એટલે એમને એ સામે વાંધો ન હોય પણ અમને સંન્યાસીઓને ચરણસ્પર્શ સ્વીકાર્ય નથી." સ્વામીજી પ્રાતઃસ્નાન પછી મધ્યાહ્ન સુધી સતત પોતાના આસન પર સિદ્ધાસનમાં સ્થિર બેસતા. ગામના શ્રદ્ધાળુ, જિજ્ઞાસુ, ધર્મપ્રિય લોકો તેમનાં દર્શને આવતા અને તેમનું સાન્નિધ્ય માણતા. સ્વામીજી સ્ત્રીઓ તરફ દૃષ્ટિપાત કરતા નહીં. ગામલોકોને સ્વામીજીની માહિતી શંકરકાકા, બાબા મહાજન, દત્તોપંત વગેરે પાસેથી મળતી. સ્વામીજી બપોરે બાર વાગે આજેગાંવકરની ડેલીએ ભિક્ષા માટે જતા. બપોરે થોડો આરામ કર્યા પછી તેઓ વેદાંતનું વાચન કરતા. કોઈ કશુંક પૂછે તો ટૂંકમાં તેનો ઉત્તર આપતા. તેઓ ઝાઝું બોલતા નહીં. નાસાગ્રે દૃષ્ટિ સ્થિર રાખીને તેઓ ધ્યાનસ્થ મુદ્રામાં બેસી રહેતા. શ્રીદત્તોપંતજીનાં સંતાનો ઘણા ઉપાયો કરવા છતાં મરણને શરણ થતાં. સ્વામીજીએ તેમને એક મંત્ર આપ્યો. આ મંત્રના જાપથી એમની આ આપત્તિ ટળી.

આજેગાંવથી સ્વામીજી યવતમાળના સબજજ શ્રી.પરાંડેને ત્યાં આવ્યા. એ ટાણે શ્રી.પરાંડે સર વુડ્રોફનું *"સર્પન્ટ પાવર"* પુસ્તક વાંચી રહ્યા હતા. પુસ્તકમાં ષટ્ચક્રોની આકૃતિઓ દોરેલી હતી. પુસ્તક જોઈને સ્વામીજીએ કહ્યું: "ગ્રંથ લખ્યો અને આકૃતિઓ દોરી એટલે આ વિષયનું જ્ઞાન થયું એમ કહી શકાય, પણ એટલા માત્રથી અનુભવ થશે જ એમ કહી શકાય નહીં. અનુભૂતિ એ સ્વતંત્ર બાબત છે. જેમને અનુભવ થાય છે એમને એ વિષે લખવાનો સમય ક્યાં હોય છે?" શ્રી. પરાંડેએ એ પુસ્તક મહારાજશ્રીને બાર્શી મોકલ્યું અને તેમાંની આકૃતિઓની નકલ કરી લેવા જણાવ્યું.

દરમિયાનમાં મદારીપુરથી સદ્ગુરુ શ્રીઆત્માનંદજીનો પત્ર સ્વામીજી પર તા. ૨૩–૫–૧૯૨૫ના રોજ યવતમાળમાં આવ્યો. પત્રમાં સ્વામીજીના સ્વાસ્થ્ય અંગે પૃચ્છા કરીને તેમને આશીર્વાદ પાઠવ્યા હતા. ઉપરાંત, દાદાબાબુ, ઠાકુરમાતા તથા શ્રી.પરાંડેને પણ આશીર્વાદ લખ્યા હતા. સદ્ગુરુના આશીર્વાદ પામીને સ્વામીજી ચાતુર્માસ ગાળવા બાર્શી તરફ રવાના થયા.

બાર્શીમાં ચાતુર્માસ (૧૯૨૫)

સ્વામીજીના બાર્શીમાં આગમન બાબતે મહારાશ્રીએ સોલાપુરના બાપુસાહેબ કુબડેને, ઔંઢીના વ્યંકટરાવને, દૌંડના ભાસ્કરરાવ ભાગવતને તથા સોલાપુરના તાત્યાસાહેબ સોહનીને પત્રો દ્વારા જાણ કરી. સ્વામીજીએ આ વખતે મુગુટકર વકીલ, નારાયણરાવ પુરંદરે વગેરેનાં આમંત્રણો છતાં શ્રી.પ્રહ્લાદ શાસ્ત્રીના આગ્રહને વશ થઈને એમને ત્યાં મુકામ કર્યો. સંન્યાસીઓનો ચાતુર્માસ વ્યાસપૂર્ણિમાથી ભાદ્રપદ પૂર્ણિમા સુધીનો – બે માસનો હોય છે. તે પ્રમાણે સ્વામીજીએ આ ચાતુર્માસ અહીં ગાળ્યો.

એકવાર પ્રહ્લાદ શાસ્ત્રીને ત્યાં કશીક અડચણ ઊભી થઈ. એ કારણે સ્વામીજીનો મુકામ તે દિવસે બ્રાહ્મણ ફળિયાના ખુલ્લા વાડામાં રાખવામાં

આવ્યો. પ્રેતના ઉપદ્રવની અફવાને કારણે એ વાડાનો કોઈ ઉપયોગ કરતું નો'તું. જો કે પ્રહ્લાદ શાસ્ત્રી તથા એમના જેવાઓને આ અફવા વજૂદ વિનાની લાગતી હતી. સ્વામીજી તો રાત્રે એ વાડામાં જ સૂઈ ગયા. એ રાત્રે વાડામાં પથરા ફેંકાવાના અવાજો સંભળાવા લાગ્યા. આ અવાજો આખી રાત સંભળાતા રહ્યા. એ કારણે સ્વામીજીને નિદ્રાધીન થવાનું મુશ્કેલ બની ગયું. એથી તેઓ સવાર થતાં સુધી સમાધિ લગાવીને બેસી રહ્યા. સવારે પ્રહ્લાદ શાસ્ત્રી દર્શનાર્થે આવ્યા ત્યારે સ્વામીજીએ રાતની ઘટનાની વાત કરી. એ જ ક્ષણે સ્વામીજીનો મુકામ બદલી નાખવામાં આવ્યો. સ્વામીજી કહેતાઃ *"યોગમાર્ગના પ્રવાસીઓને પિશાચો હેરાન કરી શકતા નથી. શ્રીગુરુચરિત્રનું પુસ્તક કે તેનું એકાદ પાનું જો પોતાની પાસે રાખ્યું હોય તો પિશાચો કોઈ પ્રકારની હેરાનગતિ કરી શકતા નથી."* પિશાચોનાં દુષ્કૃત્યો પર નિયંત્રણ રાખવાનું સ્વામીજી માટે સહજ હતું.

એકવાર બધા સાધકો, શિષ્યો, ભક્તો તથા નિકટનાં સંબંધીઓ માટે ભોજન સમારંભ ગોઠવાયેલો. સ્વામીજીએ પંગતમાં બે વાર ફરીને બધાંને પીરસનારાઓ પાસે આગ્રહપૂર્વક મિષ્ટાન્ન પિરસાવ્યું ને કહ્યુંઃ "આ તો પ્રસાદ છે. કોઈ છાંડશો નહીં." સ્વામીજી ત્રીજી વાર પિરસાવવા નીકળ્યા ત્યારે તો ખાનારા સૌ આકંઠ તૃપ્ત થઈ ગયા હતા. એટલે એમણે પીરસનારાઓને દાદ આપી નહીં. ત્યારે સ્વામીજીએ, પીરસનારાઓને સંબોધીને એક પદ્ય રચના સંભળાવી.

हां हां दद्यात्, हूं हूं दद्यात् ।
दद्यात् शिरसि कंपने हस्तसंचालने दद्यात् ।
न दद्यात् व्याघ्रझंपने ।

અર્થાત્ "જમનારો હાં હાં કહે તો પીરસવું, હૂં હૂં કહે તો પીરસવું, માથું ધુણાવે તોય પીરસવું ને હાથ હલાવે તો પણ પીરસવું. પણ તે વાઘની જેમ ઘૂરકે કે ત્રાડ પાડે ત્યારે ન પીરસવું." સ્વામીજીએ જમનારાઓને વ્યાઘ્ર ઝંપનની રીત શીખવીને સૌને ગમ્મત કરાવી.

ઉત્તરેશ્વર ક્લબના સભ્યો રોજ સાંજે ઉત્તરેશ્વરનાં દર્શને જતા ને ત્યાં દર્શન કર્યા પછી નજીકના તળાવના કિનારા પાસે ઈંગુદીના ઝાડ પર ચડીને બેસતા ને હવા ખાતાં ખાતાં વાતો કરતા. ઝાડ પર બેસવાનું દરેકનું સ્થાન નિશ્ચિત હતું. આ વખતે સ્વામીજીની ઉપસ્થિતિને કારણે કોઈ ઝાડ પર ચડ્યું નહીં. બધા ઝાડ નીચે બેસવાની તૈયાર કરતા હતા. ત્યાં સ્વામીજીએ છાટી સંકેલી અને ઝાડ પર ચડી ગયા ને એક ડાળ પર બેસી ગયા. એમને ઝાડ પર ચડતા જોઈને બાકીના સૌ એમને અનુસર્યા, ને પોત પોતાના નિયત સ્થાને બેસી ગયા. યોગાનુયોગ સ્વામીજી જે ડાળ પર બેઠા હતા એ ડાળ મહારાજશ્રીની કાયમની બેઠકની ડાળની બરોબર ઉપરની ડાળ હતી. આમ મહારાજશ્રીને અનાયાસે જ સ્વામીજીનાં ચરણોમાં બેસવાનું મળી ગયું. સ્વામીજી જે સ્થાન પર બેઠા હતા એ બધાંનાં સ્થાનથી ઊંચું હતું.

એકવાર સાંજે બધા સાથે ફરવા નીકળેલા. વાતોમાં આસનોનો વિષય ચર્ચાવા માંડયો. સ્વામીજીને આસનો સરસ આવડતાં. એક ખેતરમાં થોડી જગા સાફસૂફ કરીને તેમણે સરસ રીતે મયૂરાસન કરી બતાવ્યું. એ જોઈને સૌ આનંદાશ્ચર્યમાં પડી ગયા.

બાર્શીમાં ચાતુર્માસ દરમિયાન સ્વામીજીને મહારાષ્ટ્રની ધાર્મિક પરંપરાનો સારો પરિચય થયો. ઉત્તર ભારતમાં ધાર્મિક આચારો બહુ ચુસ્ત રીતે પળાતા નથી. દક્ષિણ ભારતમાં ધાર્મિક આચારોનું પાલન કડકાઈથી કરવામાં આવે છે. મહારાષ્ટ્રના લોકો બહારનો કશો દેખાડો કર્યા વિના ધાર્મિક આચારો શાસ્ત્રોક્ત રીતે પાળતા રહ્યા છે. આ લોકો દંડધારી સંન્યાસીનો જેટલો આદર કરે છે એટલો તેઓ દંડ વિનાના સંન્યાસીનો કરશે જ એવું માની લેવાય નહીં, એ વાતનો અનુભવ પણ સ્વામીજીને થઈ ગયો હતો.

બાર્શીમાંના સ્વામીજીના આ રોકાણ દરમિયાન પ્રહ્લાદ શાસ્ત્રીના પુત્ર શ્રી.દાદાશાસ્ત્રી એમની અનન્ય ભાવે સેવા કરતા રહેલા. તેઓ સ્વામીજીની

છાટી ધોતા, ભિક્ષાની તૈયારી કરતા, એમનાં વાસણો માંજતા તથા એમની ઓરડીની સફાઈ કરતા. તેઓ આવાં બધાં કામ બીજાઓના સાધના કર્મમાં લગીરે વિક્ષેપ ન પડે એ રીતે કરતા. *બીજાઓને ખલેલ પહોંચાડ્યા વિના પોતાનાં કામો શાંતિથી પતાવવાની આ રીત સાધનામાર્ગીઓ માટે અનુકરણીય છે,* એમ કહીને સ્વામીજીએ દાદા શાસ્ત્રીની પ્રશંસા કરેલી. બાર્શીનો ચાતુર્માસ પૂરો થયો એ પછી સ્વામીજી મધ્ય પ્રદેશના સાગરમાં રહેતા પોતાના ભક્ત શ્રી. વિનાયક નારાયણ ભટ્ટને ત્યાં ૧૯૨૫ના સપ્ટેમ્બરની બારમીએ મધ્યરાત્રીના સમયે આવી પહોંચ્યા. શ્રી. ભટ્ટે સ્વામીજીને તમામ સુવિધાઓ પૂરી પાડી. તેમને ત્યાં થોડા દિવસ રોકાઈને સ્વામીજી તે જ ગામમાં રહેતા સબજજ શ્રી. પરાંડેના બંધુ શ્રી.ગંગાધર માધવરાવ પરાંડેને ત્યાં રહેવા ગયા.

આ જ અરસામાં મહારાજશ્રીએ સ્વામીજીની આજ્ઞાથી શ્રી. બાપુસાહેબ કુબડે અને શ્રી. વ્યંકટરાવ કુલકર્ણીને તેમને ગામ જઈને દીક્ષા આપી. એ પછી એમણે આ દીક્ષા વિષે સ્વામીજીને જાણ કરી. સ્વામીજીએ સાગરમાં શ્રી. નારાયણરાવ નામના સજ્જનને દીક્ષા આપી. અહીં એકાદ માસ ગાળીને સ્વામીજી હોશંગાબાદ ગયા. હોશંગાબાદમાં તેઓ ઋષિકુલમાં એકાદ વર્ષ રહ્યા. ગામમાં સ્વામીજીના ઘણા ભક્તો અને શિષ્યો હતા. એટલે એમને ભિક્ષાદિની કશી ચિંતા નો'તી. આ ભક્તો અને શિષ્યોની સેવાપરાયણતા છતાં સ્વામીજીને પોતાના નિઃસ્પૃહી સ્વભાવને કારણે ક્યારેક મુશ્કેલીઓ સહેવી પડતી. જો કે સ્વામીજી એવી મુશ્કેલીઓથી ટેવાઈ ગયા હતા.

અહીંના રોકાણ દરમિયાન સ્વામીજીને શરદી ખાંસીની તકલીફ રહ્યા કરતી. આવી તકલીફ થતી ત્યારે તેઓ ઉપવાસથી તેનું શમન કરતા. જો કોઈ ભક્ત કોઈ દવા સૂચવે તો એનું મન રાખવા તેઓ એ દવા લેતા. એકવાર કેટલાક હિતચિંતકોએ તેમને શરદીના શમન માટે બીડીનું સેવન કરવા સૂચવ્યું. સ્વામીજીએ એ ઈલાજ પણ કેટલાંક અઠવાડિયાં સુધી અજમાવી જોયો. તેમના

આવા ભલા ભોળા સ્વભાવ બાબતે કોઈકે ટીકા કરી ત્યારે તેમણે જવાબમાં આચાર્યશ્રીનો આત્મષટ્કનો નીચેનો શ્લોક ટાંક્યોઃ

ન પુણ્યં, ન પાપં, ન સૌખ્યં, ન દુઃખં।
ન મંત્રો, ન તીર્થં, ન વેદા, ન યજ્ઞાઃ॥
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા।
ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહમ્॥

સ્વામીજી વિષમ પરિસ્થિતિમાં પણ અવિચલિત અને પ્રસન્ન રહી શકતા તેનું રહસ્ય આ શ્લોક દર્શાવી આપે છે. આ અરસામાં સ્વામીજીએ લખેલા કેટલાક પત્રો ઉલ્લેખનીય છે. તા. ૩૧-૧-૧૯૨૬ ના રોજ હોશંગાબાદથી મહારાજશ્રી પર લખેલા પત્રમાં તેમણે શરીરમાં કળતર, જીર્ણજ્વર, મંદાગ્નિ તથા કબજિયાત વિષે ફરિયાદ કરતાં લખ્યું હતુંઃ "હવે સ્થળાંતર કરવાનું સામર્થ્ય રહ્યું નથી. નસીબમાં લખાયું હોય તે ભોગવવું જ જોઈએ. એમ કરતાં ધૈર્ય ન ગુમાવવું જોઈએ." વળી પત્રમાં તેમણે લખેલુંઃ "સાધનામાં કાનમાં પ્રણવોચ્ચાર થાય એ શુભ ચિહ્ન છે. તા.૨૦-૯-૧૯૨૬ના રોજ અહીંથી જ લખેલા બીજા એક પત્રમાં સ્વામીજીએ ઘણા વખતથી પત્ર નહીં મળવા બાબત ચિંતા વ્યક્ત કરીને ઉમેર્યું હતુંઃ "હું વિરક્ત અંતઃકરણવાળો સંન્યાસી હોવા છતાં તમને ભૂલ્યો નથી. આપ વ્યવહારી પુરુષ હોવા છતાં મને ભૂલી ગયા !" તા.૧૪-૧૨-૧૯૨૬ના પત્રમાં સ્વામીજીએ જણાવ્યુંઃ "સ્વામી(ગુરુ) મહારાજના પત્રની રાહ જોતો હું અહીં રોકાઈ રહ્યો છું. કોઈ પણ કામ મારી ઈચ્છાથી કરતો કરાવતો નથી. હમણાં તો માત્ર કાશી જવાની પ્રેરણા અંતર્યામી કરે છે. આગળ ઉપર નારાયણ જ્યાં મોકલશે ત્યાં જઈશ અને તમને જણાવીશ."

એ વર્ષના પછીના ગાળામાં સ્વામીજીને ભારે કષ્ટ પડ્યું. ભિક્ષા લેવા જવાય નહીં. લોટો પાણી આપનાર કોઈ પાસે મળે નહીં. ક્યરેક....તેમનો ક્રોધ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતો. પરંતુ તે રૌદ્ર સ્વરૂપને ષડ્રિપુઓના વિકારનો સ્પર્શ લેશમાત્ર થતો નહીં.

અધ્યાય: ૬

ચિન્મયાનંદ 'લોકનાથતીર્થ' થયા

સ્વયં આચરી ધર્મનો કરે મૂક ઉપદેશ ।
કર્માકર્માતીત એ લીલામાનુષ વેષ ॥

(શ્રીગુરુલીલામૃત, ૧૦૫-૮૪)

સન ૧૯૨૯માં શ્રીનારાયણતીર્થદેવ મદારીપુરમાં જ્ઞાનસાધન મઠમાં હતા અને શ્રીઆત્માનંદજી કાશીમાં હતા. શ્રીનારાયણતીર્થદેવે તેમને સંન્યાસ લેવાની અનુજ્ઞા આપતાં જણાવ્યું: "આપણે જગન્નાથપુરીની આચાર્યપીઠના તીર્થ પરંપરાના સંન્યાસી છીએ. તમારે પણ તે જ પીઠ દ્વારા સંન્યાસ લેવો." એ ટાણે જગન્નાથપુરી પીઠાધીશ આચાર્ય શ્રીભારતીકૃષ્ણતીર્થજી કલકત્તામાં હતા. તેથી આત્માનંદજીને તેમના સંપર્ક માટે કલકત્તા જવાનું થયું. ત્યાં આચાર્યશ્રીએ આત્માનંદજી વિષેની પૂરી માહિતી મેળવીને સંન્યાસ ગ્રહણ માટેની તેમની પૂરી યોગ્યતાની ખાતરી કરી લીધી. એ પછી સંન્યાસ દીક્ષા માટે

શિવરાત્રીનો દિવસ નક્કી કર્યો. તે દિવસ આચાર્યશ્રી દિલ્લી હોવાથી દીક્ષા વિધિ યમુના તટે સંપન્ન થયો. એ પછી આત્માનંદજી *"શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ"*એવું નામ ધારણ કરીને દંડી સંન્યાસી બન્યા. એ પછીના આઠ માસ તેઓ પુરી મઠમાં રહ્યા. સ્વામીજીનો (ચિન્મયાનંદજીનો) સંન્યાસ વિધિ તો શ્રીઆત્માનંદજીના કહેવાથી બાર વર્ષ પહેલાં, ૧૯૧૪માં ઢાકાના મઠાધિપતિ ત્રિપુરલિંગ સ્વામી મહારાજ દ્વારા થયો હતો. સદ્‌ગુરુ શ્રીઆત્માનંદજી દંડી સંન્યાસી બન્યા છે એવા સમાચાર જાણીને સ્વામીજીએ તેમને પત્ર દ્વારા જણાવ્યું: "મારો સંન્યાસાશ્રમ દંડ ગ્રહણ સિવાય પૂરો થઈ શકતો નથી. મહારાષ્ટ્રના વિદ્વાનો પણ આમ કહે છે. આથી મારી દંડગ્રહણની ઈચ્છા છે. આપે દંડગ્રહણ કર્યો હોવાથી મારે હવે કશી બાધા રહેતી નથી. તો અનુકૂળ ઉત્તર આપશો એવી પ્રાર્થના." પત્રનો ઉત્તર મળતાં તેઓ સાતમી જાન્યુઆરી ૧૯૨૭ના રોજ કાશી પહોંચ્યા. પોતાના ગુરુજીને પહેલી જ વાર કૌપિનધારી દંડી સંન્યાસીના વેષમાં જોઈને તેઓ રોમાંચિત થઈ ગયા. તેમણે તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી ઔપચારિક વાતો થઈ. ત્યારબાદ સ્વામીજીએ દંડગ્રહણની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. એમની ઈચ્છાનુસાર શ્રીશંકરપુરુષોત્તમતીર્થજીએ શ્રીક્ષેત્ર ગયામાં સમારંભ યોજીને ૧૯૨૭ની ૩૦મી જાન્યુઆરીએ રવિવારના રોજ શક ૧૮૪૮ની પોષ વદ બારસને દિવસે મૂળ નક્ષત્રમાં પોતાના શિષ્યને દંડ ધારણ કરાવ્યો. આ પ્રસંગને અનુલક્ષીને સ્વામીજીએ ૨૨-૨-૧૯૨૭ના રોજ બનારસથી પત્ર લખ્યો: "તમારા લોકોની ગણતરી પ્રમાણે મારું વિધિવત્ દંડગ્રહણ પોષ વદ બારસને દિવસે થયું. આ વિધિ મારા દીક્ષાગુરુશ્રી દ્વારા થયેલ છે. મારું નવું નામ 'લોકનાથતીર્થ' રાખ્યું છે. આ નામથી હવેથી મને લખવું. આ ખબર બાર્શીમાં લખી જણાવજો." આ વખતનો ચાતુર્માસ સ્વામીજીએ કાશીમાં શ્રીગુરુ સાન્નિધ્યમાં વિતાવ્યો. એ પછી ૧૭-૧૦-૧૯૨૭ના રોજ તેઓ કાશીથી મધ્યપ્રદેશમાં આવેલા દમોહ ગામે ગયા. ત્યાં થોડા દિવસ રોકાઈને તેઓ સાગરમાં શ્રી.પરાંડેને ત્યાં ગયા. ત્યાંથી તેમને પૂના જવાનું થયું.

સ્વામીજી પૂનામાં

સ્વામીજીનો ઋણાનુબંધુ ઉત્તર કરતાં દક્ષિણ સાથે વધારે લાગે છે. આથી તેમને મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રમાં હંમેશાં ઘર જેવું લાગ્યું છે. માતા જેમ પુત્ર તરફ આકર્ષાય તેમ સદ્‌ગુરુ સારા શિષ્ય તરફ ખેંચાણ અનુભવતા હોય છે. એ ન્યાયે મહારાજશ્રી બાર્શીમાં હતા ત્યારે સ્વામીજી બાર્શીમાં ગયા. આમ તેમને૧૯૨૪થી ૧૯૨૬ના ગાળામાં બાર્શીમાં બે વખત જવાનું થયું. પછી મહારાજશ્રીની નોકરી પૂનામાં થઈ એટલે તે બાર્શીથી પૂના આવ્યા. એટલે સ્વામીજી પણ ૧૯૨૮માં મહારાજશ્રીને ત્યાં પૂનામાં આવ્યા. મહારાજશ્રી સ્વામીજીને સ્ટેશનથી ઘોડાગાડીમાં બેસાડી નારાયણપેઠમાંની ગોવઈકરની ચાલીમાં પોતાને નિવાસે લઈ આવ્યા. ઘેર પહોંચતાં મહારાજશ્રીનાં માતુશ્રી, બહેન તથા એક યુવાને, સ્વામીજીને પ્રણામ કરીને આવકાર્યા. આસન પર બેઠા પછી સ્વામીજીએ પેલા યુવાનની ઓળખાણ માગી. મહારાજશ્રીએ કહ્યુંઃ "આ મારા પડોશી ભુજંગરાવ ભાલેરાવ છે." એમ કહી એમની ઓળખાણ આપી. સ્વામીજીએ આ પહેલી મુલાકાતમાં જ કહ્યુંઃ "ના, એ પડોશી નથી. તમારા પરિવારના જ સભ્ય છે."

અહીં રોજ વહેલી સવારે સ્વામીજી સાથે સાધના શરૂ થતી. મહારાજશ્રી નૂતન મરાઠી વિદ્યાલયમાં ચિત્રશિક્ષક હતા. એમને બધું નિત્યકર્મ પતાવીને રોજ અગિયાર વાગે શાળામાં જવું પડતું. સ્વામીજીને પણ પોતાનાં નિત્યકર્મ મહારાજશ્રી સાથે આટોપવા પડતાં. પૂનામાં એમનું આ પહેલું આગમન હોવાથી એમના અહીં કોઈ સંપર્કો નો'તા. આથી તેમની બપોર વાચન અને વિશ્રાંતિમાં પસાર થતી. તેઓ બંધ નેત્રે, આસનસ્થ થઈ મસ્તીમાં વિશ્રાંતિ માણતા.

સાંજે મહારાજશ્રી શાળાએથી પાછા ફરે એ પછી કલાક–દોઢ કલાકનો ફરવાનો કાર્યક્રમ રહેતો. ઘણીવાર ભુંજગરાવ પણ સાથે થતા. તેઓ બન્ને સ્વામીજીને પૂના શહેરનાં જુદાં જુદાં સ્થળોની માહિતી આપતા રહેતા. આ

હેતુથી તેઓ ફરવા માટે રોજ નવાં સ્થળો પસંદ કરતા. રસ્તામાં પ્રશ્નોના ટૂંકા ઉત્તરો આપવા સિવાય સ્વામીજી ઝાઝું બોલતા નહીં. ફરીને આવ્યા બાદ સાયં સંધ્યા, આરતી તથા સાધના થતી. પછી તેઓ થોડો ફળાહાર લેતા. રાત્રિ ભોજન તેઓ લેતા નહીં. રોજનો આ નિત્યક્રમ રાતના આઠ સુધીમાં સંપન્ન થતો. નારાયણ પેઠમાં દરવાજામાં થઈને વાડામાં પ્રવેશતાં મોટો ચોક આવતો . ચોકને ફરતે આવેલા બે માળના વિશાળ મકાનમાં પચ્ચાસેક પરિવારો ભાડે રહેતા. આ પરિવારોને પંપ દ્વારા કૂવામાંથી પાણી મળતું. ચોકની મધ્યમાં આવેલી ઓરડીઓ ગોવઈકરની માલિકીની હતી. તેમાં રહેતા ભાડૂઆતોને સુધરાઈના નળનું પાણી મળતું. ચોકમાં પ્રવેશતાં ડાબી બાજુની એકની પાછળ બીજી એવી ૧૧× ૯ ના માપની બે ઓરડીઓ મહારાજની હતી. બન્ને ઓરડીઓની વચ્ચેની ભીંતમાં બારણા ઉપરાંત બે બારીઓ હતી. અંદરની ઓરડીમાં ૪×૭ના માપની ચોકડી હતી. જગા નાની પણ પાણીની સગવડવાળી તથા સુરક્ષિત હોવાને લીધે તથા કિફાયતી ભાડાને કારણે પસંદ કરવામાં આવી હતી. આ સ્થળે મહારાજશ્રી ૧૯૨૬થી ૧૯૬૪ સુધી રહ્યા હતા. અહીં મહારાજશ્રીનાં માતુશ્રી ઉમામાતા તથા બહેન ગોદાવરીએ પણ લાંબા સમય સુધી વસવાટ કર્યો હતો. સ્વામીજી પણ આ સ્થળે ૧૯૨૮થી ૧૯૫૧ દરમિયાન વખતોવખત આવીને મહિનાઓ સુધી રોકાયા હતા. અન્ય સાધુ સંતોનાં પગલાં પણ આ સ્થળને પાવન કરતાં રહ્યાં હતાં. અહીં જ મહારાજશ્રી સામાન્ય ચિત્રશિક્ષકમાંથી યોગીરાજ તથા દીક્ષાગુરુપદ પામ્યા હતા. આ સ્થળે અનેક અનુષ્ઠાનો, પારાયણો, અન્ન સંતર્પણો, દીક્ષાવિધાનો અને સાધનાઓ તથા દિવ્ય અનુભવો થયાં હતાં. આમ આ સ્થળ શક્તિસંચારયુક્ત તથા ચૈતન્ય સભર થઈને સિદ્ધભૂમિ બની ગયું હતું.

આગલી ઓરડીના પ્રવેશદ્વારની સામેની બારી પાસેથી અંદરની ઓરડીના ખૂણામાં મહારાજશ્રી ઉત્તરાભિમુખ થઈને સાધના અનુષ્ઠાન આદિ માટે બેસતા. એ જ ઓરડીમાં તેમનાં માતુશ્રી તથા બેનની ઉઠકબેઠકેય રહેતી. સ્વામીજીના અહીંના રોકાણ દરમિયાન તેમનો સામાન, દંડ કમંડલ, બિછાનું

વગેરે બીજી બારી પાસે આગળની ઓરડીમાં રહેતો. ત્યાં બેઠાં બેઠાં સ્વામીજી એક બારીમાંથી અંદરના દેવસ્થાનને તથા બીજી બારીમાંથી અંદર મહારાજશ્રીને જોઈ શકતા અને મહારાજશ્રી પોતાની પાસેની બારીમાંથી આગલી ઓરડી અને એના પ્રવેશદ્વારને જોઈ શકતા.

રાત્રે આઠેકને સુમારે નિત્યક્રમ સમેટ્યા પછી બધાં નવરાં પડતાં ઘરમાં નીરવ શાંતિ વ્યાપી જતી. ક્યારેક ભુંજગરાવ ભાલેરાવ આવી ચડતા. એમના સિવાય કોઈ આવતું નહીં. આવા શાંત વાતાવરણમાં સ્વામીજી લહેરમાં આવીને એમના મધુર કંઠે, ભાવવિભોર થઈને ભજનો ગાતા. એમની પાસે હિન્દી, બંગાળી ભજનોનો સારો ભંડાર હતો. ભજનોનો કાર્યક્રમ કલાકેક ચાલતો. એ દરમિયાન ઓરડીનું વાતાવરણ ભગવદ્‌ભાવથી ચૈતન્યમય બની જતું.

ભુજંગરાવ ઉર્ફે નાના ભાલેરાવ

શ્રી. નાનાના પિતાજી બળવંતરાવ ભાલેરાવ મરાઠવાડાના ઉસ્માનાબાદ જિલ્લાના ડોણજા ગામના માતબર કુલકર્ણી વતનદાર હતા. ચોફેર ખુલ્લી જમીનવાળું વિશાળ મકાન, સેંકડો એકરની બાગાયતી અને જિરાયતી જમીન, ગાયો, ભેંસો, બળદ, ઘોડા, વાછરડાંથી ભરી ભરી ગમાણ, અનાજથી ભર્યા કોઠાર આ બધી સંપત્તિ વડીલોના પુણ્યથી તથા જાતમહેનતથી બળવંતરાવે પ્રાપ્ત કરી હતી. નોકરચાકરો, ખેડૂતો તથા મહેમાનો, મુલાકાતીઓથી એમનું ઘર ભર્યું ભર્યું રહેતું. નાનાનાં ઘરમાં એમનાં બા–બાપુજી, ચાર ભાઈઓ, ભાભીઓ તથા ભત્રીજાઓ સૌ ભેગાં રહેતાં.

આ પરિવારમાં શુદ્ધ આચારવિચારની તથા તપ, અનુષ્ઠાન ને દાનધર્મની સુવાસ મહેકતી. બળવંતરાવ સાલસ તથા પરોપકારી સ્વભાવના હતા. તેથી સૌ તેમનું આદર–સન્માન કરતા. નાનાનાં માતુશ્રી ધાર્મિક વૃત્તિનાં હતાં. તેઓના હાથની રસોઈ જમ્યા વિનાનું કોઈ એ પંથકમાં ભાગ્યે જ જોવા મળતું. એટલે સૌ તેમને સાક્ષાત્‌ અન્નપૂર્ણા માનતા. પ્રાણ ત્યાગતાં

પહેલાં પોતે સ્વર્ગનાં દર્શન કર્યાં હતાં એમ તેઓ કહેતાં.

નાનાની પહેલી પચ્ચીસી ડોણજામાં વીતેલી. તેઓ વ્યાયામના ભારે શોખીન હતા. તેઓ કુસ્તીની સ્પર્ધાઓમાં કાયમ વિજેતા બનતા. નદીના ધસમસતા પૂરમાં તરવાનું તેમને ગમતું. આ કારણે ઉત્તરાવસ્થામાંય તેમનું શરીરસૌષ્ઠવ એવું ને એવું જ જળવાઈ રહેલું. તેઓ ઉત્કૃષ્ટ કોટિના વેદાભ્યાસી હતા. તેમના ઉચ્ચારો શુદ્ધ ને મુગ્ધકર હતા. તેમનું જ્યોતિષ અને વૈદકનું જ્ઞાન તલસ્પર્શી હતું. વેદાંતનાં સૂત્રો તેમને કંઠસ્થ હતાં. તેમને સંગીતની પણ સારી જાણકારી હતી. શાસ્ત્રીય સંગીતની પણ તેમને સારી ફાવટ હતી. ગવાતી ગમે તે ચીજ સાંભળતાંની વારમાં તેઓ એ ચીજ કયા રાગ પર આધારિત છે તે કહી શકતા. તેમની પાસે આધુનિક ઢબનું શિક્ષણ નો'તું એટલે તેમની બહુમુખી વિદ્વત્તા ઘણું ખરું અપ્રગટ જ રહેલી. જો કે તેમના નિકટના સંપર્કમાં આવનારને તેમની બહુમુખી પ્રતિભાનો પરિચય થયા વિના રહેતો નહીં. તેમના અક્ષરોય મરોડદાર હતા.

નાનાનો વિવાહ નાની ઉમ્મરે થયેલો. મિલ્કતના ભાગ પાડ્યા વિના જ ખેતીવાડીની તમામ જવાબદારી મોટાભાઈને સોંપીને તેઓ નોકરીની શોધમાં પૂના આવ્યા. તેમના સુંદર અક્ષરોને કારણે તેમને અદાલતમાં સહેલાઈથી નોકરી મળી ગઈ ને આમ એમણે ટૂંકી આવક સાથે પોતાનો નાનકડો સંસાર શરૂ કરી દીધો. લૌકિક વહેવાર કરતાં તેમને ધ્યાન, તપ–જપમાં વિશેષ આનંદ આવતો. તેઓ ડોણજાથી પૂના આવીને નારાયણ પેઠ ગોવઈકરની ચાલમાં રહેવા લાગ્યા. એ પછી ચારેક મહિના બાદ સન ૧૯૨૬માં મહારાજશ્રી પણ ત્યાં જ આવી ગયા. બન્નેની ઓરડીઓ વચ્ચે માત્ર એક ઓરડીનું જ અંતર હતું. વૈદ્ય માસ્તરને લીધે તેઓ અગાઉથી એકબીજાના પરિચયમાં આવ્યા હતા. હવે પડોશીને નાતે તેમનો એકબીજા માટેનો સ્નેહ ઓર વધ્યો. નાનાના સરળ સેવાભાવી સ્વભાવને કારણે મહારાજશ્રી તેમના પર સદૈવ પ્રસન્ન રહેતા. ૧૯૨૮ના માર્ચ મહિનાની આખરમાં સ્વામીજી પંદરેક દિવસ માટે પૂના આવ્યા. ત્યારે નાનાને

દીક્ષા આપવાની વાત મહારાજશ્રીએ સ્વામીજી સમક્ષ મૂકી. નાનાના ઉમદા સ્વભાવને લીધે સ્વામીજીને પણ એમના તરફ સ્નેહભાવ જાગ્યો હતો. એક સારો દિવસ જોઈને સ્વામીજીએ નાનાને સ્પર્શદીક્ષા આપી. આ વિધિ મહારાજશ્રીની ઓરડીમાં થયો. *નાનાએ આ વિધિને અંતે એક કલાક સુધી નિર્વિચાર અવસ્થામાં પ્રગાઢ શાંતિનો અનુભવ કર્યો.* સાધના પૂરી થતાં તેમણે સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. સ્વામીજીએ તેમને શ્રીફળનો પ્રસાદ આપતાં કહ્યુંઃ "વામનની સાથે બેસતો રહેજે. સર્વ ઉત્તમ થશે." ત્યારે નાનાને त्वया नियुक्तोसि तथा करोमि । એવો ભાવ મનમાં જાગ્યો.

દંડધારી સ્વામીજી બાર્શીમાં

દંડ ગ્રહણ કર્યા બાદ સ્વામીજી પહેલી વાર સન ૧૯૨૮નાં એપ્રિલના પહેલા અઠવાડિયામાં પૂનાથી બાર્શી આવ્યા. પહેલા થોડા દિવસ તેઓ શ્રી.પ્રહ્લાદભાઈ શાસ્ત્રી બુવાને ત્યાં રહ્યા. પછી શ્રી. નારાયણરાવ પુરંદરેને ત્યાં થોડા દિવસ રોકાયા પણ અહીં કશીક ઘરેલુ મુશ્કેલી ઊભી થતાં તેમણે ભગવંત મંદિરમાં શ્રી.શાસ્ત્રી બુવાને ત્યાં મુકામ કર્યો. આથી ગામના ઘણા લોકો તેમને ઓળખતા થયા. એમનું બપોરનું ભોજન જુદા જુદા શિષ્યોને ત્યાં થતું. શ્રી.મુગુટકર રાત્રે એમને માટે દૂધ લાવતા. શ્રી.પ્રહ્લાદ શાસ્ત્રી દૂધ ગરમ કરી આપતા. નારાયણરાવ અને બીજા મિત્રો ફળફળાદિ લાવતા. સાંજના ફરવાના કાર્યક્રમ પછી સંધ્યા તથા ધાર્મિક ગ્રંથોનું વાચન તથા એ અંગે ચર્ચાઓ થતી. લગભગ રોજ વહેલી સવારે સ્વામીજીની હાજરીમાં સામૂહિક સાધના થતી રહેતી. આ અરસામાં સ્વામીજીએ પોતાને હાથે એક કમંડલ તૈયાર કરવા માંડ્યું. પરદેશથી આવતા એક વિશિષ્ટ આકારના નાળિયેરને કાળજીપૂર્વક ઊભું ચીરીને તેના કોચલામાંથી આવું કમંડલ તૈયાર કરાતું. સ્વામીજીએ નાળિયેરના કોચલાને અંદરથી અને બહારથી કાળજીપૂર્વક સાફ કરીને એના પર લાખનું પડ ચડાવ્યું તથા તેના પર એક વાંકી કડી પણ લગાડી. હવે તેના પર ગોમુખી ટોટી બેસાડવાની હતી. એ કામ માટે શ્રી. શાસ્ત્રી બુવાએ જપ



પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ

પ.પૂ. શ્રીગુળવણી મહારાજનું નિવાસસ્થાન
૨૦, નારાયણ પેઠ (૧૯૨૬ થી ૧૯૬૪)



પ. પૂ. શ્રીગુળવણી મહારાજના નિવાસસ્થાનમાં પૂજ્ય સ્વામીજીની
નિત્ય બેસવાની જગ્યા.

કરનારા એક કંસારાનું નામ સૂચવ્યું. અનિચ્છા છતાં શાસ્ત્રી બુવાનું માન રાખવા સ્વામીજી એ કામ એ કંસારા પાસે કરાવવા સંમત થયા પણ સ્વામીજીને મરાઠી ભાષા ન આવડે, ને બહેરા કંસારાને હિન્દી ન આવડે. પરિણામે સ્વામીજી કહે કંઈ ને પેલો કંસારો સમજે કંઈ ને આમ કામ બગડે. એટલે પછી બધું નવેસરથી ફરી આરંભવું પડે. ફરી બગડે એટલે ફરીથી એ કામ કરવાનું. આવો ક્રમ કેટલાક દિ' સુધી ચાલતો રહ્યો. આમાં સ્વામીજીનો ઘણો સમય બગડતો. આખરે કંટાળીને સ્વામીજીએ શાસ્ત્રી બુવાને કહ્યું: "હું વ્યંકટેશના મંદિરમાં થોભું છું. તમે કંસારા પાસે આ કામ કરાવી લાવો." એટલે શાસ્ત્રીજી કંસારા પાસે કમંડલ પર ટોટી બેસાડી લાવ્યા. કામ થોડું વિલંબાયું પણ બહેરા કંસારાએ જે મનોરંજન પૂરું પાડ્યું એ સૌને યાદ રહી ગયું.

બાર્શીના આ રોકાણ દરમિયાન શ્રી. ચિંગુ આબા દિવટે તથા બીજા એક–બે જણને દીક્ષા પ્રાપ્ત થયેલી. સ્વામીજી શ્રી. વકીલને ત્યાં ભિક્ષા ગ્રહણ કરતા. દંડ ગ્રહણ કર્યા પછી સ્વામીજી યમ–નિયમનું ખૂબ ચુસ્તપણે પાલન કરતા. એ જોઈને શાસ્ત્રી બુવા, વૈદ્ય માસ્તર, નારાયણરાવ પુરંદરે વગેરેનો સ્વામીજી માટેનો આદરભાવ ઓર વધી ગયો. તેઓ સ્વામીજીની બધી સગવડો સાચવતા. છતાં એમના પર શરદી ખાંસીનો હુમલો આવ્યો પણ એ તકલીફમાંથી તેઓ જલદી મુક્ત થઈ ગયા. આ રોકાણ દરમિયાન તેઓ શ્રી.પંડિતરાવ રાશીનકરને ત્યાં વૈજનાથ તથા અંબેજોગાઈ જઈ આવ્યા. પ્રહ્લાદ શાસ્ત્રીને ત્યાં એક વૈષ્ણવાચાર્ય આવવાના છે એ સમાચાર જાણીને સ્વામીજીએ કહ્યું: "આ વૈષ્ણવાચાર્યનો આચાર જોઈને તમને બધાંને ઘણી બધી વાતો આપમેળે સમજાઈ જશે."

ઔંઢીના શ્રી.વ્યંકટરાવ કુલકર્ણીએ ચારેક દિવસ બાર્શીમાં આવીને સ્વામીજીની હાજરીમાં સાધના કરી ત્યારે સ્વામીજીએ તેમને શીખ આપતાં કહ્યું: *"વામનરાવ તારા ગુરુ છે. તેમના સાન્નિધ્યમાં જેટલું રહી શકાય એટલું રહેવું. એથી સાધનાને લગતો તારો અભ્યાસ પૂર્ણ થશે."*

૧૯૨૮ની એકવીસમી મેના દિવસે સ્વામીજી દૌંડમાં શ્રી.ભાસ્કરરાવ ભાગવતને ત્યાં ગયેલા ત્યારે તેમણે સ્વામીજીનો દંડ સહિતનો ફોટો પાડેલો ને તેની એક નકલ સ્વામીજીને આપેલી. એ પછી સ્વામીજી હોશંગાબાદ ગયા. અહીં મે માસની આખરમાં નારાયણરાવ પુરંદરે કૈલાસવાસી થયાનો પત્ર તેમને મળ્યો. સ્વામીજીએ સાંત્વના આપતો પત્ર લખ્યોઃ" વૃદ્ધાવસ્થામાં, સંતાનોની હાજરીમાં નારાયણરાવનું દેહાવસાન થયું એ તેમના મતે ઉત્તમ મૃત્યુ હતું." છએક માસ પછી સ્વામીજી દૌંડ ગયા અને ભાસ્કરરાવને ત્યાં સાતેક દિવસ રોકાયા. ત્યાંથી તેઓ બાર્શીમાં ગયા ને શ્રી.પ્રહ્લાદ શાસ્ત્રીને ત્યાં પાંચેક દિવસ રહ્યા. એ પછી તેઓએ તા. ૧૦–૨–૧૯૨૯ને દિવસે ઉત્તર ભારત તરફ પ્રયાણ કર્યું. તા.૧૩–૨–૨૯ના રોજ શાસ્ત્રીજીએ મહારાજશ્રીને પૂણે પત્ર લખીને એની જાણ કરી. એમણે લખ્યુંઃ "રવિવારે સવારે દસની ગાડીમાં સ્વામીજી ભાગીરથીના એકાંત કિનારે વસેલા ભેરિયા ગામે ગયા છે. ત્યાં ષડ્દર્શન પારંગત એવા એક ઉદાસી સાધુ રહે છે. એમના એ ગુપ્ત સ્થાનમાં દસેક માણસો નિવાસ કરે છે. આ સ્થળે સ્વામીજી અવારનવાર જાય છે. અહીં તેમની બધી સગવડો સચવાય છે. સ્વામીજી બાર્શીમાં રોકાયેલા એ દરમિયાન ચિ. જનાર્દન તથા અમારી મંડળીએ સ્વામીજીની સાધના, સ્નાનસંધ્યા, ભિક્ષા આદિની બધી વ્યવસ્થા ઉત્તમ રીતે કરી હતી. સ્વામીજીએ શ્રી.અબાદેવ અગ્નિહોત્રી, શ્રી.ચિંતામણિ ધર્માધિકારી, શ્રી.ભગવાન શાસ્ત્રી, બાપુસાહેબ કેસકર તથા એમના ભક્તોને ત્યાં એક એક દિવસ ભિક્ષા ગ્રહણ કરેલી. અમે બધાએ આગ્રહ કરીને એમને અહીં ત્રણેક દિવસ વધુ રોકી રાખેલા. એમને જતી વખતે ટિકિટ કઢાવી આપેલી તથા વાટ ખર્ચી માટે ૨૫ રૂપિયા પણ આપેલા. અમે સૌ એમને સ્ટેશને વિદાય આપવા ગયેલા. એમની તબિયત સુધારા પર હતી. છતાં તેઓ પેટમાં ગરબડની ફરિયાદ કરતા હતા. વિદાય ટાણે ગામના ઘણા લોકોએ તેમને દ્રાક્ષ, કાજુ, સાકર જેવી નાની નાની ભેટ આપી હતી. સ્વામીજીએ સૌને આશીર્વાદ આપ્યા હતા.

હરિદ્વારમાં ચાતુર્માસ

ભેરિયા ગામે થોડા દિવસ રોકાઈને સ્વામીજી હોશંગાબાદ ગયા ને ત્યાંથી સન ૧૯૨૯ના મેમાં હરિદ્વાર આવ્યા. તેમને હરિદ્વારમાં ચાતુર્માસ ગાળવાની ઈચ્છા થઈ. એ માટે તેમણે રામપ્યારીકા બગીચા, ભૂપતવાલા ભીમગોડા સ્થળ પસંદ કર્યું. આ એકાંત સ્થળ હરકી પૌડીની ઉત્તરે ઋષિકેશની દિશામાં દોઢેક માઈલને અંતરે આવેલું છે. આ સ્થળે તેઓ ફરી નવ વર્ષ બાદ આવ્યા હતા. ગંગાના પ્રવાહની મઝા લૂંટવા તેઓ રોજ સાંજે હરકી પૌડી પર આવીને કલાકો સુધી બેસી રહેતા. અહીં તેઓ સાક્ષી ભાવનો ને નિર્વિષય ધ્યાનનો આનંદ માણતા હતા.

એ પછી વર્ષાઋતુના આગમન સાથે મચ્છરોનો ઉપદ્રવ શરૂ થયો. એ સાથે સ્વામીજી મેલેરિયા અને મંદાગ્નિમાં સપડાયા. આવે વખતે સ્વામીજી લાંઘનનો આશરો લેતા પણ આ વેળા લાંઘનનો ઈલાજ શરૂમાં કારગત ન નીવડ્યો. ચૌદ ઉપવાસને અંતે તેઓ મેલેરિયા ને મંદાગ્નિથી મુક્ત થયા . એ કારણે જો કે નબળાઈ ઘણી આવી ગયેલી .

સ્વામીજીના પત્ર દ્વારા તેમની માંદગીના સમાચાર બાર્શીના લોકોએ જાણ્યા. તેઓ એ સમાચાર જાણીને ઘણા વ્યથિત થયા. તેઓ સ્વામીજીને મળવા જવાનું વિચારતા હતા, ત્યાં સ્વામીજીનું સ્વાસ્થ્ય સુધર્યાના સમાચાર આવ્યા. તેમણે બાર્શીના લોકોને હરિદ્વાર નહીં દોડી આવવાનું પણ પત્રમાં લખેલું. સ્વામીજી સારા દાક્તરની સારવાર લઈ શકે એ માટે બાર્શીના લોકોએ તેમને ૨૫ રૂપિયા મોકલી આપ્યા. મહારાજશ્રીએ પણ પોતાના અડધા પગારની રકમ રુપિયા પંદર મોકલી આપેલી. એટલે હવે વધુ નાણાંની જરૂર રહેશે નહીં. વળી સ્વાસ્થ્ય સુધરી ગયું હોવાથી પોતાની ચિંતા નહીં કરવાનુંય તેમણે લખી જણાવેલું. એમણે ધ્યાનયોગ વિષે લખતાં ઉમેરેલું કે આ યોગમાં મૂલાધારથી મેરુદંડમાં પ્રાણનો પ્રવેશ થાય છે ને એ સાથે સાધનાનો પ્રારંભ થાય છે. એથી

કુસંસ્કારોનો નાશ થાય છે અને સાધક ગહન ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત કરે છે. *ધ્યાન યોગ એ યોગમાર્ગનું મૂર્ધન્ય સાધન છે,* એમ પણ એમણે લખી જણાવેલું.

अश्वमेघसहस्राणि बाजपेयशतानि च ।
एकस्य ध्यानयोगस्य कलां नार्हीति षोडशीम् ।।

હજારો અશ્વમેઘ યજ્ઞો, સેંકડો બાજપેય યજ્ઞો ધ્યાનયોગની સોળમી કલાની બરોબરી કરી શકતા નથી.

સ્વામી અચાનક પૂનામાં

ધ્યાન એટલે નિર્વિષય મન. હરિદ્વારમાં ચાતુર્માસ કરીને સ્વામીજી ઋષિકેશ ગયા. ત્યાં આસો પૂર્ણિમાથી ફાગણ પૂર્ણિમા સુધી રોકાયા. એક દિવસ તેમને અંતર્યામીની પ્રેરણા થઈ," ભક્તોને મળ" અને તેઓ ૧૯૩૦ના ફેબ્રુઆરીના અંતમાં હિમાલયનું સાન્નિધ્ય છોડીને માર્ચની શરૂઆતમાં પૂના આવીને સીધા મહારાજશ્રીને મળ્યા. સ્વામીજીની માંદગીના સમાચાર જાણ્યા પછી મહારાજશ્રીને પણ એમના ગુરુને મળવાની ઈચ્છા થઈ આવી હતી. પરંતુ સ્વામીજી આટલા જલદી સામે ચાલીને એમને મળવા આવશે એવી તો એમણે કલ્પનાય નહીં કરેલી. આથી સ્વામીજીને જોઈને તેમનાં આનંદ અને આશ્ચર્યની કોઈ સીમા નહીં રહેલી. પડોશમાં રહેતા નાના, તેમનાં પત્ની કાકુ તથા નાનો ભાલચંદ્ર પણ સ્વામીજીનાં દર્શનથી આનંદમાં આવી ગયેલાં. થોડો આરામ કર્યા પછી સ્નાનાદિ પતાવીને તેમણે ભોજન લીધું. એ પછી મહારાજશ્રી નૂ.મ. વિદ્યાલયમાં એમની ફરજ બજાવવા ગયા. સાંજે મહારાજશ્રી વિદ્યાલયેથી પાછા ફર્યા ત્યારે નાના ભાલેરાવ પણ અદાલતમાંથી પાછા આવી ગયા હતા. એ બન્ને અને સ્વામીજી ફર્ગ્યુસન કોલેજ તરફ આવેલી હનુમાન ટેકરી તરફ ફરવા ગયા. અહીંથી પાછા ફર્યા પછી સંધ્યા આરતી પતાવી અંદરની ઓરડીમાં મહારાજશ્રી અને બહારની ઓરડીમાં સ્વામીજી સાધના માટે આસનસ્થ થયા.

'આઈ' અને 'તાઈ' અંદરની ઓરડીમાં બેઠાં. મહારાજશ્રીએ રોજની જેમ સ્તોત્રપાઠ શરૂ કર્યો, પણ આજે ભીતરથી સાધનાનું ખેંચાણ જોર પકડતું જતું હતું. સ્વામીજીને એનો ખ્યાલ આવતાં એમણે મહારાજશ્રીને સ્તોત્રપાઠ પડતો મૂકીને ધ્યાનમાં બેસવાનું કહ્યું. સ્વામીજીની સૂચના અનુસાર મહારાજશ્રીએ આંખો બંધ કરીને ધ્યાનસ્થ મુદ્રામાં એક કલાક પ્રગાઢ શાંતિનો અનુભવ કર્યો. તાઈની સાધના પણ સારી પેઠે થઈ. એ પછી બાકીનો સ્તોત્રપાઠ પૂરો કરીને ફળાહાર લીધા પછી સૌ રાત્રે દસેકના સુમારે નિદ્રાધીન થયાં.

વહેલી સવારે ચાર વાગે ધ્યાનમાં બેસવાનો ક્રમ સ્વામીજીએ તથા મહારાજશ્રીએ જાળવી રાખ્યો હતો. તેમની આ બેઠક ત્રણેક કલાકની થતી. પછી સ્નાનાદિથી પરવારીને બે એક કલાક સંધ્યા, પૂજા, વાચન વગેરે નિત્ય અનુષ્ઠાનમાં પસાર થતા. આ સિવાય અન્ય કોઈ વિષયમાં મહારાજશ્રી રસ લેતા નો'તા. આથી જ સ્વામીજી એમના પર વિશેષ પ્રસન્ન હતા. યોગ્ય ગુરુને યોગ્ય શિષ્યનો મેળાપ થવાથી બન્ને પ્રસન્ન રહેતા. સ્વામીજી ધ્યાનાવસ્થામાં સિદ્ધાસનમાં શરીરને ટટાર રાખીને બેસતા ને જ્ઞાનમુદ્રાયુક્ત હાથને ઘૂંટણો પર ટેકવતા. તેઓ આ સમયે મોં માથા પર છાટી ઓઢી લેતા . એમના શરીરમાંથી શક્તિનું પ્રક્ષેપણ અતિ તીવ્ર માત્રામાં થતું રહેતું. આથી સ્વામીજીની ઉપસ્થિતિમાં મહારાજશ્રીને પણ સાધના માટેની અદમ્ય તાલાવેલી લાગતી. મહારાજશ્રીના ઘરનું પવિત્ર ને આધ્યાત્મિક વાતાવરણ સ્વામીજીને હંમેશા પ્રસન્ન રાખતું. મહારાજશ્રીનાં સ્નેહ અને સૌજન્યથી એમની નજીક વસતા લોકો પણ પરમ સુખ–શાંતિનો અનુભવ કરતા. રોજિંદા કામકાજમાંથી પરવાર્યા પછી કલાકેક માટે નવો કાર્યક્રમ શરૂ થયો. ઉમામાતાના સૂચનથી સ્વામીજી પોતાના મધુર કંઠમાં સૌને ભજનો ગાઈ સંભળાવા લાગ્યા. કુંડલિની શક્તિ વિષેનું ભજન ખાસ રંગ જમાવતું. ભજન શરૂ થતાં સૌ શાંત ચિત્તે એમને વીંટળાઈને બેસી જતાં. શ્રી. નાના પણ પડોશમાંથી આવી જતા. એકવાર સ્વામીજીએ દત્ત વિષેનું સ્વરચિત ભજન ગાયું:

ગુરુ દત્તાત્રેય, તવ કરુણા અપાર ॥ધ્રુવ॥
અનુસૂયા નંદન ત્રિજગત વંદન
દુષ્ટ ભવભંજન, ભક્ત જનરંજન,
ભવસાગર હય અતિદુસ્તર
ભવબંધમોચન ..... શીલ તુમાર .. તવ કરુણા.... ॥૧॥
અમી નૈષ્કૃતિક પામર આલસ
કૃપા કરે દયા પરબસ
ભવસાગર હય અતિદુસ્તર
તારિતે રે કેવલ .... ચરણ તુમાર ..તવ કરુણા.... ॥૨॥
અમી હૌએ રે શરણગતિ
ન મે ભક્તઃ પ્રણશ્યતિ
દુસ્તર નાહીં ભવસાગર
શ્રીગુરુ દત્તાત્રેય . . . . . વચન તુમાર ..તવ કરુણા.... ॥૩॥
ભક્ત વત્સલ દીનાનાથ
યોગેશ્વર લોકનાથ
ભવસાગર કર પાર
વંદિત લોકનાથ . . . .ચરણ તુમાર . . . . તવ કરુણા.... ॥૪॥

સ્વામીજીના સૂર અને શબ્દોથી વાતાવરણમાં શક્તિનો સંચાર થવા લાગ્યો. સ્વામીજીનું આ ગીત સાંભળીને મહારાજશ્રીને તીવ્ર વેગથી સાધના શરૂ થઈ ગઈ. ગોદુતાઈ તથા નાનાને પણ અમુક ક્રિયાઓ થવા લાગી. સ્વામીજી સૌના જન્મોનાં સત્કર્મોનો ઉદય થતો જોઈ રહ્યા. એ પછી તેમણે બેઠક પૂરી થયાનું જણાવ્યું ને સૌ પોતપોતાને સ્થાને સૂવા ગયાં. મહારાજશ્રી સૂતાં સૂતાં વિચારી રહ્યા:

गुरुर्निरुपमो यस्य शिष्य संस्पर्शमात्रत : ।
मायामयप्रपंचं तु परं ब्रह्मैव पश्यति ।।

સ્વામીજી રેવા તટે (૧૯૩૦)

પૂનામાં સ્વામીજી એપ્રિલના પ્રારંભ સુધી રહ્યા. તેમનું સ્વાસ્થ્ય સુધર્યું હતું. મહારાજશ્રી પાસેથી નર્મદા તીરનાં તીર્થક્ષેત્રો વિષે માહિતી મેળવ્યા પછી તેમણે વ્યાસક્ષેત્રમાં આ વખતનો ચાતુર્માસ ગાળવાનું નક્કી કર્યું. એ અનુસાર તેમણે ૧૯૩૦ના એપ્રિલના બીજા સપ્તાહમાં પૂના છોડ્યું ને એપ્રિલની પંદરમીએ તેઓ નર્મદા તટે આવેલા ચાણોદમાં આવ્યા. શ્રીટેંબે સ્વામી કયારેક ચાણોદના વૈદ્યસ્વામીના મઠમાં મુકામ કરતા ને ભિક્ષા ગ્રહણ કરતા. મઠના વ્યવસ્થાપક શ્રીહર્ડિકર ટેંબે સ્વામીના પરમ ભક્ત હતા. તેઓ ગરુડેશ્વરના યાત્રીઓની સુપેરે સરભરા કરતા. સ્વામીજીએ ચાણોદમાં આવીને આ મઠમાં મુકામ કર્યો ને અહીંથી તેઓ ગરુડેશ્વર ગયા. *'મહાયોગવિજ્ઞાન'* ના લેખક શ્રીયોગાનંદજી ૧૯૧૩માં ગરુડેશ્વરમાં આવીને શ્રીટેંબે સ્વામી પાસે રહ્યા હતા. સ્વામી મહારાજે નાની ઝારીમાં એકવાર પાણી ભરીને એમાંથી સંખ્યાબંધ ભક્તોને તીર્થ આપ્યું હતા છતાં ઝારી ખાલી થઈ ન હતી. આ ચમત્કારના શ્રીયોગાનંદજી સાક્ષી હત. સ્વામી મહારાજે તેમને કહેલુંઃ "ત્રણ મહિના રોકાઈ જાઓ એટલે તમારું કામ થશે." યોગાનંદજી માટે એટલું બધું રોકાવાનું અગવડભર્યું હતું. તેઓ પંજાબથી ગુજરાત આવ્યા હતા. અહીંથી તેઓ બંગાળના મદારીપુર ગયા. ત્યાં એમને શ્રીનારાયણતીર્થદેવનો મેળાપ થયો. શ્રીસ્વામી મહારાજે જણાવેલી ત્રણ મહિનાની અવધિમાં જ આમ શ્રીયોગાનંદજીનું કામ થઈ ગયું તે કેવું વિસ્મયકારક છે ! સ્વામીજીએ સ્વામી મહારાજના ઘણા પ્રસંગો મહારાજશ્રી પાસેથી અગાઉ સાંભળ્યા જ હતા. તેથી જ તેમને ગુરુડેશ્વર જવાની ઈચ્છા હતી. ત્યાં બે દિવસ રોકાઈ તેઓ પાછા ચાણોદ આવ્યા અને ત્યાંથી કરનાળી ગયા.

કરનાળીમાં ઘણાં મંદિરો છે. એ બધાંમાં ગાયત્રીનું મંદિર ભવ્ય છે. સ્વામીજીને અહીં દંડીસ્વામીના મઠમાં એક સ્વતંત્ર ઓરડી મળી. મુંબઈના એક ભાટિયા શેઠ તરફથી ભિક્ષાની ઉત્તમ વ્યવસ્થા અહીં હતી. આ બધી

સુવિધાઓનો ઉલ્લેખ કરતો પત્ર સ્વામીજીએ પૂના મહારાજશ્રીને લખ્યો. મહારાજશ્રી પોતાના ૩૦ રૂપિયાના માસિક પગારમાંથી ૨૪ રૂપિયા પોતાનાં માતુશ્રીના તથા બહેનના નિભાવ માટે રાખીને બાકીના ૬ રૂપિયા સ્વામીજીને મ.ઓ.થી મોકલી આપતા. દરમિયાનમાં મુંબઈના ભાટિયા શેઠનું અચાનક અવસાન થતાં કરનાળીના અન્નક્ષેત્રમાં કામ કરતાં તેમનાં સગાંને સૂતક આવ્યાને કારણે તેમના હાથની ભિક્ષા વર્જ્ય થતાં સ્વામીજી બીજી જુલાઈ અષાઢ સુદ સાતમના રોજ કરનાળીથી વ્યાસક્ષેત્રમાં આવી ગયા. વ્યાસક્ષેત્ર એટલે દેવોની તપોભૂમિ. ચોમાસામાં નર્મદામાં પૂર આવવાને લીધે આ ક્ષેત્ર નર્મદાના જળથી ચોમેરથી ઘેરાઈ જાય છે ને ટપાલ સુદ્ધાં પહોંચી શકતી નથી. નર્મદાના સાગર સમા જલરાશિ વચ્ચે આ ક્ષેત્ર એક બેટના રૂપમાં ફેરવાઈ જાય છે. આ ક્ષેત્રમાં સ્વામીજીએ અનુષ્ઠાન, સાધના અને ઈશચિંતનમાં ચાતુર્માસ વિતાવ્યો. ૧૯૩૦ના સપ્ટેમ્બરની બારમી ને શનિવારે ચાતુર્માસ પૂરો થતાં સ્વામીજી તે જ દિવસે ત્યાંથી મુંબઈ થઈને પૂના આવી ગયા. પૂનામાં બે મહિના રહ્યા પછી ફરી તેઓ વ્યાસક્ષેત્રમાં આવ્યા અને ત્યાં પંદર દિવસ રોકાઈને પાછા પૂના પરત થયા.

સ્વામીજી ડોણજામાં

સ્વામીજીના પૂનામાં આગમનના સમાચારની જાણ પૂના તથા આસપાસનાં ગામોમાં રહેતા એમના ભક્તો સ્નેહીજનોને થઈ. સ્વામીજીનું કાર્ય એક રીતે સામાજિક હતું પણ તેમનું કાર્ય સમૂહલક્ષી નહીં પણ વ્યક્તિલક્ષી હતું. *તેઓ વ્યક્તિના આંતરિક વિકાસને લક્ષ્યમાં રાખીને કાર્ય કરતા.* સ્વામીજીના સદ્ગુરુત્વના પ્રભાવ હેઠળ આ કાર્ય અત્યાર સુધીમાં ખાસ્સું વિસ્તર્યું હતું.

નાનાએ પોતાના મોટા ભાઈ વ્યંકટરાવને સ્વામીજીનો લાભ અપાવવા વિચાર્યું. તેમણે ભાઈને ડોણજા પત્ર લખ્યો. પત્ર મળતાં વ્યંકટરાવ પૂના આવી ગયા ને સ્વામીજીના સાન્નિધ્યમાં સતત રહેવા લાગ્યા. તેમણે સ્વામીજીને દીક્ષા

માટે વિનંતી કરી. સ્વામીજીએ કહ્યું: "હમણાં નહીં. હું તમને તમારે ગામ આવીને દીક્ષા આપીશ." એટલે પછી વ્યંકટરાવ ડોણજા પાછા ફર્યા .

પંદરેક દિવસ બાદ સ્વામીજીએ નાના સમક્ષ ડોણજા જવાનો પ્રસ્તાવ મૂક્યો. એ પછી તેઓ રેલવે દ્વારા જેઉર ગયા. ત્યાંથી મોટરમાં કર્માળા આવ્યા. કર્માળાથી ડોણજાનો દસેક માઈલનો પ્રવાસ તેમણે બળદગાડામાં બેસીને કર્યો. રસ્તે વૃક્ષો, વનસ્પતિને લગતી માહિતીસભર વાતો થતી રહી. અચાનક ગાડું માર્ગમાં આવતા એક ઊંડા ખાડામાં જઈ પડ્યું. ગાડામાં બેઠેલા બધા ખાડામાં પડ્યા. સ્વામીજી તરત બળદોના ગળામાં ભીંસાતા ગાળિયા કાઢવા લાગી ગયા. ગાડીવાને બળદોને ધૂંસરીમાંથી છૂટા કર્યા. સ્વામીજીને ડાબા હાથમાં ખાસ્સો માર પડ્યો હતો.

એ હાથ પર વનસ્પતિનાં પાન લગાવીને છાટી વડે હાથની ઝોળી કરી. આમ સૌ ડોણજા પહોંચ્યા. નાનાના સુખી પરિવારને તથા એમની સમૃદ્ધિ જોઈને સ્વામીજી પ્રસન્ન થયા. અહીં તેઓ સાતેક દિવસ રોકાયા. આ સમય દરમિયાન નાનાના મોટા ભાઈ વ્યંકટરાવને શક્તિપાતની દીક્ષા પ્રાપ્ત થઈ.

ડોણજાથી પાછા ફરતાં આલેશ્વર ગામે નાનાના ઓળખીતા શ્રી. કુલકર્ણીને ત્યાં સ્વામીજીએ ભોજન કર્યું. શ્રી. કુલકર્ણી તથા તેમના પરિવારના સ્નેહ અને સદ્ભાવથી સ્વામીજી ખૂબ પ્રસન્ન થયા. ત્યાંથી સ્વામીજી પૂના આવ્યા. અહીં મહારાજશ્રીએ તેમનો સાદર સત્કાર કર્યો. સ્વામીજીનો હાથ ઝોળીમાં જોઈને તેમને આશ્ચર્ય થયું. તેમણે સ્વામીજી સમક્ષ એમના એક સ્વપ્નની વાત વિગતે કરી. એમની રોજનીશીમાંથી એમણે એ સ્વપ્નની વાત કહી સંભળાવી. એમણે સ્વપ્નમાં સ્વામીજીને પોતાની સન્મુખ ઊભેલા જોયા. સ્વામીજીના હાથમાં દંડ હતો. ડાબો હાથ ઝોળીમાં બાંધેલો હતો. સ્વપ્નમાં જ મહારાજશ્રી સ્વામીજીને પૂછતા હતા: "હાથે વળી શું થયું છે?" સ્વામીજી પ્રશ્નનો ઉત્તર આપતાં કહેતા હતા: "ખાસ કશું નથી. આ તો પ્રારબ્ધમાં લખાયેલું

ભોગવું છું." એ સ્વપ્ન પછી મહારાજશ્રી સવારે જાગ્યા ત્યારે એમને કશીક દુ:ખદ બીના બનવાનો અણસાર આવી ગયો. એ કારણે એ થોડા વ્યથિત થઈ ગયા હતા. સ્વપ્નમાં જોયેલી ઘટના ખરેખર બની હતી એ જાણીને એમના આશ્ચર્યનો પાર નહીં રહેલો. પૂનામાં રહ્યા એ દરમિયાન માલીશ અને દવાદારૂથી હાથની પીડા શમી ગઈ. એ પછી ૧૯૩૧ના ફેબ્રુઆરીની બીજી તારીખે તેઓ પૂનાથી રવાના થઈને હોશંગાબાદ આવી પહોંચ્યા. તે દિવસે સોમવાર હતો.

હોશંગાબાદથી તેઓ સાગરમાં શ્રી. રાવસાહેબ પરાંડેને ત્યાં ગયા ને ત્યારબાદ દૌંડમાં શ્રી. ભાસ્કરરાવ ભાગવતને ત્યાં ગયા. અહીંથી કુર્ડુવાડી મિરજ થઈને તેઓ મહારાજશ્રીના વતન અને જન્મસ્થળ કુડુત્રીમાં આવ્યા. અહીં મહારાજશ્રીના ત્રણ મોટા ભાઈઓ શ્રી. શંકર ભટ ઉર્ફે બાબા (જેમણે પછીથી સંન્યાસ લીધેલો), શ્રી.નરહરિ પંત ઉર્ફે તાત્યા તથા ગોવિંદરાવ ઉર્ફે આપ્પા રહેતા હતા. રામનવમીને દિવસે સ્વામીજી "નારાયણ" નો શબ્દોચ્ચાર કરીને તેમણે આંગણે આવીને ઊભા રહ્યા. મધ્યાહ્નનો સમય હતો. આ સમય એટલે પરિવારના ઈષ્ટદેવ દત્તાત્રેયને થાળ ધરાવવાનો સમય. એવે સમયે સ્વામીજી જેવા અતિથિને ભાળીને સૌ આનંદ અનુભવી રહ્યાં. તેમણે સૌએ સ્વામીજીને સ્નેહથી આવકાર્યા. સ્વામીજીને તો ભિક્ષા ગ્રહણ કરીને તે જ દિવસે પાછા ફરવું હતું પણ સૌના આગ્રહને વશ થઈને તેમને પૂનમ સુધી રોકાઈ જવું પડ્યું. પૂનમને બીજે દિવસે તેઓ ત્યાંથી વિદાય થયા. કુડુત્રીથી સ્વામીજી તારણેમાં રહેતાં મહારાજશ્રીનાં મોટાં બહેન સૌ. તાનુઆત્યા બડકત્તેને ઘેર તથા મુરગુડમાં રહેતાં નાનાં બેન સૌ. રમાબાઈ જોશીને ત્યાં ગયા. આ પ્રવાસ દરમિયાન મહારાજશ્રીનાં ફોઈનાં દીકરી સૌ. અનુતાઈને દીક્ષા પ્રાપ્ત થઈ. ત્યારબાદ સ્વામીજી કોલ્હાપુર થઈને હોશંગાબાદ ગયા. ત્યાં પાંચેક દિવસ રોકાઈને તેઓ કાશી ગયા.

કાશીમાં ચાતુર્માસ

૧૯૩૧ના જુલાઈના પહેલા સપ્તાહમાં સ્વામીજી કાશી આવ્યા ને અસ્સીઘાટ પરના અનંત વિજ્ઞાન મઠમાં મુકામ કર્યો. આ સ્થળ શહેરની ભીડથી દૂર હતું. સ્વામીજીના એકાંતપ્રિય સ્વભાવને આ સ્થળ અનુકૂળ હતું. ગંગાના અવિરત પ્રવાહનું મનોહારી દર્શન તેમને અહીં સતત માણવા મળ્યું. અહીંથી તેમણે મહારાજશ્રીને સંબોધીને પત્રો લખ્યા. એ પત્રોનો સાર ટૂંકમાં આ પ્રમાણે છેઃ ૧૫–૭–૧૯૩૧ના રોજ સ્વામીજીએ લખેલા પત્રમાં એમણે જણાવ્યુંઃ "હું દૌંડ, કુર્ડુવાડી મિરજ થઈને કુડુત્રી ગયો અને એ જ રસ્તે હોશંગાબાદ પાછો ફર્યો. વગર કારણે આટલો ખર્ચ કરીને બે ત્રણ દિવસ ઉપવાસી રહીને ભટકનારો મારા જેવો બીજો કોણ મૂર્ખ હશે ! ×× અહી એક હોલમાં પડ્યો રહું છું. ×× મઠમાંથી ભોજન મળે છે. ×× જરૂર પડશે તો માધુકરી માગીશ. ×× પાંચ દિવસથી તાવ છે. × લાંઘન કરું છું. આયુર્વેદિક દવા લઉ છું પણ તેની કોઈ અસર જણાતી નથી. નસીબમાં લખાયેલું તો ભોગવવું જ રહ્યું. ચાતુર્માસ કાશીમાં જ થશે."

નારાયણ ક્ષેત્ર, મહોલ્લા નાગવા, પોસ્ટ–લંકા, બનારસના સરનામેથી તા. ૨૬–૮–૧૯૩૧ના પત્રમાં સ્વામીજીએ લખેલું પાર્સલ મળ્યું. *"શ્રીદાસબોધ"* ગ્રંથ તથા શ્રીસમર્થ રામદાસજીનો ફોટો મળ્યો. ગણેશ બારા, અસ્સીઘાટ, બનારસના સરનામેથી લખેલા તા.૭–૧૦–૧૯૩૧ના પત્રમાં એમણે લખેલુંઃ " કાશીના મઠાધીશો બહારના સંન્યાસીઓને ઘણું ખરું પોતાના મઠમાં રહેવાની છૂટ આપતા નથી. કદાચ કોઈ આપે તો તે જગા તદ્દન બદતર હોય છે. મારી હાલની જગા મને એટલા માટે મળી કે અત્યારે અહીં મારા સિવાય બીજો કોઈ સંન્યાસી રહેતો નથી. હું અહીંથી ઉત્તરરાશી જવાનું વિચારતો હતો. પણ *મારે કાશીમાં જ રહેવું એમ 'તે' મને કહ્યા કરે છે.* અહીંની ભિક્ષાની વ્યવસ્થા વિષે પત્રમાં લખવાનું ટાળું છું. નૃત્યગોપાલ દર મહિને જે પાંચ રૂપિયા મને મોકલતો હતો તે કારણવશાત્ લેવાનું બંધ કર્યું

છે. અહીં ગૃહસ્થો પણ સંન્યાસીઓને રહેવાની જગા આપતા નથી."

રાણા મહલ ઘાટ મહાવીર મંદિર, બનારસથી તા. ૨૪-૧-૧૯૩૨ના પત્રમાં સ્વામીજી જણાવે છે: "તમે મોકલેલા દસ રૂપિયા કાલે મળ્યા. હમણાં અહીં બંગાળી બ્રાહ્મણને ત્યાં ભિક્ષા લઉં છું. ક્યારેક કોઈનું નિમંત્રણ મળે તો તે સ્વીકારી એકાન્ન ભોજન પણ કરું છું. અહીં ભાડું આપ્યા વિના રહેવાની જગા મળતી નથી. હમણાં જ્યાં રહું છું ત્યાં એક સંન્યાસી ભાડે રહેતા હતા. તે બે મહિના માટે બહાર ગયા હોવાથી મને આ ઓરડી એટલા સમય પૂરતી મળી છે. રહેવાની જગા તથા અહીં મળતી ભિક્ષા વિષે લખવાનું ટાળું છું."

કાશીમાં રહેવાની જગા વિષે તથા ત્યાં મળતી ભિક્ષા બાબતે સ્વામીજીએ અન્ય એક પત્રમાં સ્પષ્ટપણે લખેલું. એ મુશ્કેલીઓનો ઉલ્લેખ પણ એમણે હળવાશથી કરેલો. તેઓ પોતાને વિષે પણ મૂર્ખ શબ્દ વાપરી શકે છે. *વ્યાવહારિક દૃષ્ટિએ તેઓ પૂર્ણપણે સ્વતંત્ર હોવા છતાં આધ્યાત્મિક રીતે તેઓ "શક્તિ" ની ઈચ્છાને વશ વર્તનારા હતા.* આવી પરતંત્રતા પરમ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજશ્રીને તેમના દીક્ષાગુરુ ભગવાન શ્રીદત્તાત્રેય આદેશો આપતા હતા અને સ્વામી મહારાજ તેનું અચૂક પાલન કરતા. અન્ય સન્માન્ય સંતોનો ને તેમના ગ્રંથોનો સ્વામીજી કેવો આદર કરતા તે પણ એમના પત્રો દ્વારા જાણવા મળે છે. તેઓ તુકારામનાં અભંગો તથા *"દાસબોધ"* ની ઓવીઓનાં ઉદ્ધરણો એમના પત્રોમાં અવારનવાર ટાંકતા રહેતા.

સ્વામીજીને ટેહરીનું આકર્ષણ

સ્વામીજીના કાશીમાં રોકાણ દરમિયાન તેમને ટેહરીની તપોભૂમિની યાદ આવ્યા કરતી. ત્યાં જવાનું આકર્ષણ એમની માતૃભૂમિ બંગાળના આકર્ષણ કરતાંય વિશેષ હતું. દસ વર્ષ પહેલાં તેઓ ટેહરીમાં રોકાયેલા. ત્યારથી આ

સુરમ્ય સ્થળે એમની ઉપર ગજબનું કામણ કર્યું હતું. કાશીની ભીડથી કંટાળી ગયેલ તેમનું મન ટેહરીમાં નિસર્ગને ખોળે પહોંચી જવા ઝંખી રહ્યું. હજુ જો કે કાશી છોડવાની આજ્ઞા એમને શક્તિ પાસેથી મળી નો'તી. આજ્ઞા મળતાં જ ચંદ્રગ્રહણને અવગણીને તેઓ કાશી છોડીને ટેહરી ભણી પ્રસ્થાન કરી ગયા.

૧૯૩૨ના એપ્રિલની એકવીસમી ને સોમવારે રાતના રેલવે દ્વારા સ્વામીજીએ લખનૌ, હરિદ્વાર, દહેરાદૂન માર્ગે હિમાલયમાં પ્રવેશ કર્યો. દહેરાદૂનથી સાત માઈલ દૂરના રાજપુર ગામે તેઓ મોટર દ્વારા ગયા. આગળના પ્રવાસ વિષે એમણે એમના પત્રમાં વિગતે લખ્યું છે: "પર્વત ઓળંગ્યો. ત્યાંથી ઈકોતેર માઈલ દૂર આવેલ ઉત્તરકાશીમાં પહોંચ્યો. આ પર્વતમાં આ એક નાનું સુંદર શહેર આવેલું છે. અહીંનું હવામાન ઠંડું છે, ને ઘરનું ભાડું આપવું પડતું નથી. પણ સંડાસનું ભાડું મહિને ૪ આના (૨૫ પૈસા) આપવું પડે છે. ઉત્તરકાશીમાં રહેવા એક સ્વતંત્ર ઓરડી મળી છે. ભિક્ષા માટે અહીં ત્રણ અન્નક્ષેત્રો છે. હું અહીં આનંદમાં છું."

સ્વામીજીને ઉત્તરકાશી આવવાનું આકર્ષણ થવાનું બીજું પણ એક કારણ હતું. તેમના ગુરુ શ્રીશંકરપુરુષોત્તમતીર્થજી આગલે વર્ષે તેમના શિષ્ય સ્વામી શ્રીપ્રકાશાશ્રમજીની પાસે આવીને રહ્યા હતા. ને અત્યારે પણ તેઓ ત્યાં હતા. આ સ્થળે એમને આશ્રમ માટે જગા મળી હતી. એ જગાએ બે ઓરડીઓ બાંધીને શક સં. ૧૯૫૩ના વૈશાખ માસમાં વાસ્તુવિધિ કરીને એ સ્થળને 'શંકરમઠ' નામ આપવામાં આવેલું. ત્યારેય સ્વામીજી ત્યાં ઉપસ્થિત હતા.

આ વર્ષનો ચાતુર્માસ સ્વામીજીએ અહીં જ ગુરુજીના સાન્નિધ્યમાં વિતાવ્યો. ચાતુર્માસ પૂરો થયા પછી તેઓ હરિદ્વાર ગયા. અહીં તેમને પિત્તજ્વર લાગુ પડ્યો. હંમેશની જેમ તેમણે આ તાવમાંથી મુક્ત થવા બાર દિવસનાં લાંઘણ કર્યાં. આથી તેઓ ઘણા દુબળા થઈ ગયા. સંન્યાસી જીવનની કઠિનાઈઓ સહેવા સાથે તેઓ પ્રારબ્ધમાં લખેલ મુશ્કેલીઓ પણ ભોગવતા

હતા. પોતાની તબિયતના સમાચાર તેઓ મહારાજશ્રીને પત્રો દ્વારા જણાવતા રહેતા. એમની માંદગીના સમાચાર જાણીને મહારાજશ્રી અસ્વસ્થ થઈ જતા. પૂના જેટલે દૂર રહીને તેઓ સ્વામીજી માટે આ પરિસ્થિતિમાં શું કરી શકે? એમણે દવાદારૂ માટે સ્વામીજીને દશ રૂપિયા મનીઓર્ડરથી મોકલી આપ્યા. થોડા દિવસ પછી વળી પાંચ મોકલ્યા. એ જ અરસામાં કુડુત્રીમાં માતુશ્રી ઉમાબાઈ પણ માંદાં પડયાં. વળી નિત્ય નિયમાનુસાર ગુરુદ્વાદશી (વાઘબારસ) પર વાડીમાં મહાપૂજા કરવાની હતી. માસિક રૂપિયા ત્રીસ પાંત્રીસની આવકમાં આ બધી જવાબદારીઓ ઉપાડવાની હતી. મહારાજશ્રી વાડીમાં મહાપૂજા કરીને, પ્રસાદતીર્થ તથા વિભૂતિ લઈને કુડુત્રી પહોંચ્યા. ટૂંકી આવકમાં આવી જવાબદારીઓ સંતોષકારક રીતે અદા કરનારા તપોવીરો ઓછા જોવા મળવાના. આજે દિવાળીની રજાઓ હતી એટલે મહારાજશ્રીને કુડુત્રી જવા રજા લેવી ન પડી. સગાં સંબંધીઓ તથા ગામના રહીશો આ સાધ્વી માનાં અંતિમ દર્શને આવ્યાં હતાં. શક ૧૮૫૪ના કારતક સુદ છઠ્ઠને દિવસે દત્તનું સ્મરણ કરતાં કરતાં ઉમામાતાએ એમની જીવનયાત્રા સંકેલી લીધી. મહારાજશ્રીએ સ્વામીજીને પત્ર દ્વારા માતુશ્રીના દેહાવસાનના સમાચાર પહોંચાડયા. એ પત્રનો ઉત્તર સ્વામીજીએ તત્કાલ તા. ૧૦–૧–૧૯૩૩ના રોજ મહારાજશ્રીને પાઠવ્યો. "સૌ સગાં સંબંધીઓની ઉપસ્થિતિમાં તમારાં માતુશ્રીનો શાંતભાવે દેહાંત થયો છે એ એક ઉત્તમ ઘટના લેખાય."

એ પછી મહારાજશ્રી તાવે પટકાયા. એમણે સ્વામીજીને પોતાની માંદગીના સમાચાર પત્રમાં જણાવ્યા. સ્વામીજીએ જવાબમાં લખ્યું: "તમારી માંદગીના સમાચારથી ચિંતા થાય છે. હુંય આસો મહિનામાં તાવમાં સપડાયેલો. પ્રારબ્ધબળે હજી દેહમાં પ્રાણ ટકી રહ્યો છે. હવે પહેલાં કરતાં તબિયત સારી રહે છે. તમારી કુશળતાના સમાચાર જણાવી ચિંતામુક્ત કરશો." એ પછી પાંચેક મહિના સ્વામીજી ઋષિકેશમાં રહ્યા. ત્યારબાદ ફરી ઉત્તરકાશી ગયા. ત્યાંથી ૧૯૩૩ના જૂનની ઓગણીસમીએ નીકળીને કુરુક્ષેત્રમાં આવ્યા.

રનૌલી અને શુકતાલમાં ચાતુર્માસ

કુરુક્ષેત્રમાં આવ્યા પછી તેઓ સ્ટેશનથી ત્રણેક માઈલ દૂર આવેલા થાનેસર તીર્થ તરફ ગયા. ભીષ્મ પિતામહ આ સ્થળે મહાભારતના યુદ્ધ વખતે બાણશૈયા પર પોઢયા હતા ત્યારે એમની તૃષા છિપાવવા અર્જુને તીર મારીને આ સ્થાનકે જલધારા પ્રગટ કરી હતી. એ જલધારાનું સ્થળ આજે સૂર્યકુંડના નામે જાણીતું છે. સ્વામીજી આ કુંડે આવ્યા. ત્યાંથી ખીલેલાં કમળોથી શોભતા એક વિશાળ સરોવરની મધ્યમાં આવેલ શિવાલયમાં સ્વામીજીએ મુકામ કર્યો. નજીકના દંડીસ્વામીના મઠમાં ભિક્ષાની વ્યવસ્થા થઈ ગઈ. અહીં સ્વામીજીને ચાતુર્માસ ગાળવાની ઈચ્છા થઈ પણ દંડીસ્વામીના મઠના અધિપતિઓના દુર્વ્યવહારને કારણે તથા પોતાના અનુષ્ઠાનમાં એમના તરફથી વિક્ષેપના સંભવિત ભયને કારણે સ્વામીજીએ અહીં ચાતુર્માસ ગાળવાનો વિચાર છોડી દીધો. અહીંથી તેઓ ઉત્તરપ્રદેશના બુલંદશહર જિલ્લાના ગંગા કિનારે વસેલા અનુપ શહેરમાં આવ્યા. અહીં તેમણે માણિક ચૌકમાં આવેલા શ્રીરામભારતી મહોલ્લામાં નિવાસ કર્યો. અહીં બેઠે બેઠે ગંગાજીનું સતત દર્શન થતું હતું. નિસર્ગપ્રેમી સ્વામીજીને તો આ જગા ખૂબ ગમી ગઈ.પરંતુ ચાતુર્માસ માટે જરૂરી એકાન્ત નજીકના રનૌલી ગામમાં મળે એમ હતું. તેથી સ્વામીજીએ ચાતુર્માસ ત્યાં ગાળ્યો(૧૯૩૩). એ પછી તેઓ ફરી અનુપ શહેરમાં પાછા આવ્યા. ગંગાના સતત વધ્યે જતા પ્રવાહને જોતા રહેવું, ઘટાદાર વનરાજીમાં ઘૂમવું, પંખીઓનું મધુર ગાન સાંભળવું, જ્યાં ઊંઘ આવે ત્યાં સૂઈ જવું ને નિરંતર આત્માની મસ્તીમાં રહેવું એ સ્વામીજીની દિનચર્યા હતી...

તેઓ શિવરાત્રી સુધી અહીં રહ્યા. પછી પગપાળા ઉત્તરકાશી ગયા. ત્યાંથી મસૂરી, દહેરાદૂન, હરિદ્વાર, કનખલ થઈને તેઓ ફરી રનૌલી આવ્યા. પ્રવાસમાં ચારેક મહિના વીત્યા એટલામાં ૧૯૩૪નો ચાતુર્માસ આવી રહ્યો. એ માટે એમણે રનૌલી પાસેનું શુકદેવજીનું સ્થાન પસંદ કર્યું. ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં આવેલા ભૂખેરી ગામની પાસેના શુકદેવજીના સ્થળે

શુકાચાર્યે પરીક્ષિત રાજાને મહાભાગવતનો ઉપદેશ આપ્યો હતો. અહીં શુકદેવજીનું મંદિર પણ છે. ગયા ચાતુર્માસથી આજ સુધી મહારાજશ્રી સ્વામીજીને નિયમિતપણે મનીઓર્ડરથી નાની મોટી રકમ મોકલતા રહેલા. એટલે અહીં ચાતુર્માસ ગાળવાનું સ્વામીજી માટે સરળ રહ્યું. ચાતુર્માસ પછી તેઓ ફરી અનુપ શહેર ગયા. ત્યાં થોડા દિવસ રોકાઈને તેઓ મીરાપુર ગામે આવ્યા ને ત્યાંથી ૧૯૩૪ના નવેમ્બરમાં લખનૌ જવા નીકળી ગયા.

ઉત્તરાધિકારપદનો અસ્વીકાર

બંગાળના મદારીપુર ખાતે શ્રીનારાયણતીર્થદેવે સ્થાપેલો ''જ્ઞાનસાધન મઠ'' એ શક્તિપાત સાધનાનું પહેલું કેન્દ્ર. ૧૯૩૨માં શ્રીશંકરપુરુષોત્તમતીર્થજીએ હિમાલયમાં ઉત્તરકાશી ખાતે સ્થાપેલો 'શંકરમઠ' તે બીજું કેન્દ્ર. શ્રીશંકરપુરુષોત્તમતીર્થનો હંમેશનો વસવાટ કાશીમાં હોવાથી તથા ત્યાં શિષ્યોની સંખ્યા વધારે હોવાથી ત્યાં આશ્રમની જરૂર ઊભી થઈ હતી. આશ્રમ સ્થપાય તો અવરજવર માટે ઉત્તરકાશી કરતાં એ વધુ અનુકૂળ થઈ પડે એમ હતું. તેથી શ્રીશંકરપુરુષોત્તમતીર્થજીએ ૧૯૩૪માં મદારીપુર જઈને શ્રીનારાયણતીર્થદેવના આશીર્વાદ મેળવ્યા, ને એક જ વર્ષમાં કાશીના છોટી ગૈબીમાં કામાખ્યા દેવીના મંદિર પાસે જગા મેળવીને આશ્રમ માટે એક માળનું મકાન તૈયાર કર્યું. એનો પ્રતિષ્ઠા મહોત્સવ હોમહવનાદિ સાથે ભારે ધામધૂમથી ઊજવાયો. આ નવા આશ્રમનું નામ ''સિદ્ધયોગાશ્રમ'' રાખવામાં આવ્યું . આ આશ્રમ તે પ્રસિદ્ધ *''યોગવાણી''* પુસ્તકનું જન્મસ્થાન અને પ્રાપ્તિસ્થાન.

આપણા દેશમાં પ્રાચીન કાળથી અનેક સાધનાધારાઓ પ્રગટ કે પ્રચ્છન્ન સ્વરૂપે આજ દિન સુધી અખંડપણે વહેતી રહી છે. આ બધી ધારાઓમાં *શક્તિપાત સાધના જીવનદાયિની ને મોક્ષદાયિની હોવાથી સર્વોત્કૃષ્ટ ગણાઈ છે.* વચગાળામાં લુપ્ત થઈ ગયેલી આ ધારા આજે પુનઃ સજીવન થઈ છે અને

પ.પૂ. શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ સિદ્ધયોગાશ્રમ
છોટી ગૈબી, કાશી

શ્રીસિદ્ધયોગાશ્રમ, છોટી ગૈબી, કાશી



રુણમુક્તેશ્વર મહાદેવનું શિવલિંગ, વડોદરા

રુણમુક્તેશ્વર મહાદેવનું પ્રવેશ દ્વાર, વડોદરા



શ્રીવાઘેશ્વરી મંદિરની બાજુમાં આવેલું
સંન્યાસીઓનું નિવાસસ્થાન (૧૯૩૬)

શ્રીવાઘેશ્વરી માતાની મૂર્તિ, વઢવાણ

ભારતભરમાં તથા સમગ્ર વિશ્વમાં તેનો પ્રસાર થવા લાગ્યો છે. આમ શ્રીગંગાધરતીર્થજીએ શ્રીનારાયણતીર્થદેવને આપેલ આશીર્વાદ ફળી રહ્યા હોવાની પ્રતીતિ આપણને થાય છે. સમય જતાં આશ્રમનું મકાન બે માળનું થયું. આશ્રમમાં આદ્ય શંકરાચાર્યની સુંદર પ્રતિમાની સ્થાપના કરાઈ. સમૃદ્ધ ગ્રંથાલયનું નિર્માણ થયું. નાના પાયા પર ગૌશાળા પણ શરૂ કરાઈ. સાધકોની અવરજવરથી આશ્રમ ધમધમતો રહેવા લાગ્યો.

સ્વામીજી શંકરપુરુષોત્તમતીર્થજીના પહેલા શિષ્ય હતા. બ્રહ્મચર્યાશ્રમનો સ્વીકાર કરી શક્તિપાત દીક્ષા ગ્રહણ કરવામાંય તેઓ પહેલા હતા. સંન્યાસ તો એમણે એમના ગુરુ પહેલાં ગ્રહણ કરી લીધેલો. શ્રીશંકરપુરુષોત્તમતીર્થજીએ દંડગ્રહણ દીક્ષા સર્વપ્રથમ સ્વામીજીને આપેલી એટલે *આશ્રમમાં પોતાના ઉત્તરાધિકારી નીમવાનો વિચાર આવતાં તેમને સૌથી પહેલાં એ પદ માટે સ્વામીજીનો જ ખ્યાલ આવેલો.* પણ સ્વામીજીને લોકેષણા કે વિત્તેષણા નો'તી. દારેષણાને તો એમણે પહેલેથી જ દૂર રાખી હતી. ઈચ્છાઓ બંધનોને સર્જે છે. એ બંધનો વ્યક્તિસંબધોનાં હોય કે સંસ્થાસંબંધનાં હોય. જો બંધનોથી અલિપ્ત ન રહી શકાય તો ગુરુના ઉપદેશનો કે શાસ્ત્રોના જ્ઞાનનો શો અર્થ ? આશ્રમની સંસ્થાનેય સમસ્યાઓનો સામનો કરવો પડે. એના નિવારણની પળોજણમાં આશ્રમના અધિષ્ઠાતાએ પડવું પડે એ પણ એક ઉપાધિ જ ને ! આમ વીતરાગી સ્વામીજીને આશ્રમ એક વણનોતરી શિરોવેદનારૂપ જ લાગ્યો. આશ્રમના અધિષ્ઠાતાનું પદ આમ તો સન્માનનીય ગણાય. પણ સ્વામીજી માનતા કે માન–સન્માનની ભાવના યોગસિદ્ધિમાં અંતરાય ઊભા કરે છે. એથી ઊલટું, આકરા અપમાનને વિચલિત થયા વિના સહી લેવું એ યોગી માટે અમૃતપાન સમાન નીવડે છે. વળી ગુરુજીનું કાર્યક્ષેત્ર બંગાળ અને પોતાનું દક્ષિણમાં એટલે આશ્રમના સંચાલન માટે બંગાળ અને દક્ષિણ વચ્ચે દોડાદોડ કરવાની થાય. એ ય સ્વામીજીની પ્રકૃતિને અનુકૂળ ન આવે ને ! તો બીજી બાજુ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન પણ કેમ કરીને થાય? આ દ્વિધાભરી પરિસ્થિતિમાં સ્વામીજીએ છેવટે નિર્ણય લેવાનું ગુરુજી પર છોડી દીધું.

એકવાર કાશીના આશ્રમમાં ગુરુ–શિષ્ય બેઠા હતા. ત્યાં ગુરુએ વાત વાતમાં પ્રશ્ન કર્યો: "પછી આશ્રમની જવાબદારી સંભાળી લેવા બાબતે શો નિર્ણય કર્યો?" સ્વામીજીએ જણાવ્યું: "તમારી આજ્ઞાનો અનાદર મારાથી નહી થાય. તમારી આજ્ઞા મારે માટે શિરોમાન્ય રહેશે. પણ મારાં મનોવલણોને લક્ષ્યમાં લેવાની કૃપા કરશો, એટલી મારી નમ્ર વિનંતી છે. આપના આશીર્વાદથી મેં આજ સુધી ઘણું મેળવ્યું છે. એના આધારે કહું છું કે આપના પહેલાં હું આ શરીર છોડી જનાર છું. વળી, આપની હયાતિમાં આપની સમક્ષ આપના સ્થાન પર બેસવું અવિનયી લાગશે. એટલે મને ક્ષમા કરશો." સદ્‌ગુરુ શિષ્યના સ્પષ્ટ ને વિવેકભર્યા ઉત્તરથી સંતુષ્ટ થયા. એ પછી એમણે એ વિચાર કદી છેડ્યો નહી. સ્વામીજીએ આશ્રમ સાથે મર્યાદિત સંબંધ રાખ્યો. ઈચ્છા થાય ત્યારે તેઓ આશ્રમમાં આવીને ગુરુનું સાન્નિધ્ય માણી લેતા. કાશીમાં પણ તેઓ સ્વતંત્ર નિવાસની જોગવાઈ કરીને રહેતા.

સ્વામીજી છોટી ગૈબીમાં હતા ત્યારે *"કલ્યાણ"*નો યોગાંક તેમના હાથમાં આવ્યો. એમાં ઓડિટર શ્રી.ખરેનો કુંડલિની જાગૃતિ વિષે લેખ હતો. લેખ અધૂરો અને અધકચરી માહિતીવાળો હતો. લેખમાં સ્વામીજીનો ઉલ્લેખ નિત્યાનંદ નામે કરાયેલો. આ બધી બાબતો સ્વામીજીને ખટકી. આ બધાનો ઉલ્લેખ કરતો પત્ર એમણે છોટી ગૈબીથી તા. ૨૦–૯–૧૯૩૫ના રોજ મહારાજશ્રીને લખ્યો. એમણે લખ્યું: "આ હકીકત તમે ખરેને જણાવશો. ખરેની ઈચ્છા લેખની ક્ષતિઓ દૂર કરવાની હશે તો તે થઈ શકશે. હું ગુરુ મહારાજશ્રી સાથે 'હોગ્રી સ્ટેટ' ગયો હતો. ત્યાં મારા કોઈ ગુરુ બંધુ નથી." છોટી ગૈબીમાં સપ્ટેમ્બરના અંત સુધી રહીને તેઓ વડોદરા તરફ રવાના થયા.

અધ્યાય:૭

ગુજરાતમાં આગમન

સંત ફરે લોકાર્થે એ કરે તીર્થ પવિત્ર ।
વૃદ્ધિંગત મહિમા કરે, લીલા કરી વિચિત્ર ॥

(શ્રીગુરુલીલામૃત, ૬૩-૬)

(વ્યાસક્ષેત્રમાં ચાતુર્માસ)

સ્વામીજી વિષયોને જીતનારા તથા બ્રહ્મવિદ્યા પરાયણ મહાત્માઓમાંના એક હતા. આ તેમનું અંતરંગ ચિત્ર હતું. પણ તેમની બહિરંગ સ્થિતિ શી હતી? *શક્તિપાત યોગમાં શારીરિક શ્રમ વર્જ્ય છે અને સાત્ત્વિક આહાર આવશ્યક છે,* પરંતુ સ્વામીજીએ ઘણો ખરો પ્રવાસ પગપાળા કર્યો હોવાથી તથા બધે ભિક્ષાની જોગવાઈ સંતોષકારક રીતે નહીં ગોઠવી શકાઈ હોવાથી તેમનું સ્વાસ્થ્ય કથળ્યું હતું. આવી તબિયતે જ તેઓ અનુપ શહેરમાં તથા લખનૌ આવેલા.

અહીં તેઓ ઈ. આઈ. રેલવેની હોસ્પિટલના બંગાળી દાક્તર યુ. કે. ચક્રવર્તીને ઘેર ત્રણ મહિના રહ્યા. અહીં તેમને રોજ તાવ આવતો. ડોક્ટરની ઉત્તમ સારવારે તથા આયુર્વેદિક દવાઓએ એમને ઝટ સાજા કરી દીધેલા.

૧૯૩૫ના જાન્યુઆરીમાં સ્વામીજીએ ભેરિયા ગામે આવીને ઉદાસી બાવાઓના મઠમાં મુકામ કર્યો. તેઓ અગાઉ પણ અહીં આવેલા. એ પછી તેઓ બુલંદશહર જિલ્લાના રાજઘાટ પોસ્ટની પાસેના બિહારઘાટમાં આવ્યા. મહારાજશ્રીનું મનીઓર્ડર અહીં પણ આવ્યું. પરંતુ સ્વામીજી શિવરાત્રી નિમિત્તે અન્ય ગામે ગયા હોવાથી મનીઓર્ડર પરત થયું. એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં સ્વામીજી બિહારઘાટથી રવાના થઈને ગુજરાતના વ્યાસક્ષેત્રમાં આવ્યા. અગાઉ પણ એમણે આ સ્થળે ચાતુર્માસ દરમિયાન મુકામ કરેલો. તેમની તબિયત હવે સારી રહેતી હતી. એટલે તેઓ આનંદમાં રહેતા હતા. *તેઓ જો કે દરેક સ્થિતિમાં આનંદમાં જ રહેતા. તેઓ કહેતાઃ "શરીર બગડવું અને સુધરવું એ તો એનો ધર્મ છે. આપણો ધર્મ સદા આનંદમાં રહેવાનો છે. પોતાનો ધર્મ કોઈ છોડી શકે નહીં કારણ પરધર્મ હંમેશાં ભયાવહ હોય છે."* સન ૧૯૩૫નો ચાતુર્માસ તેઓએ વ્યાસક્ષેત્રમાં ગાળ્યો. અહીંથી તેમણે મહારાજશ્રીને લખેલા પત્રોમાંના ત્રણ વિશેષ ઉલ્લેખનીય છે.

૨૯-૭-૧૯૩૫ના પત્રમાં તેમણે જણાવ્યું કે "૨૨-૭-૧૯૩૫નો તમારો પત્ર મળ્યો. મ. ઓ.થી મોકલેલા ૩ રૂપિયા ય મળ્યા. મારું જવાબી કાર્ડ અન્નક્ષેત્રના નોકરની બેદરકારીને કારણે મળ્યું લાગતું નથી. ચોમાસાના ચારેય માસ વ્યાસબેટ ફરતે નદીનો પ્રવાહ વહેતો રહેતો હોવાથી ટપાલી એ ગાળા દરમિયાન અહીં આવતો નથી. કોઈ વિશ્વાસુ માણસ દ્વારા જ પત્રો ને મનીઓર્ડરની રકમ મળી શકે છે. ભાટિયાના અન્નક્ષેત્રમાં ભોજનની વ્યવસ્થા થાય છે. *તમારો યોગાભ્યાસ અમારો પત્ર મળતાંની વારમાં પહેલાંની જેમ થવા લાગ્યો હશે.* હું અહીં છું એ સમાચાર તમે જ ઓડિટર શ્રી ત્રં. ભા. ખરેને આપ્યા હશે. તેઓ ખૂબ ભાવુક અને પ્રેમાળ છે. ભાદરવાની પૂનમ આવતાં

મારે કાશી જવું પડશે. વડોદરામાં એક સંન્યાસી પાસે બિસ્તરો મૂકીને કાશી જવાનો સંકેત થયો છે. ત્યાંથી પાછા આવીને સીધો વડોદરા જઈશ. કાશીમાં રોકાવાની આજ્ઞા નથી. પ્રવાસ ભાડાના ચાળીસ રૂપિયા ઉપરાંત બીજા ખર્ચના રૂપિયા બેની જરૂર છે. મારી પાસે સોળ રૂપિયા છે. તમે આર્થિક મદદ કરી શકો એમ હો તો ભાદરવાની પૂનમ સુધીમાં તે રકમ મોકલી આપજો. કાશીમાં છોટી ગૈબીમાં મારા શ્રીગુરુ મહારાજનો મઠ તૈયાર થયો છે."

તા. ૨૮-૮-૧૯૩૫ ના પત્રમાં સ્વામીજીએ લખેલું: "આપની પ્રકૃતિ હવે સારી થશે. ચિંતા કરશો નહીં. દેશમાં પુણ્ય કર્મોનો લોપ થઈ પાપ કર્મોની વૃદ્ધિ થઈ રહી હોવાથી વરસાદ પાણી ઓછાં છે. નાગપુરમાં રાવસાહેબ પરાંડે જેઓ વર્ણાશ્રમ સ્વરાજ સંઘનું કામ કરી રહ્યા છે તેઓ ઈચ્છે છે કે હું પણ તેમના કાર્યમાં સક્રિય ભાગ લઉં."

તા. ૯-૯-૧૯૩૫ના પત્રમાં તેમણે લખ્યું: "આપનું ૨૫ રૂપિયાનું મનીઓર્ડર અને પત્ર મળ્યાં. તમારી તબિયત સારી નથી રહેતી તેથી આયુર્વેદિક ઔષધો લેવાનું રાખજો. કોઈની પાસે માગવું સારું નહીં. પણ શું થાય! *'વામનરાવને પત્ર લખ. તને પૈસા મોકલશે' એમ મને વારંવાર આદેશ થાય છે. એટલું જ નહીં તમને જબરજસ્તીથી મારે આ પત્ર લખવો પડયો છે.* ભાદરવી પૂનમે વ્યાસક્ષેત્ર છોડી સીધો કાશી ઊપડી જઈશ."

જનસંપર્કથી તથા વિષયોથી વિરક્ત રહીને સ્વામીજીએ આત્મધ્યાનમાં લીન રહીને વ્યાસક્ષેત્રમાં ચાતુર્માસ વિતાવ્યો.

પ્રભાસ પાટણાદિ સ્થળોમાં

૧૯૩૫ના ઓક્ટોબરની બીજી તારીખે સ્વામીજી વડોદરા આવ્યા અને ઋણમુક્તેશ્વર મહાદેવમાં ઊતર્યા. અહીંથી તેઓ ડાકોર ગયા. અહીં તેમણે

ભક્ત બોડાણા વિષે તથા રણછોડરાયજીનું મંદિર, તેનો ઈતિહાસ, પૂજાવિધિ તથા કાર્તિકી પૂનમે ભરાતા મેળા વિષે રસપ્રદ માહિતી મેળવી. ડાકોરથી સ્વામીજી પેટલાદ થઈને વઢવાણ ગયા. અહીં તેઓ વાઘેશ્વરી માતાના મંદિરમાં રહ્યા. અહીંથી તેઓ ૨૪મી ડિસેમ્બરે પ્રભાસ પાટણ ગયા. અહીં તેમણે સોમનાથ મહાદેવ, શ્રીગણેશ, મંકેશ્વર તથા શેષશાયી ભગવાનનાં મંદિરોમાં જઈને દર્શન કર્યાં. પ્રભાસ પાટણમાં સ્વામીજીએ શ્રીશંકરાચાર્યના શારદામઠમાં મુકામ કર્યો હતો. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી મહારાજે એમના દ્વિસાહસ્રી ગુરુચરિત્રના નવ અધ્યાયો પરની ટીકા આ શારદામઠમાં રહીને કરી હતી. ૭-૧-૧૯૩૬ના રોજ સ્વામીજીએ અહીંથી લખેલા એક પત્રમાં એમણે એમની કથળતી જતી તબિયત વિષે જણાવ્યું કે " છેલ્લાં કેટલાંક વર્ષોથી મારું શરીર કથળતું જાય છે, પણ તમને બધાને ચિંતા થાય એ કારણે મેં આજ દિન સુધી એ વિષે તમને જણાવ્યું નથી. થોડા દિવસોમાં જ આ દેહ એકાએક નષ્ટ થશે. આ દેહ લાંબો સમય ટકવાનો નથી. પણ હું મૃત્યુથી સહેજે ડરતો નથી. માત્ર તમારી જાણ માટે આ બાબત વિષે લખ્યું છે. હવે પછી મારો પત્ર મળે નહીં તો મારો દેહાંત થયો છે એમ સમજી લેવું. તમારા કુશળ સમાચાર સત્વરે જણાવશો."

પ્રભાસ પાટણથી અઢી માઈલ દૂર આવેલા વેરાવળમાં આરકોટ, કુંભારબાગ, મહાદેવી મંદિરના સરનામે કિસનજી ગોપાળજી નામનો શ્રીમંત બ્રાહ્મણ રહેતો હતો. તેણે શારદામઠમાં આવીને, સ્વામીજીને પોતાને ત્યાં એકાદ મહિનો રહેવા વિનંતી કરેલી. બ્રાહ્મણને ત્યાં રહેવાથી પોતાનું કથળેલું સ્વાસ્થ્ય સુધરશે એમ વિચારી તેઓ તેને ત્યાં ગયા. પરંતુ કિસનજીને ત્યાં સૌનો આચાર ધાર્મિકતાથી વેગળો તેમને જણાયો. *પૈસાદારો એમ માનતા હોય છે કે પૈસાથી ગાડી, બંગલા જેવાં ભૌતિક સુખનાં સાધનોની જેમ મનગમતા સાધુ સંતનેય સહેલાઈથી મેળવી શકાય છે, ને એ મેળવીને પોતાની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો કરી શકાય છે.*

તેઓ શરૂમાં સાધુને 'ગુરુદેવ' 'બાબાજી' જેવાં માનવાચક સંબોધનોથી

નવાજે છે પછી પોતાના અંગત હિત ખાતર તેમનો ઉપયોગ કરવા માંડે છે. એ સાધુને પોતાની ઈચ્છાનુસાર વર્તવાની ફરજ પાડવા માંડે છે. લાલસા કે લોભમાં સપડાયેલા સાધુઓ આ બધું સહી લેતા હોય છે. આ તરફ કિસનજીના પરિવારના આચારવિચારથી સ્વામીજી નારાજ થયા. તો સ્વામીજીની ચુસ્ત ધર્મપરાયણતાથી કિસનજી પણ નાખુશ થયા ને ચાર જ દિવસમાં એમણે સ્વામીજીને પાછા શારદામઠ ભેગા કરી દીધા.

શારદામઠમાં શંકરાચાર્ય તે વખતે ધર્મપ્રચારાર્થે પોતાના શિષ્યો સાથે બહારગામ હતા. મઠાધીશની ગેરહાજરીમાં પણ મઠમાં નિવાસ કરનાર સૌની સારી સંભાળ લેવાતી રહેતી પણ બહારથી આવનાર નવા આગંતુકને તો "આચાર્ય નથી" કહીને વિદાય કરી દેવામાં આવતો ને છતાંય કોઈ મઠમાં રોકાવાનો આગ્રહ જારી રાખે તો તેને મઠના કાર્યકર્તાઓનો અ.ા.ર અને અપમાન સહેવાં પડતાં. સ્વામીજીને પણ એ જ અનુભવ થયો. તેથી તેમણે મઠમાં ભિક્ષા લેવાનું બંધ કરી દીધું ને નાદુરસ્ત તબિયત છતાં ત્યાંથી તેઓએ ચાલીને પ્રભાસ પાટણ જઈને ત્યાં ભિક્ષા યાચવાનું શરૂ કર્યું. તેઓ ત્રણ ઘેર ભિક્ષા માગીને મઠમાં પાછા આવતા. આમ ભિક્ષા માટે તેમને ભરતડકામાં ચાલવાનું થતું. એક પત્રમાં એમણે લખેલું: "મારું અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહેવાનું મારી ઈચ્છાથી થતું નથી. મારું કામ તો આ બધું જોયા કરવાનું છે." આ જ અરસામાં મહારાજશ્રી પ્લીહાના (બરોળના) રોગમાં સપડાયા હતા. સ્વામીજીએ તેમને સારા દાક્તરની સારવાર લેવાનું તથા પથ્યાપથ્ય જાળવવાનું સૂચવ્યું તથા પશ્ચિમોત્તાન, મયૂર તથા મત્સ્યેન્દ્ર આસનો કરવાનું જણાવ્યું.

આ અરસામાં જ સ્વામીજી ગિરનાર પર્વત પર જઈ આવ્યા ને ત્યાંની ઘણી માહિતી ભેગી કરીને તેમણે ભગવાનદાસ ઉપાધ્યાય તથા અન્ય શિષ્યોને લખી મોકલી. એકવાર ભગવાન શંકર કૈલાસધામ ત્યાગીને ગિરનાર પર આવીને વસ્યા. આ કારણે દેવોને તેમનાં દર્શન ઘણા સમય સુધી ન થયા, એટલે

એ બધાએ તપ આદર્યું. એમના તપથી પ્રસન્ન થયેલા શંકરને પાર્વતીજીએ કૈલાસ પાછા ફરવા વિનવ્યા. શંકર ભગવાને કહ્યું: " જો બધા દેવો સૂક્ષ્મ રૂપે ગિરનાર પર રહેવા સંમત હોય તો હું કૈલાસ પાછો ફરીશ". દેવોએ આ શરત સ્વીકારી. એ મુજબ ભગવાન શંકરે દિગંબર દત્તાત્રેય સ્વરૂપે ગિરનારમાં કાયમી વાસ કર્યો અને પોતાના મૂળ સ્વરૂપે કૈલાસ પાછા ફર્યા. ત્યારથી ગિરનાર "વસ્ત્રા પથ " તરીકે ઓળખાય છે. તેનાં બીજાં નામો છે રૈવતક, ઉજ્જયંત. ગિરનારનાં ૨૧ શિખરોમાં અંબા, ગોરખ, નેમિનાથ ગુરુ અને કાલિકા યાત્રાની દૃષ્ટિએ મહત્ત્વનાં છે. નેમિનાથ જૈન ધર્મીઓ માટેનું મહત્ત્વનું શિખર છે. કાલિકા શિખર અઘોરી સંપ્રદાયનું સ્થાન છે. ગુરુ શિખર પર દત્ત ભગવાનની પાદુકાઓવાળી ટૂક સૌથી ઊંચી છે. એ ગોરખનાથની તપોભૂમિ છે. અહીં ગોરખનાથ અને દત્તાત્રેય વચ્ચે સંવાદ થયો હતો. એ સંવાદમાં ભગવાન દત્તાત્રેય અને ભગવાન શંકરના એકત્વની પ્રતીતિ થાય છે. સ્વામીજીએ દત્ત ભગવાનની પાદુકા તથા ગોરખનાથની પાદુકા તથા ગોરખનાથની ધૂણીનાં દર્શન કર્યાં.

તેઓ પ્રભાસ પાટણથી ૧૩-૨-૧૯૩૬ના રોજ રેલમાર્ગે વઢવાણ આવ્યા. અહીં તેમણે વાઘેશ્વરી મંદિરમાં મુકામ કર્યો. અહીં તેમને જણાયું કે તેમને લખતાં-વાંચતાં તકલીફ પડતી હતી. સારાં ચશ્માં દસેક રૂપિયામાં ત્યારે મળતાં પણ એટલા પૈસાય સ્વામીજી પાસે નો'તા. મહારાજશ્રીએ હંમેશની જેમ સ્વામીજીને અહીં પણ દર વખત કરતાં દસ રૂપિયા વધારે મોકલ્યા. ઉપરાંત મ.ઓ.ની સ્લિપમાં લખ્યું ય ખરું: "વધારાના દસ રૂપિયા ચશ્માં ખરીદવા મોકલ્યા છે." સ્વામીજીએ વિચાર્યું કે અનુસંધાન દક્ષ શિષ્યના ચિત્તમાં સદ્ગુરુની સંવેદનાઓ આપોઆપ ઝિલાતી રહે છે ને શિષ્ય સહજ ભાવે એ અનુસાર સેવા કરતો રહે છે. તેમણે મહારાજશ્રીને આશિષ આપ્યા: "તમારું મંગલ થશે." તેમણે દાક્તર પાસે આંખો તપાસડાવીને સોનેરી ફ્રેમવાળાં વાદળી કાચનાં ચશ્માં ખરીદ્યાં. એની કિમ્મત બરાબર દસ રૂપિયા જ હતી. ચશ્માંથી એમને વાંચવા લખવામાં ઘણી રાહત થઈ. ઉપરાંત એમના ચહેરાની રોનક ઓર વધી ગઈ.

અગાઉ આપણે જોઈ ગયા કે *'કલ્યાણ'*ના યોગાંકમાં ઓડિટર શ્રી.ખરેએ કુંડલિની જાગૃતિ વિષે લખેલા લેખમાં એમણે સ્વામીજીના નામનો તથા મહારાજશ્રીના સરનામાનો નિર્દેશ એક ખાસ હેતુસર કર્યો હતો. કુંડલિની જાગૃતિ વિષે કોઈને માર્ગદર્શનની જરૂર પડે તો તે સ્વામીજીને મહારાજશ્રીના સરનામે લખી શકે ને જરૂરી માર્ગદર્શન મેળવી શકે એ હેતુસર જ એમણે સ્વામીજીના નામનો ને મહારાજશ્રીના સરનામાનો ઉલ્લેખ એમના લેખમાં કરેલો. મહારાજશ્રીનો કાયમી મુકામ પૂનામાં એટલે એમના દ્વારા સ્વામીજીનો સંપર્ક સાધક સાધી શકે.

આ અરસામાં મધ્યપ્રદેશના મૂળગંદગઢના શ્રી. છોટેલાલ વર્માએ *'કલ્યાણ'*નો યોગાંક વાંચીને મહારાજશ્રી પર પૂના કાગળ લખ્યો. એણે પોતાની યોગસાધના સંબંધી માહિતી જણાવી. મહારાજશ્રીએ એના પ્રત્યુત્તરમાં લખ્યું: 'આપનું સાધના કર્મ સારું ચાલે છે. એમ જ ચાલવા દો." એ પછી બન્ને વચ્ચે થોડો વધુ પત્રવહેવાર થયો. એ પરથી મહારાજશ્રીને લાગ્યું કે માણસ જિજ્ઞાસુ છે ને સ્વામીજીના સંપર્કથી એને વધુ લાભ થશે. એટલે એમણે છોટાલાલને સ્વામીજીનું વઢવાણનું સરનામું આપ્યું. છોટાલાલે સ્વામીજીને પત્ર લખીને પોતાની વિગત સંક્ષેપમાં જણાવી ને યોગસાધનાનું માર્ગદર્શન આપવા સ્વામીજીને વિનંતી કરી. પોતે મહારાજશ્રી પાસેથી સરનામું મેળવીને પત્ર લખ્યો છે એમ પણ જણાવ્યું. જવાબ માટે જરૂરી ટિકિટો પત્ર સાથે મોકલેલી. વઢવાણથી ૫-૩-૧૯૩૬ના રોજ સ્વામીજીએ પત્રનો જવાબ આપ્યો. છોટેલાલે ઉત્સુકતાથી પત્ર ખોલ્યો. પણ પત્રની વિગત વાંચીને તે તો દંગ જ રહી ગયો.

સ્વામીજીએ લખ્યું હતું: " આપનો પત્ર મળ્યો. વાંચી વિગત જાણી પણ યોગાભ્યાસમાં હું કશું જ જાણતો નથી. કોઈકે *'કલ્યાણ'* ના લેખમાં મારી ખોટી પ્રશંસા કરી છે. એના પર આપ લગીરે વિશ્વાસ કરશો નહીં. મારું રહેવાનું

ક્યાંય નિશ્ચિત નથી. હું કદાચ અહીંથી શીઘ્ર અન્ય સ્થળે ચાલ્યો જાઉ. ખોટો ખર્ચ કરીને અહીં આવવાનું વિચારશો નહીં." સ્વામીજીની મંત્રવિદ્યા, તંત્રવિદ્યા, યોગવિદ્યા તથા દૂરશ્રવણ અને દૂરદર્શન શક્તિઓનો અનુભવ અનેકોને થયો હતો. વિવિધ શાસ્ત્રોમાં તેઓ નિપુણ હતા. વનસ્પતિ તથા ઔષધોનું તેમનું જ્ઞાન અદ્‌ભુત હતું. તે સારી પદરચનાઓ કરી શકતા. મધુર કંઠે ભજનો ગાઈ શકતા હતા. વેદાંતમાં તેઓ બીજા શંકરાચાર્ય હતા. દેવો તેમના પર પ્રસન્ન હતા. અધ્યાત્મવિદ્યામાં તેઓ સદ્‌ગુરુના સ્થાને હતા. આમ છતાં એમણે એમ શાથી લખ્યું હશે કે હું યોગાભ્યાસમાં કશું જાણતો નથી ?

છોટેલાલે પોતાના પત્ર ભેગો સ્વામીજીનો પત્ર બીડીને બન્ને પત્રો મહારાજશ્રીને મોકલી આપ્યા. પોતાનાથી અજાણતાં કોઈ ભૂલ થઈ ગઈ હોય તો તે બદલ સ્વામીજી તથા મહારાજશ્રીની ક્ષમા માગી. "સ્વામીજીનો પત્ર આવ્યો ત્યારથી હું મનની શાંતિ ખોઈ બેઠો છું. આપના સિવાય મારે કોઈનો સહારો નથી. આપ જ મારો ઉદ્ધાર કરી શકશો. આપના સિવાય મારી આ વ્યથા કોણ સાંભળશે ? મારા પર કોણ કૃપા કરશે ? આપ જ મારા વતી સ્વામીજીને બે શબ્દો લખો તો મને કંઈ આશા બંધાય. સ્વામીજીનું વઢવાણનું પૂરું સરનામું મને જણાવો તો આપના આશીર્વાદ મેળવી હું તેઓને વઢવાણ જઈને રૂબરૂ મળી આવું." આવી મતલબના ઘણા પત્રો છોટેલાલજીએ મહારાજશ્રીને લખ્યા. મહારાજશ્રીને છોટેલાલ માટે લાગણી થઈ આવી. તેમણે છોટેલાલને જવાબ લખ્યો: "સ્વામીજી શાસ્ત્રાચારના કડક આગ્રહી છે. શાસ્ત્ર વિરોધી વર્તન – વહેવાર તેઓ ક્યારેય ચલાવી લેતા નથી. વઢવાણમાં તમારા ભોજન નિવાસ વગેરેની વ્યવસ્થા તમારે જાતે કરી લેવાની રહેશે. સ્વામીજીને અનુકૂળ થઈને રહેવું પડશે. પણ એ રીતે રહેવું સહેલું નથી."

પત્ર મળતાંની વારમાં છોટેલાલ વઢવાણ જવા ઊપડી ગયા. ત્યાં પહોંચીને તેમણે પોતાના અલાયદા નિવાસની ગોઢવણ કરી લીધી ને સ્વામીજીના સાન્નિધ્યમાં રોજ બેસવાનું શરૂ કર્યું. ક્યારેક સ્વામીજી સાથે વાત કરવાનો

પ્રયાસ પણ એ કરતા પણ સ્વામીજીએ એમના તરફ ખાસ લક્ષ્ય આપ્યું નહીં. એક દિવસ છોટેલાલે સારી એવી દક્ષિણા અને પ્રસાદ સ્વામીજી આગળ મૂકયાં. સ્વામીજીએ મોટા ભાગનો પ્રસાદ બધાંને વહેંચી દીધો. બાકી બચેલો છોટેલાલને પાછો આપી દીધો ને દક્ષિણા પણ પોતાના હાથે જ તેને પાછી લેવા કહ્યું. છોટેલાલ તો એ આદેશ સાંભળીને ડઘાઈ જ ગયા.

છોટેલાલ પાસે સંપત્તિ હતી પણ વિવેક નો'તો. ભકિતભાવ નો'તો. વિધિનિષેધની સમજ નો'તી.. આચારવિચારનું જ્ઞાન નો'તું. એકવાર સ્વામીજી મંદિરના ઓટલા પર આંટા મારતા હતા. ત્યાં એમણે છોટેલાલને દૂરથી આવતા જોયા. રસ્તામાં આવતા પીપળાના વૃક્ષના ચોતરા પાસે ઊભા રહીને છોટેલાલે લઘુશંકા કરી એ એમણે જોયું. "મેં એને પત્ર લખીને અહીં આવવાની ના પાડવા છતાં એ કેમ આવ્યો હશે !" ત્યાં છોટેલાલ એમની પાસે આવ્યા ને જ્યાં તે સ્વામીજીને નમસ્કાર કરવા ગયા કે તરત સ્વામીજીએ તેને સંભળાવી દીધુંઃ "હવેથી તમે ફરી મારી પાસે આવશો નહીં. અહીં આવવાથી તમને કશો લાભ થવાનો નથી. તમે વહેલી તકે તમારે ગામ પાછા ચાલ્યા જાઓ. " એ પછી છોટેલાલ ત્યાંથી રવાના થઈ ગયા. *શક્તિમાર્ગમાં શક્તિના સ્પષ્ટ સંકેત કે સંમતિ વિના સદ્ગુરુ અનુગ્રહ નથી કરતા એ વાત અહીં સ્પષ્ટ થાય છે.* ૧૯૩૬ના ફેબ્રુઆરીથી ઓકટોબર સુધીનો ચાતુર્માસ સહિતનો સમય સ્વામીજીએ વઢવાણમાં ગાળ્યો. અહીંની પરિસ્થિતિ વિષે એક પત્રમાં સ્વામીજીએ લખેલુંઃ "અહીં ભિક્ષાની સુવિધા સારી છે. પૂરતા પ્રમાણમાં વગર યાચનાએ અહીં ભિક્ષા મળી રહે છે. હમણાં મારી પાસે કોઈ શિષ્ય નથી ને શિષ્યોનો સમૂહ ભેગો કરવાની મારી ઈચ્છાય નથી. અહીં વરસાદ બિલકુલ નથી. જો કે ૯–૯–૧૯૩૬ પછી ત્રણ દિવસ સુધી સારો વરસાદ પડ્યો."

ચાતુર્માસ પછી સ્વામીજી પોતાના ગુરુ શ્રીશંકરપુરુષોત્તમતીર્થજી પાસે ઝૂસીમાં પહોંચ્યા. તેઓ પ્રયાગરાજતીર્થ પાસે ઝૂસીમાં તેમના એક શિષ્યને ત્યાં રહેતા હતા. એમનું અંતર તૃપ્ત થતાં સુધી તેઓ ગુરુજીના સાન્નિધ્યમાં

રહ્યા. ત્યાંથી ગાડરવાડા ગયા. અહીં હરસ્વરૂપ નામનો એક ગૌડ બ્રાહ્મણ એની પત્ની સાથે, સ્વામીજીને શોધતો ત્યાં આવી ચડ્યો. સ્વામીજીને પ્રણામ કરી તેણે કહ્યું: "હું શ્રીગુળવણી મહારાજનો દીક્ષિત શિષ્ય છું. રામેશ્વરની યાત્રાએથી પાછા ફરતાં માર્ગમાં પૂ. મહારાજશ્રીનાં દર્શન કર્યાં. એમની પાસેથી મળેલી માહિતી મુજબ આપને મળવા ઝૂસી ગયેલો. ત્યાંથી આપનાં દર્શનાર્થે અહીં આવ્યો છું." પછી હરસ્વરૂપે સ્વામીજીની પાદ્યપૂજા પૂરા ભક્તિભાવથી કરીને સ્વામીજીને પ્રસન્ન કર્યા.

એ પછી સ્વામીજી એપ્રિલમાં ગાડરવાડાથી ભાલોદ ગામ આવ્યા. ત્યાં થોડા દિવસ રોકાઈને તેઓ વડોદરા ગયા. આ અરસામાં તેમને ફલુનો તાવ લાગુ પડ્યો. પાંચેક દિવસ લાંઘણ કરીને એમણે તાવને ભગાડ્યો. વડોદરામાં તેઓ આ વખતે ચોખંડી વિસ્તારમાં આવેલા બ્રહ્મેશ્વર મહાદેવવાળી શ્રીગૌડ વાડીમાં બે માસ રહેલા. એ પછી તેઓ ફરી ભાલોદ ગયા. ત્યાંથી ફરતાં ફરતાં તેઓ તા. ૨૦-૫-૧૯૩૭ ના રોજ વડોદરા આવ્યા. આ વખતે તેમણે ઘીકાંટાના બાલાજી મંદિરમાં મુકામ કરેલો.

અહીં સ્વામીજી પર મહારાજશ્રી તથા તેમના ભાઈ શ્રી.ગોવિંદરાવના પત્રો આવ્યા. બેએક વર્ષની બીમારી પછી શ્રી.ગોવિંદરાવનાં પત્ની હાલમાં જ દેવલોક પામ્યાં હતાં. મોટા દીકરાનો કોઈ પત્તો નો'તો. નાનો દીકરો માધવ શાળાની ફી નહીં ભરી શકવાને કારણે અભ્યાસ પડતો મૂકીને ઘેર બેઠો હતો. ઉમ્મર લાયક થયેલી દીકરીના લગ્નનો પ્રશ્ન આર્થિક મુશ્કેલીને કારણે વિલંબમાં પડતો હતો. નોકરી છૂટી જવાથી ગોવિંદરાવ ખેતી સંભાળવા ગામમાં આવીને વસ્યા હતા. આમ તેઓ ચારે બાજુથી મુશ્કેલીઓમાં સપડાયેલા હતા. સ્વામીજીએ ૭-૬-૧૯૩૬ના પત્રમાં મહારાજશ્રીને લખ્યું: "આપનો ૧-૬-૧૯૩૬ નો પત્ર મળ્યો. ગોવિંદરાવનો પત્ર પણ મળ્યો. એમના પર એક સામટી વિપત્તિઓ આવી પડી છે. छिद्रेष्वनर्थाः बहुली भवन्ति । આ સંસાર દુ:ખોથી ભરેલો છે. આ જ કારણે ભગવાન ઉપદેશ આપતાં કહે છે:"

अनित्यमसुखम् लोकमिमं प्राप्य भजस्व माम् ।।" આ પત્રમાં સ્વામીજીએ ગોવિંદરાવ પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને ય છેવટે આશ્વાસન તો સંન્યાસીને અનુરૂપ જ આપેલું.

મગરસ્વામીજીના સહવાસમાં

ઈ. સ. ૧૯૩૭માં શ્રીલોકનાથતીર્થ સ્વામીજીએ ચાતુર્માસ વડોદરામાં ઘીકાંટા રોડ પર આવેલ બાલાજી મંદિરમાં બંગાળી સાધુ શ્રીશાંતાશ્રમજીના સહવાસમાં ગાળ્યો. શાંતાશ્રમજી મગરસ્વામીજીના નામે પણ જાણીતા હતા. એમનું મૂળ નામ ભોળાનાથ મુખોપાધ્યાય હતું. તેઓ ભારદ્વાજ ગોત્રમાં ચૈતન્ય મહાપ્રભુના વંશમાં પશ્ચિમ બંગાળના વર્ધમાન જિલ્લામાં જન્મ્યા હતા. એમના પિતાશ્રી ધાર્મિક વૃત્તિના એક પ્રતિષ્ઠિત ડોક્ટર હતા. સંન્યસ્ત ધારણ કરતાં પહેલાં મગરસ્વામીએ રેલવેમાં નોકરી કરેલી. નોકરી દરમિયાન પણ તેમને યોગવિદ્યા દ્વારા આત્માનુભવ કરવાનું આકર્ષણ થતું રહેતું. એના પરિપાક રૂપે તેઓએ ગૃહત્યાગ કર્યો અને આત્માનુભૂતિ મેળવવા સતત પર્યટન કરતા રહ્યા. પરમાત્માની પ્રેરણાથી તેઓએ, એ કાળે જમ્મુ કાશ્મિરમાં નિવાસ કરતા શ્રીવાસુદેવાશ્રમજી પાસેથી ૧૯૨૭માં સંન્યાસ દીક્ષા ગ્રહણ કરીને શાંતાશ્રમ નામ ધારણ કર્યું. સ્વામી વિશ્વેશ્વરાશ્રમજી પાસેથી મગરસ્વામીએ ષડ્દર્શનશાસ્ત્રનું જ્ઞાન સંપાદન કર્યું તથા શ્રીજગન્નાથાશ્રમજી સ્વામી પાસેથી યોગદીક્ષા લીધી. કાશ્મીરમાં ઉપાસના દરમિયાન તેમને સરસ્વતી દેવીનો સાક્ષાત્કાર થયેલો. એમને હિમાલયમાં તપશ્ચર્યા કરતાં હનુમાનજીનાં દર્શન પણ થયાં હતાં. એમને હનુમાનજી પાસેથી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનું વરદાન પ્રાપ્ત થયેલું. તેઓ નર્મદા તટે વસેલા શિનોર ખાતે આવેલા ભંડારેશ્વરમાં સ્થિર થયેલા. તેઓ વડોદરા આવે ત્યારે પ્રતાપનગરમાં આવેલા મુક્તેશ્વરના મંદિરમાં મુકામ કરતા. એમણે વારસિયા તળાવને કિનારે નારાયણ મઠની સ્થાપના કરેલી ને શેષ જીવન અહીં જ પસાર કરેલું.

એકવાર તેઓ નર્મદામાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે એક મગર તેમને એનાં રાક્ષસી જડબાંમાં ગ્રસીને ઊંડા પાણીમાં લઈ ગયેલો. એમણે પ્રાણને મસ્તકમાં સ્થિર કરીને પોતાના જીવનની રક્ષા તો કરી પણ એમના હાથ પગને ભારે ઈજા થઈ હતી. ઉપચારો કરવાથી ઘા રૂઝાઈ ગયા હતા. પણ ત્યારથી તેઓ મગરસ્વામીના નામે પણ ઓળખાવા માંડેલા.

ભગવાનદાસનો અસાધ્ય રોગ

આ વર્ષનો ચાતુર્માસ સ્વામીજીએ વડોદરામાં કર્યો. આ સમય દરમિયાન તેઓના બે ભકતો એમના વિશેષ સંપર્કમાં આવ્યા. વડનગર નિવાસી શ્રી. અંબાલાલ મોહનલાલ વ્યાસ અને શ્રી. ભગવાનદાસ ઉપાધ્યાય. બન્ને યોગાભ્યાસી હતા. તેઓ વડોદરામાં ઘીકાંટા રોડ પર આવેલ બાલાજીના મંદિરે સ્વામીજીનાં દર્શને આવેલા. એ વખતે શ્રીશાંતાશ્રમ સ્વામીજી (મગર સ્વામી) પણ એ મંદિરમાં જ રહેતા હતા. ભગવાનદાસ હિમ્મતનગર (ઉ.ગુજરાત) પાસેના ભીલોડા ગામની નજીક વસેલા થુરાવાસ ગામના વતની હતા. હાથમતી નદી પર બંધ થવાને કારણે થુરાવાસ ડૂબમાં ગયું. તેથી એ ગામની વસ્તીનું સ્થળાંતર થયું છે. નવા થુરાવાસ ગામને ભીલોડાથી પાંચેક કીલોમીટર દૂર વાંકાનેર પાસે વસાવવામાં આવ્યું છે. ભગવાનદાસના પુત્ર નારાયણદાસે ભીલોડાથી છ એક કીલોમીટર દૂર આવેલા ધોળવાણીમાં મકાન ખરીદ્યું છે. નારાયણદાસ હાલ મુંબઈમાં રહે છે ને એમના પુત્રો વ્યવસાય સુપેરે સંભાળી રહ્યા છે.

ભગવાનદાસે અષ્ટાંગયોગનો અભ્યાસ યોગગુરુ શ્રીઅમરનાથજી પાસે કર્યો હતો. શ્રીઅમરનાથજી કાંદાવાડીમાં આર્યસમાજની સામે આવેલ અમરધામ આશ્રમમાં યોગાભ્યાસ કરાવતા હતા. ભગવાનદાસે યોગાસનો ઉપરાંત બસ્તી, ધોતી, નેતિ, નૌલિ જેવી ષટ્‌ક્રિયાઓ તથા કેટલીક મુદ્રાઓનો સારો અભ્યાસ કર્યો હતો. તેઓ વજ્રોલી મુદ્રા પણ કરી શકતા.

ભગવાનદાસ સોલાપુરમાં કાનજી દેવકરણ કંપનીમાં મહેતાજી તરીકે નોકરી કરતા હતા. કંપનીની શાખા પૂનામાં હોવાથી કંપનીના કામે એમને અવારનવાર પૂના જવાનું થતું. સાધનામાં કશીક ભૂલ થવાને કારણે કે કર્મયોગે એમને જમણી બાજુ કેડ પર ગૂમડું થયું. દિવસે દિવસે ગૂમડું વકરવા લાગ્યું. ડોક્ટરે શસ્ત્ર ક્રિયાની સલાહ આપી. ડોક્ટરની સલાહ મુજબ એમણે મુંબઈની સારી હોસ્પિટલમાં તે કરાવી. છતાં જખમ રૂઝાયો નહીં. છેવટે ડોક્ટરોએ હાથ ધોઈ નાખ્યા અને ભગવાનદાસને જણાવી દીધું કે "ગૂમડાનો ઘા જિંદગીપર્યંત રહેશે. એનો ઈલાજ અમારી પાસે નથી." આ ગૂમડાના ઈલાજ માટે તેઓ ત્રણ મહિના હોસ્પિટલમાં રહેલા. શસ્ત્રક્રિયા દરમિયાન નસ કપાઈ ગયેલી એટલે એમને રોજ ડ્રેસિંગ કરાવવું પડતું. ભગવાનદાસને રોજ પાટાપિંડી માટે દવાખાને જવાનું ફાવતું નહીં. એટલે પછી તેઓ ઘેર જ પાટાપિંડી કરાવતા.

ગૂમડામાંથી રોજ ઘણું પરુ નીકળતું. એ કારણે ઘણી અશક્તિ આવી ગઈ. વેદના પણ પાર વગરની થતી. આ સ્થિતિમાં તેઓ મુંબઈથી પૂના શ્રી. અંબાલાલ વ્યાસને ત્યાં રહેવા આવ્યા. દિવસભર તેઓ પથારીમાં પડ્ય ા રહેતા. અંબાલાલને ત્યાં એમના હાથમાં *'કલ્યાણ'* માસિકનો અંક આવ્યો. *'કલ્યાણ'*ના યોગાંકમાં તેમની નજર શક્તિપાત વિષય પર શ્રી.ખરેએ લખેલ લેખ પર પડી. તેઓ આખો લેખ રસપૂર્વક વાંચી ગયા. પૂનાની શાળ ાના ચિત્રકલા શિક્ષક શ્રીગુળવણી મહારાજ શક્તિપાતની દીક્ષા આપે છે એવો ઉલ્લેખ લેખમાં હતો.

આ અરસામાં ભગવાનદાસને સોલાપુર જવાનું થયું. અહીં તેમને બાપુ સાહેબ કુબડેનો ભેટો થયો. એમના દ્વારા ભગવાનદાસને મહારાજશ્રીને મળવાનો સુયોગ પ્રાપ્ત થયો. એમણે પોતાના વ્યાધિ વિષે મહારાજશ્રીને વિગતે વાત કરી ને દીક્ષા માટે પ્રાર્થના કરી. મહારાજશ્રીએ કહ્યુંઃ "હમણાં તમારી તબિયત ઠીક નથી. પૂના ગયા બાદ વિચારીશું. " મહારાજશ્રીના ઉત્તરથી ભગવાનદાસ થોડા નિરાશ થયા. છતાં મહારાજશ્રીને અવારનવાર મળતા

રહેવાનું તેઓએ જારી રાખ્યું.

પૂના આવ્યા બાદ પણ ભગવાનદાસની દીક્ષા મેળવવાની ઈચ્છા સંતોષાઈ નહી. એક દિવસ દીક્ષા મેળવવાનો સંકલ્પ કરીને તેઓ મહારાજશ્રી પાસે આવ્યા ત્યારે મહારાજશ્રી આહ્નિકમાં બેઠા હતા. એમણે ગુરુદક્ષિણા તરીકે પત્નીની નથ મહારાજશ્રીને અર્પણ કરી. ત્યારે મહારાજશ્રીએ એમને કહ્યું: "ભાઈ, અમારી દીક્ષા પૈસા પર આધારિત નથી. તમારી તબિયત સારી નથી. આવા સંજોગોમાં દીક્ષા આપવી યોગ્ય નથી એમ સ્વામીજીએ કહ્યું છે. તમે ધરપત રાખો. તમને યોગ્ય સમયે દીક્ષા પ્રાપ્ત થશે જ, એમ મેં તમને અગાઉ જણાવેલું છે. પછી શું કામ અધીરા થાઓ છો ?" ને મહારાજશ્રીએ કહ્યા મુજબ ભગવાનદાસને દિ. ૧૭-૩-૧૯૩૭ના રોજ (ગુરુવારે) દીક્ષા આપવામાં આવી. દીક્ષા પ્રદાન કર્યા પછી મહારાજશ્રીએ કહ્યું: *"નિયમિત સાધના કરતા રહેશો તો આ તમારો અસાધ્ય રોગ પણ મટી જશે."* મહારાજશ્રીની સૂચનાનુસાર ભગવાનદાસ નિયમિત સાધના કરતા રહ્યા ને પરિણામે એમનો રોગ એક વર્ષમાં જડમૂળથી દૂર થયો. એ પછી ભગવાનદાસ મુંબઈ ગયા.

એકવાર સ્વામીજી પૂનામાં શંકરરાવને ત્યાં રહેતા હતા ત્યારે ભગવાનદાસને સ્વામીજીનો પત્ર મુંબઈના એમના સરનામે આવ્યો : "મારે મુંબઈ આવવું છે. મારા નિવાસની વ્યવસ્થા કરી રાખજો."

સ્વામીજી પોતાની સાથે રહેવા ઈચ્છે છે એવા સમાચાર જાણી એમનો કયો ભક્ત ખુશ ન થાય ? પણ ભગવાનદાસની સમસ્યા એ હતી કે ત્યારે તેઓ કાલબાદેવીમાં આવેલી ૧૦×૧૨ની ઓરડીમાં રહેતા હતા. આટલી સાંકડી જગામાં સ્વામીજીની સગવડ કેમ કરીને સચવાય? પણ એમની સમસ્યાનો ઉકેલ ચમત્કારિક રીતે આવી ગયેલો. એમની રૂમની સામેની રૂમમાં રહેતાં બહેન સામે ચાલીને એમને મળવા આવ્યાં ને કહ્યું:

શ્રી બ્રહ્મેશ્વર મહાદેવનું મંદિર,
ગૌડવાડી, ચૌખંડી, વડોદરા

શ્રીબાલાજી મંદિર, ઘીકાંટા રોડ,
વડોદરા



શ્રીકાશી વિશ્વનાથ મહાદેવ
મંદિરનું પ્રવેશ દ્વાર, શાહપુર
દરવાજાની બહાર, અમદાવાદ

શ્રીકાશી વિશ્વનાથ મહાદેવનું
મંદિર. આ મંદિરની પાસે કુટીર
બાંધીને પૂ. સ્વામીજી અહીં રહેલા.
(૧૯૩૮)



ચિન્મયાનંદ સરસ્વતી



પ.પ.શ્રીલોકનાથતીર્થ

'ચિન્મયાનંદ' 'લોકનાથતીર્થ' થયા

ખેડી ઘાટ (મોરટક્કા)
શ્રીબાલચંદ્ર શાસ્ત્રી ભારતીના
'શ્રીરાજરાજેશ્વરી આનંદ ધામ' આશ્રમમાં
આવેલ શ્રીરાજરાજેશ્વરી ગોપાલકૃષ્ણ મંદિર

'શ્રીરાજરાજેશ્વરી આનંદ ધામ, આશ્રમના
ભોંયરામાં આવેલી શ્રીરાજરાજેશ્વરી અને
ભગવાન શ્રીદત્તાત્રેયની મૂર્તિઓ

"હું દસેક દિવસ માટે બહારગામ જાઉ છું. મારી ઓરડીની ચાવી તમને આપતી જાઉ છું." ભગવાનદાસ તો આશ્ચર્યચકિત થઈ ગયા. સમસ્યાનો આટલો ત્વરિત ઉકેલ આવશે એની તો એમણે કલ્પના જ નહીં કરેલી. એમણે પેલાં બેનને કહ્યું: "એક સ્વામીજી મારી સાથે થોડા દિવસો માટે રહેવા આવે છે. તમને વાંધો ન હોય તો તમારી રૂમમાં એમનો મુકામ રાખીએ." પેલાં બેને તરત જવાબ આપ્યો: "મને કશો વાંધો નથી. સ્વામીજી ભલે ને મારી રૂમમાં રહેતા !" સ્વામીજીની કૃપા કેવી ! પૂના રહ્યે રહ્યે એમણે ભગવાનદાસની મુશ્કેલી દૂર કરી દીધેલી.

પૂનાથી ગુળવણી મહારાજે સ્વામીજીને પત્ર લખેલો. એમાં ભગવાનદાસ વિષે વિગતવાર ઉલ્લેખ કરેલો. ભગવાનદાસ સ્વામીજીના સાન્નિધ્યમાં સાધના કરવા વડોદરા આવ્યા. બાલાજી મંદિરમાં સાધના માટે જરૂરી એકાન્ત મળી રહે એમ નો'તું એટલે સ્વામીજીએ ભગવાનદાસને કહ્યું: "ભાદરવાની પૂનમ પછી તમારે ગામ જઈશું. ત્યાં એકાન્તમાં તમારી સાધના થશે." વડોદરાથી વિદાય થતાં સુધી ભગવાનદાસ રોજ સ્વામીજીનાં દર્શને સવારે બપોરે ને સાંજે જતા ને એમની સેવા કરતા.

શ્રી. ભાલચંદ્ર શાસ્ત્રી ભારતીને દીક્ષા

આ અરસામાં ઈન્દોરના શ્રી.ભાલચંદ્ર શાસ્ત્રી સ્વામીજીના દર્શનાર્થે બાલાજી મંદિરમાં આવ્યા હતા. તેમણે સ્વામીજીને પ્રાર્થના કરી: "મારા પર દીક્ષાનુગ્રહ કરો." સ્વામીજીએ કહ્યું: "અહીં એકાન્ત નથી. ઈન્દોરમાં તમારે ઘેર આવીને ત્યાં દીક્ષા આપવાનું ઠીક રહેશે." એ પ્રમાણે ભાદરવાની પૂનમ પછી ચાતુર્માસ સમાપ્તિના દિને સ્થાનાંતર લેખે સ્વામીજી પહેલાં ઈન્દોર તરફ ગયા. સાથે ભગવાનદાસને ય લેતા ગયેલા.

શ્રી. ભાલચંદ્ર શાસ્ત્રી ઈન્દોરની સુપ્રતિષ્ઠત વ્યક્તિ હતા. આ જ

શહેરમાં શીખ મહોલ્લામાં રહેતા એક મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ પાસે એમણે શ્રીવિદ્યાની દીક્ષા લીધી હતી. તેઓ નારાયણ શાસ્ત્રી ખ્રિસ્તેની પરંપરાના હતા. શ્રી. ભાલચંદ્રજી શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજશ્રીના સંપર્કમાં પણ આવી ચૂકયા હતા. ભાલચંદ્રજીએ ૧૯૩૦માં રેવાતીરે ખેડીઘાટ (મોરટક્કામાં) શ્રીરાજરાજેશ્વરી તથા ગોપાલકૃષ્ણનાં મંદિરનું નિર્માણ કરીને રાજરાજેશ્વરી આનંદધામ આશ્રમની સ્થાપના કરી. શાસ્ત્રીજીએ સ્વામી શ્રીકરપાત્રીજીને શ્રીવિદ્યાની દીક્ષા આપી હતી. સોલાપુર નિવાસી શ્રી. પ્રભાકરરાયના પિતાજી શ્રીધર દામોદરરાયને પણ શ્રીવિદ્યાની ઉપાસના એમણે આપેલી. શ્રી. ગોપીનાથ કવિરાજ સાથે શ્રી. શાસ્ત્રીજીને સારો પરિચય હતો. શાસ્ત્રીજીએ " ઉમાનંદ નાથ " ઉપનામથી મંત્રશાસ્ત્ર વિષે એક ઉત્તમ પુસ્તક લખ્યું છે. શૃંગેરી મઠના શંકરાચાર્યે શાસ્ત્રીજીને "ભારતી" નો બિતાબ આપ્યો હતો. આ જ પીઠ દ્વારા એમને "મંત્ર સમ્રાટ " ની માનદ ઉપાધિ પણ આપવામાં આવેલી.

શાસ્ત્રીજીનો જન્મ ઈ.સ. ૧૯૦૦ માં ઘયો હતો. એમણે અંગ્રેજી વિષય સાથે કોલેજની ઉપાધિ મેળવી હતી. ઈન્દોરના શ્રી. તુકોજીરાવ હોલકરના રાજમાં તેઓ એકસાઈઝ ખાતામાં આસિસ્ટન્ટ કમીશનર તરીકે નિયુક્ત થયા હતા. એમના પિતાનું નામ શ્રી.નારાયણ શાસ્ત્રી તુળાપુરકર તથા દાદાનું નામ ભગવંત શાસ્ત્રી હતું.

ખેડીઘાટ(મોરટક્કા)ના સુરમ્ય, એકાન્ત નર્મદા કિનારે આવેલા "શ્રીરાજરાજેશ્વરી આનંદધામ" આશ્રમમાં શ્રી. શાસ્ત્રીજીએ શ્રીલોકનાથતીર્થ સ્વામીની સેવા કરી હતી. તેઓ શાસ્ત્રપંડિત હોવા છતાં એમને યોગ વિષયમાં વિશેષ અભિરુચિ હતી. એમને સ્વામીજીમાં પૂરી શ્રદ્ધા હતી. એક શુભ દિને સ્વામીજીએ તેમને દીક્ષા આપીને ઉપકૃત કર્યા. દીક્ષાના અનુભવોથી શાસ્ત્રીજીને ઘણો આનંદ થયો. સ્વામીજીએ ભગવાનદાસજીને સ્પર્શદીક્ષા આપી હતી ને તેમને એક ષડાક્ષરી મંત્રનો ઉપદેશ પણ આપ્યો હતો. સ્વામીજીના હસ્ત સ્પર્શથી

તેમને અલૌકિક અનુભવ થયો. શક્તિ સંક્રમણના તીવ્ર અનુભવથી તેઓ પોતાનું દેહભાન પણ વીસરી ગયેલા.

શ્રી. ભાલચંદ્ર શાસ્ત્રીના અનેક શિષ્યો હતા. જબલપુર નિવાસી શ્રીમતી વિમલાતાઈ જઠાર એકવાર સાધના કરી રહ્યાં હતાં. ત્યારે કોઈ સમસ્યા ઊભી થયેલી. એ સમસ્યા વિષે ધ્યાનસ્થ રહીને જ એમણે શાસ્ત્રીજીનું માર્ગદર્શન માંગેલું. ત્યારે શાસ્ત્રીજીએ તેમને ખેડીઘાટના આશ્રમમાં જવાનો આદેશ આપેલો. જે દિવસે વિમળાતાઈ ખેડીઘાટ પહોચ્યાં, તે જ દિવસે શાસ્ત્રીજી પણ આવી પહોંચેલા ને એમને જરૂરી માર્ગદર્શન આપી વિદાય થયેલા. યોગ–સાધનામાં માર્ગદર્શક તરીકે શાસ્ત્રીજીની આવી હતી સક્ષ્નતા.

"શ્રીરાજરાજેશ્વરી આનંદધામ" માં શાસ્ત્રીજી તથા ભગવાનદાસ સ્વામીજીના સાન્નિધ્યમાં સાધનાનો આનંદ માણતા હતા. રોજ સવારે અને સાંજે સાધના થતી. બપોરે સ્વામીજીનું વાચન તથા પત્રલેખન ચાલતું. વચ્ચેવચ્ચે વાતચીત પણ થતી રહેતી. સાંજે સૌ ફરવા જતા. આમ એકાદ મહિનો આનંદમાં પસાર થયો. એક દિવસ સ્વામીજીને પ્રેરણા થઈ, ને એમણે ભગવાનદાસને કહ્યુંઃ "ચાલો હવે અહીં વધારે રહેવું નહીં એવી આજ્ઞા થઈ છે." ને આસો પૂનમ પછી તેઓ ત્યાંથી ઈન્દોર આવવા નીકળી પડ્યા. ત્યાંથી રેલવે માર્ગે રતલામ, વડોદરા, અમદાવાદ થઈને હિમ્મતનગર આવ્યા. ત્યાંથી ૨૫ માઈલનો મોટર પ્રવાસ ખેડી તેઓ થુરાવાસ આવ્યા.

સ્વામીજી થુરાવાસમાં

ભગવાનદાસના ઘરે સ્વામીજીને જરૂરી એકાન્ત મળી રહે તેમ નો'તું, તેથી તેમના નિવાસની વ્યવસ્થા નજીકના એક અન્ય મકાનમાં કરવામાં આવી. સ્નાન, ભિક્ષા ભગવાનદાસને ત્યાં કરીને સ્વામીજી બાકીનો સમય આ મકાનમાં વિતાવતા. સ્વામીજી ખાસ તો ભગવાનદાસને રોગમુક્ત કરવા અહીં આવ્યા

હતા તેથી ભગવાનદાસે સ્વામીજી સમક્ષ બેસીને સાધના શરૂ કરી દીધી. એમના ઘાની પીડાની તીવ્રતા યથાવત્ હતી. તેઓ સવાર સાંજ સાધનામાં બે-ત્રણ કલાક રોજ બેસતા. પછી તો તેઓ બપોરે અને રાત્રે પણ સાધનામાં બેસવા લાગ્યા. સ્વામીજી તેમને તેમની રીતે સાધના કરવા દેતા ને જરૂર પડે સંકલ્પ, શબ્દ, દૃષ્ટિ, સ્પર્શનો એમના સાધકને લાભ આપતા. ભગવાનદાસના ઘામાંથી થતા સ્રાવનું પ્રમાણ સાધનાની શરૂઆતના એક-બે દિવસ દરમ્યિાન વધી ગયું. પરંતુ પીડાનું જોર ઘટવા માંડ્યું હતું. સ્વામીજીની સેવામાં ભગવાનદાસનાં કુટુંબીજનો પણ લાગી ગયાં હતાં.

થુરાવાસમાં સ્વામીજી એકાદ મહિનો રોકાયા. સ્વામીજીને ફરવાનો ભારે શોખ હતો, તેથી ભગવાનદાસ એમને એકાદ માઈલ દૂર ચ્યવનાશ્રમ તથા ભૃગુક્ષેત્રમાં લઈ જતા. અહીંના ભૃગુકુંડમાં સ્નાન કરવાથી ઘણા રોગો નાશ પામે છે એવી માન્યતા પ્રવર્તે છે. સ્વામીજીએ ત્યાં આવેલ દેવસ્થાનોમાં જઈને દર્શન કર્યાં, ને કુંડના જળને પ્રણામ કરી એનો સ્પર્શ કર્યો. કુંડમાં અનેક રોગીઓને સ્નાન કરતા ભાળીને સ્વામીજી એ કહ્યું: "આ પવિત્ર તીર્થક્ષેત્રમાં રોગીઓનાં દર્શન થાય એ ઈષ્ટ નથી, કેમ કે જે મહાપાપી હોય છે એ જ મોટા રોગોનો ભોગ બને છે. *શક્તિપાત સાધના આપણા તન અને મનને પવિત્ર કરે છે. પરંતુ જેમ પાણી ઢાળ તરફ વહેવા માંડે છે, તેમ આપણી શકિત પણ નિમ્નાવસ્થામાં રહેતા લોકો તરફ વહી જાય છે અને એમની અશુદ્ધતાનો ઓછોવત્તો અંશ પણ આપણા તરફ આપમેળે ખેંચાઈ આવે છે, જેનાથી આપણી સાધનામાં વિક્ષેપ પડે છે. આથી દરેક સાધકે સ્પર્શાસ્પર્શના નિયમો ચુસ્તપણે પાળવા જોઈએ ને બને ત્યાં સુધી આવાં સ્થળોએ જવાનું ટાળવું જોઈએ."*

અહીંથી બારેક માઈલ દૂર આવેલા ગયા જેવા પવિત્ર ગદાધર ક્ષેત્રમાં (શામળાજીમાં) સ્વામીજી, ભગવાનદાસના પુત્ર શ્રી. નારાયણદાસ તથા શામલાલ વગેરેના સાથમાં ચાલીને ગયા. આ સ્થળે કારતક સુદ અગિયારસથી

તે અમાસ સુધી મેળો ભરાય છે. સ્વામીજી અહીં ત્રિલોકીનાથજીના મંદિરમાં રોકાયા. અહીં ભોજનની ઉત્તમ વ્યવસ્થા હતી. મંદિરની સામેના તુલસીવનમાંથી આવતી સુવાસ સ્વામીજીના મનને પ્રસન્નતા બક્ષતી. ત્યાં અચાનક એમણે થુરાવાસ પાછા ફરવાનો નિર્ણય સૌને જણાવ્યો. નારાયણદાસ થોડા મુંઝાઈ ગયા. એમણે સ્વામીજીને પૂછ્યું: "સ્વામીજી, મારી કોઈ ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરજો ." સ્વામીજીએ કહ્યું: " તારી કશી ભૂલ થઈ નથી. પરંતુ જ્યાં તુલસી, પીપળો, ઉદુંબર જેવાં પવિત્ર વૃક્ષો હોય ત્યાં લઘુશંકા કરવી એ મોટું પાપ છે. જ્યાં આવું પાપ આચરાતું હોય ત્યાં રહેવું હિતાવહ નથી." એ પછી નારાયણદાસ બેટરીની વ્યવસ્થા કરીને તેઓ રાતોરાત સ્વામીજીને થુરાવાસ પાછા લઈ આવ્યા.

એક દિવસ સ્વામીજીએ કહ્યું: "હું હવે અહીંથી વિદાય લઈશ. તમે નિયમિત સાધના કરતા રહેજો એટલે તમારો ઘા પૂરેપૂરો મટી જશે." ભગવાનદાસે કહ્યું:" પૂજય મહારાજશ્રીએ પણ આપની જેમ કહેલું કે નિયમિત સાધના કરવાથી મારી પીડા એક વર્ષમાં દૂર થશે. આપે મારું આતિથ્ય સ્વીકારી મારા પર કૃપા કરી છે. મારાં મીઠું ને રોટલાને મિષ્ટાન્ન ગણીને આપે આરોગ્યાં છે, એ આપની મહાનતા છે. આપની યથોચિત સેવા કરતાં મને આવડ્યું નથી. મારા એ અપરાધને ક્ષમ્ય ગણીને મારા પર કૃપાદૃષ્ટિ રાખતા રહેજો એવી મારી આપને નમ્ર પ્રાર્થના છે." કહી એમણે સ્વામીજીનાં ચરણો પકડી લીધાં ને એ ચરણોમાં માથું મૂકીને ધ્રુસકેને ધ્રુસકે રોઈ પડ્યા. ઘરનાં સૌ એ દૃશ્ય જોઈને ગદગદિત થઈ ગયાં. સ્વામીજી ઘડીભર સૌની સામે જોઈ રહ્યા. પછી ભગવાનદાસની પીઠ થાબડીને એમને સાંત્વન આપતાં બોલ્યા: "વામનના શબ્દો સાચા પડશે. એ બાબતે નચિંત રહેજો." એ પછી સ્વામીજી થુરાવાસ છોડીને અમદાવાદ આવ્યા.

ભગવાનદાસ દીક્ષા પ્રાપ્ત કરવા મહારાજશ્રી પાસે પૂના ગયા હતા. ત્યારે મહારાજશ્રી અને શ્રી. કુબડે તેમને પૂનાના જાણીતા ડો. કડલે પાસે લઈ

ગયેલા. ડોક્ટરે તપાસીને કહેલું: "આ રોગ અસાધ્ય છે." સ્વામીજીએ થુરાવાસથી વિદાય લીધી. એ પછીની દત્તજયંતી પર ભગવાનદાસ ફરી પૂના ગયા. મહારાજશ્રી ફરી તેમને ડો. કડલે પાસે લઈ ગયા. ડોક્ટરે તપાસીને જણાવ્યું કે "રોગ પૂરેપૂરો મટી ગયો છે." દીક્ષા લીધા બાદ માત્ર સાત–આઠ મહિનામાં જ ભગવાનદાસ રોગમુક્ત થઈ ગયા હતા. આ શું સાધનાને કારણે શક્ય બન્યું કે ગુરકૃપાને પરિણામે ? કોણ કહી શકે ? અસાધ્ય રોગ આટલા ટૂંકા ગાળામાં દૂર થયો એ જોઈને ડો. કડલે પણ ભારે આશ્ચર્યમાં પડી ગયેલા.

અધ્યાય: ૮

પરિવ્રાજક સ્વામીજી

દૈવ દેહ ભલે ભમે, પામે સુખ કે દુઃખ ।
દેખે લીલા દૂરથી, જ્ઞાની તટસ્થ મૂક ।।

(શ્રીગુરુલીલામૃત, ૨૪-૧૭)

સંન્યાસી જીવનની મર્યાદાઓ

૧૯૩૭ના ડિસેમ્બરથી તે ૧૯૩૮ના જાન્યુઆરી દરમ્યિાન સ્વામીજી અમદાવાદના શાહપુર દરવાજા બહારના વિસ્તારમાં આવેલા કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરમાં રોકાયેલા. શિયાળા દરમ્યિાન પણ ત્યાં જ રહેવાનો એમને આદેશ થયેલો. ભોજનની સગવડ પણ એ સ્થળે સારી હતી. અહીંના સરનામે મહારાજશ્રીના પત્રો તથા મ. ઓ. નિયમિત આવતાં. એક દિવસ સતનાથી હરસ્વરૂપ મિશ્રનો પત્ર સ્વામીજી પર આવ્યો. આ પત્ર વિષે સ્વામીજીએ એમના ૧૪-૧-૧૯૩૮ ના રોજ લખેલ પત્રમાં મહારાજશ્રીને જણાવ્યું:

"હરસ્વરૂપ દરેક પત્રમાં લખે છે કે મને દર્શન આપો. પણ એને ત્યાં પહોંચવાના ભાડાના પૈસા વિષે કશું લખતો નથી કે નથી ભાડાના પૈસા મોકલતો. જવાબી પત્ર પણ બીડતો નથી. એને કહેજો કે આવવાજવાનો ખર્ચ એ ન મોકલે તો અમે કેવી રીતે એને ત્યાં જઈ શકીએ ? " સ્વામીજીએ હરસ્વરૂપના પત્રનો જવાબ પણ પાઠવેલો. સંન્યાસી જીવનની કેટલીક મર્યાદાઓ – કઠિનતાઓનો ખ્યાલ સાંસારિક લોકોને હોતો નથી. આથી સંન્યાસીઓ સાંસારિકોના વર્તન વ્યવહારથી ક્યારેક વ્યગ્ર થઈ જાય એ સ્વાભાવિક છે.

મહારાજશ્રી પાસેથી પૂનામાં દીક્ષા ગ્રહણ કરેલ ચુનીલાલ નામનો એક આર્યસમાજી સાધક અમદાવાદમાં સ્વામીજીનાં દર્શને આવ્યો. એને વિષે સ્વામીજીએ મહારાજશ્રી પરના એમના તા. ૨૧-૧-૧૯૩૮ના પત્રમાં લખ્યું: "ચુનીલાલે મારા ઉપદેશ માટે મને પ્રાર્થના કરી ને મને પ્રણામ કરીને મારી સમક્ષ થોડાં ફળ અને એક રૂપિયો નમ્રભાવે મૂક્યાં. મારા આગ્રહ છતાં એણે રૂપિયો પાછો લીધો નહિ. મેં એને કહ્યું: 'આર્યસમાજીને શ્રદ્ધા, પૂર્ણ શ્રદ્ધા નથી હોતી. તેથી મારી વિદ્યા તેને પ્રાપ્ત થતી નથી.' આમ છતાં એના આગ્રહને કારણે મેં એને સ્પર્શ કર્યો. એને અલૌકિક અનુભવ થયો પણ એટલાથી એને સંતોષ થયેલો નહીં. એ થોડો હતાશ થઈને ચાલ્યો ગયેલો. ભવિષ્યમાં મારું ઠેકાણું મેળવવા તમને પત્ર લખે તો આપશો નહીં. કોઈ પણ આર્યસમાજીને મારું ઠેકાણું આપવું નહીં. જેનામાં ઊંડી શ્રદ્ધા હોય એવી વ્યક્તિને જ મારું ઠેકાણું જણાવવું." સ્વામીજીના કેટલાક શિષ્યો આર્યસમાજી હતા. સ્વામીજી આવા શિષ્યો પ્રત્યે ઉદાસીનતા દાખવતા. એ પછી સ્વામીજી દસ-બાર દિવસ માટે અચાનક પૂના રહેવા આવ્યા.

એ લગ્ન આજે નહીં થાય

સોલાપુરના વૈદ્ય માસ્તરના એક સગાના દીકરાનું લગ્ન પૂનામાં હતું. એ નિમિત્તે વૈદ્ય માસ્તર પૂનામાં મહારાજશ્રીને ત્યાં ઊતર્યા. સ્વામીજીનો મુકામ

પણ ત્યાં જ હતો. તેથી વૈદ્ય માસ્તરને તેમનાં દર્શનથી આનંદ થયો. સ્વામીજી પણ તેમને મળીને પ્રસન્ન થયા. મહારાજશ્રી તથા નાના ભાલેરાવનેય લગ્નનું નિમંત્રણ હતું. લગ્ન સમારંભ સવારે સાડાનવે રાખ્યો હોવાથી બધા તે દિવસે મળસ્કે ચાર વાગે ઊઠી ગયા. નિત્યની સાધના પછી, સ્વામીજી સિવાય બીજા બધા સ્નાનાદિ નિત્યકર્મથી પરવારવા ઉતાવળ કરવા લાગ્યા. સ્વામીજી લગ્નમાં જવાના નો'તા. બધા લગ્નમાં જવા સાડા આઠે તૈયાર થઈ ગયા. લગ્નસ્થળે દશ બાર મિનિટ ચાલીને પહોંચાય એમ હતું. બધા લગ્ન સ્થળે પહોંચવા નીકળ તા હતા ત્યાં સ્વામીજીએ કહ્યું: "આટલા વહેલા લગ્નમાં જવા શા માટે નીકળ્યા? આ લગ્ન આજે થવાનું નથી." સૌને લાગ્યું કે સ્વામીજી એમના સ્વભાવ મુજબ મજાક કરી રહ્યા છે, એટલે વૈદ્ય માસ્તરે કહ્યું: "લગ્ન માટેની વાડી નક્કી થઈ ગઈ છે. કંકોત્રીઓ લખાઈગઈ છે. મારા જેવાને તો અંગત પત્રો પણ લગ્નમાં ઉપસ્થિત રહેવા લખાયા છે. આજની જ લગ્નતિથિ છે. પછી આજે લગ્ન થવાનું નથી એમ કેમ કહેવાય? મને ખબર છે લગ્ન આજે જ થશે." સ્વામીજીએ કહ્યું: "લગ્નમાં જવા તૈયાર થયા છો, ને વરકન્યાને આપવા ભેટ સોગાદો પણ ભેગી લીધી છે તો જઈ આવો લગ્ન મંડપે." બધા લગ્ન સમારંભમાં હાજરી આપવા ચાલી નીકળ્યા પણ આ શું? લગ્નસ્થળે જઈને જોયું તો મંડપના દરવાજે નથી કોઈ તોરણો બાંધેલાં કે નથી કશું સુશોભન. ત્યાં માત્ર એક પાટિયું મુકાયેલું સૌની નજરે પડયું. પાટિયા પર લખ્યું હતું: "અનિવાર્ય સંજોગોને કારણે લગ્ન બંધ રાખવામાં આવ્યું છે. અગવડ બદલ ક્ષમા કરશો." બધાને ભારે આશ્ચર્ય થયું. એમને સ્વામીજીના શબ્દો યાદ આવ્યા. બધા ઘેર પાછા ફર્યા એટલે સ્વામીજીએ હસતાં હસતાં પૂછ્યું: "થઈ ગયું લગ્ન? કેમ બધા આટલા જલદી પાછા આવી ગયા ?" બધાએ સ્વામીજીને કહ્યું: "લગ્ન તો બંધ રહ્યું પણ આપને કેવી રીતે ખબર પડી કે એ બંધ રહેવાનું છે? " સ્વામીજીએ કહ્યું:" મને પણ થોડી ઘણી ખબર તો પડે છે." સ્વામીજીના અંતર્જ્ઞાનથી બધા ભારે આશ્ચર્ય પામ્યા તથા તેમને આદર અને શ્રદ્ધાથી મનોમન વંદી રહ્યા. બધાને એ પછીથી જાણવા મળ્યું કે, કન્યાને કોઈ શારીરિક ખોડ છે. એની જાણ વરપક્ષનાંને છેલ્લી ઘડીએ થતાં એ લોકોએ લગ્ન બંધ રાખ્યું હતું.

વૈદ્ય માસ્તર સોલાપુર પાછા ફર્યા. ગોદાવરીતાઈ બહારગામ ગયાં હતાં. સ્વામીજી પૂનામાં રોકાઈ ગયા. એમની સ્નાન, ભોજન આદિની વ્યવસ્થા નાના ભાલેરાવનાં પત્ની સૌ. ગોદાવરીબેન કરતાં હતાં. નાનાને પણ સ્વામીજીની સેવા કરવાનો લાભ મળતો. મહારાજશ્રી તથા નાનાનાં પૂજાપાઠ, સંધ્યા, બ્રહ્મકર્મ, વ્યવસાયકર્મ તથા વૈશ્વકર્મ યથોચિત ચાલતાં રહેતાં. મહારાજશ્રીના શુદ્ધ આચારથી તથા આધ્યાત્મિક લગનથી સ્વામીજી એમના પર ખૂબ પ્રસન્ન હતા.

તે દિવસે રજા હતી. સાંજના સમયે સ્વામીજી *દાસબોધ* વાંચી રહ્યા હતા. વાંચતા વાંચતા તેઓ વચ્ચે શબ્દોના અર્થ મહારાજશ્રીને પૂછતા હતા.નાના તકલી પર સૂતર કાંતતા હતા. તેઓ નવરાશનો સમય આ રીતે વિતાવતા તેથી લોકો તેમને ગાંધીભક્ત કે દેશભક્ત માની લેતા. ખરેખર તો તેઓ પોતાના પરિવારના સભ્યો માટે અને મહારાજશ્રી માટે યજ્ઞોપવીત બનાવવા જરૂરી સૂતર કાંતતા રહેતા હતા.

સ્વામીજીની સન્મુખ બેઠેલા મહારાજશ્રીનું સિદ્ધાસન સુબદ્ધ થયું. તેમની આંખો આપોઆપ મીંચાઈ ગઈ. તેમનું શરીર કાષ્ટવત્ સ્થિર થઈ ગયું ને એમના મુખમાંથી ૐકારનો પ્રચંડ ઘોષ સંભળાવો શરૂ થયો. એ ઘોષ વધતો ગયો. તેઓ પોતાની આસપાસનું ભાન ભૂલી ગયા હોય એમ લાગ્યું. નાનાએ મહારાજશ્રીની સાધના અગાઉ જોઈ હતી. પણ આજની સાધના એમને જુદી લાગી. તેઓ મહારાજશ્રી તરફ જોતા રહ્યા. ત્યાં સ્વામીજીએ મહારાજશ્રી તરફ જોઈને કહ્યું: "આ ઉત્તમ પ્રકારની સાધના છે" ને એ રીતે એમણે મહારાજશ્રીની એ વખતની સાધનાને અનુમોદન આપ્યું.

રજાને લીધે તે દિવસે એ વાડાના સૌ ઘેર હતા. મહારાજશ્રીનો ઉદ્‌ઘોષ સાંભળીને સૌ કુતૂહલથી પ્રેરાઈને ત્યાં ભેગા થઈ ગયા. કેટલાક પોતાનાં બારી-બારણાંમાંથી મહારાજશ્રી તરફ જોઈ રહ્યા. નાનાને એ કારણે થોડી

અકળામણ થઈ પણ ત્યાંથી બધાને કેવી રીતે વિદાય કરી શકાય ? આખરે સ્વામીજી ઊભા થઈને મહારાજશ્રી પાસે આવ્યા ને તેમને ખભે હાથ મૂકીને ખભો હલાવીને કહ્યું: "વામન, આંખો ખોલો." એ સાથે જ મહારાજશ્રીની આંખો ખૂલી ગઈ ને એમની સાધના પૂરી થઈ. એ પછી સૌ વિખરાયા. સ્વામીજીના સાન્નિધ્યનો કેટલો બધો પ્રભાવ ! આવા અનુભવો ઘણાને થયા છે.

દીક્ષા મુખ્ય, મંત્ર સહાયક

પૂનાથી સ્વામીજી વળી અમદાવાદ આવ્યા, ને અગાઉના ઠેકાણે નિવાસ કર્યો. અહીં સતનાથી હરસ્વરૂપનો પત્ર આવ્યો. એ અંગે સ્વામીજીએ મહારાજશ્રીને લખ્યું: " *મનસ્યન્યત્ વચસ્યનત્, કર્મણ્યન્યત્ દુરાત્મનામ્.*" આ લક્ષણો હરસ્વરૂપ છોડતો નથી ને ફળની અપેક્ષા રાખે છે. એની ઈચ્છા આ રીતે કેમની પૂર્ણ થશે ? " સ્વામીજી એપ્રિલ સુધી અમદાવાદમાં રોકાયા. એ પછી તેઓ કાશી ગયા અને રાણામહલ ઘાટ પરના ૨૧/૧૮ નંબરના મકાનની એક ઓરડી ભાડે રાખીને ત્યાં રહ્યા. મહિનામાં ત્રણચાર દિવસ કોઈને ત્યાંથી ભિક્ષાનું આમંત્રણ મળતું. બાકીના દિવસોએ તેઓ એક બ્રાહ્મણ પાસે રસોઈ બનાવડાવી લેતા. ૧૯૩૧માં સ્વામીજી કાશીમાં હતા ત્યારે મહારાજશ્રીએ તેમને ઘરભાડાની રકમ નિયમિત મોકલતા રહેવાનું વચન આપેલું. સ્વામીજીએ એ વાતની યાદ મહારાજશ્રીને આપી. મહારાજશ્રી દર મહિને ઘરભાડા માટે સાત રૂપિયા સ્વામીજીને મોકલતા. વખત જતાં એ રકમ વધતી ગઈ. છેક ૧૯૫૫ સુધી મહારાજશ્રી સ્વામીજીને ભાડાની રકમ મોકલતા રહેલા.

૧૯૩૮ના એપ્રિલથી તે ઓગસ્ટ સુધી સ્વામીજીએ કાશીમાં રોકાણ કરેલું તા.૧૯–૫–૧૯૩૮ના તેમના મહારાજશ્રી પરના પત્રમાં તેમણે મહારાશ્રીનો મ. ઓ. મળ્યાનો ઉલ્લેખ કરેલો તથા કાશીમાં ભિક્ષા મેળવવી અસંભવિત છે એ વાત પણ ઉમેરેલી. ઉપરાંત તેમણે લખેલું: "નારાયણની

પ્રેરણાથી અહીં રહું છું. મારા ઉપર કોઈ તાંત્રિક પ્રયોગ કરી રહ્યો છે. તેથી મારું શરીર દિનપ્રતિદિન નષ્ટ થઈ રહ્યું છે. અસહ્ય પીડા થાય છે. આ સમય દરમ્યાન સ્તંભન પ્રયોગ પણ પર કરવામાં આવ્યો હતો. એક સંન્યાસીએ ઉપદેશેલા મંત્રજપના પ્રભાવથી મારા પર થઈ રહેલ સ્તંભન પ્રયોગ નિષ્ફળ ગયો છે. મારા પર થઈ રહેલ મારણ અને ઉચ્ચાટન પ્રયોગોનો હું અનુભવ કરી રહ્યો છું. હું અનુમાન કરું છું કે આ ગુરુસ્વામીની કૃપા હશે."

સ્વામીજીની અસ્વસ્થ તબિયતના સમાચાર જાણીને બાર્શીવાસીઓએ વીસ રૂપિયાનું મ. ઓ. કરીને એટલી રકમ સ્વામીજીને મોકલેલી. એ વિષે સ્વામીજીએ એમના તા ૩૧-૫-૧૯૩૮ના પત્રમાં લખેલું: "કેટલાંય વર્ષોથી હું બાર્શી ગયો નથી છતાં ત્યાંના લોકો મને ભૂલ્યા નથી ને મારા તરફની તેમની શ્રદ્ધા અને ભક્તિ એવી ને એવી જ રહી છે. એમને ધન્યવાદ ઘટે છે."

સ્વામીજીએ બીજા એક સંન્યાસી સાથે મળીને એક મકાન ભાડે રાખ્યું. એમના ક્ષીણ થઈ ગયેલા શરીર પર ઔષધો કારગત નીવડતાં નથી. ઊલટાનો ત્રાસ થતો. તેથી તેમણે પરેજી પર વિશેષ ધ્યાન આપવા માંડ્યું. તા. ૨૨-૬-૧૯૩૮ના મહારાજશ્રી પરના પત્રમાં તેમણે ઘરભાડાના રૂપિયા સાત દર મહિને મોકલતા રહેવા લખ્યું તથા જરૂર પડ્યે પોતે તેમની પાસેથી વધારે રકમ પણ મંગાવશે એમ પણ ઉમેર્યું. એમણે એ ઉપરાંત જણાવ્યું "મારા ઉપર સ્તંભન પ્રયોગ અને મારણ પ્રયોગ થયા છે. સ્તંભન પ્રયોગ મંત્રજાપથી નષ્ટ થઈ ગયો છે, પણ મારણ પ્રયોગનો પ્રતિકાર કેમ કરવો એ હજુ મને જાણવા મળ્યું નથી. કેવળ નારાયણ કૃપાથી બધું સારું થશે. *અભ્યાસની સાથે પોતાના ઈષ્ટમંત્રનો જ જપ કરતા રહેવું જોઈએ. આ દીક્ષા સાથે મંત્રદીક્ષાનું કશું પ્રયોજન નથી. કોઈને ઈચ્છા થાય તો દીક્ષા સાથે મંત્રદીક્ષા ગ્રહણ કરી શકે. પહેલાં મંત્રદીક્ષા લીધી હોય તો એ મંત્રનો જાપ કરવો જોઈએ !*

"જેઓ સંન્યાસી થઈને વિપરીત આચરણ કરે છે તેઓ , અન્ય કોઈ એ

વિષય બાબતે કશું વિરુદ્ધમાં બોલે છે તો ગુસ્સે થઈ જાય છે ને વિરોધ કરનારા પર અભિચાર પ્રયોગ કરે છે. હવે કાશી લઈ *આવી "તે" કહે છે અહીં બંગાળી ટોલા પર રહો. મને બીજે જવા દેતો નથી."* બીજા એક પત્રમાં સ્વામીજીએ લખ્યું: "જિજ્ઞાસુ જે કંઈ પૂજા વગેરે કરે છે તે જિજ્ઞાસુના હિત ખાતર સ્વીકારવી રહી. હરિશંકર શાસ્ત્રીને અભિમત દીક્ષા પ્રાપ્ત થઈ છે એ ઘણા આનંદના સમાચાર છે. જિજ્ઞાસુના હિતને લક્ષ્યમાં રાખીને જ દીક્ષા અપાય છે. તમને દૃષ્ટિ માત્રથી શક્તિસંચારનો અનુભવ થશે."

સ્વામીજીના અન્ય એક પત્ર પરથી જાણવા મળે છે કે તેઓ રાણામહલ ઘાટ પરનો નિવાસ છોડીને રાણી ભવાનીના કાટ્રામાં રહેવા ગયેલા પણ ત્યાં અગવડ અનુભવતાં તેઓ સોનાપુરના બી–૧૩/૯૫ની જગાએ રહેવા આવી ગયેલા. આ સ્થાન વિષે તેમણે પત્રમાં લખ્યું: "આશા રાખું છું કે આ સ્થાને લાંબો વખત રહી શકીશ. એક બ્રાહ્મણની સહાયથી એક ઓરડી ભાડે મળી છે. આ સ્થાન મને અનુકૂળ લાગે છે. અહીં જ હું રહીશ !" સ્વામીજીના ઉપરના પત્રોથી ફલિત થાય છે કે

(૧) કાશી જેવા તીર્થસ્થળમાંય સંન્યાસીઓને રહેવા તેમ જ ભોજન બાબતે મુશ્કેલીઓ ભોગવવી પડતી. આખું મકાન ભાડે મળી શકે પણ એ માટેના ભાડાના પૈસા સંન્યાસી પાસે ક્યાંથી હોય? ને એકાદ ઓરડી ભાડે મેળવવામાં ભારે મુશ્કેલી વેઠવી પડતી.

(૨) દુરાચારી સંન્યાસીઓ, અન્ય સદાચારી સંન્યાસીઓ પર અભિચાર પ્રયોગો આદરી એમને પરેશાન કરતા.

(૩) *શક્તિપાત દીક્ષામાં મંત્રદીક્ષા જરૂરી નથી.* છતાં સાધકે અગાઉ મંત્રદીક્ષા મેળવી હોય તો ઈષ્ટમંત્રના જાપ કરી શકે છે. એવા જાપ એને ઉપકારક નીવડી શકે છે.

(૪) સાધક દ્વારા થતી ગુરુપૂજા સાધકના હિતમાં હોય છે.

(૫) *સિદ્ધ પુરુષોના નિર્ણયો, એમનું વર્તન વગેરે શક્તિના આદેશો પર*

નિર્ભર હોય છે.

કોઈ સ્થળે અનીતિ આચરવાતાં જણાતાં સ્વામીજી દિવસ–રાત જોયા વિના એ સ્થાન તત્કાળ છોડી જતા. તેઓ પોતાનો સામાન પાછળથી એમના *નવા મુકામે મંગાવી લેતા.*

સ્વામીજી અને સમર્થ શ્રીરામદાસ સ્વામી

સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં સ્વામીજી રાવબહાદુર પરાંડેના આગ્રહને વશ થઈને એમને ત્યાં નાગપુર ગયા. અગાઉ સ્વામીજી મહારાષ્ટ્રમાં ઘણું ફરેલા. આથી તેમને તેમના મહારાષ્ટ્રીય શિષ્ય સમુદાય પાસેથી એ પ્રદેશના સંતો મહંતોનાં જીવન વિષે તેમ જ તેમના સાહિત્ય વિષે ઘણું જાણવાનું મળેલું. સંતો મહંતોએ લખેલા ગ્રંથોનો ય એમણે સારો અભ્યાસ કરેલો. આ ગ્રંથોમાં તુકારામની ગાથા, રામદાસનો દાસબોધ, એકનાથનું ભાગવત તથા જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી નોંધપાત્ર છે. સ્વામીજીએ એમના પત્રોમાં તુકારામનાં અભંગો અને રામદાસના શ્લોકો મૂળ મરાઠી ભાષામાં જ છૂટ્ટે હાથે ટાંક્યા છે. કોઈ મહારાષ્ટ્રીય વ્યક્તિ તેમની પાસે માર્ગદર્શન માટે આવે ત્યારે તેઓ કહેતા: "તમારા પ્રદેશમાં કેટલા મોટા સંતો થઈ ગયા છે ! એ બધા સંતોએ અધ્યાત્મનાં રહસ્યોને ખૂબ સરળ ભાષામાં સ્પષ્ટ કર્યાં છે. એ સંતોએ છાશમાંથી માખણને જુદું તારવીએ એ રીતે બ્રહ્મજ્ઞાન અલગ તારવીને રજૂ કર્યું છે. એમના ગ્રંથો વાંચો એટલે શું કરવું તે સમજાઈ જશે !"

રાવબહાદુર પરાંડે સ્વામીજીને ૧૯૨૨થી ઓળખતા. એમની ન્યાયાધીશી દૃષ્ટિએ સ્વામીજીમાં રહેલ અનેક સિદ્ધિઓ, શક્તિઓ સુપેરે પીછાણી હતી. એમણે એમના તા. ૨૭–૯–૧૯૩૮ના મહારાજશ્રી પરના પત્રમાં લખેલું: "સ્વામીજી હાલ અહીં છે. તેઓ રામદાસની જેમ ધર્મ સંસ્થાપનાનું કામ મોટા પાયે કરી શકશે એમાં શંકા નથી. આ સમય અવનતિનો સમય છે. સ્વામીજી સદાચારી, નિઃસ્પૃહી છે. તેઓને અસાધારણ વિદ્યા પ્રાપ્ત

થયેલ છે જેને કારણે તેઓનો પ્રભાવ સર્વત્ર વ્યાપ્ત થયેલો અનુભવાય છે. તેઓ જ્યાં જાય છે ત્યાં આ અલૌકિક વિદ્યાનો પ્રસાર કરતા રહે છે. તેઓ દ્વારા ધર્મ જાગૃતિનું કામ યોજાનાબદ્ધ રીતે થતું રહે તો એ વિશેષ પ્રભાવક બની રહે. સ્વામીજી પૂના આવે ત્યારે આ બાબતે આપ તેમની સાથે વાત કરજો. આ કાર્યના શ્રીગણેશ અમદાવાદથી થાય તો સારું."

રાવબહાદુર પરાંડે વિચક્ષણ ન્યાયધીશ હતા. તેઓ ૧૯૨૨થી સ્વામીજીના સંપર્કમાં હતા. રાવબહાદુરે સ્વામીજીની સરખામણી રામદાસ સાથે કરી છે. રામદાસ સ્વામી ઝડપી ચાલે ચાલતા. ઘણું ઓછું બોલતા. અર્ધનિમીલિત દૃષ્ટિ રાખીને તેઓ સદા અંતરમાં રામની મૂર્તિને જોતા રહેતા. તેઓ હંમેશા ધ્યાનસ્થ મુદ્રામાં દેખાતા. ભોજનમાં અન્નને બદલે ફળોને વધારે પસંદ કરતા. તેઓ ખૂબ ઓછી નિદ્રા લેતા ને લોકહિતાર્થે વિચરણ કરતા. તેઓ નિઃસ્પૃહી હતા. તેઓ ગુરુકૃપાને જ ભવતારિણી માનતા. આત્મસ્થિતિમાં કે મોક્ષદાયી ઉન્મની અવસ્થામાં રહેતા. સ્વામીજી પણ મિતભાષી હતા. તેઓ ધ્યાનમાં મગ્ન રહેતા. તેમની દૃષ્ટિ નાસાગ્રે સ્થિર રહેતી. તેઓ પણ ઉપોષણપ્રિય હતા ને રાત્રી ભોજનમાં દૂધ અને ફળ લેતા. તેઓ પણ ખૂબ ઓછી નિદ્રા લેતા. લોકોનું હિત તેમના હૈયામાં સદાય વસેલું રહેતું ને રામદાસની જેમ તેઓ પણ લોકહિતાર્થે વિચરતા રહેતા. તેઓય ગુરુકૃપા પર સદા નિર્ભર રહેતા. તેઓ સ્વભાવે નિઃસ્પૃહી હતા. પરંતુ એક બાબતે તેઓ સમર્થથી જુદા પડે છે. પરાંડેની વખતોવખતની વિનંતીઓ છતાં સ્વામીજીએ સૂચિત અખિલ ભારતીય વર્ણાશ્રમ સંઘના પ્રચારક તરીકે કામ કરવાનું સ્વીકારેલું નહીં. તેઓ આવી કોઈ સંસ્થાની મર્યાદાઓમાં બંધાઈ જવા ઈચ્છતા નો'તા. તેઓ સદૈવ નિર્બંધ રહેવા માગતા હતા. "મારે દળ વધારવું નથી," એમ કહીને તેઓ પરાંડેએ સૂચવેલી પ્રવૃત્તિઓથી અળગા જ રહ્યા.

યોગગંગોત્રીનું પ્રયાગરાજ
(૨૦, નારાયણ પેઠ)

સ્વામીજી પરાંડેની સાથે ગુજરાત આવવા નીકળતાં પહેલાં પૂના ગયા. સ્વામીજીનો મુકામ મહારાજશ્રીને ત્યાં હોય ત્યારે નાના ભાલેરાવને તેમની સેવા કરવાનો સારો લાભ મળતો. સ્વામીજીના પૂનામાંના આગમનથી ગુરુ–શિષ્ય પરમાનંદનો અનુભવ કરી રહ્યા. અહીંના એમના રોકાણ દરમ્યાન દર્શનાર્થીઓની સંખ્યા પણ ઘણી વધી ગઈ. એમના લોકસંપર્કનો વ્યાપ પણ વધી ગયો. એમનાં દર્શને આવનારા સૌ અધ્યાત્મજિજ્ઞાસુઓ હતા. મહારાજશ્રી સમાજથી અલિપ્ત રહીને સામાજિક વ્યવહારો આચરતા. મહારાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલી વ્યક્તિઓ સાથે તેઓ પરિચયમાં આવ્યા હતા. મહારાજશ્રીનું સામાજિક જીવન એમના આધ્યાત્મિક જીવન જેટલું જ સમૃદ્ધ હતું.

સ્વામીજીને પોતાના આ શિષ્યનો આ વૈભવ પૂનામાંની શિષ્યની નારાયણ પેઠમાંની ૨૦ નંબરની ઓરડીમાં જોવા મળેલો ને એ વૈભવ જોઈને તેઓ સંતુષ્ટ થયેલા. મહારાજશ્રીના દૈવી ગુણોથી સ્વામીજી સુપેરે માહિતગાર હતા. એમણે પોતાના ગુરુદેવ પ.પ. શ્રીશંકરપુરુષોત્તમતીર્થને મહારાજશ્રી વિષે વિગતે વાત કરી હતી.

સ્વામીજીનો નિવાસ મહારાજશ્રીને ત્યાં હતો, એ રોકાણ દરમ્યિાન નાના ભાલેરાવને એમની સેવાનો સારો લાભ મળતો. નાનાનો મોટો દીકરો, ભાલચંદ્ર પણ સ્વામીજીની સેવામાં સદા તત્પર રહેતો. ભાલચંદ્ર પણ સ્વામીજીની હરેક પ્રકારે સેવા કરતો ને તેઓ જે કામ સોંપે તે હરખભેર કરવા તૈયાર રહેતો. ભાલચંદ્રની ઉમર ત્યારે દસેક વર્ષની હતી. એનો નાનો ભાઈ નારાયણ પાંચેક વર્ષનો હતો. એ પણ સ્વામીજીની જે કંઈ સેવા થઈ શકે તે કરતો રહેતો. સ્વામીજી આ બાળકો સાથે બાળક બનીને ગપસપ ગમ્મત કરતા ને ભજનો

જૂના થુરાવાસ પાસે આવેલો શ્રીચ્યવન ઋષિ આશ્રમ

ભૃગુકુંડ–જૂના થુરાવાસ પાસે (ભીલોડાથી ૩ કિ.મી.ના અંતરે શ્રીભવનાથ મહાદેવ પાસે)



શ્રીશામળાજીના મંદિરની જોડે આવેલું
શ્રીત્રિલોકીનાથનું મંદિર .
પૂજ્ય સ્વામીજી અહીં રહેવા આવેલા.

શ્રીત્રિલોકીનાથના મંદિરની પાછળ
તુળસીવનમાં પૂ. સ્વામીજી બેસતા. એ
જગ્યાએ શ્રી.નારાયણદાસ ઊભા છે.

ગીતો પણ ગાતા રહેતા. નાનાની પત્ની ગોદુતાઈ સ્વામીજી માટે પૂરા ભક્તિભાવથી ભોજન બનાવતાં. સ્વામીજીને સરગવાની સિંગ, પાપડ, પાપડી કુરડઈ તથા મસાલેદાર વાનગીઓ ભાવતી. ઘી સારા પ્રમાણમાં લેતા. ભાત એમને પ્રિય હતો. સૌ. ગોદાવરી કાકુ પણ સ્વામીજીની રુચિ તથા પથ્યાપથ્યનો ખ્યાલ રાખતાં. ઘરનાં સૌ સ્વામીજીનો ભારે આદર કરતાં. એટલે એમને આ પરિવારમાં સારું ગોઠી ગયેલું ને એટલે તેઓ પોતાની રુચિ તેમ જ અન્ય જરૂરિયાતો વિષે નિઃસંકોચપણે સૌને કહી શકતા. એ કારણે તો સ્વામીજી ક્ય ારેક નાનાને ત્યાં ચાર–છ મહિના જેટલું લાંબું રોકાણ પણ કરતા.

આ સમય દરમિયાન (ઈ.સ. ૧૯૪૦–૪૧) શ્રી.નારાયણરાવ દેશપાંડે અને શ્રી.ભાલચંદ્ર કિર્લોસ્કર સ્વામીજીના સંપર્કમાં આવ્યા. આ બન્ને સજ્જનો નાના ભાલેરાવ સાથે કોર્ટમાં નોકરી કરતા હતા. શ્રી. શંકરરાવ માર્કન્ડ પણ આ જ અરસામાં સ્વામીજીના સંપર્કમાં આવ્યા. આ સંપર્ક સમય જતાં ઘનિષ્ઠ સંબંધમાં પરિણમ્યો. સ્વામીજીના અનેક શિષ્યો હતા. સૌથી નિકટવર્તી કહી શકાય એવા ચાર શિષ્યો હતાઃ શ્રીગુરુ મહારાજશ્રી, નાના ભાલેરાવ, શ્રી. શંકરરાવ માર્કન્ડ તથા શ્રી. જાંબવંતસિંહજી આ પૈકી બે શિષ્યોનો પરિચય અગાઉ આવી ગયો છે.

આ જ સમય ગાળામાં ડો. વી. એમ. બેન્દ્રે જર્મનીમાં અભ્યાસ કરીને ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરીને ભારત આવ્યા હતા. તેઓ અધ્યાત્મપ્રેમી હતા. તેઓ સ્વામીજીના પરિચયમાં આવ્યા. મહારાજશ્રીના અનેક ધર્મનિષ્ઠ મિત્રો, સંબંધીઓ પણ સ્વામીજીના નિકટના સંપર્કમાં આવવા લાગ્યા. પંડિત આત્મારામ શાસ્ત્રી તથા પંડિત દત્તાત્રેય શાસ્ત્રી કવીશ્વર જેવા વિદ્યાવ્યા–સંગીઓ પણ સ્વામીજીનાં દર્શને આવતા.

પ્રકાંડ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરને મહારાજશ્રી સાથે વર્ષોથી ગાઢ સંબંધ હતો. ઈ. સ. ૧૯૨૨માં સ્વામીજીએ હોશંગાબાદમાં પૂર્ણાનંદ

આર્યસમાજીને દીક્ષા આપી હતી. તેમને શક્તિજાગૃતિના વિશેષ અનુભવો થયા હતા. પોતાના અનુભવોની વાત એમણે શ્રી. સાતવળેકરને કરી હતી. આમ તેઓ સ્વામીજીને પરોક્ષ રીતે ઓળખતા થયેલા. એ પછી તેઓ મહારાજશ્રીના સંપર્કમાં આવેલા ને એમની પાસેથી શક્તિપાતની દીક્ષા મેળવેલી. ત્યારથી તેઓએ રોજ વહેલી સવારના બે કલાક સાધનામાં બેસવાનો નિયમ જાળવી રાખ્યો હતો. એમને સ્વામીજીની અનુમતિથી જ મહારાજશ્રીએ દીક્ષા આપી. ટેહરીથી પ્રારંભાયેલી સ્વામીજીની યોગગંગોત્રી પૂનામાં વિશાળ જનસમુદાયને આવરી લેવા માટેનું કેન્દ્ર બની રહી.

શ્રી.પરાંડેએ સ્વામીજીને પોતાના વિચારોના પ્રચારમાં સહાયભૂત થવા પોતાની સાથે લીધા હતા. પરંતુ સ્વામીજીએ એ બાબતે ખાસ કશો રસ દાખવ્યો નો'તો. તેઓએ શ્રી.પરાંડે સાથે ૧૯૩૮ના ઓક્ટો–નવે.માં માત્ર લીલયા વિચરણ કર્યું હતું. ત્યારબાદ પૂનાથી તેઓ મુંબઈ ગયા. ત્યાં યજ્ઞેશ્વર નામનો એક સાધક સ્વામીજીને દીક્ષાર્થે મળવા આવેલો પણ તેનું આચરણ યથોચિત ન જણાતાં સ્વામીજીએ તેને વિદાય કરી દીધેલો. નવે.ની દસમીએ રાતની સવા દસની ગાડીમાં સ્વામીજી મુંબઈથી વડોદરા આવ્યા. અહીં તેઓ રાવપુરામાં આવેલા જોષીના વાડામાં નારાયણ બળવંત જોષીને ત્યાં રોકાયેલા. નવે.ની સોળમીએ તેઓ વડોદરાથી બનારસ જવા ઊપડી ગયા.

કાશી પ્રેમી કાશીમાં પરિવ્રાજક

કાશીમાં સ્વામીજીએ માસિક ચાર રૂપિયાના ભાડે બી – ૧૪/૮૫, માનસરોવર, છાતુ બાબુકા શિવાલયમાં રહેવા માંડ્યું. અહીં પંદરેક દિવસ પછી એમની તબિયત લથડી. તેઓ મંદાગ્નિ, બહુમૂત્રતા અને કાશશ્લેષ્માની તકલીફોથી પીડાવા માંડ્યા. અહીંથી એમણે મહારાજશ્રીને પત્રમાં લખી જણાવ્યું: "આ બળવાન પ્રારબ્ધ આખો શિયાળો ભોગવ્યા સિવાય છૂટકારો નથી. ઔષધના સેવનથી કશો ફાયદો નથી. તબિયત નાદુરસ્ત હોવાને કારણે

લેખન-વાચન કરવામાંય ત્રાસ થાય છે. *તમારી (પ્લીહાની) બરોળની તકલીફ જલદી દૂર થશે. એને કારણે તમને ક્યારેય કોઈ દુઃખ થશે નહીં."*

પોતાની પીડાને અવગણીને સ્વામીજી મહારાજશ્રીની પીડાની ચિંતા કરીને, એ જલ્દી દૂર થાય એવા આશીર્વાદ પાઠવે છે. પણ મહારાજશ્રીને તો સ્વામીજીના સ્વાસ્થ્યની જ ફિકર છે, એટલે સ્વામીજીને એમના પત્રમાં લખવું પડે છે ! "મારી ચિંતા કરતા નહીં. થોડા દિવસો પછી મારી તબિયત સુધરી જશે. અહીં ભિક્ષા મળતી નથી એટલે એક બ્રાહ્મણ દ્વારા ભોજન તૈયાર કરાવીને જ જમું છું. એને મહિને ચાર રૂપિયા ભોજન બનાવવાના તથા ચાર રૂપિયા ભાડાના આપું છું."

સ્વામીજીની નાદુરસ્ત તબિયતના સમાચાર જાણીને, તેમના સોલાપુર નિવાસી શિષ્ય વૈદ્યરાજ દત્તાત્રેય સીતારામ પરાડકરે કેટલીક દવાઓ સ્વામીજીને પાર્સલથી મોકલી આપેલી. પત્રમાં દવા કયા પ્રમાણમાં લેવી તથા એ સાથે કયું અનુપાન લેવું તે પણ લખેલું. પોતાની સાધના વિષે પણ નિર્દેશ કરેલો. સ્વામીજીએ તા. ૨૪-૧૨-૧૯૩૮ના પ્રત્યુત્તરમાં એમને લખેલુંઃ "તમારા અભ્યાસ તથા દિનકર્મ અને સ્વધર્માનુષ્ઠાન વિષે જાણીને આનંદ થયો. આ રીતે અભ્યાસ કરતા રહેવાથી અભ્યાસ સ્થિર થશે." આ ઉપરાંત સ્વામીજીએ પોતાના કથનના સમર્થનમાં "સ ચ નૈરંતર્ય દીર્ઘકાલ સત્કાર સેવિતદઢ ભૂમિકા" એ પાતંજલ સૂત્ર તથા "દદામિ બુદ્ધિયોગ તં, યેન મામુપયાન્તિ તે " " નહિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ" અને 'મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે " એ શ્રીકૃષ્ણનાં અમૃતવચનો ટાંક્યાં હતાં તથા વિશેષમાં લખ્યું હતુંઃ "ભગવતીનું સ્મરણ કરતાં કરતાં કર્તવ્યપાલન કરતાં રહેવું. એથી તમને ક્યારેય કશાનો ભય લાગશે નહીં." દર મહિને સ્વામીજીને મહારાજશ્રી સાત રૂપિયા અને એક બંગાળી ભક્ત પાંચ રૂપિયા મોકલતા. એમાંથી સ્વામીજી ઘરભાડાના ચાર રૂપિયા ચૂકવતા તથા રસોઈયાને એટલી જ રકમ આપતા. બાકીની રકમ પોતાના ભોજન માટે ખર્ચતા. પૂના તથા મુંબઈમાંથી મળેલી

દક્ષિણાની રકમમાંથી બીજો ખર્ચ નીકળતો. આ બધી વાતોય સ્વામીજીએ પત્રમાં ઉલ્લેખેલી અને પત્રમાં ઉમેરેલું: "જરૂર પડયે હું તમને પણ પૈસા મોકલવાનું લખીશ. તમે બધાં મારાં સ્વજનો જ છો. તમને હું નિઃસંકોચ લખી શકું. તમારી ઈચ્છા મુજબ તમે મારી કોઈપણ સેવા કરી શકો છો."

જાન્યુઆરીમાં સ્વામીજીએ માનસરોવરની જગા છોડી. એ પછી એમણે લખેલા પત્રમાં જણાવેલું કે શિવાલયમાં રહેતા પ્રપંચી લોકોથી ત્રાસીને એમણે એ જગા છોડી દીધેલી ને તેઓ ગંગા કિનારે આવેલા નારદ ઘાટ પરના બી/૧૪/૬૩ નંબરના મકાનમાં રહેવા આવી ગયેલા. આ મકાનનું માસિક ભાડું પાંચ રૂપિયા હતું. સદાશિવ માધવ પરાંડે પણ સ્વામીજીની સાથે આ નવા મુકામે રહેવા આવી ગયા. સ્વામીજીએ આ પત્રમાં વધુમાં જણાવેલું: "તુકારામ મહારાજના વંશજ, શ્રી. જ્ઞાનેશ્વર દેહૂકર મારી પાસે આવવા ઉત્સુક છે. એમને મારી પાસે મોકલી આપશો." મનીઓર્ડર મોકલવા માટે એમણે સરનામું આપ્યું હતું: દ્વારા પૂર્ણચંદ્ર ગંગોપાધ્યાય, આર્ય વિદ્યાલય, ડી/૨૮/૧૮૬, પાંડે હૌલી, બનારસ. આ પત્ર પછી શ્રી. જ્ઞાનેશ્વર દેહૂકર કાશીમાં આવીને સ્વામીજીને મળી ગયેલા. નવા મુકામે પણ સ્વામીજીની તબિયત ઠીક નો'તી રહેતી, એટલે તેઓ એ જગ્યા છોડીને એ જ ઘાટ પર આવેલી ડી/૨૭/૫ નાથુશાઓ, બ્રહ્મપુરીવાળી જગાએ રહેવા આવી ગયા.

માર્ચની ૩૧મીએ સ્વામીજી કાશી છોડીને કટનીમાં નૃત્યગોપાલ નામના તેમના બંગાળી શિષ્યને ત્યાં રહેવા આવી ગયા. તેમણે પૂના આવવાની પોતાની ઈચ્છા દર્શાવતો પત્ર મહારાજશ્રીને લખ્યો. એ પછી પ્રવાસની તૈયારી કરીને તા. ૫–૪–૧૯૩૯ ના રોજ તાર દ્વારા મહારાજશ્રીને જણાવ્યું: "Coming Poona Express Tomorrow" પરંતુ પૂના આવતાં માર્ગમાં તેઓ ખંડવા ઊતરીને હરસ્વરૂપના આગ્રહને વશ થઈને તેમને ત્યાં રોકાયા. અહીંથી સ્વામીજીએ મહારાજશ્રીને પત્ર લખ્યો. હરસ્વરૂપે પણ એમને તા. ૭–૪–૧૯૩૯ ના રોજ પત્ર લખીને જણાવ્યું: "ગઈકાલે સ્વામીજી મારે ઘેર

પધાર્યા છે. તેઓશ્રીનાં દર્શનથી હું કૃતાર્થ થયો છું. તેઓશ્રીએ મારા માથા પર હાથ મૂકીને કહ્યુંઃ " તમારી કુંડલિની જાગૃત છે. પણ આજે અમે તમને વધારે શક્તિ આપીએ છીએ. એથી તમારી કુંડલિની સવિશેષ જાગૃત થશે, ને એનો તમે સ્વયં અનુભવ કરી શકશો.' એમ કહીને સ્વામીજીએ મને ગઈ કાલે સાંજે ને આજે સવારે એમ બે વાર 'ફોર્સ' આપ્યો. હવે મને સમજાય છે કે શક્તિ જાગૃત છે. સ્વામીજી આજે રાત્રે મુંબઈ આવી પહોંચશે. " આમ સ્વામીજીનો હરસ્વરૂપ પ્રત્યેનો અણગમો ઓગળી ગયેલો, ને તે સ્વામીજીની કૃપા ને કરુણા મેળવવાને સદ્‌ભાગી થયેલા.

સ્વામીજી પૂના આવ્યાની જાણ થતાં લોકો ઠેકઠેકાણેથી એમનાં દર્શનાર્થે આવવા લાગ્યા. પત્રો પણ ઢગલાબંધ આવવા શરૂ થયા. હૈદ્રાબાદ (દક્ષિણ)થી રાધિકાપ્રસાદ, બાબુ શિવરાજા તથા રામરાય વગેરેના દીક્ષા પ્રાપ્ત કરવાની વિનંતી કરતા પત્રો સ્વામીજીને મળ્યા. બાર્શીથી પણ ઘણા લોકો સ્વામીજીને મળવા આવી પહોંચ્યા. પૂનાના અગ્નિહોત્રી બ્રાહ્મણ શ્રી.ગૌરે શાસ્ત્રીજી, શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામીજી મહારાજના શિષ્ય શ્રી. કાકા દામલે (પ્રો.દામલે તે શરાફ દામલેના પિતા) સ્વામીજીના નિકટનાં દર્શન, શ્રવણ તથા સેવાર્થે યથાવકાશ આવવા લાગ્યા. આટલી ચહલપહલ વચ્ચે પણ સ્વામીજી તો આત્મસ્થ જ રહેતા.

૨૬–૪–૩૯ ના રોજ સ્વામીજી પૂનાથી વળી બનારસ પહોંચ્યા. બનારસ જતાં તેઓ ફરી ખંડવા ઊતરીને એક દિવસ માટે હરસ્વરૂપને ત્યાં રોકાયેલા.

અધ્યાય:૯

કૃપાસાગર સ્વામીજી

સકલાભિષ્ટદ ગુરુકૃપા, સુલભ તરાણિ જગ માંહ્ય ।
સૂણતાં લક્ષ્મી અખંડ ને પીડે દૈન્ય ન ક્યાંય ?

(શ્રીગુરુલીલામૃત, ૧૦૨-૬૯)

સેવા પરાયણ (શંકરરાવ) માર્કન્ડ

શ્રી. શંકરરાવ રામદાસ માર્કન્ડ નાગપુર પાસેના ભંડારા ગામના વતની હતા. નાનપણમાં જ એમણે પિતાનું છત્ર ગુમાવેલું. ઘરની આર્થિક સ્થિતિ બહુ સારી નો'તી એટલે માધુકરી માગીને એમણે પોતાનો બી.એ. સુધીનો અભ્યાસ પૂરો કરેલો. ત્યારબાદ કલકત્તા જઈને એમણે એલએલ. બી.ની ઉપાધિ મેળવેલી. એ પછી એમણે એમ. એ.ની ઉપાધિ પણ મેળવી. તેઓ સન ૧૯૩૯માં પૂના આવ્યા અને વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. એ વ્યવસાયમાં એમને ઝાઝી ફાવટ આવી નહીં તેથી તેમણે પૂનાની સુધરાઈમાં

પ્રમુખના મંત્રી તરીકેની નોકરી સ્વીકારી લીધી. આ નોકરીને કારણે એમને ઘણી સાધન સંપન્ન વ્યક્તિઓના સંપર્કમાં આવવાની તક મળી. ખાનગી નોકરીથી જો કે શંકરરાવને બહુ સંતોષ નો'તો. આ અરસામાં તેઓ સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવાના મનસૂબા સેવતા રહેલા.

શંકરરાવ અત્યંત ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓ દત્તોપાસક હતા. નિત્યની પૂજા પણ તેઓ ઠાઠમાઠથી ને પૂરી શ્રદ્ધાથી કરતા. તેઓ શ્રીગુરુચરિત્રનાં પારાયણો કરતા તથા દત્તજયંતી પણ ધામધૂમથી ઊજવતા. તેઓ નિત્ય એક જ વખત ભોજન લેતા. તેઓ પુરંદરે કૉલોનીમાં રહેતા. એ દરમિયાન તેમને મહારાજશ્રી વિશે જાણવા મળ્યું. મહારાજશ્રી પણ દત્તના ઉપાસક છે એમ જાણવા પછી તો મહારાજશ્રી તરફ એમને વિશેષ ભાવ જાગ્યો ને તેમનું સરનામું મેળવીને તેમનાં દર્શને જવાનું શરૂ કરી દીધું. ત્યાં એમને જાણવા મળ્યું કે મહારાજશ્રીને ત્યાં શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ પધારવાના છે. એ જાણીને એમને વિશેષ ખુશી થઈ અને સ્વામી મહારાજનાં દર્શનનો લાભ પણ તેઓ લેતા રહ્યા. ઘણીવાર તેઓ સ્વામીજીને પોતાને નિવાસે પણ આમંત્રતા. એમની શ્રદ્ધા ભક્તિ જોઈને સ્વામીજી એમના પર પ્રસન્ન રહેતા તથા પૂના આવવાનું થતું ત્યારે એમને ત્યાં જ મુકામ રાખતા.

શંકરરાવ પોતાની આર્થિક ઉન્નતિ સાધવા સદા ચિન્તિત રહેતા. એ અરસામાં એમને પૂનામાં સાળવેકરનો ભેટો થઈ ગયો. અગાઉ શંકરરાવ તેમને કલકત્તામાં મળેલા. સાળવેકર રેસમાં બૂકીનો વ્યવસાય કરતા. એમણે શંકરરાવને માસિક ત્રણસોના પગારની નોકરીની વાત કરી. શંકરરાવે એ નોકરી સ્વીકારી લીધી. પણ આ નોકરીમાં જોડાયા પછી તેઓ માનસિક તનાવથી પીડાવા લાગ્યા. આથી તેમણે એ નોકરી છોડી દેવાનું વિચાર્યું. સાળવેકરે તેમની સમક્ષ પોતાના વ્યવસાયમાં ભાગીદાર તરીકે જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો. પ્રસ્તાવ સાંભળતાં જ શંકરરાવ દ્વિધામાં પડી ગયા.

આ દિવસો દરમિયાન શંકરરાવ સ્વામીજીની અનન્ય સેવા કરતા રહેલા. એમને સ્વામીજીની સેવા કરતા જોનાર પણ ભક્તિભાવથી ભીંજાયા વિના રહી શકતા નહીં. સ્વામીજીની સેવામાં જરા સરખીય કસર રહી ન જાય એની તેઓ પૂરી કાળજી રાખતા. ક્યારેક કોઈ ક્ષતિ રહી જતી ત્યારે સ્વામીજીના રોષનો ભોગ એમને બનવું પડતું. પણ સ્વામીજીનો ઠપકોય એમને તો મીઠો લાગતો. તેઓ સ્વામીજીના અંતરંગ શિષ્યવૃંદમાંના એક બની ગયા હતા. પછી સ્વામીજીનાં કડવાં વેણ એમને મધુરાં જ લાગે ને !

એકવાર સવારમાં તેઓ સ્વામીજીના હાથ ધોવડાવતા હતા ત્યારે શંકરરાવથી પાણીની ધાર નીચે પડી. ત્યારે સ્વામીજી તાડૂકી ઊઠયાઃ 'મૂરખ ! કોણે તને એમ. એ. એલએલ. બી કર્યો ? પાણીની ધાર પણ સરખી રીતે રેડતાં તને આવડતી નથી." ઠપકો સાંભળીને શંકરરાવ ખિન્ન થયા નહીં, પરન્તુ વધારે સાવધાનીથી સેવા કરવાનો તેમણે નિર્ણય કર્યો.

શંકરરાવને એકદમ વિચાર આવ્યો. સાળવેકરના પ્રસ્તાવ અંગે સ્વામીજીને જ કાં ન પૂછવું? એમણે સ્વામીજી સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરી. સ્વામીજીએ કહ્યુંઃ "આજથી છ વર્ષ સુધી સાળવેકરના વ્યવસાયમાં જોડાવામાં વાંધો નથી. એ પછી આ વ્યવસાય છોડી દેવાનો. સમજ્યો ? આ છ વર્ષના ગાળામાં જ તારે જે મેળવવાનું છે એ તને મળી જશે. પછીની મઝા જરા જુદી જ હશે. જોતો રહેજે."

ને આમ શંકરરાવ સાળવેકરના વ્યવસાયમાં જોડાઈ ગયા. વ્યવસાયમાં જોડાયા એના પહેલા જ દિવસે એમને એક હજાર રૂપિયાનો લાભ થયો. (આજના તો લાખ ગણાય). થોડા વખતમાં તો એમના ઘરમાં પૈસાની રેલમછેલ થઈ ગઈ ને એમની ગણના ગામના ગણ્યાગાંઠ્યા શ્રીમંતોમાં થવા લાગી. આવક વધવા સાથે તેમનો ખર્ચ પણ વધ્યો. દત્તજયંતી, ગુરુચરિત્રનાં પારાયણો જેવા ધાર્મિક પ્રસંગો તેઓ વધુ ઠાઠમાઠથી ઊજવવા લાગ્યા.

એક દિવસ તેઓ સ્વામીજીને પોતાના વતન ભંડારા ગામે લઈ ગયા ને પોતાનાં જમીનજાગીર બતાવ્યાં. એક વિશાળ જગાએ ઊગેલા ઉદુમ્બર વૃક્ષ તરફ નિર્દેશ કરીને એમણે કહ્યું : " સ્વામીજી, આપશ્રીને હાથે અહીં દત્તમંદિરના નિર્માણનો પ્રારંભ થાય એવી મારી ઈચ્છા છે. " સ્વામીજીએ એમની ખુશી વ્યક્ત કરતાં કહ્યુંઃ 'જરૂર થશે. તારી ઈચ્છા છે તો તે ટૂંક સમયમાં જ થશે."

આ વ્યવસાયને અંગે શંકરરાવને મુંબઈ અને મદ્રાસના આંટાફેરા કરવા પડતા. એમને સારી આવક થતી રહી. ક્યારેક સીઝનમાં એમની આવકનો આંક ત્રીસ–ચાળીસ હજાર સુધી પહોંચી જતો. એમને એમ લાગ્યા કરતું કે સ્વામીજીનાં દર્શન કરીને એ રેસકોર્સ પર જ્યારે જતા ત્યારે એમને સારો ફાયદો થતો. સ્વામીજી પૂનાની બહાર હોય અને જે દિવસે એમનો પત્ર શંકરરાવ પર આવ્યો હોય તે દિવસેય એમને સારો લાભ થયાનું તેઓ નોંધે છે.

સ્વામીજીની પત્રગંગા

સન ૧૯૩૯ જૂનથી ડિસેમ્બર સુધીમાં સ્વામીજીએ બનારસથી શ્રી. દ.સી. પરાડકરને કેટલાક પત્રો લખ્યા તથા પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીને પણ લખ્યા હતા. પત્રોમાં સ્વામીજીએ સાધના સંબંધી માર્ગદર્શન તથા પ્રાસંગિક બાબતોનો નિર્દેશ કરેલો જોવા મળે છે.

બનારસ

કલ્યાણ ભાજન દ.સી. પરાડકરને

(૧) .... નારાયણ સ્મરણપૂર્વક આશીર્વાદ.

.... તમારા અભ્યાસમાં ચિત્તનો લય થાય છે એમ જે લખ્યું છે તે લય નહીં હોય. .... વિક્ષેપ બે પ્રકારના હોય છે, તે પૈકી એક વર્તમાન વાસનાત્મક છે અને બીજો અનેક જન્મોના શુભાશુભ કર્મસંસ્કારોથી પ્રાપ્ત થયેલો છે. બન્ને પ્રકારના વિક્ષેપ માટે વિવેકનું અવલંબન કરીને અભ્યાસ કરતા રહેવું જોઈએ. એટલે તે નષ્ટ થઈ જાય છે.

.... સ્વપ્નમાં જે અનેક દૃશ્યો અને દર્શનો થાય છે, તેમાં ગુરુનાં અને ઈષ્ટ વ્યક્તિનાં દર્શન થાય એ ઉત્તમ. સ્વપ્નમાં એ બાવાએ દત્તની જે ઉપાસના કરવાનું કહ્યું છે તેનો કશો વિચાર ન કરતા. આપણી ચાલી આવેલી જગદંબાની ઉપાસના કરતા રહેવું.

(૨) .... સાત રૂપિયાનું મ. ઓ. મળ્યું .... ચાતુર્માસ આ જ સ્થળે કરવાનો છે. ઉતાવળે જગ્યા બદલવી નથી. જગ્યા બદલતી વેળાએ ઘણો ત્રાસ થાય છે. ...... આપનો અભ્યાસ સારો જ થતો રહેવાનો છે. ચિંતા કરવાનું કશું જ કારણ નથી.

..... ખાપરખેડાથી બારેલાલ વર્માનો પત્ર આવ્યો છે. તે મારી પાસે એક બ્રાહ્મણને મોકલવા માગે છે. મારી પાસે જગ્યાની સંકડાશ છે, તેથી મારી સાથે તેનું રહેવું શક્ય નથી. પોતાની રહેવાની અને ખાવાની વ્યવસ્થા જો તે જાતે જ બીજી જગ્યાએ કરે તો મારી પાસે તે કેવળ અભ્યાસ નિમિત્તે આવી શકે છે. ..... આ હકીકત બારેલાલ વર્માને પત્ર લખીને આપે જણાવવી .... (૬-૬-૧૯૩૯)

(૩) .... તમે અભ્યાસ માટે (સાધના માટે) બેસતી વખતે બધા ગુરુજનોને નમસ્કાર કરીને બેસો છો, એ ઘણું જ ઉત્તમ છે. શાસ્ત્રમાં પણ તેવી જ વ્યવસ્થા છે. તમારો વિચાર યોગ્ય છે.

.... વિષયોમાં જે અનિત્યત્વ, દુઃખદાયકત્વ વગેરે દોષ છે, તેનો પણ વિચાર કરવો. પરદારા, પરદ્રવ્ય, પરનિંદા સંપૂર્ણપણે વર્જ્ય કરવા શાસ્ત્રમાં કહ્યું છે :

પરદારા-પરદ્રવ્યવ-પરનિંદા-પરાङ्मुखः।
ગંગા બ્રૂતે કદાયાऽયાતિ મામસૌ પાવયિષ્યતિ ।।

(પરદારા, પરદ્રવ્ય ને પરનિંદાથી વિમુખ (પર રહેલો) એવો સજ્જન, ગંગામાતા કહે છે, કે ક્યારે આવશે, જે મને પાવન કરશે ?)

શ્રીમદ્ ભગવદગીતાના અઢારમાં અધ્યાયમાં સાત્ત્વિક, રજસ ને તામસ એ ત્રણેય ભેદથી ત્રણ પ્રકારનાં સુખોનું વર્ણન કર્યું છે. તેમાં એવું કહ્યું છે કે,

તામસ અને રાજસ સુખનો ત્યાગ કરીને સાત્ત્વિક સુખમાં રહેવાનો દૃઢ અભ્યાસ કરવો. તે જ અધ્યાયમાં સાત્ત્વિક સુખમાં સ્થિર રહેવાથી જે મહાન ફળનો લાભ મનુષ્યને મળે છે તેનું વર્ણન કર્યું છે. તે શ્લોક આ છે :

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ।।

વિચારનો સંક્ષેપમાં થોડો પ્રકાર તમારા માટે લખ્યો છે. આવો વિચાર કરતા રહી યોગાભ્યાસ કરતા રહેવું. તેમ જ "મૈત્રી, કરુણા, મુદિતા....." નો અભ્યાસ કરવો. શુભાશુભ, પુણ્યાપુણ્ય કર્મનો વિચાર કરવો. આને લીધે ચિત્ત પ્રસન્ન થઈને સમાધિને અનુકૂળ થશે. ---------- (૧૧-૬-૧૯૩૯)

(૪) मनुते इति मनुष्य ।

હિતાહિતપૂર્વક વિચાર કરીને કાર્ય કરવું એ મનુષ્યનું લક્ષણ છે. પશુ ઈત્યાદિના મનમાં જે ઈચ્છા થાય છે તે મુજબ કર્મ તેમના દ્વારા થાય છે, કારણ કે હિતાહિત વિચારશક્તિ પશુ વગેરેમાં હોતી નથી. જે મનુષ્ય હોવા છતાં હિતાહિતનો વિચાર કર્યા વિના કર્મ કરે છે, તે નરાકૃતિ પશુ જ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, " મનઃ પૂતં સમાચરેત્ । મનસા સદસદ્ વિવેકબુદ્ધા પૂતં નિરુપ્ય સમ્યગ્ આચરેત્ । (મનથી , સદ્- અસદ્ - વિવેક બુદ્ધિને આધારે બરાબર સમજીને (અવલોકીને) સમ્યગ્ આચરણ કરવું.) શ્રીભગવાન પણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે :

तस्माच्छात्रं प्रमाणं ते कार्याकार्यौ व्यवस्थितौ
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्मकर्तुमिहार्हसि ।। (ગીતા, ૧૬-૪)

અંધ મનુષ્ય જે પ્રમાણે હાથમાં લાકડી લઈને તેના વડે અનુસંધાનપૂર્વક માર્ગક્રમણ કરે છે , તે પ્રમાણે મનુષ્યે (શાસ્ત્રોના આધારે) કરવું જોઈએ. મનુષ્યે શાસ્ત્રમાં કહેલાં સૂત્રોને આધારે આ અવિદ્યારૂપી અંધકારથી ભરેલા જગતમાં માર્ગક્રમણ કરવું જોઈએ. આ જ શ્રેય પ્રાપ્તિનો (કલ્યાણનો) ઉપાય છે.

--- (૧૭-૭-૧૯૩૭)

(૫) સાધનામાં તમને જે અનુભવો થાય છે તે અત્યંત ઉત્તમ છે. ધૈર્યનો અને વિશ્વાસનો આધાર લઈને ગુરુએ બતાવેલા માર્ગે ચાલતા રહો. શ્રદ્ધા અને વિશ્વાસરૂપે રહેલાં ભવાની અને શંકરને હું વંદન કરું છું, કે જે બંને વિના સિદ્ધો અંતરમાં રહેલા ઈશ્વરને જોઈ શકતા નથી.

भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धः स्वान्तस्थ ईश्वरम् ।।

(૨૨.૮.૧૯૩૯)

(૬) स च नैरन्तर्य दीर्घकाल संस्कार सेवितो दृढभूमिका

– એ પાતંજલ યોગસૂત્રનો વિચાર કરતાં ધૈર્ય ધરીને અભ્યાસ કરતા રહેવું. શાંતિ પ્રાપ્ત થશે.(૧૭–૧૦–૧૯૩૯)

(૭) તમારો અભ્યાસ સારો ચાલે છે. અભ્યાસમાં જે શાંતિપૂર્વક અનુભવ થાય છે તે રસાસ્વાદન છે. આ ઘણી જ સારી સ્થિતિ છે. આ જ સ્થિતિ વૃદ્ધિંગત થવા દેજો.------ આપણે આપણું કર્તવ્ય કરતા રહેવું. ભવિષ્યની ચિંતા કરતા બેસી રહેવું નહિ. ચિંતા કરવાથી ચિત્તની વિચારશક્તિ નષ્ટ થતી જાય છે. ગીતામાં કહ્યું છે કે કર્મફલની ચિંતા છોડીને કર્તવ્યકર્મનું અનુષ્ઠાન કરતા રહેવું. પરમેશ્વર પોતાના ભક્તની ક્યારેય ઉપેક્ષા કરતો નથી. ઈશ્વરની આરાધના માટે કરેલું કર્મ ક્યારેય નિષ્ફળ જતું નથી.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतु र्भूर्मा तें संगोऽस्त्वकर्मणि ।। (ગીતા ૨–/૪૭)

(૧૩–૧૨–૧૯૩૯)

(૮) કલ્યાણભાજન વામન ---------

તમે મોકલેલ પંદર રૂપિયા મળ્યા. છેલ્લા કેટલાક દિવસોથી તાવથી પીડાતો હતો. ચાર દિવસ લંઘન કર્યાં. ચિંતા કરશો નહિ. ભુજંગરાવાદિ બધાને નારાયણસ્મરણસૂચક આશીર્વાદ ....(૮–૭–૧૯૩૯)

(૯) મારો તાવ હવે ઠીક છે. માત્ર અશક્તિ છે. આપની (પાનથરીની) (પ્લીહાની) બરોળની બીમારી મટી ગઈ એ જાણી ઘણો આનંદ થયો. મારે તો હજી બળવત્તર પ્રારબ્ધસંસ્કાર ભોગવવાના બાકી છે. ત્યાર પછી મારી પ્રકૃતિ પણ સારી થશે એમાં શંકા નથી. ભુજંગરાવાદિને નારાયણ સ્મરણ. હું આનંદમાં છું. ......(૧૭-૭-૧૯૩૯)

(૧૦) તમે મોકલાવેલ રૂપિયા મળી ગયા . આ વર્ષે વરસાદ ઘણો ઓછો થયો છે. તેથી ગંગામાં પાણી ઓછું છે. ખેતીને નુકસાન છે. અન્નના અભાવે પ્રજાના હાલ અતિશય ખરાબ થશે. ભુજંગરાવાદિને નારાયણસ્મરણ.

....(૫-૭-૧૯૩૯)

-આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ.

પત્રોમાં સ્વામીજીનો ભક્ત પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે.

આ અરસામાં સ્વામીજી બનારસમાં રોજ સવારે સાધનાદિથી પરવારીને ગંગાના એકાદ ઘાટ પર સ્નાનાર્થે જતા. ક્યારેક તેઓ નૌકાવિહારની મઝા પણ માણતા. સાંજે પણ નૌકાવિહારનો કાર્યક્રમ રહેતો. એ માટે તેઓએ એક હોડી વેચાતી લીધી હતી. એ નાવિકને માસિક પગારથી રાખેલો હતો. સ્વામીજીની અનુપસ્થિતિમાંય એમની હોડીને કોઈ નો'તું અડતું. એમના તરફ સૌનો એવો આદરભાવ હતો. પણ પછી નાવિક એની કામગીરીમાં અનિયમિત થતો ગયો એટલે સ્વામીજીએ એ હોડી બ્રાહ્મણને અર્પણ કરી દીધી.

યોગાભ્યાસી જાંબવતસિંહને દીક્ષા

જાંબવતસિંહ પણ શંકરરાવની જેમ સ્વામીજીના પરમ શિષ્ય હતા. તેમને તેમનો માધ્યમિક શાળાનો અભ્યાસ અધવચ્ચે છોડી દેવો પડેલો. આમ છતાં અંગ્રેજી ભાષા શીખવાની તેમની ઈચ્છા હતી. એ માટે તેઓ તેમના એક

સંબંધી રઘુનાથસિંહને ત્યાં ગયા. રઘુનાથસિંહ ઉત્તર પ્રદેશના દાદુપુરના સ્ટેશન માસ્ટર હતા. રઘુનાથસિંહ યોગાભ્યાસી હતા. તેમના દ્વારા જાંબવંતસિંહ તેમના ગુરુ હઠયોગી શ્રીસમશેર શાહના પરિચયમાં આવ્યા. તેમની પ્રેરણાથી જાંબવંતસિંહ પણ પ્રાણાયામ તથા થોડી ઘણી સાધના કરતા થયા હતા. આ સાધના બે વર્ષ ચાલી. દરમિયાનમાં તેમની આંખોમાં કંઈક તકલીફ ઊભી થઈ. તેમના પિતા એમની આંખોના ઉપચાર અર્થે તેમને બનારસ લઈ ગયા. આંખોના ઉપચાર સાથે તેમણે એમનો યોગાભ્યાસ પણ જારી રાખ્યો. યોગાભ્યાસ દરમિયાન એક રાત્રે તેઓ ખૂબ ડરી ગયા. એમને લાગ્યું કે યોગાભ્યાસ માટે કોઈ સારા ગુરુનું માર્ગદર્શન મેળવવું જોઈએ. ને તેઓ એવા ગુરુની શોધમાં નીકળી પડ્યા. સદ્‌ગુરુની શોધમાં તેઓએ સાતેક વર્ષ પસાર કર્યાં.

એકવાર બનારસ પાસેના ઘરહરા ગામથી બનારસ જતાં તેમને કાદીપુર સ્ટેશને શ્રીશમશેર શાહના ગુરુ શ્રીશિવલોક શાહનો ભેટો થઈ ગયો. બનારસ સુધી બન્ને એક જ ડબ્બામાં મુસાફરી કરતા રહ્યા. શ્રીશિવલોકજીનું શરીર સાવ કૃશ થઈ ગયું હતું. એમને બનારસથી દોઢેક માઈલ દૂર વગડામાં આવેલ રાજઘાટ પર જવાનું હતું. જાંબવંતસિંહે તેમને વાહનમાં રાજઘાટ પહોંચાડવાની તત્પરતા બતાવી. એના પ્રત્યુત્તરમાં શ્રીશિવલોકજીએ તેમને કહ્યું : “ વાહનમાં નહીં, તારે ખભે બેસાડીને મને લઈજા.” જાંબવંતસિંહે તેમની આજ્ઞાનું પાલન કર્યું. રાજઘાટ પહોંચ્યા પછી તેમણે પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા શિવલોકજીને વિનંતી કરી. શિવલોકજીએ એમને કહ્યું: "આ માર્ગ ગૃહસ્થાશ્રમીઓ માટે ઈષ્ટ નથી. પણ મારા આશીર્વાદ છે કે છ મહિનામાં જ તને દક્ષિણ દિશામાંથી ગુરુ પ્રાપ્ત થશે. ગુરુ પ્રાપ્તિ માટે જરૂરી સંસ્કારો તારામાં સિંચવા માટે જ મેં તને તારે ખભે બેસાડીને મને રાજઘાટ પહોંચાડવાનું કહેલું."

આ સમયે જાંબવંતસિંહ બનારસમાં વસ્ત્રો બનાવવાની એક જાણીતી પેઢીમાં નોકરી કરતા હતા. એક દિવસ આ પેઢની લેણી રકમની ઉઘરાણી કરવા તેમને મહારાષ્ટ્રના જલગાંવ શહેરમાં જવાનું થયું. દેણદારે પંદર દિવસનો

વાયદો કર્યો. આથી એમને જળગાંવમાં એટલો સમય રોકાવું પડ્યું. તેઓએ ભવાની મંદિરમાં મુકામ કરેલો. એક રાત્રે તેમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એમને આદેશ મળ્યો. "પૂના જા. ત્યાં તને ગુરુ પ્રાપ્ત થશે." એટલે તેઓ પૂના પહોંચ્યા ને સદ્‌ગુરુની શોધમાં લાગી ગયા. પણ તેમને નિરાશા સાંપડી. તેઓ હતાશ થઈ ગયા. પૂનામાં તેઓ લાદૂરામ રામકિસનની ફર્મમાં ઊતર્યા હતા. એ ફર્મના માલિક મેઘરાજજીએ એમની ઉદાસીનું કારણ જાણીને એમને *'કલ્યાણ'* ના વિશેષાંકમાં પ્રગટ થયેલ શ્રીત્રંબક ભાસ્કર ખરે દ્વારા લખાયેલ 'મહાકુંડલિની શક્તિપાત યોગ" વિષેનો લેખ વાંચવાની સલાહ આપી. એમણે *'કલ્યાણ'*નો અંક મેળવીને એ લેખ વાંચ્યો. લેખ દ્વારા એમને જાણવા મળ્યું કે પૂનામાં સ્થિત શ્રીગુળવણી મહારાજ સ્પર્શ, શબ્દ અને દૃષ્ટિ દ્વારા સાધકની કુંડલિની જગાડી શકે છે. જાંબવંતસિંહે શ્રીગુળવણી મહારાજનું સરનામું મેળવ્યું ને એમને ઘેર પહોંચી ગયા. તે દિવસે શ્રીગુળવણીજી એમની શાળાના વાર્ષિક સ્નેહસંમેલનમાં ગયા હતા. જાંબવંતજી તો સ્કૂલે પહોંચી ગયા ને ગુળવણીજીને મળ્યા ને પોતાના આગમનનું પ્રયોજન કહ્યું. ગુળવણીજીએ એમને કહ્યું: "મારા ગુરુ પાસેથી મને જે કંઈ પ્રાપ્ત થયું છે એ હું તમને આપીશ. મારે ત્યાં જગાની સંકડાશ છે એટલે દીક્ષા માટે તમારે એકાદ એકાંત ઓરડીની વ્યવસ્થા કરવી પડશે." જાંબવંતસિંહે મહારાજશ્રી (ગુળવણીજી)ની સૂચનાનુસાર ઓરડીની વ્યવસ્થા કરી, ને બીજે દિવસે મહારાજશ્રીને મોટરમાં બેસાડીને એમની ઓરડીએ લઈ આવ્યા. મહારાજશ્રીએ એમને પોતાની સામે બેસાડીને એમનાં નાભિ તથા મસ્તકે સ્પર્શ કર્યો. એમનો આ અનુભવ વ્યક્ત કરતાં જાંબવંતજી કહે છે: "શ્રીગુરુમહારાજે મારે માથે હાથ મૂક્યો એ સાથે જ મને દિવ્ય ચૈતન્ય પ્રાપ્ત થયાનું જણાયું. મારી ચિત્તવૃત્તિઓ અંતરમુખી થઈ. ડૂંટીની નીચે કશુંક આપમેળે ઉઘડતું અને બંધ થતું હોય એવું લાગ્યું. એ સમયે મને અલૌકિક પ્રકાશ દેખાયો ને હું સવા કલાક સુધી નિશ્ચેષ્ટ બેસી રહ્યો."

પછી મહારાજશ્રીએ તેમને ખાનપાન અંગેની કેટલીક સૂચનાઓ આપી.

એ પછી વધુ બે વખત મહારાજશ્રીએ તેમને પોતાની પાસે બોલાવ્યા અને પૂના છોડ્યા બાદ પણ પત્રો દ્વારા એમના સંપર્કમાં રહેવાની સલાહ આપી.

મહારાજશ્રીની સૂચનાનુસાર જાંબવંતજીએ સાધના શરૂ કરી. પૂના છોડ્યા બાદ ત્રણેક દિવસ પછી જયસિંગપુરમાં તેમને નાદાનુસંધાનનો અનુભવ થયો. બીજી પણ અનેક સ્વયંસ્ફુરિત ક્રિયાઓના અનુભવો તેમને થતા રહ્યા. એમણે આ અંગે મહારાજશ્રીને પત્ર લખ્યો. પત્ર લખાયાના દિવસે ને પત્રનો જવાબ આપ્યાને દિવસે ઉપરોક્ત ક્રિયાઓનું જોર વિશેપ રહ્યું. આવા અનુભવો પછી તો એમને માટે કાયમના બની રહ્યા.

પૂનાથી બનારસ પાછા ફરતાં તેઓ મહારાજશ્રીનાં દર્શને ગયા. મહારાજશ્રીએ તેમને એ સમયે બનારસમાં નિવાસ કરી રહેલ સ્વામીજીનું સરનામું આપ્યું અને કહ્યું: "બનારસમાં હો ત્યારે સ્વામીજીનાં દર્શને નિત્ય જતા રહેજો." બનારસ પહોંચીને તેઓ સ્વામીજીનાં દર્શનાર્થે સોનાપુરા ગયા ને સ્વામીજીનાં ચરણો આગળ મસ્તક નમાવ્યું. સ્વામીજીએ એમના મસ્તક પર હાથ મૂક્યો. એ સ્પર્શથી એમને દસેક મિનિટ સુધી પ્રગાઢ શાંતિનો અનુભવ થયો. પછી સ્વામીજીએ તેમને કહ્યું: "હંમેશાં આવતો રહેજે."

જાંબવંતસિંહ બનારસમાં હતા ત્યાં સુધી રોજ સ્વામીજીનાં દર્શને જતા ને એમની સામે ધ્યાનમાં બેસતા. સ્વામીજીના સાન્નિધ્યમાં તેમને તીવ્ર શક્તિ સંચારનો અનુભવ થતો. સ્વામીજી તેમને કહેતા: "સાવધાનીપૂર્વક લક્ષ્ય રાખી ધ્યાનમાં બેસ." ક્યારેક એમનાથી કોઈ કારણસર સ્વામીજી પાસે ન જવાયું હોય ત્યારે સ્વામીજી તેમને ન આવવાનું કારણ પૂછતા ને કહેતા: "*તારા પર મારી એક દૃષ્ટિ પડવાથી તને છ મહિનાની સાધનાનું ફળ પ્રાપ્ત થશે.* આમ છતાં રોજ અવાય તો આવતા રહેવું, ને મારી સમક્ષ સાધના કરતા રહેવું." એકવાર જાંબવંતજીના હાથમાં *"યોગવાણી"* પુસ્તક ભાળીને સ્વામીજીએ કહ્યું: " આ પુસ્તકમાં વર્ણવેલી બધી ક્રિયાઓ મેં આ છ મહિના દરમિયાન

તારી પાસે કરાવી છે." સ્વામીજી એક જ સ્થળે બે મહિનાથી વધારે સમય રહેતા નહીં. એકવાર જાંબવંતસિંહે એ અંગે સ્વામીજીને પૂછ્યું ત્યારે તેઓ બોલ્યાઃ " એ મને નિરાંતે ખાવા દેતી નથી ને એક ઠેકાણે લાંબો વખત રહેવાય દેતી નથી. મને હંમેશાં કહેતી રહે છે, 'જા અહીં, જા ત્યાં'. જાંબવંતસિંહને કશી સમજ પડી નહીં. એમણે પૂછ્યું: "એ એટલે કોણ ? " જવાબમાં સ્વામીજીએ જણાવ્યું: "એ તને નહીં સમજાય, મૂર્ખ." સ્વામીજી ઘણીવાર એમના શિષ્યોને લાડથી મૂર્ખ કહી સંબોધતા. સ્વામીજીને ખૂબ નજીકથી પિછાનવાનું સદ્ભાગ્ય જાંબવંતજીને સાંપડેલું. આ અરસામાં મહારાજશ્રી પર લખાયેલા એમના પત્રમાં એમણે જણાવેલું: " સ્વામીજીની કૃપા અને સહવાસ મને પ્રાપ્ત થઈ શક્યાં છે એ આપના પ્રતાપે."

શક્તિનો સહસ્રારમાં પ્રવેશ

સન ૧૯૪૦ના જાન્યુઆરીના પ્રારંભે સ્વામીજીને હોઠ પર એક નાની ફોલ્લી થઈ. ધીમે ધીમે એ મોટી થવા લાગી. એ કારણે સ્વામીજીનો હોઠ સૂજી ગયો તથા એમને ખાવામાંય તકલીફ પડવા લાગી. જાંબવંતજીના આગ્રહને વશ થઈને એમણે એક હોમિયોપેથિક દાક્તરને બતાવવાનું સ્વીકાર્યું. દાક્તરને ત્યાં જતાં રસ્તામાં જાંબવંતજીએ સ્વામીજીને પૂછ્યું: "શક્તિ બધાં ચક્રોને ભેદીને સહસ્રાર સુધી પહોંચે છે એમ કેવી રીતે જાણી શકાય ? સ્વામીજીએ કહ્યું :" આનો ઉત્તર તું જ મને કાલે આપજે. "

બીજે દિવસે સરવારે જાંબવંતસિંહ સાધનામાં બેઠા ત્યારે તેમના મૂલાધારમાં તીવ્ર હિલચાલ થવા લાગી. એ હિલચાલ ઘુમરાતી ઘુમરાતી મેરુદંડમાં ઉપર પહોંચી ને મસ્તકમાં જોરદાર ધક્કા મારવા લાગી. આ ધક્કા સહન ન થતાં તેમણે માથામાં મુક્કા મારવા માંડ્યા. આખરે બે હાથમાં માથું પકડીને તેઓ આડા પડ્યા ને દશેક મિનિટમાં તો ઘસઘસાટ ઊંઘી ગયા. થોડીવારે ઊંઘમાંથી જાગ્યા એટલે તેઓ તરત સ્વામીજી પાસે દોડી ગયા. એમને જોતાંની

વારમાં સ્વામીજીએ હસીને કહ્યું: "કાલના તારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને?" જાંબવંતસિંહે એનો જવાબ હકારમાં આપતાં સ્વામીજીએ કહ્યું: "આજે તને જે અનુભવ થયો એ તારી કાયમની સ્થિતિ નથી. એ સ્થિતિ કાયમ રહે એ માટે તારે નિત્ય સાધનાભ્યાસ કરતા રહેવું પડશે. " એમણે સ્વામીજીને બીજો પ્રશ્ન પૂછ્યો: "યોગવાણીમાં જણાવ્યું છે કે શક્તિ વડે ક્રમે ક્રમે જે જે ચક્રનો ભેદ થાય છે, તે તે ચક્રની વિશિષ્ટ શક્તિનો અનુભવ સાધકને થાય છે. મને આવો એકેય અનુભવ કેમ ન થયો ?" સ્વામીજીએ કહ્યું: "યોગવાણીના લેખકને જ આ પ્રશ્ન પૂછી જોજે ને. "

સ્વામીજીની દીર્ઘકાલીન માંદગી

સ્વામીજીના સ્વાસ્થ્ય અંગે જાંબવંતસિહે ૧૩-૧-૧૯૪૦ના રોજ શ્રીગુરુ મહારાજને પૂના પત્ર લખ્યો. એમણે પત્રમાં લખ્યું:

" પૂ. સ્વામીજીનું સ્વાસ્થ્ય છેલ્લા આખા મહિના દરમિયાન ઠીક ન રહ્યું. એમનું યકૃત છેલ્લા ચાર મહિનાથી કમજોર થઈ ગયું છે. આમ છતાં તેઓએ કોઈ દવા લીધી નથી. પછી તો ઝાડાની તકલીફ પણ શરૂ થઈ. બાકી હતું તે ખાંસીય ઉમેરાઈ. તાવ અને ઝાડાની તકલીફ દૂર થઈ છે. પણ ખાંસી હજુ મટી નથી. સ્વામીજીના નીચલા હોઠ પર નાની ફોલ્લીઓ થઈ છે. એથી એમને ઘણો ત્રાસ વેઠવો પડે છે. મારા આગ્રહને વશ થઈને તેઓએ હમણાંથી હોમિયોપેથિક ડોક્ટરની દવા લેવી શરૂ કરી છે. આ દવાથી એમને થોડી રાહત થઈ છે. ફોલ્લીઓ મટયા પછી એક સારા (આયુર્વેદિક) વૈદ્યની દવા કરાવવાનું મેં નક્કી કર્યું છે. સ્વામીજીની પણ એવી ઈચ્છા છે. આપ કશી ચિંતા કરશો નહી. સ્વામીજીના સ્વાસ્થ્ય માટે જે કંઈ કરવાની જરૂર પડશે તે હું કરીશ."

સ્વામીજીએ પોતે ૧૬-૧-૧૯૪૦ના રોજ બનારસથી મહારાજશ્રીને પૂના પત્ર લખ્યો:

નારાયણ સ્મરણપૂર્વક આશીર્વાદ.

"મને શરદી અને ખાંસી થઈ છે. તાવની શરૂઆત પણ થઈ ગઈ છે. ભૂખ મરી ગઈ છે. ઉપરાઉપરી ઉપવાસ થયા છે. યકૃત બગડવાથી પાતળા ઝાડા થાય છે. હાથપગ અને મોઢે સોજા આવી ગયા હતા. દવાથી સોજા નરમ પડયા છે. ઓષ્ટવ્રણ થવાથી તાવ વધ્યો છે ને હોઠ પર સોજો આવ્યો છે. ઓષ્ટવ્રણનો જખમ ભરાયો નથી.

"યકૃતદોષને લીધે જઠરાગ્નિ મંદ પડી ગયો છે. ઘણી અશક્તિ વરતાય છે. પણ સંન્યાસી છું એટલે આવી સ્થિતિમાંય થોડું ઘણું હરવું–ફરવું પડે છે. દવાથી ઝાઝો ફાયદો નથી. ઓષ્ટવ્રણ મટે એટલે વૈદ્યની દવા લેવા વિચારું છું. જાંબવંતસિંહ રોજ આવે છે. એ મારે માટે ભોજનની સામગ્રી લેતો આવે છે. એણે દૂધની ગોઠવણ પણ કરી છે. કેટલાકે હવાફેરનું સૂચન કર્યું છે પણ ઠંડીમાં સ્થળાંતર કરવાનું શક્ય લાગતું નથી. પ્રવાસમાં કશી ગરબડ થાય તો વળી ઉપાધિ. સૂર્ય કુંભ રાશિમાં આવશે એટલે હું સ્થળાંતર કરવા માટે સમર્થ થઈશ.

–આશીર્વાદક – સ્વામી લોકનાથતીર્થ

આ પત્રનો જવાબ મહારાજશ્રીએ પાઠવેલો. એ પત્રના જવાબમાં સ્વામીજીએ કેટલીક વિગતોની સ્પષ્ટતા કરેલી. તેઓએ લખેલું: "જાંબવંત નિયમિત આવતો રહે છે. મારી સારી સેવા કરે છે. નિયમિત દવા લેવા છતાં ખાસ ફેર પડતો નથી. હાથપગ પરના સોજા ઓછા થયેલા પણ વળી પાછા પહેલાં કરતાં વધી ગયા છે. દવાથી ફેર પડતો નથી એટલે સ્થાનફેર કર્યા વિના છૂટકો નહીં થાય એમ લાગે છે.

"તા. ૧૩–૨–૧૯૪૦ પછી પૂના આવવાની ઈચ્છા થાય છે. ૧૨/૨ પછી હું તમને જરૂર મળવા આવીશ. પણ બનારસથી પૂના સુધીના મારા પ્રવાસનો ખર્ચ તમારે ઉપાડવો પડશે. પૂના સિવાય બીજા કોઈ સ્થળે જવાની અંતરયામી ના પાડે છે. અંતર્યામી મને ભારપૂર્વક કહે છે કે તારે વામનરાવને ત્યાં જ જવાનું છે. પ્રત્યક્ષ મળીશું ત્યારે સવિસ્તર ખુલાસો કરીશ."

સ્વામીજીનો ઉપર મુજબનો પત્ર આવતાં ગુરુમહારાજે ભાડા પેટે

૩૦ રૂપિયા માસિક દક્ષિણાના રૂા. ૭ મળીને કુલ ૩૭ રૂપિયા મનીઓર્ડરથી સ્વામીજીને મોકલી આપ્યા. સોલાપુરથી પરાડકર વૈદ્યે દવા તથા પાંચ રૂપિયા મોકલ્યા. પૂના જતાં સતના ઊતરવા હરસ્વરૂપે પત્ર દ્વારા આગ્રહપૂર્વક લખી જણાવ્યું. એક બાજુ માંદગીને લીધે ક્ષીણ થઈ ગયેલું શરીર, એમાં વળી લાંબો પ્રવાસ ખેડવાનો. સ્વામીજી તો એમના શિષ્યોના ગુરુ એટલે સૌના વડા. એ પોતાની તકલીફ નાનેરાં આગળ કેવી રીતે વ્યક્ત કરી શકે ? એમની પીડા એ જ જાણે.

સ્વાસ્થ્ય માટે સ્થાનફેર

પોતાનું સ્વાસ્થ્ય સુધરે એ હેતુથી સ્વામીજી ફેબ્રુઆરીમાં બનારસથી પૂના જવા નીકળ્યા. માર્ગમાં આવતા સતના સ્ટેશને એમને આવકારવા હરસ્વરૂપ હાજર હતા. હરસ્વરૂપ સ્વામીજીને પોતાના લખા ગામે લઈ ગયા. અહીં થોડા દિ' રોકાઈને ફેબ્રુઆરીના અંતમાં સ્વામીજી પૂના ગુરુમહારાશ્રીને ત્યાં આવી પહોંચ્યા. સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં સ્વામીજીનો નિત્યક્રમ પૂનામાંય ચાલુ રહ્યો. સાંજે થોડું ફરવા જવાનું તથા પથ્ય આહાર લેવાનું તેમણે ચાલુ રાખ્યુ. અહીં આવ્યા પછી સ્વામીજીની તબિયતમાં સુધારો જણાયો.

આ સમય દરમિયાન નવા સાધક શ્રી. નારાયણરાવ દેશપાંડે તથા શ્રી. શિરવળકરને સ્વામીજીનાં દર્શન અને સેવાનો સારો લાભ મળ્યો. નારાયણરાવ સાથે કોર્ટમાં નાના ભાલેરાવ નોકરી કરતા હતા. બહારનું પાણી પીવાનો પણ એમને નિષેધ હતો. કોર્ટમાંથી સાંજે ભાલેરાવ નારાયણની સાથે એમને ઘેર જતા અને હાથપગ ધોઈને પછી જ બન્ને ચા–પાણી કરતા.. પછી દોઢેક કલાક સાધના ચાલતી. એ પછી બન્ને મહારાજશ્રીનાં દર્શને જતા. એ પછી આરતી ટાણે નારાયણ પેઠમાં જતા. સાંજની આરતી ભાલેરાવ સંભાળતા. આરતીનાં પદો યોગ્ય રાગોમાં સ્વરબદ્ધ કરીને ગવડાવવામાં નારાયણરાવ નિષ્ણાત હતા. આરતી પછી ગુરુમહારાજ સાથે ફરવા જવાનો ક્રમ રહેતો. ઘેર પહોંચતાં નારાયણરાવને સાડા આઠ–નવ સહેજે થઈ જતા. આમ દેશપાંડેજી રોજના

ચાર–પાંચ કલાક આત્મવિકાસ અર્થે ફાળવતા. એમને મહારાજશ્રી ઉપરાંત સ્વામીજીના સહવાસનો ય સારો લાભ મળતો રહ્યો .

નારાયણરાવ અને એમનાં પત્નીને ગુરુમહારાજની કૃપા પ્રાપ્ત થયેલી. તેઓ બન્ને સ્વામીજીનાં દર્શને આવે ત્યારે સ્વામીજી સૌને તેમનો પરિચય આપે: "આ જુઓ, આ બન્ને વામનરાવના શિષ્યો છે."

સ્વામીજી સાથે ફરવા જવામાં અન્ય ત્રણ ચાર સાધકો ભેગા નારાયણરાવ પણ હોય. ફરવાના સમય દરમિયાન હળવી ગપસપ પણ થતી રહેતી.

સ્વામીજીને પોતાને ઘેર નિમંત્રવાની નારાયણરાવને તીવ્ર ઈચ્છા હતી. એમણે એ વાત ભાલેરાવ સમક્ષ રજૂ કરી. ભાલેરાવે નારાયણરાવની ઉપસ્થિતિમાં જ એમની ઈચ્છા સ્વામીજી આગળ પ્રગટ કરી. સ્વામીજીએ નારાયણરાવને ત્યાં ભિક્ષાર્થે પધારવાનું સ્વીકાર્યું. જે દિવસે સ્વામીજી નારાયણરાવને ત્યાં ભિક્ષાર્થે પધારવાના હતા તે દિવસે અન્ય દસ–બાર સાધકોને પણ નારાયણરાવે ભોજન માટે પોતાને ત્યાં નિમંત્ર્યા.

નારાયણરાવે સ્વામીજીના સ્વાગતની મોટા પાયે તૈયારી કરી રાખેલી. ભોજન ખંડ ધૂપ અને અગરની સુવાસથી મહેકી રહ્યો હતો. મહેમાનો માટે ગોઠવેલ પાટલાને ફરતી રંગોળી પુરાઈ ગઈ હતી. સ્વામીજીને ઘોડાગાડીમાં લાવવામાં આવ્યા. એમને પાટલા પર બેસાડવામાં આવ્યા. એ પછી બ્રાહ્મણ દ્વારા એમનું યથાવિધિ પૂજન કરવામાં આવ્યું. સંન્યાસ આશ્રમના નીતિ–નિયમોને લક્ષ્યમાં રાખીને સ્વામીજીની રુચિ અનુસાર ભોજનની વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. આમ છતાં ક્ષતિ રહી ગયેલી. મસાલે ભાતમાં રિંગણ નાખ્યાં હતાં. રિંગણ સંન્યાસીઓ માટે નિષિદ્ધ છે.

નારાયણરાવને આ વાતનો ખ્યાલ આવતાં તેઓ સ્વામીજી પાસે દોડી

ગયા ને બે હાથ જોડીને તેમની ક્ષમા માગતાં બોલ્યાઃ "સ્વામીજી, અજાણતાં થયેલ મારા આ અપરાધ બદલ મને ક્ષમા કરો. હું હમણાં જ આપને માટે બીજી થાળી લઈ આવું છું." આટલું કહેતાં તો એમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. સ્વામીજીએ આછા સ્મિત સાથે કહ્યુંઃ "કશી ચિંતા નહીં. બીજી થાળી લઈ આવો એટલે વાત પતી. "એ સાંભળીને નારાયણરાવ તથા અન્ય આમંત્રિતોને ભારે આનંદ થયો. અજાણતાં થયેલા અપરાધો સ્વામીજી હંમેશા ક્ષમ્ય લેખતા.

સ્વામીજીની બાલસહજવૃત્તિ

સ્વામીજીને મુખ્ય તકલીફ કબજિયાતની હતી. પરિવ્રાજક વ્રતધારી હોવાને કારણે એનો કાયમી ઈલાજ થઈ શકતો નો'તો. એકવાર સ્વામીજી પૂનામાં આવેલા ત્યારે મહારાજશ્રી પૂનાની બહાર ગયેલા. આમ છતાં તેમનો મુકામ મહારાજશ્રીને ત્યાં જ રહ્યો. નાના અને કાકૂને સ્વામીજીની સેવાનો લાભ અનાયાસ જ મળી ગયો. નાના શાંત અને વિનોદી સ્વભાવના હતા. સ્વામીજી તેમને પોતાની નાની મોટી તકલીફો વિના સંકોચે કહી શકતા. કબજિયાતની તકલીફ દૂર કરવા નાનાએ સ્વામીજીને એનિમા લેવાનું સૂચવ્યું. એમણે સ્વામીજીને કહ્યુંઃ "એનિમાની બધી વ્યવસ્થા હું કરીશ. આપ નચિંત રહેજો." એનિમા લીધા પછી સ્વામીજીને ઘણી રાહત થઈ. એમની કબજિયાતની તકલીફ મહદંશે દૂર થઈ. તેઓ બાળકની જેમ મોટેથી બૂમ પાડી ઊઠ્યાઃ "ભુજંગરાવ! એનિમા લેવાથી પેટ સાવ હલકું થઈ ગયું." એમની બાલસહજચેષ્ટા જોઈને નજીકની ચાલીમાં રહેતાં સૌ આશ્ચર્ય પામી એમના તરફ જોઈ રહ્યાં.

દત્તભક્ત દામલે પણ આ જ અરસામાં સ્વામીજીના સંપર્કમાં આવ્યા. તેઓ વર્ષોથી ગુરુમહારાજના સંપર્કમાં તો હતા જ. કાકાના દીકરા દિગંબર (ગણેશ દામલે) શરાફી વ્યવસાય કરતા. સ્વામીજી અનેકવાર કાકાને ત્યાં ગયેલા. તેથી તેમના સમગ્ર પરિવારને સ્વામીજીનાં દર્શનનો લાભ મળતો રહેલો.

દિગંબરે તો સ્વામીજી સાથે પત્રવહેવાર પણ કરેલો. દત્તાત્રેયે સ્વામીજીની સારી સેવા કરેલી. આ પરિવારને સ્વામીજી સાથે નિકટનો નાતો બંધાઈ ગયેલો. સ્વામીજીનું સ્મરણ થતાં આજે પણ એ પરિવારનાં સૌની આંખો ભીની થઈ જાય છે.

પૂનામાં આવ્યે સ્વામીજીને દોઢેક મહિનો થયો હશે. અહીં શંકરરાવ સ્વામીજીનાં દર્શને નિયમિત આવતા રહેતા ને સ્વામીજીને પોતાને ત્યાં પધારવા વિનવતા રહેતા. એમની યાચનાનો સ્વીકાર કરીને સ્વામીજી શંકરરાવને નિવાસે રહેવા ગયા. એપ્રિલના અંતમાં સ્વામીજીએ બનારસ જવાની ઈચ્છા દર્શાવી. શંકરરાવે સ્વામીજીને કહ્યું: "આપની તબિયત બહુ સારી નથી રહેતી. આપણે મારે ગામ ભંડારા જઈએ. ત્યાં આપ ૮–૧૦ દિવસ આરામ કરો. એ પછી બનારસ જજો. હું પણ આપની સાથે બનારસ આવીશ." શંકરરાવની વિનંતીને માન આપીને સ્વામીજી ભંડારા ગયા. ત્યાં આઠ દિવસ રોકાઈને તેઓ ૧૯મી મેના રોજ બનારસ પહોંચ્યા. બનારસ જતાં રસ્તામાં કટની અને સતનામાં તેઓ થોડું રોકાયેલા. મે મહિનો હતો એટલે ગરમી બરાબરની પડતી હતી.

ઈચ્છામરણી સ્વામીજી

બનારસમાં પણ ગરમીનું પ્રમાણ વધ્યું હતું. આ ગરમીમાં સ્વાસ્થ્ય સંભાળવું અઘરું કામ હતું. સ્વામીજીએ બનારસમાં બી/૧૩/૧૭૭ સોનારપુરામાં મુકામ કરેલો. જાંબવંતસિંહ કામ અંગે મહારાષ્ટ્ર તરફ ગયા હતા. હૈદ્રાબાદના વતની ભગવદ્‌ભકત શ્રી. શિવરામ સપરિવાર સ્વામીજીના દર્શને આવતા. તેઓ બનારસમાં એક અઠવાડિયું રોકાયેલા. તેઓ સ્વામીજીની નિશ્રામાં રોજ સાધના કરતા ને સ્વામીજીની યથાશક્તિ સેવાય કરતા.

જાંબવંતસિંહે મહારાષ્ટ્રમાંના એમના રોકાણ દરમિયાન ગુરુપૂર્ણિમાને દિવસે સોલાપુર જઈને મહારાજશ્રીના પૂજનનો લાભ મેળવ્યો તથા ગુરુદક્ષિણા

પેટે નાનકડી રકમ મનીઓર્ડરથી સ્વામીજીને મોકલી આપી. પોતાનું કામ પતાવીને તેઓ કાશી પાછા ફર્યા ત્યારે એમને જાણવા માળ્યું કે સ્વામીજીની તબિયત લથડી છે. એમણે સ્વામીજીની માંદગીના સમાચાર મહારાજશ્રીને પત્ર દ્વારા આપ્યા. સ્વામીજી પથારીવશ હતા. એ હાલતમાં એમનો ચાતુર્માસ સંપન્ન થયો. ચાતુર્માસને અંતે ભંડારો કરવામાં આવેલો. અનેક સાધુ સંતો એમના શિષ્યગણ સહિત ભંડારા ટાણે પધારેલા.

૨૫મી સપ્ટેમ્બર, ૧૯૪૦ના રોજ સ્વામીજીની તબિયત વધારે બગડી. જાંબવંતસિંહે સોલાપુરના સરનામે મહારાજશ્રીને તાર કર્યોઃ "સ્વામીજીની સ્થિતિ ચિંતાજનક છે." તાર મળતાં જ મહારાજશ્રી સમેત સૌ સાધકગણ ભારે ચિંતામાં પડી ગયા. મહારાજશ્રીએ થુરાવાસમાં રહેતા ભગવાનદાસ ઉપાધ્યાયને તાર કરીને જણાવ્યુંઃ "ઝટ કાશી પહોંચો સ્વામીજી પાસે." ભગવાનદાસને સ્વામીજી પર પૂરી આસ્થા હતી. તેઓ કામકાજમાં નિપુણ હતા ને સ્વામીજીના પરમ ભક્ત હતા. એટલે સ્વામીજીની સેવા કરવા મહારાજશ્રીએ એમના પર પસંદગી ઉતારેલી.

હવે થયું એવું કે સ્વામીજીની સેવામાં ઉપસ્થિત થવા માટે ભગવાનદાસ કાશી તરત ઊપડવાની તૈયારીમાં હતા. ત્યાં તેમના આંગણે વણનોંતર્યા મહેમાનો તરીકે પોલિસો આવીને ઊભી રહ્યી. "તમે બહારગામ જઈ શકશો નહીં" એ મતલબનો સમન્સ બજાવવા અમે આવ્યા છીએ. તમારી સામે પોલીસ કેસ થયેલો છે. જો સમન્સ બજાયા પછી પણ તમે બહારગામ જશો તો ભાગેડુ તરીકે તમારી સામે બીજો કેસ કરવામાં આવશે."

ભગવાનદાસે પોલીસોને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો. પોતે શા કારણે કાશી જઈ રહ્યા છે એ પણ જણાવ્યું તથા પોતાના કથનના સમર્થનમાં ગુરુમહારાજશ્રીનો પત્ર તથા તાર પણ બતાવ્યા પણ પોલીસ કોનું નામ? એ લોકો તો એકના બે ન થયા તે ન જ થયા. આખરે ભગવાનદાસે મરણિયા

થઈને પોલીસને પરખાવી દીધું: "હું મારા ગુરુની સેવાર્થે કાશી જવાનો જ છું. મારી સામે તમારાથી જે કંઈ થઈ શકે તે કરવાની તમને છૂટ છે." કહી તેઓ ગાડીમાં બેસી ગયા. ગુરુની સેવા પૂરી શ્રદ્ધા ભક્તિથી કર્યા પછી બે મહિના બાદ ભગવાનદાસ થુરાવાસ પાછા ફર્યા ત્યારે પેલા પોલીસ કેસનું નામોનિશાન રહ્યું નો'તું. ગુરુસેવાર્થે કાશી જવા રવાના થતાં પહેલાંની પોલીસ કેસની ઘટના ભગવાનદાસની ગુરુભક્તિની કસોટીરૂપ હતી કે શું? પણ ભગવાનદાસને એની ફિકર નો'તી કારણ તેઓ કસોટીમાં જ્વલંત રીતે સફળ થયા હતા. સ્વામીજીની સેવાર્થે ભગવાનદાસ પૂરા બે મહિના કાશીમાં રોકાયેલા ને તેમણે સ્વામીજીની અનન્યભાવે સેવા કરેલી. સ્વામીજીની નાજુક તબિયતના સમાચાર મળતાં જ શંકરરાવ પણ પૂનાથી બનારસ પહોંચી ગયેલા ને સ્વામીજીની સેવામાં લાગી ગયેલા. સ્વામીજીની આ વખતની માંદગી અભૂતપૂર્વ હતી. એમને શરીરમાં ઝટકા આવતા. દરેક ઝટકે શરીર ૮–૧૦ ઈંચ અદ્ધર ઊછળતું. ઊછળતા શરીરને કાબૂમાં રાખવાના બધા પ્રયાસો નિષ્ફળ જતા. એકવાર જાંબવંતસિંહને લાગ્યું કે સ્વામીજી કશુંક કહેવા માગે છે. એમણે સ્વામીજીની પાસે જઈને એમના હોઠ પાસે કાન ધર્યા. સ્વામીજીનો મંદ સ્વર સંભળાયો. તેઓ કહેતા હતા: *"તે જતો રહ્યો છે. હવે ચિંતા કરવાની જરૂર નથી. કોઈ ડરશો નહીં."* સ્વામીજી શું કહેવા માગે છે તે જાંબવંતસિંહને સમજાયું નહીં.

શંકરરાવ ચાર પાંચ દિવસ બનારસ સ્વામીજી પાસે રોકાઈને પૂના પાછા જતા રહ્યા હતા. ઓક્ટોબરમાં રજાઓ પડતાં જ મહારાજશ્રી બનારસ આવી પહોંચ્યા. સ્વામીજીના દુબળા શરીરને જોઈને તેઓ ભારે વ્યથિત થયા. પણ એમના આવવાથી સ્વામીજીની અડધી બીમારી ચાલી ગઈ. આમ છતાં એમને શિષ્યોની સેવાની જરૂર રહેતી. શિષ્યો વારાફરતી એમની સેવામાં હાજર રહેતા. આથી સ્વામીજીની તબિયતમાં ઘણો સુધારો વરતાયો.

ગુરુદ્વાદશી નજીક આવતાં મહારાજશ્રીએ નૃસિંહવાડીમાં જવા સ્વામીજીની રજા માગી. તેઓ દર વર્ષે ગુરુદ્વાદશીને પ્રસંગે નૃસિંહવાડીમાં જતા.

સ્વામીજીએ એમને રજા આપી. નૃસિંહવાડીમાં આવીને ગુરુદ્વાદશીને દિવસે વહેલા ઊઠીને તેઓ આરતીમાં હાજર થઈ ગયા. પછી કૃષ્ણા નદીમાં સ્નાન કરીને તેમણે શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીની પાદુકા પર ઉષ્ણ જળનો અભિષેક કર્યો તથા એની પ્રદક્ષિણા કરી. એ જ રીતે શ્રીવાસુદેવાનંદ સરસ્વતી તથા અન્ય મહાત્માઓની પાદુકા તથા મૂર્તિઓને સ્નાન કરાવ્યું. એ પછી ઘેર આવીને આહ્નિક આટોપ્યું. બપોરે મહાપ્રસાદ લઈને તરત બનારસ પાછા ફર્યા, જેથી તેઓ સ્વામીજીના સાન્નિધ્યમાં રહીને એમની દેખભાળ રાખી શકે.

સ્વામીજીની વિલક્ષણ સ્મરણશક્તિ

સ્વામીજી આજેગાંવમાં હતા ત્યારે શંકરરાવ આજેગાંવકરને ત્યાં ગયેલા. તે વખતે એમના ત્રણેક વર્ષના દીકરા દિગંબરે પણ સ્વામીજીને નમસ્કાર કરીને ચરણસ્પર્શનો લાભ લીધેલો. એ દિગંબર હવે તો મોટો થઈ ગયો હતો ને બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એમ.એસસી.નો અભ્યાસ કરતો હતો. સ્વામીજી બનારસમાં છે ને બીમાર છે એની જાણ થતાં દિગંબર સ્વામીજીની ખબર કાઢવા આવ્યો. સ્વામીજીને પ્રણામ કરીને એ એમની સામે ઘડીક ઊભો રહ્યો. સ્વામીજીએ દિગંબરને તરત ઓળખી કાઢ્યો. એમણે કહ્યું: "અરે ! દિગંબર! કેમ અહી આવવું થયું? શંકરકાકા કેમ છે?" વીસેક વર્ષ પછી પણ સ્વામીજીએ પોતાને ઓળખી કાઢ્યો એનું દિગંબરને અને મહારાજશ્રીને ભારે આશ્ચર્ય થયું. ત્રણેક વર્ષના દિગંબરને વીસ વરસ પછી સ્વામીજીએ ખોળખી કાઢ્યો એના પરથી તેઓ અંતરજ્ઞાની હતા એ સમજાય છે. નબળું સ્વાસ્થ્ય હોવા છતાં તેઓની સ્મરણશક્તિ પૂરી સતેજ હતી. તેઓ એકપાઠી હતા. 'દાસબોધ', 'ગાથા' જેવા ગ્રંથો એક જ વખત વાંચવાથી તેઓને સમજાઈ જતા તથા એમાંના શ્લોકો પ્રસંગ આવ્યે ટાંકી બતાવતા. આવી હતી તેઓની સ્મરણશક્તિ !

એકવાર સ્વામીજીએ મહારાજશ્રીને અડધો શેર ખાંડ (લગભગ ૨૦૦ ગ્રામ) બજારમાંથી લઈ આવવા કહ્યું. મહારાજશ્રી નજીકની દુકાનમાંથી અડધો

શેર ખાંડ ખરીદી લાવ્યા. પડીકું હાથમાં લેતાંની વારમાં સ્વામીજીએ કહ્યું: "વામન, ખાંડ ઓછી છે." તેઓ તો પડીકું લઈને પહોંચ્યા દુકાનદાર પાસે ને એને કહ્યું: "કેમ અલ્યા, પૈસા પૂરી અડધો શેર ખાંડના લે છે ને ખાંડ ઓછી આપે છે?" સ્વામીજીનું ઉગ્ર સ્વરૂપ ભાળીને કશુંય બોલ્યા વિના દુકાનદારે ખાંડ ફરી જોખી. ખાંડ ખરેખર ઓછી હતી. દુકાનદારે ફરી અડધો શેર પડીકું સ્વામીજીના હાથમાં મૂક્યું. કોઈ છેતરી જાય એ સ્વામીજીથી ખમાય નહીં.

એ ટાણે મહારાજશ્રીને શ્રીવાસુદેવાનંદ સરસ્વતીનો એક પ્રસંગ યાદ આવી ગયો. એક સેવકે કચરો વાળતાં એક આખું મરચુંય કચરા ભેગું વાળી નાખેલું. શ્રીવાસુદેવાનંદજીએ સેવકને ઠપકો આપતાં કહ્યું: "આ મરચું આમ કચરામાં વાળી નખાતું હશે ? આવો બગાડ કરવાનું આપણને ન પાલવે. અહી ધર્મદાનમાં આવતો પૈસો વેડફવા માટે નથી અપાતો. એ પૈસાથી ખરીદેલી નાનામાં નાની વસ્તુનું મૂલ્ય આપણે સમજવું જોઈએ. કચરા ભેગું ફેંકી દીધેલું એ મરચું લઈ લે ને ધોઈને એને યથાસ્થાને મૂકી દે."

દીક્ષાથી દર્દ ગાયબ .

સ્વામીજીની તબિયત સુધરવા લાગી હતી એટલે મહારાજશ્રીએ યાત્રાએ ઊપડવા માટે તેમની અનુમતિ માગી. એ મળતાં જ તેઓ બનારસથી ગયા થઈને કલકત્તા પહોંચ્યા ને ત્યાંથી દિલ્હી ગયા. સ્વામીજીને પણ સ્થળાંતર કરવાની ઈચ્છા હતી. એટલે તેઓ ભગવાનદાસ સાથે બનારસથી પૂના આવી ગયા. અહીંથી તેઓ ભગવાનદાસના સાથમાં નાશિક ગયા. તેઓ ડિસેમ્બરનાં છેલ્લાં બે અઠવાડિયાં નાશિકમાં રોકાયા. નાશિકમાં તેઓનો મુકામ રામમંદિરમાં હતો. અહીં ડોંબિવલીના ગૌરીશંકર જોષી તથા તથા કૃ.ગો. જોષી સ્વામીજીના સંપર્કમાં આવ્યા. ગૌરીશંકરના આગ્રહથી તેઓ ડોંબિવલી પણ ગયેલા.

પૂના આવ્યા પછી સ્વામીજી શંકરરાવ માર્કન્ડની સાથે ભંડારા ગયા. પૂનાથી મહારાજશ્રીએ જાંબવંતસિંહને કાશી પત્ર લખ્યો. પત્રમાં લખ્યું: "સ્વામીજીને ભંડારા પત્ર લખી જણાવશો કે તેઓ બીજે ક્યાંય ન જતાં કાશી આવીને આરામ કરે." જાંબવંતસિંહે એ મુજબનો પત્ર સ્વામીજીને ભંડારા લખ્યો. પત્ર મળતાં સ્વામીજી ભંડારા છોડીને કાશી પહોંચી ગયા. અહીં એમની તબિયત ફરી બગડી. એમને હવે કબજિયાતને બદલે ઝાડાની તકલીફ શરૂ થઈ ગઈ હતી. કાશીમાં પંદરેક દિવસ રોકાયા પછી તેમને નાશિક જવાની ઈચ્છા થઈ. એમણે જાંબવંતસિંહને નાશિકની ટિકિટ કઢાવી આપવાનું કહ્યું. એ મુજબ જાંબવંતસિંહે તેમને નાશિકની ગાડીમાં બેસાડી દીધા ને એની જાણ કરતો પત્ર મહારાજશ્રીને પૂના લખ્યો. આ પહેલાંય તેઓ ભગવાનદાસ સાથે નાશિક ગયેલા. અહીંનાં હવાપાણી તેમને માફક આવતાં હતાં.

આવી તબિયતેય સ્વામીજી આવા લાંબા પ્રવાસો કેવી રીતે ખેડી શકતા હતા એ તો એક ઈશ્વર અને બીજા સ્વામીજી જ જાણે. સ્વામીજી નાશિક આવ્યા છે એની જાણ થતાં શંકરરાવ માર્કન્ડ ને બીજા કેટલાક સ્વામીભક્તો એમના દર્શનાર્થે નાશિક પહોંચી ગયા. નાશિકથી સ્વામીજી ડોંબિવલી ગયા.

ડોંબિવલીમાં ગુરુમહારાજના શિષ્ય ગૌરીશંકર જોષી રહેતા હતા. તેઓ ધર્મનિષ્ઠ અને સાધનસંપન્ન હતા. એમને પીનસનું દર્દ હતું. એમને કાયમ શરદી સળેખમ રહેતાં તે એટલે સુધી કે સાધનામાં બેસતા ત્યારેય એમને રૂમાલ સાથે રાખવો પડતો. સ્વામીજી તેમને પોતાની સામે બેસાડતા. સાધના દરમિયાન તેમની ગરદન સતત કલાક સુધી ગોળ ગોળ ઘૂમ્યા કરતી. એકવાર સાધના દરમિયાન એમના નાકમાંથી એક મોટો કીડો ખર્યો. એ સાથે જ એમનું પીનસનું દર્દ કાયમને માટે ગાયબ થઈ ગયું. આ પ્રસંગે શ્રી.કૃ.ગો. જોષીના પુત્ર શ્રી. સ. કૃ. જોષી હાજર હતા. ત્યારે એમની ઉંમર દસ બાર વર્ષની હશે. નાકમાંથી કીડો ખરતો જોઈને એ તો ગભરાઈ ગયેલા. એમને એવો ભય પેસી ગયેલો કે સાધના કરનાર સૌના નાકમાંથી આમ જ કીડા ખરતા હશે. એટલે

વર્ષો સુધી દીક્ષા લેવાનો ઈન્કાર કરતા રહેલા. એ પછી એમનો એ વહમ દૂર થયેલો ને ૧૯૬૫માં એમણે મહારાજશ્રી પાસેથી દીક્ષા લીધેલી.

ડોંબિવલીમાં રહેતા કૃષ્ણલાલ જોષી સ્વામીજીના પરમ ભક્ત હતા. સ્વામીજી એમને ત્યાં પધારે ત્યારે તેઓ એમનું સ્વાગત ભારે ઉલટથી કરતા તથા એમને ફળાહાર કરાવતા. તેઓ સ્વામીજી માટે મસાલા દૂધ તૈયાર કરાવતા. દૂધમાં સૂકો મેવો સારા પ્રમાણમાં નખાવતા. શ્રી. સ. કૃ. જોષી સાહિત્યકાર તરીકે વાચકોને પરિચિત છે. એમની કલમે ઘણા સંતોનાં ચરિત્રો સમાજને આપ્યાં છે.

સર ચુનીલાલને શીખ

ડોંબિવલીના સર ચુનીલાલ મહેતાએ ગુરુ મહારાજ પાસેથી દીક્ષા લીધેલી. સર ચુનીલાલ સામાજિક કાર્યકર હતા તથા કોંગ્રેસ પક્ષમાં સક્રિય હતા. એમને ત્યારની સરકારે કે. સી. આઈ.નો ઈલ્કાબ આપેલો. તેમને સ્વામીજીનાં દર્શનનો લાભ લેવાની ઈચ્છા થઈ. તેઓ ભભકદાર ઝભ્ભો અને ધોતિયું પહેરીને સ્વામીજી સમક્ષ ઉપસ્થિત થયા. એમણે માથે ટોપી પહેરેલી નહીં. નેતાની અદાથી એમણે સ્વામીજીને નમસ્કાર કર્યા. પોતે 'સર'નો ઈલ્કાબ ધરાવે છે એની સભાનતા એમના વર્તનમાં જણાઈ આવતી હતી. સ્વામીજીને એમનું વર્તન ગમ્યું નહીં. એમણે મહારાજશ્રીને પૂછ્યું: "વામન, તારી સાથે આ કોણ આવ્યું છે ?" મહારાજશ્રીએ ચુનીલાલભાઈનો પરિચય ટૂંકમાં સ્વામીજીને આપ્યો. સ્વામીજીએ ચુનીલાલભાઈને મીઠો ઉપાલંભ આપતાં કહ્યું: "ચુનીલાલજી, તમે તો મોટા શ્રીમંત છો. વળી સામાજિક કાર્યકર પણ છો. આમ છતાં સંતો મહાત્માઓને દર્શને જનારાઓ પાસેથી જે વિવેક અને નમ્રતાની અપેક્ષા રખાય છે એનો તમારામાં મને અભાવ જણાય છે. અંગ્રેજી હાકેમોને મળવા જતી વખતે જેમ તમે અમુક ચોક્કસ પ્રકારનો નિર્ધારિત પોષાક પહેરીને જાઓ છો એ જ રીતે સંતો મહંતોને મળવા જતી વખતે પણ શિષ્ટ સાદો પોષાક જ દર્શનાર્થીઓએ પહેરવો ઘટે. ભભકદાર અતિ મૂલ્યવાન પોષાક પહેરીને

સંન્યાસીઓ–સ્વામીજીઓ સામે ઉપસ્થિત થવું એ અવિવેક છે. આજે તો આ લેબાશમાં તમે ભલે આવ્યા. ફરી આવો ત્યારે આવી ભૂલ નહીં કરો એવી આશા રાખું છું."

ચુનીલાલજીએ સ્વામીજીની શીખ માથે ચડાવી. તેઓ ફરી જ્યારે જ્યારે સ્વામીજી પાસે જતા ત્યારે ત્યાંના નીતિ નિયમોનું પૂરી શ્રદ્ધાથી પાલન કરતા. એમના પોષાકમાં અને વર્તનમાં પણ સાનુકૂળ પરિવર્તન તેમણે લાવી દીધું હતું. આમ સ્વામીજી પોતાના શિષ્યો, દર્શનાર્થીઓ પાસેથી જે ચોક્કસ પ્રકારના વર્તન વહેવારની અપેક્ષા રાખતા ને એનો અમલ ન કરનારને સ્પષ્ટ શબ્દોમાં કહેતાં લગીરે ખચકાતા નહીં, પછી એ વ્યક્તિ ભલેને ગમે એટલી મોભાદાર કે શ્રીમંત હોય !

અધ્યાય:૧૦

અનુગ્રહલીલા

ગુરુઅનુગ્રહ માત્રથી થશે જ્ઞાન સુસ્થિર ।
અન્યથા શ્રમ વ્યર્થ એ,છિન્ને રહે ન નીર ।।

(શ્રીગુરુલીલામૃત, ૧૬-૧૦૮)

સ્વામીજી પૂનામાં હતા ત્યારે એમણે અંબાલાલ શેઠને ત્યાં થોડા દિવસો મુકામ કરેલો. શેઠજીના નાના દીકરાને મંડલકુષ્ઠ નામનો રોગ થયેલો. ઘણા ઈલાજો કરવા છતાં રોગ મચક આપતો નો'તો. શેઠજીએ સ્વામીજીને વાત કરી. સ્વામીજીએ કલૌંજી જીરું, ગુલેબનપસા, આમળાં, હરડે અને બહેડાં ઔષધો સરખે ભાગે લઈને તેનું ચૂર્ણ બનાવવા કહ્યું. આ ચૂર્ણ અડધો તોલો મધમાં રોજ સવારે તેઓએ જાતે શેઠના દીકરાને આપવા માંડ્યું. અનુપાન તરીકે લીંબુપાણીનું શરબત પણ તેઓ દરદીને આપતા. તેઓ સતત એક મહિના સુધી જાતે આ દવા દરદીને આપતા રહ્યા. પરિણામે દરદીનો રોગ કાયમને માટે દૂર થયો.

અંબાલાલ શેઠના એક સગા શ્રી. કરસનદાસ નાશિકમાં રહેતા હતા. કરસનદાસ દમના વ્યાધિથી પીડાતા હતા. તેઓ એકવાર સ્વામીજીનાં દર્શને આવ્યા ને પોતાના દર્દની વાત સ્વામીજીને કરી. સ્વામીજીએ આસન અને પ્રાણાયામ કરવાની સલાહ કરસનદાસને આપી. સ્વામીજીની કૃપાદૃષ્ટિથી તેઓને વ્યાધિથી છૂટકારો મળ્યો.

પૂનામાં ભગવાનદાસ ઉપાધ્યાય હતા ત્યારે તેમના દીકરા નારાયણદાસનો મુંબઈથી તાર આવ્યો. તારમાં જણાવેલું કે એની દીકરી રમાને મેનેન્જાઈટિસ થઈ ગયો છે ને એને દવાખાનામાં દાખલ કરી છે. એટલે ભગવાનદાસે તાબડતોબ મુંબઈ આવવું. ભગવાનદાસને તાર મળ્યો ત્યારે સ્વામીજી એમને ઘેર જ હતા. તેમણે ભગવાનદાસને કહ્યુંઃ "કશી ચિંતા કરવા જેવું નથી. છોકરીને સારું થઈ જશે. પણ તમે મુંબઈ તો જઈ આવો જ." સ્વામીજીના કહ્યા મુજબ ભગવાનદાસ મુંબઈ જઈ આવ્યા ને એમની પૌત્રીને સાજીસમી જોઈને પાછા ફર્યા. આમ સ્વામીજીનાં આશીર્વચનથી ભગવાનદાસની પૌત્રી સારી થઈ ગઈ. હાલ રમાબેન ધોલવાણી (ભીલોડા પાસે) રહે છે.

અંબાલાલ શેઠે મહારાજશ્રી પાસેથી દીક્ષા લીધી હતી. સાધનામાં તેઓ સારી પ્રગતિ કરી રહ્યા હતા. વધારે પ્રગતિ સાધવા એમણે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. સાધના દરમિયાન એમને અનાહત નાદ સંભળાવા લાગ્યો. સમય જતાં આ નાદ એમને આખો દિવસ સંભળાવા માંડ્યો. એ કારણે સામાજિક જીવન ખોરવાઈ ગયું. પરિવારનાં સૌ પણ ચિંતિત થઈ ઊઠ્યાં પરંતુ સ્વામીજીનાં દર્શન માત્રથી શક્તિસંચાર પર નિયંત્રણ થયું ને એમનો સામાજિક વહેવાર સુપેરે ચાલતો રહ્યો. સ્વામીજીના અનુગ્રહ–નિગ્રહનું સામર્થ્ય આવું અલૌકિક હતું.

એકવાર સ્વામીજી પૂનામાં શ્રીગુરુમહારાજને ત્યાં મુકામ કરી રહ્યા હતા ત્યારે એક ભારે શણગાર સજેલી સ્વરૂપવાન યુવતી જ્યાં સ્વામીજીનો નિવાસ

હતો એ ઓરડામાં પ્રવેશી. સ્વામીજીના સાન્નિધ્યમાં ત્યારે મહારાજશ્રી અને ભાલેરાવ હતા. યુવતીએ સરસ રીતે ગુંથેલા એના અંબોડામાં ફૂલોની મહેકદાર વેણી પણ બાંધી હતી. એ યુવતીનું નામ શાલિનીતાઈ હતું. ત્યાં ઉપસ્થિતોમાંથી કોઈ શાલિનીતાઈને ઓળખતું નો'તું.

શાલિનીતાઈનું હરેક હલનચલન સ્વામીજી ધ્યાનથી નિહાળી રહ્યા હતા. સ્વામીજીને નમસ્કાર કરીને એ યુવતી તેઓની સન્મુખ બેઠી. સ્વામીજીએ એ યુવતીને સંબોધીને કહ્યું: "બહેન, આ સ્થાન તમારાં જેવાં માટે કામનું નથી. આજે આવ્યાં તો ભલે આવ્યાં. ફરી અહીં આવવાની ભૂલ ન કરશો."

સ્વામીજીની વાત સાંભળીને એ યુવતીનું મોં પડી ગયું. થોડીવારે હિમ્મત દાખવીને એણે કહ્યું: "સ્વામીજી, આપ તો મહાત્મા છો. અમારાં જેવાં માર્ગ ભૂલેલાં આપ જેવા પાસે ન આવીએ ત્યારે ક્યાં જઈએ ? આપ મને સાચો રાહ બતાવો એવી મારી આપને વિનંતી છે."

સ્વામીજીએ પ્રત્યુત્તરમાં બાઈને કહ્યું: "બેન, તમારી વાત સાચી છે. પણ મારા કહ્યા પ્રમાણે ચાલવાની તમારી તૈયારી હોય તો જ હું તમને સાચો રાહ બતાવી શકું."

શાલિનીતાઈએ કહ્યું: "એ તૈયારી સાથે જ અહીં આવી છું. આપ આજ્ઞા કરો ને હું એનો અમલ ન કરું એવું તે બને ?"

સ્વામીજીએ કહ્યું: "તો પછી ફરી આવો તે પહેલાં માથા પરના તમારા સુંદર વાળ કઢાવીને આવજો."

એ બાઈ પછી સ્વામીજી પાસે કદી આવેલી નહીં. એની સામે જોતાંની સાથે જ સ્વામીજી એને પારખી ગયા હતા. એનો ભક્તિભાવ વાક્પટૂતાભર્યો દંભ હતો એ સ્વામીજી પામી ગયા હતા.

આ બાઈ વિષે ભાલેરાવે જ્યારે નારાયણરાવને વાત કરી ત્યારે નારાયણરાવે જણાવેલું કે એ સ્ત્રીનું ચારિત્ર્ય હીન હોવાનું સમાજમાં બોલાતું હતું. લોકોને છેતરવા જ એ મંગલસૂત્ર પહેરતી હતી. પોતાનાં કાળાં કરતૂતો

ઢાંકવા જ એ સંતો – મહંતોના આશ્રમોએ ભટકતી ફરતી હતી. સ્વામીજીએ તો જો કે એ બાઈના ગયા પછી તરત કહેલું કે ફરીથી એ એમની પાસે કદી આવશે નહીં.

સ્વામીજીની સ્વભાવ વિશેષતાઓ

પડે ચેન ના દેવને, નકી ભક્ત વિણ એમ ।
વર્તે ભક્તાધીન શું છોડી લજ્જા તેમ ? ॥

(શ્રીગુરુલીલામૃત, ૪૧–૫૪)

નારાયણરાવ દેશપાંડે (શિરવળકર) પ્રતિ સ્વામીજીને અનહદ પ્રેમ હતો. એ અને ભાલેરાવ રોજ સાંજે સ્વામીજીનાં દર્શને જતા. એમને આવતાં મોડું થયું હોય ત્યારે સ્વામીજી બોલી ઊઠતાઃ "કેમ વાર થઈ ? " સ્વામીજીની આ રીતે તેમના પ્રત્યેની લાગણી જોઈને તેઓ ધન્યતા અનુભવતા. ક્યારેક તો ચાલુ નોકરીએ બન્નેને સ્વામીજીનાં દર્શનની ઈચ્છા જાગતી . ત્યારે કોર્ટનું કામકાજ પડતું મૂકીને તેઓ સ્વામીજી પાસે દોડી જતા. ત્યારે કશોક પ્રસંગ હોય અથવા સ્વામીજીની તેવી ઈચ્છા હતી એમ ત્યાં જતાં તેમને ખબર પડતી અને બન્ને અતિશય આનંદ અનુભવતા. આ બન્ને જણનું સ્વામીજી પ્રત્યેનું આવું હતું આકર્ષણ અને સ્વામીજીનું ભક્તવાત્સલ્ય !

સાંજે બેય સ્વામીજી સાથે ફરવા જતા. સ્વામીજી ઘણી ઝડપી ચાલે ચાલતા. બન્નેથી સ્વામીજીની ઝડપે ચલાતું નહીં. તેઓ પાછળ પડી જતા. સ્વામીજી સાથે થવા માટે એમને દોડવું પડતું. સ્વામીજી જ્યારે બોલવાનું શરુ કરે ત્યારે એમનો વાણીપ્રવાહ અસ્ખલિત રીતે વહેતો રહેતો. એમની બોલવાની ઝડપ પણ એમની આ ચાલ જેવી જ હતી. એ બોલતા હોય ને કોઈ વચ્ચે બોલે એ એમને ગમતું નહીં. ખલેલ પહોંચાડનારને તેઓ હાથના ઈશારાથી બોલતો અટકાવી દેતા. ક્યારેક 'ના–ના' કહીને પણ વચ્ચે બોલી પડનારને અટકાવતા.

શ્રોતાઓ સ્વામીજીની અમૃતવાણી સાંભળતા ધરાતા નહીં. તેઓ એકચિત્તે સ્વામીજીને સાંભળતા. શ્રોતાગણમાં બેઠેલ મહિલાઓ તરફ સ્વામીજી દૃષ્ટિપાત કરતા નહીં. મહિલાઓ સાથે વાત કરતી વખતેય તેઓની નજર નાસિકાગ્રે રાખતા.

સ્વામીજીના ચર્ચાના વિષયો યોગ, ધર્મ ઉપરાંત જીવન વ્યવહારને લગતા રહેતા. તેઓ ગહનમાં ગહન વિષય સામાન્ય શ્રોતાને સમજાય એવી સરળ ભાષામાં ચર્ચતા. એમની ચર્ચામાં માહિતીની વિપુલતા તથા વિષયનો તલસ્પર્શી અભ્યાસ પ્રતીત થતાં. વિષયનાં વિવિધ પાસાંની એમની રજૂઆત પ્રભાવક હતી. અનેક ધર્મોના તથા ચિંતકોના સંદર્ભો ટાંકી તેઓ વિષયને રોચક બનાવતા. એમને એકવાર સાંભળનારની બધી જ શંકાઓ તત્કાળ દૂર થતી.

મરાઠી ભાષાનો અભ્યાસ સ્વામીજીએ ક્યારે કરેલો એ કોઈને ખબર નથી. મરાઠી ભાષા તેઓ સારી પેઠે જાણતા. *'જ્ઞાનેશ્વરી'*, *'દાસબોધ'*, *'ગાથા'* જેવા ગ્રંથોમાંની ઓવીઓ અને અભંગો તેઓ કંઠસ્થ હોય એમ બોલીને ટાંકી શકતા. તુકારામને તેઓ મોટા સંત લેખતા. એમનો મહારાષ્ટ્રના સંતો પ્રતિ અનહદ આદર હતો. તેઓ ઘણીવાર કહેતા: "મહારાષ્ટ્રના લોકોને તુકારામ, રામદાસ, જ્ઞાનેશ્વર, એકનાથ જેવા સંતોએ અધ્યાત્મજ્ઞાન એટલું સરળ રીતે પીરસ્યું છે કે એ લોકોને બીજા સંતો પાસે જવાની જરૂર નથી."

સ્વામીજી પાસે દેશી દવાઓની સારી જાણકારી હતી. બીલીપત્રનો રસ સરળતાથી કાઢવાનો કીમિયો તેઓ જાણતા. તેઓ કહેતા: "બીલીનાં પાંદડાંને ત્રણ દિવસ ચોખામાં દાબી રાખવાથી એનો રસ સરળતાથી કાઢી શકાય છે." આંખોની લાલાશ, બળતરા અને ખંજવાળ દૂર કરવા તેઓ નિર્મળીનાં બી અને સાટોડી (પુનર્નવા)ને પાણીમાં ઓગાળીને તેનું અંજન આંખમાં આંજવાની સલાહ આપતા. સહન કરવાની શક્તિ હોય તો નિર્મળી અને સાટોડી ભેગી સુરવાળી હરડે પણ નાખવાનું સૂચવતા. નારાયણરાવના પુત્રને આંખની તકલીફ

થયેલી ત્યારે આ ઉપચારથી એને રાહત થઈ ગયેલી.

સ્વામીજીના ચહેરા પર દૈવી સામર્થ્ય વિલસતું જણાતું. છાટી, ભસ્મ અને રુદ્રાક્ષ ધારણ કર્યા પછી એમનું વ્યક્તિત્વ ઓર પ્રભાવક બની જતું. એમનું આ સ્વરૂપ એમના અનેક શિષ્યોના સ્મરણપટ પર અમીટ રીતે અંકિત થઈ ગયું છે. એમની આંખોમાંથી એવું તેજ નીતરતું જેથી એમની આંખો સામે આંખ મિલાવવાનું કાચાપોચાનું કામ ન હતું.

ડો. વિ.મ. બેન્દ્રે સ્વામીજીના સંપર્કમાં આવ્યા. તેઓ સ્વામીજીનાં દર્શને રોજ આવતા. ધીમે ધીમે સ્વામીજીની કૃપાદૃષ્ટિ એમના પર ઊતરી. સ્વામીજી માટે હવે એકાંતમાં રહેવું લગભગ અશક્ય બની ગયું હતું. અનેક જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓને તેઓએ દીક્ષા આપીને શક્તિપાત પરંપરાનો શ્રેષ્ઠ માર્ગ સમાજને ચીંધ્યો હતો તથા બ્રહ્મવિદ્યાનો પ્રસાર કર્યો હતો.

સ્વામી સેવક ભુજંગરાવ

શ્રી. ભુજંગરાવ ઉર્ફે નાના ભાલેરાવને ૨૪ વર્ષ જેટલા દીર્ઘ કાળ સુધી સ્વામીજીના સહવાસનો લાભ મળેલો. આ અમૂલ્ય તકનો લાભ એમને એમના સદ્ગુરુ શ્રીગુળવણી મહારાજની કૃપાથી પ્રાપ્ત થયેલા. ઈ. સ. ૧૯૪૦માં સ્વામીજી બનારસથી ભગવાનદાસ ઉપાધ્યાયની સાથે પૂના આવેલા, ત્યારે એમને બેરીબેરીની ઉપાધિ ઉપરાંત સંગ્રહણીની બીમારી પણ લાગુ પડેલી. પૂનામાં તેઓશ્રીનો મુકામ શ્રી. શંકરરાવને ત્યાં હતો. નાના રોજ સ્વામીજીનાં દર્શને જતા. સ્વામીજીનું શરીર ઘણું કૃશ થઈ ગયું હતું. આવી સ્થિતિમાંય તેઓ પ્રફુલ્લિત રહેતા. એમનો અવાજ ક્ષીણ થઈ ગયો હતો. નાના તેમની સેવા કરતા હતા. સંગ્રહણીના દર્દને કારણે સ્વામીજીને થોડી થોડી વારે શૌચાલયની મુલાકાત લેવી પડતી. સ્વામીજીને બાળકની જેમ ઊંચકીને નાના લઈ જતા ને પાછા પલંગ પર સુવાડી દેતા.

સ્વામીજી એકવાર પૂનામાં હતા ત્યારે બધા સાધકોને એકત્ર કરીને ભોજન કરાવવાની તેઓને ઈચ્છા થઈ. એ સમયે મહારાજશ્રી કશાક કામે હૈદ્રાબાદ ગયા હતા. ભોજનની વ્યવસ્થા કસબા પેઠમાં રહેતા શ્રી. ગોરે ભટજીને ત્યાં ગોઠવવાનું વિચારાયું. ભોજનનું સ્થળ સ્વામીજીને પસંદ પડ્યું. તેઓની રુચિ પ્રમાણે વાનગીઓની પસંદગી થઈ. જમનારાઓની સંખ્યા ત્રીસ–પાંત્રીસથી વધારે નો'તી. વાનગીઓમાં પૂરણપોળી, મસાલા ભાત, સરગવાની સિંગોની દાળ મુખ્ય હતી. સ્વામીજીએ જાતે જ સૌ સાધકોને પીરસ્યું ને આગ્રહ કરીને પ્રેમથી બધાને જમાડ્યા . સ્વામીજીએ જમાડેલો આ પ્રસાદ સૌને યાદ રહી ગયો.

સ્વામીજી કોઈને સહેલાઈથી દીક્ષા આપતા ન હતા. તેઓ દીક્ષાવાંચ્છુઓને બરાબર ચકાસતા. આચારધર્મનું અને નીતિનિયમોનું ચુસ્તપણે પાલન કરી શકનારને જ તેઓ દીક્ષા આપતા. બ્રાહ્મણ હોય ને સંધ્યાદિ કર્મ કરનારો હોય તથા ચોટલી રાખતો હોય તેને જ તેઓ દીક્ષા માટે પસંદ કરતા. ચોટલીનો તેઓ વિશેષ આગ્રહ રાખતા. ગાયત્રી જપના અનુષ્ઠાન પર પણ તેઓ વિશેષ ભાર આપતા. કેટલાકને તો તેમણે કહેલું: "એક લાખ ગાયત્રી જપ કરીને આવો,પછી દીક્ષા થશે કે નહીં તે કહીશું". વિધવા સ્ત્રીઓને કેશવપનાદિ કરીને આવવાનું કહેતા. આહારમાં ડુંગળી, લસણ તથા અભક્ષ્ય ભોજન કરનારને તથા અન્ય નિયમોનું પાલન ન કરનારને તેઓ દીક્ષા આપતા ન હતા. માતાપિતાનાં ચરણોમાં માથું મૂકીને નમસ્કાર કરવાનું તેઓ તરુણોને ખાસ કહેતા. વાળ વધારેલા, પાટલુન કે લેંઘો પહેરીને આવેલા તરુણો તથા ગોળ સાડી પહેરીને આવેલી સ્ત્રીઓનો પહેરવેશ તેમને ગમતો નહિ. તામસી આહારનો ત્યાગ કરવાનું કહેતા. સભ્ય અને સુઘડ પોષાકના તેઓ આગ્રહી હતા. છેલબટાઉ પોષાક તેમને ગમતો નહિ. યુવાનો તથા મહિલાઓએ સૌમ્ય તથા સુરુચિકર પોષાક પરિધાન કરવો જોઈએ એમ તેઓ ભારપૂર્વક કહેતા. એક જિજ્ઞાસુએ સ્વામીજીને દીક્ષા માટે પ્રાર્થના કરી ત્યારે સ્વામીજી સ્પષ્ટતાથી બોલ્યા: "દીક્ષા શું સસ્તી ચીજ છે જે હું વહેંચતો ફરું? અરે ભાઈ છ છ મહિના

છાટી ધોનારાઓનો નંબર લાગ્યો નથી, તો બીજાઓની શું વાત ? જાવ પોતાનાં ધરમકરમ કરતા રહો. સમય પર બધું થાય છે. *દીક્ષા કોઈ લેવા આપવાની વાત નથી. એ તો થવા હોવાની વાત છે."*

સ્વામીજીની કવિત્વશક્તિ પણ વિલક્ષણ હતી. નીતિબોધને લગતા શ્લોકો, કાવ્યો તેઓ શીઘ્રપણે રચી શકતા. તેઓની કાવ્ય રચનાઓ સરળ ભાષામાં લખાયેલી છે. સૌ એ સમજી અને માણી શકે છે. હિન્દી, બંગાળી તેમ જ મરાઠી ભાષામાં તેઓએ ઘણી પદ્ય રચનાઓ કરી છે. તેઓની પદ્ય રચનાઓ ભાવપૂર્ણ તેમ જ અર્થપૂર્ણ હતી. પોતાની રચનાઓ તેઓ એક નોટમાં લખતા હતા. અન્ય સંતોની રચનાઓ પણ એમને ગમી ગઈ હોય તો એ જ નોટમાં તેઓ ટપકાવી લેતા. પોતાનાં પદો લખવાનું ક્યારેક તેઓ ભાલેરાવને સોંપતા. પદ્ય રચનાઓ સહજ રીતે રચાતી. એમાં ભાવોની મધુરતા અને અભિવ્યક્તિની સચોટતા વરતાતી. તેઓની થોડીક પદ્ય રચનાઓ પરિશિષ્ટમાં જોવા મળશે. એકવાર સ્વામીજીને વેદાંત પર લખવાની ઈચ્છા થઈ. થોડાં પાન લખીને પછી એ જાતે ફાડી નાખ્યાં. પછી ભાલેરાવને કહ્યું: "આચાર્ય કરતાં હું શું વિશેષ લખવાનો હતો? લોકોને વેદાંતનાં પુસ્તકો નથી જોઈતાં. એમને તો વેદાંતની અનુભૂતિ જોઈએ છે ને આપણે એ જ દિશામાં પ્રવૃત્ત છીએ. પછી આ બધું લખવાની માથાકૂટમાં શું કામ પડવું ?"

નાના ભાલેરાવના મોટા દીકરા ભાલચંદ્રને સ્વામીજીની સેવા કરવાનો સારો લાભ મળેલો. ભાલચંદ્ર સ્વામીજીને માલીશ કરી આપતો, પગે ઘી ઘસતો તથા હાથપગ દબાવી આપતો. રોજ બે કલાક એ સ્વામીજીની આ રીતે અનન્યભાવે સેવા કરતો રહેતો. ભાલચંદ્રનો નાનો ભાઈ નારાયણ પણ એની સાથે સ્વામીજી પાસે આવતો. સ્વામીજી બાળક નારાયણ સાથે બાળક બનીને રમતા–ખેલતા રહેતા. સ્વામીજી ભાલચંદ્રને કહેતા: "રોજ બારસો ગાયત્રીના જાપ કરજે. એનાથી તું જે ઈચ્છીશ તે તને પ્રાપ્ત થશે." સ્વામીજીની આજ્ઞાનુસાર ભાલચંદ્રે વર્ષો સુધી ગાયત્રી જાપ કરેલો અને તેનું સારું ફળ પણ તેને પ્રાપ્ત થયેલું.

સ્વામીજીની આંખોમાં એક પ્રકારનું તેજ વિલસતું. તેઓની આંખો વિશાળ હતી. આંખોમાંની કીકીઓ પણ પ્રમાણમાં મોટી લાગે. એકવાર ભાલેરાવે સ્વામીજીને એ અંગે પૂછ્યું: "સ્વામીજી, આપની કીકીઓ આંખોના પ્રમાણમાં મોટી લાગે છે. એ ખરેખર મોટી છે કે મને ભાસ થાય છે?" ત્યારે સ્વામીજીએ કહ્યું: "ભાલેરાવ, એ ભાસ નથી, હકીકત છે કારણકે આપણી સામાન્ય આંખોથી આપણે દેવોનું દર્શન કરી શકતા નથી. જેઓને દેવોનાં દર્શન થાય છે તેમની આંખોમાં આ રીતનો ફેરફાર થઈ જાય છે. દેવોનાં દર્શન માટે આંખોમાંની કીકીઓ સફેદ ડોળાના નીચેના અને ઉપરના ભાગને સ્પર્શે એટલી મોટી હોવી જોઈએ. સગુણ સાકાર દર્શન વિષે આ સ્પષ્ટતા કરી છે. કાલીમાતાની કૃપાથી મારી કીકીઓ મોટી છે."

સ્વામીજીની દિનચર્યા

સ્વામીજી રોજ સવારે ચાર વાગે ઊઠી જતા. પછી પાણીનો કોગળો કરીને સાધનામાં બેસી જતા. કબજિયાતની તકલીફને લીધે શૌચાલયની મુલાકાત મોડેથી લેતા. સાધનામાં બેસતી વખતે આખું શરીર ઢંકાઈ જાય એ રીતે છાટી ઓઢી લેતા. તેઓ સ્થિર આસનમાં કલાકો સુધી બેસી રહેતા. શૌચાલયની મુલાકાત પછી મૃત્તિકાથી હાથપગ ધોતા. તેઓ શાસ્ત્રાધાર ટાંકીને કહેતા: *મૃત્તિકા સિવાય ધોયેલા હાથે સંધ્યાવંદન કે અન્ય પુણ્યાદિ કાર્યો થઈ શકતાં નથી.* તેઓ હંમેશા મોડેથી સ્નાન કરતા. તેઓ બધાં કર્મો પૂરી ચીવટથી કરતા. કર્મ પ્રત્યે તેઓ કદી ઉદાસીનતા સેવતા નહીં. સમાજની આસ્થા કર્મ પર હોય છે. તેથી તેઓ સમાજને ઉદાહરણ પૂરું પાડવા કર્મ કરતા રહેતા. તેઓ માનતા કે સમાજનાં શ્રદ્ધાસ્થાનોને ઠેસ પહોંચે એવું કશું સાધુ સંતોએ પણ કરવું ન જોઈએ.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।।

(ગીતા-૩.૨૧)

(શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણો કરે છે, સામાન્ય મનુષ્ય પણ તે પ્રમાણે જ આચરણ કરે છે. એ જેને પ્રામાણિત કરે છે, લોકો તેને જ અનુસરે છે.) શુદ્ધ અદ્વૈત વેદાંતીની સ્થિતિએ પહોંચેલ જ કર્મસંક્ષેપ કરી શકે છે ને કર્મની વ્યર્થતા સમજી શકે છે. સ્વામીજીનો કર્મસંક્ષેપ જોઈને અદ્વૈત સ્થિતિએ પહોંચેલા કોઈ વેદાંતી મહાત્માને જોતા હોઈએ એવું લાગે. સંત તુકારામ મહારાજ કહે છે: "દેવ નથી એ મનથી ઓળખવું. દેવ છે એમ લોકોમાં કહેવું."

देव नाही हे मनी ओळखावे ।
देव आहे हे जनी वदावे ।।

ભિક્ષા લેતાં પહેલાં તેઓશ્રીનાં સ્નાન, સંધ્યા, દંડવંદન આદિ સંપન્ન થઈ ગયાં હોય. તેઓ સમયની પાબંધીના પણ ભારે આગ્રહી. ક્યારેય કોઈ પ્રસંગે તેઓ મોડા પડ્યા હોય એવું બન્યું નથી. સ્વામીજી મિતાહારી હતા. સરગવાની સિંગની દાળ તેમને અતિ પ્રિય હતી. નાના ભાલેરાવનાં પત્ની સ્વામીજીની રુચિ અનુસાર વાનગીઓ બનાવીને તેઓને ભાવથી જમાડતાં. સ્વામીજી એમના હાથની રસોઈ વખાણી વખાણીને જમતા. ભિક્ષા પત્યા પછી બે વાગ્યા સુધી તેઓ આરામ કરતા. બે વાગ્યા પછી ટટ્ટાર બેસીને તેઓ વાચનલેખન કરતા તથા દર્શનાર્થીઓને મળતા ને એમની સાથે વાર્તાલાપ કરતા. કશુંક લખવાનું હોય ત્યારે ચશ્માંનો ઉપયોગ તેઓ કરતા. તેઓ કદી કમરમાંથી વાંકા વળીને બેસતા નહીં. સ્વામીજી દરરોજ સાંજે ફરવા જવાનું રાખતા. ફરવા જવાનો માર્ગ એ બદલતા રહેતા. ફરીને આવ્યા પછી સંધ્યા તથા સ્તોત્રપાઠ કરતા. એ પછી તેઓ અલ્પાહાર લેતા. અલ્પાહાર પત્યા પછી ભજનકીર્તન તથા ગોષ્ઠિ ચાલતાં. બહુ મોડું સૂવાનું સ્વામીજી પસંદ કરતા નહીં. આ દિનચર્યા સાથે શિષ્યો, સાધકોના જીવનનું કલ્યાણ કરવાનું કાર્ય અખંડપણે ચાલતું રહેતું.

સ્વામીજી જે વાતાવરણમાં મુકાયા હોય એ વાતાવરણને અનુકૂળ થઈ જતા. એમની ઉપસ્થિતિમાં સૌ હળવાશ અનુભવતા. ક્વચિત્ હાસ્યવિનોદ

પણ થતો. બાળકો સાથે તેઓ બાળક બની જતા તથા એ બધાંને વાર્તાઓ, ગીતો સંભળાવતા. પૂનામાં હોય ત્યારે તેઓ નાનાને ત્યાં મુકામ કરવાનું વધુ પસંદ કરતા. ત્યાં તેમને ફાવતુંય સારું. તેઓ નાનાને કહેતાઃ "તમે બધાંએ તો મને તમારા પરિવારનો સભ્ય બનાવી દીધો છે." એ સાંભળીને નાના ખૂબ ખુશ થતા ને પોતાને ભાગ્યશાળી ગણતા. સ્વામીજીની પરમ કૃપાથી જ પોતાનું પારિવારિક જીવન સુપેરે ગોઠવાયું છે એમ એ માનતા.

સ્વામીજી સાંજે દૂધ અને ફળ આરોગતા પણ ૧૯૪૦માં તબિયત લથડ્યા પછી એમણે દૂધ લેવાનું ઓછું કરી નાખેલું. તેઓ નાનાને કહેતાઃ "સંન્યાસધર્મનું પાલન કરવું ઘણું કઠિન છે. એટલે જ કળિયુગમાં સંન્યાસ લેવાની ના કહી છે." સ્વામીજીથી દૂધ લેવાતું નહીં અને ભૂખ તો સાંજે લાગતી જ. તેઓએ નાનાને એ અંગે વાત કરી. સ્વામીજીએ જે દિવસે આ વાત કરી તે દિવસથી સ્વામીજી માટે સાંજની રસોઈ પણ અબોટિયું પહેરીને તૈયાર કરવાની વ્યવસ્થા નાનાએ કરી. સ્વામીજી નાના ભાલેરાવને ત્યાં એમના કુટુંબના સભ્યની જેમ જ નિઃસંકોચપણે રહેતા. નાનાનાં બાળકો સાથે રમવાની અને વાતો કરવાની તેઓને મઝા પડતી.

જાંબવંતસિંહ પર ખૂનનો આરોપ

જાંબવંતસિંહ સાત્ત્વિક વૃત્તિના સજ્જન હતા. તેઓ એક વેપારીને ત્યાં માસિક પગારથી નોકરી કરતા હતા. તેઓ ગ્રાહકોને વાજબી ભાવે જ વસ્તુઓ વેચતા. એમના શેઠની ઉઘરાણી માટે એમને ગામ પરગામ ફરવું પડતું. એમની પ્રામાણિકતા અને કાર્યકુશળતા જોઈને એમના શેઠે એમને ભાગીદાર બનાવ્યા. કાશી પાસેના ગામમાં તેઓ રહેતા. એ ગામમાં એમની થોડી ઘણી જમીન તથા ઘર હતું. એ ગામમાં એક દિવસ એક વ્યક્તિનું ખૂન થઈ ગયું. ખૂન કરનારાઓની યાદીમાં કોણ જાણે કેમ પણ જાંબવંતસિંહનું નામ પણ ઉમેરાઈ ગયું. એમના હિતશત્રુઓએ એમને બદનામ કરવા એમનું નામ ખૂનીઓની યાદીમાં ઉમેરાવેલું.

મઝાની વાત તો એ હતી કે જ્યારે આ ઘટના ગામમાં બની ત્યારે જાંબવંતસિંહ ગામમાં હતા જ નહીં. આમ છતાં પોલીસે એમની રીતે એમની કામગીરી આરંભી દીધી ને એમની સામે કાગળિયાં તૈયાર કરી દીધાં. જાંબવંતસિંહ સામે ધરપકડનું વોરંટ બજાવવા સુધી કાર્યવાહી થઈ ચૂકી હતી. એમની ધરપકડ માટે પોલિસ કાશીમાં પણ આંટાફેરા કરવા લાગી. જાંબવંતજી બરાબરના મુંઝાઈ ગયા. શું કરવું તે એમને સૂઝતું નો 'તું. અધૂરામાં પૂરું સ્વામીજી પૂના ગયા હતા. જામ્બવંતસિંહે પૂના મહારાજશ્રીને પત્ર લખીને બધી વિગત જણાવી. મહારાજશ્રીનો વળતી ટપાલે પત્ર આવ્યોઃ "કશી ચિંતા કરશો નહીં. આ કિસ્સામાં તમારો વાળ પણ વાંકો થવાનો નથી." સ્વામીજીએ જ આ પત્ર લખાવ્યો છે એમ પણ મહારાજશ્રીએ પત્રમાં ઉમેરેલું. આમ છતાં જાંબવંતસિંહને ભારે ચિંતા રહેતી. પોલીસ આવીને એમને ગમે ત્યારે ગિરફતાર કરે એવી દહેશત એમને રહ્યા કરતી.

થોડા દિવસો બાદ સ્વામીજી કાશી આવ્યા. જાંબવંતજી ત્રણ-ચાર દિવસ પછી લપાતા છુપાતા સ્વામીજીનાં દર્શને આવ્યા, ત્યારે તેઓએ કહ્યુંઃ "કેમ જાંબવંત, હમણાંનો નિયમિત દર્શને આવતો નથી? ને તારા કેસની બાબતે ગભરાતો નહીં. તારું કશું કોઈ બગાડી શકે એમ નથી. કાલે પોલીસ ચોકીએ હાજર થઈ જજે."

જાંબવંતજીનો ગભરાટ વધી ગયો. પોલીસ ચોકીએ હાજર થાય ને પોલીસ એમને જેલમાં પૂરી દે તો આબરુના કાંકરા જ થવાનાને. સ્વામીજી એમની મનોદશા કળી ગયા. તેઓએ કહ્યુંઃ "ચિંતા ન કર. પોલીસ તારી વિરુદ્ધ રિપોર્ટ નહીં કરી શકે. મેં કહ્યું તેમ કાલે હાજર થઈ જજે."

સ્વામીજીના આદેશાનુસાર ને એ જ કારણે જાંબવંતજી પોલીસ થાણે જાતે હાજર થઈ ગયા. એમણે પોલીસને કહ્યુંઃ "હું ખૂન કેસનો આરોપી જાંબવંતસિંહ છું. જે કાર્યવાહી કરવી હોય તે કરો."

પોલીસે કહ્યુંઃ "જાંબવંતસિંહ, હું રોજ તમારા વિરુદ્ધનો રિપોર્ટ તૈયાર કરવાનું નક્કી કરું છું પણ લખવા બેસું છું ત્યારે એક અક્ષરેય લખી શકતો નથી. તમે આજે જાતે હાજર થશો એમ ગઈ કાલ રાતનું મને લાગ્યા કરતું હતું ને મેં ત્યારે મનમાં નક્કી કરી નાખેલું કે આરોપી જો જાતે હાજર થાય તો એને નિર્દોષ ગણીને તત્કાળ છોડી મૂકવો. તમે જાતે હાજર થયા છો એટલે તમે નિર્દોષ હશો. તમારું નામ આ કેસમાંથી કાઢી નાખ્યું છે." પોલીસની વાત સાંભળી ને જાંબવંતજી ભારે આશ્ચર્યમાં પડી ગયા. મહારાજશ્રીએ પત્રમાં લખેલા શબ્દો ને સ્વામીજીએ આપેલ અભયવચન એમને યાદ આવી ગયાં. ગુરુ મહારાજ અને સ્વામીજી સદાય એમની રક્ષા કરતા રહે છે એનો ખ્યાલ આવતાં હૈયું ભરાઈ આવ્યું. તેઓ પોલીસ ચોકીથી સીધા સ્વામીજી પાસે પહોંચી ગયા. સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરીને પોલીસ ચોકીએ બનેલી ઘટના એમણે સ્વામીજીને કહી સંભળાવી. સ્વામીજીએ કહ્યુંઃ "પૂના મહારાજશ્રીને પત્ર લખીને આ હકીકત જણાવી દો તો એ ચિંતામુક્ત થાય."

કાલીસેવક કાશીમાં

૧૯૪૧ના મેમાં સ્વામીજી કાશી આવ્યા ત્યારે એમણે રાણામહલ ઘાટ પરના મહાવીર મંદિરમાં મુકામ કરેલો પણ તેઓ નવી જગાની શોધમાં હતા. થોડા દિવસો એક સંન્યાસી સાથે રહ્યા પછી ત્રણ માળનું એક મકાન એમણે માસિક રૂપિયા આઠના ભાડે રાખી આ નવા સ્થળનું સરનામું સ્વામીજીએ એમના બધા ભક્તોને સંદેશ અથવા પત્ર દ્વારા જણાવી દીધું. આ મકાનની એક ઓરડીમાં બપોરના સમયે પણ સારી ઠંડક રહેતી. બપોરના સમયે સ્વામીજી આ ઓરડીમાં બેસતા. એક વૈષ્ણવ બ્રહ્મચારીને પણ સ્વામીજીએ આ મકાનમાં રહેવાની અનુમતિ આપી. એક વૃદ્ધ બ્રાહ્મણબાઈ સ્વામીજીને રસોઈ બનાવી આપતી. સ્વામીજી બનારસમાં હોય ત્યારે જાંબવંતજી એમની સેવા પૂરી નિષ્ઠાથી કરતા. એ સેવાનાં મીઠાં ફળ એમને અનેક વાર પ્રાપ્ત થયાં છે.

એ વર્ષની પંદરમી જૂને સ્વામીજીએ પૂના મહારાજશ્રીને પત્ર લખ્યો. "...પટવર્ધનનો ઘણા વખતથી પત્ર નથી. એને પત્ર લખીને જણાવજો કે કોઈપણ કાર્ય વગર વિચાર્યે ન કરવું. અવિચારી કૃત્ય આફતોનું મૂળ બની રહે છે. કાર્ય આરંભતાં પહેલાં પૂરો વિચાર કરી લેવો. આ બાબત પટવર્ધનને અવશ્ય લખી જણાવજો. અહીં આ વર્ષ ખૂબ ગરમી (૧૧૭ ફે.) પડી. પણ મકાન સારું મળી ગયું હોવાને કારણે મને કોઈ તકલીફ જણાઈ નથી. ...."

– આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

સ્વામીજીએ એ વર્ષનો ચાતુર્માસ બનારસમાં કર્યો. સ્વામીજીની સેવા કરવા પટવર્ધન બનારસ ગયેલા. મહારાજશ્રી કશુંક અનુષ્ઠાન કરવા નર્મદા કિનારે વસેલા હોશંગાબાદ પહોંચી ગયેલા. સ્વામીજીએ એમને હોશંગાબાદ પત્ર લખ્યો. "હોશંગાબાદ રમણીય સ્થળ છે. પૂરી શ્રદ્ધાથી, શાંત ચિત્તે અનુષ્ઠાન કરજો. હું અહીં આનંદમાં છું...."

ચાતુર્માસ સંપન્ન થતાં સુધી સ્વામીજી ત્રણ માળવાળા મકાનમાં રહ્યા. એ પછી એમણે મહારાજશ્રીને હોશંગાબાદ પત્ર લખ્યો. "મકાન બદલ્યું છે. અગાઉના મકાનમાં ભેજ રહેતો. શિયાળામાં એ મકાનમાં ઠંડી વધારે લાગે એમ હતું. મારાથી ઠંડી સહન થતી નથી તેથી બદલી નાખ્યું. પિત્તજ્વર લાગુ પડવાથી મારી તબિયત થોડી બગડેલી. હવે સારું છે. બંસીધરને ત્યાં દીકરી અવતરવાને કારણે વૃદ્ધિ પડી હોવાથી એ દસેક દિવસ આવી શકેલો નહીં. અગિયાર દિવસ પછી એ આવેલો એક દિવસ. જાંબવંતની નોકરી ચાલુ છે. એ નવરાશે મારી પાસે આવતો રહે છે. ઔદુંબર નિવાસી ગોગટેને મારાં નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ. હું આનંદમાં છું."

૧૯૪૨માં *'હિન્દ છોડો'* નું આંદોલન શરૂ થતાં ગંગા કિનારે વસેલાં નગરોનાં મોટાં મકાનો અંગ્રેજ સરકારે સૈનિકોના ઉતારા માટે ઉપયોગમાં લીધાં હતાં. એ વર્ષની ૨૮મી એપ્રિલે સ્વામીજીએ મહારાજશ્રીને પૂના પત્ર લખ્યો:

"......આઠેક દિવસ પર જાંબવંત આવ્યો હતો. એ ખેદપૂર્વક કહેતો હતો કે એનો સાધનાનો અભ્યાસ હમણાંનો પહેલાં જેવો સરસ ચાલતો નથી. એને સ્વપ્નમાં એક બાવો દેખાયેલો. એણે જાંબવંતને કહેલું કે એની સાધનામાં વિઘ્નો માટે એ પોતે જ જવાબદાર છે. એણે બાળાપો કાઢતાં કહેલું કે 'મેં શાં પાપ કર્યાં છે કે મારી સાધના બરાબર ચાલતી નથી?' મેં એને કહ્યું કે 'તારી શ્રદ્ધા–ભક્તિમાં ઓટ આવી છે. એ કારણે તારી સાધના બરાબર ચાલતી નથી. તેં રોજ અહીં મારી પાસે આવવાનું પણ બંધ કરી દીધું છે.' એ સાંભળી રહ્યો ને પછી મારી ક્ષમા માગી. પૂનાથી આવ્યા પછી તબિયત લથડી છે. મારે બનારસ છોડીને ક્યાંક જવું છે. પણ 'એ' મને સ્થાનાંતર કરવા દેતી નથી. અભ્યાસમાં બેસું છું ત્યારે 'એ' મને કહે છે, મહારાષ્ટ્રના સંસ્કારો હજી મારે પૂરેપૂરા ગ્રહણ કરવાના બાકી છે. અહીંથી મને 'એ' મહારાષ્ટ્ર સિવાય બીજે ક્યાંય જવા નહીં દે. નારાયણે ધાર્યું હશે ત્યારે જ આ બધા વ્યાધિઓમાંથી હું મુક્ત થઈશ. મારા પુરુષાર્થથી કશું વળવાનું નથી. શંકરરાવનો પત્ર હતો. લખ્યું હતુંઃ દાદાસાહેબે ભ્રમિષ્ટ થઈને નદીમાં પડીને પ્રાણત્યાગ કર્યો છે. અયોગ્ય આચરણનું આવું જ પરિણામ આવે...

– આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ.

નાદુરસ્ત તબિયત હોવા છતાં સ્વામીજી સતના જવા અલ્હાબાદના સ્ટેશને આવ્યા. તરસ લાગી એટલે સામાન ગાડીના ડબ્બામાં મૂકી ડબ્બાની બહાર નીકળતા હતા ત્યાં અશક્તિને કારણે પડી ગયા. પડતાંની વારમાં તેઓ મૂર્છિત થઈગયા. આ દશામાં તેઓ ઠીક ઠીક સમય સુધી પડી રહ્યા. આખરે બે હમાલોની એમના પર નજર પડી. હમાલોએ એમને ટેકો દઈને ઊભા કર્યા ને જબલપુરના ડબ્બામાં બેસાડી દીધા. આમ તેઓ સતનામાં રહેતા એમના એક બંગાળી શિષ્ય નૃત્યગોપાલને ત્યાં પહોંચ્યા. નૃત્યગોપાલને સ્વામીજીના આગમનની ખબર હતી એટલે સ્વામીજીને લેવા સ્ટેશને આવ્યો હતો. તે નાનપણથી સ્વામીજીના પરિચયમાં આવ્યો હતો. સ્વામીજી સતનામાં થોડાક દિ' રોકાયા. ત્યાંથી તેઓ એમના શિષ્ય હરસ્વરૂપને ત્યાં લખા ગામે ગયા ને

થોડાક દિવસો ત્યાં રહ્યા. એ વર્ષનો ચાતુર્માસ સ્વામીજીએ સતનામાં કર્યો. નૃત્યગોપાલ તથા હરસ્વરૂપે સ્વામીજીની સારી સેવા કરેલી ને સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કરેલા. અહીંથી સ્વામીજી પૂના ગયા.

નવ વરસના દિગંબરને દીક્ષા

પૂનાના સ્ટેશને એમનો શિષ્યગણ હાજર હતો. સહુ શિષ્યોએ સ્વામીજીને ફૂલહાર પહેરાવી તેમનું ભાવભીનું સ્વાગત કર્યું. પછી સ્વામીજીને ઘોડાગાડીમાં બેસાડીને એમને ઉતારે તેઓ લઈ ગયા. શરૂમાં ત્રણેક દિવસ સ્વામીજી મહારાજશ્રીને ત્યાં રોકાયા.

સ્વામીજીએ પ્રવાસ દરમિયાન અલ્હાબાદમાં બનેલી ઘટના સૌને કહી સંભળાવી. એ વાત સાંભળીને બધાંને દુઃખ થયું. મહારાજશ્રીને ત્યાંથી સ્વામીજી શંકરરાવ માર્કન્ડને ત્યાં રહેવા ગયા. પૂના નગરી પુણ્યની નગરી ગણાતી એટલે સ્વામીજીને અહીં વારંવાર આવવાની ઈચ્છા થતી. શક્તિપાતની દીક્ષાથી અનેકોને પાવન કરનારી ચૈતન્ય શક્તિ જ લાંબા પ્રવાસો ખેડવાની તાકાત બક્ષતી રહી હતી. તેઓ પૂના અને કાશી સિવાય બીજે ક્યાંય ઝાઝું રોકાતા નહીં. એમના પૂનામાં આગમનની જાણ થતાં દર્શનાર્થીઓ તેઓનાં દર્શનાર્થે ઊમટવા માંડ્ય ા. અગાઉ જેમને દીક્ષા આપવામાં આવેલી તે ડો. બેન્દ્રે પણ સ્વામીજીનાં દર્શને આવ્યા. એમની સાધના નિત્ય ચાલતી. સ્વામીજીનાં દર્શન અને સહવાસથી એમની સાધનાને વિશેષ વેગ મળ્યો. એમની સાધનામાં તત્કાળ પ્રણવોચ્ચાર શરૂ થયો. એ ધ્વનિની તીવ્રતા વધતી ચાલી. પાસે બેઠેલાઓને પણ શક્તિની સંવેદનાનો અનુભવ થયો. સ્વામીજી ડો. બેન્દ્રે પાસે ગયા અને એમના મસ્તક પર હળવી થપાટ મારીને બોલ્યાઃ "ડોક્ટર, આંખો ઉઘાડ." એ પછી ડો. બેન્દ્રેની સાધના શમી.

નારાયણરાવનો દીકરો દિગંબર નવ વર્ષનો હતો. એને જનોઈ આપવામાં

આવી હતી. એ બીમાર રહેતો. સ્વામીજીએ દિગંબરને કારતક વદ અગિયારસને દિવસે દીક્ષા આપી. દીક્ષા આપતાં પહેલાં દિગંબરે સ્વામીજીનું યથોચિત પૂજન કર્યું. દીક્ષા મળ્યા પછી પ્રસાદ લઈને એ ઘરે ગયો. નારાયણરાવે મહારાજશ્રી પાસેથી દીક્ષા લીધેલી. એમના દીકરાએ સ્વામીજી પાસેથી એ પ્રાપ્ત કરી.આ બે મહાપુરુષોના નિકટના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડવા બદલ તેઓ ભાલેરાવનો અંતઃકરણપૂર્વક આભાર માનતા. આ બે મહાન વિભૂતિઓના સહવાસથી નારાયણરાવના જીવનમાં આમૂલ પરિવર્તન આવેલું.

સ્વામીજી પૂનામાં રોજ સાંજે ફરવા જતા ત્યારે પર્વતીની પહાડી પાછળની એક નિશ્ચિત જગાએ થોડો વખત બેસતા.

સ્વામીજીના અંતરજ્ઞાનની પ્રતીતિ

કાકા દામલે પૂ. વાસુદેવાનંદ સરસ્વતીના પરમ ભક્ત હતા. તેમનો ગુરુમહારાજ સાથેનો સંબંધ ચાલીસેક વર્ષથી હતો.ગુરુમહારાજશ્રી દ્વારા તેઓ સ્વામીજીના સંપર્કમાં આવ્યા. દામલેજી વિનમ્ર સ્વભાવના હતા. તેઓ આધ્યાત્મિક ક્ષેત્રે ઘણા આગળ વધેલા હતા. તેઓ જ્યારે સ્વામીજીને નમસ્કાર કરતા ત્યારે સ્વામીજી કહેતાઃ " ના, કાકા આપ મને નમસ્કાર ન કરશો. આપ તો મોટા ગજાના અધિકારી પુરુષ છો. " કાકાના સમગ્ર પરિવારે સ્વામીજી સાથે આત્મીયતા કેળવેલી.

એકવાર દામલે એમની દીકરી રજનીને લઈને સ્વામીજીનાં દર્શને આવ્યા. સ્વામીજી રજનીને ' રજનીકાન્ત ' કહીને સંબોધતા. તે દિવસે શંકરરાવને ત્યાં બનાવેલું શાક સ્વામીજીને ખૂબ ભાવ્યું. એમણે રજનીને એ શાક આગ્રહ કરીને ખવડાવ્યું. દામલે અને એમની દીકરીને સ્વામીજીનો એ શાકનો પ્રસાદ આજ દિન સુધી યાદ રહ્યો છે.

એકવાર ધોમધખતા બપોરે દામલેજી સ્વામીજી પાસે આવ્યા. સ્વામીજીએ આવા તાપમાં પોતાની પાસે દોડી આવવાનું કારણ દામલેને પૂછ્યું. એમણે સ્વામીજીને કહ્યુંઃ "મારો પૌત્ર જમખિંડીમાં ખૂબ માંદો છે. કાલે જ મને એની માંદગીના સમાચારનો તાર મળ્યો. એ તારથી હું ભારે ચિંતામાં પડી ગયો છું." એમની વાત સાંભળીને સ્વામીજીએ ઘડીક આંખો મીચીં દીધી. પછી આંખો ઉઘાડીને કહ્યુંઃ "કાકા , ચિંતા કરશો નહીં. તમારા પૌત્રની તબિયત સુધરી જશે. તમે અહીંથી ઘરે પહોંચશો ત્યારે એ મતલબનો પત્ર તમારે ત્યાં આવીને પડ્યો હશે." સ્વામીજીની વાત સાંભળીને કાકાને થોડી ધરપત થઈ ને તેઓ ઘેર જવા રવાના થયા. ઘેર પહોચતાં જ સ્વામીજીએ કહ્યા મુજબનો પત્ર એમની રાહ જોતો ઘરમાં આવીને પડ્યો હતો. પત્ર વાંચીને કાકાના આનંદ આશ્ચર્યની સીમા નહી રહેલી. તેઓ એ પત્ર લઈને સ્વામીજી પાસે દોડી ગયા ને બધી વાત કરી. સ્વામીજીની અંતરજ્ઞાની પ્રતીતિ કરાવતા આવા તો કેટલાય પ્રસંગો એમના શિષ્યોની સ્મૃતિમાં સંગ્રહાયેલા પડ્યા છે.

શ્રી. ભાલચંદ્ર વિષ્ણુ કિર્લોસ્કર

શ્રી. ભાલચંદ્રજીને તેમના જન્મ દિવસે ૧-૪-૧૯૪૧ના રોજ સ્વામીજીએ દીક્ષા આપેલી. સ્વામીજીએ તેમને આંખો બંધ કરીને બેસવા કહ્યું. એમણે આંખો બંધ કરતાં પહેલાં સ્વામીજીની નજર સાથે પોતાની નજર ક્ષણાર્ધ માટે મેળવી લીધી. સ્વામીજીએ તેમના મસ્તક પર હાથ મૂકયો ને પછી એ પ્રસંગે ત્યાં ઉપસ્થિત રહેલ ભાલેરાવને કહ્યું : "કિર્લોસ્કરને દૃષ્ટિથી દીક્ષા આપી છે. સાથે સાથે સ્પર્શથી પણ દીક્ષા આપી છે. જેથી · એમને સંતોષ થાય." કિર્લોસ્કરની આર્થિક સ્થિતિ બહુ સારી નો'તી. આમ છતાં તેઓ સ્વામીજી પાસે ખાલી હાથે જતા નહીં. તેઓ ફૂલનો હાર કે દૂધ કે એવું કશુંક લેતા જતા. એકવાર સ્વામીજીએ તેમને કહ્યુંઃ "કિર્લોસ્કર, તમારે મારે માટે ફૂલહાર કે દૂધનો ખોટો ખર્ચ કરવાની જરૂર નથી. તમારી લાગણી હું સમજું છું."



દશાશ્વમેધ ઘાટ (કાશી) ઘ. નં. ડી/૩૦–૪૯ માં પૂજ્ય સ્વામીજી રહેલા.
'કાશીપ્રેમી સ્વામી કાશીમાં પ્રવ્રિાજક'



સુરમ્ય અને રમણીય પ્રયાગ ઘાટ, કાશી.

કિર્લોસ્કરની છસાત વર્ષની દીકરી મંદબુદ્ધિની હતી. ક્યારેક તે ગાંડાની જેમ વર્તતી. એનાં માતાપિતાને એની ભારે ચિંતા રહેતી. ક્યારેક તો એ શરીર પરનાં બધાં કપડાં કાઢી નાખીને સળગતી સગડીમાં નાખી દેતી. આવાં કેટલાંય કપડાં એણે બાળી નાખેલાં. કિર્લોસ્કરે સ્વામીજી સમક્ષ પોતાની દીકરીની આ તકલીફ રજૂ કરી. સ્વામીજીએ દીકરીને પોતાની પાસે લઈ આવવા ભાલચન્દ્રને કહ્યું. બીજા દિવસે ભાલચંદ્રજી એમની દીકરી કૃષ્ણાને લઈને સ્વામીજી પાસે ગયા. સ્વામીજીએ કૃષ્ણાને પોતાની સામે બેસાડીને કહ્યું: "બેટી, નરસોબા નરસોબા બોલ." કૃષ્ણા એ પ્રમાણે બોલવા લાગી. છોકરી બોલતી જાય તેમ સ્વામીજી ડોક હલાવતા જાય. છોકરી બોલતાં અટકી જાય એટલે સ્વામીજી ફરી તેને " નરસોબા, નરસોબા " બોલવાનું કહે. એ પછી સ્વામીજીએ ભાલચંદ્રને કહ્યું: " આ પ્રમાણે મારી સમક્ષ બેસીને કૃષ્ણાએ રોજ જાપ કરવા પડશે. ઉપરાંત નરસિંહની ઉપાસના કરવી પડશે. એ પછી કૃષ્ણાની તકલીફ દૂર થશે. "

સ્વામીજીની સૂચનાનુસાર ભાલચંદ્ર જાપ માટે દીકરીને રોજ લાવતા રહ્યા. નરસિંહની ઉપાસના પણ તેમણે કરી. આ ક્રમ ઘણા દિવસો સુધી ચાલ્યો. પરિણામે કૃષ્ણાની તબિયત સુધરી ગઈ. તેની બુદ્ધિનું મંદપણું તથા સ્વભાવનું પાગલપણું પણ દૂર થઈ ગયાં. તેના પિતાને સ્વામીજીનાં દર્શને જવાનો લાભ મળવા લાગ્યો. સ્વામીજીએ કૃષ્ણાને દીક્ષા પણ આપી. દીક્ષાથી તેનામાં ઘણો ફેરફાર પડ્યો. આગળ જતાં કૃષ્ણાનું લગ્ન થયું અને તે પોતાનો સંસાર સુપેરે ચલાવતી થઈ. આમ સ્વામીજીની કૃપાથી કૃષ્ણાનું જીવન સુધરી ગયું.

દીકરીની તબિયત સુધરી ત્યાં ભાલચંદ્રને શિરે બીજી ઉપાધિ આવી પડી. એમનાં પત્નીને ક્ષયની બીમારી લાગુ પડી. ભાલચંદ્ર તો ભારે નિરાશ થઈ ગયા. એમને આત્મહત્યા કરવાના વિચારો આવવા લાગ્યા. ત્યાં એમને સ્વામીજીનું શરણું લેવાનો વિચાર આવ્યો. તેઓ ઝટ સ્વામીજીની પાસે પહોંચી ગયા ને એમનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કરીને આંસુ સારવા લાગ્યા.

સ્વામીજીએ તેમના દિલનો ઊભરો ઠાલવવા દીધો. રડવાથી ભાલચંદ્રને થોડી હળવાશ લાગી. એમણે સ્વામીજી સમક્ષ પોતાની વ્યથા વ્યક્ત કરી તથા પોતે આત્મહત્યાનો નિર્ણય કરીને ઘરની બહાર નીકળ્યા હતા એમ પણ જણાવ્યું.

સ્વામીજીએ શાંતચિત્તે એમની વાત સાંભળ્યા પછી થોડીવારે કહ્યું: "ભાલચન્દ્રજી, આ સંસાર નર્યો દુખઃમય છે. એમાં પૈસા વિના માણસ કંઈ કરી શકતો નથી. પૈસા વિના બધું અટકી પડે છે. પણ માણસને પૂર્વકર્મ પ્રમાણે પૈસો પ્રાપ્ત થાય છે. તેથી નિર્ધનતાનું દુઃખ ભોગવ્યા વિના તમારે છૂટકો નથી. જીવનમાં દુઃખ સહન કરવું એ પણ એક પ્રકારની તપશ્ચર્યા જ છે ને દરેક જીવનનો અંત તો વહેલો મોડો આવવાનો જ છે. તો પછી શા માટે અકાળે સ્વપ્રયત્નથી જીવનનો અંત લાવવાનો ? એનાથી તો આપણા કર્મદોષોમાં ઉમેરો જ થવાનો. આત્મહત્યા જેવું મોટું બીજું કોઈ પાપ નથી. પૂર્વજન્મોનાં સંચિત પાપોથી માણસ આ જન્મમાં દુઃખ ભોગવતો હોય છે. એ પાપોમાં આત્મહત્યાના મહાપાતકનો ઉમેરો શા માટે કરવો ? તમને ભગવાને સદ્બુદ્ધિ આપી તે તમને અહીં મારી પાસે આવવાનું સૂઝ્યું." આટલું કહી સ્વામીજીએ પેટીમાંથી પચ્ચાસ રૂપિયા કાઢીને ભાલચંદ્રના હાથમાં મૂક્યા ને કહ્યું : "દવાદારૂના ખર્ચ માટે આ રાખો તમારી પાસે". ભાલચંદ્રથી ગળગળા થઈ જવાયું. એમણે સ્વામીજીને કહ્યુંઃ "હું આપને તુલસીપત્ર સુદ્ધાં આપી શકતો નથી. ગયા જન્મોનાં કર્મનું ફળ તો હું આ જન્મે ભોગવી રહ્યો છું. હવે આ જન્મે પણ આપની પાસેથી આ પૈસા લઈને ભાવિ જન્મ માટે શા માટે સંચિત કર્મ ઊભું કરું? સ્વામીજી, મારાથી આ પૈસા ન લેવાય. મને ક્ષમા કરો."

"તો પછી તારે શું જોઈએ છે? " સ્વામીજીએ પૂછ્યું.

"સ્વામીજી, માથા પર દુઃખના ડુંગરો તૂટી પડે તોય મન વિચલિત થયા વિના શાંત રહે એમ કરો." ભાલચંદ્રે કહ્યું. "જા. તારી ઈચ્છા મુજબ તેમ થશે," સ્વામીજીએ કહ્યું. એ પછી ભાલચંદ્રના મનમાં ધીરજ અને હિમ્મત પ્રગટી.

આ અરસામાં સ્વામીજી દ્વારા દીક્ષા પ્રાપ્ત કરેલા સાધકો તેઓની પાસે નિયમિત આવતા રહેતા. એ સમયે ભાલચંદ્રને નૃત્ય નમસ્કાર જેવી ક્રિયાઓ આપમેળે થવા માંડતી તથા "ૐ શ્રીગુરુદેવ દત્ત" એવો જાપ શરૂ થતો. જાપની ઝડપ વધી જતી અને એનો અવાજ પણ મોટો રહેતો. સ્વામીજીની ઉપસ્થિતિમાં આ બધી ક્રિયાઓનો વેગ વધી જતો. ભાલચંદ્રજી રોજ સ્વામીજીનાં દર્શને જતા તથા તેઓની સાથે સાંજે ફરવા જવામાં પણ સામેલ થતા. એકવાર એમણે સ્વામીજીને પોતાને ઘેર ભિક્ષાર્થે પધારવાનું આમંત્રણ આપ્યું. એમના આમંત્રણનો સ્વીકાર કરીને સ્વામીજી એમને ઘેર ગયેલા. એમના ભાવભીના સ્વાગતથી સ્વામીજી ભારે પ્રસન્ન થયેલા. કિર્લોસ્કર પરિવાર પર સ્વામીજીને ભારે હેત હતું.

સિંહગઢની સફર

એકવાર સ્વામીજીને સિંહગઢ જવાની ઈચ્છા થઈ. ગુરુમહારાજને એની જાણ થતાં, એમણે સિંહગઢની મુલાકાતનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. ભગવાનદાસ ઉપાધ્યાયે રસોઈની જવાબદારી ઉપાડી લીધી. પાંચેક જણના સાથમાં સ્વામીજી સિંહગઢની તળેટીમાં પહોંચી ગયા. ઉપર ચઢવાનો શ્રમ સ્વામીજીને લેવો ન પડે એ માટે ખુરસીની વ્યવસ્થા કરવામાં આવી. ઉપર પહોંચીને બધાએ ધર્મશાળામાં મુકામ કર્યો. પછી દેવટાંકીના ઠંડા જળમાં હાથપગ ધોઈ અને સ્નાન કરીને સૌ નિત્યકર્મમાં લાગી ગયા. ભગવાનદાસ રસોઈની તૈયારીમાં લાગી ગયા. સ્વામીજીએ તો એમના હાથની રસોઈ ઘણીવાર ચાખી હતી. પણ મહારાજશ્રીને પોતાના હાથની વાનગીઓ ચખાડવાનો આ પહેલો પ્રસંગ હતો. સ્વામીજીને તીખી તમતમતી મસાલેદાર વાનગીઓ ભાવતી. મહારાજશ્રીને મસાલેદાર વાનગીઓ પસંદ નો'તી. ભગવાનદાસે બન્ને મહાનુભાવોને અનુકૂળ આવે એવી વાનગીઓ બનાવી. એકાદ તીખું તમતમતું દાળ ઢોકળું મહારાજશ્રીથી મોમાં મુકાઈ ગયું. એ સાથે જ એમની આંખોમાંથી પાણી નીકળવા માંડ્યું. દૂધપાકના એક સબડકાએ દાળ ઢોકળાએ જગાવેલી બળતરા શમાવી દીધી.

સ્વામીજીને તો ચટાકેદાર ઢોકળાં ખાવાની મઝા પડી ગયેલી. આ વનભોજન બધાએ મોકળા મને માણ્યું. એ જ સાંજે સૌ ત્યાંથી ઘેર પાછા ફર્યા.

મિરજના ડો. રા. દ. પ્રાણીને રામદાસ સ્વામીના *'દાસબોધ'* નો સારો અભ્યાસ હતો. રામદાસ સંપ્રદાયનો એમણે અભ્યાસ કરેલો. સ્વામીજી પણ *'દાસબોધ'* નો અભ્યાસ કરતા હતા એ જાણીને ડોક્ટરને આનંદ થયેલો. એકવાર સ્વામીજીએ એમને રામદાસના' *'દાસબોધ'* માં ચૌદ બ્રહ્મ મૂળ મરાઠી ઓવીઓમાં મોઢે બોલી બતાવીને એમને આશ્ચર્યમાં નાખી દીધેલા. મરાઠી ઓવીઓનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ :

"પહેલું શબ્દ તે બ્રહ્મ । બીજું ઓમિત્યેકાક્ષર બ્રહ્મ ॥
ત્રીજું ખં બ્રહ્મ । બોલી છે શ્રુતિ ॥
ચોથું જાણ સર્વ બ્રહ્મ । પાંચમું ચૈતન્ય બ્રહ્મ ॥
છઠ્ઠું સત્તા બ્રહ્મ । સાક્ષી બ્રહ્મ સાતમું ॥
આઠમું સગુણ બ્રહ્મ । નવમું નિર્ગુણ બ્રહ્મ ।
દસમું વાચ્ય બ્રહ્મ એમ જાણવું ॥
અનુભવ તે અગિયારમું । આનંદ બ્રહ્મ તે બારમું ॥
તદાકાર તે તેરમું । ચૌદમું અનિર્વાચ્ય

–દાસબોધ.

પૂનાથી સ્વામીએ બનારસ જવાનું વિચાર્યું. માર્ગમાં તેઓ નાગપુરમાં રાવસાહેબ પરાંડેને ત્યાં થોડા દિ' રોકાયેલા. આયુર્વેદતીર્થ ગોવિંદરાવ પરાંડેએ નાગપુરમાં એક આરોગ્ય મંદિરની સ્થાપના કરેલી. એમના આરોગ્ય મંદિરને સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત થયેલા.

' આરોગ્ય મંદિરને આશીર્વાદ '

શ્રીહરિઃ શરણમ્ ।

શ્રી.ગોવિંદ ગંગાધર પરાંડેના આરોગ્ય મંદિરમાં આયુર્વેદોક્ત પદ્ધતિથી નિદાન કરવામાં આવે છે તથા યોગશાસ્ત્રોક્ત આસનમુદ્રાદિ ષટ્કર્મના અભ્યાસ દ્વારા લોકોના સ્વાસ્થ્યની રક્ષાનો પ્રશસ્ય પ્રયાસ થઈ રહ્યો છે. આજે લોકોના કથળતા જતા સ્વાસ્થ્યને સુધારવા માટે આરોગ્ય મંદિર જેવી સંસ્થાની સમાજને તાતી જરૂર છે. આ આરોગ્ય મંદિરમાં અપાતા દાનનો સદુપયોગ થઈ રહ્યો છે. સરકાર તથા સમાજના સંપન્ન નાગરિકો આ સંસ્થા માટે દાનનો પ્રવાહ સદા વહેતો રાખશે એવી હું આશા રાખું છું. ઈશ્વર આ સંસ્થા તેમ જ એના સ્થાપકનું સર્વદા કલ્યાણ કરશે એવા હું આશીર્વાદ આપું છું.

– સ્વામી લોકનાથતીર્થ

અધ્યાય : ૧૧

જાંબવંતસિંહની કસોટી

સેવા ગુરુ ઈશ્વર તણી, કરવી રાત્રંદિન ।
દેહઅહંતા ગાળવી, વૃત્તિ તત્પદલીન ॥

(શ્રીગુરુલીલામૃત, ૪-૧૦૩)

નાગપુરથી આવીને સ્વામીજી રાણામહેલ ઘાટ પરના મકાનમાં રહેવા લાગ્યા. એ ટાણે એ વિસ્તારમાં કોલેરાનો ઉપદ્રવ વ્યાપી ગયો હતો. સરકારે એની રીતે કોલેરાને ડામવા જરૂરી પગલાં લેવા માંડ્યાં હતાં. જાંબવંતસિંહ સ્વામીજી પાસે આવતા રહેતા અને એમની બને એટલી સેવા કરતા.ગમે તે કારણસર સ્વામીજી જાંબવંતસિંહ પર ખિજાઈ જતા. ક્યારેક એમ પણ કહી દેતા :" તું મારી પાસે આવીશ નહી. તારા આવવાથી મને ત્રાસ થાય છે." જાંબવંતસિંહને આવું સાંભળીને ઘણું દુ:ખ થતું. આમ છતાં તેઓ સ્વામીજી પાસે આવવાનું ચાલુ રાખતા ને સેવા કરતા રહેતા.

આ કોલેરાગ્રસ્ત વિસ્તાર છોડીને બીજે ક્યાંક રહેવા જવાનું જાંબવંતસિંહ

ઘણીવાર સૂચવતા. એના જવાબમાં સ્વામીજી કહેતાઃ " પ્રારબ્ધમાં લખ્યું હશે તો ગમે ત્યાં જઈશું તોય કોલેરા થવાનો જ છે ને આ પીડા પ્રારબ્ધમાં નહી લખી હોય તો અહીં રહેવાથી પણ થવાની નથી. પછી નકામી દોડાદોડી શું કામ કરવી? ને હું ક્યાં તને અહીં આવવાનું કહું છું ? મારું પ્રારબ્ધ ભોગવવા હું સમર્થ છું. એ ભોગવીને જ પૂરું કરવું જોઈએ. આપણે અહીંથી ભાગીશું એટલે પ્રારબ્ધનું પોટલું પાછળ રહી જવાનું નથી. એ તો આપણી આગળ જ ચાલતું રહે છે ને આપણે મૂંગે મોંએ એની પાછળ પાછળ જવું પડે છે."

એ પછીના જ દિવસે સ્વામીજીને ઝાડાઊલટીની તકલીફ શરૂ થઈ. દર પળે દર્દ વકરતું ગયું. એ સાંજે જાંબવંતસિંહ આવ્યા ત્યારે સ્વામીજીની દશા જોઈને એમને આઘાત લાગ્યો. એમણે સ્વામીજીને ડોક્ટર પાસે જવાનું સૂચવ્યું પણ સ્વામીજીએ એમની વાત સ્વીકારી નહી. તેઓ હેરાન થતા રહ્યા. વારંવાર થતા ઝાડાઊલટીને કારણે તેઓને ભારે નબળાઈ વરતાવા લાગી. જાંબવંતસિંહ એમની સેવામાં ખડે પગે હાજર રહેતા. આમ છતાં તેઓ ગુસ્સે થઈ જતા.

બીજે દિવસે જાંબવંતસિંહ સ્વામીજીને મળવા ગયા ત્યારે એમને જાણવા મળ્યું કે તેઓ જાતે એકલા જ સારવાર અર્થે દવાખાનાને પહોંચી ગયા હતા. જાંબવંતસિંહ દવાખાને પહોંચ્યા. એમને જોઈને સ્વામીજી બરાબરના ગુસ્સે થઈ ગયા ને કહ્યુંઃ "જાંબવંત, તારે લીધે મારે આ દુઃખ સહન કરવું પડે છે. તું એક ક્ષણ પણ રોકાયા વિના અહીંથી ચાલ્યો જા".

સ્વામીજીને આવી દશામાં એકલા મૂકીને ત્યાંથી ચાલ્યા જવાની એમની લગીરે તૈયારી નો'તી. પણ બીજી બાજુ સ્વામીજીના આદેશનું ઉલ્લંઘન પણ કેમ થઈ શકે ? એટલે તેઓ દવાખાનાની બહાર આવ્યા અને થોડેક દૂર જઈને ઊભા રહ્યા.

થોડીવારે એમણે સ્વામીજીને દવાખાનાની બહાર આવતા જોયા. એમની

સાથે ડોક્ટર પણ હતા. એક રીક્ષા એમની નજીક આવીને ઊભી રહી ગઈ. એમણે સ્વામીજીને ડોક્ટરની મદદથી રીક્ષામાં બેસતા જોયા. સ્વામીજીથી રીક્ષામાં બેસી શકાતું નો'તું. એટલે તેઓ રીક્ષાની બેઠક પર સૂઈ ગયા ને રીક્ષા ઊપડી. જાંબવંતસિંહ રીક્ષા પાછળ દોડ્યા. સ્વામીજીને માર્ગમાં કદાચ કોઈની મદદની જરૂર પડે તો પોતે એમને સહાયરૂપ થઈ શકે એવી ગણતરીએ તેઓ રીક્ષા પાછળ દોડતા રહ્યા. રસ્તામાં લોકો જોતા હતા કે રીક્ષાની પાછળ એક પ્રતિષ્ઠિત વેપારી દોડી રહ્યો છે.

રાણામહલ ઘાટ આવીને રીક્ષા સ્વામીજીના મુકામથી સહેજ આઘે ઊભી રહી ગઈ. સાંકડી ગલીને લીધે રીક્ષા સ્વામીજીના મુકામ સુધી જઈ શકે એમ નો'તું, એટલે શું થાય?

સ્વામીજી રીક્ષામાંથી માંડ માંડ ઊતર્યા. એમનાથી ઊભા રહી શકાતું નો'તું. પછી ચાલવાની તો વાત જ ક્યાં ? તેઓ રસ્તામાં જ બેસી ગયા. એટલામાં જાંબવંતસિંહ આવી પહોંચ્યા. સ્વામીજીનો ગુસ્સો ચાલ્યો ગયો હતો. એમણે હસીને કહ્યુંઃ "તું આવી ગયો ? હવે મને ઊંચકીને લઈ જા . મારાથી સહેજે ચલાય એમ નથી." એ સાંભળી જાંબવંતસિંહની આંખો ભીની થઈ ગઈ. સ્વામીજીને ઊંચકીને એમને મુકામે તેઓ લઈ ગયા.

એકવાર વૃદ્ધ ગુરુદેવ શ્રીશિવલોક શાહને પોતાની પીઠ પર ઊંચકીને લઈ ગયેલા ત્યારે તેમણે આશીર્વાદ આપેલા કે છ મહિનામાં તેમને સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે ને ગુરુના એ આશીર્વાદ એમને ફળ્યાય ખરા. શ્રીગુરુચરિત્રમાં આવતી કથા પ્રમાણે મુનિ વેદધર્મા પ્રારબ્ધ નિવારણ માટે શિષ્ય સંદીપક સાથે કાશીમાં એકવીસ વર્ષ રહેલા. અનેક વ્યાધિથી પીડાતા મુનિ ક્યારેક સંદીપક પર ગુસ્સે થઈ જતા. આમ છતાં શિષ્ય મૂંગે મોંએ નિષ્ઠાપૂર્વક ગુરુની સેવા કરતો રહેલો . ગુરુની આવી રીતે સેવા કરતો જોઈને ભગવાન શંકર તથા વિષ્ણુ

સંદીપક પર પ્રસન્ન થયેલા ને એને કૃતાર્થ કરેલો. સ્વામીજીએ જાંબવંતસિંહની અગ્નિ પરીક્ષા લીધી હતી. એ પરીક્ષામાંથી તે ઉત્તીર્ણ થઈ ગયા હતા.

વાંદરાઓનું પરાક્રમ

સ્વામીજીએ કાશીમાં રાજમહલ ઘાટ પર આવેલું ત્રણ માળનું એક મકાન ભાડે રાખેલું. એ વિસ્તારમાં વાંદરાંનો ઘણો ત્રાસ હતો. કોઈ મકાન ઉઘાડું જોતાં વાંદરાં ઘરમાં પ્રવેશતાં અને હાથ લાગે તે વસ્તુ લઈને ચાલતી પકડતાં. ખાદ્ય પદાર્થો પર પણ તૂટી પડતાં. ક્યારેક ભાંગફોડ પણ કરતાં. આ વાનરસેના બપોરના સમયે સ્વામીજીના મકાનની ઉપલી અગાશીમાં આવતી ને એ અગાશીમાં સૂકવેલી સ્વામીજીની છાટીઓ ફાડી નાખતી. સ્વામીજી સમક્ષ વાંદરાંની ફરિયાદ કરવાને બદલે સ્વામીજીના શિષ્યો–સાધકો નવી છાટી બજારમાંથી લઈ આવતા ને જે ખર્ચ થતો તે અંદરોઅંદર વારાફરતી ઉપાડી લેતા.

રોજ નવી છાટી જોઈને સ્વામીજીને આશ્ચર્ય થતું. એકવાર તેઓએ જાંબવંતસિંહને પૂછ્યુંઃ "રોજ નવી છાટી ક્યાંથી આવે છે?" જાંબવંતસિંહે સ્વામીજીને વાંદરાંના ઉપદ્રવની વાત કરી. બીજે દિવસે સ્વામીજી જાતે અગાશીમાં ગયા ને વાંદરાંને હાથ જોડીને કહેવા લાગ્યાઃ "હે રામદૂતો, તમે સંન્યાસીઓની છાટીઓ વિના કારણ ફાડીને નુકસાન કરો છો એથી અમને દુઃખ નથી થતું પણ સાધકોને રોજ નવી છાટી ખરીદવી પડે છે. આમ તેમને ખોટો ખર્ચ કરવો પડે છે એ અમને ગમતું નથી. હવે પછી તમે આવું કરશો નહી એવી મારી આપ સૌને રામ સ્મરણપૂર્વક પ્રાર્થના છે."

સ્વામીજીનાં વચનો સાંભળતાં જ બધાં વાંદરાં ત્યાંથી ચાલ્યાં ગયાં ને ફરી ક્યારેય એ તરફ ફરક્યાં નહીં. છાટીઓ ફાટતી બંધ થઈ એથી શિષ્યોને ભારે આશ્ચર્ય થયું. એમણે સ્વામીજીને એનું રહસ્ય પૂછ્યું ત્યારે સ્વામીજીએ

એનો ઘટસ્ફોટ કર્યો. સ્વામીજી સર્વે પ્રાણીઓમાં ઈશ્વરને જોતા. એમની પ્રાર્થના બધાં પ્રાણીઓ સાંભળતાં ને એ મુજબ વર્તતાં.

ડોણજેમાં શિવરાત્રિ

૧૯૪૩માં સ્વામીજી કાશીમાં હતા ત્યારે હરસ્વરૂપે તેઓને પોતાને ગામ લખા આવીને થોડા દિ' ત્યાં રહેવા આગ્રહભરી વિનંતી કરી. સ્વામીજી તેમના આગ્રહને વશ થઈ લખા ગયા. એમની તબિયત સ્થળાંતર કરવાથી સુધરશે એવી પણ એમની ગણતરી હતી. ત્યાં થોડા દિવસો રોકાઈને તેઓ સીધા પૂના ગયા. પૂનામાં તેઓએ શંકરરાવને ત્યાં મુકામ કર્યો. સાંજે ફરવા જતી વખતે ભાલેરાવ અને નારાયણરાવ એમની સાથે રહેતા. રવિવારે પૂનમના દિવસે સ્વામીજીએ ક્ષૌર કરાવ્યું.

ભાલેરાવ દર વર્ષે મહાશિવરાત્રીને દિવસે પોતાને ગામ ડોણજે જતા. ગામનું શિવાલય આજુબાજુની વસ્તી માટે એક તીર્થધામ બની ગયેલું. આ દિવસે નજીકના ગામના વિદ્વાન બ્રાહ્મણો શિવાલયમાં આવતા ને સૂર્યાસ્તથી તે સૂર્યોદય સુધીના બધા જ પ્રહરોની પૂજા કરતા તથા રુદ્રાવર્તનો કરતા. રાત્રીના શાંત વાતાવરણમાં શિવલિંગ પર સતત થતો જલાભિષેક તથા શુદ્ધ સ્વરોચ્ચારોથી થતો રુદ્રપાઠ વેદકાળની યાદ આપી જતો. ભાલેરાવ દર વર્ષે શિવરાત્રીના પર્વ નિમિત્તે એકાદ દિવસ પહેલાં ડોણજે પહોંચી જતા. આ વખતે પણ એક દિવસ અગાઉ ડોણજે પહોંચવા માટે પૂનાથી ડોણજે જવા સ્વામીજીની અનુમતિ માગી. સ્વામીજીએ અનુમતિ આપતાં કહ્યુંઃ "હું ય તારી સાથે આવું છું." ભાલેરાવ તો એ સાંભળીને ભારે આનંદમાં આવી ગયા. સ્વામીજીને ડોણજે પોતાની સાથે લઈ જવાનો વિચાર તો અગાઉ એમને આવેલો. પણ પૂનાથી ડોણજેનો લાંબો પ્રવાસ સ્વામીજીને અનુકૂળ નહીં રહે એમ વિચારીને એમણે સ્વામીજીને કહેલું નો'તું. સ્વામીજીની વાત સાંભળીને એમને તો પોતાની મનોકામના પૂર્ણ થતી હોય એમ લાગેલું. સ્વામીજી

ભાલેરાવના મનમાં ચાલતા વિચારો જાણી ગયા હશે ?

પૂનાથી ડોણજે સુધીના પ્રવાસ દરમિયાન સ્વામીજીને કોઈપણ વાતની તકલીફ વેઠવી ન પડે એની કાળજી ભાલેરાવે લીધેલી. ભાલેરાવ સ્વામીજીને લઈને પૂનાથી જેઉર ટ્રેન દ્વારા પહોંચ્યા. ત્યાંથી કર્માળા સુધીનો પ્રવાસ મોટર દ્વારા કર્યો. કર્માળાથી ડોણજે પહોંચવા માટે બળદગાડી કરી. અગાઉથી પત્ર લખીને એમણે બળદગાડીની વ્યવસ્થા કરી જ રાખી હતી એટલે એ મેળવવામાં કશી તકલીફ ન પડી. આમ સ્વામીજી સુખરૂપ ભાલેરાવ સાથે ડોણજે આવી પહોંચ્યા.

ડોણજેની પાસેના હિવરે ગામના શિવમંદિરમાં મહાશિવરાત્રીની યામપૂજાનો કાર્યક્રમ થાય છે. નાના સ્વામીજીને એ શિવમંદિરે લઈ ગયા. સ્વામીજીના આગમનથી ગામલોકોને ખૂબ આનંદ થયો. ૮–૧૦ બ્રાહ્મણો રુદ્રપાઠ માટે શિવજીના મંદિરે આવ્યા હતા. હિરવે ગામના નૈસર્ગિક વાતાવરણમાં યોજાયેલ મહાશિવરાત્રીની પૂજાની વર્ષો જૂની પરંપરા જોઈ જાણીને સ્વામીજી પ્રસન્ન થયા.

અતિ પ્રાચીન આ શિવાલય નાગનાથના મંદિરને નામે પ્રચલિત છે. મંદિરનું સ્થાપત્ય હેમાડ શૈલીનું છે. રાજારામના યાદવ વંશોજો એ મંદિરને બંધાવ્યાનો લેખ થાંભલાઓ પર કંડારાયેલો છે. ગર્ભગૃહમાં જવા માટે દસેક પગથિયાં ઊતરવાં પડે છે. સ્વામીજી ગર્ભગૃહમાં પ્રવેશીને સિદ્ધાસનમાં બેસી ગયા. શિવલિંગ પર જલધારા અખંડિતપણે ચાલુ હતી. વિદ્વાન બ્રાહ્મણો શુદ્ધ ઉચ્ચારોમાં રુદ્રનો પાઠ કરતા હતા. બાજુમાં ગોઠવાયેલા દીપ આછો પ્રકાશ વેરી રહ્યા હતા. અગરબત્તીઓના સુવાસિત ધૂપથી વાતાવરણ મહેકી ઊઠ્યું હતું. સ્વામીજી સિદ્ધાસનમાં કલાકો બેસી રહ્યા હતા એ જોઈને દર્શાનાર્થીઓને સ્વામીજી માટે આદરભાવ જાગ્યો.

સિદ્ધાસનમાંથી મુક્ત થયા પછી સ્વામીજીએ નાનાને કહ્યું: "ભુજંગરાવ, આ તો જાગૃત સ્થાન છે. અહીં આદરેલી ઉપાસના શીઘ્ર ફળ આપનારી નીવડે." સ્વામીજીને આખી રાતનો ઉજાગરો અનુકૂળ ન આવે એટલે તેઓની સૂવાની વ્યવસ્થા સભાખંડમાં જ કરવામાં આવેલી. સંપૂર્ણ શિવરાત્રી યામપૂજામાં પસાર થઈ. ચોથા પ્રહરની પૂજા થઈ. ગંધ, અક્ષત, બીલીપત્ર, ફૂલ ચડાવીને નૈવેદ્ય ધરાવવામાં આવ્યું. એ પછી ઘંટના દ સાથે આરતી થઈ. આરતી ટાણે સ્વામીજી ઊભા થયા. બધાએ શિવજીને તથા શિવસ્વરૂપ સ્વામીજીને નમસ્કાર કર્યા. શિવરાત્રીનાં પારણાં પણ મંદિરમાં જ થયાં.

હિરવેથી ડોણજેના માર્ગે નાગફણીઓનાં મોટાં વૃક્ષો સૌની નજરે પડ્યાં. એ વૃક્ષો પર લાલ ફળો લાગ્યાં હતાં. ફળો પર ઝીણા કાંટા હતા. કાંટા વાગે તો બળતરાથી કાંટા વાગનાર પરેશાન થઈ જાય. સ્વામીજીએ ગાડી ઊભી રખાવી ને એ ફળો એવી સીફતથી તોડ્યાં કે એક પણ કાંટો વાગ્યો નહીં. પછી કાંટા દૂર કરીને તેઓએ એમની સાથે પ્રવાસ કરનાર સૌને એ ફળ ખાવા આપ્યાં. રસ્તામાં આવતી દરેક વનસ્પતિના ઔષધીય ગુણો સ્વામીજી સૌને સમજાવતા રહેતા. તેઓએ કહ્યું કે બાવળનાં કુમળાં પાન તથા (હરળી) ધરોનાં પાન ચાવીને ખાવાથી શક્તિ વધે છે. ડોણજે પહોંચ્યા પછી થોડો આરામ કરી સ્વામીજી પૂના આવી પહોંચ્યા.

શંકરરાવનો આશ્રમ માટે પ્રસ્તાવ

શંકરરાવની ઈચ્છા હતી કે સ્વામીજી પોતાના પરિવાર સાથે મહાબળેશ્વર આવે. એમણે સ્વામીજીને મહાબળેશ્વર આવવા પ્રાર્થના કરી. સ્વામીજીએ પૂનાથી કાશીનો આંટો મારી આવ્યા પછી શંકરરાવના પરિવાર સાથે મહાબળેશ્વર આવવા સંમતિ દર્શાવી.

કાશી પહોંચ્યા પછી સ્વામીજીએ ત્યાંની વિકટ પરિસ્થિતિનો ખ્યાલ આપતો પત્ર શંકરરાવને સંબોધીને લખ્યો. તેમણે લખ્યું: "લડાઈના માહોલથી બધા લોકો ચિંતાગ્રસ્ત રહે છે. કાશીમાં ગુંડાઓનું પ્રમાણ વધી ગયું છે. આ સંજોગોમાં મુસાફરી કરવી એ ખતરો વહોરી લેવા જેવું છે. સંન્યાસીઓને ગામમાં કોઈ રહેવા દેતું નથી. ગામની બહાર તેઓ ગુંડાઓની ગુંડાગીરીના ભોગ બનવાની પૂરી શક્યતા રહે છે. આમ છતાં હાલ તો કાશીમાં જ રહીશ. જે થાય તે ખરું."

એ અરસામાં સ્વામીજીને પિત્તજ્વર લાગુ પડયો. જાંબવંતસિંહ તેમને તત્કાળ એક વૈદ્ય પાસે લઈ ગયા. વૈદ્યની દવાથી સ્વામીજીનો તાવ ગયો.

સ્વામીજીનાં આશીર્વચનથી શંકરરાવની આર્થિક સ્થિતિ ઘણી સુધરી. સ્વામીજી માટે કશુંક કરી છૂટવાની તેમની ઈચ્છા હતી. સ્વામીજી કાશીમાં વધુ સમય માટે રોકાતા. અહીં એમને વારંવાર નિવાસ બદલવો પડતો. તેથી શંકરરાવને વિચાર આવ્યો કે સ્વામીજીના નિવાસ માટે કાશીમાં કાયમી ધોરણે કોઈ વ્યવસ્થા ઊભી કરવી. આ વિચાર એમણે સ્વામીજી સમક્ષ રજૂ કર્યો. સ્વામીજીએ કાયમી નિવાસની ગોઠવણના વિચારનો વિરોધ કરેલો. શંકરરાવ રેસના વ્યવસાયમાં સારું કમાયા હતા. આમ છતાં એમની ધાર્મિક વૃત્તિમાં લેશ માત્ર ઓટ આવી નો'તી. તેઓ રેસમાં કમાયેલું ધન સન્માર્ગે વાપરવા ઈચ્છતા હતા. એમણે એક દત્તમંદિર બાંધવાનો તથા સ્વામીજી માટે કાશીમાં આશ્રમ બાંધવાનો મનોમન સંકલ્પ કર્યો.

શંકરરાવે સ્વામીજી સમક્ષ આશ્રમની વાત મૂકી ત્યારે સ્વામીજીએ કહેલું: "સંન્યાસીએ આવી ઉપાધિ શા માટે વહોરવી? ને હું તો ફરતારામ છું. આશ્રમ ઊભો થાય એટલે એના વ્યવસ્થાપકો જોઈએ. એ બધા અંદરોઅંદર બાખડે. આ બધી ઝંઝટમાં શું કામ પડવું?" સ્વામીજીને મનાવવા મહારાજશ્રીની મદદ લેવાઈ. કાશીમાં આશ્રમને લગતી કામગીરીની જવાબદારી ઉપાડવા

જાંબવંતસિંહને સાધ્યા. સ્વામીજીને કહેવામાં આવ્યું કે આશ્રમની કોઈ જવાબદારી તેઓ પર રહેશે નહીં. રહેવાની સગવડો સાધકો ઊભી કરશે. આશ્રમની વ્યવસ્થા સાધકો સંભાળશે. વેચાતું મકાન લઈને કે જમીન ખરીદીને સ્વામીજીની ઈચ્છા મુજબ તેના પર બાંધકામ કરીને ગુરુદક્ષિણા તરીકે આશ્રમ સ્વામીજીને અર્પણ કરવો એમ પણ ઠરાવાયું. બધાંનો આગ્રહ જોતાં સ્વામીજીને સંમત થવું પડ્યું.

સન ૧૯૪૩ના ચૈત્રવૈશાખમાં સ્વામીજી પૂના આવ્યા. એમનો મુકામ શંકરરાવને ઘેર જ હતો. શંકરરાવે સ્વામીજી પાસે કાશીના આશ્રમની વાત છેડી ત્યારે સ્વામીજીએ કહ્યું:" હાલમાં આશ્રમ માટેના મકાનની કિંમત કેટલી હશે એનો અંદાજ ત્યાં ગયા પછી આવે. તમારા બજેટ મુજબની એ કિંમત છે કે નહી તેય જોવાનું. આશ્રમ તો તમારા જેવાઓ માટે જ બનવાનો છે. એ માટે નિમિત્ત બનવાનો મને વાંધો નથી." એ પછી સપ્ટેમ્બરમાં કાશી જઈને સ્વામીજીએ શંકરરાવને પત્ર લખ્યો. 'હરિશ્ચંદ્ર માર્ગ પર ત્રણ મકાનો જોયાં છે. એક મકાન ત્રણ માળનું છે ને હવાઉજાસવાળું છે. બીજું બે માળનું છે. ત્રીજું ગંગાને કિનારે છે ને સુરક્ષિત છે. આ મકાનમાં પહેલાં કોઈ દક્ષિણી સંન્યાસીનો મઠ હતો. એક બંગાળી બ્રાહ્મણે એ ખરીદ્યું છે. આ મકાનમાં ધ્યાન માટે ગુફા જેવું ભોયરું છે. પહેલું મકાન ૭૦૦૦/ માં ને બીજું ૮૦૦૦/માં મળી શકે. ત્રીજાની કિંમત એના માલિકને પૂછીએ ત્યારે જાણી શકાય. જો મકાન ખરીદવાની ઈચ્છા હોય તો તત્કાળ અહીં આવી જાઓ. બાકી અહી ભાડે મકાન મળવાં મુશ્કેલ છે. "

શંકરરાવે સ્વામીજીનો પત્ર ગુરુમહારાજને વંચાવ્યો. પછી તેઓ કાશી ગયા. મકાન ખરીદતાં પહેલા શંકરરાવની ઈચ્છા સ્વામીજી સાથે યાત્રા કરવાની હતી. યાત્રા બાવીસ એપ્રિલથી સત્તાવીસ એપ્રિલ દરમિયાન ગોઠવાઈ. યાત્રા દરમિયાન સાંગલી પાસેના બુધગાંવના સ્ટેશને શ્રી. વિ. રા. ગોગટેને સ્વામીજીનો મેળાપ થયો. સ્વામીજીનાં દર્શનથી તેઓ અત્યંત ખુશ થયા. તેમણે

સ્વામીજીનાં ચરણોમાં મસ્તક નમાવ્યું. અહીંથી સ્વામીજી ગોકર્ણમહાબળેશ્વર ગયા ને ચાર દિવસ રોકાણ કર્યું. અહીં અનેક મંદિર છે. શંકરરાવનાં પત્ની અને માતા પણ યાત્રામાં સાથે હતાં. તેઓ સ્વામીજીની પૂરી સંભાળ રાખતાં. યાત્રા સંપન્ન થયા પછી સ્વામીજી પૂના થઈને કાશી તરફ રવાના થયા.

સ્વામીજીની કૃપાથી શંકરરાવની આર્થિક સ્થિતિ સુધરી હતી એવી એમની માન્યતા હતી. એમણે આશ્રમ માટે ૬૦૦૦/ રૂપિયા ફાળવ્યા હતા. શંકરરાવ તથા અન્ય સ્નેહીઓ –શિષ્યોના આગ્રહને વશ થઈને તેઓ આશ્રમ સ્થાપવા સંમત થયા હતા. આમ છતાં સંન્યાસીએ આશ્રમ સ્થાપીને નવી ઉપાધિ શું કામ ઊભી કરવી એવો વિચાર પણ એમના મગજમાં ઘોળાયા કરતો હતો. એ અરસામાં જ એમની તબિયત લથડી. એટલે એમણે શંકરરાવને પત્રમાં લખી જણાવ્યું: "મને કોઈ ને કોઈ માંદગી સતાવતી રહે છે. આમ ને આમ રહ્યું તો બે ચાર વર્ષમાં દેહત્યાગ કરવાનો થશે. આ સંજોગોમાં આશ્રમ સ્થાપવાનું વિચારવાનો કશો જ અર્થ નથી. આપનો પત્ર આવ્યે આશ્રમ માટે આપે આપેલ નાણાં આપને પરત મોકલાવીશ."

એ અરસામાં શંકરરાવ મદ્રાસ જવાનું વિચારતા હતા. એમણે સ્વામીજીને મદ્રાસ બોલાવી આ અંગે રૂબરૂ ચર્ચા કરવાનું મનોમન નક્કી કર્યું. એ કારણે સ્વામીજીને પત્રનો જવાબ તત્કાળ આપી શકાયો નહીં. એટલે સ્વામીજીએ બીજો પત્ર જાંબવંતસિંહ દ્વારા લખાવ્યો. પત્રમાં જાંબવંતસિંહે લખ્યું: "સ્વામીજીનું કથળતું સ્વાસ્થ્ય જોતાં આશ્રમ માટે મકાન ખરીદવું યોગ્ય લાગતું નથી. આશ્રમ નિમિત્તે તમે આપેલા છ હજાર પરત કરવામાં આવશે. એ નાણાંથી દત્તમંદિરનું નિર્માણ કરાવજો ,એમ સ્વામીજી લખાવે છે."

ઉપર મુજબનો સ્વામીજીનો પત્ર મળતાં શંકરરાવ મહારાજશ્રીને મળ્યા ને આશ્રમ બાબત સ્વામીજી સાથે ચર્ચા કરવા કાશીની મુલાકાત લેવા મહારાજશ્રીને વિનંતી કરી. કાશીની મુલાકાતથી સ્વામીજીનાં દર્શનનો લાભ

મળવાનો હતો તથા એમની સાથે આશ્રમને લગતી બાબતોની ચર્ચા વિચારણા કરવાની તક મળવાની હતી એ કારણે મહારાજશ્રી માર્ચના છેલ્લા અઠવાડિયામાં કાશી જવા ઊપડી ગયા.

સ્વામીજી શ્રીસદ્‌ગુરુનાં દર્શને

તેઓ કાશીમાં એક મહિનો રોકાયા. આશ્રમ અંગે ચર્ચા થતી રહી. પણ કોઈ નિર્ણય પર આવી શકાયું નો'તું. દરમિયાનમાં સ્વામીજીએ મહારાજશ્રીને એક દિવસ કહ્યું: "આપણે એક દિવસ ગુરુદેવ શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજનાં દર્શને જઈશું. ક્યારે જવાનું ગોઠવવું એ હું તમને જણાવીશ." ગુરુદેવનાં દર્શન કરવાની ઈચ્છા ગુરુમહારાજને ઘણા વખતથી હતી. સ્વામીજીએ સામેથી સૂચવ્યું એટલે એમને તો ભાવતું'તું ને વૈદ્યે કહ્યા જેવું થયું. ગુરુમહારાજે ગુરુદેવ શ્રીશંકરપુરુષોત્તમજી દ્વારા લખેલ *'યોગવાણી'* ગ્રંથનું અધ્યયન કર્યું હતું તથા તેઓ દીક્ષાર્થીઓને દીક્ષા આપતાં પહેલાં આ ગ્રંથનો અભ્યાસ કરવાનું કહેતા. આ ગ્રંથ સિદ્ધયોગાશ્રમમાંથી મંગાવવો પડતો . મહારાષ્ટ્રમાં પોતાના શિષ્યના શિષ્ય દ્વારા આ રીતે શક્તિપાતની દીક્ષા તથા *યોગવાણી* ગ્રંથનો પ્રસાર થતો જોઈને ગુરુદેવ ભારે પ્રસન્નતા અનુભવતા. એકવાર *યોગવાણી* ગ્રંથ લેવા સિદ્ધયોગાશ્રમમાં આવેલ સાધક દ્વારા ગુરુદેવ શ્રીશંકરપુરુષોત્તમજીએ લોકનાથતીર્થ (સ્વામીજી)ને સંદશો મોકલાવ્યો: "તમારા શિષ્ય ગુળવણીને મળવાની ઈચ્છા છે તો તેમને લઈને આશ્રમમાં એક દિવસ આવો." આ સંદેશો સ્વામીજી (લોકનાથજી)ને મળ્યો ત્યારે ગુરુમહારાજ (ગુળવણીજી) સ્વામીજી પાસે જ બેઠા હતા. સ્વામીજીએ ગુરુદેવને વળતો સંદેશો મોકલ્યો: "આજે બપોરે જ અમે બન્ને આપનાં દર્શને આવીએ છીએ." પછી ગુરુમહારાજને સંબોધીને સ્વામીજીએ કહ્યું: "વામન, ગુરુદેવનાં દર્શન કરાવવા જ મેં તને કાશીમાં રોકી રાખ્યો હતો. એમની પૂજા યથોચિત થાય એ માટે જરૂરી સામગ્રી સાથે લઈ લેજે . આજે બપોરે જ આપણે એમના આશ્રમે જઈએ છીએ. પોતાના ગુરુને જે સમયે શિષ્યનું સ્મરણ થાય અને તેને

મળવાની ઈચ્છા થાય તે સમયે ગુરુનાં દર્શને જવું ઘણું સારું હોય છે. આવા સમયે ગુરુ પોતાના શિષ્યને જોઈને ઘણા પ્રસન્ન થાય છે."

પોતાના ગુરુ સ્વામીજીના ગુરુ શ્રીશંકરપુરુષોત્તમજીનાં દર્શનનો લાભ આમ અનાયાસ જ મળી રહ્યો છે, એથી ગુળવણી મહારાજને અત્યંત આનંદ થયો. એમણે ગુરુદેવનાં પૂજનઅર્ચન માટેની સામગ્રી લેવામાં કશી કમી ન રાખી. ફૂલો, અગરબત્તી ઉપરાંત ફળો ને વસ્ત્ર પણ એમણે ગુરુદેવનાં ચરણોમાં ધરવા સાથે લીધાં. બપોરના ભોજનનો સમય થતાં ભોજન આટોપીને થોડો આરામ કર્યા પછી બન્ને ગુરદેવનાં દર્શને નીકળ્યા. ગુરુદેવના આશ્રમે જવા નીકળતાં પહેલાં મહારાજશ્રીએ પૂરી શ્રદ્ધાથી સ્વામીજીનું પૂજનઅર્ચન કર્યું. પછી તેઓ સિદ્ધયોગાશ્રમ જવા રીક્ષામાં રવાના થયા. ગુરુમહારાજશ્રી પ્રથમવાર જ ગુરુદેવ શ્રીશંકરપુરુષોત્તમજીનાં દર્શને જઈ રહ્યા હતા. એટલે એમના હૈયામાં અનેરો આનંદ છલકાતો હતો.

આશ્રમમાં પ્રવેશ્યા પછી સ્વામીજીએ સૌ પ્રથમ ગુરુદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. એ પછી ગુરુમહારાજે એમના ગુરુના ગુરુનાં ચરણોમાં શિશ નમાવ્યું. શ્રીશંકરપુરુષોત્તમજી કાશીની શક્તિપીઠના સ્વામી હતા. એમનો વિશાળ ભાલપ્રદેશ, ગૌર વર્ણ, પ્રશાંત મુખમુદ્રા જોઈને ગુરુમહારાજને પરમ આનંદ થયો. એમણે ગુરુદેવની યથોચિત પૂજા કરી તથા સાથે આણેલ ફળો, વસ્ત્ર તથા દક્ષિણા એમનાં ચરણો આગળ ધરી તથા પોતાના પર કૃપાદૃષ્ટિ રાખવા પ્રાર્થના કરી. ગુરુમહારાજની શ્રદ્ધાભક્તિપૂર્ણ અર્ચનાથી ગુરુદેવ અત્યંત પ્રસન્ન થયા ને ગુરુમહારાજના મસ્તકે હાથ મૂકીને એમણે આશીર્વચનો ઉચ્ચાર્યાં: "અમારા શિષ્યના શિષ્યનું નારાયણ કલ્યાણ કરશે." અને ગુરુમહારાજે આણેલ ફળો ઈત્યાદિ પ્રસાદી ગુરુદેવે પ્રેમપૂર્વક આરોગી તથા તેમની સાથે થોડી વાતો કરી.

ગુરુમહારાજે આશ્રમ જોયો. ત્યાંની ગૌશાળા તથા ગ્રંથાલય જોઈને તેઓ

ખુશ થયા. એમણે સ્વામીજીને આશ્રમ વિષે પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું : "આશ્રમ મઝાનો છે. વારંવાર આવવાનું મન થાય એવું અહીંનું વાતાવરણ છે." ત્યારે સ્વામીજીએ કહ્યુંઃ "પણ વારંવાર આશ્રમની મુલાકાત ન લીધા કરતા. ક્યારેક ક્યારેક જરૂર જવું." પછી શ્રીલોકનાથતીર્થજીએ ગુરુદેવની રજા માગી ને ગુરુ મહારાજે તેમ જ સ્વામીજીએ ગુરુદેવને પ્રણામ પાઠવીને આશ્રમની વિદાય લીધી.

શંકરરાવ માર્કન્ડ એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં સહકુટુંબ ચાર દિવસ માટે કાશી આવ્યા. તેઓ અહીં સ્વામીજીને મળ્યા તથા આશ્રમ અંગે તેમની સાથે ચર્ચા કરી. આશ્રમ માટે હરિશ્ચંદ્ર ઘાટ પરની જગા પર પસંદગી ઊતરી અને એક હજાર રૂપિયા અનામત પેટે આપીને બાનાખત કર્યું. શંકરરાવે ભંડારા ગામમાં દત્તમંદિર બાંધવાની અનુમતિ સ્વામીજી પાસે માગી તથા એના ભૂમિપૂજન અને શિલાન્યાસ ટાણે ઉપસ્થિત રહેવા ય સ્વામીજીને પ્રાર્થના કરી. એ પછી સ્વામીજી તેમ જ શંકરરાવ ભંડારા ગામે ગયા. અહીં સ્વામીજીના વરદ હસ્તે દત્તમંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો . શિલાન્યાસ વિધિ પ્રસંગે મોટો ભંડારો કરવામાં આવ્યો.

ત્યારબાદ ચાતુર્માસ ગાળવા સ્વામીજી પૂના ગયા. ચાતુર્માસ સંપન્ન થયા પછી સ્વામીજી કાશી ગયા. ત્યાં આશ્રમ માટેના મકાન અંગે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે એ મકાનમાં એક માણસ રહેતો હતો તથા મકાન ખાલી કરવાની ના પાડતો હતો. મકાન માલિક પણ એ માણસને મકાન ખાલી કરાવવા બાબતે કશું કહેતો નો'તો . આમ શંકરરાવે મકાન માલિકને અનામત પેટે આપેલા હજાર રૂપિયા એળે ગયા ને આશ્રમની વાત આટલેથી અટકી.

જાંબવંતસિંહને બળિયા

જાંબવંતસિંહની ઉમર ચાળીસેક વર્ષની હશે ત્યારે એમને બળિયાનો વ્યાધિ થયેલો . બળિયા મોટા નીકળ્યા હતા અને તેની પીડા ભારે હતી. ખોરાક લેવાતો નો'તો . એ અરસામાં એમની ઊંઘ પણ હરામ થઈ ગઈ હતી. તેઓ વિચારતા કયા જન્મના પાપનું ફળ હું આ જન્મે ભોગવી રહ્યો છું એ સમજાતું નથી. આ વ્યાધિને કારણે ઘરની બહાર નીકળતાં પણ એમને સંકોચ થતો. આ વાત સ્વામીજીને જણાવતાં પણ તેઓ ખચકાટ અનુભવતા હતા. જો કે એ મહિના દરમિયાન સ્વામીજી કાશીમાં નો'તા. થોડા દિવસો પછી સ્વામીજી કાશીમાં આવ્યા. એક શિષ્ય દ્વારા એમને જાંબવંતસિંહના વ્યાધિની જાણ થઈ. એમણે જાંબવંતને કહેવડાવ્યું: " સાત દિવસ સુધી રોજ મારાં દર્શને આવવાનું રાખો. દર્શનાર્થે ઘેરથી નીકળો ત્યારથી તે દર્શન કરીને ઘેર પાછા ફરતાં સુધી મૌન પાળજો." સંદેશો મળતાં જ જાંબવંતસિંહે સ્વામીજીનાં દર્શનનું સાત દિવસનું વ્રત તત્કાળ આરંભી દીધું.

પ્રથમ દિવસનાં દર્શનથી જ વ્યાધિમાં ફેર વરતાવા લાગ્યો. શરીરનો દાહ ઓછો થયો તથા વેદના પણ ઓછી થવા માંડી. સાતમે દિવસે તો તેઓ સંપૂર્ણ વ્યાધિમુક્ત થઈ ગયેલા. ગુરુદર્શનનો કેવો પ્રભાવ! શક્તિપાતથી વ્યાધિ દૂર થાય છે એમ કુલાર્ણવતંત્રમાં ઉલ્લેખવામાં આવ્યું છે. દર્શનનો પ્રભાવ એવો પ્રબળ હતો કે શરીર પરના બળિયાના ડાઘ પણ દૂર થઈ ગયા હતા. વ્યાધિ મુક્ત થયા પછી દર્શન–વ્રતના આઠમા દિવસે જાંબવંતસિંહે સ્વામીજીની મહાપૂજા કરી. સ્વામીજીએ તેમને કહ્યું: "હવે મારી ઉપસ્થિતિમાં સાધના કરતા રહેજો ." એ જ ક્ષણથી જાંબવંતજીએ સાધના શરૂ કરી દીધી.

એકવાર સ્વામીજી પૂનાથી કાશી આવ્યા ત્યારે જાંબવંતજીને ત્યાં ઊતરેલા. એ અરસામાં જાંબવંતજીનો જમણો હાથ જૂઠો પડી ગયેલો. એ હાથે તેઓ કશું કામ કરી શકતા નો'તા. એમણે ઘણા દાક્તરો–વૈદ્યો કર્યા. પણ બધું

વ્યર્થ. હાથના રોગનું નિદાન પણ કોઈ કરી શકતું નહીં. સ્વામીજીના ધ્યાનમાં એમની આ તકલીફ ન આવે એની તેઓ કાળજી રાખતા. એકવાર તેઓ સ્વામીજીની છાટી ધોઈ રહ્યા હતા. જમણો હાથ તો કામ આપતો નો'તો એટલે તેઓ ડાબા હાથે ધોઈ રહ્યા હતા. અચાનક સ્વામીજી ત્યાં આવી ચડ્યા. એમણે જાંબવંતજીને છાટી ડાબા હાથે ધોતા ભાળીને પૂછ્યું: "કેમ ડાબા હાથે ધૂઓ છો છાટી?" જાંબવંતે એમના જમણા હાથની તકલીફની વાત સ્વામીજીને કહી સંભળાવી. સ્વામીજીએ એ જ ક્ષણે જાંબવંતજીના જમણા હાથ પર પોતાનો હાથ ફેરવ્યો અને કહ્યું: "કાલે સાધના કર્યા પછી તમારા જમણા હાથનો દુઃખાવો રહેશે નહી." બીજે દિવસે જાંબવંતજી સાધના આટોપીને ઊઠ્યા ત્યારે એમના જમણા હાથનો દુઃખાવો દૂર થઈ ગયો હતો. તેઓ ઝટ સ્વામીજી પાસે દોડી ગયા ને એ હકીકતની જાણ કરી તથા સ્વામીજીનાં ચરણોમાં શિશ નમાવી એમના પ્રતિ પોતાનો પૂજ્યભાવ દર્શાવી રહ્યા .

કાલીમાતાનાં દર્શન

અનુપમ તવરૂપ હેરિલામ અદ્ભુત ।
નીરખી સમર માઝે ચંકિત દનુજભૂપ ॥
અસિ મુંડવરાભય કરે શોભે અદ્ભુત ।
પદતલે વિરાજિત મહાદેવ શવરુપ॥

–સ્વામી લોકનાથતીર્થ

કાલીમાતા ઢાકેશ્વરી સ્વામીજીનાં કુળદેવી હતાં. ચક્રવર્તી પરિવાર પેઢીઓથી કાલીમાતાને પૂજતો આવ્યો હતો. કાલીમાતાની પૂજાથી એમનો યોગક્ષેમ ચાલતો હતો. કાલીમાતાની કૃપાથી જ સ્વામીજીને સદ્ગુરુ પ્રાપ્ત થયા હતા. સ્વામીજીને બે પ્રસંગે કાલીમાતાનાં દર્શન થયેલાં. એક પ્રસંગે તેમને કાલીમાતાના વિરાટ સ્વરૂપનું દર્શન થયેલું. આભને મસ્તક અડે એવી ઊંચાઈ, મુક્તપણે ફરફરતા કેશ, મસ્તક પર હીરા, માણેક, મોતીથી શોભતો મુગટ, કાનમાં વિશાળ કુંડળ, કંઠથી કમર સુધી લહેરાતી રુંડમાળા, અલંકારોથી શોભતી

કટિમેખલા, લોહીથી નીતરતું ખડ્ગ એક હાથમાં ધારણ કરેલું , બીજા હાથમાં દૈત્યનું મસ્તક વાળથી ગ્રહેલું. માતાજીનું આ વિરાટ સ્વરૂપ જોઈને સ્વામીજી ભયભીત થયેલા નહીં. તેઓ વિસ્ફારિત નયને આ વિસ્મયકારી સ્વરૂપ જોતા રહેલા. પછી તેમણે માતાજીને પૂરી શ્રદ્ધાભક્તિથી સાષ્ટાંગ પ્રણામ કર્યાં. એ ક્ષણે માતાજીએ સ્વામીજીના મસ્તક પર હાથ મૂક્યો. ઘડી પછી સ્વામીજીએ જોયું તો માતાજી અદૃશ્ય થઈ ગયેલાં. માતાજીનાં દર્શનથી કૃતકૃત્યતા અનુભવતા સ્વામીજી દિવસો સુધી એનું સ્મરણ કરતા રહેલા.

બીજા પ્રસંગે સ્વામીજીને માતાજીના મોહક સ્વરૂપનાં દર્શન થયેલાં . સ્વામીજી સાધનામાં બેઠા હતા. સાધના સંપન્ન થયા પછી તેમણે આંખો ઉઘાડી, ત્યાં એમને માતાજીનાં દર્શન થયાં. માતાજી એમની નજર સમક્ષ ધીમી ગતિએ ડાબેથી જમણી બાજુએ જઈ રહ્યાં હતાં. માતાજીએ દેહ પર મૂલ્યવાન વસ્ત્રાભૂષણો ધારણ કરેલાં હતાં. આ સ્વરૂપમાંય માતાજીના કેશ છૂટા હતા. મસ્તક પર સુવર્ણ મુગટ ધારણ કરેલો હતો. સ્વામીજી તરફ સહેજ લંબાવેલ હાથ દ્વારા માતાજી એમને આશીર્વાદ આપી રહ્યાં હતાં. સ્વામીજીએ માતાજી સમક્ષ હાથ જોડ્યા. બીજી જ પળે માતાજી અદૃશ્ય થઈ ગયાં . સ્વામીજી માતાજીને શોધતા બધા ઓરડાઓમાં ઘૂમી વળ્યા. પણ વ્યર્થ ! માતાજીનાં સાક્ષાત્ દર્શનથી તેઓ ભાવવિભોર થઈ ગયેલા. આ બન્ને પ્રસંગો સ્વામીજીએ મહારાજશ્રીને કહી સંભળાવેલા.

પંડિત લક્ષ્મણ શાસ્ત્રી સ્વામીજીના અંતરંગ શિષ્યોમાંના એક છે. તેઓ આચાર સંપન્ન અને આયુર્વેદના સારા અભ્યાસી હતા. સ્વામીજીના સ્વાસ્થ્યની તેઓ સારી સંભાળ રાખતા. સ્વામીજીનો મુકામ ઘણીવાર પંડિતજીને ત્યાં રહેતો. વૈદ્યજીના પડોશી પણ કાલીમાતાના ઉપાસક હતા. એ પડોશી પોતાને કાલીમાતા સિદ્ધ છે એમ કહેતા રહેતા. એ કારણે એમની મુલાકાત સ્વામીજી સાથે કરાવવાનું વૈદ્યજીએ વિચાર્યું. આ બાબત તેમણે જાંબવંતજી સાથે પણ ચર્ચી. આમ એક દિવસ વૈદ્યજી પેલા પડોશીને લઈને સ્વામીજી પાસે ગયા અને એમણે પડોશીનો સ્વામીજીને પરિચય આપ્યો તથા અંતે ઉમેર્યું: "એમને

કાલીમાતા સિદ્ધ છે." વૈદ્યજીએ પરિચય આપવાનું માંડ પૂરું કર્યું હશે ત્યાં તો એમના પડોશીને ચક્કર આવવા લાગ્યાં ને બીજી જ ક્ષણે તેઓ જમીન પર ઢળી પડ્યા. જાંબવંત અને વૈદ્યજી સ્વામીજી તરફ ચિંતિત નજરે જોઈ રહ્યા હતા. સ્વામીજીએ કહ્યું: "અમારી માતા શ્યામવર્ણી છે. ગળામાં રુંડમાળા પહેરેલી છે. શૂળ જેવા દાંતમાંથી માતાજીની લાંબી જિહ્વા બહાર લપકતી દેખાય છે. અમારી માતા કોઈને સિદ્ધ થતી નથી. એ માત્ર પ્રસન્ન થઈને કૃપા વરસાવતી રહે છે."

વૈદ્યજીએ એમના સ્નેહી પડોશીને મૂર્છામાંથી જાગૃત કર્યા. એમનાથી સ્વામીજીની હાજરીમાં વધુ વખત બેસી શકાયું નહીં. તેઓ ઝટ બહાર ચાલ્યા ગયા. બહાર ચાલ્યા જતાં પહેલાં તેમણે સ્વામીજીને નમસ્કાર કરવા જેટલો વિવેક પણ દાખવ્યો નહીં. એ ઉપરથી વૈદ્યજીને એમના પડોશીની કક્ષાનો ખ્યાલ આવી ગયેલો.થોડીવારે વૈદ્યજીએ એમના પડોશીને પૂછ્યું:" શું થયું હતું તમને ? " ત્યારે એમણે જણાવ્યું: "મને સ્વામીજીની પાછળ માતાજી ઊભેલાં જણાયાં. માતાજીના બન્ને હાથ સ્વામીજીના મસ્તક પર હતા. માતાજીનું રૌદ્ર સ્વરૂપ જોઈને હું ભયભીત થઈને બેભાન થઈ ગયેલો." આમ કહેતાંય તેઓ સતત ધ્રૂજતા હતા.

શ્રીવાસુદેવાનંદ સરસ્વતીજી પર દત્તાત્રેય ભગવાનની કૃપા સદૈવ રહેતી. એ જ રીતે સ્વામી લોકનાથતીર્થજી પર કાલીમાતાની અમી દૃષ્ટિ રહેતી.

ઈન્દોરમાં શ્રી. હરિગોવિંદ મોદી નામના એક પ્રખર યોગી મહાત્મા રહેતા હતા. તેઓ શ્રીવાસુદેવાનંદજીના શિષ્ય હતા. ઈન્દોર છોડીને તેઓ કાશી નિવાસી થયેલા. ત્યાં તેમને મિલમાં નોકરી મળી ગયેલી. મિલની નોકરી બહુ સરળ હતી. એટલે નોકરી બાદનો સમય તેઓ ધ્યાન યોગાભ્યાસમાં વિતાવતા. હરિ શાસ્ત્રી ઉત્તમ કોટિના જ્યોતિષી હતા. તેઓ કેવળ વ્યક્તિને જોઈને અમુક કુંડલી માંડતા અને તેનું ભવિષ્ય કહેતા. મિલના માલિક તેમને ખૂબ માનતા. જાંબવંતસિંહ તેમના પરિચયમાં આવેલા. હરિ શાસ્ત્રીજી ઘણીવાર જાંબવંતસિંહની પેઢી પર જતા.

એકવાર તેમણે જાંબવંતસિંહને કહ્યું: "તમારે જે દેવદેવીનાં દર્શન કરવાં હોય એનાં દર્શન હું તમને કરાવી દઉં." જાંબવંતસિંહે લક્ષ્મીજીનાં દર્શન કરવાની ઈચ્છા દર્શાવી. હરિ શાસ્ત્રીએ કહ્યું: "તમારા મોં પર હાથ ફેરવો પછી આંખો બંધ કરીને ઉઘાડો." જાંબવંતસિંહે સૂચના પ્રમાણે કરતાં તેમને તત્કાળ લક્ષ્મીજીનાં દર્શન થયેલાં. જાંબવંતસિંહજી દ્વારા લક્ષ્મણ શાસ્ત્રી પણ હરિ શાસ્ત્રીના સંપર્કમાં આવેલા. હરિ શાસ્ત્રી અદ્વૈત વેદાંતી હતા. જાંબવંતસિંહે સ્વામી મહારાજ વિષે તેમને માહિતી આપી તથા શક્તિપાત વિષે પણ જાણકારી આપી. પરંતુ હરિ શાસ્ત્રીજી અદ્વૈતવાદી હોવાને કારણે તેઓનો શક્તિપાત વિષેનો મત પ્રતિકૂળ હતો. તેઓ હંમેશા આ સાધનાનું ખંડન કરતા. ક્યારેક કુંડલિનીશક્તિની મજાક પણ કરી લેતા.

હરિ શાસ્ત્રીજીને શક્તિપાત સાધનાનો સાચો પરિચય મળે :હે એ માટે જાંબવંતસિંહ એમને શ્રીલોકનાથતીર્થજી પાસે લઈ ગયા. સાથે લક્ષ્મણ શાસ્ત્રી પણ હતા. તેઓ જ્યારે સ્વામીજીને મળવા ગયા ત્યારે સ્વામીજી એક બંગાળી વકીલને શક્તિપાત સાધના વિષે માહિતી આપી રહ્યા હતા. બન્ને વચ્ચેનો સંવાદ બંગાળી ભાષામાં ચાલતો હતો. સ્વામીજીએ ત્રણેય આગંતુકોને ઈશારાથી બેઠક લેવા નિર્દેશ કર્યો. સ્વામીજીને સાંભળતાં હરિ શાસ્ત્રી મંત્રમુગ્ધ બની ગયા. તેઓ દસેક મિનિટથી વધારે ત્યાં રોકાઈ શક્યા નહી. બહાર આવીને તેમણે સાથીઓને જણાવ્યું: "હું સ્વામીજીના સાન્નિધ્યમાં વધુ વખત રોકાઈ શક્યો નહીં કારણ કે મને તેઓશ્રીની પાછળ કાલીમાતા ઊભેલાં દેખાયાં. માતાજીનું તેજ મારાથી ઝાઝો વખત ખમી શકાયું નહીં. તેથી હું ઝટ ત્યાંથી ઊભો થઈને બહાર અવી ગયો."

આમ કાલીમાતા સ્વામીજી પાસે સદા હાજર રહેતાં. તેઓ સ્વામીજીને આદેશો આપતાં રહેતાં. એ આદેશોનું સ્વામીજી પાલન ન કરે ત્યારે માતાજી એમને શિક્ષા પણ કરતાં.

અધ્યાય:૧૨

દક્ષિણ-ઉત્તરની યાત્રા

સકળ તીર્થ ગુરુ ચરણમાં, ફરે તીર્થ એ કેમ ?
ભક્ત તારવા કારણે કરે શ્રેષ્ઠ સહુ તેમ ॥
(શ્રીગુરુલીલામૃત, ૭૬-૧૫)

સન ૧૯૪૫ના જાન્યુઆરીની બીજી તારીખે સ્વામીજી બનારસથી મદ્રાસ જવા રવાના થયા. તેઓ છઠ્ઠી જાન્યુઆરીએ ગુરુવારે સવારે નવ વાગે મદ્રાસ પહોંચ્યા. શંકરરાવ માર્કન્ડ સ્વામીજીને લેવા સ્ટેશને આવ્યા હતા. તેઓ સ્વામીજીને પોતાને નિવાસે લઈ ગયા.

વૈદ્ય શ્રી.પરાડકરે સ્વામીજી માટે મકરધ્વજની ગુટી સોલાપુરથી મોકલાવી હતી. એ દવા દિવસમાં ત્રણ વખત મધ સાથે લેવાની હતી.મદ્રાસ આવ્યા પછી સ્વામીજીએ આ દવા લેવાનું શરૂ કર્યું.સ્વામીજીનું સ્વાસ્થ્ય સારું

રહેતું નો 'તું. એમને કંઠમાં શોષ પડતો હતો. લાંબા પ્રવાસને કારણે સ્વાસ્થ્ય વધારે કથળી ગયેલું. પોતાની નાદુરસ્ત તબિયતથી એ પોતે પણ કંટાળતા. તેઓ કહેતાઃ ''મારી તબિયતનું કશું ઠેકાણું નથી. ક્યારે દેહત્યાગ કરવાનો થાય એ કહી શકાય નહીં.'' જો કે મદ્રાસનાં હવાપાણી એમને વધુ અનુકૂળ જણાયાં ને એમના સ્વાસ્થ્યમાં થોડો સુધારો થયો. જાન્યુઆરી મહિનો હતો છતાં મદ્રાસમાં એમને ઠંડી પજવતી નો'તી. અહીંની ઠંડી કાતિલ નહીં હોવાને કારણે તેઓને અહીંનું વાતાવરણ આહ્લાદક લાગતું.

શંકરરાવે દત્તમંદિરનું નિર્માણકાર્ય આરંભી દીધું હતું. મહારાજશ્રી પણ મદ્રાસમાં જ હતા. તેમનો મુકામ દેશમુખજીને ત્યાં હતો. શંકરરાવ પોતાના વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હોવાને કારણે સ્વામીજી સાથે બહાર જઈ શકતા નો'તા. સ્વામીજીને પણ બહાર એકલા જવાનું બહુ ફાવતું નો'તું. આમ છતાં તેઓ તિરુપતી, કાલહસ્તી, પક્ષીતીર્થ અને મહાબલિપુરમ્ જઈ આવ્યા. પહેલાં બે અઠવાડિયાં દરમિયાન ઉપરનાં સ્થળોએ જઈ આવ્યા પછી ત્રીજા સપ્તાહમાં તેઓ શ્રીરંગમ્, જંબુકેશ્વર, મદુરા, રામેશ્વરનાં દર્શને જઈ આવ્યા.

મદ્રાસનું હવામાન સ્વામીજીને અનુકૂળ આવી ગયું હતું છતાં આશ્રમના કામને આગળ ધપાવવા તેઓને કાશી વહેલા પાછા ફરવું પડ્યું. તેઓએ કાશી પહોંચવા છવ્વીસમી માર્ચે મદ્રાસ છોડ્યું. રસ્તામાં ભંડારા તથા જબલપુરમાં નૃત્યગોપાલને ત્યાં થોડા દિવસ રોકાઈને તેઓ આઠમી એપ્રિલે કાશી આવી પહોંચ્યા.

આશ્રમ નિર્માણ બાબતે શંકરરાવની નિષ્ક્રિયતાથી સ્વામીજી થોડાક ચિંતામગ્ન હતા. એમણે એ અંગે મહારાજશ્રીને લખ્યું પણ ખરું. હકીકતમાં શંકરરાવ વ્યવસાયમાં રોકાયેલા હોવાને કારણે જલદી કાશી જઈ શકેલા નહીં. એમને એમના વ્યવસાયમાં સારો નફો થયો હતો. એટલે આશ્રમના નિર્માણ બાબતે તેઓ પૂરા ઉત્સાહી હતા. એમણે કાશી જઈને આશ્રમ માટેની

જગા દસ હજારમાં ખરીદી લીધી. જમીનની ખરીદીની કામગીરી પતાવી શંકરરાવ પૂના પાછા ફર્યા.

આ અરસામાં ગુરુપૂર્ણિમાનો અવસર આવી પડ્યો. સૌ શિષ્યોએ પૂરી શ્રદ્ધાભક્તિથી સ્વામીજીનું પૂજનઅર્ચન કર્યું. સ્વામીજીના ગુરુ શ્રીશંકરપુરુષોત્તમતીર્થજી પણ તેઓના કાશીમાંના સિદ્ધયોગાશ્રમમાં જ હતા. સ્વામીજી પોતાના થોડાક પટ્ટશિષ્યો સાથે પોતાના ગુરુના આશ્રમે ગુરુને વંદના કરવા ગયા ને ગુરુનાં દર્શનથી કૃતકૃત્ય થઈને પોતાના નિવાસે પાછા ફર્યા.

પરાડકર વૈદ્યે મોકલાવેલી દવાની અસર ન થવાથી સ્વામીજીએ એ દવા લેવાનું બંધ કર્યું હતું. એમણે વૈદ્યરાજને એ બાબતે લખી જણાવ્યું તથા વધુમાં ઉમેર્યું: "હમણાં બીજી કોઈ દવા મોકલશો નહીં. હું હમણાં પૂના જવાનો છું ને ત્યાંથી શ્રીશૈલમ્‌ની યાત્રાએ નીકળીશ. પ્રારબ્ધવશાત્‌ જે સ્થિતિ પ્રાપ્ત થાય છે એમાં સંતુષ્ટ રહેવાનો પ્રયાસ કરું છું. તુકારામે નથી કહ્યું: ('રાખે અનંત તેમ જ રહેવું, ચિત્તમાં રાખવું સમાધાન' ?)

ठेविले अनंते तैसेचि रहावे ।
चित्ती असूं द्यावे समाधान ।।

શ્રીશૈલમ્‌ની યાત્રા

૧૯૪૬ના ફેબ્રુઆરીમાં સ્વામીજી પૂનાથી શ્રીશૈલમ્‌ની યાત્રાએ જવા નીકળ્યા. શંકરરાવ માર્કન્ડ એમનાં પત્ની સાથે યાત્રામાં જોડાયેલા. હંપી, વિરૂપાક્ષ તથા શૃંગેરીની યાત્રા દરમિયાન તો મહારાજશ્રી પણ સ્વામીજીની સાથે હતા. પ્રવાસ માટે આરક્ષિત કંપાર્ટમેન્ટની સગવડ કરેલી એટલે સ્વામીજીની યાત્રા સુખપ્રદ રહેલી. શ્રીશૈલમ્‌ જતાં સ્વામીજી સોલાપુરના સ્ટેશનેથી પસાર થવાના હતા. એની જાણ એમના સાધકોને થતાં તેઓ સૌ સ્વામીજીનાં દર્શનાર્થે સ્ટેશને ઊમટી પડ્યા. તેઓએ પૂરા ભક્તિભાવથી સ્વામીજીનું પૂજન કર્યું. સ્વામીજીનાં દર્શનનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવા બદલ

તેઓ સૌ કૃતાર્થતાનો ભાવ અનુભવી રહ્યા.

ગુંટકલથી દ્રોણાચલમ્ જવા માટે ગાડી બદલવાની હતી. આ ગાડીમાં આરક્ષણ હતું નહીં. વળી શિવરાત્રીને કારણે ગાડીમાં ભારે ભીડ હતી. એટલે શંકરરાવે સ્વામીજી માટે પહેલા વર્ગની ટિકિટ કઢાવી. એમની સાથે યાત્રા કરી રહેલા બીજા અગિયારેક યાત્રાળુઓનો મોટા ભાગનો સામાન સ્વામીજીના ડબ્બામાં ચડાવી દીધો. સ્વામીજી સિવાયના જ્યાં જગા મળી ત્યાં ગોઠવાઈ ગયા.

દ્રોણાચલમ્ સ્ટેશને ગાડી ઊભી રહી એટલે તરત એક ટિકિટ ચેકર સ્વામીજીના ડબ્બામાં ઘૂસ્યો ને સ્વામીજી પાસે ટિકિટની માગણી કરી. ટિકિટો તો બધી શંકરરાવ પાસે હતી અને એ તો ત્રીજા વર્ગના ડબ્બામાં બેઠા હતા. એટલે સ્વામીજીએ ટિકિટ ચેકરને કહ્યુંઃ "ટિકિટ મારા માણસો પાસે છે. તે હમણાં આવશે એટલે તમને ટિકિટ બતાવશે." પણ ચેકર તો ગુસ્સે થઈને ગમે તેમ બોલવા લાગ્યો અને બધાંને પોલીસને હવાલે કરી દેવાની ધમકી આપવા માંડ્યો. એણે તો "પોલિસ, પોલિસ"ની બૂમો પાડીને બે ત્રણ પોલીસોને ભેગાય કર્યા. સ્વામીજી તો શાંત ચિત્તે મૌન ધારીને ચેકરનો ખેલ જોઈ રહ્યા હતા.

દરમિયાનમાં શંકરરાવ સ્ટેશન માસ્ટરને મળ્યા ને બધી હકીકત વિગતે જણાવી. સ્ટેશન માસ્ટર એમની વાતથી સંતુષ્ટ થયા. એમણે ચેકરને ઊપડતી ગાડીમાં રવાના કરી દીધો તથા સ્વામીજીને નમન કરીને ચેકરની ઉદ્ધતા બદલ ક્ષમા માગી. સ્વામીજીએ પ્રત્યુત્તરમાં કહ્યુંઃ "તમારા ચેકરે એની બુદ્ધિ પ્રમાણે વર્તન કર્યું છે. એના વર્તન તરફ લક્ષ્ય આપવાની જરૂર નથી."

દ્રોણાચલમ્થી નંદ્યાળ સૌ બસ દ્વારા ગયા. અહીં પણ સુમાર વિનાની ભીડ હતી. સ્ટેશનની નજીકમાં એક કન્યાશાળા હતી. શંકરરાવે પટાવાળા પાસેથી આચાર્યના નિવાસની માહિતી મેળવી લીધી. પછી આચાર્યને મળીને

નિશાળમાં ઉતારો કરવાની પરવાનગી મેળવી લીધી. આચાર્યે ઉતારાની છૂટ આપવા બદલ શંકરરાવે તેમનો આભાર માન્યો તથા શાળાની વિદ્યાર્થિનીઓના નાસ્તા માટેની રકમ ભેટ તરીકે આચાર્યને આપી. પટાવાળાને પણ એની સેવા બદલ શંકરરાવે નાનકડી ભેટ આપી. ને આમ બધા માટે ઉતારાની સુવિધા શંકરરાવે એમની કુનેહથી અજાણ્યા મુલકમાંય ઊભી કરી. અહીં બધાએ મુસાફરીનો થાક ઉતાર્યો તથા આગળના પ્રવાસ માટે ફરી તાજા થઈ ગયા.

નંધ્યાળથી પેદ્દાચરુનો પ્રવાસ બળદગાડામાં કરવાનો હતો. બધા નિરાંતે બળદગાડાંમાં બેસીને પ્રવાસની મઝા માણી શકે એ કારણે શંકરરાવે ત્રણ બળદગાડાંની વ્યવસ્થા કરી. પ્રવાસ દરમિયાન સૌને સ્વામીજીના સાન્નિધ્યનો અમૂલ્ય લાભ મળતો હતો, એ આ પ્રવાસની વિશેષ ઉપલબ્ધિ હતી. બળદગાડાંનો પ્રવાસ રાત પડતાં આરંભાયો . સ્વામીજી જે ગાડામાં બેઠા હતા એમાં શંકરરાવ, એમનાં પત્ની તથા નારાયણરાવને બેસવાનો લાભ મળ્યો હતો. સ્વામીજીની જ્ઞાનપ્રચુર વાતો સાંભળતાં તેઓ ધરાતા નો'તા.અગાઉ આવા જ એક પ્રવાસમાં સ્વામીજીને જે અનુભવ થયો હતો તે તેઓશ્રીએ શંકરરાવ તથા એમની સાથે ગાડામાં બેઠેલાંને કહી સંભળાવ્યો.

"એકવાર હું આ રીતે ગાડામાં બેસીને પ્રવાસ કરી રહ્યો હતો. મારી સાથે બે સામાજિક કાર્યકરો પણ પ્રવાસ ખેડી રહ્યા હતા. મારાં ભગવાં વસ્ત્રો જોઈને બેમાંના એકે મને કહ્યું: 'સ્વામીજી, આપ જેવા સંન્યાસીઓ તો જગતને બ્રહ્મસ્વરૂપ લેખો છો, તો પછી હિન્દુ મુસ્લિમ એકતા માટે આપ કેમ કોઈ પ્રયાસ કરતા નથી ? આર્યસમાજીઓ તો કૂપમંડૂક વૃત્તિના છે. આચાર્યની પરંપરા ઉદારમતવાદી છે. આપ જેવા સંતોને તો હિન્દુઓ ગુરુ માને છે. આપ કહેશો તો હિન્દુઓ માનશે.' મેં એની વાત સાંભળ્યા પછી એક ઉદાર મતવાદી હિંદુએ હિન્દુમુસ્લિમ એકતા માટે કરેલ પ્રયાસ કહી સંભળાવ્યો. એક ઉદારમતવાદીએ હજારો (આજે તો લાખો) રૂપિયા ખર્ચીને એક શિવાલય બનાવડાવ્યું. ને એ મંદિર બધા જ ધર્મના લોકો માટે ખુલ્લું છે એમ એક

સમારંભમાં કહ્યું. પણ મુસ્લિમો મૂર્તિપૂજાના વિરોધી હોવાને કારણે એક પણ ઈસ્લામધર્મી એ મંદિરમાં ગયો નહીં. આથી મંદિરના નિર્માણકર્તાને ભારે ખેદ થયો. એણે એ મંદિર તોડી પડાવ્યું ને ત્યાં મસ્જિદ બનાવડાવીને એ મસ્જિદમાં અન્ય ધર્મના લોકોને પણ પ્રાર્થના માટે પ્રવેશવાની છૂટ છે એમ જાહેર કર્યું. એ મસ્જિદમાં મુસલમાનો તો આવતા થયા પણ એકે ય હિન્દુ ત્યાં પ્રાર્થના કરવા ગયો નહીં. એથી પેલા ગૃહસ્થે એ મસ્જિદને પણ તોડી પડાવી ને જ્યાં બધા જ ધર્મીઓ જઈ આવી શકે એવું સ્થાન બનાશ્વવા વિચારતો રહ્યો. બહુ વિચારને અંતે એ ગૃહસ્થે એ જગાએ શૌચાલય બંધાવ્યું ને એ સાર્વજનિક છે એવું પાટિયું શૌચાલયની દીવાલ પર લગાવડાવ્યું. બીજા જ દિવસથી બધી જ કોમના–ધર્મના લોકો એનો ઉપયોગ કરતા થઈ ગયા. આ વાત સાંભળ્યા પછી પેલા સામાજિક કાર્યકર ચૂપ થઈ ગયા."

બળદગાડા દ્વારા મંડળી પેદ્દાચરુ સવારે નવેક વાગે પહોંચી. ગાડાના પ્રવાસને કારણે બધાં ખૂબ થાકી ગયાં હતાં. કેટલાકની તો કમર દુઃખવા માંડી હતી. ગઈકાલે અગિયારસને કારણે બધાંએ ઉપવાસ કર્યો હતો. આવતીકાલે શિવરાત્રીને કારણે પાછો ઉપવાસ કરવાનો હતો. અહીંથી શ્રીશૈલમ્ પહોંચવા માટે હજી દસેક માઈલનું અંતર કાપવાનું બાકી હતું. માર્ગમાં ત્રણ ડુંગરાઓ ચડવાના હતા. પ્રવાસીઓમાં એક હૃદયરોગી મહિલા હતી. એક વૃદ્ધા હતી. બે પ્રવાસીઓ અશક્ત હતા. સાથે વળી આઠ–દસ માણસો માટેનું સીધુંસામાનના કોથળા હતા.

પેદ્દાચરુમાં ઉતારાની જગા સારી મળી ગયેલી. ઉતારાની જગા આપનાર સદ્ગૃહસ્થ ખ્રિસ્તી ધર્મના હતા. યાત્રા દરમિયાન પણ ધર્મના આચરણ બાબતે શિથિલતા સ્વામીજી ચલાવી લેતા નહીં. તેઓ સૌને કહેતા: *"મરણના ભયથી પણ ધર્માચરણ છોડવું જોઈએ નહીં. યાત્રા દરમિયાન તો વિશેષ ચુસ્તપણે ધર્મનું પાલન થવું જોઈએ.* ધર્માચરણ આપણા કલ્યાણ માટે હોય છે." બધાએ પોતપોતાનાં નિત્યકર્મો કર્યાં . અબોટિયાં પહેરીને રસોઈ કરવામાં આવી હતી.

તેવી જ રીતે અબોટિયાં પહેરીને ભોજન લેવામાં આવ્યું હતું. રસોઈ કરતી વખતે તથા ભોજન લેતી વખતે પવિત્રતા તરફ સ્વામીજી પૂરતું ધ્યાન રાખતા.

અહીંથી શ્રીશૈલમ્‌નો પ્રવાસ પગપાળા કરવાનો હતો. સામાન માટે ગધેડાં ભાડે કરવામાં આવ્યાં. સ્વામીજીએ કહ્યું: "આગલા જન્મમાં આ પ્રાણીઓએ કશુંક સત્કર્મ કર્યું હશે તે આ જન્મે યાત્રાળુઓની સેવા કરવાનો એમને લાભ મળ્યો." શ્રીશૈલમ્ પહોચતાં રાતના નવ વાગી ગયેલા. શ્રીદત્તોપંત અને નારાયણ મોઘેએ આગળ જઈને ભોજન તથા ઉતારાની સગવડ કરી રાખેલી. જો અગાઉથી ઉતારાની સગવડ ન કરી હોત તો દોઢ–બે લાખની મેદનીને કારણે આ બધાંને ગમે ત્યાં મુકામ કરવાની ફરજ પડત. બીજે દિવસે શિવરાત્રીને ટાણે કેટલાકે પાતાળગંગામાં સ્નાન કરવાનો કાર્યક્રમ ગોઠવી કાઢ્યો. શ્રીદત્તાત્રેયના ત્રીજા અવતારી પુરુષ શ્રીનૃસિંહ સરસ્વતી સ્વામી આ જ પાતાળગંગામાંથી કર્દળીવનમાં ગયાનો ઉલ્લેખ ગુરુલીલામૃતમાં છે. પાતાળગંગા જવા માટે ઘણું નીચે ઊતરવું પડે છે. શંકરરાવે સ્વામીજી માટે ડોલીની વ્યવસ્થા કરેલી.

સ્નાનાદિ પરવારીને સ્વામીજી મલ્લિકાર્જુન મંદિરમાં દર્શને આવ્યા. મંદિરમાં ભારે ભીડ હતી. સ્વામીજી મંદિરમાં પ્રવેશવા જતા હતા ત્યાં પોલિસ ઈન્સ્પેક્ટરે એમની પાસે પ્રવેશ પાસની માંગણી કરી. સ્વામીજીએ કહ્યું: "અમારા પાસ માટે શ્રીશૈલજીને પૂછો. આ તો સંન્યાસીઓનું સ્થાન છે. સંન્યાસી તો ચારે વર્ણોના ગુરુ છે. તમારા ગુરુ પાસે પાસ માગતાં શરમ નથી આવતી તમને?" સ્વામીજીની વાત સાંભળીને પોલિસ ઈન્સ્પેક્ટર શાંત થઈ ગયો. સ્વામીજી મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગનાં દર્શન કરીને બહાર આવ્યા ત્યારે પોલિસ ઈન્સ્પેક્ટરે એમને પ્રણામ કર્યાં તથા પોતાના અવિવેક બદલ ક્ષમા માગી. નારાયણરાવ બધાથી થોડાક પાછળ રહી ગયેલા. એમને પોલિસ ઈન્સ્પેક્ટરે અટકાવ્યા. એમણે જ્યારે કહ્યું કે પોતે સ્વામીજીની સાથે આવ્યા છે ત્યારે એમને પણ ઈન્સ્પેક્ટરે મંદિરમાં પ્રવેશવાની રજા આપી દીધી. આવો હતો સ્વામીજીનો પ્રભાવ !

અહીંથી વિરૂપાક્ષ જવા માટે ફરીથી બળદગાડાનો આશરો લેવો પડ્યો. રસ્તામાં આવતા હનુમાનજીના એક મંદિરે સૌ થોડો વખત રોકાયાં ને સ્નાનાદિ પતાવીને આગળ ચાલ્યાં. એ જ સાંજે બધાં મહાનંદી પહોંચ્યાં. અહીં પ્રભુ શિવનું સ્થાન અતિ રમણીય છે. નંદીનું શિલ્પ પણ પ્રેક્ષણીય છે. અહીં અન્નક્ષેત્ર પણ છે. અબોટિયામાં તૈયાર કરેલું મદ્રાસી ભોજન યાત્રાળુઓને અહીં માણવા મળે છે. અહીં રાત રોકાયા પછી મંડળી બળદગાડામાં પ્રવાસ કરતી હંપી પહોંચી.

વિરૂપાક્ષની પૂજા

હંપીનું પ્રસિદ્ધ મંદિર બેઝવાડા રેલવે સ્ટેશનથી ત્રણેક માઈલને અંતરે આવેલું છે. વિજયનગર સામ્રાજ્યનાં જીર્ણશીર્ણ ખંડેરો હંપીથી ત્રણેક માઈલ દૂર વેરવિખેર પડેલાં જોવા મળે. પ્રાચીન કિષ્કિંધા નગરી તથા મહાકવિ વાલ્મિકીએ ઉલ્લેખેલ પંપા સરોવર પણ હંપીની નજીકમાં આવેલાં છે. અહીં મહારાજશ્રી (વામનરાવ) સ્વામીજી સાથે પ્રવાસમાં જોડાવાના હતા. સ્વામીજીએ એમની તપાસ કરાવી. એક બંધ ઓરડીમાં મહારાજશ્રીનો સામાન એમની શોધમાં નીકળી પડેલા નારાયણરાવની નજરે પડ્યો. સવારનો સમય હતો એટલે મહારાજશ્રી ફરવા ગયા હતા. તેઓ પાછા ફર્યા ત્યારે એમને સ્વામીજીના આગમનની જાણ થઈ. તેઓ સ્વામીજીને મળવા દોડી ગયા ને એમને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. વિરૂપાક્ષ મંદિરના એક ખંડમાં સૌએ મુકામ કર્યો. પછી સૌ તુંગભદ્રા નદીમાં સ્નાન કરવા ગયાં. સ્નાન કર્યા પછી તેઓ ઉપાસનામાં લાગી ગયાં.

દક્ષિણના દ્રવિડ બ્રાહ્મણો ગૌડ બ્રાહ્મણોને પોતાનાથી નીચા ગણે છે. સ્વામીજી ગૌડ બ્રાહ્મણ હતા એટલે તેઓ મંદિરમાં પૂજા કરવા જાય એ સામે મંદિરના વ્યવસ્થાપકોએ વાંધો ઉઠાવ્યો. સ્વામીજીએ તેમને જણાવ્યું: "વિરૂપાક્ષ મંદિરની સ્થાપના જ સંન્યાસીઓની સુવિધા માટે કરવામાં આવેલી છે.

સંન્યાસીઓને પ્રાંતીય – પ્રાદેશિક બંધનો હોતાં નથી. પ્રાદેશિક ભેદો દૂર કરવા જ આદ્ય શંકરાચાર્યે ભારત વર્ષનો પ્રવાસ ખેડેલો ને સનાતન ધર્મ એક જ છે એમ પ્રતિપાદિત કરેલું. મંદિરના વ્યવસ્થાપકોનું કામ તો અહીં આવતા યાત્રાળુઓ, સાધુસંતોને પૂજાવિધિ માટે જરૂરી વ્યવસ્થા પૂરી પાડવાનું છે, એમને એમના પૂજાવિધિમાં સહાયભૂત થવાનું છે. એને બદલે તમે લોકો તો અવરોધો ઊભા કરો છો એ કેટલું યોગ્ય લેખાય? " સ્વામીજીની વાત સાંભળ્યા પછી વ્યવસ્થાપકોની સાન ઠેકાણે આવી અને તેમણે પૂરા આદરપૂર્વક સ્વામીજીને પૂજા માટેની ઉત્તમ સુવિધા પૂરી પાડી. સ્વામીજીએ એકસો આઠ બીલીપત્રથી વિરૂપાક્ષની પૂજા કરી. આ સ્થળે સૌ ત્રણેક દિવસ રોકાયેલાં. એ ત્રણે દિવસો દરમિયાન એમને વ્યવસ્થાપકો તરફથી પૂરો સહકાર મળી રહેલો.

અહીંના રોકાણ દરમિયાન સૌએ નજીકનાં ખ્યાતનામ સ્થળોની મુલાકાત પણ લીધી. તેઓ વિજયનગરના અવશેષો, કિષ્કિંધા નગરી, વાલી પર્વત, પંપા સરોવર, મારુતિનું જન્મસ્થાન તથા વિદ્યારણ્ય કે જ્યાં સ્વામીજીએ ગાયત્રીનું પુરશ્ચરણ કરેલું એ સ્થળે જઈ આવ્યાં. કિષ્કિંધા નગરીની જગાએ કેટલીક ગુફાઓ જોવા મળે છે. પંપા સરોવરને સ્થાને એક કુંડ છે. અંજનિ પર્વત પરથી નીચે ઊતરીને એક ખડક પરથી દેખાતી ગુફા એ મારુતિનું જન્મસ્થાન છે, એમ ત્યાંના વૈરાગી બાબા કહે છે.

અહીંથી સ્વામીજી સાથે સૌ કાર્તિકેયનાં દર્શનાર્થે લોહાદ્રિ પર્વત પર ગયા. આ પર્વત પરથી નીચે નજર નાંખતાં લાલ, પીળી, લીલી અને શ્વેત માટીવાળી ભૂમિનાં દર્શન થાય છે. આ પર્વતના ઢોળાવ પર સુવાસિત ઘાસ થાય છે. તેમાંથી અહીંનો રહીશો રોશેન તેલ કાઢી તે વેચવાનો ધંધો કરે છે. આ તેલ સુગંધી દ્રવ્યોમાં તેમ જ કેટલાંક ઔષધોમાં કામમાં આવે છે. દેશવિદેશમાં એ તેલની ઘણી માગ રહે છે. લોહાદ્રિ પર્વત પરની કાર્તિકેયની મૂર્તિ છ એક ફૂટ જેટલી ઊંચી છે. મૂર્તિ ખૂબ કલાત્મક છે. મંદિરમાં પૂજાના નિયમો ખૂબ કડક છે. એ નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. દર્શનાર્થીઓને ગર્ભગૃહમાં

પ્રવેશવાની છૂટ નથી હોતી.કાર્તિકેયનાં દર્શન સાથે આ યાત્રા સમાપ્ત થઈ.

યાત્રાની સમાપ્તિ સાથે એમણે સાથે લીધેલ સીધું પણ સમાપ્ત થઈ ગયું હતું. સીધુંસામાન મેળવવાનું ઘણું મુશ્કેલ હતું. રેશનિંગના એ દિવસો હતા. વળી અહીંની ભાષા કોઈને આવડે નહિ ને અહીંના લોકો હિન્દી સમજે નહીં. એક વેપારી થોડું ઘણું હિન્દી સમજતો હતો. એની પાસેથી ગમે તે ભાવે સીધું ખરીદવાની તૈયારી યાત્રાના વ્યવસ્થાપકોએ બતાવી. પણ વેપારી ભલો નીકળ્યો. એણે કહ્યું: "તમે સૌ યાત્રાળુઓ છો. તમારી પાસેથી વધારે લાભ લઈને મારે પાપમાં નથી પડવું." એણે જોઈતું બધું જ વાજબી ભાવે જ આપ્યું.

યશવંતનગરમાં નારાયણરાવને પગમાં વાઢિયાની તકલીફ વધી પડી. તેઓ તાપમાં ભર બપોરે ઉઘાડે પગે કૂવામાંથી પાણી કાઢીને લાવતા હતા. એ કારણે એમને આ તકલીફ થયેલી. તેમણે મહારાજશ્રીને પોતાની તકલીફ કહી સંભળાવી. મહારાજશ્રીએ સ્વામીજીની અનુમતિ લઈને ઘરભેગા થવાની સલાહ નારાયણરાવને આપી. એ મુજબ નારાયણરાવ સ્વામીજીની અનુમતિ લેવા ગયા. એમણે સ્વામીજીની સેવામાં કોઈ ઊણપ રહી ગઈ હોય તો ક્ષમા કરવા સ્વામીજીને પ્રાર્થના કરી. સ્વામીજીએ કહ્યું: "ભૂલ થઈ એવું લાગે છે એ જ ભૂલ છે. 'હું' અને 'તું' એમ લાગવું એ જ ભૂલ છે. તમારી પાસેથી જે સેવા લઈ શકાય એવી હતી એ સેવા અમે લીધી છે. તમે ગુરુની ગમે તેવી સેવા કરો તોય એનું ફળ ગુરુ સારું જ આપે છે," કહી સ્વામીજીએ તેમને ઘેર પાછા ફરવાની મંજૂરી આપી. અહીંથી બધાં શૃંગેરી મઠ ગયાં પરંતુ સ્વામીજી ગૌડ બ્રાહ્મણ હોવાને કારણે વ્યવસ્થાપકોનું વર્તન ઉદાસીનતાભર્યું રહ્યું. એટલે સ્વામીજીએ મઠની બહાર મુકામ કરવાનું ઉચિત લેખ્યું. શ્રીશારદામાનું પૂજનઅર્ચન કરીને સૌ ત્યાંથી શિમોગા જવા રવાના થયાં ને શિમોગાથી પૂના આવી પહોચ્યાં. આ રીતે દક્ષિણની યાત્રા સંપન્ન થઈ.

પૂનામાં સ્વામીજીનો મુકામ નારાયણ પેઠમાં હતો. એકવાર તેમને બહાર જવું હતું એટલે તેમણે ભાલચંદ્રને ઘોડાગાડી લઈ આવવા કહ્યું. ભાલચંદ્ર ઘોડાગાડીની શોધમાં ખૂબ ભટક્યો પણ તે દિવસે એને ક્યાંય મળી નહી. ઘોડાગાડીની શોધમાં દોડાદોડ કરતાં એ અચાનક ચક્કર ખાઈને પડી ગયો. એના હાથપગ ઊછળતા હતા તથા મોંમાથી ફીણ નીકળતું હતું. આજુબાજુના લોકો દોડી આવ્યા. કોઈએ ડુંગળી સૂંઘાડવા માંડી તો કોઈએ મોં પર પાણી છાંટ્યું. પણ કશો ફેર પડ્યો નહીં. આખરે એને ઘેર સમાચાર આપવામાં આવ્યા. ત્રણ ચાર જણે તેને ઉપાડીને ઘર ભેગો કર્યો. કોઈકે એમોનિયાની બાટલી એના નાક આગળ ધરી. એમ કરવા જતાં પ્રવાહી નાક પર ઢળ્યું ને ત્યાં ફોલ્લો ઊપસી આવ્યો. સ્વામીજીને ભાલચન્દ્રની સ્થિતિની જાણ થતાં તેઓ તેની પાસે દોડી આવ્યા. મહારાજશ્રી પણ સાથે હતા. ભાલચંદ્ર તો બેહોશ સ્થિતિમાં પડ્યો હતો. સ્વામીજીએ એની પાસે જઈને ઘડીક એની સામે જોયા કર્યું ને પછી બૂમ મારીઃ "ભાલુ?" ટોળામાંથી કોઈક બોલ્યુંઃ "એ બેભાન થઈ ગયો છે." સ્વામીજીએ હાથને ઈશારે બોલનારને મૌન રહેવા સૂચવ્યું ને ફરી ભાલુને બૂમ મારી. બીજી બૂમ પડતાં જ ભાલચંદ્રે આંખ ઉઘાડી. નજર સમક્ષ સ્વામીજીને ભાળીને તે ફટ ઊભો થઈ ગયો ને સ્વામીજીનાં ચરણોમાં પડ્યો . સ્વામીજીએ તેને થોડીવાર સૂઈ રહેવા કહ્યું.

જે કામ એમોનિયા કે બીજા ઉપચારો ન કરી શક્યા એ કામ સ્વામીજીની કૃપાદૃષ્ટિથી થઈ શક્યું. એથી ઘણાને આશ્ચર્ય થયું. "સ્વામીજી, આ તો ચમત્કાર કહેવાય," નારાયણરાવે કહ્યું. ત્યારે સ્વામીજી બોલ્યા : " જે કોઈ હાથીના જીવને તથા કીડીના જીવને જોઈ શકે છે તે આવા ચમત્કારો સર્જી શકે છે. થોડીવાર પછી આ દવા ભાલચંદ્રને આપજો , " એમ કહીને સ્વામીજી ત્યાંથી વિદાય થયા.

આશ્રમના મકાનની વાસ્તુશાંતિ

શંકરરાવ માર્કન્ડે સન ૧૯૪૫માં રામેશ્વરની યાત્રા સ્વામીજીના સાથમાં સપરિવાર કરી. એ પછી કાશીના આશ્રમ માટેની જમીનની ખરીદીનો દસ્તાવેજ થયો. પોતાનો આર્થિક ઉદય સ્વામીજીની કૃપાથી થયો હતો એમ તેઓ દૃઢપણે માનતા. તેથી સ્વામીજીને પ્રસન્ન રાખવા તેઓ સદા તત્પર રહેતા.

સન ૧૯૪૬માં મહાશિવરાત્રીના પર્વ ટાણે શંકરરાવે શ્રીશૈલમ્‌ની યાત્રા કરી. આ યાત્રા વખતે પણ સ્વામીજી તેમની સાથે હતા. એમને બદરીનાથ, કેદારનાથની યાત્રા કરવાનોય વિચાર આવ્યો. એમણે સ્વામીજી સમક્ષ પોતાનો વિચાર પ્રગટ કર્યો. એ અરસામાં મહારાજ હિંગોલી જવાના હતા. દરમિયાન કાશીમાં આશ્રમનું મકાન બાંધવાની તૈયારી પૂરજોશમાં ચાલતી હતી. ને આમ એકવીસમી ઓગસ્ટે આશ્રમના બાંધકામનો આરંભ કરવામાં આવ્યો. મકાનનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું એટલે બદરી–કેદારની યાત્રા તે પૂરતી મુલતવી રાખવામાં આવી. સ્વામીજીની તબિયત પણ થોડી બગડી હતી. એમાં વળી પાંડે ઘાટ પરનું મકાન છોડીને સ્વામીજી સોનાપુરાની જગામાં રહેવા ગયા. રહેઠાણ બદલવાનું કારણ જણાવતાં તેઓએ ૨૪–૮–૪૬ના પત્રમાં લખેલું:

નારાયણ....

ઘરમાલિકના દીકરાના ખરાબ વર્તનને કારણે મારે એ મકાન છોડવું પડ્યું છે. મેં બીજો માળ ભાડે રાખેલો. તળ મજલે ઘર માલિકની દીકરી, જમાઈ વગેરે મળીને બીજાં પાંચેક માણસો રહેતાં હતાં. એ લોકો મને રોજ પાણીની બાબતે હેરાન કરતાં હતાં. ક્યારેક અપશબ્દો પણ બોલતાં. બીજું ભાડાનું મકાન મળતું ન હતું એટલે હું નિઃસહાય થઈને મૂગે મોંએ આ ત્રાસ સહન કરતો હતો. મકાન માલિકનો પૌત્ર ઉપરની અગાશીમાં જઈને રોજ રસોઈ કૂદકા મારતો. એથી મને ઘણો ત્રાસ થતો. એક દિવસે મેં એને અગાશી કૂદવાની ના પાડી ત્યારે મકાન માલિક અને એનાં બધાં સગાં મારી સાથે

લડવા આવ્યાં. આવું બધું કાંઈ આપણને અનુકૂળ આવે નહીં. તેથી એ મકાન મેં છોડી દીધું."

આશ્રમના મકાનનું બાંધકામ પૂરઝડપે ચાલતું હતું. શંકરરાવ એ કારણે વારંવાર કાશીની મુલાકાતે જતા આવતા. જરૂરી સિમેન્ટનો કોટા મળી જાય તો મકાનનું બાંધકામ એ વર્ષના સપ્ટેમ્બરમાં પૂરું થઈ જાય એમ હતું. એ અરસામાં સ્વામીજીએ શંકરરાવને લખેલ પત્રમાં જણાવ્યું: "આશ્રમનું મકાન તૈયાર થતાં જ ત્યાં રહેવા જવાનો છું. ત્યાં સુધી જ્યાં રહું છું એ સ્થળની મુશ્કેલીઓ સહન કર્યે જ છૂટકો."

મહારાજ ડિસેમ્બરમાં પૂનાથી સોલાપુર ગયા હતા. સોલાપુરથી હૈદ્રાબાદ થઈને તેઓ આજેગાંવ પહોંચ્યા. અહીં મહારાજશ્રીનો ષષ્ટિપૂર્તિ સમારંભ ઊજવવામાં આવ્યો. હોમ, હવન ઈત્યાદિને કારણે વાતાવરણ ભક્તિભાવથી ભર્યું ભર્યું થઈ ગયું. મહારાજશ્રીનાં સૌ સ્વજનો, સ્નેહીઓએ એમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી. મહારાજશ્રીએ સ્વામીજીને ગુરુદક્ષિણા તરીકે અગિયાર રૂપિયા મોકલ્યા તથા તેઓના આશીર્વાદ માટે યાચના કરી. સ્વામીજીએ વળતી ટપાલે એમના આશીર્વાદ મહારાજશ્રીને પાઠવ્યા. પત્રમાં એમણે આશ્રમનું મકાન તૈયાર થઈ ગયાના શુભ સમાચાર પણ જણાવ્યા હતા.

એ જ વર્ષના માગસર વદ ચોથ ને ગુરુવારે પુષ્યનક્ષત્રમાં ગુરુપુષ્યામૃત યોગ પર આશ્રમના મકાનની વાસ્તુશાંતિ, શંકરાચાર્યજીના વરદ હસ્તે સંપન્ન થઈ. (તા. ૧૨–૧૨–૪૬ના રોજ) સ્વામીજીને સમારંભો બહુ ગમતા નહીં. એટલે વાસ્તુવિધિ ખૂબ સાદાઈથી કરવામાં આવી. એટલે જ આમંત્રિતોની સંખ્યા પણ મર્યાદિત રાખવામાં આવેલી. આશ્રમના મકાનના નિર્માણમાં જેણે પ્રારંભથી તે અંત સુધી ભારે જહેમત ઉઠાવી હતી એ શંકરરાવ માર્કંડ વાસ્તુ પ્રસંગે ઉપસ્થિત રહી શક્યા નહીં. વાસ્તુના શુભદિને શંકરરાવ નાગપુરમાં

હતા. સ્વામીજીનો પત્ર મળતાંની વારમાં તેઓ કાશી જવા રવાના થયેલા પણ પત્ર થોડોક મોડો મળ્યો એટલે શું થાય ? મહારાજશ્રી પણ આ શુભ અવસરે ઉપસ્થિત રહી શક્યા નો'તા. પછીના શુક્રવારે વદ પાંચમે સ્વામીજી આશ્રમના મકાનમાં રહેવા ગયા. પોતાના ગુરુવર્ય માટે આશ્રમ સ્થાપીને શંકરરાવે આ રીતે પોતાની ગુરુભક્તિ પ્રગટ કરી.

બદરીનાથની યાત્રા

૧૯૪૭ના જાન્યુઆરીની છટ્ઠી તારીખે સ્વામીજીએ શંકરરાવને પત્ર લખેલો. પત્રમાં સ્વામીજીએ પૂના આવીને ડો. બેન્દ્રેની સારવાર લેવાનું જણાવેલું. પત્ર મળતાં જ શંકરરાવે સ્વામીજીનો મુકામ માગોરા કંપની સાથેના 'પાડુરંગ નિવાસ'માં ગોઠવ્યો. નિવાસની વ્યવસ્થા થયાના સમાચાર મળતાં જ સ્વામીજી મકરસંક્રાંતિને આગલે દિવસે પૂના આવી ગયા. સ્ટેશન પર સ્વામીજીના સ્નેહીઓ, સાધકો તેમના સ્વાગત માટે હાજર હતા. સ્ટેશનથી શંકરરાવને ત્યાં થઈને તેઓ પાંડુરંગ નિવાસે પહોંચી ગયા. ડો.બેન્દ્રેએ સ્વામીજીને તપાસ્યા. સ્વામીજીનું લીવર બગડ્યું હતું. એમને ખાંસી પણ થઈ હતી. અશક્તિ પણ ઘણી આવી ગઈ હતી. ડોક્ટરે ઉપચાર શરૂ કર્યા. એટલે ધીમે ધીમે સ્વામીજીની તબિયત સુધરવા લાગી. સ્વામીજીએ સાંજે ફરવા જવાનું પણ શરૂ કરી દીધું. એ દરમિયાન કાકા દામલેનો પૌત્ર દત્તાત્રેય સ્વામીજીની સારી સેવા કરતો રહેલો.

પણ કોણ જાણે કેમ, સ્વામીજી એક સ્થળે લાંબો વખત રહી શકતા જ નહીં. પાડુરંગ નિવાસમાં સ્વામીજી એકાદ મહિનો રહ્યા હશે ત્યાં એક દિવસ એક મરેલો ઉંદર કોઈકની નજરે પડ્યો. એટલે પછી આ જગાએ સ્વામીજીને રાખવા ઠીક નહીં એમ વિચારી તેઓનો મુકામ ૨૦, નારાયણ પેઠમાં ખસેડાયો. ભાલેરાવે સ્વામીજી માટે બધી સુવિધા ઊભી કરી દીધી હતી. મહારાજશ્રી તો ત્યારે આજેગાંવ હતા. એ અરસામાં સ્વામીજીને દાંતનો દુઃખાવો ઊપડ્યો. એ

કારણે એમને ખાવાપીવામાં તકલીફ પડવા લાગી. એમને દાંતના ડોક્ટર પાસે ભાલેરાવ લઈ ગયા. ડો. કિનરેએ બધા જ દાંત કાઢી નંખાવવાની સલાહ આપી. સ્વામીજીને પંચાવનમું વર્ષ ચાલતું હતું. સ્વામીજીએ બધા તો નહીં પણ દુ:ખતા દાંત કાઢી નંખાવ્યા.

૧૯૪૭ના માર્ચ મહિનામાં નાસિકના શ્રી. કુલકર્ણી કાશીની યાત્રાએ આવ્યા.તેઓ વ્યવસાયે વકીલ હતા. તેઓને અધ્યાત્મ તથા યોગશાસ્ત્રમાં સારી રુચિ હતી. તેઓએ કાશીમાં છોટી ગૈબીના આશ્રમની મુલાકાત લીધી. અહી તેમને શ્રીશંકરપુરુષોત્તમતીર્થજીનાં દર્શનનો લાભ અનાયાસ મળ્યો. વકીલે શક્તિપાતની દીક્ષા માટે યાચના કરી. એમને ખ્યાલ ન આવે એ રીતે શંકરપુરુષોત્તમતીર્થજીએ એમને શક્તિપાતની દીક્ષા આપી. *"આ દીક્ષા લેવાદેવાની બાબત નથી. હોવા–મેળવવાની બાબત છે"*, એ સત્યની પ્રતીતિ વકીલને થઈ. એ પછી કુલકર્ણીજી નાશિક પાછા ફર્યા.

નાશિક આવ્યા પછી કુલકર્ણીજી નિયમિત સાધના કરતા રહેલા પણ તેમને સાધના દરમિયાન કોઈ ખાસ વિશેષ અનુભવો થતા નહીં. તેઓ સ્વામીજી તેમ.જ મહારાજશ્રીની ભાળ કાઢતા રહ્યા ને મહારાજશ્રીનું સરનામું મળતાં જ મહારાજશ્રીને શોધતા એ પૂનામાં નારાયણ પેઠના સ્થળે પહોંચી ગયા. અહીં તેમને શ્રીલોકનાથતીર્થ સ્વામીજીનાં દર્શનનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. સ્વામીજીએ કુલકર્ણીને પોતાના ગુરુદેવના ક્ષેમકુશળ પૂછ્યા. એ પછી તેમણે કુલકર્ણીને પોતાની સામે આસનસ્થ થવા જણાવ્યું. સ્વામીજીની સન્મુખ બેસતાં જ એમની સાધનામાં તીવ્ર વેગ આવ્યો. આવી તીવ્રતા સાધના કરતી વખતે અગાઉ કદી અનુભવી નો'તી.

પ્રાણશક્તિ સહેલાઈથી ઊર્ધ્વગામી થતી ન હોય તો ગુરુની શક્તિ તેને પોતાના સ્પર્શ, સાન્નિધ્ય કે સંકલ્પ બળે ઊર્ધ્વગામી કરે છે. પ્રાણને સુષુમ્ણા દ્વારા ઉપર લઈ જવા માટે સાધકના આચારવિચાર વિશુદ્ધ અને સંયમી હોવા

જોઈએ. સાધક સંયમી ન હોય તો સાધનામાં મંદતા આવી જાય છે. સાધકની શ્રદ્ધાભક્તિના પ્રમાણમાં સાધનામાં પ્રગતિ સધાય છે. સાધનામાં મંદતા વરતાવા માંડે ત્યારે સાધક સદ્‌ગુરુનું શરણું શોધે છે. શરણે આવેલા સાધકની સાધનાને ગુરુ પોતાની કૃપાદૃષ્ટિથી ફરી વેગીલી બનાવી દે છે. સ્વામીજીની સન્મુખ બેસતાં કુલકર્ણીની સાધના ઉત્તમ પ્રકારે થઈ. એમનું શરીર ઊછળતું તથા ધૂણતું હતું. એ પ્રફુલ્લતા અનુભવી રહ્યા તથા હળવા ફૂલ થઈ ગયા. એમણે સ્વામીજીને યથાશક્તિ દક્ષિણા આપી. આ વેળા સ્વામીજીએ નાના પાસેથી ગુરુચરિત્રની કથા સાંભળી. કથા સપ્તાહને અંતે ગોરે ભટ્ટજીને ત્યાં બ્રહ્મભોજન ગોઠવાયેલું. ભોજન સમારંભમાં પાંત્રીસેક જણે ભાગ લીધેલો.

આ વર્ષના ફેબ્રુઆરીમાં શંકરરાવે ડેક્કન જિમખાના પાસે આવેલ એક સરસ મકાન ખરીદવા બાનાખત કર્યું. મકાનનું બાનાખત સ્વામીજીની હાજરીમાં થયેલું. મકાન ત્રણ માળનું હતું. એ ભાડે આપવામાં આવે તો ભાડાની સારી કમાણી થાય એમ હતું. શંકરરાવે એ મકાન ૮૦ હજારમાં ખરીદેલું. માર્ચ મહિનામાં તો આ નવા મકાનમાં શંકરરાવ રહેવાય જતા રહ્યા. શંકરરાવે મકાનનું નામ *ગુરુકૃપા* રાખ્યું. આ મકાન ખરીદતાં પહેલાંય એમણે સ્વામીજીની સંમતિ તથા આશીર્વાદ મેળવેલાં.

૧૯૪૭ના એપ્રિલની અઢારમી તારીખે પત્ની, વૃદ્ધ મા તથા સ્વામીજીના સાથમાં શંકરરાવ બદરીનાથની યાત્રાએ ઊપડી ગયા. બધાં માટે પ્રથમ વર્ગની ટિકિટો જ કઢાવી હતી. મહારાજશ્રી એ સમયે આજેગાંવ હતા. ઋષિકેશથી ખરી યાત્રા શરૂ થઈ. સ્વામીજી તથા મા માટે શંકરરાવે બે પાલખીઓની વ્યવસ્થા કરી. પાલખીઓ ફૂલહારથી સરસ સજાવી હતી. તેમાં બેસવાની સુવિધા પણ સારી હતી. સ્વામીજીએ અગાઉ બદરીનાથની યાત્રા પગપાળા ઉઘાડા પગે કરેલી. ત્યારે તેઓ ઉપવાસ કરતા. ટાઢ તાપ વર્ષાની ઉપેક્ષા કરીને હિમાલયની પહાડી પર મન ફાવે એમ વિચરતા.બદરીનાથના માર્ગે પ્રકૃતિએ છૂટે હાથે નૈસર્ગિક સૌન્દર્ય વેર્યું છે. બરફાચ્છાદિત પહાડો, ઊછળતો કૂદતો

ગંગાનો પ્રવાહ ને વસ્તીથી જોજનો દૂરના આ સ્થળની શાંતિ યાત્રીઓના થાકને ક્યાંય દૂર ભગાડી દે છે.

આ મંડળી દેવપ્રયાગ , રુદ્રપ્રયાગ અને પીપળકોટિમાં મુકામ કરતી યાત્રામાં આગળ વધતી રહી. તીર્થોમાં સ્નાનાદિ કરીને સૌ આગળ વધતાં રહ્યાં. આમ જયોતિર્મઠનાં દર્શન કરીને સૌ બદરીનાથ પહોંચ્યાં તથા શ્રાદ્ધવિધિ મહાપૂજા, નૈવેદ્યાદિ કરીને સૌ પાછાં ફર્યાં. બદરીનાથમાં પણ શંકરરાવે સ્વામીજી તથા પત્ની અને મા માટે ઊઠવા બેસવાની સારી સુવિધા કરી હતી. શંકરરાવનાં માતુશ્રીને કેદારનાથનાં દર્શને જવાની ઈચ્છા હતી. સ્વામીજીના સાથમાં કેદારનાથનાં દર્શન થાય એથી અદકું બીજું શું એમ તેઓ માનતાં પણ રુદ્રપ્રયાગ પાસે માતુશ્રીની તબિયત જરા બગડી ને હિમાલયના ખોળે તથા ગંગાના પવિત્ર પ્રવાહની સાક્ષીમાં એમણે જીવનયાત્રા સમેટી લીધી. તેઓ સાચા અર્થમાં કૈલાસવાસી થયાં. શંકરરાવને માની વિદાયથી ઘણું દુઃખ થયું. પણ શું થાય ?

શંકરરાવે અહીંથી પાછા ફરવાનું નક્કી કર્યું ને કેદારનાથની સ્વામીજીની યાત્રા માટે વ્યવસ્થા કરી. પણ પછી સ્વામીજીએ પણ કેદારનાથ જવાનું માંડી વાળ્યું ને તેઓ કાશી રવાના થઈ ગયા. સ્વામીજી કાશીના આશ્રમે પહોંચ્યા ત્યારે મ્યુનિસિપાલિટીની પાણી વેરાની નોટિસો આવીને પડી હતી. ત્રણ મહિનાથી પાણીનો વેરો ભરાયો નો'તો. સ્વામીજી મ્યુનિ.ની ઓફિસે જાતે જઈને વેરો ભરી આવ્યા. આશ્રમની આસપાસ બંગાળી ભાષીઓની ભારે વસ્તી હતી. એ વિસ્તારનું નામ હરિશ્ચંદ્ર ઘાટ હતું. આજુબાજુના લોકો આશ્રમ વિષે મન ફાવે એમ બોલતા રહેતા. આશ્રમમાં કામ કરતા નોકરોને મોં માગ્યો પગાર આપવો પડતો. ઉપરાંત બક્ષીસ પણ આપવી પડતી. આ પછી પણ નોકરો દગો દઈ જતા. એ જ કારણે સ્વામીજી આશ્રમમાં નોકરો રાખવાની વિરુદ્ધમાં હતા. આશ્રમમાં નાનું મોટું કામ પણ બાકી રહી ગયું હતું ને ક્યાંક તોડફોડ પણ થઈ હતી. એ કારણે સ્વામીજીને આશ્રમમાં ઝાઝું ગોઠયું નહી. તેઓ પૂના ચાલ્યા ગયા.

સમાધિ એટલે શું ?

પૂનામાં આ અરસામાં એક દિવસ એક જિજ્ઞાસુ સ્વામીજી પાસે આવ્યો. એ સ્વામીજી તથા ગુરુમહારાજથી પરિચિત હતો. એ જિજ્ઞાસુએ સ્વામીજીને પૂછ્યું : "સ્વામીજી, સાંભળ્યું છે કે આપ કુંડલિની જાગૃત કરી શકો છો. એનાથી સમાધિ લાગે છે. આપ મને આપની સમાધિની અવસ્થા બતાવશો? અમને સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય ખરી?"

આ જિજ્ઞાસુ જેવા ઘણા લોકો અધૂરી જાણકારી ધરાવતા હોય છે. કોઈ પણ વિષય વિષે અડધુંપડધું સાંભળેલું હોય એટલે એને આધારે વિદ્વાનોને પ્રશ્નો પૂછવા મંડી પડે છે. સ્વામીજીને આવા પ્રકારના લોકો દ્વારા પુછાતા અસંબદ્ધ પ્રશ્નો ગમતા નહીં. આમ છતાં, તે દિવસે એમણે પેલા પ્રશ્નકારને જવાબ આપ્યોઃ " જુઓ ભાઈ, અમે કુંડલિની જાગૃત કરી શકીએ છીએ. કુંડલિની જાગૃત થયા પછી તેનું કાર્ય શરૂ થાય છે. પ્રથમ તે સાધકના અનેક જન્મોનાં પાપનો નાશ કરે છે. આ કાર્ય અનેક દિવસો ને ક્યારેક તો અનેક જન્મો સુધી ચાલુ રહે છે. સાધક પાપમુક્ત થતાં તેનામાં એકાગ્રતા આવવા માંડે છે. ત્યારબાદ તેને સમાધિનો અનુભવ થઈ શકે છે. સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવાનું સહેલું નથી.

" આ સાધના માર્ગમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પણ નિયમિત સાધના કરવાથી બધી જ મુશ્કેલીઓ દૂર થઈ જાય છે. હું તમને એક કામ સોંપું છું. આજે સવારે ઊઠ્યા ત્યારથી બે કલાક સુધીમાં જે જે કામ કર્યાં હોય તે બધાં લખીને મને કાલે આપજો. હવે કર્મ ત્રણ પ્રકારનાં હોય છેઃ કાયિક, વાચિક અને માનસિક. આ ત્રણે પ્રકારનાં કર્મોની નોંધ કરીને તમારે મને આપવાની છે. એક પણ કર્મ નોંધમાં રહી જવું ન જોઈએ. કામ સહેલું છે ને ? થઈ શકશે ને તમારાથી ?"

સ્વામીજીની વાત સાંભળીને પેલા જિજ્ઞાસુ તો કશું બોલી શક્યા નહી. એમની મૂંઝવણભરી મનોદશા જોઈને સ્વામીજીએ કહ્યું : " જો બે કલાકનાં કામોનું સ્મરણ આપણને રહેતું નથી તો પછી અગણિત જન્મોનાં કર્મોનું સ્મરણ આપણને શી રીતે રહે ? જેવાં કર્મો તેવાં તેનાં ફળ. કર્મોની ગતિ ઘણી ગહન છે. *આ દિવ્ય સાધનાથી કર્મોનો નાશ ઝડપથી થાય છે. આ સાધના માર્ગ સિવાય અન્ય કોઈ માર્ગ દ્વારા આટલી ઝડપથી કર્મફળો નાશ પામતાં નથી.*

" તમે વામનરાવથી તો પરિચિત છો. તેમનો શુદ્ધ આચાર તમે જોયો છે. એમના જેવો કર્મનિષ્ઠ પુરુષ મારા જોવામાં આવ્યો નથી. તો પણ તેઓ આ સાધના માર્ગના પથિક જ છે. સંત જ્ઞાનેશ્વરે કહ્યું છેઃ "जिये मार्गीचा कापडी । श्री महेशु अर्जूनि।।" (જે માર્ગના પ્રવાસી શ્રીમહેશ હજુયે). પછી બીજાની તો શી વાત ! તમે સાધનમાં શું શું કરો છો ? સમાધિ પહેલાંની પાયાની તૈયારીઓ કર્યા સિવાય બધું નિરર્થક છે. તમારાથી યમનિયમનું પાલન થાય છે કે નહી એ પહેલાં જુઓ." સ્વામીજીએ કરેલ સ્પષ્ટતાથી જિજ્ઞાસુને ખૂબ લાભ થયો ને સ્વામીજીને આદરપૂર્વક નમસ્કાર કરીને એણે વિદાય લીધી

દામલેનો અંતકાળ

સન ૧૯૪૭ના આસો મહિનામાં સ્વામીજીનો મુકામ પૂનામાં હતો. દામલે કાકા માંદા હતા એટલે એમનાં પત્ની એકલાં જ સ્વામીજીનાં દર્શને ગયાં. સ્વામીજીએ દામલેજીના ખબરઅંતર પૂછ્યા. દામલેનાં પત્નીએ પતિની નાદુરસ્ત તબિયતના સમાચાર આપ્યા. એટલે સ્વામીજી તેમની સાથે જ દામલેને ઘેર આવ્યા. સ્વામીજી પોતાની ખબર કાઢવા આવ્યા છે એની જાણ થતાં જ દામલેજી પથારીમાંથી ઊઠીને સ્વામીજી પાસે આવ્યા ને તેઓને પ્રણામ કર્યા ને કહ્યુંઃ "આપ મારી ખબર કાઢવા મારે ઘેર આવ્યા એને હું મારું અહોભાગ્ય સમજું છું. આપે મારે માટે ઘણું કષ્ટ ઉઠાવ્યું. " દામલેજીનાં પત્નીએ સ્વામીજીને ઘી,ખાંડ તથા પાણી આપ્યું. થોડીવાર બેસીને સ્વામીજી વિદાય થયા.

આઠેક દિવસ પછી કાકાનો સુપુત્ર દિગંબર સ્વામીજીનાં દર્શને આવ્યો ત્યારે સ્વામીજીએ કાકાની ખબર પૂછી ને દિગંબર સાથે કાકાને મળવા એમને ઘેર પહોંચી ગયા. આ વખતે કાકાની તબિયત વધારે લથડી ગઈ હતી. એટલે એમનાથી પથારીમાંથી ઊઠી શકાયું નહી. એથી સ્વામીજીનું આસન કાકાની પથારી પાસે જ મૂકવામાં આવ્યું. કાકા દર્દની પીડાથી કણસતા હતા અને " ઓ બા ! ઓ બા ! " એમ થોડી થોડી વારે બોલ્યા કરતા હતા. સ્વામીજીએ તેમને "ઓ બા " ને બદલે "દત્ત દત્ત" નો જાપ જપવાનું કહ્યું. કાકા સ્વામીજીના કહેવાનો ગૂઢાર્થ સમજી ગયા ને તરત 'દત્ત દત્ત ' રટવા મંડ્યા. એમણે સૂતાં સૂતાં જ હાથ જોડીને સ્વામીજીને વંદન કર્યાં. એ પછી સ્વામીજીએ વિદાય લીધી. દિગંબર સ્વામીજીને મૂકવા એમની સાથે ગયો. માર્ગમાં સ્વામીજીએ દિગંબરને કહ્યું: "દિગંબર ! કાકા હવે આઠ દિવસના જ મહેમાન છે. " એ સાંભળીને દિગંબરને ભારે દુ:ખ થયું. એને દુ:ખી થયેલો જોઈને સ્વામીજીએ કહ્યું: "મારી વાત સાંભળીને દુ:ખ થયું ? પણ એથી દુ:ખી થવાનો અર્થ નથી. આ તો સૃષ્ટિનો ક્રમ છે. આપણે તો બને એટલે કાકાની સેવાચાકરી કરવાની. વડીલોની સેવા એ જ ઈશ્વરની સેવા છે. "

સ્વામીજીના કહ્યા મુજબ આઠ દિવસ પછી બરાબર નવમે દિવસે કાકાનો જીવનદીપ બુઝાઈ ગયો. સ્વામીજી દિવ્યદૃષ્ટિથી સમયની પાર જોઈ શકતા. આ જ રીતે તેઓએ ગોરે શાસ્ત્રીનાં પત્ની તેમ જ કિર્લોસ્કરનાં પત્નીના મૃત્યુની પણ ઘણા દિવસો પહેલાં તેમનાં નિકટનાં સ્વજનોને જાણ કરેલી.

સ્વામીજી આખી રાત સમાધિમાં

શ્રીદત્તજયંતી કે શ્રીટેમ્બે સ્વામી મહારાજની પુણ્યતિથિના ઉત્સવ પ્રસંગે મહારાજશ્રી સોલાપુર કે હૈદ્રાબાદ જતા. આ વખતે દત્તજયંતી ટાણે સ્વામીજી પૂનામાં હતા. એમનો મુકામ પૂનામાં શંકરરાવને ત્યાં હતો. રોજ સાંજે સ્વામીજી ફરવા જતા. અહીંનું શિષ્યમંડળ સાંજે ફરવા જવામાં સ્વામીજી સાથે સામેલ

થતું ને તેઓ સાથે ગોષ્ઠિ કરવાનો અમૂલ્ય લાભ લેતું. ફરવાનો સમય સાંજના સાડા પાંચથી સાડા સાતનો રહેતો. શંકરરાવ પણ અનુકૂળતા પ્રમાણે સ્વામીજી સાથે ફરવા જતા. એક દિવસે સ્વામીજી સાંજના સાડાચાર વાગે એકલા જ ફરવા નીકળી પડ્યા. એમની સાથે રોજ ફરવા જતા નાના ભાલેરાવ તથા અન્ય તો સાંજે સાડા પાંચે શંકરરાવને ત્યાં આવી પહોંચેલા. સ્વામીજી પાછા ફરે એની રાહ જોતા સૌ ત્યાં થોભ્યા. સાડા સાત થયા છતાં સ્વામીજી પાછા ન ફર્યા એટલે બધા પોતપોતાને ઘેર પાછા ફર્યા.

તે દિવસે સ્વામીજી સાથે ફરવા જવા માટે શંકરરાવ થોડા વહેલા ઘેર આવી ગયેલા. પણ સ્વામીજી તો વહેલા ફરવા નીકળી ગયેલા એટલે શંકરરાવ થોડા નિરાશ થયા. પણ સ્વામીજી સાડા સાત થવા છતાં પાછા ન ફર્યા ત્યારે એમને ચિંતા થવા લાગી. એમને એવો વિચાર પણ આવી ગયો, એમનાથી કે એમના પરિવારના કોઈ સભ્યથી જાણે અજાણે સ્વામીજીનો કોઈ અપરાધ તો નહીં થઈ ગયો હોય ને ? એમણે ઘરનાં સૌને પૂછીને ખાતરી કરી લીધી. તો પછી સ્વામીજી કેમ આમ એકાએક *ફરવા જાઉં છું* કહીને રોજના કરતાં વહેલા ચાલ્યા ગયા ? એની એમને ચિંતા પેઠી. રાતના નવ થયા તોય સ્વામીજી પાછા ન ફર્યા ત્યારે શંકરરાવ સ્વામીજીની શોધમાં નીકળી પડયા. સ્વામીજીનાં સંભવિત સ્થળોએ તપાસ કરવા છતાં સ્વામીજીની ભાળ મળી નહીં. એટલે તેઓ હતાશ થઈને ઘેર પાછા ફર્યા.

આમને આમ રાતના અગિયાર થયા. શંકરરાવની સાંજની સંધ્યાપૂજા થઈ શકી નહીં. એમનાં પત્નીએ રાંધેલી રસોઈ એમની એમ પડી રહી. પોતે વ્યવસાય અર્થે બપોરે ઘરની બહાર ગયા હતા એ પછી ઘરમાં શી શી ઘટનાઓ ઘટી હતી એ વિષે એમણે પૂછવા માંડ્યું. સ્વામીજીને મળવા કોણ આવ્યું હતું, સ્વામીજી અને મુલાકાતી દર્શનાર્થીઓ વચ્ચે શી વાતચીત થઈ, સ્વામીજીએ કોઈ ચીજવસ્તુની માગણી કરી હતી ? બહાર જતી વખતે સ્વામીજીનો મનોભાવ કેવો હતો? વગેરે પ્રશ્નો શંકરરાવે એમનાં પત્નીને

પૂછ્યા. પત્નીએ બધા પ્રશ્નોના જવાબો આપ્યા. જવાબો પરથી શંકરરાવને લાગ્યું કે કશુંય અજુગતું ઘટ્યું નથી. તો પછી સ્વામીજી આ રીતે કેમ ચાલ્યા ગયા ? એની વિમાસણમાં એ પડી ગયા.

શંકરરાવ નાના ભાલેરાવને મળવા ગયા ને વિગતે વાત કરી. નાનાને જ્યોતિષ વિદ્યાનો સારો અભ્યાસ હતો. એમણે પંચાંગ લઈને પ્રશ્નકુંડળી તૈયાર કરી. કુંડળી પરથી એમણે શંકરરાવને કહ્યું: "કશી ચિંતા કરવાની જરૂર નથી. સ્વામીજી અત્યારે ક્યાં હશે એ હું કુંડળી પરથી કહી શકતો નથી પણ તેઓ ક્ષેમકુશળ છે. તમે નચિંત થઈને ઘેર જાઓ અને નિરાંતે સૂઈ જાઓ."

નાનાને ત્યાંથી આશ્વસ્ત થઈને શંકરરાવ ઘેર આવ્યા ત્યારે રાતના સાડા બાર થઈ ગયા હતા. સાંધ્ય નિત્યક્રમ ઝટપટ આટોપીને તેઓ નિદ્રાધીન થયા. સવારે શંકરરાવે ઊઠીને બારણું ખોલ્યું ત્યારે એમણે સ્વામીજીને સામેથી આવતા જોયા. સ્વામીજીને આવતા ભાળીને એમના આનંદનો પાર ન રહ્યો.

સ્વામીજી આછું મુસ્કરાતા મુસ્કરાતા ઘરમાં પ્રવેશ્યા. તેમણે શંકરરાવનો હાથ ઝાલી લીધો ને કહેવા માંડ્યું: "બહુ મઝા આવી આજે તો. એકલો જ ફરવા નીકળી ગયેલો. મને અંદરથી કોઈક કહેતું હતું એમ હું કરતો હતો. ચાલતાં ચાલતાં ફર્ગ્યુસન કોલેજને બદલે કોમર્સ કોલેજ તરફ પહોંચી ગયો. એ જગા સરસ છે. ગીચ ઝાડી છે. નિર્જન સ્થળ છે. નીરવ શાંતિનો અનુભવ ત્યાં થયો. ત્યાં એક મઝાનું ઝરણું પણ ખળખળ કરતું નિરંતર વહે છે. એ રમણીય સ્થળે ઝરણાને કિનારે કિનારે હું ભટકતો રહેલો. બહુ મઝા આવી ગઈ." આટલું કહેતાં તેમનો ચહેરો આનંદથી પુલકિત થઈ ઊઠેલો. સ્વામીજી હેમખેમ પાછા ફર્યા હતા એનો આનંદ શંકરરાવ અને એમના પરિવારના સભ્યોના ચહેરા પર વિલસતો હતો.

"સાંજનો સમય હતો. આથમતા સૂર્યનાં કિરણો ઝરણાના પાણી પર

રેલાતાં હતાં. એ દૃશ્ય ઘણું મોહક હતું. ઝરણાનો ખળખળ નાદ તથા એમાં ઊઠતાં મોજાંએ મને મંત્રમુગ્ધ કરી દીધો. અલ્લડ ઝરણાના આનંદમાં હું હિસ્સેદાર બની ગયો. ઝરણાના પ્રવાહ સાથે હું આગળ ચાલતો હતો. માર્ગમાં આવતાં વૃક્ષો અને વેલીઓએ મારું મન હરી લીધું. હું જેમ જેમ આ વનપ્રદેશમાં આગળ વધતો ગયો તેમ તેમ અંતરમુખી થતો ગયો. થોડીવાર સુધી આમ ચાલ્યા પછી હું એક વૃક્ષ નીચે બેસી ગયો. પશ્ચિમની ક્ષિતિજે તોળાઈ રહેલો સૂર્ય ક્યારે અસ્ત થઈ ગયો એનોય મને કશો ખ્યાલ રહ્યો નહીં કારણ કે હું મારામાં ખોવાઈ ગયો હતો.

"મેં જયારે આંખો ખોલી ત્યારે સૂર્ય પશ્ચિમની ક્ષિતિજને બદલે પૂર્વની ક્ષિતિજ પર ઝળહળી રહ્યો હતો. સૂર્યને પૂર્વ દિશામાં ભાળીને મને આશ્ચર્ય થયું. મને એકાએક ખ્યાલ આવ્યો કે હું આખી રાત અહીં રહ્યો હતો પણ શંકરરાવ! હું બેઠો બેઠો ઊંઘતો નો'તો. હું સંપૂર્ણ રીતે જાગ્રત હતો. ઘણી મઝા આવી મને એ સ્થિતિમાં. એ આનંદને સમજવા માટે તમને વાર લાગશે. શંકરરાવ, મને ઘણી મઝા આવી. મને હિમાલયની ટેહરી યાદ આવી ગઈ. નિસર્ગના સાન્નિધ્યની મઝા કોઈ ઓર હોય છે."

સ્વામીજીનો આ ભાવસમાધિનો અનુભવ એમના સ્વમુખે સાંભળવાનો લાભ શંકરરાવને મળેલો. એમણે સ્વામીજીને પૂછ્યું: "સ્વામીજી, રાત્રે ઠંડી ન લાગી? આપની પાસે તો માત્ર એક છાટી જ હતી!"

સ્વામીજીએ હસીને જવાબ આપ્યો : " શરીરને ઠંડી લાગી હશે પણ મને તો એનો અનુભવ નો'તો થયો."

સ્વામીજીની આહ્નિકાદિની વ્યવસ્થા કરીને શંકરરાવે નાનાને ઘેર સંદેશો મોકલ્યો:" સ્વામીજી જાતે જ, આપે ભક્તિ કર્યા પ્રમાણે ઘેર આવ્યા. તેઓ આનંદમાં છે. તેઓનો અનુભવ સાંભળવા જેવો છે. તમે બપોરે વહેલા આવશો ત્યારે વિગતે સાંભળવા મળશે. " નાના સ્વામીજીને મળવા આતુર હતા. તેઓ

બપોરે વહેલા સ્વામીજીને મળવા પહોંચી ગયા. સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરીને એમની પાસે બેઠા. સ્વામીજીએ એમનો અનુભવ નાનાને પણ વિસ્તારથી કહી સંભળાવ્યો.

लाली मेरे लाल की जित देख तित लाल ।
लाली देखन में गयी मैं भी हो गयी लाल ।।

–સંત કબીર

શ્રીગુળવણી મહારાજ પૂના આવ્યા ત્યારે નાનાએ આ પ્રસંગ એમને કહી સંભળાવેલો. ત્યારે મહારાજશ્રીએ કહેલું કે સ્વામીજીને ભાવસમાધિ લાગે છે એની એમને ખબર છે.

અધ્યાય:૧૩

ગોપ્રેમી સ્વામીજી

ગો કૂતર હય ખર સહુ, વસ્તુ ચરાચર જેહ ।
દેવધાવથી વંદવી , કરી દૂર સંદેહ ॥

(શ્રીગુરુલીલામૃત, ૪-૯૭)

સ્વામીજીનો દંડગ્રહણવિધિ પુરીના ગોવર્ધનપીઠના આચાર્યની પરંપરામાં થયો હતો. ગોવર્ધનપીઠ ગોસેવાવ્રતધારી પીઠ તરીકે પ્રસિદ્ધ છે. સ્વામીજી સ્વભાવથી જ ગોસેવા વ્રતધારી હતા. તેઓ કાશીમાં સોનાપુરમાં રહેતા હતા ત્યારે એક ઘટના બનેલી.

એક દિવસ તેઓ જાંબવંતસિંહ સાથે ડોલ ખરીદવા બજારમાં જવા નીકળ્યા. ડોલ ખરીદવા માટે એમણે જાંબવંતસિંહને પાંત્રીસ રૂપિયા આપ્યા. રસ્તામાં તેમણે એક ઠેકાણે લોકોનું ટોળું જામેલું જોયું. નજીક જતાં તેમને

જણાયું કે એક ગાય રસ્તા વચ્ચે પડી હતી. ઘણા પ્રયત્નો કરવા છતાં એ ઊભી થઈ શકતી નો'તી. એને ઊભી કરવા લોકો ઘણા પ્રયત્ન કરતા હતા. કેટલાક તો ગાય માટે ઘાસપાણી લઈ આવ્યાં, ને એનાથી સહેજ દૂર મૂક્યાં, જેથી એનાથી લોભાઈને ગાય ઊભી થાય. પણ ગાય એટલી બધી નબળી થઈ ગઈ હતી કે ઘાસપાણીનું પ્રલોભન પણ એને ઊભા થવામાં પ્રેરક બળ ન બની શક્યું.

સ્વામીજી ગાયની દુર્દશા જોઈને ભારે વ્યથિત થયા. એમણે ગાયને ઊભી કરવાનું મનોમન નક્કી કરી નાખ્યું. તેઓ ગાયની પાસે પહોંચી ગયા ને સ્થિર ઊભા રહીને એમણે ગાય સામે એકીટશે દસેક મિનિટ સુધી જોયા કર્યું. સૌના આનંદ આશ્ચર્ય વચ્ચે ગાય કોઈનાય સહારા વિના જાતે જ ઊભી થઈ ગઈ. પછી સ્વામીજી ગાયને ગોશાળામાં લઈ ગયા ને ત્યાંના વ્યવસ્થાપકને સોંપણી કરી તથા ડોલ ખરીદવા માટે સાથે લીધેલા પાંત્રીસ રૂપિયા પણ ગાયના ઘાસચારા નિમિત્તે વ્યવસ્થાપકને સુપરત કરી દીધા.

પૂનામાં સ્વામીજીનો મુકામ 'ગુરુકૃપા' માં હતો. તે દરમિયાન ઘણા ભક્તો, ભાવિકો, જિજ્ઞાસુઓ તેમનાં દર્શનાર્થ આવતા. સૌ પોતાના નિશ્ચિત સમયે આવતા, એટલે ક્યારેય ગિરદી થતી નહીં. થોડાક ભાવિકો અનુકૂળ તાએ સ્વામીજીની સેવાર્થે દિવસમાં એકથી વધારે વખત 'ગુરુકૃપા'માં આવતા.

દેવી ઉપાસક શ્રી. આદમણે બપોરના સમયે સ્વામીજી પાસે આવતા. તેમણે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. દેવીની ઉપાસનાથી એમની જ્યોતિષશાસ્ત્રમાં વિશેષ પ્રગતિ થઈ હતી. તેઓ પોતાની સાધના અને ઉપાસના અંગેની મુશ્કેલીઓ વિશે પૂછતા. આદમણે પર સ્વામીજી વિશેષ પ્રીતિ રાખતા. એકવાર આદમણે બપોરના સમયે સ્વામીજીનાં દર્શને આવેલા ત્યારે બાપુસાહેબ વાકડે પણ દર્શનાર્થે આવેલા. તેઓને હસ્તસામુદ્રિકનો શોખ હતો. આદમણેએ પણ એ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. સ્વામીજીને સંન્યાસયોગ શાથી થયો એ જાણવા બાપુસાહેબ તથા આદમણે સ્વામીજીની

હસ્તરેખાઓ જોવા લાગ્યા. તેઓ બન્ને કોઈ ચોક્કસ તારણ પર ન આવી શક્યા, ત્યારે સ્વામીજીએ કહ્યું: " મને જ્યોતિષનું જ્ઞાન નથી, પણ સંન્યાસયોગનાં ચિહ્નોની મને જાણકારી છે. મેં ઘણા સંન્યાસીઓના હાથ જોયા છે. મેં જોયું કે ઘણા બધા સંન્યાસીઓના હાથમાં ધનરેખાની ઉપરની બાજુએ અથવા વચલી આંગળીની નીચે ત્રિશૂળનું ચિહ્ન હતું. મારા હાથમાં પણ ત્રિશૂળનું ચિહ્ન છે. એ જોઈને મને ત્રિશૂળના ચિહ્ન બાબતે ખાતરી થઈ ગઈ. આ વાત મને બીજા કોઈએ કરી નથી."

એટલામાં જાડા કાચનાં ચશ્માં ને મેલાંઘેલાં ધોતિયું, ખમીસ ને કોટ પહેરેલ એક આધેડ વયની વ્યક્તિએ ત્યાં પ્રવેશ કર્યો. એ જોઈને સ્વામીજીએ આદમણેને કહ્યું: "આ માણસની કેવી કમનસીબી ! એ બાપડાથી અજાણતાં ગોહત્યાનું પાપ થઈ ગયું છે. " સ્વામીજીની વાત સાંભળીને સૌને આશ્ચર્ય થયું. આગંતુક આ પહેલાં કદી સ્વામીજી પાસે આવેલો નહીં, ને છતાં સ્વામીજીને એના દ્વારા અજાણતાં થઈ ગયેલા પાપની કેવી રીતે ખબર પડી?

આદમણે પેલા માણસ પાસે ગયા ને એમને બહાર લઈ ગયા ને પૂછ્યું: "સ્વામીજીએ કહેલું એ કેવી રીતે બન્યું?" પેલા આદમીએ ગળગળા થઈને કહ્યું: "સ્વામીજીની વાત સાચી છે. વાત એમ બનેલી કે ૧૯૪૨ની સાલમાં નોકરીની શોધમાં હતો. મને નોકરી ક્યાંય ન મળી. છેવટે બાન્દ્રા કતલખાનામાં મેં નોકરી સ્વીકારી લીધી. નોકરી દરમિયાન એકવાર પંખાની ચાંપને બદલે મારાથી પંખાની ચાંપની બાજુની કટિંગ મશીનની ચાંપ ભૂલથી દબાઈ ગઈ. એ ચાંપ બંધ કરું ત્યાં સુધીમાં તો એક ગાય કપાઈ ગઈ. એ રીતે સ્વામીજીની વાત સાવ સાચી છે. પણ આ ઘટના ત્યાંના થોડાક લોકો સિવાય બીજા કોઈ જાણતા નથી. સ્વામીજી અંતરજ્ઞાની છે. તેથી જ એ ઘટના વિષે જાણી શક્યા. આજે મને એમનાં દર્શન થયાં એ જ મારું અહોભાગ્ય છે."

એ પછી આદમણે સ્વામીજી પાસે આવ્યા ને પેલા વૃદ્ધે કહેલ વૃત્તાંત

સ્વામીજીને કહી સંભળાવ્યો. સ્વામીજીએ કશો પ્રતિભાવ આપ્યા વિના એટલું જ કહ્યું: "સાંજ પડી. ચાલો હવે ફરવા જઈશું."

એકવાર બાપુસાહેબ વાકડેએ સ્વામીજીને પૂછ્યું: "સ્વામીજી, આપ મહારાષ્ટ્રમાં કેવી રીતે એકાકાર થઈ ગયા?" સ્વામીજીએ જવાબમાં કહ્યું: "પૂર્વજન્મમાં હું મહારાષ્ટ્રીય હતો. તેથી જ મને અહીં ગમે છે. આ ભૂમિ સાથે મારે મોટો ઋણાનુબંધ છે."

સ્વામીજીના ગોપ્રેમની બીજી પણ એક ઘટના નોંધપાત્ર છે. આ પ્રસંગે સ્વામીજી ડેક્કન જિમખાના પરના (શંકરરાવ માર્કન્ડના) 'ગુરુકૃપા'માં રોકાયેલા હતા. એક દિવસ સવારે સ્વામીજી શંકરરાવ સાથે બહાર ફરવા નીકળેલા ત્યારે પ્રભાત રોડના ખૂણા પર એક ગાયને પડેલી જોઈ. ગાયને કશીક બીમારી લાગુ પડી હશે. એનાથી ઊઠી શકાતું નો'તું. ઊઠવા માટેના ગાયના ધમપછાડા જોઈને સ્વામીજીને એની પર દયા આવી. તેઓ એની પાસે ગયા ને એના પર હેતથી હાથ ફેરવવા માંડ્યા ને ગાયને સંબોધીને બોલવા માંડ્યા: "મા, તને શું થયું છે? તું ઘણી બીમાર લાગે છે. " એ પછી સ્વામીજીએ શંકરરાવને કહ્યું : " આ ગાયને દવાખાને લઈ જવી પડશે. એક ગાડાની વ્યવસ્થા કર." સ્વામીજીની આજ્ઞાનુસાર શંકરરાવ તરત એક ગાડું લઈ આવ્યા ને આસપાસ જમા થયેલા લોકોની સહાયથી ગાયને ગાડામાં ચઢાવીને એને ઢોરોના દવાખાને પહોંચાડી. ગાડામાં ચડાવ્યા પછીય સ્વામીજી ગાયની પડખે ગાડામાં બેસીને વહાલથી એને પંપાળતા રહેલા. ગાયને ઉદ્દેશીને તેઓ કહેતા હતા: "મા, આપણે દવાખાને જઈએ છીએ. ત્યાંની દવા ને સારવારથી તને જરૂર સારું થઈ જશે. તું કશી ચિંતા ન કરીશ. હું તારી સાથે છું ને ! " એ ક્ષણે સ્વામીજી ગૌમાતા સાથે એકરૂપ થઈ ગયા હતા. આ દૃશ્ય જોઈને લોકો તો દંગ રહી ગયેલા. એ લોકોને લાગ્યું કે એ ગાય સ્વામીજીની હશે.

એ જ સમયે જાધવ નામના એક સાધક પોતાની રીક્ષામાં એક પ્રવાસીને

લઈને જતા હતા. એમણે સ્વામીજીને ગાય સાથે વાતો કરતા જોયા. એ જોઈને એમને ભારે આશ્ચર્ય થયું. બરાબર ધ્યાનથી જોતાં એમને જણાયું કે ગાડામાં ગાયને લઈને જતા ને એની સાથે પ્રેમથી વાતો કરતા સ્વામીજી તો પોતાના જ સ્વામીજી હતા ! એમણે સ્વામીજીને પ્રણામ કર્યા. સ્વામીજીનું ધ્યાન એમના તરફ નો'તું. એમના પ્રવાસીને ઉતાવળ હતી એટલે જાધવજી રોકાયા વિના ત્યાંથી રીક્ષા આગળ હંકારી ગયા.

સ્વામીજીએ ગાયને દવાખાને પહોંચાડી તથા દાક્તરને એની યોગ્ય સારવાર અંગે સૂચનાઓ આપીને મુકામે પાછા ફર્યા. શંકરરાવ પણ એમની સાથે ઘેર આવ્યા. બીજા દિવસે બપોરના જાધવ સ્વામીજીનાં દર્શને આવ્યા તે સમયે આ વિશે વાત નીકળી. ત્યારે સ્વામીજીએ એમને કહ્યું: "જાધવ, ગૌસેવા એ મહાન સેવા છે."

સ્વામીજી કાઠમાંડુમાં (નેપાળમાં)

પૂનાથી સ્વામીજી ૧૯૪૮ના જાન્યુઆરીની આખરમાં કાશી આવ્યા. શંકરરાવે સ્વામીજીને ત્રણસો રૂપિયા મોકલ્યા. પૈસા મળતાં જ સ્વામીજી કાશીથી નેપાળ જવા નીકળ્યા. પ.પ.શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ ટ્રેઈનમાં એમની સાથે જ હતા. તેઓ કલકત્તા જઈ રહ્યા હતા. સ્વામીજી પટણા ઊતરી ગયા. ત્યાંથી તેઓ કાઠમાંડુ ગયા.

સ્વામીજી કાઠમાંડુમાં પ્રો.બાબુક્ષિતિચંદ્રને ઘેર ઊતર્યા. ભેરિયામાં ઉદાસી મઠમાં એમના ગુરુને પહેલાં મળવા ગયા હતા તે ઉદાસી બાબા કાઠમાંડુમાં હોવાથી સ્વામીજી તેમને મળવા આવ્યા હતા. સ્વામીજીએ એમની પાસેથી ઘણી બધી વિદ્યાઓ શીખી લીધી હતી. કાશીના આશ્રમમાંથી સ્વામીજીએ ચશ્માં, ફાઉન્ટન પેન, ફૂલ સ્વેટર જેવી જરૂરી વસ્તુઓ પોસ્ટ દ્વારા મંગાવી. જાંબવંતસિંહે તે મોકલી આપેલી. આ સમય દરમિયાન ચંદ્રગ્રહણ અને

સૂર્યગ્રહણ એક જ મહિનામાં આવેલાં. કાશીના આશ્રમની રસોઈપણ 'બુડોમાં' ને સ્વામીજીએ મનીઓર્ડર દ્વારા પૈસા મોકલાવેલા. ત્યાર પછી થોડા જ દિવસોમાં એ મરણ પામી એવા સમાચાર મળ્યા.

જૂન મહિનામાં સ્વામીજી બનારસથી પૂના આવ્યા. અહીં તેઓ થોડા થોડા દિવસો માટે વીસ નારાયણ પેઠ તથા ડેક્કન જીમખાનાના 'ગુરુકૃપા' માં રોકાયેલા. થોડાક દિવસ શંકરરાવ માર્કન્ડના પુત્ર નારાયણનાં લગ્ન એ વર્ષે થયાં. શંકરરાવે દીકરાનાં લગ્ન ખૂબ જ ઠાઠમાઠથી કર્યાં. લગ્ન સમયે સંસ્કારના અન્નનો દોષ ટાળવા સ્વામીજી અંબાલાલ શેઠને ત્યાં થોડા દિવસ રહ્યા હતા.

ભીલોડામાં ચાતુર્માસ (૧૯૪૯)

સ્વામીજી નેપાળથી બનારસ ને ત્યાંથી પૂના આવ્યા. તેઓને પૂનામાં અથવા એની આસપાસ સ્વતંત્ર જગા જોઈતી હતી. શંકરરાવ હવે તેમની જરૂરિયાતો સુપેરે પૂરી પાડી શકવાની સ્થિતિમાં નો'તા. એટલે એ સ્વામીજીને લઈને 'દેવાચી આળંદી' ગયા ને ત્યાં એમના ઉતારાની વ્યવસ્થા કરી. ભગવાનદાસ ઉપાધ્યાય સ્વામીજીની સેવા કરવા આળંદી ગયા. સ્વામીજીના ભોજનની વ્યવસ્થા ત્યાંના એક બ્રાહ્મણને ત્યાં કરવામાં આવી પણ સ્વામીજીને અહીંનાં હવાપાણી અનુકૂળ ન આવ્યાં એટલે તેઓ ફરી પૂના આવી ગયા ને ત્યાં ૧૦-૧૨ દિવસ રોકાઈને તેમણે પછી ગુજરાત તરફ પ્રયાણ કર્યું.

ભગવાનદાસના સ્નેહી પુરુષોત્તમ જદુરામ ત્રિવેદી ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના ભીલોડા ગામના વતની છે. ભગવાનદાસે તેમને સ્વામીજીનો પરિચય કરાવ્યો. તેઓ સ્વામીજીને મળવા પૂના આવેલા ને ત્યારે સ્વામીજીએ એમને દીક્ષા આપેલી. પૂનાથી તેઓ મુંબઈ થઈને એમના વતન પાછા ફરેલા. તેમણે ભીલોડા આવીને પોતાના ખેતરમાં એક નાનકડી ઝૂંપડી બનાવી ને ત્યાં રહીને નિત્ય સાધના કરવાનું આરંભ્યું . સાધનામાં તેમને અનાહત

નાદ સંભળાવા લાગ્યો. એમનું ધ્યાન ચોવીસે કલાક એ નાદમાં રહેતું. એ નાદ સિવાય બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુ તરફ એમનું લક્ષ્ય જતું નહીં. આથી ખેતી તથા અન્ય ઉદ્યોગ ધંધા તરફ તેઓ ધ્યાન આપી શકતા નહીં. એ કારણે ઘણીવાર પરિવારમાં ક્લેશ થતો. એથી ત્રાસીને તેમણે સંન્યાસ લેવાનું નક્કી કર્યું. આ બાબતે તેમણે ભગવાનદાસની સલાહ માગી.

ભગવાનદાસે ત્રિવેદીને કહ્યું: "મારી માંદગી દરમિયાન સંન્યાસ ગ્રહણ કરવાની ઈચ્છા મેં સ્વામીજી આગળ પ્રગટ કરેલી ત્યારે સ્વામીજીએ કહેલું: "આ કાળ સંન્યાસ ગ્રહણ કરવા માટે અનુકૂળ નથી." એમ કહીને ભગવાનદાસે આડકતરી રીતે ત્રિવેદીને કહ્યું કે સંન્યાસ માટે એમને સ્વામીજીની પરવાનગી મળશે નહીં. એ પછી ત્રિવેદીએ વિચાર્યું કે જો સંન્યાસ ન મળી શકતો હોય તો પછી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી લેવો. એમણે એ વિષે પણ ભગવાનદાસ સાથે ચર્ચા કરી. ભગવાનદાસે કહ્યું: "જે નિર્ણય લેવો હોય તે સ્વામીજીને પૂછીને લેજો."

એ પછી તેઓ દત્તજયંતી પ્રસંગે સ્વામીજીને મળવા પૂના આવ્યા. દત્તજંયતીનું પર્વ પૂરી શ્રદ્ધા અને ભક્તિથી શંકરરાવને ઘેર ઊજવાઈ રહ્યું હતું. સ્વામીજીનો મુકામ શંકરરાવને ઘેર જ હતો. એમની ઉપસ્થિતિને લીધે વાતાવરણ ઓર ચૈતન્યસભર બની ઊઠ્યું હતું. તેઓએ દત્તજયંતી સુધી મૌન ધારણ કર્યું હતું. ત્યારે મહારાજશ્રી પૂનામાં નો'તા. એટલે સ્વામીજી ૨૦ નારાયણ પેઠમાં જઈને બેઠક જમાવતા . ત્રિવેદી અને ભગવાનદાસ ત્યાં ગયા. ત્રિવેદીએ પોતાની સાધનાની પ્રગતિ વિષે તથા ગૃહક્લેશ વિષે સ્વામીજીને વાત કરી અને વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવાની પોતાની ઈચ્છા પણ દર્શાવી અને એ અંગે સ્વામીજીની અનુમતિ માગી. સ્વામીજીએ ત્યારે તુકારામનો એક અભંગ ત્રિવેદીને ગાઈ સંભળાવ્યો :

झाडा वरपोनि खाउनिया पाला । आठवी विठ्ठला वेळोवेळा ।।
वल्कले नेसूनि चिंधीया वेढूनी । सांडी जवकुनी देहभान ।।
लोकमान वमना समान मानणें । एकांती राहणे विठोसाठीं ।।
सहसा करूं नये प्रपंची सौजन्य । सेवावे अरण्ये एकांतवास ।।
ऐसा हा निर्धार करी जो मनाचा । तुका म्हणें त्याचा पांग फिटे ।।

વૃક્ષોથી તોડીને પાન આરોગવાં, સ્મરવા વિઠ્ઠલ વાર વાર ।
વલ્કલો પહેરીને ચીથરાં વીંટાળીને, છોડી પૂરેપૂરું દેહભાન ॥
લોકમાનને સદા વમન સમ માનવું, રહેવું એકાન્તમાં વિઠ્ઠલ માટે ।
સહસા પ્રપંચ પર પ્રીતિ કરીશ ના, સેવવો આરણ્યમાં એકાંતવાસ ॥
એવો નિર્ધાર આ જે કરે મન થકી, તુકા ભણે તેનો ભવપાશ ફીટે ।

પછી સ્વામીજી બોલ્યા :" આવું આચરણ થઈ શકતું હ.ય તો જ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવો. નહી તો ખોટો દેખાડો કરવો નહી . ખોટો દેખાડો કરવાથી પુણ્યને બદલે પાપ થાય ને બધું વ્યર્થ થઈ જાય. આપણા શક્તિપાત માર્ગમાં તમારે કશુંય વિશેષ કરવાની જરૂર નથી. આ કલિયુગમાં ધાર્મિક આચરણ સહજ અને સરળ રીતે થવું શક્ય નથી. તેથી સતત સાધના કરતા રહો એટલે અંદરથી જ તમારામાં પરિવર્તન થતું રહેશે. વાસના અને વિકારથી દૂર રહેવા સંસારમાં રહીને જ તેમની સાથે સંઘર્ષ કરતા રહેવું. એમનું દમન કરવાથી લાભ થશે નહી. દબાવેલી વાસનાઓ બેવડા જોરથી ઊછળીને ફરી ક્યારે તમને પજવવા માંડશે એ કહી શકાતું નથી.. આપણી સાધના સાધકને અંદરથી સજ્જ કરતી જાય છે. સાધનાની અનુકૂળતા માટે ખેતરમાં ઝૂંપડી બાંધીને એમાં નિવાસ કરો છો એનો વાંધો નથી પણ વાનપ્રસ્થાશ્રમની કલ્પના પાછળ દોડશો તો તમારી સાધના પણ બરાબર થઈ શકશે નહી ને આશ્રમાચરણ યોગ્ય રીતે થશે નહીં."

સ્વામીજીનું વાનપ્રસ્થાશ્રમ બાબતે સ્પષ્ટ નિવેદન સાંભળીને ત્રિવેદીની આશંકા દૂર થઈ તથા પ્રવર્તમાન પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક સજ્જતા કેળવવા તૈયારી કરી લીધી. *સંસારથી દૂર ભાગવાની વૃત્તિ એ સાચું*

અધ્યાત્મ નથી. સંસારમાં જલકમલવત્ રહેવામાં જ ખરું અધ્યાત્મ રહેલું છે એવી સમજ સાથે ત્રિવેદી તથા ભગવાનદાસ સ્વામીજીને નમસ્કાર કરીને વિદાય થયા. ભીલોડા પરત આવ્યા પછી બન્નેએ સ્વામીજીને પત્રો લખીને એકાદ ચાતુર્માસ ભીલોડામાં ગાળવા પ્રાર્થના કરી. સ્વામીજીએ એમની પ્રાર્થનાનો સ્વીકાર કરીને ભગવાદાસને જણાવ્યુંઃ "ત્રિવેદી તમારા સ્નેહી છે તેથી તમે એ પ્રવાસમાં મારી સાથે રહેજો." ભગવાનદાસે સ્વામીજીની આજ્ઞા માથે ચઢ ાવી. સ્વામીજીને ભીલોડા લાવવા ત્રિવેદીએ હિમ્મતનગર મોટર મોકલી. ભીલોડામાં પિપલિદા આશ્રમમાં સ્વામીજીના નિવાસની ગોઠવણ કરાયેલી. એમના ભોજનની વ્યવસ્થા પણ આશ્રમમાં કરેલી. એક પ્રસંગને કારણે પછી એ વ્યવસ્થા ત્રિવેદીના ગુરુના ગુરુબંધુ શ્રી. વાસુદેવ અગ્નિહોત્રીને ત્યાં કરવી પડી. અહીં સ્વામીજીએ પોતાને માટે એક કમંડલ જાતે તૈયાર કર્યું. ભુવનેશ્વરી દેવીની ઝાડીમાંથી એ માટે જરૂરી લાકડું એ લઈ આવ્યા ને એક સ્થાનિક સુથારની મદદથી એ કમંડલ એમણે બનાવેલું.

સ્વામીજીનું સ્વાસ્થ્ય સારું હોય કે નરસું, એ હંમેશા સિદ્ધાસન, પદ્માસન કે સ્વસ્તિકાસન સિવાય બીજી કોઈ સ્થિતિમાં બેસતા નહીં. તેઓ ક્યારેય કશાનો ટેકો લેતા નહીં. તેઓ બોલવાનું ટાળતા તથા મોટે ભાગે ધ્યાનસ્થ સ્થિતિમાં બેઠા રહેતા. કોઈ દર્શનાર્થી નમસ્કાર કરે ત્યારેય આંખો ખોલ્યા વિના "નારાયણ"નો ઉચ્ચાર કરી તેને આશીર્વાદ પાઠવતા. અનિવાર્ય હોય ત્યારે જ ખપ પૂરતું બોલતા ને ફરી મૌન ધારણ કરી લેતા. તેઓ દંડનું ખૂબ ધ્યાન રાખતા. દંડને કોઈનો સ્પર્શ થાય એ એમને ગમતું નહીં. શિષ્યોની સંખ્યા વધારવાની તેમને ઈચ્છા નો'તી. શિષ્યની યોગ્યતા જોયા પછીય એને દીક્ષા આપવાની ઈચ્છા થાય તો જ આપતા. હોશંગાબાદમાં એમણે જે દીક્ષાઓ આપેલી એ શક્તિપાત વિદ્યાના અનુભવ માટે આપેલી એમ તેઓ કહેતા. ભાદરવાની પૂનમના અરસામાં સ્વામીજી માંદા પડ્યા ત્યારે તેમને ટેકો લેવા માટે લાકડીની જરૂર પડેલી.

એક દિવસ કર્મ વિષે બોલતાં સ્વામીજીએ કહ્યું: *યથા સાંગ તે કર્મ કાહી ઘડેના । ઘડે કર્મ પરિ પુણ્ય ગાઠી પડેના ॥* (કશું યથોચિત કર્મ થાય નહીં. જો થાય તો તેનું પુણ્ય મળે નહીં.) કેટલાક મનુષ્યોની આવી સ્થિતિ હોય છે. *સત્કાર્યોમાં અંતરાયો ઊભા કરવા એ આસુરી વૃત્તિવાળાઓનું કાર્ય હોય છે. તેથી સત્કર્મો સરળતાથી થઈ શકતાં નથી.* સંન્યાસી માટે આશ્રમધર્મ પ્રમાણે રહેવાનું કઠિન બની જાય છે. કેટલાક નિયમોનું પાલન સરળતાથી થઈ શકે છે. પણ ભિક્ષાને લગતા નિયમોનું પાલન કરવું ઘણીવાર મુશ્કેલ બની જાય છે. કલિયુગમાં અન્ન, જળ અને વાયુ એ બધાં જ દૂષિત થયેલાં હોય છે. તેથી જ કલિયુગમાં સંન્યસ્ત ગ્રહણ કરવાનું વર્જ્ય લેખાયું છે. આને લગતો શ્રીશંકરાચાર્યરચિત *શિવાપરાધ ક્ષમાપન* સ્તોત્રમાંનો પાંચમો શ્લોક સ્વામીજીએ સાર્થ સમજાવ્યો..

नो शक्यं स्मार्तकर्म प्रतिपद गहनप्रत्यवायाकुलाख्यं ।
श्रौते वार्ता कथं मे द्विजकुलविहिते ब्रह्ममार्गे सुसारे ।।
नास्था धर्मे विचारः श्रवणमननयोः किं निदिध्यासितव्यं।
क्षन्तव्यो मेऽपराधः शिवशिवशिवभोः श्रीमहादेव शंभो ।।

(હે સદાશિવ, ડગલે ને પગલે આચરવામાં અત્યંત કઠિન એવા, ને ભૂલ થયે પ્રાયશ્ચિત્ત કરવું પડે એવા અનેક દોષોથી ભરેલાં સ્માર્તકર્મો મનને વ્યાકુળ કરે છે. જો સ્માર્તકર્મો મારાથી યથાયોગ્ય થતાં નથી તો શ્રૌતકર્મોની શી વાત કરવી ? બ્રાહ્મણકુળમાં જન્મ ધારણ કરનાર માટે આવશ્યક એવા બ્રહ્મમાર્ગને સરળ બનાવનારાં અગ્નિહોમાદિ શ્રૌતકર્મો મારાથી થઈ શક્યાં નથી. એથી મને લાગ્યા કરે છે કે મને ધર્મમાં પૂરી આસ્થા નથી. મેં ક્યારેય શ્રવણ મનન કર્યું નથી. તો પછી હું નિદિધ્યાસન કેવી રીતે કરી શકવાનો ? તેથી હે મહાદેવ! મારા અપરાધો ક્ષમા કરો ."

શક્તિપાતનો માર્ગ નામજપ જેવો નિર્દોષ અને સરળ છે. આમ છતાં

સત્કર્મો સિવાય શુદ્ધિ નથી. સાચું બોલવું જોઈએ, ચોરી ન કરવી, કોઈનું અંતઃકરણ દુભાવવું નહીં, માતાપિતા તથા ગુરુને દેવ ગણી એમનું સન્માન કરવું.આ કર્મોનું ચુસ્તપણે પાલન કરવાથી સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે. ખાવાપીવાના નિયમો સાચવવાથી મનમાં સદ્‌વિચારો ઉદ્‌ભવશે. આપણો માર્ગ તમને સારી પ્રેરણા આપશે. આ બાબતો પર વિશેષ ધ્યાન આપવું ને એ પ્રમાણે વર્તવું, એ જવાબદારી તમારી છે."

ભીલોડામાં ચાતુર્માસ પૂરો કર્યા પછી સ્વામીજી વડનગરમાં અંબાલાલ શેઠને ત્યાં ત્રણ અઠવાડિયાં રહ્યા. શેઠના એક સ્નેહી મોહનલાલ પટેલની પીઠ પર ચાંદાં પડ્યાં હતાં. તેમાંથી પાણી નીકળતું હતું. સ્વામીજી ત્રણ–ચાર દિવસ સુધી રોજ દસેક મિનિટ સુધી એ ચાંદાં પર દૃષ્ટિ નાખતા રહ્યા તથા મંત્રોચ્ચાર પણ કરતા રહ્યા. આમ કરવાથી મોહનલાલનો રોગ મટી ગયો. વડનગરના કબીર પંથના શ્રીરામ મંદિરના ગાદીપતિ શ્રીમણિલાલજી મહારાજ સ્વામીજીનાં દર્શનાર્થે શેઠને ઘેર આવ્યા. બીજે દિવસે તેઓ સ્વામીજીને ભિક્ષાર્થે રામમંદિરે લઈ ગયા. સ્વામીજીએ શ્રીમણિલાલ મહારાજને અંતર પ્રાણાયામની પ્રક્રિયા સમજાવી. વડનગરથી સ્વામીજી મુંબઈ ગયા.

માધવબાગની સભામાં

મુંબઈમાં સ્વામીજી ભગવાનદાસ ઉપાધ્યાયના પુત્ર નારાયણદાસને ઘેર રોકાયા હતા. મુંબઈના સામાજિક કાર્યકર શ્રી.ગોયંકા સ્વામીજીના સંપર્કમાં આવ્યા. સ્વામીજીના સહયોગમાં ધાર્મિક પ્રવૃત્તિઓ કરવાની તેમની ઈચ્છા હતી. તેઓ સ્વામીજીને પોતાને નિવાસે લઈ ગયા. માધવબાગમાં રોજ સાંજે ધાર્મિક વ્યાખ્યાનો થતાં. એક દિવસ તેમણે સ્વામીજીના અધ્યક્ષપદે એક ધાર્મિક સભાનું આયોજન કર્યું. આપદ્‌ધર્મ તરીકે સ્વામીજીએ એ સભાનું અધ્યક્ષપદ સ્વીકાર્યું. આ પ્રકારનું સ્વામીજીનું અધ્યક્ષીય સંબોધન એમને માટે પહેલું અને

છેલ્લું હતું. સભાનો વિષય હતો : "માનવને ધર્મની આવશ્યકતા છે ખરી?" આવશ્યકતાને નકારી કાઢનારાઓનાં ભાષણોનો ઉલ્લેખ અહીં અપ્રસ્તુત છે. જેમણે "આવશ્યકતા છે" એમ કહેલું એ લોકોનાં વક્તવ્યોમાં જોસ્સો અને પૂરતી તર્કબદ્ધ દલીલોનો અભાવ હતો. સ્વામીજીનું વક્તવ્ય સૌને મંત્રમુગ્ધ કરી દેનારું હતું. ધર્મની અનિવાર્યતા દૃઢપણે ને સચોટ દર્શાવતાં તેઓ દોઢ બે કલાક બોલ્યા. એમના વક્તવ્યને અંતે શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વાતાવરણને ભરી દીધું. અંતે ગોયંકાએ સ્વામીજીનો આભાર માન્યો ને આમ ધર્મસભા સંપન્ન થઈ.

માધવબાગની સભા પછી ગોયંકાને બંગલે આવીને સ્વામીજીએ નારાયણદાસને ફોન કરીને જણાવ્યું : " તું મને આવીને અહીંથી તારે ઘેર લઈ જા." ને સ્વામીજીના આદેશ અનુસાર નારાયણદાસ સ્વામીજીને પોતાના ઘરે લઈ ગયા. સ્વામીજીને સામાજિક કાર્યો તરફ ઘૃણા હતી. તેઓએ કહ્યું: "સામાજિક કાર્ય એટલે દૂધ ઉપરનું ફીણ." સ્વામીજીને ઘરે લઈ આવ્યા પછી નારાયણદાસે એમના પિતાશ્રી ભગવાનદાસને તરત બોલાવી લીધા. નારાયણદાસનાં પત્ની સ્વામીજીનાં દર્શનાર્થે એમના બાળક ચંદ્રશંકરને લઈને આવ્યાં. બાળકને કમળો થયો હતો. સ્વામીજીએ બાળકની માતાને કહ્યું : " છોકરાને આટલો બધો કમળો થયો છે તે કશો ઉપચાર કર્યો કે નહીં ?" બાળકની માતાએ અત્યાર સુધી કરેલા ઉપચારો સ્વામીજીને જણાવ્યા. એ પછી સ્વામીજીએ કહ્યું: " હવેથી બધા ઉપચારો બંધ કરી દો ને આ છોકરાને રોજ મારી પાસે લઈ આવજો ને દસેક મિનિટ માટે અહીં મૂકતાં જજો." એ પ્રમાણે ત્રણ જ દિવસ કરવાથી છોકરાનો કમળાનો વ્યાધિ દૂર થયો. સ્વામીજી રોજ બાળકના શરીર પર હાથ ફેરવતા તથા એના પર દૃષ્ટિપાત કરતા રહેતા. સ્વામીજીમાં રહેલી અલૌકિક શક્તિની આ રીતે સૌને પ્રતીતિ થતી રહેતી.

સ્વામીજીની વિનોદવૃત્તિ

મુંબઈથી સ્વામીજી ગુરુદ્વાદશીએ પૂના આવ્યા. એક દિવસ બપોરના સમયે તેઓ હસીમજાકના મૂડમાં હતા. એટલામાં જાધવ ત્યાં આવ્યા. એમણે જાધવને સંબોધીને કહેવા માંડ્યું." અરે જાધવ, કાલે રાત્રે બહુ મઝા આવી. રાતના દસ સાડા દસના સુમારે હું એકલો જંગલી મહારાજના રસ્તે જતો હતો. સંભાજી પાર્કનો દરવાજો બંધ હતો. દરવાજો ઓળંગીને હું અંદર ગયો ને એક ઝાડ નીચે છાટી ઓઢીને બેસી ગયો. ચાંદની રાત હતી. થોડીવારે બાગનો રખેવાળ ત્યાં આવ્યો. મને જોઈને તે દૂરથી જ મને પૂછવા લાગ્યો : 'કોણ બેઠું છે ?' મને તેની ગમ્મત કરવાનું મન થયું. હું હાલ્યાચાલ્યા વિના ટટ્ટાર બેસી રહ્યો. એના પ્રશ્નનો મેં કોઈ જવાબ આપ્યો નહીં. એણે મને ફરી પ્રશ્ન કર્યો : 'કોણ બેઠું છે ત્યાં ? અહીં અત્યારે કોઈએ બેસવાનું નહીં. બહાર જાઓ, જે હોય તે. ' પણ મારી નજીક આવવાની એની હિંમત ચાલી નહીં. એ મારાથી ગભરાયો હશે. હું તો કશુંય બોલ્યા વિના બેઠો જ રહ્યો. એ બે ડગલાં આગળ આવીને ફરી બોલ્યોઃ 'કોણ છે ત્યાં ? બહાર જાય છે કે નહીં ?'

"હું મનમાં વિચારતો હતો, આ રખેવાળ કેવો ડરપોક છે. એ કેમની રખેવાળી કરી શકવાનો ? મેં જરા ગમ્મત ખાતર એના પ્રશ્નના જવાબમાં કહ્યુંઃ 'કોણ તે તારો કાળ છે' એ સાંભળતાં જ એ ત્યાંથી જીવ લઈને ભાગી ગયો. પાછું વાળીને જોવાનીયે એનામાં હામ નો'તી. મને હસવું આવી ગયું ને હવે પછી શું થાય છે તે જોવા ત્યાં બેસી રહ્યો.

"થોડીવારે બે જણા હાથમાં લાકડીઓ સાથે મારા તરફ આવતા જણાયા. પેલો રખેવાળ તો ગાયબ થઈ ગયો હતો. મારા તરફ આવી રહેલાઓમાંનો એક સિપાઈ હતો. બીજો સાદા પોષાકમાં હતો. મને અહીંથી રવાના કરવા રખેવાળે આ બે જણને મોકલ્યા હશે એમ મેં વિચાર્યું. બન્ને કંઈક ગુસપુસ કરતા મારા તરફ આગળ વધી રહ્યા હતા. એમની ગુસપુસ પરથી મને લાગ્યું

કે એ બેય પેલા રખેવાળ જેટલા જ 'બહાદુર' હતા. આમ છતાં પેલા ગણવેશધારીએ જરા હિંમત કરીને મને કહ્યુંઃ 'રાત્રે બાગમાં બેસવાની મનાઈ છે. સીધેસીધા બહાર જવું છે કે પછી પોલિસ ચોકીએ આવવું છે ?' ને એ લાકડી પછાડતો મારા તરફ આવવા લાગ્યો. એનો સાથીદાર એને અનુસરતો હતો. પણ તેઓ મારાથી ડરી ગયા હતા. મારા તરફ પાંચ–છ ડગલાં ચાલીને તેઓ અટકી ગયા. પેલા ગણવેશધારીએ ગભરાતાં ગભરાતાં લાકડી હવામાં અદ્ધર કરીને મને કહેવા માંડ્યુંઃ ' બોલ, કોણ છે તું ? બહાર નીકળ, નહીં તો આ લાકડી તારા માથામાં ઝીંકીશ ' પણ હું તો શાંત બેસી જ રહ્યો. તેઓ લાકડીનો પ્રહાર કરવાની ઈચ્છાથી મારા તરફ ધસ્યા. તેઓ મારથી ૮–૧૦ ફૂટ દૂર હશે ત્યાં મેં મોટા અવાજમાં 'હું તારો કાળ છું' કહીને હું ઊભો થયો. ને બન્ને હાથમાં છાટી પકડીને મેં હાથ ઊંચા કર્યા. એ જોઈને તેઓ બરાબરના ગભરાઈ ગયા. તેઓ મને ભૂતપ્રેત સમજી બેઠા હશે. એમની લાકડીઓ ત્યાં જ નાખીને તેઓ ત્યાંથી ભાગ્યા. મેં એમને વધારે ગભરાવવા મોટેથી બૂમ પાડી, 'ઊભા રહેજો. હું તમારી બરાબરની ખબર લઉ છું હમણાં.' એ સાંભળ ીને તો તેઓ ઓર ગભરાયા ને બાગનો બંધ દરવાજો ઠેકીને નાસી છૂટ્યા. એમની આવી દશા જોઈને મને ખૂબ હસવું આવ્યું. એ પછી હું ઘેર આવ્યો. બીકનો ખ્યાલ જ માણસને ડરાવે છે."

અધ્યાય :૧૪

પરમ શિષ્ય શ્રીનારાયણકાકા

સુલભ ગુરુભક્તિ આ નકી આપે ફળ તત્કાળ ।
તપોનુષ્ઠાનાદિક ફળે વિલંબથી નિર્ધાર ॥

(શ્રીગુરુલીલામૃત, ૯૫-૯૧)

સ્વામીજીની પરંપરાને સતત વહેતી રાખનાર એમના બે પરમ શિષ્યો, શ્રીગુળવણી મહારાજ તથા શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજ છે. આ બન્ને શિષ્યો આજન્મ બ્રહ્મચારી રહ્યા છે. બન્ને દ્વારા શક્તિપાત વિદ્યાનો બહોળો પ્રસાર થયો છે. એમના દ્વારા અનેકોને શક્તિપાતની દીક્ષા પ્રાપ્ત થઈ છે. એમના અનેક શિષ્યો દ્વારા પણ શક્તિપાત વિદ્યાની પરંપરા પ્રસરતી રહી છે. વિદેશોમાં પણ આ વિદ્યાનો પ્રસાર થયો છે.

શ્રીનારાયણકાકાને શ્રીબાળાસાહેબે સૌ પ્રથમ સ્વામીજીનાં દર્શન કરાવેલાં. ત્યારે એમની ઉમર વીસેક વર્ષની હશે. એ વયે નારાયણકાકા કોલેજમાં

અભ્યાસ કરતા હતા. વ્યાયામ તેમ જ યોગાસનોમાં તેમને પહેલેથી રુચિ હતી. સ્વામીજીના પહેલા દર્શનથી જ તેઓ એમના તરફ આકર્ષાયા હતા. ત્યારથી તેઓ સવારસાંજ સ્વામીજીનાં દર્શને જતા. તેમણે પોતાને આવડતાં આસનો સ્વામીજી સમક્ષ કરી બતાવ્યાં. ભૂલ થતી ત્યાં સ્વામીજી એમને રોકતા. નારાયણકાકા કોઈ વસ્તુ અન્યને આપતી વખતે ડાબા હાથનો ઉપયોગ કરતા ત્યારે સ્વામીજી કહેતાઃ "ડાબા હાથે અપાય નહી." તેઓ નારાયણકાકાને કહેતાઃ "ગુરુ સાથેના વર્તનમાં સહેજ સરખો અવિનય પણ ન થવો જોઈએ. શિષ્યો માટે ગુરુ પ્રત્યક્ષ ભગવાન છે. જેમ રાજવી સામે આપણે અદબથી વર્તીએ છીએ તેમ ગુરુ સાથે પણ પૂરા આદરસન્માનથી વર્તવું જોઈએ. ગુરુ એ કોઈ અદ્‌ભુત ચીજ છે એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ."

એકવાર નારાયણકાકાએ સ્વામીજીને કહ્યુંઃ " મને ભૂખ લાગતી નથી." એમની વાત સાંભળીને સ્વામીજીએ કહ્યુંઃ "તારું પેટ બતાવ." નારાયણકાકાએ તે પ્રમાણે કરતાં, સ્વામીજીએ એમના પેટ પર હાથ ફેરવ્યો. બસ ત્યારથી તેમની પાચન કે ભૂખને લગતી ફરિયાદ ચાલી ગઈ, કાયમને માટે.

સ્વામીજી સાધકની પાત્રતા જોઈને જ દીક્ષા આપતા. દીક્ષા માટેની પાત્રતા ન હોય એવા સાધકને તેઓ કહેતાઃ *"દીક્ષા તો હોને પાનેકી ચીજ હૈ, લેનેદેનેકી નહી.* મુઝે અપના દલ બઢાનેમેં રુચિ નહી હૈ. છે–છે મહિને તક હમારી સેવા કરનેવાલોંકો ભી કભી કભી દીક્ષા નહી મીલતી. તુમને ક્યા કીયા હૈ ? સવાલાખ ગાયત્રી મંત્ર કરકે આના."

એક વખત નારાયણકાકાએ દીક્ષા માટે બાળાસાહેબને પોતાની ભલામણ કરવા કહ્યું. ત્યારે બાળાસાહેબે એમને જાતે જ એ માટે સ્વામીજીને વિનંતી કરવાનું સૂચવ્યું. એ અનુસાર નારાયણકાકાએ સ્વામીજી સમક્ષ દીક્ષા માટે માગણી કરી ત્યારે સ્વામીજીએ કહ્યુંઃ "હમણાં નહી. તમારો કોલેજનો અભ્યાસ પૂરો થાય એ પછી જોઈશું." સ્વામીજીનો ઉત્તર સાંભળી નારાયણકાકા થોડાક

નારાજ થયેલા છતાં સ્વામીજીની સેવા કરવામાં એમણે કશી ઊણપ આવવા દીધેલી નહીં. નારાયણકાકાએ સ્વામીજીને દીક્ષા માટે પ્રાર્થના કરેલી તે દિવસે ગુરુવાર હતો. એ પછીના શનિવારે સ્વામીજીએ તેમને કહ્યુંઃ "કાલે સવારે સ્નાન કરીને આવજો. દીક્ષા માટે માતાપિતાની સંમતિ મેળવી લેજો. રવિવારે હું તમને દીક્ષા આપીશ."

આટલી વહેલી દીક્ષા પોતાને પ્રાપ્ત થશે એવું નારાયણકાકાએ સ્વપ્નમાંય ધારેલું નહીં. રવિવારની સવારે સ્નાન પતાવી, માતાપિતાની સંમતિ મેળવી તેઓ દીક્ષાર્થે સ્વામીજી પાસે ગયા. સાથે હાર, નાળિયેર તથા પ્રસાદ માટે પેંડા લેતા ગયેલા. આમ નારાયણકાકાને દીક્ષા પ્રાપ્ત થઈ. બે દિવસ પછી બાળાસાહેબને નારાયણકાકાની દીક્ષાની જાણ થઈ ત્યારે એમને પણ આશ્ચર્ય થયું. એમણે સ્વામીજીને પૂછ્યું ય ખરુંઃ "આપશ્રી નારાયણકાકાને હાલ દીક્ષા આપવાની ના પાડતા હતા, ને આમ એકાએક એમને દીક્ષા કેમ કરીને પ્રાપ્ત થઈ?" ત્યારે સ્વામીજી કહ્યુંઃ "મારો ને નારાયણનો જૂનો ઋણાનુબંધ છે. તેથી વધુ રાહ જોઈ શક્યો નહીં."

નારાયણકાકાનું કુલદૈવત ખંડોબા. તેમના ષડ્‌રાત્રિના ઉત્સવના પહેલા દિવસે એટલે કે માગસર સુદ પડવાને દિવસે એમને દીક્ષા પ્રાપ્ત થઈ. દીક્ષા પ્રાપ્તિ વખતે તેમને બાહ્ય સ્થૂળ ક્રિયાઓ કશી થયેલી નહીં પણ તેમનો મેરુદંડ ટટ્ટાર અને આસન સ્થિર રહેલું. તેમને ઘણા અનુભવો થયા હતા પણ એ જાહેર કરવા પર સ્વામીજીએ પ્રતિબંધ મૂકેલો. નારાયણકાકાને સ્વામીજીનું સાન્નિધ્ય માણવાનું બહુ અલ્પ સમય માટે મળેલું. આ અલ્પ સમયમાં પણ તેઓ સ્વામીજીના સંપર્કનો પૂરો લાભ લેવાનું ચૂક્યા નહીં. સ્વામીજીને ફરવાનો ને વ્યાયામનો ભારે શોખ હતો. તેઓ રોજ સાંજે ફરવા જતા. નારાયણકાકા તેમનાં દર્શને રોજ આવતા. પોતે સ્વામીજીનાં દર્શન માટે ગયા હોય ને સ્વામીજી ફરવા ચાલ્યા ગયા હોય તો તેમના પાછા ફરતાં સુધી નારાયણકાકા રાહ જોતા.

એક દિવસ નારાયણકાકા સ્વામીજી સાથે નદી કિનારે ફરવા ગયા હતા. સાંજનો સમય, નદીનો કિનારો, પૂના શહેરનાં યુવાન યુગલો સ્વૈરવિહાર કરતાં હતાં. ત્યારે નારાયણકાકાએ સ્વામીજીને કહ્યું: "આ લોકો જુઓ કેવું મર્યાદા વગરનું આચરણ કરી રહ્યાં છે?" સ્વામીજીએ કટાક્ષમાં કહ્યું: "તેઓ જીવનમુક્ત છે. તેમનામાં સ્ત્રીપુરુષ એવો ભેદ નથી. આપણે બદ્ધ છીએ, તેઓ નથી."

સ્વામીજીને અનેક વિદ્યાઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. "દૂરદર્શન" અને " દૂરશ્રવણ" ની સિદ્ધિઓ તેમને હસ્તગત હતી. એકવાર સ્વામીજીનો મુકામ શંકરરાવ માર્કન્ડને ત્યાં હતો. નારાયણકાકા સ્વામીજીના પગ દબાવતા બેઠા હતા. ત્યાં સ્વામીજીએ કહ્યું: " અત્યારે વાકડે એમના ઘરમાં બેઠાબેઠા શું કરી રહ્યા છે એ હું અહીં બેઠેબેઠે કહી શકું. નારાયણ, તારે આ વિદ્યા શીખવી છે?" નારાયણકાકાએ ત્યારે ઉત્તર આપેલો: " સ્વામીજી, મારે તો તમારી કૃપા સિવાય બીજું કશું ન જોઈએ. એવી વિદ્યાઓમાં ફસાવું એના કરતાં એ ન જાણવી સારી. આપની વાત જુદી છે." એ પછી વળી એકવાર સ્વામીજીએ નારાયણકાકાને પૂછેલું: "તમારે *'વીરવિદ્યા'* પ્રાપ્ત કરવી છે ?" ત્યારે પણ એમણે સ્વામીજીને ઉપર પ્રમાણેનો જ જવાબ આપેલો.

વીસ દિવસ સુધી ચુસ્તપણે બ્રહ્મચર્યનું પાલન કરીને એક વિશિષ્ટ સાધના કરવાથી *"વીરવિદ્યા"* પ્રાપ્ત થાય છે એમ સ્વામીજી કહેતા. એ વિદ્યા પ્રાપ્ત કરનાર જગતની કોઈ પણ વસ્તુ કે વ્યક્તિને પોતાના તરફ આકર્ષવાની શક્તિ ધરાવતો થઈ જાય છે. એકવાર સ્વામીજીએ આ વિદ્યા એક વ્યક્તિને આપી. એને આ વિદ્યાના ઘણા અનુભવો થયા પણ વખત જતાં તેણે આ વિદ્યાનો દુરૂપયોગ કરવા માંડ્યો. તેણે આ વિદ્યાના બળે સ્ત્રીઓને પોતાના તરફ આકર્ષવાનું શરૂ કર્યું. તેની આ અધોગતિ સ્વામીજીના ધ્યાનમાં આવતાં જ, તેમણે એ વ્યક્તિને ખૂબ ઠપકો આપ્યો તથા એ વિદ્યા એની પાસેથી લઈ લીધી.

પોતાની સારવાર માટે ઉપયોગી દવાઓ વિષે સ્વામીજી કહેતા: "મને દવાઓનું

કશું જ્ઞાન નથી. મને અંદરથી જ કોઈક એ બાબતે કહે છે. સમય આવે એટલે ક્યારે કઈ દવા લેવી એની સૂચના મને કાનમાં સંભળાય છે ને હું એ પ્રમાણે કરું છું." બળિયાના રોગથી પીડાતા એક સાધકને સ્વામીજીએ સુખડના તેલનાં ટીપાં પાણી સાથે પીવડાવીને આ રોગથી મુક્ત કરેલો. એ ટાણે નારાયણકાકા હાજર હતા.

નૈષ્ઠિક બ્રહ્મચારી તથા દંડીસ્વામી હોવા છતાં સ્વામીજીને અન્ય શાસ્ત્રોની જેમ કામશાસ્ત્રનુંય તલસ્પર્શી જ્ઞાન હતું. આજકાલ બધા જ વર્ગોની મોટા ભાગની સ્ત્રીઓ જે પ્રકારનો પોષાક પહેરે છે તથા જે રીતે અંગ પ્રદર્શન કરે છે એ સામે સ્વામીજીએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. એમના આવા વેશપરિધાનથી ને અંગપ્રદર્શનથી સામાજિક અધઃપતન થાય છે એમ તેઓ કહેતા.

રોજબરોજની નાની નાની બાબતો પણ સ્વામીજીના ધ્યાન બહાર રહેતી નહીં. એમનાં વાસણો ઘસી ઘસીને સાફ કરતા નારાયણકાકાને એ ટોકતાઃ "જો જો એ બધાંને વધારે પડતાં ચોખ્ખાં કરવાના ઉત્સાહમાં એ ભાંગી ન જાય." એ જ રીતે એમનાં કપડાંને જોરથી પછાડીને ધોનારને એ કહેતાઃ " સંભાળીને ધોજો. ક્યાંક ફાટી જશે તો ઉપાધિ."

પત્ર લખવાની બાબતે પણ સ્વામીજી ભારે ચીવટ રાખતા તથા લખનાર પાસેથીય એવી ચીવટની અપેક્ષા સેવતા. પત્ર લખનારે યોગ્ય સંબોધન ન કર્યું હોય તો એનો ઉત્તર પાઠવવાનું એ ટાળતા. અયોગ્ય સંબોધન પણ સૂક્ષ્મ પ્રકારનો અવિવેક છે એમ તેઓ પત્ર લખનારને સમજાવતા. પ્રત્યુત્તર માટે જવાબી પત્ર ન બીડયો હોય ત્યારે એનો જવાબ આપવાનું એમનાથી બનતું નહીં. એવા પત્રોના જવાબો આપવા બેસે તો એમનો મોટા ભાગનો સમય પોસ્ટ ઓફિસના આંટાફેરા કરવામાં જ પસાર થઈ જાય.

એક વખત એક સાધકે સ્વામીજીને લખેલા પત્રમાં સ્વામીજીને સંબોધન

કરતી વખતે ' પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીસદ્‌ગુરુ ' એવું લખેલું નહી. તેથી સ્વામીજીએ તે પત્રનો ઉત્તર જ આપ્યો નહીં. એટલું જ નહી પણ તેનું સાધન પણ બંધ કરી દીધું. આ સંદર્ભમાં સ્વામીજીએ એક વખત સ્પષ્ટતા આપતાં કહ્યું: "પોતાના સદ્‌ગુરુની બિરદાવલી એટલે તેઓશ્રીની પ્રખર તેજસ્વી પરંપરાનું ગૌરવ છે. આ શક્તિ પરંપરાને લીધે જ પ્રાપ્ત થાય છે. અમારે લીધે નહી. બિરદાવલિ એટલે પરંપરાનું ગૌરવ. બિરદાવલિનો અનુલ્લેખ એટલે પરંપરાનું અપમાન છે."

સ્વામીજી સારું ગાઈ પણ શકતા. એમનો કંઠ મધુર હતો. તેઓ બંગાળી તેમ જ હિંદી ગીતો પણ ગાતા. નારાયણકાકાને એમનાં ગીતો સાંભળવાનો લાભ મળેલો. સ્વામીજી ગીતના ભાવ સાથે તલ્લીન થઈને ગાતા. ગાતાં ગાતાં ક્યારેક એમની આંખો ભીની થઈ આવતી. તેઓ એક પંક્તિ વારંવાર દોહરાવતા "બે દિવસનું યૌવન રે ભાઈ, બે દિવસનું યૌવન. " નારાયણકાકા સ્વામીજીને ભિક્ષાર્થે પોતાને ઘેર લઈ જતા અને પૂરા આદરસન્માનથી એમને ભોજન પીરસતા. ભોજન બાબતે કોઈ ક્ષતિ રહી હોય તો સ્વામીજી ઉદાર ચિત્તે એ દરગુજર કરતા.

સ્વામીજી વિષે નારાયણકાકા કહેતા કે તેઓ હંમેશાં ટટાર બેસતા. વાંચતી લખતી વખતે પણ આ જ સ્થિતિમાં બેસતા. વાંચવાનું પુસ્તક તેઓ લાકડાની ઘોડી પર મૂકતા. તેઓ વાંચવામાં એવા તલ્લીન થઈ જતા કે એ ટાણે કોણ આવ્યું ને કોણ ગયું એનો એમને લગીરે ખ્યાલ રહેતો નહી. ક્યારેક વાંચતાં વાંચતાં નિશ્ચેષ્ટ થઈ જતા ને ત્યારે માત્ર *હમ્ઙઙ હમ્ઙઙ* એવો દીર્ઘ મંદ સ્વર ચાલતો રહેતો.એમના સાન્નિધ્યમાં બેઠેલાં એમને આ સ્થિતિમાં પુસ્તક વાંચતા કે ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા જોઈને અલૌકિક પ્રસન્નતા અનુભવતા તથા એમના અનેક વણઉકલ્યા પ્રશ્નોનો ઊકેલ આવી જતો. *ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયા:* એમ કહેવાયું જ છે ને ! સ્વામીજીના સાન્નિધ્યમાં એમના શિષ્યો –સ્નેહીઓ સંસારની માયાજાળને વીસરી જતા. નારાયણકાકાને

એમના સાન્નિધ્યનો લાભ અનેકવાર મળ્યો છે. ભોજન સમયે ક્યારેક સ્વામીજી પણ નારાયણકાકાને આગ્રહ કરીને પીરસતા.

સ્વામીજીના સાન્નિધ્યમાં જ નારાયણકાકાએ બી.એસસી. તેમજ બી.ઈ.ની ઉપાધિઓ પ્રાપ્ત કરેલી. અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેઓ મહારાષ્ટ્ર સરકારના જલસંશોધન વિભાગમાં પ્રથમ વર્ગના અધિકારી તરીકે જોડાઈ ગયેલા અને સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયા. કલકત્તા યુનિ.ની એમ. ઈ.ની ઉપાધિ પણ તેમણે મેળવેલી. નાશિકની મેરી એન્જિનિયરિંગ ઈન્સ્ટિટયૂટમાં ઊંચા હોદ્દા પર તેઓ નિયુક્ત થયેલા. સ્થાપત્ય શાખામાં નોંધપાત્ર સંશોધન માટે તેમને સુવર્ણપદક પણ અર્પણ કરવામાં આવેલો. આજન્મ બ્રહ્મચારી રહીને તેમને સિદ્ધયોગની અખંડ સાધના કરીને સદ્‌ગુરુપદ પ્રાપ્ત કર્યું છે. એમણે માતાપિતાની તનમનધનથી સેવા કરી છે. તેમ જ જરૂર પડ્યે મિત્રો સ્નેહીઓને શક્ય તેટલી સહાય કરતા રહ્યા છે. તેઓ શાંત, શિસ્તપ્રિય અને સંયમી પ્રકૃતિના છે. અનેક દીક્ષાવાંચ્છુઓને શક્તિપાતની દીક્ષા પ્રદાન કરી આ પ્રણાલીનો પ્રસાર પ્રચાર ભારતમાં ને ભારતની બહારના દેશોમાં તેઓ કરી રહ્યા છે.

અધ્યાય:૧૫

ભકતવત્સલ સ્વામીજી

ભક્તો મત્પદસક્ત જે, નિત્યયુક્ત પ્રિય તેમ ।
કાર્ય સિદ્ધિ તત્ક્ષણ થશે નકી તેમની એમ ॥

(શ્રીગુરુલીલામૃત, ૧૦૫-૨૧)

શંકરરાવ રેસને રવાડે

સ્વામીજીના ભક્ત શંકરરાવ રેસના રવાડે ચડી ગયા. ૧૯૪૩થી ૧૯૪૮ સુધી રેસની રમતમાં નસીબે એમને યારી આપી. પણ ૧૯૪૯ના પહેલા જ મહિનામાં તેમને ભારે ખોટ ખાવી પડી. ખોટ પૂરવા તેઓ પૂનાથી મુંબઈ ગયા ને ત્યાંની રેસમાં દાવ લગાવી જોયો. ત્યાંય તેમને ભારે ખોટ સહેવી પડી. એ ખોટનો આંક લાખોનો હતો.

સ્વામીજીએ અગાઉ એમને છ વર્ષ સુધી રેસ રમવાનું કહ્યું હતું ને એ

પછી એ છોડી દેવાનું કહેલું. પણ શંકરરાવ એ ભૂલી ગયા. શંકરરાવને આ ખોટને કારણે જંગલી મહારાજના મંદિર પાસેનો પ્લોટ, મોટર, સોનું અને બીજું ઘણું બધું વેચી દેવું પડ્યું. તોય ખોટ પૂરેપૂરી ભરપાઈ થઈ શકી નહી. સ્વામીજીને જ્યારે શંકરરાવની ખોટની જાણ થઈ ત્યારે એ પણ થોડા ખિન્ન થયા. પણ શું થાય ?

कर्मगति आहे न्यारी बुद्धि काय करील बिचारी

– સંત તુકડોજી મહારાજ

(કર્મગતિ છે ન્યારી , બુદ્ધિ કરે શું બિચારી)

સ્વામીજી પણ એવું જ કહેતાઃ " કર્મગતિનો કોઈ ઉપાય હોતો નથી." ગહના કર્મણો ગતિઃ (ગીતા –૪.૧૭)

निस्पृहस्य तृणं जगत् ।

ઈ. સ. ૧૯૫૦માં સ્વામીજી પૂના આવ્યા. તેઓ છેક ૧૯૨૮થી પૂનાની મુલાકાતે આવતા એટલે અહીં એમનું શિષ્ય મંડળ ખાસ્સું બહોળું હતું. સ્વામીજી અહીં હતા એ અરસામાં નારાયણરાવ દેશપાંડે (શિરવળકર)નો છોકરો દિગંબર પોતાના ભાણા વિજયને સ્વામીજીનાં દર્શન કરાવવા ત્યાં લઈ આવ્યો. વિજયની ઉંમર પાંચેક વર્ષની હશે. એ સંસ્કારી જીવ હતો એટલે એણે સ્વામીજીને નમસ્કાર કર્યા કે તરત સ્વામીજીએ એને પોતાની પાસે ખેંચી લીધો. ધબ્બો મારીને એની સાથે વાતો કરવા મંડ્યા. એમણે વિજયને પૂછ્યુંઃ "આ પહેલાં તું ક્યાં હતો ?" એ પૂછ્યા પછી સ્વામીજી જોરથી હસી પડ્યા. એ કહેવા લાગ્યાઃ " આપણે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના છીએ, એ કોણ કહી શકે ?" એમણે વિજયને કહ્યુંઃ " તું મને નથી ઓળખતો પણ હું તને ઓળખું છું. હું તને કહું તે સાંભળ. હું ગમે ત્યાં ભટકતો હોઈશ પણ અંત ટાણે હું કાશીમાં હોઈશ." નાના વિજયને તો સ્વામીજીની વાત ક્યાંથી સમજાય, પણ અન્ય બેઠેલાં સૌ સ્વામીજીની વાતનો મર્મ સમજી ગયાં.

એકવાર સ્વામીજીએ શંકરરાવ માર્કન્ડના બંગલા તરફ અંગૂલિનિર્દેશ કરીને બાજુમાં ઊભેલા નારાયણરાવને કહ્યું: "તમારે આવો બંગલો નથી જોઈતો?" પણ પછી તરત જ સ્વયં બોલ્યા: "આમાં શું છે ? આ તો બે દિવસની માયા છે. આપણા સાધનાના માર્ગમાં એ તો બાધારૂપ છે." આમ સ્વામીજી ઘણીવાર જાતે જ પ્રશ્ન કરતા ને જાતે જ એનો ઉત્તર પણ આપતા. એમની વાતચીતમાંથી ભાવિ ઘટનાઓના સંકેતો પણ મળી રહેતા.

શંકરરાવ માર્કન્ડની આર્થિક સ્થિતિમાં ભારે પલટો આવ્યો. ધંધામાં એમને ભારે ખોટ ખમવી પડી અને તેઓ દેવાદાર થઈ ગયા. સ્વામીજીએ એમને કાશીથી પત્ર લખ્યો: "તમારી આર્થિક સ્થિતિ બદલાઈ ગઈ છે એ જાણ્યું. તમે દેવું ભરપાઈ કરવા ઘરબાર વેચ્યાં. છતાં પૂરું દેવું ચૂક્તે થઈ શક્યું નથી. મારે મારા અહીંના આશ્રમની કશી જરૂર નથી. મારા જેવા સંન્યાસીને એનો શો ખપ? તમે એ બનાવવા પાછળ ઘણું ખર્ચ કર્યું છે, મારી નામરજી છતાં. આ આશ્રમ વેચીને એ દ્વારા મળતી રકમમાંથી તમારું બાકીનું દેવું ચૂકતે કરી તમે ચિંતામુક્ત બની જાઓ. આશ્રમ વેચવાની તમારી સંમતિની હું રાહ જોઉં છું. તમારી સંમતિ મળ્યે એ વેચીને એમાંથી મળેલી રકમ હું તમને મોકલી આપીશ. હું તમારી જાણ બહાર આશ્રમ વેચી નાખું તો તમને આશ્ચર્ય ને આઘાતની લાગણી થાય. એ કારણે જ તમારી સંમતિ માગી રહ્યો છું."

સ્વામીજીના પત્રના ઉત્તરમાં શંકરરાવે જણાવ્યું કે પોતાને આશ્રમ વેચવાની ઈચ્છા નથી. આમ છતાં, સંજોગોને ધ્યાનમાં લેતાં ને સ્વામીજીની ઈચ્છાને શિરોમાન્ય ગણીને એમણે સ્વામીજીને આશ્રમ વેચવાની સંમતિ દર્શાવી. એમની સંમતિ મળ્યા પછી સ્વામીજીએ આશ્રમ વેચવા અંગેની વાત જાંબવંતસિંહ તેમજ અન્ય શિષ્યો સમક્ષ મૂકી. પૈસાની તાત્કાલિક જરૂર હતી એટલે ૧૬૦૦૦ જેવી નજીવી કિંમતે આશ્રમ વેચી દેવામાં આવ્યો. આમ ૧૬–૧૦–૧૯૫૦ના રોજ સ્વામીજીએ આશ્રમનો કબ્જો એના ખરીદનારને

સોંપી દીધો ને એના વેચાણમાંથી મળેલી રકમ શંકરરાવને તાત્કાલિક મોકલી આપી.

માનવ જીવનનાં શાશ્વત મૂલ્યો સત્પુરુષોના જીવન દ્વારા સાકાર થતાં રહે છે. સ્વામીજી એ મૂલ્યોને જીવનભર શ્વસતા રહ્યા છે. આશ્રમનો ત્યાગ સ્વામીજીમાં રહેલી વૈરાગ્યવૃત્તિ તથા ભક્તોનાં દુઃખ દૂર કરવાની એમની તત્પરતાની દ્યોતક છે. કબીર કહે છે :

गाठी दाम न बांधही, नहीं नारी से नेह ।
कह कबीर वो साधुकी हम चरनन की खेह ।।

(જે પૈસો પણ ગાંઠે બાંધતો નથી, અને પરસ્ત્રી સાથે સ્નેહ રાખતો નથી તેવા સાધુની ચરણરજને અમારાં અનન્ત પ્રણામ).

ડો. બેન્દ્રે

પૂનાના જાણીતા ડો. બેન્દ્રેને યોગ અધ્યાત્મમાં ઊંડો રસ હતો. તેઓ અનેક સંતો, યોગીઓના સંપર્કમાં આવ્યા હતા. એમને ભસ્ત્રિકાદિ પ્રાણાયામ પ્રક્રિયાનો પણ અભ્યાસ હતો. યોગી શ્રીગોપાલ મહારાજ કસબેકરના સાન્નિધ્યમાં રહીને તેમણે આ પ્રક્રિયાઓનો અભ્યાસ કરેલો. શ્રીગોપાલ મહારાજના જીવનમાં બનેલી અનેક ઘટના તથા પ્રસંગોને નજીકથી જોવાનો લાભ તેમને મળેલો. ડો.બેન્દ્રેએ શ્રી. કસબેકરજીના જીવન વિશે થોડું લખ્યું પણ છે. ફલટણના સંત શ્રીઉપળેકર મહારાજ સાથે રહેવાનો લાભ પણ ડોક્ટરને મળ્યો હતો. સંતપુરુષોમાં દિવ્યત્વની પ્રતીતિ થતાં જ તેમનું મસ્તક એમની આગળ નમી જતું.

ડો.બેન્દ્રે ૧૯૪૨માં સ્વામીજીના સંપર્કમાં આવ્યા ને તેમના પર સ્વામીજીની કૃપા પણ ઊતરી. ત્યારથી તેમની સાધના નિયમિત રીતે ચાલતી

રહી. સ્વામીજીની ઉપસ્થિતિમાં તેમની સાધનાની ક્રિયાઓ વધારે વેગીલી બની જતી ને ત્યારે સ્વામીજી એમને સ્પર્શીને એ ક્રિયાઓનો વેગ શાંત પાડતા. જરૂર પડે ડોક્ટર સ્વામીજીને દવા તથા સારવાર આપતા. લાંબા સહવાસને કારણે ડોક્ટર સ્વામીજીની પ્રકૃતિને સુપેરે પામી ગયા હતા. સ્વામીજીને બંધકોશની તકલીફ રહેતી. તેમને સુકતાનની બીમારી પણ હતી. ઘણીવાર તેમના હાથપગ સુકલકડી ને પેટ ગાગરડી જેવાં લાગતાં. વિટામિનોની ખામીને કારણે એમને બેરીબેરીની બીમારી પણ લાગુ પડેલી. આમ છતાં સ્વાસ્થ્ય બહુ કથળ્યું ન હોય ત્યારે તેઓ નિયમિત રીતે સવાર સાંજ ફરવા જતા.

સ્વામીજી વૈદિક પરંપરાના આગ્રહી હતા. તેઓ પોતે વૈદિક પરંપરા મુજબ આચરણ કરતા ને અન્ય પાસે કરાવતા. શિખા , જનોઈ તથા ત્રિકાળ સંધ્યાના પણ તેઓ આગ્રહી હતા. વર્ણાશ્રમ વ્યવસ્થા સમાજ માટે કલ્યાણકારી છે એવી તેમની દૃઢ માન્યતા હતી. વૈદિક પરંપરા મુજબના આચારોનું પાલન તેઓ ચુસ્તપણે કરતા ને કરાવતા. સ્વામીજી મંત્રદીક્ષા તથા વેધદીક્ષા આપતા. એમણે શંકરરાવને મંત્રદીક્ષા આપી હતી. એમની પાસેથી દીક્ષા પ્રાપ્ત કરવી એ કઠિન કામ હતું. સાધકને મંત્રમુગ્ધ કરનારી આ મંત્રદીક્ષા અલૌકિક છે. સ્વામીજીને ચમત્કારો ગમતા નહીં. તેઓ ચમત્કારોની વિરુદ્ધ હતા.

એકવાર સ્વામીજી પૂનાથી બીજે ગામ જઈ રહ્યા હતા. એમની વિદાય ટાણે એમના સ્નેહીઓ, ભક્તો એમને હાર અર્પણ કરી પોતાનો આદર દર્શાવતા હતા. એ સમયે ડો. બેન્દ્રે પણ ત્યાં આવ્યા. તેઓ હાર લાવવાનું ભૂલી ગયા હતા. એમણે સ્વામીજી સમક્ષ સવા રૂપિયો આદરભાવથી મૂક્યો. સ્વામીજીએ પ્રસાદી તરીકે ડોક્ટરને તે પરત કર્યો. ડોક્ટરે તે સવા રૂપિયો પોતાના પૂજાસ્થાનમાં મૂકી દીધો જેથી અન્ય દેવદેવીઓ ભેગી સ્વામીજીની પ્રસાદીની પૂજા પણ હરરોજ થતી રહે.

બાબા મહારાજ માનવતકર (બાબુરાવ દલાલ)

શ્રી. દલાલ મહારાજ હૈદ્રાબાદના શ્રી. શિવરાજા અને શ્રી. રામપ્પા મહારાજના સ્નેહી હતા. શિવરાજા સ્વામીજીનાં દર્શને કાશી ગયેલા ને ત્યાં આઠ દસ દિવસ રોકાયેલા. સ્વામીજીએ એ અરસામાં એમને દીક્ષા આપેલી. દીક્ષાના અનુભવ વિષે શિવરાજાએ કહેલું: "દીક્ષા પ્રાપ્ત થતાં હું આનંદવિભોર થઈ ગયેલો. અંદરથી સતત હસવું આવતું હતું. એ અનુભવનું આથી વિશેષ વર્ણન કરવું મારે માટે અશક્ય છે."

રામપ્પા મહારાજ અધિકારી પુરુષ હતા. સ્વામીજીએ તેમને પણ દીક્ષા આપી. અગાઉ એમના ગુરુએ એમને દીક્ષા આપેલી ત્યારે જે તીવ્રતાભર્યો અનુભવ રામપ્પાને થયેલો એવો જ અનુભવ સ્વામીજીએ એમને દીક્ષા આપી ત્યારે થયેલો. પરંતુ અગાઉની દીક્ષાનો અનુભવ એમને ફરી ક્યારેય થયો નો'તો જ્યારે સ્વામીજીએ આપેલી દીક્ષાનો અનુભવ એમની રોજની સાધના દરમિયાન હંમેશ થતો રહેલો. તથા એમની સાધનાની તીવ્રતા પણ ઉત્તરોત્તર વધતી રહેલી. એમની સાધના દરમિયાન એમને વિવિધ ક્રિયાઓ આપમેળે થતી રહેતી. એમની ચિત્તની શાંતિમાં વૃદ્ધિ થતી રહેલી.

સન ૧૯૪૯માં શ્રી. દલાલ મહારાજ શિવરાજાની સાથે સ્વામીજીનાં દર્શને પૂના આવ્યા ત્યારે મહારાજ ત્યાં હાજર હતા. શિવરાજાએ દલાલ મહારાજને શક્તિપાત વિદ્યાની માહિતી આપી. તેમના જ દ્વારા તેઓ મહારાજ પાસે આવ્યા ને દીક્ષા વિષે મહારાજને વાત કરી. દલાલ મહારાજ શ્રીવાસુદેવાનંદ સરસ્વતીના શિષ્ય શ્રીયોગાનંદ સરસ્વતીની કૃપા પામેલા. એટલે જ શક્તિપાતની દીક્ષા એમને ગુળવણી મહારાજ પાસેથી પ્રાપ્ત થયેલી. તેઓ સ્વામીજીનાં દર્શને આવતા. શિવરાજા સ્વામીજીનાં અનેક સંસ્મરણો વાગોળતા રહેતા ને ત્યારે એ ભાવવિભોર થઈ જતા. સ્વામીજીને મંત્રશાસ્ત્રનું વિશેષ જ્ઞાન હતું. સંન્યસ્ત ગ્રહણ કર્યા પછીય તેઓ શક્તિની ઉપાસના—સાધના કરતા

હતા. એ સાધના પછી જે અનુભવો થતા ગયા એથી એ વિદ્યા તરફ એમનું ખેંચાણ વધતું ગયું. પણ સંન્યાસધર્મી માટે આ યોગ્ય નથી એમ લાગતાં એમણે એ ઉપાસના છોડી દીધી.

શ્રી. બાળાસાહેબ વાકડે

શ્રી. વસંત વ્યંકટેશ વાકડે વિજ્ઞાન વિષયમાં યુનિવર્સિટીની ઉપાધિ ધરાવતા હતા. તેઓ બાળાસાહેબ વાકડેના નામે પણ ઓળખાતા. તેઓએ પૂનાની ફર્ગ્યુસન કોલેજમાં એમના વિષયના માર્ગદર્શક તરીકે ઘણાં વર્ષો સુધી સેવાઓ આપેલી. તેઓ પચ્ચીસ વર્ષની નાની વયે (૧૯૪૭)માં સ્વામીજીના દર્શનાર્થે એમની પાસે આવેલા. એમનો સ્વભાવ પહેલીથી બોલકો. એમને બોલ્યા વિના ચાલે નહીં. એમના સંપર્કમાં આવનારનેય એ બોલકા બનાવી દેતા. સ્વામીજી સાથેના એમના પાંચ વર્ષના સહવાસ દરમિયાન સ્વામીજીએ એમની સાથે જેટલી વાતો કરી હશે એટલી એ ગાળામાં બીજા કોઈ સાથે નહી કરી હોય. એનું કારણ, બાળાસાહેબ ભારે જિજ્ઞાસુ હતા ને અધ્યાત્મ વિષયનું તલસ્પર્શી જ્ઞાન મેળવવા તેઓ સ્વામીજીને પોતાની જિજ્ઞાસા સંતોષવા પ્રશ્નો પૂછતા હતા ને એમના પ્રશ્નોના ઉત્તરો સ્વામીજી આપતા હતા.

બાળાસાહેબ દેશપ્રેમી હતા તથા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ કરતા હતા. પૂનાનો કસબાપેઠ તેમનું કાર્યક્ષેત્ર હતું. આ વિસ્તારમાં રહેતા ઘણાને તેઓએ સ્વામીજીનો પરિચય કરાવ્યો હતો. સ્વામીજીને તેઓ સાક્ષાત્ ચૈતન્ય સ્વરૂપ માનતા. પૂ. શ્રી. નારાયણકાકા ઢેકણેને દીક્ષાર્થી બનાવવાની ના કહી દીધા પછી સ્વામીજીએ જ્યારે એમને દીક્ષા આપી ત્યારે બાળાસાહેબે એ વિષે પૂછ્યું. એના પ્રત્યુત્તરમાં સ્વામીજીએ કહ્યું: " એનો ને મારો ઘનિષ્ઠ ઋણાનુબંધ છે." બાળાસાહેબે સ્વામીજીને પૂછ્યું: "એ ઋણાનુંબંધની આપને શી રીતે જાણ થઈ?" ત્યારે સ્વામીજીએ કહ્યું: "નારાયણને દીક્ષાની ના કહ્યા પછી મને જણાયું કે મારા પ્રાણ ઉપર જતા અટકી ગયા હતા.જ્યારે મેં એને દીક્ષા આપવાનો

સંકલ્પ કર્યો ત્યારે ફરીથી એની ઊર્ધ્વગતિ શરૂ થયેલી. આ અનુભવ પરથી મને નારાયણ સાથેના ઋણાનુબંધનો ખ્યાલ આવ્યો."

શ્રીરામકૃષ્ણ પરમહંસ વિષે સ્વામીજી ખૂબ ભક્તિભાવથી બોલતા. એ યોગી પુરુષ વિષે વાત કરતાં સ્વામીજી કહેતા : "સ્થૂળ દેહધારી વ્યક્તિ યોગી હોય એ યોગશાસ્ત્રની દૃષ્ટિએ અસંભવ લાગે છે." શક્તિપાત માર્ગ વિષે સ્વામીજી કહેતાઃ "*શક્તિપાત દીક્ષાનો માર્ગ એ રાજયોગથી શ્રેષ્ઠ માર્ગ છે. એટલે જ એને મહાયોગ કહેવામાં આવ્યો છે. મહાયોગ નામમાં જ એ માર્ગની શ્રેષ્ઠતા સૂચિત છે.*"

પૂનામાં સ્વામીજી એક દિવસ બાળાસાહેબને ઘેર ગયા હતા. એમનાં માતુશ્રીએ સ્વામીજીની પૂરી શ્રદ્ધાથી સેવાપૂજા કરી. સ્વામીજીએ તેમને દત્તમંત્ર આપ્યો. પૂનામાં સ્વામીજી માર્કન્ડેય મંદિરમાં રોકાયેલા. એમની ભોજનની વ્યવસ્થા બેરિસ્ટર ખાસગીવાલેને ત્યાં થયેલી. એ પછી તેઓ શ્રી. ભાઉરાવ અભ્યંકરને નિવાસે રહેવા ગયેલા. અહીં તેઓ માંડ એકાદ બે દિવસ જ રોકાયેલા. કયાંય કશુંક અણગમતું બને ત્યાં સ્વામીજી એક ક્ષણ પણ વધુ રોકાયા વિના ત્યાંથી ચાલી નીકળે. ભાઉરાવને ત્યાં પણ આવું જ કશુંક બનેલું. એટલે સ્વામીજી ભાઉરાવના ઘરનો ત્યાગ કરીને એમના ઘર સામેના સંભાજી પાર્કમાં ચાલ્યા ગયેલા. એક દર્શનાર્થી એમને ત્યાં નિરાંતે બેઠેલા ભાળીને એમની સમીપ આવ્યો અને એમનાં દર્શન કરીને બોલ્યોઃ "સ્વામીજી, મારે લાયક કોઈ સેવા હોય તો ફરમાવો." ત્યારે સ્વામીજીએ કહ્યુંઃ "બાળાસાહેબને અહીં મારી પાસે બોલાવી લાવો."

સ્વામીજીનો સંદેશ મળતાં જ બાળાસાહેબ સંભાજી બાગમાં આવી પહોંચ્યા. સ્વામીજીએ એમને કહ્યુંઃ "મારે અહીં રહેવું નથી. મારે ભુજંગરાવને ત્યાં રહેવું છે." એ પછી બાળાસાહેબ સ્વામીજીને લઈને ભુજંગરાવને મળવા સીધા કોર્ટમાં ગયા ને એમને કહ્યુંઃ" સ્વામીજીની ઈચ્છા તમારે ત્યાં રહેવાની છે." ભુજંગરાવે કહ્યુંઃ "એનાથી રુડું શું ? એમાં મને પૂછવાનું હોય જ નહી.

સ્વામીજી ઈચ્છે ત્યાં સુધી મારે ત્યાં રહી શકે છે. અમે એમની અમારાથી બનતી બધી સેવા કરીશું. અમારું ઘર સ્વામીજીનું જ છે." આમ કહીને ભુજંગરાવ (નાના ભાલેરાવ) સ્વામીજીને લઈને પોતાને ઘેર આવ્યા. એ પછી યોગ્ય સમય જોઈને બાળાસાહેબે સ્વામીજીને પૂછ્યું: "આપે ભાઉરાવનો નિવાસ એકદમ કેમ બદલી નાખ્યો ?" પ્રત્યુત્તરમાં સ્વામીજીએ કહ્યું:" ભાઉરાવના પડોશી માંસાહારી છે. એમને ત્યાં રંધાતી માંસમાછલીની વાનગીઓની ગંધ મારાથી સહન ન થઈ શકી તેથી હું ત્યાંથી અહીં આવી ગયો."

એ અરસામાં બાળાસાહેબનો દીકરો જ્ઞાનેશ્વર માંદો પડ્યો. એને સહેજ સારું જણાય એટલે સ્વામીજીનાં દર્શને બાળાસાહેબ એને લઈ જતા. એકવાર સ્વામીજીએ પૂછ્યું: "શું થયું છે જ્ઞાનેશ્વરને ?" એમણે એને (જ્ઞાનેશ્વરને) પોતાની પાસે બોલાવ્યો. એમને જ્ઞાનેશ્વરની ગળામાંની ગ્રંથિઓ ફૂલી ગયેલી જણાઈ. એમણે જ્ઞાનેશ્વરના ગળે હાથ ફેરવ્યો ને કહ્યું: "જાઓ, હવે સારું થઈ જશે." અને સાચે જ જ્ઞાનેશ્વરની બીમારી તે જ ઘડીથી દૂર થઈ ગઈ. બાળાસાહેબ તથા એમનાં પત્નીને ખ્યાલ આવી ગયો કે દીકરાની બીમારી સ્વામીજીના આશીર્વાદને પ્રતાપે જ દૂર થઈ હતી.

રાત્રે સ્વામીજી માત્ર ફળાહાર લેતા. બાળાસાહેબ, નારાયણરાવ તથા અન્ય ભક્તો બજારમાંથી ઋતુ અનુસાર સ્વામીજી માટે ફળ ખરીદી લાવતા. સ્વામીજીને કેળાં વિશેષ પ્રિય હતાં, પણ કૃત્રિમ રીતે પકવેલાં કેળાં તેઓ ખાતા નહીં. ક્યારેક એમને માટે આણેલાં બધાં કેળાં કૃત્રિમ રીતે પકવેલાં હોય ત્યારે સ્વામીજીને ઉપવાસ કરવો પડતો. એવું થાય ત્યારે બાળાસાહેબ સહિત સ્વામીજીના ભક્તોને ભારે દુ:ખ થતું. એટલે એમણે કેળાં ખરીદતી વખતે કાળજી લેવા માંડી ને કુદરતી રીતે જ પાકેલાં કેળાં સ્વામીજી માટે લાવવા માંડ્યા. સ્વામીજી પાસેથી બાળાસાહેબને જાણવા મળ્યું કે કૃત્રિમ રીતે પકવેલાં કેળાંને આગલે છેડે કાળી કળી જવું હોય છે. જ્યારે નૈસર્ગિક રીતે પાકેલાં કેળ

ને છેડે એવી કળી હોતી નથી તથા એવાં કેળાંનો રંગ એક સરખો હોય છે.

સ્વામીજીને ઔષધો તેમજ ઔષધીય વનસ્પતિની સારી માહિતી હતી. એકવાર સ્વામીજી સાથે બાળાસાહેબ ફરવા ગયેલા. સ્વામીજીએ એકદમ બાળાસાહેબને પૂછ્યુંઃ " તમારી પાસે તાંબાનો સિક્કો હોય તો મને આપો. હું એ સિક્કો ચાંદીનો બનાવી દઈશ." બાળાસાહેબને તો એ સાંભળીને ગમ્મત પડી. વળી સદ્ભાગ્યે તે ટાણે એમના ખિસ્સામાં તાંબાનો સિક્કો હતો. એમણે તો ફટ સ્વામીજી સામે તે ધરી દીધો. સ્વામીજીએ એક ઝાડનાં થોડાંક પાન તોડીને એને મસળીને રસ કાઢ્યો ને એ રસ પેલા તાંબાના સિક્કાને લગાડયો. રસ લાગતાં જ તાંબાના સિક્કાનો રંગ બદલાઈને ચાંદીના સિક્કાના રંગ જેવો થઈ ગયો. બાળાસાહેબ તો આ જોઈને ભારે આશ્ચર્યમાં પડી ગયા. સ્વામીજીએ એમને પૂછ્યુંઃ " તાંબાના સિક્કાને ચાંદીનો બનાવવાની આ વિદ્યા શીખવી છે?" બાળાસાહેબે વિનયપૂર્વક ના ભણી દીધી. સ્વામીજી પાસેથી શું શીખવું તે તેઓ સ્વામીજીના સંપર્કમાં આવ્યા પછી સુપેરે જાણતા હતા.

જ્ઞાનેશ્વરને ખાંસીની તકલીફ પણ રહેતી. સ્વામીજીએ એનો ઈલાજ પણ બાળાસાહેબને બતાવેલો. હરણનાં શિંગડાંની ભસ્મને ફુલાવેલી ફટકડીની ભસ્મમાં મેળવીને એ મિશ્રણને મધમાં કાલવીને ચટાડવાથી જ્ઞાનેશ્વરની ખાંસી મટી જશે એમ સ્વામીજીએ કહ્યું ને એ પ્રમાણે કરવાથી જ્ઞાનેશ્વરની ખાંસી મટીય ગઈ.

એકવાર ગુરુ કરવાની લોકોની ઘેલછા વિષે સ્વામીજીએ કહ્યું : " ઘણું ખરું લોકો ગુરુ તરીકે કોને સ્વીકારવા એ વિષે કશું જાણતા હોતા નથી. "ગુરુ શિષ્ય કરતાં શ્રેષ્ઠ વર્ણનો હોવો જોઈએ કે પોતાના વર્ણનો હોવો જોઈએ એ વિષે પણ લોકો કશું જાણતા નથી હોતા." પછી એમણે ગુરુ વિષેનો તુકારામનો એક અભંગ સૌ ઉપસ્થિતોને ગાઈ સંભળાવ્યોઃ

डिवेना डसेना बुजेना निर्मळ । परि अमंगळ स्वीकारीना ॥१॥
परंतु गर्दभ अपवित्र जाणा । पर्वकाळी दाना देऊं नये ॥२॥
डिवी लात्री बुजे बहु नेदी दूध । मुखी नाही शुद्ध विष्टा खाय ॥३॥
परन्तु ते गाय पवित्र हो जाणा। पर्वकाळी दाना देऊं येते ॥४॥
ब्राह्मणे ब्राह्मणा सद्गुरु करावा । परि न करावा शूद्रादिका ॥५॥
तुका म्हणे देवे सांगितली सोय । म्हणोनि त्याचे पाय धरिले जीवे ॥६॥

મારે ના કરડે ના બીએ ના નિર્મળ। તો એ અમંગળને અસ્વીકાર્ય ॥૧॥
કિન્તુ ગર્દભને અપવિત્ર જાણવો । પર્વકાળે નહિ દાન દેવું ॥૨॥
લાત મારે બીએ દૂધ ના દે ઘણું । શુદ્ધ નહિ મુખ થકી ખાય વિષ્ટા ॥૩॥
કિન્તુ તે ગાયને પવિત્ર જાણવી દેવાય છે દાન પર્વકાળે ॥૪॥
બ્રાહ્મણે કરવા બ્રાહ્મણને સદ્‌ગુરુ । કિન્તુ શુદ્રાદિકને ગુરુ ન કરવા ॥૫॥
તુકા ભણે દેવે આ માર્ગ છે દાખવ્યો। એટલે મેં ગ્રહ્યાં ચરણ તેનાં ॥૬॥

એકવાર સંન્યાસશ્રમ તથા બ્રહ્મચર્યાશ્રમ વિષે વાત નીકળી. સ્વામીજીએ કહ્યું: "આ બન્ને આશ્રમીઓએ સ્ત્રીનું મુખ જોવું નહીં, એટલું જ નહીં સ્ત્રીની કાષ્ઠની પ્રતિમાને સ્પર્શ થઈ જાય તોય સ્નાન કરવું જોઈએ." એમને પોતાને તો માત્ર જળ, જંગલ તથા જિજ્ઞાસુઓ સિવાય બીજા કશાનો ખપ નો'તો. તેઓ કહેતાઃ "અમે સમાજને ઘણું બધું પ્રદાન કરવા ઈચ્છીએ છીએ. પણ એ બધું માત્ર જિજ્ઞાસુઓને જ આપી શકાય. જિજ્ઞાસા વિનાને આપવું એ પથ્થર પર પાણી ઢોળવા બરાબર છે."

સત્પુરુષ અશ્વત્થામા

શ્રી. બાળાસાહેબ વાકડેને સાધુઓ, સત્પુરુષો સાથે સત્સંગ કરવાનું ગમતું. તેઓ આ મહાનુભાવો પાસેથી સાધના પદ્ધતિ તથા આચારવિચાર અંગેની ચર્ચા કરી એ વિષેનું જ્ઞાન મેળવતા રહેતા. એમની પાસે સંતો મહંતો વિષેની સારી જાણકારી હતી. સ્વામીજી પૂનામાં હોય ત્યારે બાળાસાહેબ તેમની સાથે

સાંજે ફરવા જવાનું ચૂકતા નહીં.

પૂનામાં વિજયાનંદ ટોકિઝ પાસેની પાનવાળાની દુકાનની બાજુમાં આવેલ મૂતરડી નજીકની ઓરડીમાં એક સત્પુરુષ રહેતા હતા. એમનાં નામઠામની કોઈને કશી ખબર નો'તી. લોકો તેમને 'સત્પુરુષ અશ્વત્થામા' કહેતા. બાજુમાંની મૂતરડી જાહેર જનતા માટે હતી એટલે ત્યાં ખૂબ ગંદકી થતી ને બદબૂ પણ ફેલાતી. ઓરડીમાં રહેતા સત્પુરુષ કદી સ્નાન કરતા નહીં. તેઓ કપડાં પણ બદલતા નહીં. ઓરડીને સ્વચ્છ રાખવાનો કોઈ પ્રયાસ તે કરતા નહીં. વિશેષમાં તેઓ ધૂમ્રપાન કરતા. તેઓ કોઈની સાથે કશું બોલતા નહીં. કોઈ એમને માટે ભોજનની થાળી ઓરડીમાં મૂકી જાય તોય એની વાનગીઓને તેઓ અડતા નહી. એ ભોજનની થાળી એમની એમ ત્રણચાર દિવસ સુધી પડી રહેતી. એ થાળીનું ભોજન વાસી થઈ જાય ને બગડીને ગંધાવા માંડે ત્યારે આ સત્પુરુષ એમાંનું થોડું અન્ન આરોગતા. તેઓ માથે ટોપી પહેરતા. બીડી તો એમના મોંમાં સદા જોવા મળે જ.

આ સત્પુરુષના તાળવાને સ્થાને ઊંડો ખાડો હતો ને તેમાં એક કાણું હતું. તેઓ પોતાની જીભ પર બીડીના સળગતા ભાગને ચાંપીને તે હોલવતા. સ્વામીજીના શિષ્ય ને સાધક શ્રી. પ્રભાકર સોવનીએ પેલા અશ્વત્થામા વિષેની ઉપરની માહિતી સ્વયં મેળવેલી. બાળાસાહેબને આ સત્પુરુષને મળવાની ઘણી ઈચ્છા હતી. સ્વામીજી જ્યારે પૂના આવ્યા ત્યારે બાળાસાહેબે પ્રભાકર સોવનીને, પોતાને પેલા સત્પુરુષને ત્યાં લઈ જવા જણાવ્યું. એમની ઈચ્છાનુસાર પ્રભાકર સોવની તેમને પેલા સત્પુરુષની ઓરડીએ લઈ ગયા. એ બન્ને ત્યાં પહોંચ્યા ત્યારે એ સત્પુરુષ ઊભા ઊભા લઘુશંકા કરી રહ્યા હતા. ઓરડીમાં બધે પેશાબની ભીનાશ જામી ગઈ હતી ને છતાં કશી દુર્ગંધ આવતી નો'તી. એમની ઓરડી પાસેથી પસાર થનારને પણ એમના આવા વર્તન વિષે કશો અણગમો થતો નો'તો . એમનામાં સૌને બાળકની નિર્દોષતાનાં દર્શન થતાં.

બાળાસાહેબ અને સોવની ઓરડીમાં પ્રવેશ્યા એટલે સત્પુરુષે પોતાની જીભ બહાર કાઢીને બીડી બુઝાવી દીધી. એમની જીભ પર કાળો ડાઘ દેખાતો હતો. તેઓ કશું બોલ્યા નહીં. પણ તેમણે માથેથી ટોપી દૂર કરી. એમના માથા પર તાળવાની જગાએ ખાડો દેખાયો. બાળાસાહેબે તેમની સામે કેળાં મૂક્યાં. એમાંથી બે કેળાં એ સત્પુરુષે ખાધાં. બન્નેએ એ સત્પુરુષનાં ચરણોમાં પોતાનાં મસ્તક મૂકીને નમસ્કાર કર્યા ને પછી ઘેર જવા રવાના થયા.

બાળાસાહેબે આ સત્પુરુષની વાત સ્વામીજીને કરી ને બન્ને એમને મળવા એમની ઓરડીએ ગયા. સ્વામીજી એ સત્પુરુષની પાસે જઈને બેઠા અને પૂછ્યું: "કેમ છો?" ક્યારેય એક હરફ સુદ્ધાં નહીં ઉચ્ચારનારા એ સત્પુરુષે સ્વામીજીની પૃચ્છાનો તરત પ્રત્યુત્તર આપ્યો : " ઠીક છે. " બસ આટલું જ બોલી તેઓ અટકી ગયા. એ વેળા તેમણે માથે ટોપી પહેરી નો'તી. એટલે એમના તાળવે પડી ગયેલો ખાડો સ્વામીજી પણ જોઈ શક્યા. એ પછી સ્વામીજી ઊભા થયા અને સત્પુરુષને "અચ્છા !" કહી ઓરડીની બહાર નીકળી ગયા. સત્પુરુષે પણ ઊભા થઈને સામું "અચ્છા" કહીને એમની જગાએ પાછા બેસી ગયા.

બહાર આવ્યા પછી બાળાસાહેબે સ્વામીજીને પૂછ્યું: "આ સત્પુરુષ સાધનામાં ક્યાં સુધી પહોંચેલા છે?" ત્યારે સ્વામીજીએ કહ્યું: "તેઓ ઘણા આગળ પહોંચેલા છે." એ પછી એમણે અઘોરી પંથ વિષે બાળાસાહેબને ઘણી માહિતી આપી. એમણે કહ્યું કે આ પંથના બધા આચારો અઘોરી છે અને એ અમલમાં મૂકવા સહેલું કામ નથી. આવા આત્યંતિક વ્યાયામો કરવાની આપણને કશી જરૂર નથી, એમ પણ એમણે ઉમેર્યું. એમણે કહ્યું કે આપણો સાધનનો માર્ગ સર્વશ્રેષ્ઠ છે. આ માર્ગ આપણને ઈચ્છિત ફળની પ્રાપ્તિ કરાવે છે. બાળાસાહેબને જણાયું કે સ્વામીજી તો પેલા અઘોરી સત્પુરુષ કરતાં ઘણા બધા આગળ હતા.

પૂનામાં બાબામહારાજ સહસ્ત્રબુદ્ધે નામે એક સંત રહેતા. તેઓ નારાયણપેઠમાં નિવાસ કરતા હતા. તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. બાળાસાહેબ તેમનાં દર્શને ઘણીવાર જતા. તેથી બાળાસાહેબનો સહસ્ત્રબુદ્ધે સાથે સારો પરિચય થયો હતો. બાળાસાહેબ સ્વામીજીને પણ સહસ્ત્રબુદ્ધેનો મેળાપ કરાવવા એમના મુકામે લઈ ગયા. સ્વામીજી અને બાળાસાહેબ સહસ્ત્રબુદ્ધેને મળવા ગયા ત્યારે તેઓ એમને સત્કારવા પોતાના સ્થાનેથી ઊભા થયા ને પોતાની ગાદી પાસે સ્વામીજીને દોરી જઈને એના પર બેસાડી દીધા ને પોતે સ્વામીજીની સામે નીચે બેસી ગયા. એમણે બાળાસાહેબને કહ્યું : " સ્વામીજી મને મળવા ઈચ્છે છે એમ મને ખબર પડી હોત તો હું સામે ચાલીને સ્વામીજીને મળવા આવત. નાની વ્યક્તિએ પોતાનાથી મોટી વ્યક્તિને મળવા જવું જોઈએ. આ તો સ્વામીજીએ મને મળવા આવીને મને સંકોચમાં નાખી દીધો. બાબામહારાજ સાથે "કેમ છે? શું ચાલે છે ?" એવી ઔપચારિક વાતો કરીને સ્વામીજીએ વિદાય લીધી. સ્વામીજી સાથેનો સહસ્ત્રબુદ્ધેનો આ પહેલો પરિચય હોવા છતાંય તેઓ સ્વામીજીની મહાનતાને પામી ગયા હતા.

બાળાસાહેબ વાકડેએ સ્વામીજીથી સુપેરે પરિચિત હતા. તેઓ સ્વામીજીના આધ્યાત્મિક જીવનની સુવાસ પોતાના અંતરંગ વર્તુલમાં ફેલાવતા રહેતા. તેમને ભારતીય સંસ્કૃતિ તથા ધર્મનું ભારે અભિમાન હતું. સામાજિક કાર્યકરોને તેઓ સ્વામીજીનો પરિચય કરાવતા. વિદ્વાન શ્રી. વિનાયકરાવ આપટે તથા બાબારાવ ભિડે બાળાસાહેબ દ્વારા જ સ્વામીજીના સંપર્કમાં આવેલા.

શ્રી. વિનાયકરાવ ધર્મગ્રંથોના ભારે અભ્યાસી હતા. તેમનામાં ઈશ્વર પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવ હતો. તેઓ સાદું અને સાત્ત્વિક જીવન જીવતા. જ્ઞાનેશ્વરી, દાસબોધ, એકનાથી ભાગવત, પાતંજલ યોગશાસ્ત્ર, દશોપનિષદ , યોગવાશિષ્ઠ તથા રામાયણ– મહાભારત જેવા ગ્રંથોનો તેમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. તેઓ માનતા કે વ્યક્તિએ પોતાનો ઉદ્ધાર જાતે

જ કરવાનો છે. તેઓ એ માટે ગુરુની આવશ્યકતા અનિવાર્ય લેખતા નહીં.

વિનાયકરાવને જાણવા મળ્યું કે સ્વામીજી પૂના આવ્યા છે. એટલે તેમને સ્વામીજીને મળવાની ઈચ્છા થઈ. તેઓ બાળાસાહેબ સાથે સ્વામીજીને મુકામે ગયા. બાળાસાહેબે સ્વામીજીને એમનો પરિચય આપ્યો. પ્રારંભિક ઔપચારિકતાઓ પતાવ્યા પછી વિનાયકરાવે કહ્યું:" મને લાગે છે કે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી ગુરુ કરવાની આવશ્યકતા રહેતી નથી. અધ્યાત્મ, શાસ્ત્રીય ગ્રંથોના અભ્યાસથી સમજી શકાય છે. એ જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરવું એય ગ્રંથોમાં કહેવાયું છે. એ ગ્રંથોમાં આચારવિચાર, આહારવિહાર બાબતે વિગતે ચર્ચા કરવામાં આવી હોય છે. યોગમાર્ગની અષ્ટાંગ ચર્ચા પતંજલિએ એમના ગ્રંથોમાં સવિસ્તર કરી છે. ગ્રંથોના અભ્યાસથી મોક્ષને પામી શકાય છે. જ્ઞાન પ્રાપ્તિ એ જ જિજ્ઞાસુનું ધ્યેય રહ્યું છે. ગ્રંથોમાં વસ્તુના ભિન્ન સ્વરૂપનું જ્ઞાન વિસ્તારપૂર્વક દર્શાવાયું છે. આમ ગુરુની આવશ્યકતા મને જણાતી નથી. ગીતામાં શ્રીકૃષ્ણે પણ કહ્યું જ છે, *ઉદ્ધરેદાત્મનાત્માનમ્... ।*

સ્વામીજીએ વિનાયકરાવની વાત શાંતિથી સાંભળી. ગુરુની આવશ્યકતા વિષેની વિનાયકરાવની શંકાને દૂર કરવા તેમણે પાતંજલ યોગદર્શનના એક સૂત્રનો ઉલ્લેખ કર્યો ને એનું અર્થઘટન કરી બતાવ્યું.

समाधिसिद्धिरीश्वरप्रणिधानात् । (પાતંજલ યોગસૂત્ર)

ઉપરના સૂત્રને સમજાવતાં સ્વામીજીએ કહ્યું:"ધા એટલે ધારણ કરવું. પ્રણિધા એટલે નિશ્ચર્યપૂર્વક ધારણ કરવું એમ અર્થ થાય. આમ ઈશ્વરપ્રણિધાનથી વૃત્તિઓનો નિરોધ સત્વરે થાય છે. પ્રણિધાન અને આરાધનામાં ફેર છે. પ્રણિધાનમાં પોતાના અંતરાત્માને જાગૃત કરીને હૃદયમાં ધારણ કરવો એ ભાવ છે. આરાધના તો દૂર બેઠેલા ઈશ્વરની પણ સંભવે. ગીતામાં કહ્યું છે: योगीनामपि सर्वेषां मद्गते नान्तरात्मना।

श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ।।

(ગીતા-૬.૪૭)

હૃદયમાં સ્થિત પરમેશ્વરના મહિમાની અનુભૂતિ થાય ત્યારે જ જીવ શોક રહિત થાય છે. કારણ ઈશ્વર એ જ સદ્ગુરુ છે. બન્ને એક હોવાથી બન્નેનો મહિમા પણ સરખો છે. સમાધિ ઈશ્વરકૃપા વગર પ્રાપ્ત થતી નથી. એનો અર્થ એ કે ગુરુ વિના સમાધિ શક્ય નથી. આમ સાધક માટે ગુરુ અનિવાર્ય છે. શંકરાચાર્યે પણ કહ્યું છે :

षडांगादि वेदो मुखे शास्त्रविद्या कवित्वादिगद्यं सुपद्यं करोति ।
मनश्चेनन्न लग्नं गुरोरङ्घ्रि पद्मे ततः किं ततः किं ततः किं ततः किम् ।।

(મુખમાં છ અંગ સહિત વેદ હોય, શાસ્ત્રનું જ્ઞાન હોય, સારા પ્રકારનું ગદ્ય અને પદ્ય રચી શકે, પરન્તુ જો ગુરુના ચરણકમળમાં મન લાગ્યું ન હોય તો પછી શું? તો પછી શું? તો પછી શું ? તો પછી શું ? (આ બધું નકામું છે.)"

શ્રીશંકરાચાર્યનું આ ગુર્વાષ્ટકમ્ અત્યંત મર્મસ્પર્શી છે. સ્વામીજીથી વધારે બોલાતું ન હતું. તેઓની ચિત્તવૃત્તિ સદ્ગુરુના સ્મરણથી અંતરગામી થઈને સ્થિર થઈ ગઈ. તતઃ કિં તતઃ કિં પંક્તિઓ બોલતાં બોલતાં એમની આંખો બંધ થઈ ગઈ. તેઓ સમાધિસ્થ થઈ ગયા. બાળાસાહેબ તથા વિનાયકરાવ એમને પ્રણામ કરીને વિદાય થયા.

આ મુલાકાતથી વિનાયકરાવને સાચી દિશા લાધી. સ્વામીજીના શબ્દો તતઃ કિં ... એમના ચિત્તમાં દોહરાતા રહ્યા. તેઓ એ મંત્ર સ્વમુખે રટતા રહ્યા. એ પછી તેઓ જે ગ્રંથ વાંચવા માટે હાથમાં લે એ ગ્રંથમાં ગુરુ મહિમાનું જ વર્ણન કરવામાં આવ્યું હોય. અંતે તેમને સાધક માટે ગુરુની અનિવાર્યતા સમજાઈ. રામદાસજી રચિત એક શ્લોક પર એમનું ધ્યાન વિશેષ કેન્દ્રિત થયું.

जयासि मोक्ष व्हावा । तेणे सद्गुरुचि सेवावा।
सद्गुरु वीण मोक्ष पावावा । हे कल्पांते न घडे ।
જેને વહાલો મોક્ષ, તેણે સદ્ગુરુ સેવવા,
સદ્ગુરુ વિના મોક્ષ, કલ્પાન્તે પણ ના મળે.

–સમર્થ રામદાસ

વિનાયકરાવને *રાજયોગ પ્રદીપ* ગ્રંથ વાંચવાની ઈચ્છા હતી. એ ગ્રંથ નારાયણકાકાએ તેમને આપ્યો. એ ગ્રંથમાં ગુરુમહિમાની ચર્ચા સવિસ્તર ને સદૃષ્ટાંત કરેલી હતી. આ પુસ્તકનો પ્રભાવ શ્રી. વિનાયકરાવ પર સારો એવો પડ્યો. આ ગ્રંથ વાંચ્યા પછી એમને સ્વામીજીને મળવાની ઉત્કંઠા જાગી. પણ ત્યારે સ્વામીજી પૂનામાં નો'તા. તેઓ સ્વામીજીને મળવાની ઝંખના કરતા રહ્યા. તેમણે ગુરુમહારાજ પાસેથી શક્તિપાત દીક્ષા ગ્રહણ કરી.

વિનાયકરાવ સદાશિવ પેઠમાં તેમની નાનીશી ઓરડીમાં નિયમિત રીતે રોજ સાધનામાં બેસતા. પોતાનો અંત નજીકમાં જ છે એવો અણસાર તેમને આવી ગયેલો એટલે એમણે પોતાની માયા સંકેલવા માંડી. એમણે સ્નેહીઓ સંબંધીઓને મળી લીધું. જેમને પત્ર લખવાના હતા તેમને બધાને જરૂરી સૂચનાઓ સાથે પત્રો લખી દીધા ને પૂરા ધૈર્યથી ને સ્વસ્થ ચિત્તે પોતાના અંતકાળની પ્રતીક્ષા કરતા રહ્યા. અંતિમ વિદાય પહેલાં મહારાજશ્રીને મળ્યા. એમને સાષ્ટાંગ પ્રણામ કરી ફૂલહાર, શ્રીફળ સહિત દક્ષિણા અર્પણ કરી તથા પોતાની જીભે થયેલા કર્કરોગની (કેન્સરની) વાત કરી અને બોલ્યાઃ "હવે ઉપચારો પૂરા થયા છે. અંતની રાહ જોઉ છું. આપની કૃપાથી ગજબનું ધૈર્ય મને પ્રાપ્ત થયું છે. પુત્રે બધી જવાબદારી ઉપાડી લીધી છે એટલે ચિંતામુક્ત છું. પત્ની સારી સેવા કરે છે મારી. સ્વામીજીનું સ્મરણ રહ્યા કરે છે. એમનાં દર્શનનો યોગ ફરી સાંપડ્યો નહીં એનો રંજ મને ઘણો છે. આપની કૃપા મારા પર સદા રહી છે. છેવટ સુધી એ કૃપા વરસાવતા રહેશો એવી મને શ્રદ્ધા છે. 'અન્તે મતિઃ, સા ગતિઃ' એ ન્યાયે, મારી સારી ગતિ થાય એ માટે મને અંતકાળે પણ સારી મતિ આપજો એવી મારી આપને પ્રાર્થના છે. વિદાય લઉ છું. નમઃસ્કાર !"

વિનાયકરાવને આથીય વિશેષ ઘણું કહેવું હતું પણ અશક્તિને લીધે તેઓ બોલી શક્યા નહીં. ગુરુમહારાજે એમને કહ્યુંઃ "તમારી લાગણી હું સમજું છું. ઈશ્વર તમારી સાથે જ છે. કશી ચિંતા કરશો નહીં." શક્તિપાતની સાધનાથી વિનાયકરાવને અદ્ભુત માનસિક બળ પ્રાપ્ત થયું હતું.

મા. શ્રી. બાબારાવ ભિડે

વિનાયકરાવની જેમ બાબારાવ ભિડે પણ શ્રી. બાળાસાહેબ વાકડે દ્વારા જ સ્વામીજીના સંપર્કમાં આવેલા. શ્રી. ભિડેને પણ સ્વામીજીને મળવાની ઈચ્છા જાગી. તેઓ એક ખ્યાતનામ વકીલ હતા તથા હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિના પ્રસાર પ્રચારનું કામ રાષ્ટ્રીય સ્તરે કરતા હતા. હિન્દુ સંરક્ષણ મંડળ સંસ્થાના તેઓ પદાધિકારી હતા. તેઓ પોતાના વ્યવસાય ઉપરાંત સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રસ લેતા. એક મેધાવિ ધારાશાસ્ત્રી તરીકે તેઓ મહારાષ્ટ્રમાં જાણીતા હતા.

અત્યંત બુદ્ધિશાળી હોવાને લીધે તેઓ સાધુસંતોની વાતોમાં એકદમ વિશ્વાસ કરતા નહી. ભગવાં વસ્ત્રધારી અનેક ઢોંગી ધૂતારાઓનાં કાળાં કરતૂતોને ન્યાયની અદાલતોમાં ખુલ્લાં થતાં જોયાં હતાં. એ પછી ભગવાંધારીઓમાં એમની આસ્થા સહેલાઈથી કેમની જાગે !

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ।।

સાચા સાધુને ઓળખી કાઢવાનું કામ ખરેખર મુશ્કેલ હોય છે.

એકવાર બાબારાવ બાળાસાહેબ વાકડે સાથે સ્વામીજીનાં દર્શને ગયા. બાબારાવે સ્વામીજીને પ્રશ્ન કર્યોઃ "સ્વામીજી, આધ્યાત્મિક કાર્યમાં સામાજિક દૃષ્ટિ કઈ છે?" સ્વામીજીએ કહ્યુંઃ "વ્યક્તિની પૂર્ણ ઉન્નતિ એ જ સામાજિક દૃષ્ટિ છે. વ્યક્તિ એ જ સમાજનું બિન્દુ હોવાથી વ્યક્તિની પૂર્ણ ઉન્નતિ એ જ સમાજનો પૂર્ણ ઉત્કર્ષ છે."

બાબારાવે બીજો પ્રશ્ન પૂછ્યોઃ "વ્યક્તિની પૂર્ણ ઉન્નતિની આધ્યાત્મિક પરાકાષ્ટા કઈ ?"

સ્વામીજીએ કહ્યુંઃ "વ્યક્તિને પોતાનું જ્ઞાન થાય એ સાથે ઈશ્વરની શક્તિનું જ્ઞાન થાય ને એ બન્નેની એકરૂપતાનો અનુભવ થાય એ સ્થિતિ એટલે

ઉન્નતિની પરાકાષ્ટા." આવી ચર્ચા ત્રણચાર દિવસ સુધી ચાલતી રહી. ચર્ચામાં કુંડલિની જાગૃતિ, શક્તિપાત, ગુરુ પરંપરા જેવા વિષયોનો સમાવેશ પણ થતો રહેતો. આ ચર્ચાઓના પરિણામે બાબારાવના વિચારોને નવી દિશા સાંપડેલી.

થોડાક દિવસો પછી બાબારાવને સ્વામીજી પાસેથી દીક્ષા લેવાની ઈચ્છા થઈ. એમણે શ્રી. વાકડે સમક્ષ પોતાની ઈચ્છા પ્રગટ કરી. એ સમયે સ્વામીજી પૂનામાં નો'તા. શ્રી. વાકડેએ બાબારાવને કહ્યુંઃ "શ્રીગુળવણી મહારાજશ્રી પણ શક્તિપાતની દીક્ષા આપે છે." તેઓ બાબારાવને ગુરુમહારાજ પાસે લઈ ગયા. ગુરુમહારાજે બાબારાવની યોગ્યતા જોઈને એમને દીક્ષા આપી. બાબારાવ પોતાના સામાજિક વ્યાવસાયિક કામકાજમાંથી સમય કાઢીને રોજ નિયમિત રીતે સાધના કરતા હતા. ક્યારેક સાધના ન થઈ શકતી ત્યારે એ ખેદ અનુભવતા ને ગુરુમહારાજ પાસે પોતાની વ્યથા વ્યક્ત કરતા. ગુરુમહારાજ તેમને આશ્વાસન આપી શાંત પાડતા.

અધ્યાય:૧૬

સેવા પરાયણ શિષ્યવૃંદ

ભક્ત ભાવનાથી થયો, સગુણ દેવ તું જાણ ।
અનંત તારા ગુણ હરે, કોણ વર્ણવે માન ? ॥

(શ્રીગુરુલીલામૃત, ૪૧-૯૩)

શ્રી. ગોપાલરાવ ખેર

ગોપાળરાવ ખેર સાધક અને સ્વામીજીના સેવક હતા. તેમને નાનપણમાં સૌ પ્રથમ સન ૧૯૩૫માં સ્વામીજીનાં દર્શન સાગરમાં થયાં હતાં. આ વખતે સ્વામીજીનો મુકામ પૂનામાં શ્રીગુરુમહારાજને ત્યાં હતો. ગુરુમહારાજને બહારગામ જવાનું થયું એ કારણે અન્ય તરુણ સાધકો ભેગા ગોપાળરાવને પણ સ્વામીજીની સેવાનો લાભ સાંપડ્યો. જેને સ્વામીજીનું જે કામ ફાવ્યું ને હાથ લાગ્યું તે કામ તેણે ઉપાડી લીધેલું. આવો લાભ પણ મર્યાદિત સાધકોને જ ઉપલબ્ધ થતો.

સંતો અને સત્પુરુષોની સેવા કરવાનું કામ અઘરું હોય છે. એમણે સોંપેલું

કામ એમની સૂચનાનુસાર થવું જોઈએ, એવો તેમનો દઢાગ્રહ હોય છે. એમની સૂચનાનું અક્ષરસહ પાલન થવું જોઈએ. એવી અપેક્ષા તેઓ સેવક પાસે રાખતા. સ્વામીજી પણ પોતે સોપેલું કામ પોતે આપેલી સૂચનાનુસાર સેવક કરે છે કે નહીં એનું સતત ધ્યાન રાખતા. રોજ સવારે સ્વામીજીને દૂધ આપવાનું કામ ગોપાળરાવ ખેરે પોતાને શિરે લઈ લીધું હતું. તેઓ રોજ સ્વામીજી માટે દૂધ લઈ આવતા ને ગરમ કરીને એમને આપતા. એકવાર ગોપાળરાવે સ્ટવ પર દૂધ ગરમ કરવા મૂકેલું. એ ગરમ થાય ત્યાં સુધી ગોપાળરાવ બીજા કામમાં પરોવાયા. અચાનક એમને સ્ટવ પર ગરમ કરવા મૂકેલું દૂધ યાદ આવ્યું. દૂધ તો ઊભરાઈને ઢોળાઈ જવાની તૈયારીમાં હતું. ગોપાળરાવ સ્ટવ પાસે ગયા ને દૂધનો ઊભરો શમાવવા એના પર ફૂંકો મારવા લાગ્યા. સ્વામીજી એ જોઈ ગયા. એમણે ગોપાળરાવને કહ્યુંઃ "ભાઈ, આ દૂધ તો એઠું થઈ ગયું કહેવાય. એ મારાથી ન પીવાય."

ગોપાળરાવને દુઃખ થયું. એમણે બીજું દૂધ ગરમ કરીને સ્વામીજીને આપ્યું. *ફૂંક મારવાથી ખાદ્ય તથા પેય પદાર્થ એંઠો થઈ જાય છે એ વાત તેઓ જિંદગીપર્યંત ભૂલ્યા નહીં. એઠું અન્નજળ ઈશ્વરને કે ગુરુજનને અપાય નહીં એ બાબત પણ એમના ખ્યાલમાં આવી.*

પ્રભાકર સોવની

મહારાષ્ટ્રની સરકારી ટેકનિકલ શાળાના આચાર્ય શ્રી. પ્રભાકર સોવની સાત્ત્વિક સજ્જન હતા. તેઓ સ્વામીજીના સંપર્કમાં સન ૧૯૪૭માં આવેલા. બાળાસાહેબ અને નારાયણરાવના તેઓ સ્નેહી હતા. એમના સંપર્કમાં આવવાને લીધે જ તેમને સ્વામીજીનું સાન્નિધ્ય પ્રાપ્ત થયેલું. એમને પણ સ્વામીજીની સેવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થયેલો. ત્યારે પૂનામાં સ્વામીજીનો મુકામ માર્કન્ડેય મંદિરમાં હતો. એમની ભોજનની વ્યવસ્થા ડો. ખાસગીવાલેને ત્યાં થયેલી. ભોજન સમયે સ્વામીજીને મંદિરેથી ડો. ખાસગીવાલેને ત્યાં લઈ જવા

તથા ભોજન પછી મંદિરેથી લઈ આવવાની કામગીરી પ્રભાકર સોવનીએ સ્વીકારી લીધેલી. સ્વામીજી ભોજન લેતા એ જગાને ગાયના છાણથી લીંપવાનું તથા સ્વામીજીનાં વાસણો, છાટી વગેરે ધોવા જેવાં કામો પણ પ્રભાકરજી કરતા. તેમને સ્વામીજીનો અનુગ્રહ પ્રાપ્ત થયો હતો. તેઓ સ્વામીજી સાથે સાંજે ફરવા પણ જતા.

એકવાર પ્રભાકરજીએ સ્વામીજીને પૂછ્યું: "સ્વામીજી, સપ્તલોક ખરેખર છે કે એ માત્ર કલ્પના જ છે ?" સ્વામીજીએ કહ્યું: "એ કલ્પના નથી. મેં સપ્તલોક જોયા છે. મેં એ સપ્તલોક સૂક્ષ્મદેહે જોયા છે. પોતાની સજ્જતા વિના પ્રશ્ન કરનારને ઉત્તર મેળવવાથી કશો લાભ થતો નથી. પિશાચ યોનિનું અસ્તિત્વ હોવા છતાં જેને અનુભવ થયો નથી એને એ માત્ર કલ્પના જ લાગશે." સ્વામીજીના ઉત્તરથી પ્રભાકરજીની સપ્તલોક વિષેની શંકા દૂર થઈ ગયેલી. સ્વામીજી પૂના છોડી ગયા પછી પણ એમની અને સ્વામીજી વચ્ચે પત્ર વહેવાર થતો રહેલો.

શ્રી.જાધવ

શ્રી.જાધવ શ્રીગુળવણી મહારાજનાં દર્શને હંમેશાં જતા. ગુરુની કૃપાથી એમને એક દિવસ દીક્ષાનો યોગ પ્રાપ્ત થયો. દીક્ષા પહેલાં એમને શ્રીસ્વામી મહારાજનાં દર્શન થયાં નો'તાં. પણ દીક્ષાને બીજે જ દિવસે એમને સ્વપ્નમાં સ્વામીજીનાં દર્શન થયાં. એમનું સ્વપ્ન એમના જ શબ્દોમાં : "હું પૂનામાં સદાશિવ પેઠમાં દેશમુખના વાડામાં વર્ષોથી રહું છું. મારા રહેઠાણની ઉપર એક ઓરડી છે ને નીચે એક ઓરડી છે. ઉપરની ઓરડીમાં હું સૂતો હતો ત્યારે એક દિવસ મને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મેં એક સંન્યાસીને જોયા. એમના હાથમાં દંડ તથા કમંડલ હતાં. તેઓ દાદાર ચઢીને ઉપર આવ્યા ને મને ઠપકાભર્યા સ્વરમાં કહેવા લાગ્યા: 'ઊઠો , ઊઠો ! હજી સુધી સૂતા છો ?' એમનો અવાજ સાંભળીને હું ચમક્યો. ઝટ ઊઠીને જોયું તો સામે સ્વામીજી

ઊભેલા ! મેં એમનાં ચરણોમાં મસ્તક મૂકીને નમસ્કાર કર્યા. શું બોલવું તે મને સમજાતું નો'તું. હાથ જોડીને હું પથારીમાં બેસી રહ્યો . ત્યાં સ્વામીજીનો આદેશ સંભળાયોઃ 'પદ્માસન વાળીને સીધા બેસો'. મેં તરત પદ્માસન લગાવી દીધું ને ટટ્ટાર બેસી ગયો. સ્વામીજીથીએ ફરી કહ્યુંઃ 'હવે પ્રાણાયામ શરૂ કરો.' મેં તરત એ પ્રમાણે કર્યું. 'હવે ત્રણે બંધ લગાવો,' સ્વામીજીએ કહ્યું. એમના કહેવા મુજબ બંધ થતાં રહ્યાં. ફરી આદેશ સંભળાયોઃ 'હવે ખેચરી કરો. જીભ ઉલટાવી દો. ઉપરનું દ્વાર બંધ કરો.' મેં કહ્યું કે 'મારાથી એ પ્રમાણે થઈ શકશે નહીં.' એટલે સ્વામીજીએ કહ્યું : 'હું અહીં છું પછી કેમ નહીં થાય ? કરો. જરૂર થશે. '

સ્વામીજીએ મોટા અવાજમાં કહ્યું. એ અવાજથી હું જાગી ગયો. સવારના પાંચ કે છનો સમય હશે. ઝટપટ મોં ધોઈને હું રીક્ષામાં ૨૦ નારાયણ પેઠ આવ્યો. ગુરુમહારાજ બહાર નીકળવાની તૈયારીમાં હતા. એમને નમસ્કાર કરીને મેં સ્વપ્નની વાત સવિસ્તર કરી. એ વખતે નારાયણરાવ મોઘે તથા નાના ભાલેરાવ ત્યાં હાજર હતા. મહારાજશ્રીએ એમની સામે જોઈને કહ્યુંઃ " સ્વામીજીએ કેવી અદ્ભુત લીલા કરી છે !" પછી જાધવને સંબોધીને બોલ્યાઃ "તમારી જવાબદારી સ્વયં સ્વામીજીએ લઈ લીધી છે. સ્વામીજીની તમારા પર પરમ કૃપા છે."

શ્રી. જાધવનું બીજું સંસ્મરણ

" શંકરરાવે સ્વામીજીની સેવા ઉત્તમ પ્રકારે કરી છે. એવી સેવા શ્રી. અંબાલાલ શેઠે પણ કરી છે. એકવાર સ્વામીજીનો મુકામ અંબાલાલને ત્યાં હતો. હું સ્વામીજીનાં દર્શને ત્યાં ગયો ત્યારે સ્વામીજીએ અંબાલાલને મારે માટે કોફી બનાવવાનું કહ્યું. એમણે મારો પરિચય મોટા ગુરુભક્ત તરીકે આપ્યો. અંબાલાલે કોફી બનાવીને મને આપી. ત્યાં સ્વામીજીની ડાબી આંખ ફરકવા લાગી. સ્વામીજીએ તરત અંબાલાલને કહ્યું : ' મારી ડાબી આંખ ફરકે છે.

જરૂર કશુંક અવનવું બનવાનું છે.' ત્યારે શેઠજીએ કહ્યું : 'આપે તો સંસારનો ત્યાગ કર્યો છે. હવે સંસારના શુભાશુભથી આપ પર થઈ ગયા છો.' ત્યારે સ્વામીજી બોલ્યાઃ 'એ ખરું પણ અમારા શિષ્યોના સંસાર ને એમનાં સુખદુઃખને અમે અમારાં સુખદુઃખ ગણીએ છીએ એનું શું?' એ બાબતે સ્વામીજી ક્યાંય સુધી બોલતા રહેલા ને વાતવાતમાં એમણે શંકરરાવને ચેતવ્યા ય ખરા કે તે જે પ્રવૃત્તિ કરી રહ્યા છે એ ઈષ્ટ નથી. ને છતાં શંકરરાવ ચેત્યા નહીં. ને એમની ટેવ મુજબ રેસમાં દાવ ખેલતા રહ્યા ને હજારો રૂપિયા (આજે તો લાખો) ગુમાવતા રહ્યા. તેઓ મુંબઈની રેસમાં હજારો ગુમાવીને પાછા પૂના આવ્યા ત્યારે સ્વામીજીએ એમને કહ્યુંઃ 'રેસમાં હાર્યા ?' એ સાંભળીને શંકરરાવને ભારે આશ્ચર્ય થયું. સ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં તેઓ કશું બોલી શક્યા નહીં.

" સ્વામીજીનું સાન્નિધ્ય અને સ્નેહ મને અઢળક પ્રાપ્ત થયેલ છે. એમની વાતો સાંભળતાં હું કદી ધરાતો નહીં. કુંડલિની વિષે વાત નીકળતાં તેઓ ગંભીર થઈ જતા ને એ વિષે ચર્ચા કરવાનું ટાળતા. ક્યારેક ગુસ્સે થતા ત્યારે એમની મુદ્રા બદલાઈ જતી. ક્યારેક અમારી સામે એકીટશે જોઈ રહેતા ત્યારે અમે થોડા ગભરાઈ જતા. સ્વામીજીની વાતચીતમાં બંગાળી, હિન્દી, મરાઠી તેમ જ અંગ્રેજી ભાષાનો ઉપયોગ થતો રહેતો. એમના કંઠે ગવાતાં મરાઠી અભંગ અને ઓવીઓ સાંભળવાં એ એક લહાવો હતો.

" એકવાર એમનાં દર્શને ગયો હતો. સ્વામીજી મૌન ધારીને બેઠા હતા. મેં પ્રણામ કરીને કહ્યુંઃ 'સ્વામીજી ગાડી લાવ્યો છું.' સ્વામીજી ખડખડાટ હસી પડ્યા ને કહ્યુંઃ 'વામન ! આ જાધવ મારી સેવા કરવા ઈચ્છે છે. એની ગાડીમાં જઈશું, પણ હમણાં નહીં.'

"એકવાર સ્વામીજીને કાશી જવાનું હતું. એમનાં દર્શને ગયો ત્યારે એમને મેં પ્રણામ કરીને કહ્યું, 'આપણી રીક્ષા છે. જ્યારે જવું હોય ત્યારે કહેજો. સમયસર સ્ટેશને પહોંચાડી દઈશ આપને.' ત્યારે એમણે કહ્યુંઃ

'બરાબર સાડા અગિયાર વાગે આવી રહેજે.'

''જે દિવસે સ્વામીજી કાશી જવા રવાના થવાના હતા તે દિવસે ઘણા લોકો એમનાં દર્શનાર્થે બંગલા પર આવેલા. બંગલાની સામે બે મોટરો ઊભી હતી. એક શ્રી.ડોંગરેની ને બીજી શંકરરાવની. સવા અગિયાર થયા. બધા મારી રાહ જોતા હતા. બાળાસાહેબે સ્વામીજીને કહ્યું: ' સ્વામીજી, અમે જાધવની રીક્ષામાં સ્ટેશને આવીશું. આપ મોટરમાં સ્ટેશને પહોંચી જાઓ.' ત્યારે સ્વામીજીએ કહ્યું: 'નહીં, જાધવ સેવા કરના ચાહતા હૈ. ઉસકો આને દો. વો જરૂર આયેગા.'

''સાડા અગિયાર થયા તોય મારું આગમન થયેલું નહીં. એટલે ફરીથી બધા સ્વામીજીને મોટરમાં બેસી જવાનો આગ્રહ કરવા લાગ્યા. એક જણે તો મજાક કરતાં કહ્યું ખરું:' જાધવને એકાદ પેસેન્જર મળી ગયો હશે. એટલે એ કેમનો આવી શકવાનો ?' પણ સ્વામીજીને મારા પર પૂરો વિશ્વાસ હતો. તેઓ રસ્તા પર નજર સ્થિર રાખીને મારી વાટ જોતા ઊભા રહ્યા ને મને દૂરથી આવતો ભાળીને તરત બોલ્યા: 'આ આવ્યો જાધવ.'

''રીક્ષામાં બેસતાં સ્વામીજીએ મારા હાથમાં દંડ પકડાવી દીધો. ગુરુમહારાજ સ્વામીજીની બાજુમાં બેઠા. સ્વામીજીનો દંડ હાથમાં લેવાનો મળ્યો એથી હું ધન્યતા અનુભવી રહ્યો. દંડને હાથમાં લઈ મેં થોડું નાચી લીધું. દંડ ગ્રહણ કરવાથી વિશેષ આનંદ મને એટલા માટે થયેલો કે અગાઉ સ્વામીજી એકવાર પુરંદરે કોલોનીમાં ઊતરેલા ત્યારે એમનાં દર્શનાર્થે હું ત્યાં ગયેલો ને સાષ્ટાંગ પ્રણામ કરતાં ભૂલથી મારો હાથ દંડને અડી ગયેલો. એ વખતે સ્વામીજી ગુસ્સે થઈ ગયેલા ને એમણે મને કહેલું: 'આમ દંડને અડાય નહીં.' આજે સ્વામીજીએ સ્વયં એમનો દંડ મને આપ્યો છે પછી આનંદ કેમ ન થાય ? ત્યારે સ્વામીજી સાથેનો મારો સંપર્ક અલ્પ સમયનો હતો. આજે હું મારી જાતને એમની ખૂબ નજીક અનુભવું છે. એમની સેવા કરવાની શુદ્ધ ભાવના

મારા રોમેરોમમાં વ્યાપ્ત છે. એ જ કારણે મને દંડ ગ્રહણ કરવાનું સદ્નસીબ અનાયાસે સાંપડ્યું હશે કદાચ."

શ્રી. હીરાલાલ શાહ

પૂનામાં રવિવાર પેઠમાં એક મોટા વેપારી રહેતા. હીરાલાલ લક્ષ્મીચંદ શાહ એમનું નામ. એમને સ્વામીજીનાં દર્શન તથા સાન્નિધ્યનો લાભ એકાદ વર્ષ માટે જ મળેલો. આમ છતાં તેઓ સ્વામીજીથી ભારે પ્રભાવિત થયેલા. સ્વામીજી વિષે એમના મન પર પડેલી છાપ એમના શબ્દોમાં જ જોઈએ.

"નારાયણદાસજીને ત્યાં સ્વામીજી પધાર્યા છે એની જાણ થતાં જ હું એમનાં દર્શને દોડી જતો. એમના જેવા પ્રખર તેજસ્વી વિરક્ત સંત મારા જોવામાં બીજા આવ્યા નથી. હું ધર્મે જૈન હોવા છતાં લોકનાથતીર્થ સ્વામી મહારાજ મને આદિ શંકરાચાર્ય જેવા લાગ્યા છે. તેઓ કદી પૈસાને સ્પર્શ કરતા નહી. અમે કદી દક્ષિણારૂપે પૈસા મૂકીએ ત્યારે અમને કહેઃ ' તમે તમારે હાથે જ કોઈ ગરીબને આપી દેજો. અમારે એનો કશો ખપ નથી.'

"સ્વામીજી ક્રોધે ભરાય ત્યારે કોઈની પરવા ન કરે. એમની ક્રોધાવસ્થામાં એમની સામે જોવાની કોઈ હિમ્મત કરી શકતું નહીં. ગુસ્સે થયા હોય ત્યારે એમનો અવાજ પણ મોટો થઈ જતો. શાસ્ત્રાજ્ઞાનું પાલન ચુસ્તપણે ન થતું હોય ત્યારે સ્વામીજી ગુસ્સો કરતા.

"એમનો સ્વભાવ બાળક જેવો સરળ, નિખાલસ. વાત વાતમાં નિર્મળ હાસ્ય રેલાવતા રહે. એમના ઘણા શિષ્યો, સ્નેહીઓ એમની અંગત વાતો સ્વામીજીને કહેતા અને એમનું માર્ગદર્શન મેળવતા. આ અંગત વાતો સ્વામીજી બીજા કોઈને કહેતા નહીં. એમને કહેલી ખાનગી વાત સદા ખાનગી જ રહેતી. મેં મારી ઘણી અંગત વાતો એમને જણાવેલી ને માર્ગદર્શન મેળવેલું.

"એકવાર યોગ વિષે વાત નીકળી. સ્વામીજીએ કહ્યું: 'યોગ સહેલો નથી. એ માટે શુદ્ધ આહાર જોઈએ. એ આહાર રાંધણ કલાની જાણકાર વ્યક્તિ દ્વારા તૈયાર થયેલો હોવો જોઈએ. એમાં વપરાતાં મરી–મસાલા પણ ઉત્તમ પ્રકારનાં જોઈએ તથા આ રીતે રંધાયેલ રસોઈનું યોગ્ય માત્રામાં સેવન કરવું જોઈએ. આહાર લેવામાં નિયમિતતા કેળવવી જોઈએ.'

"સ્વામીજીનું સાન્નિધ્ય તેમ જ માર્ગદર્શન પ્રાપ્ત થવા બદલ હું મારી જાતને ભાગ્યશાળી લેખું છું."

નારાયણ ભાલેરાવ

નાના ભાલેરાવના જ્યેષ્ઠ પુત્ર ભાલચંદ્રની જેમ એમના બીજા પુત્રો નારાયણ અને યોગેશને પણ સ્વામીજીની સેવા કરવાનો લાભ સાંપડેલો. એ અંગે નારાયણ ભાલેરાવ કહે છે:

"હું ૧૭–૧૮ વર્ષનો હતો ત્યારથી સ્વામીજીના સંપર્કમાં આવેલો. એ સમયે ઘટેલી ઘટનાઓ પણ મારા સ્મૃતિપટ પર અકબંધ રહી છે. સ્વામીજી પૂનામાં આવે ત્યારે એમનો મુકામ શ્રીગુળવણી મહારાજને ત્યાં હોય. ભિક્ષા માટે તેઓ અમારે ત્યાં આવતા. એ સિવાય સ્નાનાદિ ને મિલનમુલાકાતો શ્રીગુળવણી મહારાજને ત્યાંના એમના મુકામે થાય. અહીં એમની ઓરડીમાં હોય ને એમને કશુંક કામ પડે ત્યારે તેઓ અમારામાંથી કોઈને નામ દઈને બોલાવે ને જરૂરી કામ અમને સોંપે. વત્સલ પિતા પુત્રને જે રીતે કામ સોંપે એ ભાવથી સ્વામીજી અમને કામ સોંપતા. એમનું કામ કરતી વખતે એમની સેવા કરીએ છીએ એવો ભાવ કદી જાગ્યો નથી.

"એમની થૂંકદાની સાફ કરવાનું કામ તેઓ મને સોંપતા. કેટલો પ્રેમ એમને મારા પર ! સ્વામીજીને માથેથી તે પગ સુધી આખે શરીરે અમે

માલીશ કરતા ને સ્વામીજી અમને અટકાવે નહીં ત્યાં સુધી અમે માલીશ કર્યે રાખતા. માલીશનું કામ ક્યારેક તો ત્રણ ચાર કલાક સુધી ચાલતું. આ સમય દરમ્યાન સ્વામીજી વાતો, ટુચકાઓ કહેતા. કયારેક ગીતો ભજનોય ગાતા. આમ સમય પસાર થઈ જતો એની ખબર પડતી નહીં. માલીશ કર્યા પછી અમારા હાથમાંથી સુગંધ આવતી. હાથ ધોયા પછીય એ જતી નહીં. માલીશ કરી હોય એ દિવસે આખો વખત આ સુગંધ આવ્યા કરતી.

"ઘણીવાર હું સ્વામીજી સાથે ફરવા જતો. ક્યારેક તો અમે બે જ હોઈએ. ક્યારેક મારા હાથમાંની રેખાઓ જોઈને સ્વામીજી મારા ભાવિ વિષે કહેવા માંડતા. એમની સાથે ફરવા જવા હું હંમેશા તત્પર રહેતો. નવેક વર્ષની ઉંમરે મને ઉપનયન સંસ્કાર આપવામાં આવેલા. એ પછી તરત જ સ્વામીજીએ મને દીક્ષા આપેલી. હું નિયમિત સાધના કરતો. ત્યારે મને અલૌકિક અનુભવો થતા. સ્વામીજીને દર મહિને મનીઓર્ડરથી પૈસા મોકલવાનું કામ શ્રીગુળવણી મહારાજ મને સોંપતા. એ કામ હું નિયમિત રીતે કરતો.

" એક દિવસ સ્વામીજી ઓરડીમાં સ્નાન કરી રહ્યા હતા. સ્નાન પછી એમને મારું કશું કામ પડે તો હું હાજર હોઉં એમ વિચારી હું સ્વામીજીનું સ્નાન પત્યા પછી હસતો હસતો અંદર ગયો. સ્વામીજીએ મને પૂછ્યુંઃ "કેમ હસે છે?' મેં કહ્યુંઃ 'અમસ્તો જ હસું છું.' ત્યારે એમણે કહ્યુંઃ 'આ સારી વાત છે. આ જ સાચું હાસ્ય છે. ભીતરનું હાસ્ય છે. બહારનું નહીં.' એકવાર મને પ્લુરસી થયેલી ત્યારે સ્વામીજી પૂનામાં નો'તા. તેથી મેં પત્ર લખીને જણાવ્યું. એમણે જવાબમાં લખ્યુંઃ 'બ્રહ્મચર્યનું પાલન કરવાથી રોગ દૂર થશે.'

યોગેશ ભાલેરાવ

"હું નાનો હતો ત્યારે સ્વામીજી સાથે ખૂબ રમતો એમ મારાં માતાપિતા કહે છે. તેઓ મને બોલાવીને પાસે બેસાડતા ને મારી સાથે રમતા. એમનું નાનું

મોટું કામ પણ મને સોંપતા. હું ક્યારેક એમને માટે દૂધ લઈ આવતો ને ક્યારેક દીવો પેટાવી આપતો. મેં પેન્ટ પહેર્યો હોય ત્યારે એમની સામે જવાની હિમ્મત ચાલતી નહિ. મારા લાંબા વાળ જોઈને એ મને કપાવી નાખવાનું કહેતા. મને તેઓ બંગાળી બાબુના નામથી સંબોધતા. એમની સાથે ક્યારેક સાંજના ફરવા પણ જતો. નારાયણ પેઠના કોઝવેનાં છીછરાં પાણીમાં છબછબિયાં કરતાં જવાની મઝા આવતી. પાણી સ્થિર હોય ત્યારે એમાં પ્રતિબિંબિત થતી સ્વામીજીની મૂર્તિ જોઈ રહેવાની મઝા આવતી. આજે પણ એ મૂર્તિ નજર આગળ તરવરે છે.

"એક દિવસ સ્વામીજી ગ્રંથપીઠ પર પુસ્તક મૂકીને વાંચી રહ્યા હતા. સાંજના આથમતા સૂર્યનાં સોનેરી કિરણો સ્વામીજીના ચહેરા પર રેલાઈ રહ્યાં હતાં. વાતાવરણમાં પૂર્ણ શાંતિ હતી. એ ક્ષણે હું સ્વામીજીની ઓરડીમાં પ્રવેશ્યો. સોનેરી ફ્રેમવાળાં ચશ્માંમાંથી સ્વામીજીએ મારા તરફ જોયું. એ દૃષ્ટિ આજે પણ સ્મૃતિપટ પર અંકાયેલી રહી છે. સ્વામીજી ભિક્ષાર્થે અમારે ત્યાં પધારે ત્યારે મારા પિતાશ્રી અથવા ગુરુમહારાજ સ્વામીજીની પૂજા કરતા ને પછી સંકલ્પ માટે એમના ડાબા હાથમાં પાણી આપતા. મંત્રોચ્ચાર સાથે સંકલ્પ મૂક્યા પછી સ્વામીજી ભિક્ષા લેવાનું શરૂ કરતા. ભિક્ષા પછી થોડીવાર તડકામાં ઊભા રહ્યા બાદ તેઓ બાજુમાંથી ગુરુ મહારાજની ઓરડીમાં જતા."

શ્રી. દત્તાત્રેય દિગંબર દામલે

શ્રી. દત્તાત્રેયના પિતા શરાફ હતા. દત્તાત્રેયને સ્વામીજીનાં સૌ પ્રથમ દર્શન ૧૯૪૩માં પૂનામાં શ્રી. શંકરરાવ માર્કન્ડને ત્યાં થયાં હતાં. એ પછી તેઓ વારંવાર સ્વામીજીનાં દર્શને જતા. મેટ્રિકની પરીક્ષા પૂર્વે એમને સ્વપ્નમાં સ્વામીજીનાં દર્શન થયેલાં. સ્વપ્નમાં પોતે એક ડુંગર પર ચઢી રહ્યા હતા. ડુંગરનો રસ્તો પોચી માટીનો હતો એટલે એમના પગ ખૂંપી જતા હતા. સ્વામીજીનું નામ રટણ કરતાં તે ડુંગર ચઢતા રહ્યા ને ડુંગર પર પહોંચીને ત્યાં આવેલા મંદિરમાં પ્રવેશ્યા. અંદર નજર કરી તો સ્વયં સ્વામીજી મંદિરમાં દેખાયા.

બસ ત્યાં જ સ્વપ્ન પૂરું થયું. બીજે દિવસે પરીક્ષાનો ડર રાખ્યા વિના એમણે પરીક્ષા આપી ને સ્વામીજીની કૃપાથી ઉત્તીર્ણ પણ થઈ ગયા.

એકવાર સ્વામીજીને નમસ્કાર કરવા જતાં એમનો પગ સ્વામીજીના આસનને ભૂલથી અડી ગયો. સ્વામીજીએ ટકોર કરતાં કહ્યુંઃ "ભાઈ, સાધુ–સંતોના આસનને પગ ન અડકાડાય!" ત્યારથી પોતે એ બાબતે કાળજી રાખતા થઈ ગયેલા. સ્વામીજી થોડો વખત હીરાબાગ સામેના બંગલામાંની એક ઓરડીમાં રહેલા. અહીંના રોકાણ દરમિયાન એમની તબિયત બગડેલી. સ્વામીજી માટે ડો. બેન્દ્રે પાસેથી દવા લઈ આવવાની તથા સ્વામીજીના હાથપગ દબાવી આપવા જેવી સેવા કરવાની તક દામલેને અહીં મળેલી.

એકવાર સ્વામીજીનો મુકામ નારાયણ પેઠમાં હતો ત્યારે દામલેજી સાંજના સ્વામીજીનાં દર્શને ગયા. સ્વામીજીએ તેમને જોઈને કહ્યુંઃ "દત્તુ, આવો બેસો મારી સામે." દામલે સ્વામીજીના આદેશ અનુસાર તેમની સામે બેસી ગયા. સ્વામીજીની આંખ સાથે આંખ મિલાવવાનું અઘરું હતું. પણ તે દિવસે દામલે સ્વામીજીની નજર સાથે નજર મિલાવીને સ્વામીજી સામે એકીટશે જોઈ રહ્યા. સ્વામીજીએ પણ એમની સામે જોયા કર્યું. એ પછી દામલેએ આંખો બંધ કરીને દોઢેક કલાક સુધી એમ જ બેસી રહ્યા. એમણે ફરી આંખો ઉઘાડી ત્યારેય સ્વામીજી તો એમના તરફ જોઈ જ રહેલા હતા. દામલેએ આંખો ઉઘાડી એટલે સ્વામીજીએ એમને ઉદ્દેશીને કહ્યું : " વામન આ જ રીતે મારી સામે બેઠો હતો. મેં એના તરફ જોયું એ સાથે જ એ બાહ્યજ્ઞાન રહિત થઈ ગયેલો. એનું શરીર અક્કડ થઈ ગયેલું. એની બહેન ગોદાવરી તો ભાઈનું શરીર લાકડા જેવું થઈ ગયેલું જોઈને ગભરાઈ ગયેલી. મેં એને વામનની ચિંતા નહીં કરવાનું જણાવેલું." શ્રીગુરુમહારાજને સ્વામીજીના દૃષ્ટિક્ષેપથી નિર્વિકલ્પ સમાધિ લાગી ગઈ હતી. દામલેએ સ્વામીજીને પ્રણામ કર્યા. સ્વામીજીએ એમની પીઠ પર હાથ ફેરવ્યો. એ પછી દામલે વિદાય થયા.

૧૯૪૮માં દામલે નોકરી અંગે મુંબઈ ગયેલા. એ પછી તેઓ પૂના આવ્યા ને વિષમજ્વરની બીમારીમાં સપડાયા. એમનો તાવ એકવીસ દિવસ રહ્યો. એમને ફરી સ્વપ્નમાં સ્વામીજીનાં દર્શન થયાં. સ્વામીજીએ એમને નીચે બેસવા કહ્યું. એમણે કહ્યું : ' નીચે ઘણી ગંદકી છે.' એ સ્વપ્ન આવ્યાના બીજા દિવસે શ્રીમહારાજ દામલેની ખબર કાઢવા આવેલા ને સાથે શ્રીનૃસિંહવાડીના શ્રીજીની પાદુકાનું તીર્થ પણ લેતા આવેલા. આ તીર્થ લીધા પછી દામલેનો તાવ ગયો. તાવ મટી ગયા પછી દામલે સ્વામીજીનાં દર્શન કરવા ગયેલા ત્યારે સ્વામીજીએ "સૌ સારું થશે " કહી આશીર્વાદ આપેલા.

સ્વામીજીએ સમાધિ લીધી એ પછીના દામલેના અનુભવો પણ જાણવા જેવા છે. સ્વામીજીની પહેલી પુણ્યતિથિએ દામલેથી ઉપસ્થિત રહી શકાય એમ નો'તું. એથી તેઓ ઘણા વ્યથિત હતા. પુણ્યતિથિની આગલી રાત્રે એમને સ્વપ્નમાં સ્વામીજીનાં દર્શન થયાં. સ્વામીજીએ તેમને કહ્યુંઃ "મારી દર પુણ્યતિથિ પર પાંચ બ્રાહ્મણોને ભોજન કરાવજે. એમના રૂપે હું તને દર્શન આપીશ. " એ દિવસથી એટલે કે ૧૯૫૭થી આજ સુધી દામલે સ્વામીજીના આદેશ અનુસાર એમની પુણ્યતિથિએ પાંચ બ્રાહ્મણને ભોજન કરાવતા રહ્યા છે.

વળી, ૧૯૬૧માં પૂનામાંનો પાનશેતનો બંધ તૂટી ગયો ને પરિણામે નદી કિનારાનાં ઘણાં ગામો નાશ પામ્યાં. જે દિવસે બંધ તૂટયો તે દિવસે દામલેને સ્વામીજી સ્વપ્નમાં દેખાયા ને બોલ્યાઃ "અરે દત્તુ, તું ઊંઘે છે કેમ ? ઊઠ. વામનને ઘણું નુકસાન થયું છે. જા જઈને તપાસ કર. " બીજે દિવસે સવારે દામલેએ છાપામાં વાંચ્યું કે પાનશેતના પૂરથી ઘણી તારાજી થઈ હતી. એમણે પિતાજીને પૂના પત્ર લખ્યો ને ગુરુમહારાજને પૂરથી થયેલા નુકસાન વિષે તપાસ કરીને લખવા જણાવ્યું. એ પોતે પણ પછી પૂના જઈને ગુરુમહારાજને મળી આવેલા. ત્યારે એમને સ્વપ્નમાં સ્વામીજીએ કહેલી વાતની ખાતરી થયેલી.

અગ્નિહોત્રી ગોરે ભટજી

પૂનામાં કસબા પેઠના શ્રી. ગોરે ભટજી સ્વામીજીના શિષ્ય હતા. સ્વામીજીનો મુકામ અંબાલાલ શેઠને ત્યાં હોય ત્યારે સ્વામીજીના ભોજનની વ્યવસ્થા ભટજીને ત્યાં થતી. તેઓ અગ્નિહોત્રી હતા. દર પૂનમે અને અમાસે તેઓ અગ્નિની વિશેષ પૂજા કરતા.

એકવાર ભટજીને સ્વામીજીની પાદ્યપૂજા કરવાની ઈચ્છા થઈ. એ અરસામાં શંકરાચાર્યનું આગમન પૂનામાં થયેલું. બન્ને મહાપુરુષોની પાદ્યપૂજા સાથે કરવાનું ભટજીએ વિચાર્યું. આ પ્રસંગની ભારે તૈયારીઓ અગાઉથી ભટજીએ અને એમનાં સ્નેહીજનોએ અનેરા ઉમંગ ઉત્સાહથી આરંભી દીધી. યજ્ઞવેદીને પણ ભવ્ય રીતે શણગારવામાં આવી. ઘરના દેવતાઓનું તેમ જ અગ્નિદેવનું સુપેરે પૂજન કર્યા પછી શંકરાચાર્યની તેમ જ સ્વામીજીની પૂજા આરંભાઈ. ધૂપ, દીપ, અગરબત્તીની સુવાસથી વાતાવરણ મહેકી ઊઠ્યું. મંત્રોચ્ચારથી માહોલ ભક્તિભાવથી તરબોળ થઈ ગયો. ઘરના આંગણામાં બેઠેલા શહનાઈ વાદકોએ શહનાઈના મધુર સૂરો રેલાવી વાતાવરણને ઓર મંગલકારી બનાવી દીધું. વિધિસરની પાદ્યપૂજા કરવાના હેતુથી ભટજીએ દસેક વેદપાઠી બ્રાહ્મણોનેય આ પ્રસંગે નિમંત્ર્યા હતા. પૂજાનો સમય સવારના સાડા નવનો નિરધાર્યો હતો.

નિયત સમયે શંકરાચાર્ય આવી પહોંચ્યા. નિયમાનુસાર એમના આગમન ટાણે છડી પોકારવામાં આવી. ભટજીએ પૂરા આદરથી શંકરાચાર્યનું અભિવાદન કર્યું ને એમને વ્યાસપીઠ પર આસન ગ્રહણ કરવા પ્રાર્થના કરી. એ જ સમયે સ્વામીજી પણ આવી પહોંચ્યા. તેઓ સ્વામીજીના સ્વાગતાર્થે બારણે પહોંચી ગયા. સ્વામીજીને સાષ્ટાંગ પ્રણિપાત કરીને પુષ્પમાળા સમર્પણ કરી. 'શ્રીગુરુદેવ દત્ત' ની ઘોષણા કરી અને ભટજી એમને વ્યાસપીઠ તરફ દોરીને લઈ ગયા ને આસનસ્થ થવા પ્રાર્થના કરી.

બન્ને મહાનુભવો વ્યાસપીઠ પર બિરાજમાન થયા એ પછી બ્રાહ્મણોએ મંત્રોચ્ચારનો પ્રારંભ કર્યો. બન્ને સત્પુરુષોની વિધિવત્ પૂજાઅર્ચના કરવામાં આવી. વાતાવરણ ફરી અલૌકિક ભક્તિભાવથી તરબતર થઈ ગયું. વંદનીય વિભૂતિઓની આરતી ઉતારવામાં આવી. એ પછી પ્રસાદ ધરાવાયો. એકત્રિત સમુદાયને પ્રસાદ વહેંચવામાં આવ્યો. પ્રસાદ લઈને સૌ વિખેરાયા ત્યારે એમના ચહેરા પર ચૈતન્યની આભા ચમકતી હતી. સૌની વિદાય પછી સ્વામીજીએ તેમ જ શંકરાચાર્યે ભટજીને ત્યાં ભિક્ષા ગ્રહણ કરી અને પછી શુભાશીર્વાદ આપીને વિદાય લીધી.

ભટજીના પોતાના તરફના ભક્તિભાવથી સ્વામીજી એમના પર ખૂબ પ્રસન્ન થયા હતા. એકવાર સ્વામીજી કાશીમાં હતા ત્યારે ગુરુદક્ષિણામાં સ્વામીજીને સુવર્ણની ભેટ ધરેલ. એ સુવર્ણમાં બીજું થોડુંક ઉમેરીને સ્વામીજીએ સઘળું ભટજીને અગ્નિહોત્ર નિમિત્તે દક્ષિણા રૂપે મોકલી આપ્યું હતું. ધર્મશાસ્ત્રનું પાલન કરનારા અગ્નિહોત્રીઓ આજે ઓછા જોવા મળે છે. ભટજીએ એ પ્રણાલી જાળવી રાખી છે એનો સ્વામીજીને ભારે આનંદ હતો.

૧૯૫૦માં ગોરે ભટજીનાં પત્ની માંદગીમાં પટકાયાં. સ્વામીજીએ એમના મૃત્યુનો સંકેત ભટજીને એકાદ મહિના અગાઉથી આપી દીધો હતો. એમના મૃત્યુ પહેલાં સ્વામીજીએ એમની પાસે હળદર કંકુનો ધાર્મિક વિધિ કરાવવાનો આદેશ ભટજીને આપ્યો. એ આદેશ અનુસાર ભટજીનાં પત્નીએ સુવાસિનીઓને હળદર કંકુ લગાડીને એમનું પૂજન કરી એમને નાળિયેર, ચોખા તથા કબજાનું કપડું વગેરે આપેલું .

કાકા દામલેના પુત્રને પણ એના પિતાના મૃત્યુની જાણ સ્વામીજીએ અગાઉથી કરી હતી. આમ ભવિષ્યમાં બનનારા સારા માઠા બનાવોની જાણ સ્વામીજીને અગાઉથી થઈ જતી.

શ્રી. નારાયણ પંડ્યા

શ્રી.નારાયણદાસ નિર્ભયરામ પંડ્યા પૂનામાં રવિવાર પેઠમાં રહેતા હતા. તેઓ વેપારી હતા. સ્વામીજી વિષે એમના શિષ્યો પાસેથી એમણે ઘણું સાંભળેલું. સ્વામીજી પૂનામાં આવ્યા ત્યારે શ્રી.બાળાસાહેબ વાકડેને મળીને તેઓ તેમનાં દર્શને ગયા. તેઓ પણ સ્વામીજીમાં અતૂટ શ્રદ્ધા ધરાવતા થઈ ગયેલા. સ્વામીજી પૂનામાં હોય ત્યારે રોજ દર્શન કરવા જવાનું નારાયણજી ચૂકતા નહીં.

શ્રી.વાકડેએ સ્વામીજીને નારાયણજીનો અલ્પ પરિચય આપેલો. પંડ્યાજી સ્વામીજીના સાન્નિધ્યમાં કલાકો સુધી બેસી રહેતા ને એમની અમૃતવાણીનું પાન કરતા રહેતા.

એકવાર નારાયણજીને પોતાને ઘેર સ્વામીજીને આમંત્રવાની ઈચ્છા થઈ પણ સ્વામીજી પોતાનું આમંત્રણ સ્વીકારશે ? એમને દહેશત હતી. એક દિવસ સ્વામીજીને દંડવત્ પ્રણામ કરીને એમણે નમ્રભાવે પ્રાર્થના કરીઃ "સ્વામીજી, આપ મારે ત્યાં ભિક્ષાર્થે પધારો એવી વિનંતી છે. " સ્વામીજીએ કશો ઉત્તર ન આપ્યો. નારાયણજી તો ઉત્તર સાંભળવાની અપેક્ષાએ હાથ જોડીને ઊભા જ રહ્યાં. આમને આમ પંદરેક મિનિટ પસાર થઈ ગઈ. નારાયણજીએ એમની વિનંતી ફરી દોહરાવી. સ્વામીજીએ છેવટે ઉત્તર આપ્યોઃ " હું સ્વતંત્ર નથી. અત્યારે મા મને કશું કહેતી નથી તેથી હું હા કે ના કહી શકતો નથી. તમે બેસો થોડીવાર."

વળી પંદરેક મિનિટ આમ જ પસાર થઈ ગઈ. એ પછી સ્વામીજીએ ફરી કહ્યુંઃ "હું તમારે ત્યાં ભિક્ષાર્થે આવીશ. " ને એમના કહેવા પ્રમાણે તેઓ નારાયણજીને ત્યાં ભિક્ષાર્થે ગયા પણ ખરા. પછી તો સ્વામીજી ઘણીવાર

પંડ્યાજીને ત્યાં જતા ને દશેક દિવસ એમને ત્યાં રોકાયેલાય ખરા.

" પોતે સ્વતંત્ર નથી " એની સ્પષ્ટતા કરવા સ્વામીજીએ પંડ્યાજીને પોતે પહેરેલી કફની શરીર પરથી દૂર કરીને હાથ પર પડેલા સોળ બતાવતાં કહ્યું: "એની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું આ પરિણામ જોયું ?" એ જોઈને નારાયણજી સમેત ત્યાં ઉપસ્થિત સૌ અવાક થઈ ગયા. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી મહારાજ જ્યારે જ્યારે દત્તાત્રેય ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા ત્યારે ત્યારે તેમને આ જ રીતે શિક્ષા થતી.

એકવાર નારાયણજી કશાક કામે મુંબઈ ગયા હતા. કામ પતાવીને સાંજે પાછા પૂના આવવા નીકળ્યા. ગાડી પૂના પહોંચી ત્યારે નારાયણજી ગાડીના ડબ્બામાંથી નીચે ઊતરતાં પડી ગયા. એમને સારું એવું વાગેલું ને પરિચિતો એમને ઘેર આવીને મૂકી ગયા. એ જ રાત્રે નજીકમાં રહેતા ડો.આપટેને બોલાવીને ઉપચારો શરૂ કરી દીધા. પંડ્યાજીના આ નાનકડા અકસ્માતની જાણ એમના સ્નેહી ચીમનલાલ શેઠ, ડો. આપટે તથા પરિવારના સભ્યો સિવાય બીજા કોઈને નો'તી.

બીજે દિવસે સવારે સ્વામીજી અચાનક જ પંડયાજીને ત્યાં આવી ચડ્યા ને પંડ્યાજીને એમણે તરત પૂછ્યું." કેમ ? કેવી રીતે પડી ગયા? " સ્વામીજીને આવેલા ભાળીને પંડ્યાજીએ પથારીમાંથી ઊભા થવા પ્રયત્ન કર્યો. પણ એમનાથી ઊઠી શકાયું નહી. એટલે પછી થોડા સંકોચ સાથે એમણે પથારીમાં સૂતાં સૂતાં જ સ્વામીજીને નમસ્કાર કર્યા. સ્વામીજી એકીટશે પંડ્ય ાજી સામે જોઈ રહ્યા પછી બોલ્યા: " ઊઠો ને ઊભા થાઓ: " પંડ્યાજીએ દયામણા સૂરમાં કહ્યું: " સ્વામીજી, મને ક્ષમા કરો , પણ મારાથી નહીં ઊઠી શકાય." એ સાંભળીને સ્વામીજી પંડ્યાજીની પાસે આવ્યા ને એમના સૂજેલા પગ પર ધીમેથી..હાથ ફેરવ્યો ને હળવો ફટકો માર્યો. આમ ચારપાંચ વખત કર્યું. "હવે તમારાથી ઉઠાશે. ચાલો ઊઠો ને ઊભા થાઓ. "પંડ્યાજી સ્વામીજીના

કહેવા મુજબ પથારીમાંથી ઊભા થવા મથામણ કરવા લાગ્યા. એમના સાનંદાશ્ચર્ય વચ્ચે એમનાથી ઊભા થઈ શકાયું. એ પછી સ્વામીજી બારણા પાસે જઈને ઊભા રહ્યા ને પંડ્યાજીને કહ્યું: "હવે મારી પાસે આવો." પંડ્યાજી જરા અચકાયા. સ્વામીજીએ જરા મોટા અવાજે ફરી કહ્યું : " અવાશે, જરૂર અવાશે મારી પાસે, ચાલો ડગલાં ભરવા માંડો જલદી, ને વચ્ચે અટકશો નહી !" ને એમના કહેવા પ્રમાણે પંડ્યાજીથી છેક બારણા સુધી ચલાયું ય ખરું.

અધ્યાય – ૧૭

પરમ ભક્ત નીલકંઠ

ભક્તિ માતા જ્ઞાનની, કરે વિભક્તિ દૂર ।
કૃપા થતાં ગુરુદેવની, થાય શુષ્ક ભવપૂર ॥

(શ્રીગુરુલીલામૃત, ૪–૫૧)

પૂનાની વૈષ્ણવોની હવેલીના મુખ્યાજી શિવભક્ત હોવા છતાં વૈષ્ણવ પંથ અંગિકાર કરીને ઠાકોરજીની સેવામાં સદૈવ પરોવાયેલા રહેતા. તેઓ વૈષ્ણવોની જેમ ટીલાં ટપકાંય કરતા. શ્રી.નીલકંઠના પિતાજીના એ પરમ મિત્ર હોવાને નાતે એમના બંધુ નારાયણ પંડ્યાને ભણવા માટે નીલકંઠજીને ત્યાં મૂક્યા હતા. આમ નારાયણ પંડ્યા નીલકંઠજીને ત્યાં જ ઊછરીને મોટા થયા હતા ને વૈષ્ણવોના સંસ્કારોથી રંગાતા રહ્યા હતા.શ્રી. નીલકંઠજીના પિતાજી સરકારી નોકરીમાં હતા. તેથી દર ચારેક વર્ષે એમની બદલી થતી. વખત જતાં પંડ્યાજી પૂનામાં સ્વતંત્ર ઘર રાખી રહેતા થયેલા. એ પછીય નીલકંઠજીના પરિવાર સાથેનો એમનો પારસ્પરિક સંબંધ જળવાઈ રહેલો

નારાયણજી અવારનવાર મુંબઈમાં નીલકંઠજીને ત્યાં આવતા. એમની અલકમલકની વાતો ને ગપસપ સાંભળવા સૌ ભેગાં થતાં. ધર્મગુરુઓ , વિવિધ ધર્મો, વેદવેદાંત ઈત્યાદિમાં પંડ્યાજી ઘણો રસ લેતા. જીવનનાં અંતિમ વર્ષો તો એમણે સત્સંગમાં જ ગાળેલાં. કોઈ પણ સંતમહાત્માના આગમનના સમાચાર મળતાં જ તેઓ તેમનાં દર્શને ઊપડી જતા. જીવનની સંધ્યાએ તો તેઓ પોતાનો મોટા ભાગનો સમય સત્સંગમાં ગાળતા. ક્યારેક કોઈ મહાત્માથી પ્રભાવિત થયા હોય તો એમનાં વખાણ કરવા મંડી પડતા. પછી એ મહાત્માનો કોઈ કડવો અનુભવ થતાં એમને 'ઢોંગી પાખંડી' કહીને ભાંડવા મંડી પડતા પણ આવું ક્યારેક જ બનતું.

એકવાર બંગાળી દંડધારી, અલૌકિક પ્રતિભા ધરાવતા સ્વામી શ્રીલોકનાથતીર્થ પૂનામાં પધાર્યા છે એની જાણ થતાં પંડ્યાજી એમનાં દર્શનાર્થે ખાસ મુંબઈથી પૂના આવ્યા. સાથે નીલકંઠજી પણ હતા. પંડ્યાજી લોકનાથજીથી સુપેરે પરિચિત હતા. એમણે નીલકંઠજીને સ્વામીજી વિશે કહ્યું કે તેઓ ઝાઝું બોલતા નથી. માથે ટોપી પહેરી ન હોય કે પેન્ટ–લેંઘા પર ચામડાનો પટ્ટો બાંધ્યો હોય એવાઓ તરફ સ્વામીજીને સખત નફરત હોય છે. તેઓ ઉગ્ર સ્વભાવના છે તથા મુલાકાતે આવનારાઓની આકરી કસોટી કરતા હોય છે. સ્વામીજી વિશે આટલી જાણકારી મેળવ્યા પછી નીલકંઠજી એમને મળવા માનસિક રીતે તૈયાર થઈ ગયા. એમણે મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે સ્વામીજી કહે એ પ્રમાણે કરવું ને તેઓ ગુસ્સે થાય એવું આચરણ કરવું નહીં.

પૂનામાં ત્યારે સ્વામીજીનો મુકામ એડવોકેટ શંકરરાવ માર્કન્ડને ત્યાં હતો. પંડ્યાજી તથા નીલકંઠજી ફૂલહાર તથા નાળિયેર સાથે સ્વામીજીનાં દર્શને માર્કન્ડજીને ત્યાં ગયા. સ્વામીજીનો મુકામ બંગલાના પહેલે માળે આવેલા એક રૂમમાં હતો. સ્વામીજી પદ્માસન વાળીને બેઠા હતા.પંડ્યાજીએ તથા નીલકંઠજીએ સ્વામીજીને ફૂલહાર વગેરે અર્પણ કર્યાં ને પછી પ્રણામ કરીને તેમની સન્મુખ બેસી ગયા. એ પછી શ્રી.નારાયણરાવે સ્વામીજીને નીલકંઠજીનો પરિચય આપ્યો.

સ્વામીજીએ બોલવાનું શરૂ કર્યું: " અધ્યાત્મ કા માર્ગ કઠિન હૈ. ગુરુ ચરણમેં આનેવાલે કો આચારવિચાર મેં વિશેષ ધ્યાન દેના ચાહિયે. *કર્મકાંડમેં જો શ્રદ્ધા નહીં રખતે ઉન લોગોંકી આધ્યાત્મિક ઉન્નતિ કભી હો નહીં સકતી."* પંડ્યાજી અને નીલકંઠજી સ્વામીજીની વાત પૂરી શ્રદ્ધાથી એકચિત્તે સાંભળતા રહ્યા. પહેલી મુલાકાતમાં જ નીલકંઠજી સ્વામીજીના પરમ ભક્ત બની ગયા.

વાત વાતમાં સ્વામીજીએ નીલકંઠજીને પૂછી નાખ્યું : " જનોઈ છે ?"

નીલકંઠજીએ જવાબ આપ્યો :" છે તો ખરી, પણ અત્યારે નથી." એના પ્રતિભાવ રૂપે સ્વામીજી બોલ્યા :" ધર્માચરણ માટે હિન્દુ ધર્માનુસાર જે કોઈ આજ્ઞા આપી હોય તેનું અનુસરણ કરવું જ જોઈએ. એ સિવાય અધ્યાત્મનો માર્ગ મળવો અશક્ય."

"સ્વામીજી, રોજ સ્નાન કરતી વખતે બંડી કાઢવા જતાં ભેગું જનોઈ પણ નીકળી જાય છે. મુંબઈના ધમાલિયા જીવનમાં રોજ દસ ગાયત્રી મંત્ર ભણીને , નીકળી ગયેલું જનોઈ ફરી ધારણ કરવાનો સમય જ મળતો નથી." નીલકંઠજીએ કહ્યું. "તું યજ્ઞોપવીત ધારણ કરવા તૈયાર છે ?" સ્વામીજીએ પૂછ્યું. " હા, પણ મુંડન ન કરાવવું પડે તો. એકવાર તો જનોઈ ધારણ કરતી વખતે મુંડન કરાવેલું," નીલકંઠજીએ કહ્યું. " મુંડન તો ફરી કરાવવું પડશે ને શિખા પણ રાખવી પડશે. મારી પાસેથી કશુંક મેળવવાની ઈચ્છા હોય તો હું કહું એમ કરવું પડશે. એમાં જરાય છૂટછાટ નહીં મળે, " સ્વામીજીએ કહ્યું.

નીલકંઠજી સ્વામીજીની કૃપા પ્રાપ્ત કરવા માગતા હતા એટલે એમના આદેશોનું અક્ષરસઃ પાલન કરવા તેઓ તત્પર હતા ને એટલે મુંડન અને શિખા બાબતે એમણે સંમતિ દર્શાવી.એ પછી સ્વામીજીએ પંડ્યાજીને એક વિદ્વાન બ્રાહ્મણનું સરનામું આપ્યું ને એની પાસે જઈને વિધિવત્ યજ્ઞોપવીત ધારણ કરવાનું નીલકંઠજીને કહ્યું. નીલકંઠજીની પોતાનામાં સ્થિર થયેલી અનન્ય શ્રદ્ધાથી સ્વામીજી એમના પર પ્રસન્ન થયા. એ પછી સ્વામીજીએ નીલકંઠજીને

શક્તિપાતની દીક્ષા આપી. એથી તેઓ ધન્યતા અનુભવી રહ્યા ને થોડા દિવસો સ્વામીજીનું સાન્નિધ્ય માણ્યા પછી મુંબઈ રવાના થયા.

નીલકંઠજીને મુંડન કરાવેલ સ્થિતિમાં ભાળીને ઘરનાં સૌ અચંબામાં પડી ગયાં. ત્યાં એમણે ધડાકો કર્યો, પોતે હિમાલય તરફ પ્રયાણ કરવા માગે છે એમ જણાવીને. એમનાં પત્ની તો ભારે વિમાસણમાં પડી ગયાં. પૂનાથી આવ્યા પછી તેઓ ધ્યાન–સાધનામાં લાગી ગયા હતા. એમનાં મા પણ ઊંડી ચિંતામાં પડી ગયાં હતાં. એમનો મોટો દીકરો પરજ્ઞાતિમાં પરણીને પરિવારથી અલગ થઈ ગયો હતો. નાનો જો હિમાલય ભણી ચાલી નીકળશે ને ધ્યાનધારણાને રવાડે ચડી જશે તો પરિવારની શી દશા થશે એની ફીકરમાં મા પડી ગયાં. પણ પંડ્યાજી પૂનાથી મુંબઈ આવ્યા ને સૌને નીલકંઠજીના મુંડન પાછળના રહસ્યની વાત કરી ત્યારે સૌ ચિંતામુક્ત થયા.

૧૯૫૦ના એપ્રિલની નવમી તારીખે નીલકંઠજીને ત્યાં સ્વામીજીની પધરામણી થઈ. એ અરસામાં નીલકંઠજી એમ.એ.ની પરીક્ષાની તૈયારી કરતા હતા. તેઓ દરેક પરીક્ષા વખતે છેલ્લા મહિનામાં તૈયારી કરતા. આ જ રીતે બી.એ.ની પરીક્ષા માટે એમણે તૈયારી કરેલી ને ઓનર્સ સાથે એ પરીક્ષા પાસ કરેલી. એમ.એ.ની પરીક્ષામાં એમને સંસ્કૃતનાં બે પેપરો વિષે ગભરાટ હતો. આ અભ્યાસક્રમનું એક પુસ્તક, *યશસ્તિલકચંપૂ* પરીક્ષાની તારીખના એકાદ મહિના અગાઉ જ પ્રગટ થયેલું ને એની ભાષા પણ સારી એવી કઠિન હતી. સ્વામીજીની પધરામણી પછી એમને સવારના સાતેક વાગ્યાથી તે રાતના સાડા અગિયાર સુધી એમની સેવામાં હાજર રહેવું પડતું.

પરીક્ષાની તારીખો જેમ જેમ નજીક આવતી ગઈ તે તેમ તેમ નીલકંઠજીની ચિંતા વધતી ગઈ. એમને ક્યારેક થતું, આમ વગર તૈયારીએ પરીક્ષા આપીને પાસ થવાની આશા રાખવી નરી મૂર્ખામી લેખાય. પરીક્ષામાં નાપાસ થઈને આબરૂના કાંકરા કરવા એના કરતાં ન આપવી શું ખોટું ? એમણે સ્વામીજી આગળ પણ પોતાની વ્યથા વ્યક્ત કરી. સ્વામીજીએ તેમને કહ્યું: ''પરીક્ષા તો

આ વરસે જ આપવાની. સબ કુશલ મંગલ હોગા. " ને સ્વામીજીના આદેશ અનુસાર નીલકંઠજીએ પરીક્ષા આપી. પહેલું જ પેપર સંસ્કૃતનું હતું. એમણે જવાબવહીના મુખપૃષ્ઠ પર જરૂરી વિગતો દર્શાવી. જવાબવહીનું બીજું પાનું ફેરવતાં એના પર દિવ્ય તેજનો ઝબકારો છવાઈ ગયો. નીલકંઠજી એ ઝબકારો જોઈને ભારે આશ્ચર્યમાં પડી ગયા. એ પછી એમણે પ્રશ્નોના જવાબો લખવાનું શરૂ કર્યું. એમના આશ્ચર્ય વચ્ચે પ્રશ્નોના ઉત્તરો એમનાથી આપમેળે લખાતા ગયા. આ રીતે બધા જ પ્રશ્નોના ઉત્તરો તેઓ ખૂબ સંતોષકારક રીતે લખી શક્યા. એમને તરત જ ખ્યાલ આવી ગયો કે સ્વામીજીની પોતાના પરની અસીમ કૃપાનું જ આ પરિણામ હતું. પરિણામ આવતાં પહેલાં જ સ્વામીજીએ કહેલું: "નીલકંઠ પાસ હો જાયગા. મગર સેકંડ કલાસ પ્રાપ્ત કર કે કોલેજમેં લેકચરર બનને કી ઉન કી ખ્વાઈસ પૂરી નહીં હોગી !" આ રીતે સ્વામીજીની યોગશક્તિનો પરચો નીલકંઠજીને અનેકવાર મળતો રહેલો.

એમ.એ.માં ઉત્તીર્ણ થયા પછી નીલકંઠજીને નોકરી મેળવવા બાબતે થોડી ફિકર હતી. સ્વામીજીએ એમને કહ્યું: "ચિંતા ના કરશો. નારાયણ તમારી આજીવિકાની વ્યવસ્થા કરશે. " ને સ્વામીજીના વચનની સિદ્ધિ સ્વરૂપ એમને તત્કાળ નોકરી મળી ગઈ ને એ નોકરીમાં જોડાયા પછી તરત બઢતી પણ મળી ગઈ. આમ નારાયણની કૃપાથી તેઓ ઉત્તરોત્તર બઢતી મેળવતા સીનિયર પર્સોનેલ ઓફિસરના હોદ્દાએ નિયુક્ત થયેલા.

સદ્‌ગુરુનાં સંસ્મરણો

સ્વામીજી મુંબઈ જતા ત્યારે એમનો મુકામ નીલકંઠજીને ત્યાં રહેતો. નીલકંઠજીના પરિવારનાં સૌ સ્વામીજીના આગમનથી ખૂબ ખુશ થતાં. ને એમના આદરસત્કારમાં સૌ ઉત્સાહથી લાગી જતાં. નીલકંઠજીના ઘરનું વાતાવરણ પણ સ્વચ્છતા અને પવિત્રતાની સુવાસથી મઘમઘતું રહેતું. સ્વામીજીએ એકવાર કહ્યું ય ખરું: "અહીં રહેવાનું મને ગમે છે." ત્યારે

નીલકંઠજીએ જણાવ્યું: "સ્વામીજી, આપની ઈચ્છા હોય ત્યાં સુધી આપ અમારી સાથે રહી શકો છો." અને બીજે જ દિવસે સ્વામીજીએ નીલકંઠજીને કહ્યું: " મારે આજે જ અહીંથી જવું પડશે ."

સ્વામીજીની વાત સાંભળીને સૌને આશ્ચર્ય થયું. એમની સેવા સુશ્રૂષામાં ક્યાંક કચાશ તો નહીં રહી ગઈ હોય એવી લાગણી એમને સતાવતી રહી. નીલકંઠજીએ પૂછ્યું ય ખરું : "કાલે તો આપ કહેતા હતા કે મને અહીં સારું ફાવે છે ને આજે આમ એકાએક અહીંથી જવાનો નિર્ણય કેમ કર્યો ? અમારી કોઈ ભૂલ તો નથી થઈ ગઈ ને ?" ત્યારે સ્વામીજીએ પ્રત્યુત્તર પાઠવતાં કહ્યું: "અમારી ઈચ્છા મુજબ અમારાથી વર્તાતું નથી. થોડા દિવસ પહેલાં મારા એક શિષ્યનો પત્ર આવ્યો હતો. તેની સાધનામાં કોઈ મુશ્કેલી ઊભી થઈ હશે એટલે એ મને ત્યાં બોલાવતો હતો. હું ત્યાં જવાનું ટાળતો રહ્યો. એટલે ગઈ કાલે રાત્રે મને શિક્ષા કરવામાં આવી. આ જુઓ, " કહી સ્વામીજીએ એમની પીઠ પરનું વસ્ત્ર દૂર કર્યું. એમની પીઠ પર મારના સોળ પડેલા જણાતા હતા.

વત્સરાજજીને ત્યાં સ્વામીજીનો મુકામ હતો ત્યારે કોઈકે એમને પૂછ્યું: " આપ અહીં કેટલા દિવસ રોકાશો ?" સ્વામીજીએ એનો પ્રત્યુત્તર પાઠવતાં કહ્યું: *"અમારું આવવું જવું કે અમુક સ્થળે કેટલા દિ રોકાવું એ અમારા હાથમાં નથી હોતું. બીજું કે આવા પ્રશ્નો સાધુ સંતોને કદી પૂછવા નહીં."*

એક દિવસ વત્સરાજ સ્વામીજી સાથે સાંજના દરિયા કિનારે ફરવા ગયેલા. તેઓ પશ્ચિમની ક્ષિતિજમાં સૂર્યને ડૂબતો જોઈ રહ્યા હતા. ત્યારે સ્વામીજીએ એમને કહ્યું: "અસ્ત પામતા સૂર્ય તરફ જોવું નહી. સૂર્યોદય ટાણે એનાં દર્શન કરવાં. " પછી સ્વામીજી આગળ બોલ્યા: " હું આમ એકવાર દરિયા કિનારે ભટકતો ભટકતો દરિયાનાં મોજાંનો આહ્‌લાદક સ્પર્શ માણી રહ્યો હતો ત્યારે મેં સાગરદેવને પ્રાર્થના કરેલી: હે રત્નોના ભંડાર, આમ તો મારે તમારી પાસે કશું માગવાનું નથી. આમ છતાં પ્રસાદરૂપે કંઈક મને આપશો

તો હું ધન્યતા અનુભવીશ. ને સાગરે જાણે મારી વિનંતી ધ્યાનમાં લીધી હોય એમ, એક ઝબકારા મારતી વસ્તુ સાગરનાં મોજાં સાથે કિનારે સરકતી આવીને મારા પગ સાથે ભટકાઈ. એ ચળકતી વસ્તુ તરફ જોયું તો મને જણાયું કે એ એક સરસ મજાનો શંખ હતો. મોજાં ભેગો ગબડતો આવીને એ મારા પગ પાસે સ્થિર થઈ ગયો હતો. સાગરની એ અણમોલ ભેટ મેળવીને હું અત્યંત પ્રસન્ન થયો તથા આવી મજાની ભેટ આપવા બદલ મેં પ્રણામ કરી એનો આભાર માન્યો." એ શંખ મને આપવાની કૃપા કરશો ?" નીલકંઠજીએ સ્વામીજીને કહ્યું.

સ્વામીજીએ કહ્યું: " અમારા જેવા સંન્યાસીઓ આવી બધી વસ્તુઓ સંઘરી રાખતા નથી. એ શંખ મેં મારા એક શિષ્યને આપી દીધો. ગુરુની પ્રસાદીરૂપે."

સ્વામીજી નીલકંઠજીને ત્યાં એમના સાંતાક્રૂઝ–પશ્ચિમના નિવાસે થોડા દિવસ રહેલા. એ પછી એમના બીજા એક શિષ્ય જે સાંતાક્રૂઝ–પૂર્વમાં રહેતા હતા તે એમને પોતાને ઘેર લઈ ગયા. અહીં રહેવા આવ્યા પછીય તેઓ નીલકંઠજીને ત્યાં બોલાવતા ને સાધના માટે બેસાડતા ને સાધના પત્યે ત્યાંથી વિદાય કરતા. ત્યાંથી ઘેર પાછા ફરતાં નીલકંઠજીને પોતાનામાં ગજબની સ્ફુર્તિનો અનુભવ થતો. સાંતાક્રૂઝ પૂર્વથી ટાગોર રોડ પરનો એમનો નિવાસ ખાસો દૂર હતો. છતાં તેમને થાકનો અનુભવ થતો નહીં. ઘેર પહોંચ્યા પછી તેમના હાથમાં તેલની ચીકાશ વ્યાપી જતી. આ એક ન સમજાય તેવો અનુભવ હતો. આવું આઠદસ દિવસ સુધી થતું રહેલું.

એક દિવસ સ્વામીજીએ નીલકંઠજીને કહ્યું: "તુમ્હારા શરીર બહુત દુર્બલ દિખતા હૈ. ચલો, આજ તુમ્હારે લિયે તાકત દેનેવાલી દવા બજારસે લે આયેં. આમ કહીને તેઓ નીલકંઠજીને લઈને ભીડી બજારમાં આવેલી દેશી દવાઓની દુકાને પહોંચી ગયા ને એમના આ શિષ્ય માટે શક્તિવર્ધક દવા લઈ આવેલા.

વૈદક વિષે પણ સ્વામીજી ઊંડું જ્ઞાન ધરાવતા. નીલકંઠજી જેવા શિષ્યો માટે સ્વામીજીને અપાર લાગણી રહેતી. સ્વામીજીને એક પિશાચ કનડગત કરતો હતો. એકવાર સ્વામીજીએ નર્મદા તટે નિવાસ કરેલો ત્યારે એક પિશાચે તેમને હેરાન કરવા પ્રયત્ન કરેલો. સ્વામીજીએ મંત્રોચ્ચારથી તેને વશ કરવા પ્રયત્ન કરી જોયો. મંત્રોચ્ચારની પિશાચ પર કોઈ અસર ન થઈ ત્યારે એમણે દંડ હાથમાં લઈ તેને પડકાર્યો. એ પછી પિશાચનો ઉત્પાત મટી ગયેલો.

સ્વામીજી શિષ્યોની કસોટી કરતા રહેતા. એકવાર એમણે નીલકંઠજીને પૂછ્યું: " મંત્રશક્તિથી હું તને સોનાની ઢગલી કરી આપું તો તું એ સોનું સ્વીકારે?" ત્યારે નીલકંઠજીએ કહ્યું: "પુરુષાર્થ વિના જે કંઈ મળે એ મને ન ખપે." આમ તેઓ સ્વામીજીની કસોટીમાં પાસ થઈ ગયેલા.

સ્વામીજી કહેતા કે સામાન્ય જીરું કરતાં બંગાળમાં થતું કાલિંદી જીરું સ્વાદમાં વિશેષ રુચિકર છે. એ પછી નીલકંઠજીનાં પત્ની રસોઈમાં એ જ જીરાનો ઉપયોગ કરતાં. મંગલાગૌરી (નીલકંઠનાં માતુશ્રી)ની રસોઈ સૌ વખાણતાં. સ્વામીજીને પણ એ ખૂબ અનુકૂળ આવતી. સ્વામીજી બપોરે સૂતા નહીં. તેઓ પોતાના અનુભવોની વાતો જિજ્ઞાસુ શ્રોતાઓને કહેતા. ઉપદેશ આપવાનું મોટે ભાગે તેઓ ટાળતા.

એકવાર નીલકંઠજીની નાની બહેન જીવન્તિકાએ સ્વામીજી પાસે તેમનાં પૂજનઅર્ચનની ઈચ્છા વ્યક્ત કરી. સ્વામીજીએ એની ઈચ્છા માન્ય રાખી. જીવન્તિકાએ પૂરા ભક્તિભાવથી વિધિવત્ સ્વામીજીનું પૂજન કર્યું.

સ્વામીજી નીલકંઠજીને પત્રો લખતા. તેઓ બંગાળી લિપિ પણ સરળતાથી લખી શકતા. બંગાળી તેમ જ હિન્દી લિપિના તેમના અક્ષરો મોતીના દાણા જેવા સુંદર , મરોડદાર હતા. એમના પત્રોમાં મરાઠી શ્લોકોનાં ઉદ્ધરણો જોવા મળતાં. સ્વામીજીએ નીલકંઠજીને લખેલા પત્રોમાંથી

કેટલાક સંક્ષેપમાં :

(૧) તા.૨૨–૨–૧૯૫૦ ના રોજ પૂનાથી લખેલા પત્રમાં સ્વામીજીએ જણાવ્યું:

प्रति दिन दोनो समय माता के चरणवन्दन करना । और माता के आज्ञानुसार सब कुछ कर्तव्य संपादन करना । यह मेरा अनुशासन है। यह कर्तव्य का पालन करोगे तो ही तुमने मेरी सब प्रकारसे सेवा किया ऐसे मैं समजूंगा । मातृदेवो भव ' इस श्रुति वाक्य का सदा स्मरण रखना ।

(૨) પૂનાથી તા.૧૧–૩–૧૯૫૦ ના રોજ લખેલા પત્રમાં સ્વામીજી લખે છે :

नित्यकर्ममें भूल नहीं करना । सदा भगवत् स्मरण करते रहना ।

(૩) પૂનાથી તા. ૨૯–૩–૧૯૫૦ ના રોજ લખેલા પત્રમાં લખ્યું છે :

देह प्रारब्ध - शुभाशुभ जो कुछ है , भोगना ही होगा । नारायण की ईच्छासे जो कुछ है उसीमें प्रसन्न रहना यही कर्तव्य है ।

(૪) તા. ૨૯–૪–૧૯૫૦ ના રોજ પૂનાથી લખેલા પત્રમાં :

में संपूर्ण देवाधीन हूँ । स्वेच्छानुसार कहां भी रहना, कुछ भी करना बनता नहीं। मैं तुम्हारी सेवासे और चरित्रसे बहुत प्रसन्न हूँ ।" -----

तुम्हारे घरमें जैसा उत्तम व्यवहार मुझे मिला, सर्वत्र ऐसा व्यवहार मिलना असंभव है।

(૫) પૂનાથી તા. ૮/૫/૧૯૫૦ ના રોજ લખેલા પત્રમાં :

मेरे मस्तिष्ककी पीडा अच्छी हो गयी है । यह कोई रोग नहीं । योग के अभ्यास के कारण अभ्यंतरीन दोष अिस प्रकार निकल जाता है । कोष्ठबद्धता अभी भी है । "

(૬) પૂનાથી તા.૮/૬/૫૦ ના રોજ લખેલા પત્રમાં :

तुम्हारा संस्कृत का अभ्यास अच्छा नहीं हुआ, अिस कारण तुम तिसरे वर्ग में पास हुआ । भाग्यानुसार जो हुआ ठीक ही हुआ । गतं न शोचामि कृतं न मन्ये। अिस वाक्य को विचार करते हुअे पश्चाताप करना छोड दो । ईश स्मरण करते हुअे पुरुषकार करते रहो । सदा सुखी रहोगे । सदा ईश स्मरण करते रहो । ईश्वर की कृपासे असंभव भी संभव हो जाता है ।

(૭) પૂનાથી તા. ૯/૬/૧૯૫૧ ના રોજ લખેલ પત્રમાં :

जगतमें जो कुछ होता है, सब ही दैवाधीन है ।

(૮) કાશીથી તા.૨૪–૧૦–૧૯૫૨ ના રોજ લખેલ પત્રમાં સ્વામીજી જણાવે છે કે :

" उपासनेला दृढ चालवावे । तरी श्रीहरि पाविजेतो स्वभावे ।

" जनीं निंद्य ते सर्व सोडून घावे । जनी वंद्य ते सर्व भावे करावे ।।

(ઉપાસના આચરવી દૃઢતાથી , ભૂદેવ ને સંત સદૈવ વંદવા.

છોડી જ દો જે જનનિંદ્ય તે બધું , ભાવે કરો જે જનવંદ્ય તે બધું.)

(૯) કાશીથી લખેલા પત્રમાં શ્રીસ્વામીજી જણાવે છે

बोले तैसा चाले त्याचि वन्दावे पाउले ।

(બોલે તેવું વર્તે, નમવું તેનાં ચરણે)

मेरा बहुत ही सौभाग्य है जो बहुत दिनोमें इस वृद्ध को तुमने स्मरण किया । इस समय शरीर बहुत दुर्बल हो गया है । चलने फिरने की शक्ति विशेष नही है । इस वृद्ध के प्रति थोडा भी लक्ष रखना ।"

(૧૦) કાશીથી તા. ૫–૨–૧૯૫૫ ના રોજ લખેલા પત્રમાં :

मैं यहां पर अति कठिन रोगसे शय्यागत हूँ । पत्र आदि लिखने में असमर्थ हूँ ।

આમ સ્વામીજીએ નીલકંઠજીને પચ્ચીસ જેટલા પત્રો લખ્યા છે. આ પત્રો એમણે મૂલ્યવાન ખજાનાની જેમ જાળવી રાખ્યા છે. આ પત્રો લઈને તેઓ ગુળવણી મહારાજ પાસે પૂના ગયા હતા. એ વખતે મહારાજશ્રીને તાવ આવતો હતો. સ્વામીજીના પત્રો જોઈને તેઓ અતિ પ્રસન્ન થયેલા. એમણે પત્રોને મસ્તકે અડાડી પ્રણામ કર્યા તથા સ્વામીજીના ક્ષેમકુશળ પૂછ્યા.

સ્વામીજી દ્વારા રચિત કાવ્યો – ગીતો – ભજનોનો સંગ્રહ પણ નીલકંઠજીની પાસે જ છે. સ્વામીજીએ સ્વહસ્તે એમને એ બધાં આપેલાં. નીલકંઠજી પર સ્વામીજીની કેટલી બધી કૃપા! આ રચનાઓમાં એક તો બંગાળીમાં લખાયેલી ગણપતિની સ્તુતિ છે. એ રચના પણ ઘણી સંદર છે. સ્વામીજી ડાયરી પણ લખતા. એ ડાયરી અત્યારે કોની પાસે હશે એ કોઈ જાણતું નથી. એમની એ નોંધપોથીમાંની કેટલીક નોંધો તેઓ નીલકંઠજીને વાંચી સંભળાવતા. પોતે રચેલાં બંગાળી તથા હિન્દી ગીતો પણ તેઓ

નીલકંઠજીને ગાઈ સંભળાવતા. ચંડિકે તો દેવીનો સાક્ષાત્કાર થયેલો એ ક્ષણને કાવ્યમાં કંડારતી રચના છે એમ સ્વામીજીએ સ્વયં નીલકંઠજીને જણાવેલું. આના પરથી ખ્યાલ આવે છે કે નીલકંઠજી સ્વામીજીનો કેટલો સ્નેહ સંપાદન કરી શકેલા. સ્વામીજીની કૃપા પામવા બદલ તેઓ કૃતાર્થતા તથા ધન્યતા અનુભવે છે.

અધ્યાય:૧૮

પૂના અને નાગપૂરના પ્રવાસે

તીર્થરૂપ સ્વયં ફરે તીર્થ આપણે કાજ ।
ખલયાચકઉપાધિથી રહેવા ગુપ્ત ગુરુરાજ ॥
(શ્રીગુરુલીલામૃત, ૭૧-૧૪)

દુષ્કર સ્વામીસેવા

સ્વામીજી પાસે ઘણી અસાધારણ વિદ્યાઓ તથા શક્તિઓ હતી. પોતાની શક્તિઓને અને વિદ્યાઓ તેઓ ગોપનીય રાખતા. એમના ટૂંકા સહવાસમાં આવેલી વ્યક્તિ પણ એમની તરફનું આકર્ષણ હંમેશ માટે અનુભવતી. એમનાં દર્શને આવેલાની તમામ શંકાઓ દૂર થઈ જતી ને એમના પ્રશ્નો ઊકલી જતા તથા મુશ્કેલીઓનું નિવારણ થઈ જતું. એમનાં દર્શનથી સૌ પરમ શાંતિનો અનુભવ કરતા પરંતુ પોતાના સહવાસમાં સતત રહેનારની તેઓ અગ્નિપરીક્ષા પણ કરતા રહેતા.

સ્વામીજીના નિકટવર્તીઓને એમનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો જોવા

મળતાં. ક્યારેક તેઓ બાળક જેવા સરળ, ભોળા, નિખાલસ જણાતા તો ક્યારેક એમનું રૌદ્ર સ્વરૂપ જોવા મળતું. ખાસ કરીને જ્યારે કોઈના દ્વારા શાસ્ત્ર વિરુદ્ધનું આચરણ થતું ત્યારે આ સ્વરૂપ જોવા મળતું. ઘણીવાર તેઓ ચાહીને વિચિત્ર વર્તન કરતા જેથી સામાન્ય માનવી તેમને મૂર્ખ કે ગાંડા સમજી તેમનું અપમાન કરવા પ્રેરાય. એકવાર તેમના આવા વર્તન વિષે એમણે જ કહેલું: '*અપમાન અને નિંદાને સહન કરવા માટે આવું વર્તન હું ઈરાદાપૂર્વક કરતો રહું છું,* જેથી અપમાન અને નિંદા સહેવાનો મહાવરો પડી જાય. ઘણીવાર એકાંત મેળવવા માટે પણ હું આ પ્રયોગ અજમાવું છું, જેથી મારાથી ત્રાસીને માત્ર જિજ્ઞાસાથી પ્રેરાઈને મારી આસપાસ ટોળે વળતા માણસોથી હું મુક્ત રહી શકું."

એકવાર સ્વામીજીએ કહેલું: "ગુરુને શિષ્યનો પણ મોહ લાગી જાય છે. *કોઈનાય મોહમાં પડવું એ સારું નથી.* એટલે જ હું કોઈ શિષ્યને સાથે રાખતો નથી. મારી સગવડો, જરૂરિયાતો પૂરી કરવાનું કામ મેં ભગવાનને સોંપી દીધું છે. એ જે કરે છે એનાથી હું પ્રસન્ન રહું છું." આવા સત્પુરુષની સેવા કરવાનું કામ કોઈ પણ શિષ્ય માટે અસિધારા વ્રત સમાન હતું.

એકવાર સ્વામીજી નાગપુરમાં રાવબહાદુર પરાંડેને ત્યાં હતા. પરાંડેની એવી ઈચ્છા હતી કે સ્વામીજી એકાદ શિષ્યને પોતાની સાથે રાખે ને પોતાની રીતે એને તૈયાર કરે. એ હેતુસર એમણે એક યુવકની પસંદગી કરી. આ યુવક બધી રીતે રાવબહાદુરની કસોટીમાંથી પાર ઊતર્યો હતો. આ યુવકનું નામ હતું બ્રહ્મપ્રકાશ. તેને યોગાસનોનું સારું જ્ઞાન હતું. તે સંસારનાં બંધનોથી મુક્ત થવા તત્પર હતો. એ મધુરભાષી હતો. સ્વામીજી જ્યારે નાગપુર આવ્યા ત્યારે રાવબહાદુર આ યુવકને સ્વામીજીનાં દર્શને લઈ ગયા. સ્વામીજીને તેનો પરિચય આપ્યો. એ પછી બ્રહ્મપ્રકાશ નિયમિત સ્વામીજીનાં દર્શને આવવા લાગ્યો તથા સ્વામીજીની સેવા કરવા માંડ્યો. આમ સ્વામીજીની ઘણી સેવા પછી બ્રહ્મપ્રકાશે દીક્ષા માટે વિનંતી કરી. સ્વામીજી આ યુવકની અનન્ય સેવાથી એના પર

પ્રસન્ન હતા. એટલે શુભ દિવસ જોઈ એમણે બ્રહ્મપ્રકાશને દીક્ષા આપી. દીક્ષા મળ્યા પછી એને સાધનામાં અલૌકિક અનુભવો થવા માંડ્યા. રાવબહાદુરની ઈચ્છાનુસાર બ્રહ્મપ્રકાશ સ્વામીજીની સાથે રહેવા માંડ્યો હતો. એ અંગે જ્યારે સ્વામીજીની અનુમતિ માંગવામાં આવેલી ત્યારે એમણે "ઠીક છે" કહી સંમતિ આપેલી.

એ પછી સ્વામીજી પૂના ગયા ત્યારે બ્રહ્મપ્રકાશને પોતાની સાથે લેતા ગયેલા. પૂનામાં તેઓ નારાયણ પેઠમાં ગુરુમહારાજને મળ્યા ને પોતે નવો શિષ્ય સાથે લેતા આવ્યા છે એમ જણાવ્યું. સ્વામીજીનો નવો શિષ્ય પ્રભાવશાળી હતો. એના પ્રભાવથી સૌ અંજાઈ ગયાં, પણ બ્રહ્મપ્રકાશે એની મધુર વાણીથી અને વિવેકી વર્તનથી સૌનાં મન જીતી લીધાં ને પોતે સ્વામીજીનો એક અદનો શિષ્ય છે, એવી એક લાગણી સૌમાં પ્રગટાવી.

એક દિવસ સાંજના સમયે સ્વામીજીએ બ્રહ્મપ્રકાશને બૂમ મારી. પણ એ ક્યાંક બહાર ગયેલો એટલે સ્વામીજીની સમક્ષ કેમનો ઉપસ્થિત થઈ શકે? સ્વામીજી થોડી થોડી વારે એના વિષે પૂછતા રહ્યા પણ એનો કોઈ પત્તો નો'તો. આમને આમ રાતના નવ વાગ્યા ને તોય બ્રહ્મપ્રકાશ દેખાયો નહીં. પૂનાથી અજાણ હોવાથી એ ભૂલો પડી ગયો હશે એમ પણ કોઈકે કહ્યું. આખરે દસેક વાગે બ્રહ્મપ્રકાશ આવ્યો. એ થોડો ગભરાયેલો હતો. એણે આવીને સ્વામીજીને પ્રણામ કર્યાં. સ્વામીજીએ એને પૂછ્યુંઃ "ક્યાં ગયો હતો ? " એણે કહ્યું : "પૂના શહેર જોવા ગયેલો. રસ્તામાં સાવરકરનું વ્યાખ્યાન સાંભળવા રોકાયો તેથી મોડું થયું."

સ્વામીજીએ કહ્યુંઃ "તારામાં હજુ રજોગુણ ઘણો રહી ગયો છે એ કારણે તને સાધના માટેની લગની જાગતી નથી. રજોગુણ નાશ પામશે એ પછી તને સાધના માટે લગની લાગશે. એ લગની તારામાં ન હોય પછી તને મારી સાથે રાખીને બધે ફેરવવાનો કશો અર્થ નથી. તારામાં રજોગુણ ભારોભાર ભરેલો છે

એની મને જાણ હતી જ પણ રાવબહાદુરના કહેવાથી મેં તને આજ.દેન સુધી મારી સાથે રાખ્યો. આજથી તું મુક્ત છે. આ ભાડાના પૈસા લઈને તું જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ચાલ્યો જા. મેં તને દીક્ષા આપી છે એટલે તારું સદા કલ્યાણ તો નિશ્ચિત છે. પણ મારી સાથે મારા શિષ્ય તરીકે રહેવા માટેની લાયકાત હજુ તારે પ્રાપ્ત કરવાની બાકી છે. જા, તને મારા આશીર્વાદ છે."

પૂનાની છેલ્લી મુલાકાત

૧૯૫૧ના ડિસેમ્બરમાં સ્વામીજી પૂના આવ્યા ત્યારે ગુરુમહારાજ નરસોબા વાડીમાં ગુરુ દ્વાદશી માટે ગયા હતા. માતુશ્રીનું શ્રાદ્ધ વાડીમાં જ કરીને તેઓ હૈદ્રાબાદ અને આજેગાંવ ગયા. જયંતીનો ઉત્સવ પણ ત્યાં જ થયો. આ સમયે શંકરરાવની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી. પોતાના માથા પરનું દેવું ભરપાઈ કરવા એમણે મોટા ભાગની એમની મિલકત વેચી નાખી હતી. માત્ર એંશી હજારનો બંગલો વેચવાનો બાકી હતો. એમનું મન ન દુઃખાય એટલા માટે સ્વામીજી એમને ઘેર રહેવા આવેલા. શંકરરાવ નોકરીની શોધમાં નાગપુર ગયા ત્યારેય સ્વામીજીને આગ્રહપૂર્વક કહેતા ગયાઃ " આપશ્રી અહીં જ રહેજો " ને સ્વામીજીની સેવામાં કશી કચાશ રહી ન જાય એમ ઘરનાં સૌને કહેતા ગયા. પણ શંકરરાવ નાગપુર ગયા એ પછી સ્વામીજી વિષ્ણુ મંદિરમાં રહેવા ગયા. એ પછી થોડા દિવસ તેઓ અંબાલાલ શેઠ તથા ભાઉરાવ અભ્યંકરને ત્યાં રહ્યા. ગુરુમહારાજ તથા શંકરરાવ પૂનામાં નો'તા એ કારણે સ્વામીજીને આ દોડધામ કરવી પડેલી. એમને આવી દોડધામ ઝાઝી ફાવતી નહીં એટલે એમણે પૂના છોડી દેવાનું નક્કી કરી નાખ્યું.

પૂના છોડતાં પહેલાં સ્વામીજી શિવરાત્રીને દિવસે નાના ભાલેરાવ સાથે ડોણજે ગામ જઈ આવ્યા. ત્યાંથી પાછા પૂના આવ્યા બાદ તેઓ મુંબઈ ગયા. મુંબઈથી પાછા ફર્યા બાદ તેઓ પૂનામાં શક્ય તેટલા બધા શિષ્યો સ્નેહીઓને મળ્યા. શંકરરાવ પૂનામાં નો'તા તોય તેઓ બે દિવસ એમને ત્યાં રોકાયા. ઘરના બદલાયેલા વાતાવરણમાં એમને ત્યાં ઝાઝું ગોઠ્યું નહીં. એ પછી તેઓ

ગુરુમહારાજને ત્યાં ગયા. એમની ઓરડી બંધ હતી. એ ઓરડી સામેના કૂવાની બાજુમાં તેઓએ સવારના આસન જમાવ્યું. નાનાનાં પત્ની ગોદાવરીજીએ બારણું ખોલ્યું તો સામે બંગાળી સ્વામીને બેઠેલા ભાળ્યા. ગોદાવરીજીએ એમને ઘરમાં બોલાવ્યા ને નાનાને સ્વામીજીના આગમનની જાણ કરી. નાનાએ સ્વામીજીને નમસ્કાર કર્યા ને ગુરુ મહારાજની ઓરડી એમને ખોલી આપી. સ્વામીજીએ ત્યાં ત્રણેક દિવસ રોકાઈને હંમેશ માટે પૂનાથી વિદાય થયા. સ્વામીજી પૂના ફરી પધારવાના નથી એ જાણીને એમના ભક્તો, સ્નેહીઓને ભારે દુઃખ થયું. સ્વામીજીને વિદાય આપવા સૌ સ્ટેશને ગયા ને ભારે હૈયે એમને વિદાય આપી.

સ્વામીજી પરાંડે પરિવારમાં

પૂનાથી સ્વામીજી નાગપુરમાં રાવબહાદુર પરાંડેને ત્યાં આવ્યા. શ્રી.પરાંડેને સ્વામીજીનો સૌ પ્રથમ પરિચય ૧૯૨૩માં હોશંગાબાદમાં થયો હતો. એમને દીક્ષા આપ્યા બાદ સ્વામીજી એમને ઘેર રોકાયા હતા. એ વેળાએ દાદાસાહેબના ભાઈ ગંગાધર, એમના પુત્રો વાસુદેવ, કેશવ, ગોવિંદ તથા રાવસાહેબના પુત્ર નારાયણને સ્વામીજીનાં દર્શનનો લાભ મળ્યો હતો. ત્યારે રાવબહાદુર અને એમના ભાઈના પુત્રો નાના હતા ને તેઓને તે વખતે દીક્ષા મળી નો'તી. ૧૯૨૫માં ગંગાધરપંત સાગરમાં હતા ત્યારે સ્વામીજી એમને ત્યાં પાંચ અઠવાડિયાં રહેલા. ૧૯૨૮માં સ્વામીજી ફરી સાગરમાં ચારેક મહિના પરાંડે પરિવારમાં રહેલા. ૧૯૩૧માં પણ થોડો સમય દાદાસાહેબને ત્યાં સ્વામીજીએ વિતાવેલો.

દાદાસાહેબની બદલી યવતમાળ, અમરાવતી વગેરે સ્થળોએ થઈ ત્યારે સ્વામીજીને એ સ્થળોએ જવાનો સંજોગ પણ ઊભો થયેલો. નિવૃત્ત થયા પછી દાદાસાહેબ એમના વતન નાગપુરમાં ઠરીઠામ થયેલા. ૧૯૫૧ના આખા વર્ષ દરમિયાન સ્વામીજી શ્રી. પરાંડેને ત્યાં રહેલા. દાદાસાહેબના એકેય પુત્રને

દીક્ષા પ્રાપ્ત થઈ નો'તી એમ જણાય છે. ગંગાધરપંતના પુત્રો વાસુદેવ તથા ગોવિંદરાવને સ્વામીજી પાસેથી દીક્ષા પ્રાપ્ત થયેલી.

ગોવિંદરાવે આયુર્વેદનો અભ્યાસ કરેલો ને તેઓ આયુર્વેદાચાર્ય થયેલા. એમને નાનપણથી યોગાસન, પ્રાણાયામ વગેરેમાં રુચિ હતી. એ કારણે તેઓ સ્વામી કુવલયાનંદજીના (બાળાસાહેબ ગુણેના) સંપર્કમાં આવ્યા. કુવલયાનંદ સ્વામીજી ગોવિંદરાવને આસનો તેમ જ પ્રાણાયામ બાબતે માર્ગદર્શન આપતા. ૧૯૪૫માં સ્વામીજી નાગપુર આવ્યા ત્યારે દાદાસાહેબે સ્વામીજીને ગોવિંદરાવ પર કૃપાદૃષ્ટિ કરવા કહ્યું. એને પરિણામે ગોવિંદરાવને સ્વામીજી પાસેથી દીક્ષા પ્રાપ્ત થઈ. દીક્ષા પ્રાપ્ત કર્યા પછી તેમને સારા અનુભવો થવા લાગ્યા. આ બાબત તેમણે કુવલયાનંદ સ્વામીને જણાવી. ત્યારે તેમણે ગોવિંદરાવને જણાવ્યું: " એક સાથે બે ગુરુઓનું માર્ગદર્શન લેવું એ બરાબર નથી. એટલે હમણાં જે ચાલુ છે એ જ ચાલુ રાખો."

ગોવિંદરાવથી શક્તિપાતની દીક્ષાની સાધના નિયમિત રીતે થઈ શકી નહી. વળી એમનાં પત્નીને ક્ષય રોગ લાગુ પડ્યો. એમણે આયુર્વેદની પદ્ધતિ મુજબની સારવાર પત્નીને આપવા માંડી. એમણે સેવા સુશ્રૂષા પણ સારી રીતે કરી. આમ છતાં કશો ફેર પડ્યો નહી ને એ જ માંદગીમાં એમનું નિધન થયું. ગોવિંદરાવના પણ એક ફેફસામાં ક્ષય રોગનાં ચિહ્નો દેખાયાં. દાદાસાહેબે એમને એમની સાધના વિષે પૂછ્યું ત્યારે એમને જાણવા મળ્યું કે ગોવિંદરાવની સાધના તો કેટલાય વખતથી બંધ હતી. સ્વામીજીને એની જાણ થતાં એમણે સાધના ફરી શરૂ કરવાનું કહ્યું. *ગોવિંદરાવે સાધના ફરી શરૂ કરી એ સાથે જ એ રોગમુક્ત થઈ ગયેલા.*

કુંડલિની જાગૃતિનો અનુભવ

શ્રી.ગોવિંદરાવે *"તરુણ ભારત"* વર્તમાનપત્રમાં રવિવાર તા.

૨૪-૩-૧૯૬૮ ના અંકમાં *કુંડલિની જાગૃતિનો મારો અનુભવ* એ શીર્ષક હેઠળ એક સરસ લેખ લખ્યો છે. આ લેખ એમણે શ્રીગુરુમહારાજને વાંચી સંભળાવેલો. આ લેખ અંગે ગુરુમહારાજે નીચે પ્રમાણેનો ખુલાસો કરેલો.

"સ્વામી લોકનાથતીર્થ મહારાજે ગોવિંદ મહારાજ પંડિતને કુંડલિની જાગૃતિનો સહેલો માર્ગ બતાવ્યો નહિ. બન્નેની પરસ્પર મુલાકાત પણ થઈ નથી. સ્વામીજીનો મુકામ મારે ત્યાં હતો ત્યારે હું ગોવિંદ મહારાજ પંડિતના માર્ગદર્શન હેઠળ પ્રાણાયામની પ્રક્રિયા દ્વારા કુંડલિની જાગ્રત કરવાનો પ્રયાસ કરતો હતો. એ જોઈને સ્વામીજીએ એક દિવસ મને કહ્યુંઃ 'આટલું કષ્ટ શા માટે ઉઠાવો છો ! હું તમને કુંડલિની જાગ્રત કરવાનો સરળ માર્ગ બતાવું છું.' કહી તેમણે મને દીક્ષા આપી. ગોવિંદરાવ પરાંડે ત્યારે નાની વયના હતા."

વૈદ્ય શ્રી.ગોવિંદરાવ પરાંડે યોગશાસ્ત્રના જાણકાર છે. વર્ષોથી તેઓ જિજ્ઞાસુઓને, યોગાસન દ્વારા સ્વાસ્થ્ય કેમ સુધારવું એનું માર્ગદર્શન આપતા આવ્યા છે. નાગપુરમાં આવેલ આરોગ્ય મંદિર સંસ્થાના તેઓ સંચાલક છે. સ્વામીજીએ આ સંસ્થાની મુલાકાત લીધેલી. ગોવિંદરાવના શબ્દોમાં જ એમના અનુભવો માણીએ.

"મારા કાકા દાદાસાહેબ પરાંડે ૧૯૨૧-૨૨ ની સાલમાં હોશંગાબાદમાં હતા ત્યારે પ.પ. લોકનાથતીર્થ સ્વામી મહારાજનો મુકામ નર્મદા તટે આવેલા સીતારામ મહારાજના મઠમાં હતો. તે સમયે વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના શિષ્ય શ્રી.ગોવિંદરાવ પંડિત કેટલાક યોગાભિમુખીઓને યોગાસનો તથા યોગની ક્રિયાઓ શીખવતા હતા. ત્યારે લોકનાથતીર્થજીએ કહેલુંઃ 'તમે આટલો બધો પરિશ્રમ શા માટે ઉઠાવો છો ? મારા કહ્યા પ્રમાણે કરશો તો કુંડલિની જાગ્રત થશે. ને તે જ તમારી પાસેથી સહજ રીતે બધી ક્રિયાઓ કરાવશે.' તે જ વખતે ગુરુમહારાજે સ્વામીજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી. શ્રીગુળવણી મહારાજ ઉપર તેઓની કૃપા થઈ. એ સમયે હું નાની ઉંમરનો હતો. એટલે

કશું શીખી શકેલો નહીં. માત્ર સ્વામીજીનાં દર્શનનો લાભ મળ્યો એટલું જ.

"ત્યારબાદ સ્વામીજી અમારે ઘેર નાગપુર આવ્યા. એ વેળા તેમનો મુકામ અમારી ઓરડીમાં રાખેલો. એ વખતે મેં સ્વામીજીને દીક્ષા માટે વિનંતી કરેલી. તેઓએ મને સહજાસનમાં આંખો બંધ કરીને બેસવા કહ્યું. હું એ પ્રમાણે બેઠો. થોડીવારે સ્વામીજીએ મારી ડૂંટી, ભ્રૂમધ્ય તથા કપાળના ઉપરના ભાગે સ્પર્શ કર્યો. થોડા સમય બાદ, મૂલાધારમાં સુષુપ્ત રહેલી કુંડલિની શક્તિ જોરથી જાગ્રત થઈ ને સુષુમ્ણા માર્ગે ઉપરની બાજુએ પહોંચી ગઈ. બે–ચાર દિવસ સુધી સુષુમ્ણામાં વાયુનું ખેંચાણ રહ્યું. ધ્યાનમાં મનની એકાગ્રતા થવા લાગી.

"આ અરસામાં એક દિવસ અમરાવતી જવાનું થયું. જે દિવસે ગયો એ જ દિવસે પાછા ફરવાનું હતું. બસના આંચકાની અસર શરીરના મજ્જાતંતુ પર ભારે થઈ. મને અનુભવ થયો કે દૃઢ આસન વાળીને બેસવાથી શરીરની સામાન્ય શુદ્ધિ થાય છે. ષટ્કર્મથી એથીય વિશેષ શુદ્ધિ થાય છે. પ્રાણાયામથી શરીરની સૂક્ષ્મ(પૂર્ણ) શુદ્ધિ થાય છે તથા મન અંતરમુખી બને છે. *પણ ઉત્તમ પ્રકારની શુદ્ધિ તો કુંડલિની જાગ્રત થવાથી જ પ્રાપ્ત થાય છે.* આસનો, ષટ્ક્રિયા, પ્રાણાયામનો મને ઠીક ઠીક અભ્યાસ હતો. એટલે શક્તિપાત દીક્ષાનો મારા પર સારો પ્રભાવ રહ્યો. *આ માર્ગમાં આપણે કશું કરવાનું હોતું નથી. માત્ર ગુરુ સ્મરણ કરતાં આસન જમાવી દેવાનું એટલે જાગ્રત થયેલી શક્તિ જ પોતાનું કાર્ય કરશે.* જુદા જુદા સાધકો પર આ શક્તિનો જુદો જુદો પ્રભાવ દેખાય છે. સાધકની કક્ષા પ્રમાણે જાગ્રત થયેલી શક્તિ એના અભ્યાસમાં એને સહાયભૂત થાય છે.

" હું નિત્ય સાધના કરતો. ગુરુસ્મરણ કરતો. આસન લગાવીને બેસી જતો. એટલે તરત કપાલભાતિ જોરથી શરૂ થતી. થોડો વખત ચાલુ રહીને એકદમ બંધ થઈ જતી. પછી કેવળ કુંભક થઈ શકતો. એ સાથે મનની સ્થિરતા આવતી. આ અભ્યાસ દરમિયાન પ્રાણાયામાદિના પ્રકાર આપોઆપ થતા. સૂવાના અથવા ઊઠવાના સમયે મન શાંત હોય ત્યારે મૂલ અને ઉડ્ડિયાન બંધ

જોરથી ચાલુ થતા. આ બંધના પરિણામે શરીરમાંના દોષો દૂર થઈ જતા ને શરીરમાં રહેલા પાંચેય વાયુઓનું કાર્ય સુગમ રીતે ચાલતું ને મનમાં નવું ચૈતન્ય આવ્યું હોય એવો અનુભવ થતો.

"સાધનાના અભ્યાસ દરમિયાન ક્યારેક જાલંધર બંધ આપમેળે થઈ જતો. ગળું ખેંચાઈને સજ્જડ બંધ થઈ ગયું હોય એમ લાગતું. સાથે ઉડિયાન બંધ અને મૂલબંધ પણ થતા. બંધ ખૂલ્યા બાદ એની અસર શરીર અને મન પર જણાતી. શરીર અને મન અત્યંત નિર્મલ થઈ ગયાં હોય એવો અનુભવ થતો.

"દીક્ષા પછી એક દિવસ મંદિરે દર્શન કરવા ગયો હતો. ત્યારે ભગવાનની શણગારેલી મૂર્તિ જોતાં જ મારા મૂલબંધ અને ઉડિયાનબંધ થવા લાગ્યા ને મનમાં સાત્ત્વિક ભાવ પ્રગટ્યા. સાધના દરમિયાન એકવાર મને ખેચરી ક્રિયા કરવા તીવ્ર ઈચ્છા થઈ, ને એ દિશમાં પ્રયત્નો શરૂ થયા. જીભની નીચેની ચામડીનું છેદન કર્યા વિના જ એ ઉપજિહ્વાની પાછળના ભાગમાં પ્રવેશી. અભ્યાસ વધતાં, વધારે સમય સ્વસ્થતાથી બેસવાની સ્થિતિ મને પ્રાપ્ત થઈ. મન શાંત અને નિર્મલ રહેવા લાગ્યું. એની સારી અસર મારા શરીર પર વરતાવા લાગી.

"આ પ્રકારની શક્તિપાતની દીક્ષા અન્યને આપવાની અનુમતિ મેં મારા ગુરુજી પાસેથી લીધી નથી. તેથી હું બીજાને આ દીક્ષા આપી શકતો નથી. શ્રીગુળવણી મહારાજને મળવાનું થયું ત્યારે મેં આ બાબતે પ્રશ્ન પૂછેલો. ત્યારે એમણે કહેલું: બીજાને દીક્ષા આપવાની શક્તિ દરેક સાધકમાં થોડા ઘણા પ્રમાણમાં હોય છે જ. પૂનામાં શ્રીગુળવણી મહારાજ શક્તિપાતની દીક્ષા આપે છે. એમના આશ્રમમાં આવતા સાધકોને એમની કક્ષા મુજબ ભિન્ન ભિન્ન અનુભવો થતા રહે છે. જાગ્રત થયેલી શક્તિ સાધકને ઉપયોગી એવી ક્રિયાઓ સાધક પાસે કરાવે છે. મેં ૧૯૪૫માં દીક્ષા લીધેલી. એનાં પરિણામોની અસર હું હજુ અનુભવું છું. *આ દીક્ષા દ્વારા મન અને શરીરને એકી સાથે નિર્મળ કરવાનું*

કાર્ય થાય છે. આ સાધના પદ્ધતિ એટલે જ શ્રેષ્ઠ ગણાય છે."

મા ર્ગ દ ર્શ ક પત્રો

સ્વામીજીએ પુત્ર સમાન જે શિષ્યોને શક્તિપાતની દીક્ષા આપેલી એમના અંતઃકરણમાં કુંડલિનીની જ્યોત સદા પ્રજ્વલિત રહે તથા એ સક્રિય રહી ઊર્ધ્વગતિ કરતી રહે એ હેતુસર તેઓ એમના શિષ્યોને પત્ર લખતા તથા એ દ્વારા એમને અમૂલ્ય માર્ગદર્શન આપતા.

તેઓશ્રીએ નાગપુરથી લખેલા કેટલાક પત્રોનો અહીં સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે.

નારાયણ,

(૧).........તમારી શ્રદ્ધાનું ફળ તમને ચોક્કસ મળશે જ. .... હું આનંદમાં છું. નારાયણ તમારું કુશળ કરે. .... (૨૦–૭–૫૧) (૨) .... કર્તવ્ય સામે હોય ત્યારે આળસ કરવું (રાખવું) એ સારું નથી......... સંભવ છે કે નારાયણની પ્રેરણાથી હું જલદીથી બનારસ જઈશ. હવે પૂના આવવાનું શક્ય નથી. .... સતત શ્રીદત્ત સ્મરણ કરતા રહેવું .... (૩–૧૦–૫૧) (૩)......... યથાશક્તિ વિવેક, વિચાર અને ભગવદ્‌ભક્તિ અને સત્સંગમાં સમય પસાર કરવો અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખવો. એ બધું પરમ કલ્યાણકારક છે. ....સદ્‌ગ્રંથના સદા પાઠ કરવા. કાવ્ય, નાટક, નવલકથા આદિનું વાચન કરવું નહિ. સ્ત્રીઓ સાથેની વાતો, ચર્ચા, સંપર્ક, સંભાષણ શક્ય તેટલાં ઓછાં રાખવાં. .... માતાપિતા મોટાભાઈ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ રાખવી. નિત્ય દેવદર્શન કરવાં એ કલ્યાણકારક છે. .... ભવિષ્યમાં મારું રહેવું ક્યાં થશે એનું નક્કી નથી. નારાયણ મને જ્યાં અને જેવી સ્થિતિમાં રાખશે ત્યાં તેવી જ સ્થિતિમાં રહેવાનો છું. (૧૫–૧૦–૫૧) (૪) તમારા પત્રમાં કશી ભૂલચૂક હતી નહીં. એક ભૂલ એવી હતી કે પત્રમાં તમે તમારું સરનામું લખ્યું નથી. હું તમારા પ્રત્યે નારાજ નથી. તમારા પત્રની સાથે જો જવાબી

પત્ર મોકલ્યો હોત તો પત્ર મળતાં જ ઉત્તર લખી શક્યો હોત. અગર તમારી ભૂલચૂક થઈ હોય તોપણ તમે મારી સામે બાળક છો. ગુરુ, માતા, પિતા બાળકના અપરાધને હંમેશા ક્ષમા જ કરતાં હોય છે. એવો તેમનો સ્વભાવ હોય છે. (૧૮–૧૦–૫૧) (૫) ....જગત સારું હોય કે ખરાબ હોય, મોટાંએ કહેલા વાક્યને માન આપીને તેમણે કહ્યા પ્રમાણે વર્તન કરવું જોઈએ. ....સાધનાભ્યાસ માટે બેસતાં પહેલાં ગુરુ અને ઈષ્ટ દેવતાનું સ્મરણ કરીને નમસ્કાર કરવા. એમને પ્રાર્થના કરવી કે મારી સાધના દરમ્યાન આવતાં વિઘ્નો દૂર થાય. નારાયણની કૃપાથી તમારાં વિઘ્નો નાશ પામશે. (૨૦–૧૦–૫૧) (૬) ....ચિંતા કરીશ નહિ. મારા તરફ લક્ષ્ય રાખજે. .... ગુરુની સેવા કરવી એ શિષ્યનું કર્તવ્ય છે. ગુરુ અને શ્રીદત્ત એક જ છે. ગુરુ અને શ્રીદત્ત સામે આવે તો પ્રથમ શ્રીગુરુનાં ચરણે વંદન કરીને પછી શ્રીદત્તનાં ચરણે વંદન કરવાં. માતાપિતા જન્મ આપે છે. ગુરુ જે શક્તિયુક્ત મંત્ર શિષ્યને આપે છે, તેનાથી શિષ્યનો બીજો જન્મ થાય છે. તેથી ગુરુ પિતા છે અને શિષ્ય પુત્ર છે. જો શિષ્ય ગુરુને છોડીને શ્રીદત્તની ભક્તિ કરે તો ભક્તિનું કશું જ ફળ તેને મળતું નથી. ઊલટું શિષ્ય પાપનો ભાગીદાર બને છે. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ બ્રહ્મલીન થયા છે તોપણ તેમના શિષ્યો તેઓશ્રીના માટે કેટલો શ્રમ ઉઠાવી રહ્યા છે ! કેટલા દ્રવ્યનો વ્યય કરી રહ્યા છે ! ગુરુને જે કંઈ અર્પણ કરીએ છીએ તે પ્રત્યક્ષ શ્રીદત્તને મળે છે. ગુરુનું સ્થાન શ્રીક્ષેત્ર કાશી છે. ગુરુના સ્થાન પર દેહાન્ત થવાથી શિષ્યને કાશીની પ્રાપ્તિ થાય છે. શ્રદ્ધાભક્તિયુક્ત સમર્થ શિષ્ય ગુરુને માટે આશ્રમ બનાવે છે. ગુરુને દુઃખી અને અપમાનિત કરવાથી શ્રીદત્ત દુઃખી થાય છે. શ્રીગુરુ ઉપવાસી રહેવાથી, શ્રીદત્ત ઉપવાસી રહે છે. શ્રીગુરુનું દર્શન એ શ્રીદત્તનું દર્શન છે. આ બધું સમજીને જે કંઈ ઉચિત લાગે તેમ જ કરજો. પત્ર ધ્યાનપૂર્વક વાંચશો. (૧૯–૧૧–૫૧)......... પરમેશ્વરની પ્રાર્થના કરીને અભ્યાસ (સાધના) કરવો. પરમેશ્વરની કૃપાથી અભ્યાસમાં તમારી પ્રગતિ અવશ્ય થશે. ચિંતા અને ઉદ્વેગ છોડીને સ્વસ્થ ચિત્ત થઈને અભ્યાસ કરતા રહેજો. સદા સમચિત્ત રહેવું. એને જ શાસ્ત્રમાં યોગ કહે છે. અભ્યાસ દીર્ઘકાળ, નિરંતર અને

શ્રદ્ધાતિશયપૂર્વક કરવો જોઈએ. અનન્ત જન્મોના શુભાશુભ સંસારનો ભેદ કરવા માટે દૃઢ પુરુષાર્થની જરૂર છે. અહીં બે દિવસ થોડાક સમય માટે આસનમાં બેસીને નિરાશ થવું ન જોઈએ. (૬–૧૨–૫૧) (૮) ....સંકટના સમયે જો તમને લોકોને પત્ર ન લખું તો બીજા કોને લખું ? તમારા લોકોની અસમર્થતા હું જાણું છું. તમારા મનમાં જે ભક્તિભાવ અને શ્રદ્ધા છે તેનાથી જ પ્રસન્ન થઈને શ્રીદત્ત તમારું કલ્યાણ કરશે. અંતર્યામી અંતરનો ભાવ જાણે છે. ચિંતાનું કશું કારણ નથી. ....મારી ચિંતા કશી કરશો નહિ. નારાયણ મારા યોગક્ષેમનો નિર્વાહ અવશ્ય કરશે જ. નારાયણ તમારું કુશળ અવશ્ય કરશે. (૨૯–૧–૫૨) (૯) .... ' उद्योगिनं पुरुषमुपैति लक्ष्मी ।' એ વાક્ય યાદ રાખજો. ઉદ્યોગથી દેવતાઓ (ઈંદ્રાદિ)એ સ્વર્ગલોક પ્રાપ્ત કર્યો છે. ઉદ્યોગથી જ ભગવાન શ્રીરામચંદ્રે રાવણનો વધ કર્યો છે. ઉદ્યોગથી જ યોગી જન્મ અને મૃત્યુ પર વિજય મેળવે છે. ઉદ્યોગથી જ પશ્ચિમના દેશોએ સાયન્સનો આવિષ્કાર કર્યો છે. .... વધારે શું લખવું ? ઉદ્યોગથી જ જગત ટકી રહ્યું છે. તેથી તમે પણ ઉદ્યોગપરાયણ થઈને પોતાના અભિષ્ટને પ્રાપ્ત કરો. (૧–૨–૧૯૫૨) (૧૦) તમારા મનમાં સદ્‌ભાવ છે. નારાયણ તમારી ઈચ્છા જરૂર પૂર્ણ કરશે.

जहां सुमति तहां सम्पद नाना ।
जहां कुमति तहां विपद निदाना ।

આ સંતવચનને હંમેશા સ્મરણમાં રાખજો.

कर्मप्रधान विश्व रची राखा ।
जा जिस करम करै तिस फल चाखा ।

હું આનંદમાં છું. (૩–૨–૧૯૫૨)

(૧૧) ....સૂર્યગ્રહણ સમાપ્ત થયા પછી જ સ્નાન કરીને રસોઈ કરજો, ભોજન પણ કરજો. બાળક, વૃદ્ધ અને રોગી માટે આ (નિયમ) લાગુ પડતો નથી. સંપૂર્ણ દિવસ વેધ છે, તેથી દિવસમાં ગ્રહણ છૂટે તે પહેલાં પાણી, ભોજન લઈ શકાય નહિ. ગ્રહણ સમય દરમ્યાન સ્નાન કરીને ગ્રહણ સમાપ્ત થતાં સુધી મંત્રજપ કરવા જોઈએ. (૨૨–૨–૫૨)

(૧૨) માતાની સેવા સારી રીતે કરજો. વૃદ્ધાવસ્થામાં એમને કશું કષ્ટ પડવું ન જોઈએ. 'न मातुः परदैवतम् ।' તમે તો ભગવતીના ભક્ત છો. માતા સાક્ષાત્ ભગવતી છે. માતા જ ગાયત્રી છે અને સાવિત્રી છે. માતા પ્રસન્ન રહેવાથી બધા જ પ્રસન્ન થાય છે. માતા અસપ્રન્ન થવાથી બધા દેવતા રુષ્ટ થાય છે. (૧૪–૩–૫૨)

(૧૩)........ વ્યવહાર જરૂર કરવો, પરન્તુ વ્યવહારમાં વધારે લિપ્ત થવું એ સારું નથી. કર્મસૂત્રથી બંધાયેલો જીવ સ્વકર્માનુસાર ક્યાં રહે છે ? અને શું સુખદુ:ખ ભોગવે છે એ સમજવું ઘણું કઠિન છે. ....સદા શ્રીદત્તનું સ્મરણ કરતા રહેજો. સદા સન્માર્ગે વિચરણ કરતા રહેજો. કોઈ મુશ્કેલી આવે તો શ્રીદત્તને પ્રાર્થના કરજો. એ જ બધી અવસ્થાઓમાં જીવનો રક્ષક છે. નારાયણ જે પ્રમાણે રાખે છે તેમાં હું પ્રસન્ન રહું છું. તમે સદા પ્રસન્ન રહો એમ નારાયણને પ્રાર્થના કરું છું. (૧૭–૩–૫૨)

(૧૪) નારાયણને હું પ્રાર્થના કરું છું કે તે તમને પરીક્ષામાં પાસ કરે. અહીંથી હું જલદી શ્રીક્ષેત્ર જવાનો છું. હંમેશા ભગવત્ સ્મરણ કરતા રહો.

मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे परमानंदमाधवम् ।।

ભગવત્ કૃપાથી બધુ જ સહજસાધ્ય થાય છે. નારાયણ તમારું કલ્યાણ કરે. ઈતિ શિવમ્.

—આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

પ્રારબ્ધની બલિહારી

सुखस्य दुःखस्य न कोऽपि दाता ।

નાગપુરમાં રાવબહાદુર પરાંડેને ત્યાં સ્વામીજી ઘણા દિવસો રોકાયા. આ અરસામાં શંકરરાવ માર્કન્ડ પૂનાથી નાગપુર વ્યવસાયાર્થે આવેલા. અહીં એમને એક પ્રેસમાં મેનેજર તરીકેની નોકરી મળી ગઈ. ધરમપેઠમાં આવેલા સમનવાર બંગલાના બીજા માળે એમણે રહેવાનું રાખેલું. દોમ દોમ સાહ્યબી ભોગવ્યા પછી આર્થિક સંકડામણનો તેઓ અનુભવ કરી રહ્યા હતા. એમને

શ્રીમલહોત્રાની અગાશીમાં પૂજ્ય સ્વામીજી ક્યારેક તડકામાં બેસતા.
(એ અગાશીમાં પૂ. શ્રીનારાયણકાકા શિષ્યો સાથે)

(કાશીમાં) શ્રી. મલહોત્રાની આ અગાશીમાં
પૂજ્ય સ્વામીજી ક્યારેક છાંટી ઓઢીને સાધનામાં બેસતા
(પ. પૂ. શ્રીનારાયણકાકા શિષ્યો સાથે)



ગાય ઘાટ ઉપરનું હનુમાન મંદિરનું, કાશી. પૂ. સ્વામીજી અહીં શ્રી. બાબા મહાજનનું કીર્તન સાંભળવા આવતા.

વસમું તો ઘણું લાગતું હતું પણ શું થાય ? શંકરરાવ સ્વામીજીનાં દર્શનાર્થે પરાંડેને ત્યાં જતા. સ્વામીજીની કૃપાથી એમના પર લક્ષ્મીની અતિવૃષ્ટિ થયેલી. એ દિવસો યાદ કરીને તેઓ ભારે ખિન્ન થતા ને પોતાનો જ કોઈ અપરાધ હશે એમ વિચારી જાતને ક્યારેક તિરસ્કારતા રહેતા.

એક દિવસ શંકરરાવે સ્વામીજીને પ્રણામ કરીને વિનંતી કરીઃ " સ્વામીજી, આપ મારે ઘેર પધારો. " સ્વામીજી તે ઘડીએ શંકરરાવને ત્યાં જવા તૈયાર થઈ ગયા. શંકરરાવ ઘોડાગાડી લઈ આવ્યા ને એમાં બેસાડીને તે સ્વામીજીને પોતાને નિવાસે લઈ ગયા ને પોતાની સ્થિતિ મુજબ સ્વામીજીની સેવા સરભરા કરવા માંડ્યા.

સ્વામીજી સન્મુખ બળાપો કાઢતાં એકવાર શંકરરાવે કહ્યુંઃ " સ્વામીજી, આપની મારા પર કૃપાદૃષ્ટિ હતી ત્યારે મારે ત્યાં પૈસાની કોઈ કમીના નોં'તી. આપની કૃપા ઓછી થઈ એટલે આજે આ દશા ભોગવી રહ્યો છું. " ત્યારે સ્વામીજીએ એનો જવાબ આપતાં કહ્યુંઃ " આપનાર કે લેનાર હું કોણ ? મારી કૃપા કે અવકૃપાથી ચડતી પડતી આવે છે એમ માનવું ભૂલભરેલું છે. એટલું ખરું કે તારા અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોની જાણ મને અગાઉથી થયેલી. ને એ પ્રમાણે હું તને જણાવતો, ચેતવતો રહેલો. મેં તને તારો અગાઉનો ધંધો બંધ કરવાનુંય કહેલું. પણ તું માન્યો નહીં. પછી શું થાય? બાકી બનાવવું – બગાડવું મારા હાથમાં નથી. તારી ચડતી પડતી માટે હું જવાબદાર છું એમ વિચારવું તું છોડી દે. " આમ શંકરરાવના મનમાં રહેલી ગેરસમજ સ્વામીજીએ દૂર કરેલી. સ્વામીજીની વાત સાંભળીને શંકરરાવના મનનું સમાધાન પણ થઈ ગયું. એમને હવે ખાતરી થઈ કે જે કંઈ બની ગયું એ માટે પોતાનું પ્રારબ્ધ જ જવાબદાર છે, સ્વામીજી કે અન્ય કોઈ નહીં.

કાશીમાં આગમન (ચાતુર્માસ)

પૂનાથી સ્વામીજી નાગપુર ગયા. ત્યાં એકાદ વર્ષ રહી તેઓ ૧૯૫૨ના

માર્ચની ઓગણીસમીએ કાશી આવ્યા. શરૂઆતમાં તેઓ જાંબવંતસિંહને ત્યાં રોકાયા. એમની ભિક્ષાની ગોઠવણ તો લક્ષ્મણ શાસ્ત્રી વૈદ્યને ત્યાં થયેલી. સ્વામીજી રાતના ભોસલા મંદિરમાં રહેવા જતા. વૈદ્યજી ઉપરાંત અન્ય કોઈ સ્વામીજીને ભિક્ષાર્થે નિમંત્રણ આપતું ત્યારે તેઓ એનોય સ્વીકાર કરતા. શ્રી ઝારખંડીને ત્યાં પણ સ્વામીજીએ ઘણા દિવસો સુધી ભિક્ષા ગ્રહણ કરેલી. લક્ષ્મણ શાસ્ત્રીએ શ્રીગુરુમહારાજને જણાવ્યું કે જાંબવંતસિંહ સ્વામીજીની ખૂબ પ્રેમથી સેવા કરે છે.

શ્રી. ગુરુમહારાજ સ્વામીજીને હવે પહેલાંના કરતાં વધારે રકમ દર મહિને મોકલતા. તેઓ દર મહિને સ્વામીજીને પચ્ચાસ રૂપિયા મોકલતા. આ રકમ મોકલતાં ગુરુમહારાજને થોડીક આર્થિક ભીંસ ભોગવવી પડતી. એમના ઉપરાંત સ્વામીજીના બીજા શિષ્યો–સાધકો પણ યથાશક્તિ સ્વામીજીને દર મહિને દક્ષિણા મોકલતા રહેતા. સ્વામીજી એક સ્વતંત્ર નિવાસની શોધમાં હતા. વારંવાર રહેઠાણ બદલાતાં ટપાલ, મનીઓર્ડર વગેરે મેળવવામાં તકલીફ પડતી. આખરે સ્વામીજીએ ભોસલા મંદિરની એક ઓરડી જૂન મહિનામાં ભાડે રાખી લીધી. એક પત્રમાં સ્વામીજીએ લખેલું: "બનારસમાં નિર્વાસિત શરણાર્થીઓ મોટી સંખ્યામાં આવેલા હોવાથી મકાનોનાં ભાડાં વધી ગયાં છે. મકાન ભાડે મળવાં પણ મુશ્કેલ છે. ઉનાળાને લીધે ગંગામાં પાણી ઓછું થઈ ગયું છે. ચીજવસ્તુઓની અછત વરતાય છે. જીવન કષ્ટદાયક બનતું જાય છે."

સ્વામીજીએ આ વરસનો ચાતુર્માસ ભોસલા મંદિરમાં ગાળ્યો. પછી તેઓ 'એ–૨/૩૩ ત્રિલોચન' વાળી જગાએ રહેવા ગયા. આ જગા જાંબવંતની દુકાનથી એકાદ માઈલ દૂર હતી. ત્રણ ઓરડાનું સ્વતંત્ર મકાન મહિને રૂા. ૧૫ના ભાડે મળ્યું હતું. સ્વામીજીના શિષ્યોએ મકાન સાફસૂફ કરીને એમનો સામાન ત્યાં ગોઠવી આપ્યો.

સ્વામીજીએ એક પત્રમાં એક શિષ્ય વિષે એના નામનો ઉલ્લેખ કર્યા

વિના લખેલું: "મારા એક શિષ્યને એક સિદ્ધયોગેશ્વર મહાપુરુષનો ઉપદેશ પ્રાપ્ત થયો છે. એ શિષ્ય પૃથ્વી, જલ, વાયુ તત્ત્વો પર વિજય મેળવીને યોગસિદ્ધ ભૂમિકા પ્રાપ્ત કરી ચૂક્યો છે. પછી તે મારા જેવા ક્ષુદ્ર મનુષ્યનાં દર્શને કેવી રીતે આવી શકે ! પણ અફસોસની વાત એ છે કે એના ઘણા પ્રયત્નો છતાં કોઈ એને લેખામાં લેતું નથી. મોદીજીનો શિષ્ય હોવા છતાં તે કોઈ અયોગ્ય બાઈના હાથે રાંધેલું અન્ન ખાઈ રહ્યો છે. આ જુઓ સિદ્ધનાં લક્ષણ ! "

શ્રીગુરુમહારાજના જ્યેષ્ઠ બંધુ, શ્રીશંકર સ્વામી વૃદ્ધાવસ્થાને કારણે અતિ દુર્બળ થઈ ગયા હતા. શ્રીગુરુમહારાજ ગુરુદ્વાદશી માટે વાડી ગયા હતા. એ ટાણે સ્વામીજીએ પત્રમાં લખી જણાવેલું " તમે સૌ સ્વામીજીની સારી સેવા કરો છો એ જાણી મને આનંદ થાય છે. ભગવાનની કૃપાથી એમને કોઈ ખાસ શારીરિક વેદના નથી થતી એ સારું છે. તેઓ ગીતા અને વિષ્ણુસહસ્રનામનું પઠન સાંભળતા રહે છે એ સારી વાત છે. મને લાગે છે કે શંકર સ્વામીજી વધુ લાંબો વખત આપણી વચ્ચે રહેશે નહીં. આ વાત જો કે એમને કહેશો નહીં. હવે દેહાંત સુધી હું કાશીમાં જ રહીશ. જ્યોતિષીઓ પણ કહે છે કે મારો દેહાંત કાશીમાં થશે."

૧૯૫૨ના નવેમ્બરની પંદરમીએ સ્વામીજી ગાય ઘાટવાળા શ્રીકનૈયાલાલ મલહોત્રાના મકાનમાં રહેવા ગયા. જ્યાં સ્વામીજી અગાઉ રહેતા હતા એ મકાન માલિકે ભાડું રૂ.૧૫થી વધારીને રૂ.૪૦ કર્યું હતું. એ કારણે સ્વામીજીને નિવાસ બદલવો પડ્યો. નવા મકાનનું ભાડું મહિને ૩૦ હતું . મકાનમાં સગવડ પણ સારી હતી. પૂનામાં આવું મકાન સો રૂપિયાના ભાડે પણ ન મળે એમ સ્વામીજી કહેતા.

એ જ ડિસેમ્બરમાં શંકરસ્વામી નરસોબા વાડીમાં બ્રહ્મલીન થયા. ગોદાવરીતાઈએ શંકરસ્વામીની સારી સેવા કરેલી. બે એક મહિના પછી ગોદાવરીતાઈએ પણ વિદાય લીધી. એમના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને સ્વામીજીએ પત્ર લખેલો. એમણે સાંત્વન આપતાં ઉમેરેલું: "ગોદાવરી તમારા

બધાંની હયાતિમાં વિદાય થઈ એ એક રીતે સારું થયું. તમે બધાં એનાં પહેલાં ઊપડી ગયાં હોત તો એ અનાથને તમારી અનુપસ્થિતિમાં મુશ્કેલીઓ વેઠવી પડત."

કાશીથી લખેલા પત્રો (૧૯૫૨)

નારાયણ ....

(૧).......... પત્રની ઉપર ' ॐ લોકનાથાય નમઃ ' એવું લખશો નહિ. ॐકાર પત્રમાં લખશો નહિ. શ્રી ગુરવે નમઃ એવું લખવું. ગુરુનું નામ લખવું કે ઉચ્ચારવું પણ દોષરૂપ છે.

લોભવશ થઈને સત્યને છોડશો નહિ. આ લોકમાં સ્ત્રીનો લોભ અને ધનનો લોભ છોડવો ઘણો મુશ્કેલ છે. એ બન્નેને જે છોડે તે મહાપુરુષ છે.

................(૧૬–૨–૫૨)

(૨) .... માણસની ભૂલ થાય જ છે. એ કોઈ અપરાધ નથી. ભગવત્સ્મરણ કરતાં કરતાં માતાપિતાની સેવા કરો, અને માતાપિતાનો આનંદ વધારો........ સન્માર્ગને અનુસરીને જીવનને ધન્ય બનાવો. સંસારમાં આદર્શ બનો.......... દુરાચારી મનુષ્યના જીવન કરતાં પશુનું જીવન ઘણું સારું હોય છે. પશુ પોતાનાં પાપ ભોગવીને ક્ષય કરે છે. પશુના જીવનમાં ધર્માધર્મ હોતો નથી. દુરાચારી મનુષ્ય તો પાપોનો જ જીવનમાં વધારો કરે છે. તેથી અંતમાં દારુણ દુઃખ જ ભોગવે છે. ....(૨૫–૬–૫૨)

(૩) .... અભ્યાસ કરતા રહો. વિઘ્ન નષ્ટ થઈને મન સ્થિર થઈ જશે.

.... (૨૯–૮–૫૨)

(૪) .... પવિત્ર સ્થિતિમાં મંત્રનો જપ કરવો. અન્ય સમયે બોલતી ચાલતી વખતે અને મારું સ્મરણ થાય ત્યારે, મંત્રનું સ્મરણ થવા લાગે તો મંત્રનો જાપ બંધ કરવો. તે સમયે ગુરુમહારાજ, ગુરુદેવ કે શ્રીગુરુવે નમઃ એ પ્રમાણે જાપ કરવો. *હોઠ અને જીભનું હલનચલન થયા વગર મનમાં ને મનમાં જાપ થતો હોય ત્યારે આસનસ્થ થયા ન હોઈએ તો પણ કોઈ દોષ થતો નથી.* કોઈ વ્યક્તિને કોઈ પણ રોગથી પીડાતા જોઈને મનમાં દયા આવે તે સમયે, 'હે

ગુરુનાથ, હે પરમાત્મન્, આ મનુષ્યને રોગમુક્ત કરો ' એવી કરુણાપૂર્ણ ઈચ્છા થવી સ્વાભાવિક છે. એમાં કોઈ દોષ થતો નથી. એમાં તમારો કશો જ અપરાધ થતો મને લાગતો નથી. કદાચ ક્યારે પણ ભૂલથી અપરાધ થાય તો ગુરુ, પિતા અને માતા સદા ક્ષમા જ કરે છે. ....(૧૯–૯–૫૨)

उपासनेला दृढ चालवावे । भूदेव संतासी सदा नमावे ।
सत्कर्म योगें वय धालवावे । सर्वां मुखी मंगल बोलवावे ।
मना सज्जना भक्तिपंथेची जावे । तरी श्री हरी पाविजेतो स्वभावे ।
जनीं निंध ते सर्व सोडूनि द्यावे । जनीं वंध ते सर्वभावे करावे ।
जय जय रघुवीर समर्थ । –(સમર્થ રામદાસ)

(ઉપાસના આચરવી દઢત્વથી । ભૂદેવ ને સંત સદૈવ વંદના ।
સત્કર્મમાં જીવનને વિતાવવું । સૌને મુખે મંગલ શબ્દ બોલવા ।
પથે ભક્તિના ચિત્ત જાવું સુજાણ । હરિ પ્રાપ્ત થાય સહેજે જ જાણ ॥
ત્યજી દો બધું જે જને હોય નિંદ્ય । કરો ભાવથી જે જગે હોય વંદ્ય ।)

(૨૪–૧૦–૫૨)

(૬) .... આનંદપૂર્વક અભ્યાસ કરતા રહો. માતાપિતાની આજ્ઞાનુવર્તી રહો. સ્વજનોના આનંદમાં વધારો કરતા રહો....... સદાચારોનું સદા નુષ્ઠાન કરતા રહો. બ્રહ્મચર્યનું હંમેશ પાલન કરવું, ઈન્દ્રિયસંયમ કરવો એ બધું કલ્યાણકારી છે. (૧૪–૧૨–૫૨)

(૭)...... ભાવ જ દેવને (ભગવાનને) પ્રગટ કરે છે. તેથી મનમાં સદા શુદ્ધ ભાવોને જ ધારણ કરવા જોઈએ.

मंत्रे तीर्थे द्विजे देवे दैवज्ञे भेषजे गुरौ ।
यादृशी भावना यस्य सिद्धिर्भवती तादृशी
(મંત્રે, તીર્થે, દ્વિજે, દેવે, દૈવજ્ઞે, વૈદ્ય, ગુરુમાં ।
જેની હો ભાવના જેવી, પામે તેવી જ સિદ્ધિ તે ॥)

ભોળી ભાવના ઈશ્વરને ઘણી જ પ્રિય હોય છે. તેથી જ ભક્તો

ભાવનાપ્રધાન વિશેષ હોય છે. સમર્થ રામદાસ સ્વામી, સંત એકનાથ મહારાજ, સંત નામદેવ અને સંત તુકારામ મહારાજ આદિનો વિચાર કરવાથી જણાશે કે એમનો ભાવનામય વિચારતરંગ કેટલો વિશાળ છે. તે એટલો વિશાળ છે કે જે સંપૂર્ણ ભાવિકજનોના ભાવનામય મનોરાજ્યને આજે પણ એમના પ્રભાવથી પ્રભાવિત કરે છે, અને ભાવુકજનોને પોતાની વિશાળતાનો, પવિત્રતાનો અને શુદ્ધતાનો પરિચય આપે છે..... (૨૬–૫–૫૩)

(૮) --------बोले तैसा चाले । त्याची वंदावी पाऊले ।।

(બોલે તેવું વર્તે, નમવું તેનાં ચરણે)

------ મારું ઘણું જ સૌભાગ્ય છે કે, ઘણા દિવસે તમે આ વૃદ્ધનું સ્મરણ કર્યું.

(૧૫–૧૧–૫૩)

– આર્શીવાદક સ્વામી લોકનાથતીર્થ

મહારાજશ્રીને યાત્રા અંગે માર્ગદર્શન

મહારાજશ્રીના ગાઢ પરિચિત શ્રીશંકરાચાર્યજી, (શ્રીજેરે સ્વામી મહારાજ) પોતાના શિષ્યો સાથે સ્વતંત્ર મોટર દ્વારા હિમાલયનાં ચાર ધામની યાત્રાએ ઊપડવાના હતા. મહારાજશ્રીને આ યાત્રામાં જોડાવા આમંત્રણ મળ્યું. ગુરુમહારાજે આ સુંદર લાભ લઈ લીધો ને યાત્રામાં જોડાઈ ગયા. તેમણે પોતાની આ યાત્રા વિષે સ્વામીજીને પત્ર દ્વારા જાણ કરી ને માર્ગદર્શન આપવા વિનંતી કરી. સ્વામીજીએ એમની વિનંતીના પ્રતિભાવ રૂપે પત્ર લખ્યો. એમણે પત્રમાં લખ્યું:

"કલ્યાણ ભાજન વામન દત્તાત્રેય ગુળવણીને નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ. તમારું રૂા. ૫૦)નું મ. ઓ. મળ્યું. ઉત્તરખંડની યાત્રાએ જવાના છો એ ઘણી સારી વાત છે. મારા જણાવ્યા પ્રમાણે યાત્રા કરજો. કશું કષ્ટ પડશે નહી. તમારું શરીર નબળું છે એટલે પદયાત્રા કરશો નહીં. દંડીનું (ચાર જણ ઊંચકે એવું સાધન) ભાડું વધારે હોય છે. એટલે તમે કંડી (એક જણ

ઊંચકે એવું સાધન) ભાડે કરજો. બ્રાહ્મણ કે ક્ષત્રિયની કંડી ભાડે કરજો. બ્રાહ્મણ ક્ષત્રિય સિવાયના બીજા કંડીવાળા ચાંડાલ જ્ઞાતિના હોય છે.

આખી બાંયનું સ્વેટર પહેરજો. એની ઉપર ઊનનો કોટ પહેરવો. માથે ઊનની કાનટોપી પહેરવી. એના પર ફેંટો એવી રીતે બાંધજો કે જેથી બન્ને કાન ઢંકાઈ જાય. પગ ઢીંચણ ઢંકાય એવાં મોજાં પહેરજો ને રબરના સોલવાળા કેન્વાસના બૂટ પહેરજો. ચામડાના બૂટ પહાડી પથ્થરિયા રસ્તા પર જલદી ફાટી જાય છે. ચામડાના બૂટને રબરના સોલ હોય તો ચાલશે. ત્યાં માખીઓનો ઉપદ્રવ હોય છે. માખીઓથી શરીરનું રક્ષણ કરતા રહેજો.

"ખર્ચ પૂરતા પૈસા સાથે જ રાખવા. બીજા પર ભરોંસો રાખવો નહીં. રસ્તામાં ગરમ દૂધ મળે તો પી લેવાનું. દહીં મળતું હોય તો એ પણ લેવું. રસ્તામાં સરેકે ફૂળ મળશે. નાના કાંટાળા છોડ પર આ ફૂળ થાય છે. એ ફૂળ પણ ખાઈ શકાય. હિમાલય ભ્રમણ દરમિયાન મેં કહેલી વાતો ધ્યાનમાં રાખશો તો કોઈ મુશ્કેલી પડશે નહીં. નારાયણ તમારી રક્ષા કરશે. તમે હેમખેમ, નિર્વિઘ્ને જરૂર પાછા ફરશો." —આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

સ્વામીજીને પોતાના શિષ્યો તરફ કેવો વાત્સલ્યભાવ હતો એ ઉપરના પત્ર પરથી જણાઈ આવે છે.

શ્રીગુરુમહારાજ પણ યાત્રા દરમિયાન જુદાં જુદાં સ્થળોએથી સ્વામીજીને પત્રો લખતા રહેલા. તેઓ ઉત્તરકાશી, જમ્નોત્રી તથા ગંગોત્રી ગયેલા ને બધી જગાએ સ્નાન કરેલું. તેમણે ગંગોત્રીથી તા. ૨૦– ૫–૫૩ના રોજ સ્વામીજીને પત્રમાં લખ્યું: " બધી યાત્રા સુખરૂપ થઈ રહી છે." એ પછી તેઓ કેદાર તથા બદરીનાથની યાત્રા કરીને જૂનના ત્રીજા અઠવાડિયામાં પૂના પહોંચી ગયા. યાત્રા પૂર્ણ થયા પછી એમની તબિયત લથડેલી. એ જાણીને સ્વામીજીએ પત્ર લખ્યો: "તમારી યાત્રામાં તમે તમારી શક્તિ કરતાં વધારે પરિશ્રમ કર્યો

એને કારણે તમારું સ્વાસ્થ્ય કથળ્યું. રોજ આઠ માઈલથી વધારે ચાલવાનું તમારે માટે ઉચિત નો'તું. નારાયણની કૃપાથી તમે જલદી સાજા થઈ જશો."

સ્વામીજી પૂનાથી ગયા ત્યારે એમનાં પુસ્તકોની સૂટકેસ શંકરરાવ માર્કન્ડને ત્યાં રહી ગયેલી. એ એમણે પત્ર વહેવાર કરીને ત્યાંથી મંગાવી લીધી. પુસ્તકો વિના તો એમને લગીરે ચાલે નહીં ને !

૧૯૫૩ના ડિસેમ્બરમાં ભાઉસાહેબ વાકડે (એન્જિનિયર) સ્વામીજીને મળવા કાશી ગયા. સ્વામીજી સામાન્ય માનવીના જેવું જીવન વીતાવી રહ્યા હતા. એમના નિવાસમાં ખાસ કશું જોવા ન મળે. ઉંદરો ચારેકોર દોડાદોડ કરતા દેખાય. સ્વામીજીનું મોટા ભાગનું ખાવાનું આ ઉંદરો જ હજમ કરી જતા. આમ છતાં સ્વામીજીને કશાની ઊણપ વરતાતી નો'તી એ જ તો એમની મોટાઈ.હતી. સ્વામીજીનાં દર્શન કરીને ધન્યતા અનુભવતા વાકડે પાછા ફર્યા.

અધ્યાય:૧૯

કાળનો સંકેત

પક્વ પર્ણ જયમ વૃક્ષથી, પડે અલક્ષ અકાળ. ।
દેહ કદા પડશે નકી, લહે ન દક્ષ કુકાળ ।।

(શ્રીગુરુલીલામૃત, ૬૭-૧૫)

મહાપુરુષો પોતાના અંતકાળને અગાઉથી જાણી શકતા હોય છે. સ્વામીજીએ પણ એમના મૃત્યુની આગાહીઓ અગાઉ એક કરતાં વધારે વખત એમના શિષ્યો સમક્ષ ઉચ્ચારેલી. "મારો અંત કાશીમાં છે" એવું એમણે પૂનામાં ઉચ્ચારેલું. ૨૯-૩-૧૯૫૨માં કાશી આવ્યા પછી (એ જ કારણે) તેઓ કાશી છોડીને બીજે ક્યાંય ગયા નથી. અંતકાળ નજીક આવતો હોવાનો અણસાર થતાં તેઓએ સૌ પ્રથમ ગુરુમહારાજને એ વિષે લખ્યું:

" મારું શરીર દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે. દવા ને ઉપચારો તો ચાલે છે પણ ખાસ ફાયદો જણાતો નથી. મારા જીવનની અંતઘડી નજીક આવી રહી છે. મે મહિનાના અંત ભાગમાં મારું મહાપ્રયાણ નિશ્ચિત છે."

સ્વામીજીનો પત્ર વાંચી ગુરુમહારાજને ભારે દુઃખ થયું. એમણે સ્વામીજીના પત્રના ઉત્તરમાં લખ્યું: "જ્યોતિષશાસ્ત્રની બધી આગાહીઓ સાચી હોતી નથી. એટલે એમાં વિશ્વાસ રાખીને નાહક ચિંતા કરવી નહીં." સ્વામીજીએ પત્ર વાંચીને એના જવાબમાં તા. ૨૦-૧૨-૧૯૫૩ના રોજ લખ્યું: "મેં મારા પ્રયાણ વિષે લખતી વખતે જ્યોતિષશાસ્ત્રનો આધાર લીધો નો'તો. કાકા દામલે તેમ જ ગોર ભટ્ટના મૃત્યુની આગાહી જે અંતઃપ્રેરણાથી મેં કરેલી, એ જ અંતઃપ્રેરણાથી મેં મારા પ્રયાણની વાત તમને લખી જણાવી છે. પુસ્તકો મળી ગયાં છે. શંકરરાવના પુત્રે 'હરિવંશ' અને 'મહાભારત' એની પાસે રાખી લીધાં છે. એના પિતાની સંપત્તિ સમજીને. હવે જો કે મારે પુસ્તકોનું શું પ્રયોજન રહ્યું?"

આ અરસામાં સ્વામીજી દાદરો ઊતરતાં પડી ગયા ને એમના જમણા હાથમાં થોડું વાગ્યું. ત્રણેક મહિના સુધી હાથની પીડા સતાવતી રહી. આ સમય દરમિયાન તેઓ પાસે આવી રહેલી પોતાની અંતિમ ઘડી વિષે, એમના પ્રિય શિષ્યોને બીજા પાસે પત્રો પણ લખાવતા રહ્યા. પત્ર મેળવનાર શિષ્યોને પત્રની વિગત જાણીને ભારે આઘાત થતો અને પોતાની વેદના વ્યક્ત કરતા પત્રો સ્વામીજીને લખ્યા. સ્વામીજીએ એ પત્રોના ઉત્તરો પણ લખાવ્યા :
કલ્યાણભાજન વામન દત્તાત્રેય ગુળવણીને નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ...... સમાચાર જાણ્યા. મારા માટે ચિંતા કરશો નહિ.. મારું પ્રયાણ થવાનું છે, તે કારણે મને કશી પણ ચિંતા કે દુઃખ થતું નથી. મને તો આનંદ જ આનંદ છે. કર્મ પ્રમાણે દેહ સંબંધ પ્રાપ્ત થયો છે. કર્મક્ષય થાય ત્યારે પ્રયાણ પણ અવશ્ય જ થશે. રસોઈ કરવા માટે એક મહારાષ્ટ્રિયન દેશસ્થ યજુર્વેદી વૃદ્ધા બ્રાહ્મણી રાખી છે. ભવિષ્ય જેને અંધકારમય (દુઃખપ્રદ) દેખાય છે, તેને મૃત્યુનો ઘણો ભય લાગે છે. મને મારું ભવિષ્ય દુઃખપ્રદ દેખાતું નથી તેથી ભય મને લાગતો નથી. હાથનું દુઃખ પહેલાં કરતાં ઓછું છે....

તા. ૬-૩-૫૪ના રોજ બીજો પત્ર લખ્યો હતો.

તમારું મનીઓર્ડર રૂા.૫૦/-નું મળ્યું. હાલ અહીં આવવાની કશી જરૂર

નથી. મે મહિનામાં અવશ્ય આવજો. તે સમયે તમારું અહીં (હાજર) ઉપસ્થિત રહેવાનું વિશેષ પ્રયોજન છે. શરીર દિનપ્રતિદિન ક્ષીણ થઈ રહ્યું છે. તાવ પણ નિયમિત આવે છે. હૃદયયંત્રમાં ધબકાર થાય છે. દુઃખે છે પણ આનાથી મનમાં દુઃખ થતું નથી. આ પ્રકારના ઉપદ્રવથી મનમાં આનંદ થાય છે. આ નારાયણની કૃપા છે. નારાયણ સિવાય કોઈ પણ મારો સહાયક નથી."

સ્વામીજીએ પ. પૂ. શ્રીનારાયણકાકાને તેમના પત્રનો જવાબ લખ્યો :

તમારું રૂા. ૩૦/ નું મનીઓર્ડર મળ્યું. મારા માટે વૃથા ચિંતા કરશો નહિ. મારી પ્રકૃતિ હવે સુધરવાની નથી.

मृत्यु न म्हणे ऋषेश्वर । मृत्यु न म्हणे योगेश्वर ।
मृत्यु न म्हणे हरिहर । मृत्यु न म्हणे हा अवतार भगवंताचा ।

(મૃત્યુ ન બોલે ઋષેશ્વર, મૃત્યુ ન બોલે યોગેશ્વર, મૃત્યુ ન બોલે હરિહર, મૃત્યુ ન બોલે આ અવતાર ભગવંતનો .) જે શરીર ધારણ કર્યું છે તેને એક દિવસ છોડવું જ પડશે. વૃથા ચિંતા કરવાથી મૃત્યુ છોડી દેશે નહિ. અનિવાર્ય ભાવિની બુદ્ધિમાન ચિંતા કરતો નથી. ...

શ્રીબાળાસાહેબ વાકડેને ૧૭–૩–૧૯૫૪ના રોજ સ્વામીજીએ પત્ર લખ્યો...

"તમારો પત્ર મળ્યો. મારી શરીર પ્રકૃતિ નિતાંત અસ્વસ્થ છે. આટલો લાંબો પત્ર વાંચવામાં અને તેનો ઉત્તર લખવામાં હું અસમર્થ છું." આ પત્ર લઈને બાળાસાહેબ વાકડે શ્રીગુરુમહારાજ પાસે ગયા. સ્વામીજીનો પત્ર વાંચીને શ્રીગુરુમહારાજને ચિંતા થઈ. 'હું આવું કે ?' એની પૃચ્છા કરતો અને આવવાની અનુમતિ માગતો પત્ર શ્રીગુરુમહારાજે સ્વામીજીને લખ્યો. સ્વામીજીએ તરત જવાબ લખ્યો: "આ સમયે તમારે અહીં આવવાની કશી જ જરૂર નથી. આ માર્ચ મહિનાનું બીજું પખવાડિયું છે. મે મહિનાને હજુ ઘણી વાર છે. હમણાં અમથું જ કાશી આવીને રહેવાની જરૂર નથી. તે સમયે આવો."

સ્વામીજીએ પ. પૂ. શ્રીનારાયણકાકા ઢેકણે મહારાજને સત્તાવીસમી માર્ચ, ૧૯૫૪ના રોજ એમના પત્રનો ઉત્તર આપ્યો:

'મારો વિયોગ થશે એમ સમજીને દુઃખી થઈ રહ્યા છો. આવું દુઃખ કરવું અયોગ્ય છે. નિત્ય સંબંધ ક્યારેય થતો નથી... ગુરુ તો બ્રહ્મસ્વરૂપ છે. લૌકિક દૃષ્ટિએ વિયોગ થવાનો, પરમાર્થ દૃષ્ટિએ વિયોગ ક્યારેય થતો નથી. ...સ્મરણ કરવાથી સદા સહાય મળે છે. ચિંતાનું કશું જ કારણ નથી. નારાયણ તમને બધી અવસ્થાઓમાં સહાય કરશે.....'

મૃત્યુંજયી સ્વામીજી

એપ્રિલ મહિનામાં સ્વામીજીનું સ્વાસ્થ્ય જરાક સુધર્યું. સ્વામીજીએ મહાનિર્વાણનો નિર્ણય બદલ્યો નો'તો. એમનો નિત્યક્રમ સરળતાથી ચાલતો હતો. તેઓ અત્યંત આનંદમાં રહેતા હતા. વાતચીતમાં હળવાશ પણ ભળતી રહેતી. પાંચમી મેના રોજ ગુરુમહારાજ કાશી પહોંચી ગયા. સોલાપુરથી અણ્ણાસાહેબ શાસ્ત્રી, મોહોળેકર પણ કાશી આવી ગયા. મોહોળેકર તથા કુદાલ શાસ્ત્રી સ્વામીજીનાં દર્શને ગયા. સ્વામીજીની તબિયતમાં સુધારો જોઈને તેઓ નચિંત થયા. એમણે સ્વામીજીને કહ્યું: " આપની નાદુરસ્ત તબિયતનો ઉલ્લેખ આપના પત્રમાં વાંચીને અમે અહીં દોડી આવ્યા." સ્વામીજીએ કહ્યું: "ઉપરવાળાની યાદીમાં આપણું નામ આવી ગયું છે. હુકમ પણ થઈ ગયો છે. એટલે તમને બધાંને લખેલું."

મે મહિનાની અમાસના દિવસે સ્વામીજી સ્નાનાદિ કર્મથી પરવાર્યા ને એમને તાવ ચડવા માંડ્યો. તાવ એટલો હતો કે એમને કશું ખાવાનું મન ન થયું. ટાઢ-પણ સખત લાગવા માંડી. ઓઢેલું હોવા છતાં શરીરની ધ્રૂજારી બંધ થઈ નહીં. સાંજ સુધીમાં એમની સ્થિતિ ચિંતાજનક થઈ ગઈ. સાંજ સુધીમાં સૌ સાધકો શિષ્યો સ્નેહીઓ દર્શને આવવા લાગ્યા. જાંબવંત, પં. લક્ષ્મણ શાસ્ત્રી , ઝારખંડી, અક્કત, ગુરુમહારાજ આદિ સ્વામીજી પાસે

બેઠા હતા. બધા પ્રાર્થના કરતા હતા. ગુરુમહારાજે (ગુળવણી મહારાજે) સ્વામીજીનું સ્વાસ્થ્ય સુધરે એ માટે ડિસેમ્બરથી મે સુધી કેટલાંક અનુષ્ઠાનનો કર્યાં હતાં. એમના જાપ ચાલુ હતા.

શ્રીગુરુમહારાજે તથા અન્ય સાધકોએ સંધ્યાદિ નિત્યકર્મ સંક્ષેપમાં પતાવ્યાં. સ્વામીજીની સાયંસંધ્યા ભસ્મસ્નાન પછી પથારી પાસે જ આટોપાઈ. એમને ખૂબ તાવ હોવાથી શિષ્યોની સહાય વડે એમણે આહ્નિક પતાવ્યું. એમને છાતીમાં દુઃખાવો ઊપડ્યો હતો ને હ્રદયના ધબકારા વધી ગયા હતા. એમનાથી બોલાતું નો'તું. રાતના દસેક થયા હતા. બધા ગંભીર વદને મૌન ધારીને બેઠા હતા. સ્વામીજીનું કથળતું સ્વાસ્થ્ય સૌની ચિંતાનો વિષય બની ગયું હતું. પણ સ્વામીજી તો હંમેશની જેમ પ્રસન્ન લાગતા હતા.

સ્વામીજીથી બોલાતું હતું ત્યાં સુધી તેઓ *નારાયણ નારાયણ* ને પછી ૐ કારનો જાપ કરતા રહેલા. અચાનક સ્વામીજીએ આંખો વિસ્ફારી. એમની વિસ્ફારિત આંખો જોઈને બધા ચમક્યા. પછી સ્વામીજીએ આંખો બંધ કરી દીધી ને ગુરુમહારાજનો હાથ પકડ્યો. સ્વામીજીનું આખું શરીર કંપવા માંડ્યું. કોઈને કશો ખ્યાલ આવે એ પહેલાં તો એમનો દેહ નિશ્ચેષ્ટ થઈ ગયો. એમના હોઠ લગીર ફફડ્યા. ગુરુમહારાજે એમના હોઠ નજીક કાન ધર્યા. "વામન !"

સ્વામીજી ક્ષીણ સ્વરમાં બોલ્યા. શ્રીગુરુમહારાજે પોતાના કાન સ્વામીજીના મુખ આગળ ધર્યા. શબ્દો સંભળાયાઃ *"તેઓ ચાલી ગયા."*

કાળ આવ્યો હતો, પણ એમની વિદાયની ઘડી આવી ન હતી. *મહાપુરુષોનું નિર્વાણ એમની ઈચ્છાનુસાર થતું હોય છે.* (સ્વામીજીએ મૃત્યુના દૂતોને આવીને ઊભેલા જોયા.) થોડીવારે ગુરુમહારાજે સૌને કહ્યુંઃ "સ્વામીજીની પ્રકૃત્તિ સારી છે. એમને આરામની જરૂર છે. સંકટ ટળી ગયું છે. સૌ અહીંથી

જઈ શકો છો." ગુરુમહારાજના શબ્દો સાંભળીને સૌએ રાહતની લાગણી અનુભવી ને ત્યાંથી બધા વિખેરાયા. ત્રણેક જણ સ્વામીજીની સેવામાં રોકાયા. એમણે સ્વામીજીને આખા શરીરે માલીશ કર્યું ને એમને ફળનો રસ પીવડાવ્યો. રાત્રે એકાદ વાગે સ્વામીજી નિદ્રાધીન થયા.

બીજે દિવસે સવારે સ્વામીજીનું સ્વાસ્થ્ય થોડુંક સુધર્યું. એ સમાચાર જાણી સૌ આનંદમાં આવી ગયા. ત્રણ ચાર દિવસ પછી સ્વામીજીએ જાતે જ પોતાના કુશળ સ્વાસ્થ્યના સમાચાર આપતા પત્રો જુદાં જુદાં સ્થળોએ મોકલાવ્યા. ગુરુમહારાજ કાશીમાં સ્વામીજી પાસે એક મહિનો રોકાયેલા.

અંતિમ વર્ષ (૧૯૫૪)

ઈશ્વરને સ્વામીજી દ્વારા ઘણા બધાનો ઉદ્ધાર કરાવવો હશે તે એક વર્ષની (extension) વધારાની મુદત એમને આપવામાં આવી. શ્રીગુરુ મહારાજે સ્વામીજીને હવાફેર માટે પૂના આવવા વિનંતી કરીઃ "હવે કાશી છોડીને ક્યાંય જવું નથી. અંતકાળ સુધી હું કાશીમાં જ રહેવાનો છું." એ પછી ગુરુમહારાજે સ્વામીજીની વિદાય માગી. વિદાય વેળાએ પ્રણામ કરતાં ગુરુમહારાજની આંખો ભીની થઈ ગઈ. હૃદય ભરાઈ આવ્યું. સ્વામીજીએ એમના માથે હાથ મૂકીને કહ્યુંઃ " ચિંતા કરશો નહીં. ભગવાન સૌનું સારું જ કરશે."

૧૯૫૪નું વર્ષ બીજી પણ એક નોંધપાત્ર ઘટનાથી અવિસ્મરણીય રહેશે. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામીજી મહારાજે ભગવાન શ્રી દત્તાત્રેયની લીલા વિષે જે અભૂતપૂર્વ લખાણ લખી રાખ્યું હતું તે શ્રીગુરુમહારાજે આ વર્ષમાં બાર ખંડોમાં છાપીને પ્રગટ કર્યું. આ સત્કાર્યમાં એમને વિદ્યાવાચસ્પતિ શ્રીદત્ત મહારાજનો સારો સહકાર પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત પંડિત આત્મારામ શાસ્ત્રી જેવા પ્રકાંડ પંડિતોનો સહયોગ પણ શ્રીગુરુમહારાજને આ કાર્યમાં સાંપડેલો.

૧૯૫૪ના વર્ષમાં શ્રાવણ સુદ પાંચમે શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્મ દિને તેમની સોમી જયંતી આવતી હતી. તેથી આ અપૂર્વ શુભ પર્વ પર "શત સાંવત્સરિક જયન્તી મહોત્સવ સમિતિ"એ હૈદ્રાબાદમાં (દક્ષિણ) એક મોટો સમારંભ યોજેલો. આ સમારંભ એક અઠવાડિયા સુધી ચાલેલો. આ સપ્તાહ દરમિયાન યજ્ઞયાગ, સ્વાહાકારાદિ અનુષ્ઠાનો થયાં તથા શ્રીગુરુચરિત્રનાં પારાયણો થયાં. શ્રીવાસુદેવાનંદ સરસ્વતીના બધા જ ગ્રંથોનાં પારાયણો થયાં. એમનાં સંસ્મરણોને આવરી લેતો કાર્યક્રમ પણ યોજાયો તથા અન્નદાન પણ પુષ્કળ પ્રમાણમાં થયું. શ્રીવાસુદેવાનંદ સરસ્વતીના સમગ્ર વાઙ્મયને બાર ગ્રંથોમાં છાપીને એનું વિમોચન સ્વામીજી મહારાજના જન્મ દિને (શ્રાવણ સુદ પાંચમ) શ્રી. આત્મારામ શાસ્ત્રી જેરેની અધ્યક્ષતામાં સંપન્ન થયું.

આ સમારંભમાં ઉપસ્થિત રહેલા શ્રીગુરુ મહારાજે સ્વામીજીને કાશી આમંત્રણ પાઠવેલું. સાંવત્સરિક જયંતી ઉત્સવ સમિતિ દ્વારા પણ સ્વામીજીને નિમંત્રણ પહોંચાડવામાં આવેલું. સ્વામીજીથી જો કે સમારંભમાં ઉપસ્થિત રહી શકાયેલું નહીં. નિમંત્રણના પ્રત્યુત્તર રૂપે સ્વામીજીએ શ્રીગુરુ મહારાજને તથા ઉત્સવ સમિતિને પત્રો લખ્યા હતા.

શ્રીક્ષેત્ર કાશી ૬-૮-૫૪

કલ્યાણભાજન વામન દત્તાત્રેય ગુળવણીને

—નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ

સ્વામીજી મહારાજના શત સાંવત્સરિક જયન્તી મહોત્સવનો આમંત્રણપત્ર ભુજંગરાવ તરફથી મને મળ્યો. તમારો મોકલેલ આમંત્રણપત્ર પણ આજે મને મળ્યો. સમાચાર વાંચીને ખૂબ આનંદ થયો. શ્રીગુરુનું પૂજન કરવું ઘણું જ પુણ્યકર્મ છે. આવો અવસર કોઈ ભાગ્યવાનને જ મળે છે. નારાયણ તમારા લોકોની ઈચ્છા પૂર્ણ કરે. બધા લોકોને મારા નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ.

—આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

સ્વામીજીએ 'ઉત્સવ સમિતિ' ના આમંત્રણ પત્રને પાઠવેલો પ્રત્યુત્તરઃ

શ્રીક્ષેત્ર કાશી ૨૯-૯-૫૪

કલ્યાણ આસ્પદ ઉત્સવ મંડળને

—નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ

ઉત્સવ સમિતિનો પત્ર મને મળ્યો. શ્રીસ્વામી મહારાજનો શત સાંવત્સારિક જયન્તી મહોત્સવ નિર્વિઘ્ન રીતે સમાપ્ત થયો એ જાણીને ઘણો જ આનંદ થયો. આવાં જ સત્કાર્યોનું અનુષ્ઠાન કરતાં કરતાં આપ લોકોનો જીવનકાળ પસાર થાય એવી હું નારાયણને પ્રાર્થના કરું છું. શ્રીસદ્‌ગુરુસેવા કાર્યમાં આપ લોકોનો જીવનકાળ પસાર થઈ રહ્યો છે. આપ લોકો ધન્ય છો. નારાયણ આપ લોકોનું કલ્યાણ કરે. —આશીર્વાદક સ્વામી

લોકનાતીર્થ

સ્વામીજીએ આ વરસ દરમ્યાન લખેલા કેટલાક પત્રો સંક્ષેપમાં :

(૧) નારાયણ ..... શ્રીક્ષેત્ર કાશી

કેવળ દવાઓના સેવનથી રોગમાં આરામ થતો નથી. બીજો પણ ઉપાય કરવો પડતો હોય છે.

पूर्वजन्मकृतं पापं व्याधिरूपेण जायते ।
तत् शान्तिरषौधैर्दानैर्जपहोमार्चनादिभि :।।

પૂર્વ જન્મમાં કરેલું પાપ વ્યાધિ રૂપે જન્મે છે. તેની શાન્તિ ઔષધોથી દાન, જપ, હોમ અને અર્ચનથી થાય છે.(૧૨-૮-૧૯૫૪)

(૨) તમારા બન્ને પત્રો યથાસમયે મળ્યા હતા. એ પત્રોના ઉત્તરો પણ યથાસમયે લખ્યા હતા. હું એવું સમજ્યો કે પત્ર ટપાલપેટીમાં નાંખ્યા છે, પણ એ મારો ભ્રમ હતો. આજે મને એક પત્ર તે જગ્યાએ જ મળ્યો. ઘણો અફસોસ થયો. શું કરું? આ ભૂલનું કોઈ પ્રાયશ્ચિત પણ નથી. તમે મનમાં કશું દુઃખ ન કરશો. સદા તમારું સ્મરણ થાય છે. મારી શરીરપ્રકૃતિ પણ સારી રહેતી નથી.



ગાય ઘાટ, કાશી. પૂજ્ય સ્વામીજીએ છેલ્લે અહીં નિવાસ કરેલો



ગાય ઘાટ ઉપરના શ્રી. બાબા મહાજનના નિવાસસ્થાનમાં શ્રીમતી બાબા મહાજન
સાથે પ.પૂ. નારાયણકાકા

કોલેજકાળના પ.પૂ. નારાયણકાકા. તે ગાળામાં તેમણે દીક્ષા લીધેલી.



શ્રીગુરુકૃપા બિલ્ડિંગ, ડેક્કન જિમખાના, પૂણે.
શ્રી. શંકરરાવ માર્કન્ડના આ મકાનમાં પૂજ્ય સ્વામીજી રહેલા.

ઘણું દુઃખ ભોગવી રહ્યો છું. નારાયણ તમારું કુશળ કરે. (૨૬–૮–૧૯૫૪)

(૩) નારાયણકૃપાથી તમે લોકો સુખી રહો એવું જ હું ઈચ્છું છું..... પત્રાદિક મને લખો અથવા ન લખો એની મને કશી જ અપેક્ષા નથી. નારાયણ કૃપાથી સદા સુખી રહો એ જ ચાહું છું... (૧૧–૧૦–૧૯૫૪)

(૪) તમારું સરનામું શુદ્ધ લખજો. જિલ્લો અવશ્ય લખવો જોઈએ. સબડિવિઝન ઈસ્લામપુર એમ લખવાથી મને પત્ર મળશે નહિ. કારણ કે આ પ્રાન્તમાં ઈસ્લામપુર ઘણાં છે..... ના પત્ર પરથી જાણ્યું કે ઈસ્લામપુર(સાતારા) તમારી બદલી થઈ છે. તેથી હું તમને પત્ર લખી શક્યો.(૧૧–૧૦–૧૯૫૪)

(૫) વ્યવહારમાં વિક્ષેપ રહે જ છે. આ તો નોકરી છે. એમાં પરતંત્રતા અને વિક્ષેપ બન્નેય રહે છે. અવકાશ મળે ત્યારે અભ્યાસ કરતા રહેજો. જલદી જલદી સ્થાન બદલવાથી કષ્ટ થતું હોય છે. દેહ નિમિત્તે જે ભોગવવાનું હોય છે તે ભોગવવું જ પડે છે. સદા ગુરુસ્મરણ કરતાં કરતાં આનંદપૂર્વક દિવસો પસાર કરતા રહો. નારાયણ તમારું કલ્યાણ કરે.(૮–૧૧–૧૯૫૪)

(૬) તમારો અભ્યાસ સારો થઈ રહ્યો છે. અભ્યાસમાં જે કંઈ વિઘ્ન થઈ રહ્યું છે, તે નિયમિતપણે અભ્યાસ કરતા રહેશો તો દૂર થઈ જશે.....મારી શારીરિક પરિસ્થિતિ સારી નથી. કોઈક રોગજનિત દુઃખ હંમેશા ચાલુ જ રહે છે. નારાયણ સ્મરણ કરતાં કરતાં બધું સહન કરું છું. ચિંતાનું કોઈ કારણ નથી.....(૨–૧૨–૧૯૫૪)

(૭) મારી શરીર પ્રકૃતિ ઘણા દિવસથી રોગિષ્ઠ છે. ચાલવું, ફરવું પણ અસંભવ જેવું થઈ રહ્યું છે. કોઈ પણ કાર્યમાં ભૂલ જ થાય છે. તેથી પત્રોત્તર લખવાનું પણ હું ભૂલી ગયો હતો. વધારે કશું લખવા માટે હું અસમર્થ છું...

(૨૮-૧૨-૧૯૫૪).

(૮) કલ્યાણભાજન વામન દત્તાત્રેય ગુળવણીને

—નારાયણ સ્મરણસૂચક આશીર્વાદ

રસોઈ અને બીજાં બધાં કામો માટે વીસ વરસનો એક યુવક રાખ્યો છે. તેને માસિક ત્રીસ રૂપિયા આપું છું. સ્ત્રીઓ કામ નથી કરતી. મારે કામ માટે પુરુષ જ રાખવો પડે છે. પુરુષ બધા જ પ્રકારનાં કામ કરી શકે છે. મારી શરીર પ્રકૃતિ ઘણી જ ખરાબ છે. વાયુ, પિત્ત અને કૃમિના વિકારથી શરીર અતિશય દુર્બળ થઈ ગયું છે. સાધારણ ચાલવું ફરવું પણ કષ્ટપ્રદ થઈ રહ્યું છે. સતત એકાદ મનુષ્ય સાથે ન હોય તો કામ ચાલતું નથી. ક્યાંક પડી જવાની બીક રહે છે. મે મહિનામાં જે તમે જોઈ ગયા તેના કરતાં અત્યારે પરિસ્થિતિ ખેદજનક છે. બધું પ્રસન્ન ચિત્તથી સહન કરી રહ્યો છું. બધાંને નારાયણ સ્મરણપૂર્વક આશીર્વાદ.

—આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

વિદાય પૂર્વેની સાંત્વના

ફેબ્રુઆરી (મહા મહિનો) મહિનાની એ ચાંદની રાત હતી. સ્વામીજીની તબિયત ઠીક ન હોવાથી જાંબવંતસિંહ સ્વામીજી પાસે રોજ સવારસાંજ આવતા ને લાંબા સમય સુધી રોકાતા. સ્વામીજી રજા આપે ત્યારે ઘેર જતા. તે દિવસે જાંબવંતસિંહ આવ્યા ને સ્વામીજીને પ્રણામ કરીને એમની પાસે બેઠા એટલે સ્વામીજીએ એમને કહ્યું:" જાંબવંત, આજે મારે તારી સાથે વાતો કરવી છે. ચાલ આપણે અગાશીમાં ચાંદનીમાં બેસીએ." સ્વામીજીની વાત સાંભળીને જાંબવંત સ્વામીજી માટે બેસવા ઓઢવા આસન તથા શાલ લઈને સ્વામીજીની પાછળ પાછળ ચાલતા અગાશીમાં આવ્યા ને સ્વામીજી માટે આસન પાથર્યું તથા એમને શાલ ઓઢાડી. એ પછી સ્વામીજીએ કહેવા માંડ્યું:

"જાંબવંત, તારી પરિસ્થિતિ જાણતો હોવા છતાં હું તારે માટે કશું જ કરી શક્યો નહિ. હું ઘણી વિદ્યાઓ જાણતો હોવા છતાં પણ હું એક સંન્યાસી છું. અમારે શાસ્ત્રનાં બંધનો સ્વીકારવાં પડે છે. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ચાલવું પડે

છે. આ વિદ્યાઓ લૌકિક લાભ આપનારી છે પણ અમને પરાવિદ્યાનો જ અધિકાર છે. લૌકિક વિદ્યાઓનો ઉપયોગ આત્મઘાતક નીવડે છે. એને કારણે થતી સમાજની અવગતિ માટે પણ અમે તાત્ત્વિક રીતે જવાબદાર ગણાઈએ.

"લોકોના મોહમાં પડવું સારું નથી. એ જ કારણે અમે એમને દૂર રાખવા એમના પર ગુસ્સે થઈએ છીએ તથા એમને ધમકાવીએ છીએ, જેથી એ બધા અમારાથી દૂર રહે. એમનો સંસર્ગ ન વધે એવું વર્તન અમે કરીએ છીએ. મોટા ભાગના લોકો સ્વાર્થી હોય છે. એમને પરમાર્થ સાથે કશી લેવાદેવા નથી. આવા લોકોને અમે વિદ્યા આપીએ તો એ વિદ્યાનો તેઓ પોતાના સ્વાર્થ ખાતર જ ઉપયોગ કરશે ને એ કારણે એમનું અધઃપતન થશે. શરીરને હલકું, ભારે કરવું, પાણી પર ચાલવું વગેરે વિદ્યા મને નેપાળના તિબ્બતી બાબાએ શીખવાડી હતી. હું આ વિદ્યા વામનરાવને શીખવવા ઈચ્છતો હતો પણ એં શીખવાની તેમની ઈચ્છા નો'તી. એ કહેતા: 'આપે શીખવેલી આ એક વિદ્યાનો વ્યાપ એટલો વિશાળ છે કે બીજી વિદ્યા શીખવાની જરૂર જ ન પડે. આપની આપેલી વિદ્યા મારે માટે પૂરતી છે. એમાં બધું સમાવિષ્ટ થઈ જાય છે.

"તુંય આમાંથી એકાદ વિદ્યા શીખવાની ના પાડે છે. જાંબવંત, તું આ વિદ્યા શીખવાની ના પાડે છે એમાં જ તારું સાચું કલ્યાણ છે. સાચા અધ્યાત્મનું રહસ્ય તને કહ્યું. ખૂબ નિર્લેપ રહેવું જોઈએ. વિષય સુખનો મોહ છોડ્યા વિના નિર્લેપ થઈ શકાતું નથી અને બીજું આશ્રમ વેચવામાં વિલંબ મને પાલવે એમ ન હતો. એના પૈસા મળતાં જ શંકરરાવને મોકલી આપ્યા એટલે મને સારું લાગ્યું.

" સંન્યાય લીધા પછી આ વિદ્યાઓનો ઉપયોગ કરવાનું મેં ટાળ્યું, પણ તેથી કંઈ હું સંન્યાસનો વિરોધ કરું છું એવું નથી. બહુ નાની ઉંમરે મેં સંન્યાસ સ્વીકારેલો. સંન્યાસીના નિયમોનું પાલન કરતાં આ દેહને ઘણાં કષ્ટો સહેવા પડ્યાં છે. સૂજ્ઞજનોએ સંન્યાસ લેવાનું ટાળવું એમ હું અનુભવ પરથી કહું છું. *આ શક્તિપાતનો માર્ગ એટલો પરિપૂર્ણ છે કે સંન્યસ્તની દિવ્ય વાડની જરૂર*

રહેતી નથી. શંક્તપાતની દીક્ષા લીધા પછી સંન્યસ્તાશ્રમના નિયમોનાં બંધનોની કશી જરૂર નથી. કર્મનું ફળ અકળ છે. આ સમય એવો છે કે કર્મની શુદ્ધિ અશક્ય બની જાય છે. પરંપરાથી ચાલતો આવેલ આ સંન્યસ્તાશ્રમને હું મારાથી અટકાવી દઉં છું. હું મારા જીવનમાં સદ્‌ગુરુની કૃપાથી શુદ્ધ રહ્યો છું. શક્તિપાત પ્રાપ્ત થવાથી જીવ શુદ્ધ થતો જાય છે. આ શુદ્ધતાની પ્રક્રિયામાં ઊર્ધ્વગામી થયેલી શક્તિ શિવસ્વરૂપમાં વિલીન થવાની છે. શક્તિપાત પ્રાપ્ત કરેલ જીવની આ ગતિ અટલ છે.

" આજે મને પરમગુરુ શ્રીનારાયણતીર્થદેવનું સ્મરણ થાય છે. હું અને ગુરુમહારાજ પરમગુરુદેવના આશ્રમમાં હતા. શરૂમાં દિવ્ય ચૈતન્ય શકિતનો જે અનુભવ અમને થયેલો એ આજ યાદ આવે છે. દિવસોમાં દિવ્યાનંદમાં અમે એવા ભાવવિભોર રહેતા કે દુનિયાનું કશું ભાન અમને રહેતું નહિ. એ આનંદની મસ્તીમાં અમે ખૂબ હસ્યા નાચ્યા ! ગર્જનાઓ કરી અને રડ્યા પણ ઘણું. અમારા ગુરુદેવ તો શાંત સ્થિર બેઠા રહેલા. આનંદસાગરની પ્રશાંત અને ગંભીર પ્રતિકૃતિ એટલે અમારા પરમ ગુરુ નારાયણતીર્થદેવ. તેઓશ્રી નિર્વાણ પામ્યા એ પ્રસંગ તને કહું છું. એ રીતે જવાનું થાય તો સાર્થક થયા એમ ગણાય. તેઓશ્રીએ દેહ છોડતાં પહેલાં એક બંગાળી ગીત લખીને એમના ઓશિકા નીચે મૂકી દીધું હતું. એ ગીતમાં એમણે લખ્યું હતુંઃ

' આજ સુધી જે શુભદિનની રાહ જોતો હતો એ આજે આવ્યો છે. પંચમહાભૂતોના દેહનું નિર્માણ કરીને તેમાં મેં નિવાસ કર્યો, ને સુખની શોધમાં તેને વિના કારણ થકવીને ક્ષીણ કર્યો. વિષયસુખ એ દુઃખનું જ બીજું નામ છે. બુદ્ધિમાન મનુષ્ય આવા સુખનો કદી આદર કરશે નહી. ગાંડા લોકો માત્ર દુઃખ રૂપ એવા આ વિષયસુખમાં રાતદિવસ ડૂબ્યા રહીને દુઃખ જ મેળવતા રહે છે.

' આજે હું આવા દેહનું વિસર્જન કરીને નિત્ય આનંદસભર સ્થાનમાં જાઉં છું. ત્યાંથી ફરી ક્યારેય આ સંસારચક્રમાં આવવાનો વારો આવતો નથી.

તેથી મને આજે ખૂબ ખૂબ આનંદ થાય છે. લોકો જેને મૃત્યુ સમજીને બીએ છે તે મૃત્યુ નથી. તે અમૃત છે. તે અમૃત સ્થિતિમાં, તે અમર અવસ્થામાં હું હવે લીન થઈ રહયો છું.'

"પરમધામે જતી વેળા પરમગુરુ આસન પર બેઠા હતા. એમની સામે શિષ્યો બેઠા હતા. શિષ્યોને અત્યંત દુઃખી થતા જોઈને તેઓ બોલ્યાઃ

'અમારા દેહત્યાગથી દુઃખી થવું ઉચિત નથી. દેહત્યાગ ક્યારેક તો બધાંને કરવો જ પડવાનો છે. પછી એ અટલ વિષયની ભીતિ કે દુઃખ શા માટે? હું કહું છું એમાં વિશ્વાસ રાખો. હું સુંદર, વિદેહી સ્થિતિમાં અનિર્બંધ શક્તિની સહાયથી મારી ઈચ્છા મુજબ ગતિમાન દેહ ધારણ કરીને તમારા સૌના વિશેષ કલ્યાણ માટે સમર્થ થવાનો છું. વિદેહસ્થિતિ એ જ આપણી પરમ અવસ્થા છે, આનંદમયી સત્તા છે. વિદેહી થવામાં પરમ આનંદ છે. એ સ્થિતિમાં તમારા ને મારા સંબંધો વધારે આંતરિક અને નિકટવર્તી થનાર છે. એટલે મારી આ તદ્રૂપાવસ્થાની પ્રાપ્તિ માટે આપ સૌએ પ્રાર્થના કરવી જોઈએ. દુઃખી થવાથી ચાલશે નહીં. હું સૌને આશીર્વાદ આપું છું કે આ તદ્રૂપાવસ્થા આપ સૌને પણ પ્રાપ્ત થાઓ.' આટલું કહ્યા પછી તેઓ सर्वं खल्विदं ब्रह्म એમ બોલ્યા, ને ૐ પ્રણવોચ્ચાર સાથે અંતિમ શ્વાસ લઈને પરમપદ પામ્યા.

"જાંબવંત, મેં તને મારે કહેવાનું બધું જ કહી દીધું છે. રાત પણ ઘણી વહી ગઈ છે. હવે તું ઘેર જા. હું ય સૂઈ જાઉં છું." અને બન્ને અગાશીમાંથી નીચે આવ્યા. જાંબવંતે પથારી પાથરી એમના પગ દાબ્યા ને પછી પ્રણામ કરી એમની રજા લઈને પોતાને ઘેર ગયા.

અંતિમ ઈચ્છા

દત્ત દત્ત સ્મરન્મેડ્યં દેહઃ પતતુ નિર્જને ।
ચરન્તુ પક્ષિણઃ સર્વે મિષ્ટાન્નમ્ દેહજં મમ

(શ્રી.રંગ અવધૂત દત્ત નામ સંકીર્તન)

સ્વામીજીનું સ્વાસ્થ્ય ડિસેમ્બર–જાન્યુઆરી દરમિયાન ઠીક નો'તું. જો કે તેઓ પથારીવશ નો'તા થયા. તબિયત નાદુરસ્ત છતાં એમના નિત્યકર્મમાં કોઈ ફેરફાર થયેલો નહીં." બનવું – બગડવું એ તો પ્રકૃતિનો ધર્મ છે. આનંદમાં રહેવું એ આપણો ધર્મ છે. " જીવન તરફનો તેઓનો આવો અભિગમ રહ્યો છે. નાદુરસ્ત તબિયત હોય ત્યારેય તેઓ પત્રને અંતે તો " હું આનંદમાં છું" એમ જ લખતા.

૧૯૫૫ના જાન્યુઆરીમાં એમને ખાંસી શરદી–તાવની તકલીફ રહી. પણ તેઓ તો શરીરની આ સ્થિતિને સાક્ષીભાવથી જોતા રહેલા. મૃત્યુંજય હોવા છતાં સત્પુરુષો વિશ્વનિયંતાના નિયમોનું ઉલ્લંઘન કરતા નથી. આ નિયમો બધાને સરખી રીતે બંધનકર્તા છે એમ તેઓ માનતા હોય છે. આ નિયમો પરનું પોતાનું પ્રભુત્વ ક્યારેક લીલા કરીને પ્રગટ કરતા હોય છે. ને આમ સર્વ શક્તિમાન સાથેનું ઐક્ય સ્થાપિત કરતા હોય છે.

સ્વામીજીએ જાન્યુઆરીના અંતમાં દેહત્યાગ કરવાનો નિર્ણય કરી લીધો હતો. આની જાણ એમણે કોઈને કરી નો'તી. એમણે ગુરુમહારાજને લખેલ પત્રમાં જો કે એનો અણસાર મળી રહે છે. એમણે પત્રમાં લખેલું "આશા છે કે નારાયણ શીઘ્ર છૂટકારો કરી દેશે."

સ્વામીજીએ પાંચમી ફેબ્રુઆરીએ લખેલ અંતિમ પત્ર એમની કથળી ગયેલ શારીરિક સ્થિતિ દર્શાવે છે.

નારાયણ — શ્રીક્ષેત્ર કાશી, ૫–૨–૧૯૫૫

કલ્યાણ ભાજન શ્રી.નીલકંઠરાય વત્સરાજને

નારાયણ સ્મરણ સૂચક આશીર્વાદ

બધા ભક્તોને મારા આશીર્વાદ કહેજો. હું અહીં અતિ કઠિન રોગથી પથારીવશ છું. પત્ર લાંબો લખવા માટે પણ અસમર્થ છું. નારાયણ તમારું કલ્યાણ કરે, ઈતિ શમ્ –

–આશીર્વાદક સ્વામી લોકનાથતીર્થ

સ્વામીજીએ નક્કી કર્યા મુજબની વ્યવસ્થા કરવા રવિવારે છઠ્ઠી

ફેબ્રુઆરીના રોજ જાંબવંતસિંહજી અને લક્ષ્મણ શાસ્ત્રીને એકાન્તમાં બોલાવ્યા. બન્નેને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો હતો. એમના મુખ પરની ગંભીરતા જોઈને સ્વામીજીએ મોટેથી હસીને કહ્યું: અમે આ શરીરનો ત્યાગ કરીએ એટલે આ બન્ને પગને દોરીથી બાંધજો ને કાશીના માર્ગો પરથી આ શરીરને ઘસડીને ગંગા કાંઠે લઈ જજો ને એને ગંગાના પ્રવાહમાં ફેંકી દેજો." આવું કહી તેઓ ફરી હસ્યા.

જાંબવંતજીએ કહ્યું: " સ્વામીજી, આ કૃત્ય અમારાથી આચરાશે નહીં. અમે ઘણા અપરાધો કર્યા છે, પણ આ નહીં કરી શકીએ." ત્યારે સ્વામીજીએ કહ્યું: "જાંબવંત, સંન્યાસ ધર્મમાં દેહની અંતિમ દશા આના કરતાંય કપરી ઉલ્લેખી છે. *સંન્યાસીઓને તેમનું જીવન લોકકલ્યાણ અર્થે વ્યતીત કરવાની આજ્ઞા છે.* એ રીતે તો આ દેહના ટુકડા કરીને પશુઓ તથા જળચરોના ભક્ષ માટે અર્પણ કરવાની શાસ્ત્ર આજ્ઞા છે. એના કરતાં તો મેં તમને સહેલું કામ સોંપ્યું છે. જે દેહમાં આખો જન્મારો વસવાટ કર્યો એની મમતા છોડવી અઘરી છે. એટલા માટે સંન્યાસીઓ માટે આવી શાસ્ત્રાજ્ઞા કરાઈ છે."જાંબવંતસિંહ અને લક્ષ્મણ શાસ્ત્રીથી શાસ્ત્ર આજ્ઞાનું પાલન થઈ શકે એમ નો'તું. તેથી તેમણે કોઈ સહેલો અને સહ્ય માર્ગ સૂચવવા સ્વામીજીને વિનંતી કરી.તેના પ્રત્યુત્તરમાં સ્વામીજીએ તેમને કેટલીક સૂચનાઓ આપી:

(૧) ૩×૧×૬ના માપની પથ્થરની પેટી(નાદ) બનાવડાવી તેમાં આ દેહને મૂકીને એ પેટીને ગંગાના પ્રવાહમાં મૂકી દેજો.

(૨)કપાલક્રિયા કરજો. મસ્તક પર બ્રહ્મરંધ્રની જગાએ નાળિયેર ફોડજો.ખોપડીમાંથી 'ધનંજય' વાયુ બહાર નીકળે છે. ત્યારે જ જીવનો શરીર સાથેનો સંબંધ સમાપ્ત થાય છે.

(૩) પૂર્વાશ્રમમાં મેં કાલીની ઉપાસના કરી છે. કાલીમાતાની મારા પર ઘણી કૃપા છે. સંન્યાસી તરીકે હું કાલીમાતા માટે કશું કરી શકતો નથી એટલે તમને કરવાનું કહું છું. ૫૪ કુમારિકાઓને હળદર, કંકુ, ફૂલની વેણી તથા લાલ સાડી ને બ્લાઉઝ પીસ આપજો ને તેમને ભોજન કરાવી પાન ને

દક્ષિણા આપજો.

(૪) સિદ્ધાશ્રમમાં જઈને બધા ગુરુબંધુઓને તેમ જ અન્ય આશ્રમવાસીઓને છોટી ગૈબીમાં ભોજન કરાવજો.

(૫) ચૌદ બ્રાહ્મણો તથા ચૌદ સંન્યાસીઓને ભોજન કરાવજો. સંન્યાસીઓને વસ્ત્ર, કમંડલ, આસન તથા એક રૂપિયો દક્ષિણા આપજો.

(૬) મારી બધી ઉત્તરક્રિયા મહારાષ્ટ્રીય બ્રાહ્મણ દ્વારા કરાવજો કારણ કે પૂર્વજન્મમાં હું મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતો.

આ બધી સૂચનાઓ બન્નેએ લખી લીધી. પછી સ્વામીજીએ કહ્યું: "જે થાય તે જોયા કરજો. ગભરાશો નહીં. વિશેષ દોડધામ ન કરશો."

આટલું કહ્યા પછી સ્વામીજીને થાક વરતાવા લાગ્યો. તેઓ પથારીમાં આડા પડ્યા. તાવનું જોર વધતું ગયું. ખાંસી વધી ગઈ. શાસ્ત્રીજીએ સ્વામીજીને પૂછ્યું: " કુમારિકાઓને ભોજન કરાવતી વખતે કશીક અનુભૂતિ થશે કે?" ત્યારે સ્વામીજીએ કહ્યું :? " ત્યારે જો જો. " એ પછી સ્વામીજીએ પોતાની પાસે હતા એટલા પૈસા જાંબવંતજીને આપી દીધા ને ઉત્તરક્રિયા માટે એથી વધારે ખર્ચ થાય તો ભક્તો પાસેથી ભેગા કરી લેવા જણાવ્યું. એ પછી સ્વામીજીએ પોતાની ઈચ્છાથી દેહનો ત્યાગ કરવાની તૈયારીમાં લાગ્યા.

ઉપસ્થિત બન્ને ભક્તો એમના હાથપગ દબાવતા હતા. સ્વામીજી નિદ્રાધીન થતાં સુધી બન્ને એમની આ સેવા ચાલુ રાખતા. સ્વામીજીની નિદ્રા દરમિયાન આ સેવાકાર્ય તેઓ બંધ કરતા. સ્વામીજી પુનઃ જાગૃત થતાં બન્ને હાથપગ દબાવવાનું ફરી આરંભી દેતા. સ્વામીજીનો વ્યાધિગ્રસ્ત ને કૃશ દેહ જોઈને તેઓ ભારે વ્યથિત થઈ ગયા હતા.

એટલામાં સ્વામીજીએ આંખ ઉઘાડી. એમણે જાંબવંતજીને કહ્યું: "જગતની વિદાય લેતી વખતે મારા ગુરુદેવે જે ગીત ગાયેલું એ ગીત મને અત્યારે યાદ આવે છે. મારાથી બરાબર ગવાશે નહીં. બંગાળી ભાષામાં છે. પણ સમજાય એવું છે. મારી નજીક આવ તો તને બરાબર સંભળાય.

आज सेई शुभ दिन
जेई दिनेशे आर आमे छिलेम एते दिन

भूतमय देह करि निर्मान
तार मध्ये आमी करि अवस्थान सुखेरी आशाय
ऐशे धराय दुःखे दुःखे होलेम क्षीण

विषयसुख केवल दुखेर नामान्तार
प्राज्ञजने ईहार करे न आदर
अज्ञजने ताहे मजि निरंतर

केवल दुःख पाय निशिदिन
आज शेई देह करि विसर्जन
नित्यानंद धामे करिवो गमन

यथा होई ते आर पुनरागमन
होय न भोबे कोन दिन
ताई एतो आनंद आज मम मने

लोक जारे मुत्यू बोले भय पाय मन
शेजे मृत्यु नोहे अमृत होए
अमृते होए लीन

મહાનિર્વાણ

સોમવાર તા. સાતમી ફેબ્રુઆરીના દિવસે સ્વામીજીનું સ્વાસ્થ્ય વિશેષ

કથળ્યું. આમ છતાં તેઓ દવા લેવાની ના ભણતા રહેલા. તોય એમના મકાન માલિક મેલહોત્રા ડો. બાલકૃષ્ણ પાસેથી દવા લઈ આવ્યા ને સ્વામીજીને આપી એટલે સ્વામીજીને તે લેવી પડી. મધુકર ભાવે સ્વામીજીની સેવામાં હાજર રહેતા. બીજા ભક્તો પણ વારા ફરતી સેવાર્થે ઉપસ્થિત રહેતા. જાંબવંતજી તો ત્યાં સતત હાજર રહેતા. એમને સ્વામીજીના અનેક પ્રસંગો યાદ આવતા ને એમનો ચહેરો અશ્રુભીનો થઈ જતો. ખાસ કરીને ગુરુપૂર્ણિમાને દિવસે ગુરુપૂજન કરતી વખતે સ્વામીજીની તેજોઃપુંજ સમી મૂર્તિ એમના તરફ કૃપાદૃષ્ટિથી જોઈ રહી છે, એ દૃશ્ય એમની નજર સમક્ષ વારંવાર પ્રગટ થતું. વળી, તેઓ સ્વામીજી બેઠેલા એ રીક્ષા પાછળ દોડેલા ને 'દૂર હઠો' એમ સ્વામીજી દ્વારા કહેવામાં આવ્યા છતાં પોતે દોડતા રહેલા ને છેવટે સ્વામીજીએ રીક્ષા ઊભી રખાવીને નીચે ઊતરીને બેસી ગયાને કહેલુંઃ " તું અહીં સુધી આવ્યો છે તો મને તારી પીઠ પર બેસાડીને ઘેર પહોંચાડી દે." એ બધું એમને અત્યારે યાદ આવતું રહ્યું.

સ્વામીજી હવે સૌની વિદાય લેવાના છે એ વિચારે જાંબવંતની ભૂખતરસ મરી ગઈ હતી. સ્વામીજીએ પોતાને એકલાને ચાંદની રાતે અગાશીમાં જે વાતો કરી હતી એ એમને યાદ આવી ગઈ. અનેક જન્મોનાં પુણ્ય સંચિત થયાં હોય ત્યારે આવા પુણ્યાત્માના સહવાસનો અમૂલ્ય લહાવો મળે એમ જાંબવંતજી વિચારી રહ્યા. ને મૂક બનીને ઘટી રહેલી ઘટનાઓને જોતા રહ્યા.

સ્વામીજીને સમજ્યા પછી પોતે સ્વામીજીની યથોચિત સેવા કરી શક્યા નથી એવી લાગણી જાંબવંતજી અનુભવી રહ્યા. જે રીતે ગંગાજળનું એક બુંદ માનવીને પાપ મુક્ત કરે છે એ જ રીતે સદ્ગુરુની એક જ કૃપાદૃષ્ટિ પામનારના જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. સ્વામીજીના નિકટના સંપર્કમાં આવ્યા પછીય પોતાનામાં જરૂરી પરિવર્તન આવ્યું નથી એનો જાંબવંતજીને ભારે ખેદ હતો. પોતાનાથી સ્વામીજીનું નિત્ય સ્મરણ, દર્શનેય થઈ શક્યું નથી. એનો પશ્ચાત્તાપ પણ તેઓને થયા કરતો હતો.

સ્વામીજીના ઉપદેશની વર્ષા પોતાના પર તેમ જ પોતાના જેવા ભક્તો – શિષ્યો પર સદાય વરસતી રહેલી છતાં પોતાનીથી અનેક અપરાધો જાણ્યે-અજાણ્યે થતા રહ્યા છે, એવું રટણ જાંબવંતજીના મનમાં ચાલતું રહેતું તથા એ માટે તેઓ ક્ષમાયાચના કરતા રહેલા. એમણે સ્વામીજીને આજીજી કરતાં કહ્યું,: " સ્વામીજી, આમ અમારા દોષો તરફ દુર્લક્ષ સેવી અમને ક્ષમા કરો અને અમારું કલ્યાણ થાય એવા આશીર્વાદ આપો . સ્વામીજી, અમારાથી સાધુની સંગત, વૃદ્ધોની સેવા, શાસ્ત્રાજ્ઞાનું પાલન તથા ધર્મનું આચરણ થઈ શક્યું નથી. ભક્તિ શું છે તથા પૂજાની સાચી રીત શું છે,એ હું જાણતો નથી. તેથી મારા પર કૃપા દાખવી મારા ગુના માફ કરજો ." આવું આવું વિચારી જાંબવંતજી વ્યાકુળ થઈ આંસુ સારતા રહેતા.

લોકનાથતીર્થ ચિન્મયાનંદમાં વિલીન

(સ્વામીજી લોકનાથતીર્થ સર્વવ્યાપક થઈ ગયા.)

છેલ્લા ઘણા દિવસોથી સ્વામીજીનું સ્વાસ્થ્ય કથળેલું રહેતું હતું. છતાં તેઓનો ચહેરો સદાય પ્રફુલ્લિત રહેતો. તા. ૮મી ફેબ્રુઆરીએ સ્વામીજીની પ્રકૃત્તિમાં તાવનું અને ખાંસીનું પ્રમાણ ઓછું હતું. તેઓ પથારીમાં તકિયાને ટેકે બેબે કલાક બેસતા. સોડ્હમનો જપ પણ થોડા સમય સુધી ચાલતો રહ્યો. આંખો બંધ કરીને સિદ્ધાસનમાં થોડીવાર બેઠા. પછી થાક લાગતાં વળી પથારીમાં આડા પડ્યા. પાંચમી તારીખથી એમણે અન્નનો ત્યાગ કર્યો હતો. ખાંસી, તાવ ઓછાં થયાં હતાં. પણ કબજિયાતની ફરિયાદ ચાલુ હતી. ડો. બાલકૃષ્ણ મિશ્રે સ્વામીજીને તપાસીને દવા આપી. એનાથી થોડી રાહત લાગતી હતી. ગંગાજળ લેવાનું ચાલુ હતું.

સ્વામીજીની નાદુરસ્ત તબિયતના સમાચાર શ્રીગુરુમહારાજને પત્ર દ્વારા પૂનામાં મળતાં જ તેમણે સ્વામીજીની પ્રકૃતિ સુધરે એ હેતુથી શ્રીગુરુચરિત્રનું પારાયણ શરૂ કર્યું હતું. સ્વામીજી પાસે પોતાને આવવાની જરૂર છે કે કેમ એ

અંગે પણ એમણે પત્ર દ્વારા પુછાવ્યું. સ્વામીજીએ શ્રી ગુરુમહારાજને જણાવ્યું કે *શ્રીગુરુચરિત્ર* નું પારાયણ ગુરુવારે પૂરું થશે એ પછી આવવાનુ ગોઠવશો.આઠમી તારીખે સ્વામીજીની તબિયત વધારે લથડી એટલે જાંબવંતજીએ ગુરુમહારાજને તાર કરીને જણાવ્યું "Swamiji's condition hopeless." તારમાં ગુરુમહારાજને ઝટ આવી જવાનું લખેલું નહીં.પારાયણની પૂર્ણાહુતિને હજુ તો દિવસ બાકી હતા. એટલે ગુરુમહારાજ પારાયણ અધૂરું મૂકીને સ્વામીજી પાસે દોડી ગયા નહીં.એમને બીજો તાર મળ્યો. એમાં સ્વામીજીની અસ્વસ્થ તબિયતનો ભારપૂર્વક ઉલ્લેખ કરાયેલો. એટલે ગુરુવારે સવારે પારાયણની પૂર્ણાહુતિ ઝટપટ પતાવીને ગુરુમહારાજે કાશી જવાનું નક્કી કર્યું.

બુધવારે ૯મી ફેબ્રુઆરીએ સ્વામીજીનું હલનચલન ઓછું થઈ ગયું. ક્ષીણ સ્વરમાં ગંગાજળ માગીને મોં સાફ કર્યું. પછી સેવકોની સહાયથી સ્નાનવિધિ પતાવીને ભસ્મલેપન કર્યું. આચમન કરીને અર્ધ્યદાન કર્યું. ત્રણ વાર સોઽહમ્ બોલ્યા ને પછી પોતાને પથારીમાં સુવાડવા સૂચના આપી. તેઓ પથારીમાં શાંત ચિત્તે સૂતા રહ્યા. એમના ભક્તો દર્શને આવતા રહ્યા. આખો દિવસ આમ તેઓ પથારીમાં સૂતા રહ્યા. છેક રાત્રે એમણે ક્ષીણ સ્વરમાં ત્રણ વાર પૂછ્યું: "વામન આવ્યો ?"

સ્વામીજીની સેવામાં જાંબવંતસિંહ, લક્ષ્મણ શાસ્ત્રી, વિશ્વનાથ ઝારખંડી, પ્રો.અકૂત, મધુ ભાવે આદિ હાજર હતા. રાત્રે સાડા અગિયારે સ્વામીજીએ પોતાને પથારીમાં બેસાડવા જાંબવંતજીને ઈશારાથી જણાવ્યું. બે ત્રણ જણની મદદથી સ્વામીજીને પથારીમાં બેઠા કરીને બેસાડવામાં આવ્યા. સ્વામીજીએ સિદ્ધાસનની જેમ પગ વાળીને હાથ ઘૂંટણ પર મૂક્યા. તે માટે પીઠ પાછળ તકિયો મૂકવામાં આવ્યો. એમણે ગંગાજળ માગ્યું ને ભસ્મ લગાડવા કહ્યું. તથા રુદ્રાક્ષની માળા પોતાને પહેરાવવા જણાવ્યું. આ બધી સૂચનાઓ ઈશારાઓથી જ અપાઈ. પછી બધાને બહાર જવા જણાવ્યું

અને બારણું બંધ કરવાનું કહ્યું. સ્વામીજીએ ફરી પૂછ્યુંઃ "વામન આવ્યો ?" એનો જવાબ એમને નકારમાં મળ્યો.

સ્વામીજીના રૂમમાંથી સૌ બહાર આવ્યા ત્યારે રાતના બારનો સમય થયો હતો. અંદરથી ૐકારનો ઉચ્ચાર સંભળાયો. બીજી વખત જરા ક્ષીણ સ્વરમાં ને ત્રીજી વખત ખૂબ ક્ષીણ સ્વરમાં પ્રણવનો ઉચ્ચાર સ્વામીજીના ઓરડામાંથી બહાર સંભળાયો ને આમ જ સ્વામીજી નિર્ગુણ નિરાકાર સ્વરૂપમાં વિલીન થઈ ગયા. પણ બહારના કોઈનેય એનો અણસાર સુદ્ધાં ન આવ્યો. સ્વામીજીની ઓરડીમાંથી અવાજ સંભળાતો બંધ થયો. બધે શાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું. પણ એ ક્ષણની શાંતિ સૌને અકળાવનારી બની રહી. આખરે પ્રો..અકૂતે બારણાની તિરાડમાંથી સ્વામીજીના રૂમમાં જોયું. અંદરનું દૃશ્ય જોઈને તેઓ સ્તબ્ધ બની ગયા.

સ્વામીજીની ડોક જમણા ખભા પર ઢળી પડી હતી. બારણું ઉઘાડીને સૌ અંદર ગયા ને જોયું કે *ચૈતન્ય ચક્રવર્તીનું શરીર ચૈતન્ય શૂન્ય થયું હતું.* જાંબવંતસિંહ રૂદન કરતા કરતા સ્વામીજીના શરીરને ભેટી પડ્યા ને બોલવા લાગ્યાઃ "સ્વામીજી, આપશ્રીએ આ શું કર્યું ? હવે હું શું કરું ? કયાં જાઉ? સ્વામીજી, આપ પાછા પધારો. આપની ઈચ્છા ન હોય તો અમારી ઈચ્છાને ખાતર પણ આપ પાછા આવીને દર્શન આપો. મને ફરી એક વાર 'મૂર્ખ' કહીને સંબોધો. સ્વામીજી, આવો ફરી."

લક્ષ્મણ શાસ્ત્રીએ જાંબવંતસિંહને સમાલી લીધા.પછી સ્વામીજીના દેહને ફરી વ્યવસ્થિત ગોઠવવામાં આવ્યો. રાત્રીનો એક થયો હતો. અંતિમવિધિ તો સવારે જ કરવાનો હતી. જે ત્યાં હતા એ બધા ત્યાં આખી રાત રોકાયા. સ્વામીજીની વિદાયથી સૌ વ્યાકુળ થઈ ગયા હતા. પણ મહાપુરુષના નિર્વાણની ઘડીએ ઉપસ્થિત રહી શકવા બદલ તેઓ પોતાને ભાગ્યશાળી ગણાવતા હતા. સ્વામીજીએ પોતનામાં (ચિન્મયાનંદમાં) લીન

થઈ ગયા હતા. સૌએ સ્વામીજીના પાર્થિવ દેહને વંદન કર્યાં.

અંતિમ દર્શને

૧૯૫૫ના ફેબ્રુઆરીની ૯મી તારીખે (માઘ વદ ત્રીજ, બુધવાર) સ્વામીજી શિવ સ્વરૂપમાં વિલીન થયા એ સમાચાર બીજે દિવસે વહેલી સવારે બધે ફેલાઈ ગયા. સમાચાર સાંભળનારાએ ઊંડો આઘાત અનુભવ્યો. સમાચાર સાંભળતાંની વારમાં સૌ શ્રી. કનૈયાલાલ મેહરોત્રા (વકીલને ત્યાં એકત્ર થવા લાગ્યા. દર્શનાર્થીઓની ભીડ વધશે એમ વિચારી સ્વામીજીના દેહને ભોયતળિયે આવેલા વિશાળ સભાખંડમાં લાવવામાં આવ્યો. સભાગૃહમાં નાની વ્યાસપીઠ બનાવીને તેના પર સ્વામીજીના દેહને ગોઠવવામાં આવ્યો. સ્વામીજીનાં અંતિમ દર્શન કરનારાની ભીડ વધતી જ ગઈ. સ્વામીજીના પાર્થિવ દેહને જોઈને ઘણાં સ્નેહીઓ –ભાવિકો ભાવવિભોર થઈને બાળકની જેમ રડી પડતા.

વ્યાસપીઠ પર ગોઠવેલ સ્વામીજીના પાર્થિવ દેહની પલાંઠી વાળેલી હતી તથા બન્ને હાથ ઢીંચણ પર ટેકવેલા હતા.ખભે છાંટી ઓઢાડેલી હતી ને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરાવી હતી. સૌ દર્શનાર્થીઓ સ્વામીજીના દેહને ફૂલોનો હાર પહેરાવતા હતા તથા એમની સમક્ષ શ્રીફળ મૂકતા હતા. દર્શન માટે આવનારા પોતે પોતાની રીતે સ્વામીજી તરફનો પોતાનો ભક્તિભાવ ને આદર વ્યક્ત કરતાં હતાં. લક્ષ્મણ શાસ્ત્રી, પ્રો. અકૂતજી, ભૃગુનાથજી, વિશ્વનાથ ઝારખંડી, ઋષિ પાઠકજી, માધવરાવ બોડીલ, મધુ ભાવે, શિવસિંહજી, બંસીધરજી, ગૌરીકાન્ત ઓઝા, ઘર માલિક કનૈયાલાલ વગેરે સ્વામીજીના અનેક ભક્તો ત્યાં ઉપસ્થિત હતા. લક્ષ્મણ શાસ્ત્રીએ સ્વામીજીએ લખાવેલ સૂચનાઓવાળો કાગળ બધાંને વાંચી સંભળાવ્યો. એ સાંભળીને સૌ દંગ રહી ગયા. કાશીમાં અનેક સાધુ સંતો નિર્વાણ પામ્યા છે. પણ સ્વામીજી એ પોતાના દેહ વિલય તથા એ પછીના વિધિ અંગે કરેલી સૂચનાઓ જુદી જ ભાત પાડતી

હતી. એ સૂચનાઓને અમલમાં મૂકવા માટેની કાર્યવાહી આરંભવામાં જાંબવંતસિંહ પ્રવૃત્ત થઈ ગયા હતા.

સ્વામીજીના નિર્વાણના સમાચાર એમના શિષ્યો સાધકોને પહોંચાડવાના હતા. જાંબવંતસિંહે સૌ પ્રથમ શ્રીગુરુ મહારાજને પૂના તાર કરીને આ સમાચાર આપ્યા. Swamiji died twelve o'clock night. તાર ગુરુમહારાજને સવારે સાડા નવે મળ્યો ત્યારે તેઓ ગુરુચરિત્રનું પારાયણ કરતા હતા. છેલ્લે અધ્યાય પૂરો કરીને તેઓએ અવતરણિકાની શરૂઆત કરી હતી. તાર મળતાંની સાથે જ શ્રીગુરુચરિત્ર સમાપ્ત થયું, એમ તેમણે માન્યું. એમના મોમાંથી *શ્રીગુરુદેવ દત્ત* શબ્દો સરી પડ્યા. એમણે ઝટ પોતાની લાગણી પર સંયમ ધર્યો. હવે તત્કાળ કાશી દોડી જવાનો કશો અર્થ નથી. જેવી ભગવાનની ઈચ્છા ! એમ તેમણે નાના ભાલેરાવને કહ્યું.

શ્રીગુરુચરિત્રની અવતરણિકા એમના માનસ પટ પર રમતી રહી. આ ગુરુચરિત્રની શરૂઆત ઈ.સ.૧૯૨૨ માં નર્મદામૈયાને તટે હોશંગાબાદમાં થઈ હતી. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ નર્મદાતટે ગુરુડેશ્વરના પવિત્ર સ્થળે ૧૯૧૪માં (અષાઠ સુદ પ્રતિપદાએ)બ્રહ્મલીન થયા હતા. એ સમાચાર ગુરુમહારાજે વર્તમાનપત્રો દ્વારા કુડુત્રી ગામે જાણ્યા હતા. ત્યારે તેઓ કોલ્હાપુર જિલ્લાના કુડુત્રી ગામમાં હતા.આમ ત્યારેય એમને સ્વામીજીનાં અંતિમ દર્શનનો યોગ પ્રાપ્ત થયો નો'તો ને આ વખતે પણ લોકનાથતીર્થ સ્વામી મહારાજના નિર્વાણની ઘડીએ તેઓ પૂનામાં હોઈ અંતિમ દર્શનથી વંચિત રહી ગયા. એમણે પોતાની લાગણીઓ પર અંકુશ રાખીને વળતો તાર કર્યો: " હું અહીંથી કાશી સમયસર આવી શકીશ નહીં. બધું વિધિવત્ કરવું. ખર્ચ માટે અલ્પ ગુરુદક્ષિણા મોકલું છું. બધા સમાચાર વિગતે જણાવજો. આવા દુ:ખદ સમાચાર મારે આ રીતે સાંભળવાના થશે એની કલ્પનાય નો'તી. અંતિમ દર્શન ન થઈ શક્યું એનું મને ભારે દુ:ખ છે. આ આઘાત સહન કરવા માટે આપણને સૌને ખૂબ ધૈર્યની જરૂર છે. સદ્ગુરુ શ્રીસ્વામી મહારાજને મારાં સાષ્ટાંગ નમસ્કાર ! "

સ્વામીજી બ્રહ્મલીન થયાના સમાચાર છોટી ગૈબીમાં પહોંચ્યા. શ્રીગુરુદેવ શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજ તો એક મહિના પહેલાં જ બહારગામ ગયા હતા.આશ્રમના ગુરુબંધુઓ સમાચાર સાંભળતાં જ સ્વામીજીના અંતમિ દર્શન માટે આવી પહોચ્યા. સ્વામીજીના દેહને ફૂલહાર તથા શ્રીફળ અર્પણ કરીને સૌ ભારે હૈયે અંતિમ યાત્રામાં જોડાયા. હાથાવાળી મોટી ખુરશી લાવવામાં આવી. ખુરસીને કેળના પાનવાળા સ્તંભો બાંધવામાં આવ્યા. ભગવાં વસ્ત્રોથી ખુરસીને સુશોભિત કરવામાં આવી. ફૂલોના હારથી ખુરશીને શણગારવામાં આવી. ચાર વ્યક્તિ એને ખભે સરળતાથી ઊંચકી શકે એ માટે ખુરસીના પાયાઓને વાંસ બાંધવામાં આવ્યા. એ પછી ખુરસી પર સ્વામીજીનું નિત્યનું આસન પાથરવામાં આવ્યું. ખુરસીની પીઠથી તે પાયા સુધી પહોંચે એવડું મોટું વ્યાઘ્રજિન છૂટું પાથરવામાં આવ્યું. અંતિમ સંસ્કારના જાણકાર શ્રી.માધવરાવ બોકીલ દ્વારા સ્વામીજીના પાર્થિવ શરીર પર પંચોપચાર પૂજા કરવામાં આવી. સ્વામીજીને નવી છાંટી પહેરાવવામાં આવી, ભસ્મ લગાડાઈ તથા ફૂલ અને રુદ્રાક્ષની માળા પહેરાવાઈ. *પાર્વતી પતિ હરહર મહાદેવના* ગગનભેદી નાદ સાથે સ્વામીજીના દેહને પાલખીમાં મૂકવામાં આવ્યો.

હાથમાં ઘંટ, હરતાલ, શંખ ગ્રહીને તથા ૐ નમઃ શિવાય તથા પાર્વતી પતિ હરહર મહાદેવના નાદ સાથે સ્વામીજીના ભક્તોએ અંતિમ યાત્રાનો આરંભ કર્યો. કેટલાક *ગુરુમહારાજ જય જય પરબ્રહ્મ સદ્‌ગુરુ* ની ધૂન રટતા હતા. અંદાજે ચારસો પાંચસો સાધકો સ્નેહી, ભક્તો આ યાત્રામાં જોડાયેલા. આમ ધૂન રટતી યાત્રા સિંધિયા ઘાટ પર પહોંચી. અહીં સ્વામીજીની સૂચનાનુસાર પથ્થરની નાદ તૈયાર રાખવામાં આવી હતી. ૩×૧×૬ ફૂટના બે પથ્થરો એ રીતે કોરી કાઢેલા કે એના પોલાણમાં માનવ શરીર વ્યવસ્થિત રીતે મૂકી શકાય. બારેક વાગે યાત્રા અહીં આવી રહી. સ્વામીજીની પાલખી નાદ પાસે મૂકવામાં આવી. પાલખી પાસે બધાંને ઊભા રાખીને એક સમૂહ ફોટો લેવામાં આવ્યો. એ પછી શ્રી.માધવરાવે બાકીનો વિધિ આરંભ્યો. સ્વામીજીના પાર્થિવ દેહની ષોડશોપચાર પૂજા કરવામાં આવી. ગંગાજળ તથા



પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ
વિલોભનીય દર્શન

नारायण श्रीक्षेत्रकाशी.
ता. ९-३-५४.

कल्याण भाजन चि. नारायण सरवंटे टेकणे
को नारायण स्मरण सूचक आशीर्वाद विशेष
समाचार. तुम्हारा मनिऑर्डर २० बीस
रूपया मुझे मिला. मेरे लिये वृथा-
चिन्ता नहीं करना. मेरी प्रकृति अब
सुधारेगी नहीं. मृत्य न म्हणे ऋषेश्वर.
मृत्य न म्हणे योगेश्वर. मृत्य न म्हणे हरि-
हर. मृत्य न म्हणे हा अवतार भगवंताचे.
जो शरीर धारण किया उसको एकदिन
वह शरीर छोडना ही पडेगा. वृथा चिन्ता
करनेसे मृत्यु छोड नहीं देवेगा.
अवश्यं भावी भावके लिये बुद्धिमान चिंता
नहीं करता है. सब परिचित मण्डलीको
नारायण स्मरण सूचक आशीर्वाद कहना.
नारायण तुम्हारा कुशल करें. इति. शिवम्.

आशीर्वादक
स्वामी लोकनाथतीर्थ

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના સુંદર હસ્તાક્ષર

પંચામૃત દ્વારા સ્નાન કરાવ્યા પછી રુદ્રાભિષેક કરવામાં આવ્યો . અન્ય ભક્તજનોએ પણ સ્વામીજીના દેહ પર ગંગાજળનો અભિષેક કર્યો. સ્વામીજીનું કાશીમાં નિર્વાણ થવું એ એમના પુણ્યબળને આભારી હતું. એમનાં અંતિમ દર્શન પામનારા સૌ પણ પરમ ભાગ્યશાળી હતા.

પૂજાવિધિ પત્યા પછી પાર્થિવ દેહને ભસ્મ, અષ્ટગંધ અને કેસરનો લેપ કરવામાં આવ્યો તથા અત્તર લગાડવામાં આવ્યું. રુદ્રાક્ષ, પુષ્પો તથા તુલસીના હાર પહેરાવવામાં આવ્યા. સ્વામીજીનો દંડ એમની બાજુમાં મૂકવામાં આવ્યો. કમંડલ પણ ગંગાજળથી ભરીને એમના દેહની બાજુમાં મુકાયું. એ પછી ધૂપ દીપ નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યું. પછી સ્વામીજીની આરતી ઉતારાઈ. સૌ *'શંભો હર હર મહાદેવ'* શંભો કાશી વિશ્વનાથ ગંગે એક સ્વરે બોલવા લાગ્યા. સ્વામી લોકનાથતીર્થ મહારાજ કી જયના નાદ સાથે નાળિયેર વડે કપાલક્રિયા કરવામાં આવી. એ પછી સ્વામીજીના દેહને પથ્થરની નાદમાં મૂકવામાં આવ્યો. બીજો પથ્થર પહેલા પર મૂકીને બન્ને પથ્થરોને દોરડાથી મજબૂત રીતે બાંધવામાં આવ્યા. એ પછી મોટી નાવમાં નાદને ગોઠવવામાં આવી. આ કામ અઘરું અને જોખમકારક હતું. પણ ગુરુકૃપાથી નિર્વિઘ્ને સંપન્ન થયું. નાવડીને ગંગાના પ્રવાહમાં મધ્યમાં લાવવામાં આવી. નાવમાં બેઠેલ ભક્તોએ પાર્વતીપતે હર હર મહાદેવના નાદ સાથે પથ્થરની નાદને ગંગામૈયાને સ્વાધીન કરી. સ્વામીજીના દેહના સંપર્કમાં આવીને ગંગામૈયાનું જળ પણ ધન્ય થઈ ગયું. પથ્થરની નાદને ગંગાના પ્રવાહમાં અદૃશ્ય થતી જોનાર સૌનાં હૈયાં વલોવાઈ ગયાં. હવે સ્વામીજી એમની વચ્ચે નથી એ ખ્યાલથી તેઓના હૃદયમાં શૂન્યાવકાશ વ્યાપી ગયો. સ્વામીજીની વિદાય પછી સૌ સ્નાન કરીને ત્યાંથી વિખેરાયા.

હે ગુરુ તવ માનવ શરીર હંસ રૂપી સિદ્ધ આસન
દંડ પાત્ર કાષાય અંબર અંતરમાં વસવા દો નિરંતર .

સ્વામીજી બ્રહ્મલીન થયાના તેરમા દિવસે અંતિમ સંસ્કારોનો પૂર્ણાહુતિ સમારંભ યોજાયો. આ વિધિ પણ સ્વામીજીની સૂચના અનુસાર જ કરવામાં આવેલો.

છોટી ગૈબી તથા સિદ્ધયોગાશ્રમના બધા જ સાધકોને પ્રસાદ ગ્રહણ કરવા માટેનું નિમંત્રણ પાઠવવામાં આવેલું. ભોજનની વ્યવસ્થા આશ્રમમાં જ કરવામાં આવેલી. સંન્યાસીઓને નક્કી કર્યા મુજબની દક્ષિણા અને વસ્તુઓ દાનમાં આપવામાં આવી. કુમારિકાઓ તથા દેવી માટે બધી મળીને લાલ રંગની પંચાવન સાડીઓ તથા બ્લાઉઝ પીસ ખરીદવામાં આવેલાં. આમાંથી ૫૪ સાડીઓ તથા બ્લાઉઝપીસ કુમારિકાઓને તેમ જ એક સાડી અને બ્લાઉઝપીસ દેવી માટે હતાં. સંન્યાસીઓ માટે ચૌદ છાટીઓ, ચૌદ કમંડલો, દર્ભનાં ચૌદ આસનો ખરીદવામાં આવ્યાં. તેરમા દિવસે બ્રાહ્મણો અને સંન્યાસીઓને ભોજન તથા દાનનો કાર્યક્રમ રાખેલો. આ કાર્યક્રમ સ્વામીજીએ જે ઘરમાં દેહત્યાગ કરેલો એ ઘરમાં યોજાયેલો. ચૌદમા દિવસનો કાર્યક્રમ એક દેવીના મંદિરે ગોઠવાયેલો.

સ્વામીજીનો સામાન – એમનો બિસ્તરો, વાસણો, ઘડા તથા સાવરણી એક કોથળામાં ભરીને સુરક્ષિત સ્થળે મૂકી દેવામાં આવ્યો. બીજા કોથળામાં એમનાં પુસ્તકો તથા પત્રને મૂકવામાં આવ્યાં. તેરમાના દિવસના કાર્યક્રમ ટાણે સ્વામીજીના ફોટાને એક બાજઠ પર ગોઠવ્યો તથા નજીકમાં સ્વામીજીની પાદુકા મૂકી. ફોટાને રુદ્રાક્ષની માળા પહેરાવાઈ તથા ધૂપ, દીપ, પુષ્પ આદિથી એની પૂજા કરવામાં આવી. પૂજાવિધિ માધવરાવ બોકિલે કર્યો. પૂજાવિધિથી સ્વામીજીની ઉપસ્થિતિની અનુભૂતિ ત્યાં હાજર રહેનાર સૌને થઈ. સૌ પોતાના અંતરમાં વસેલ સ્વામીજીના ફોટાને પુષ્પાંજલિ અર્પી પૂરી શ્રદ્ધાથી સાષ્ટાંગ વંદન કરતા હતા.

પ્રો. અકૂત, જાંબવંતજી, લક્ષ્મણ શાસ્ત્રી, ભૃગુનાથજી, વિશ્વનાથજી, શિવસિંહજી, ગૌરીકાન્ત ઓઝા, બંસીધરજી વગેરે સાધકો તેરમા દિવસે શ્રી. મલહોત્રાજીને ત્યાં આવી પહોંચેલા. સંન્યાસીઓની પૂજા કરવામાં આવી તથા દાનની વસ્તુઓ અર્પણ કરાઈ. *'પાર્વતીપતયે હર હર મહાદેવ'* ના નાદ સાથે સૌએ ભોજનનો આરંભ કર્યો. બ્રાહ્મણો તથા સંન્યાસીઓના ભોજન ગ્રહણ કર્યા પછી અન્ય ઉપસ્થિતોએ પ્રસાદ ગ્રહણ કર્યો.

ચૌદમા દિવસે દેવી મંદિરમાં સૌ કુમારિકાઓએ સ્નાન કર્યા પછી લાલ વસ્ત્રો પરિધાન કર્યાં તથા ફૂલની વેણીઓ ધારણ કરી. એ પછી એમને કુંકુમ તિલક કરવામાં આવ્યું. દેવીની મૂર્તિને પણ લાલ વસ્ત્રોથી શણગારાઈ તથા એની વિધિવત્ પૂજા કરવામાં આવી. કુમારિકાઓને પાટલા પર બેસાડવામાં આવી ને એમનું પણ પૂજન કરવામાં આવ્યું. લાલ વસ્ત્રો પરિધાન કરેલ ચોપ્પન કુમારિકાઓ પાટલા પર બેસીને ભોજન લઈ રહી હતી એ દૃશ્ય અલૌકિક લાગતું હતું.

એ સાથે એક અપૂર્વ ઘટના બની. દેવીની મૂર્તિના નેત્રમાંથી એક દિવ્યજ્યોત પ્રગટ થતી શ્રી. લક્ષ્મણ શાસ્ત્રીની નજરે પડી. એ દિવ્યજ્યોત હવામાં તરતી તરતી કુમારિકાઓ પાસે આવી ને એક પછી એક એમ બધી જ કુમારિકાઓ સામેથી પસાર થઈ અને અંતે દેવીના નેત્રમાં પાછી સમાઈ ગઈ. આ અલૌકિક દૃશ્ય જાંબવંતસિંહે પણ નિહાળ્યું. એ અને લક્ષ્મણ શાસ્ત્રી એ દિવ્યજ્યોત ભણી હાથ જોડીને ઊભા રહી ગયા. તેઓ રોમાંચ અનુભવી રહ્યા. તથા તેમનામાં શક્તિનો સંચાર થતો હોય એવું એમને લાગી રહ્યું હતું. એમણે અનુભવ્યું કે દિવ્યજ્યોતના સ્વરૂપમાં સ્વામીજીએ તેમને દર્શન આપ્યાં હતાં. બધો વિધિ સ્વામીજીની સૂચનાનુસાર થયો હતો તેનો આ સંકેત હતો.

લક્ષ્મણ શાસ્ત્રીએ સ્વામીજીને પૂછેલું: " કુમારિકાઓને ભોજન સમયે કશી અનુભૂતિ થશે કે ? "ત્યારે સ્વામીજીએ કહેલું: "તે સમયે જો જો ". એવા સ્વામીજીના શબ્દો અત્યારે લક્ષ્મણ શાસ્ત્રીને યાદ આવી ગયા. ને સૌએ

દિવ્યજ્યોતનાં દર્શન કરી ધન્યતા અનુભવી ને એ જ્યોતિને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. આ રીતે સ્વામીજી ચૈતન્ય સ્વરૂપ બની જગતમાં સર્વવ્યાપી બની ગયા. એ દિવ્ય ચૈતન્ય શકિતને કોટિ કોટિ પ્રણામ !

गुरुध्यानं तथा कृत्वा स्वयं ब्रह्ममयो भवेत् ।।

(શ્રી ગુરુગીતા –૧૧૯)

(આ પ્રમાણે ગુરુનું ધ્યાન (ચરિત્રના ચિંતન–મનન) કરવાથી શિષ્ય પોતે (ગુરુમય) બ્રહ્મમય થશે – થાય છે.)

।। ॐ तत्सद् ब्रह्मार्पणमस्तु ।।

ॐ ॐ ॐ ॐ ॐ

પરિશિષ્ટ:૧
ત્યાગી, તપસ્વી, સરલ ચિત્ત સાધુપુરુષ
શ્રીલોકનાથતીર્થ

પ.પૂ.શ્રી યોગાનંદે (યોગેન્દ્ર વિજ્ઞાનીએ) લખેલા પત્રો

પ.પૂ. શ્રીયોગાનંદ મહારાજનો જન્મ સન ૧૮૯૧માં ગુજરાતમાં વેરાવળ (સૌરાષ્ટ્ર)માં એક સંસ્કારી અને ધાર્મિક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. એમનું જન્મનું નામ દયાશંકર હતું. નાનપણથી જ તીવ્ર વૈરાગ્ય હોવાથી સદ્ગુરુની શોધમાં ઘર છોડીને નીકળ્યા. ત્યારે ' યોગાનંદ બ્રહ્મચારી ' નામ પ્રાપ્ત થયું. એમની યોગ્યતા જોઈને ગુરુએ એમને દીક્ષાધિકાર આપ્યો. ગુરુપદ પ્રાપ્ત થયા પછી ઋષિકેશમાં સ્વર્ગાશ્રમમાં રહ્યા. બુલન્દશહર માંડૂમાં પોતાનો આશ્રમ બાંધ્યો. એ છોડીને પછી ઋષિકેશમાં 'વિજ્ઞાન–ભવન' આશ્રમની સ્થાપના કરી. અહીથી જ શક્તિપાત વિદ્યા ઉપર હિન્દીમાં *'મહાયોગ'* નામનો મહાન ગ્રંથ સખીને પ્રગટ કર્યો. અનેક શિષ્યોને શક્તિપાતની દીક્ષા આપીને સન્માર્ગે લગાડ્યા. 'શક્તિ'ના આદેશથી લગ્ન કર્યું. 'યોગાનન્દ બ્રહ્મચારી' – ' યોગેન્દ્ર વિજ્ઞાની' થયા. પ.પૂ. શ્રીવિષ્ણુતીર્થ સ્વામીજી મહારાજ અને એમના વચ્ચે પત્રવ્યવહાર થતો હતો.પ.પૂ.શ્રીગુળવણી મહારાજે એમને પ.પૂ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના સ્વાસ્થ્ય વિશે પત્ર લખ્યો હતો. તેનો ઉત્તર એમણે આપ્યો.

योगेन्द्र विज्ञानी | ॐ तत्सत् | विज्ञान भवन

ऋषिकेश

તા.૧૫–૧૨–૫૪

सविनय नमस्कारसह निवेदनमिदम् ।

---- श्रीलोकनाथतीर्थ स्वामीजी महाराज का स्वास्थ्य ठीक नहीं है यह जानकर चित्त दुःखित हुआ । हम आपसमें जितने गुरुभाई योगी गुरु के संतान ब्रह्मचारी तथा संन्यासी हैं उन सबमें श्रीलोकनाथतीर्थ स्वामीजी का जीवन तपोमय है ।

हम कइओंने बहुतसे शिष्य किये और सांसारिक विषयभाग भोगे, एवं लोक प्रवृत्तिमें ही अधिक समय बिताया, परन्तु उन्होंने ऐसा नहीं किया । वे सर्वदा सर्वकाल त्याग ही स्वीकारके रहे। उन का जीवन शुद्ध, सात्त्विक, तपोमय है । मैं उन को बहुत रोजसे जानता हूँ । एवं श्रद्धा करता हूँ वे बहुत ही सरल चित्त साधुपुरुष हैं ।

प्रायः देखा जाता है, विशेष कर के उत्तरार्ध अवस्था, और वह भी अच्छे धार्मिक, ज्ञानी पुरुषों को शारीरिक कष्ट होता है । जैसे श्रीरामकृष्ण परमहंस, श्रीविवेकानंन्द के गुरुदेव, को बडा कष्ट भोगना पडा । अरविंद और रमण महर्षि जो साधारण व्यवहारमें भी आत्यंतिक सात्त्विक हैं, धर्मभीरू हैं । ऐसे व्यक्ति संसारी दुःख, अर्थों में और शरीर से रोगी देखे जाते हैं ।

योगशास्त्र में योग साधना का बडा भारी फल लिखा है - शारीरिक सिद्धि । वे तो अति सामान्य बात है । परन्तु परमार्थ संकल्प - सिद्धि की बडी बातें लिखी है । लोग योगसाधना भी बडे प्रेम से करते हैं । तथा इसमें का थोडा बहुत कुछ भी होता हुवा देखने को नहीं मिलता । यह आश्चर्य की और अफसोस की बात है । फिर भी लोग योगसाधना और योग के माहात्म्य को नहीं समझते ।

अरविंदने एक स्थानमें रहकर चालीस साल योगसाधना की और शरीर को दिव्य बनाने का प्रयत्न किया और इस विषयमें ग्रंथ भी लिखे । परन्तु इतना करने पर भी मरने के समय का ज्ञान उन को नही हुआ उलटा अन्त समय में कोलिक पेन (पेट में दुःखाव) के कारण जो शरीर दिव्य बनाना था उसको छोड ही देना पडा । जैसे साधारण बद्ध जीव छोडते हैं ।

ऐसे ही श्रीरमण महर्षिने यावज्जीवन तपस्या की और अन्तमें कैन्सर के रोगसे पीडित होकर महाकष्ट से शरीर छोडा । ऐसे ही श्रीरामकृष्ण परमहंसको सर्वदा भावसमाधि होती थी, और जो देवीसे बातचित करते थे । उन्हें भी अन्तमें कैन्सर हुआ । इत्यादि ।

अतएव ये सब घटनाएँ जो की हमारे सामने घटी हैं और भी वैसी कई घटनाएँ देखी जा रही हैं। उनसे स्पष्ट होता है कि योगशक्ति के नियम अनिवार्य प्रारब्ध गति को रोक नहीं सकते।

आखिर प्रारब्ध "भोगादेव क्षयः" कहकर मौन रखना पडता है ।

श्रीमत् शंकरपुरुषोत्तमतीर्थ स्वामी महाराज का स्वाथ्य भी ठीक नहीं है । उनको पेट की बीमारी है ओर कई रोग हैं । यह सब प्रारब्ध भोग है ।

इति शम् ।

विनित

योगेन्द्र विज्ञानी

પ.પૂ. શ્રીગુળવણી મહારાજશ્રીએ પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના મહાનિર્વાણના સમાચાર પ.પૂ. શ્રીયોગાનન્દ મહારાજશ્રીને આપ્યા ત્યારે તેમણે પત્ર લખ્યો.

विज्ञान भवन

ऋषिकेष

सविनय नमस्कारसह निवेदनमिदम्

તા.૧–૩–૫૫

आप का पत्र कल मिला । श्रीमत् स्वामी लोकनाथतीर्थ महाराज के ब्रह्मधाम गमन करने के समाचार जानकर चित्त अत्तीव दुःखित हुआ।

सन १९१९ में मैं काशी में था तब उन का मुझे समागम हुआ था । वहाँ दो मास तक हम नित्य मिलते थे। बादमें १९२० में वह स्वर्गाश्रम मेरे यहाँ आकर रहे थे। उस समय की उन के साथ की सब स्मृति ज्यों कि त्यों आ रही है ।

उन के त्याग और वैराग्य, तपस्या और सरलता, शुद्धता एवं निष्कपट साधुता के विचारमें मेरा मन भावना कर रहा है । क्या कहूँ मन बडा दुःखी हुआ है । परन्तु खुशी इस बात की है कि उन्होंने अपने संन्यास आश्रम को यावज्जीव निष्कलंक निभाकर अन्तमें मुक्ति प्राप्त की ।

वह धन्य है । कृतार्थ है ।। उनके पूर्वाश्रम का मुझे पता नहीं है ।

विनित

योगेन्द्र विज्ञानी

પરિશિષ્ટ: ૨

卐 શક્તિપાતયોગ, સાધનાપ્રણાલી અને સાધક 卐

– સ્વામી શ્રીશિવોમ્‌તીર્થ મહારાજ

[પ. પૂ. શ્રી શિવોમ્‌તીર્થ સ્વામી મહારાજનો જન્મ પંજાબમાં ગુજરાત ગામમાં એક અત્યન્ત સાત્ત્વિક અને ધર્મપરાયણ કુટુંબમાં સન ૧૯૨૪માં થયો. એમનું નામ ઓમપ્રકાશ, પિતાજીનું નામ દેસરાજજી તથા માતાજીનું નામ ધનદેવીજી હતું. લાહોરમાં જ એમણે વિદ્યાભ્યાસ કર્યો. વિભાજન પછી ૧૯૪૭માં તેઓ ભારતમાં કુરુક્ષેત્રમાં આવ્યા. પહેલેથી જ પ્રભુપ્રેમ અને સંસાર પ્રત્યે વૈરાગ્ય હોવાથી, હિમાચલ પ્રદેશના માન્ડી જિલ્લાના સુકેત તાલુકામાં સતલજ નદીના તટે તેઓ એક કુટિયામાં રહીને એકાન્તમાં સાધના કરવા લાગ્યા. સ્નેહી શ્રી લછમનદાસજી દ્વારા પ. પૂ. શ્રીવિષ્ણુતીર્થ મહારાજના પરિચયમાં આવ્યા. ૧૯૫૯માં પ. પૂ. શ્રીવિષ્ણુતીર્થ સ્વામી મહારાજની અનુમતિથી દેવાસમાં 'સંન્યાસ આશ્રમ નારાયણ કુટી 'માં રહેવા આવ્યા. પ. પૂ. શ્રીવિષ્ણુતીર્થ સ્વામી મહારાજે એમને સન ૧૯૫૯માં શક્તિપાતની દીક્ષા આપી. સન ૧૯૬૪માં સંન્યાસ દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમને 'શિવોમ્‌તીર્થ' નામ આપવામાં આવ્યું. પ. પૂ. શ્રીશિવોમ્‌તીર્થે ગુરુની ખૂબ પ્રેમથી સેવા કરી. તેથી તેઓ ગુરુના અત્યંત પ્રિય તથા અંતરંગ શિષ્ય બની ગયા. સન ૧૯૬૫માં પ. પૂ. શ્રીવિષ્ણુતીર્થ સ્વામી મહારાજે પ. પૂ. શ્રીશિવોમ્‌તીર્થજીને ઉત્તરાધિકારી તરીકે નિમણૂક કરી તથા દીક્ષા આપવાનો અધિકાર આપ્યો. તે વખતે ઋષિકેશ અને દેવાસ આમ બે જ આશ્રમ હતા. પ.પૂ. શ્રીશિવોમ્‌તીર્થ સ્વામી મહારાજે તેમના સદ્‌ગુરુના કાર્યનો ખૂબ પ્રચાર અને પ્રસાર કર્યો. આસામ સિવાય ભારતના બધા જ પ્રાન્તોમાં તેઓ ફર્યા તથા અમેરિકામાં પણ અનેક વખત જઈ આવ્યા છે. દેશ વિદેશમાં એમના અનેક શિષ્યો છે. શક્તિપાત વિદ્યાના પ્રચારાર્થે એમણે નવાં દસ કેન્દ્રો અને આશ્રમોની સ્થાપના કરી છે. તેમાંથી એક અમેરિકામાં છે. શક્તિપાત માર્ગ વિશે એમણે અનેક ગ્રંથો લખ્યા છે.]

આપણી જે યોગસાધના પ્રણાલી છે તેનું સ્વરુપ સ્પષ્ટ કરું છું. સાધકોના

મનમાં કેટલીક વખત શંકા જાગે છે કે જ્યારે તેઓ સાધનામાં બેસે છે ત્યારે એમને ખબર પડે છે કે કોણ આવ્યું, કોણ ગયું, કોણે શી વાત કરી, કોને શી ક્રિયા થઈ રહી છે. આમાં તો સાધનાનો કશો લાભ થયો નહિ. ધ્યાન સાધનામાં બાહ્યજ્ઞાન લુપ્ત થાય છે એ સ્થિતિ આમાં થતી જ નથી. સાધકનું જે બાહ્યજ્ઞાન છે એ તો એવું ને એવું જ ટકી રહે છે. તેથી સાધકના મનમાં પ્રશ્ન થાય છે કે આ સાધના પ્રણાલીનો શું લાભ છે? આ પ્રકારની શંકા થવી સ્વાભાવિક છે. યોગ વિશે લોકોની એવી ધારણા હોય છે કે એ સાધના સાધકને સમાધિ તરફ દોરી જશે. સમાધિનો અર્થ એ છે કે બહારનું કશું જ ભાન ન રહે. પરન્તુ સાધનામાં તો બહાર જે કંઈ થઈ રહ્યું હોય એનો અનુભવ સાધકોને થતો હોય છે. એટલે એમનું બાહ્યજ્ઞાન ટકી રહ્યું હોય છે. તો પ્રશ્ન એ થાય છે કે આપણું સાધન શું છે ?

આમ તો આ સાધન વિશે આપને થોડી ઘણી માહિતી છે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે. સંપ્રજ્ઞતા (consciousness) આત્માનો સ્વભાવ છે. શાસ્ત્રીય ભાષામાં આત્મા 'જ્ઞ' સ્વરૂપ છે. આત્મા દૃષ્ટા છે. આપણને આંખો છે એટલે આપણને દેખાશે જ. એ પ્રમાણે આત્મા 'જ્ઞ' સ્વરૂપ છે એટલે તેની સામે જે કંઈ દૃશ્ય આવશે એ દૃશ્ય એને દેખાશે જ. જો આત્મા ક્યારેક દૃષ્ટા છે અને ક્યારેક દૃષ્ટા નથી તો આત્મામાં પરિવર્તન આવે છે એમ કહેવાશે, પરન્તુ આત્મા તો પરિવર્તનથી અલિપ્ત છે. તે નિત્ય છે. તેમાં કશું પરિવર્તન આવતું નથી. આત્મા જ્યારે ચિત્તના તાદાત્મ્યમાં આવે છે ત્યારે તે 'જ્ઞ' માં જ્ઞપ્તિ પેદા થાય છે. અર્થાત્ જે દૃષ્ટા છે તે તો આત્મા જ છે. પરન્તુ આત્મા બુદ્ધિ સાથે તાદાત્મ્યમાં આવ્યા બાદ દૃશ્યને જુએ છે. એને જોવા માટે એક યંત્ર જોઈએ. તેની પાસે એક જ્ઞાનનું સાધન (instrument of knowledge) છે. અને તે સાથે સંકળાતું જે કાંઈ પણ દૃશ્ય તેની સામે આવે છે તેને તે જુએ છે. એમાં ત્રણ બાબતો સંકળાયેલી છે. એક દૃષ્ટા છે, એક બુદ્ધિ છે અને એક દૃશ્ય છે. એ ત્રણે જ્યારે એક રેખામાં આવે છે, ત્યારે દૃશ્યને જુએ છે. હવે જો દૃષ્ટા અને જ્ઞાનના યંત્રનું તાદાત્મ્ય ન રહે તો દૃશ્ય દેખાશે નહિ અથવા દૃશ્ય ન રહે તો પણ દૃશ્ય દેખાશે નહિ. એ બે જ બાબતો

સંભવિત બને છે અથવા બે રીતે અસંભવિત બને છે.

અત્યારે આ ઘડિયાળ મારી સામે છે. તો ઘડિયાળ છે એનું જ્ઞાન મને થાય છે. હવે જ્યારે મારા હાથમાં ઘડિયાળ ન હોય ત્યારે તમે મને પૂછશો કે" આપની પાસે ઘડિયાળ છે?" ત્યારે હું કહીશ કે "નથી". સમય જોવા માટે હાથ પર ઘડિયાળ જોવા જઈશ ત્યારે જણાશે કે હું ઘડિયાળ ભૂલી આવ્યો છું. હાથ પર ઘડિયાળ નથી. એનો અર્થ એ થયો કે ઘડિયાળ હોવું તે 'જ્ઞાન' નું સ્વરૂપ છે – Positive Knowledge છે. એનું જે જોવાનું યંત્ર છે અથવા જે દૃષ્ટાપણું છે, એમાં કશું અંતર આવ્યું નહિ, કશો ફરક પડ્યો નહિ. જો એને ઘડિયાળ દેખાતી નથી તો એનો અર્થ એ છે કે દૃશ્ય સામેથી હટી ગયું છે. આ દૃષ્ટાંતમાં દૃશ્ય સામેથી હટી જવાથી દૃષ્ટાને દૃશ્ય દેખાતું નથી, પરન્તુ દૃષ્ટાભાવ તો ચાલુ જ રહ્યો છે. તે જે દૃષ્ટા છે તેના દૃષ્ટાભાવમાં ફરક પડ્યો નથી.

આનું એક બીજું ઉદાહરણ આપું છું. આપ ઊંઘી જાઓ છો તો શું થાય છે? સામાન્ય વ્યક્તિ એમ કહેશે કે જ્યારે અમે નિદ્રામાં હોઈએ ત્યારે જગત વિલીન થઈ જાય છે. જગત અમને દેખાતું નથી. તો જગતનું સામે હોવું, દૃશ્યનું સામે ઉપસ્થિત થવું અને એનું જ્ઞાન પ્રાપ્ત થવું એ એક સ્થિતિ થઈ, જેને મેં Positive Knowledge કહ્યું છે. બીજી સ્થિતિ આ છે કે જગત નથી, પરન્તુ તેનું ન હોવું આપણને દેખાય છે. આ સર્વ જગતને આપણે દૃશ્ય રૂપે સ્વીકારીએ છીએ અને એ આપણને દેખાય છે, ત્યારે તેને જાગૃત અવસ્થા કહેવાય છે. જો આ સર્વ જગત આપણી સામેથી (આગળથી) વિલીન થઈ જાય તો બાકી શું રહેશે ? બાકી અભાવ રહેશે. પરન્તુ જે આત્મા, જે દૃશ્ય બુદ્ધિની સાથે તાદાત્મ્ય કરી રહ્યો છે, તે જ્યારે અભાવને જોશે ત્યારે તેને અભાવનું nothingnessનું જ્ઞાન થશે. અભાવની ઉપર દૃષ્ટિ સ્થિર થઈ જાય છે ત્યારે એ સ્થિતિને નિદ્રા કહેવામાં આવે છે. જાગૃત અવસ્થામાં જગત દેખાય છે. સુષુપ્તિમાં જગત દેખાતું નથી પણ તેનો અભાવ દેખાય છે. (અભાવનું જ્ઞાન રહેશે.) આમ છતાં આત્મા,

પ્રજ્ઞા કે બુદ્ધિ કે ચિત્તના તાદાત્મ્ય ભાવમાં ફરક પડ્યો નથી. એ તાદાત્મ્ય તો એવું જ રહ્યું છે. એ જે દૃષ્ટા છે અને એ જ જ્ઞાનના સાધનરૂપે બુદ્ધિ (instrument of knowledge) છે. તે બંનેનો સંપર્ક (contact) તો તેવોને તેવો જ રહ્યો છે. પરન્તુ દૃશ્ય સામે ન હોવાથી તેના અભાવનું જ્ઞાન થાય છે. આ અભાવના જ્ઞાનને શું કહેવાશે ? "નિદ્રા"!

હવે ત્રીજી સ્થિતિ એ છે કે જેમાં આત્મા–દૃષ્ટા અને પ્રજ્ઞા–બુદ્ધિનો સંપર્ક (contact) તૂટી જાય છે. દૃષ્ટા જે યંત્ર–માધ્યમ દ્વારા દૃશ્યને જુએ છે તે યંત્રનો અને દૃષ્ટાનો જે સંપર્ક છે, તેનું જે તાદાત્મ્ય છે, તે ત્રૂટિત (ખંડિત) – (disconnect) થઈ જાય છે, ત્યારે દૃશ્ય સામે હોય કે ન હોય (ભલે ભાવ કે અભાવ હોય) દૃષ્ટાને પોતાની સામેનું કોઈ પણ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. બન્ને પ્રકારની સ્થિતિ – હોવું કે ન હોવું – વિલીન થઈ જાય છે. દૃષ્ટાની સામેથી દૃશ્યને જોવાનું યંત્ર (બુદ્ધિ) હટી જાય છે. ત્યારે દૃષ્ટા પોતાના સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય છે અને તેને સમાધિની સ્થિતિ કહેવાય છે.

આ સિદ્ધાન્ત આપણે આપણી સાધન પ્રણાલીની સાથે જોડી દેવાનો છે. એ કોઈ કઠિન વિષય નથી. એના પર વિચાર કરવામાં આવે તો તે ઘણું સહેલું છે એમ જણાશે. આપ લોકો (દીક્ષિત સાધકો) માટે તે તો હજુયે વધારે સહેલું છે, કારણ કે ઘણી મોટી ગુરુશક્તિ આપણને પ્રાપ્ત થઈ છે. એટલો મોટો આશીર્વાદ આપણી પાસે છે તેથી આપણા માટે કોઈ પણ કાર્ય અઘરું નથી. અત્યાર સુધી જે એક સિદ્ધાન્ત આપણે સમજ્યા છીએ તેનો આપણી સાધનપ્રણાલીની સાથે સમન્વય કરીને આ સાધનપ્રણાલી અને આ સિદ્ધાન્ત એ બન્નેની વચ્ચે કેવો મેળ છે તેને આપણે જોઈશું. તેને એકીકૃત (coinside) કરીને આપણે આપણી વાતો પૂરી કરીશું.

યોગ શું છે ? "**योगश्चित्तवृत्तिनिरोध :**" ચિત્તની વૃત્તિઓનો નિરોધ થઈ જાય તો યોગ સિદ્ધ થાય છે. યોગ ક્યારે સિદ્ધ થાય છે ? ચિત્તની વૃત્તિઓનો સમગ્રપણે નિરોધ થાય છે, ત્યારે ચિત્તની નિરુદ્ધ અવસ્થા આવે છે. ચિત્તની નિરુદ્ધ અવસ્થા

જ્યારે થાય છે ત્યારે પુરુષનું અર્થાત્ આત્માનું અને ચિત્તનું જે તાદાત્મ્ય હતું તે તૂટી જાય છે. દૃશ્યની અને દૃષ્ટાની વચ્ચે જોવાનું જે યંત્ર હોય છે તે વચ્ચેથી હટી જાય છે ત્યારે તે દૃષ્ટા હંમેશાં દૃશ્યરૂપી અવસ્થામાં આવે છે, ત્યારે દૃષ્ટા પોતાના સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય છે. એ યોગનો સિદ્ધાંત છે.

ચિત્તવૃત્તિના નિરોધનો જે માર્ગ છે તેના પર વિચાર કરીએ. શક્તિ જ્ય ારે જાગ્રત થઈને સાધકના અંતરમાં ક્રિયાઓ આરંભે છે, ત્યારે શક્તિનાં ચૈતન્ય , ચિત્ત અને ચેતના એમ ત્રણ સ્તર થાય છે. ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર સંસ્કારોનો સંચય થવો, ઉદય થવો, વાસનાનો ઉદય થવો વગેરે બધાં કાર્યો જે શક્તિથી સંપન્ન થાય છે, શક્તિનું જે સ્તર તેમાં પ્રવર્તે છે તેને ચેતના કહેવામાં આવે છે. આ ચેતના જગદાભિમુખી બનીને કાર્યરત થવાને કારણે જગતનું જ અંગ મનાય છે. કારણકે જે ઈન્દ્રિયો છે તે જગદાભિમુખી બનીને કાર્યરત બને છે. ઈન્દ્રિયોમાં જે શક્તિ છે તે જગતનું જ કાર્ય કરી રહી છે. તેથી ચેતનાને જગતની જ અંતર્ગત માનવામાં આવી છે.

કુંડલિની જાગ્રત થવાનો અર્થ એ છે કે આ ચેતના અંતર્મુખી થઈને ચૈતન્ય પ્રત્યે ચૈતન્યની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રતિપ્રસવક્રમથી કાર્યશીલ બને છે. કુંડલિની ક્યારેય સૂતી નથી અને તે ક્યારેય જાગતી નથી. તે તો હંમેશા ક્રિયાશીલ (active) હોય છે. તે ક્યારેક (active) અને ક્યારેક નિષ્ક્રિય (inactive) થાય છે, એવો પણ એનો અર્થ નથી. કુંડલિની સુપ્ત છે એનો અર્થ એ કે તે જગત તરફ ક્રિયાશીલ છે. કુંડલિની જાગ્રત થઈ ગઈ છે, એનો અર્થ એ કે તે પોતાના કારણ–આત્મા તરફ અગ્રેસર થઈ ગઈ છે, ક્રિયાશીલ થઈ છે. જ્યારે તે પોતાના કારણ તરફ ઉદાસીન હોય છે ત્યારે તેની સૂતેલી સુષુપ્તાવસ્થા કહેવાય છે. જ્યારે તે કારણ તરફ કાર્યરત થઈ જાય છે, ત્યારે તેની જાગૃત અવસ્થા કહેવાય છે.

જ્યારે કુંડલિની જાગ્રત થાય છે અને ચૈતન્ય તરફ ગતિ કરે છે ત્યારે વચ્ચે શું આવે છે? "ચિત્ત". ઉપરથી અનુક્રમે ચૈતન્ય, ચિત્ત અને ચેતના છે. તેમાં ચૈતન્ય ચિત્તમાં થઈ ચેતના બની જાય છે. આપણું દરેક કામ આપણે

આસક્તિયુક્ત મોહાભિમાનયુક્ત અને કુર્તૃત્વાભિમાનયુક્ત થઈને કરીએ છીએ, ત્યારે આપણું પ્રત્યેક કર્મ આપણા ચિત્ત ઉપર સંસ્કાર અંકિત કરે છે. એનો અર્થ એ થયો કે એ ચૈતન્ય ચિત્તની અંદર આવી એક કુંડળ (coil), એક વલય બની જાય છે. આ રીતે આપણે જે કોઈ કામ કરીએ છીએ, શુભ કે અશુભ, તે બન્ને પ્રકારનાં કર્મો આપણા ચિત્તમાં એક આંટો (વલય) પાડે છે. અને એ રીતે એ ચૈતન્ય ચિત્તની અંદર ઘૂમતું ઘૂમતું ઈન્દ્રિયોના માધ્યમ વડે કાર્યરત બને છે. ચેતના અંતર્મુખી થઈને પ્રતિપ્રસવક્રમથી કાર્યરત બને છે ત્યારે તેનો એ અર્થ થાય છે કે કુંડલિની જાગ્રત થઈ છે.

'પ્રજ્ઞાનં બ્રહ્મ' જે મહાવાક્ય છે, તે 'પ્રજ્ઞાનં બ્રહ્મ' શું છે? પ્રજ્ઞાનું બ્રહ્મ એટલે પ્રજ્ઞાનં બ્રહ્મ ! એવી ઘણી વાતો થાય છે કે પ્રજ્ઞાનં બ્રહ્મનો અનુભવ થયા પછી લોકો ' સોऽહં ' નો જપ કરે છે. એનો અર્થ એ છે કે, ''હું છું''. એ ક્યાં છે? જે 'એ' છે તે 'હું' છું. 'સોऽહં'. ઠીક છે. પછી તે ક્યાં છે ? જ્યારે કુંડલિની જાગ્રત થઈને 'પ્રજ્ઞાનં બ્રહ્મ'ની અનુભૂતિ થાય છે, કે આ (ચિત્ત) પ્રજ્ઞાન છે, ત્યાર પછી ''સોऽહં''ની સ્થિતિ આવે છે. અર્થાત્ 'એ' જે છે 'તે' 'હું' જ છું. એટલે સર્વપ્રથમ તો કુંડલિની જાગ્રત થયા પછી 'પ્રજ્ઞાનં બ્રહ્મ' ને અનુભવમાં આવવા દો. (એટલે) આ પ્રજ્ઞાન જે ઈન્દ્રિયો દ્વારા આપણા શરીર સાથે એકરસ થઈને આપણા દેહની અંદર બેઠું છે, તે ભિન્ન એટલે અલગ થઈ જાય, એટલે આ અનુભવ મેળવીને તે શાક્તોપાયમાં આવી જાય છે.

કુંડલિની શક્તિ જાગ્રત થઈને જ્યારે ચેતનામાંથી ચૈતન્ય થવા માટે ઉપર ચઢે છે ત્યારે તેણે (ચેતનાએ) ચિત્તમાં થઈને જ પાછા જવાનું હોય છે; પરન્તુ તે તો અનેક આંટા ચઢાવીને બેઠી છે કારણ કે તેણે (ચેતનાએ) જે પ્રત્યેક અલગ કર્મ કર્યું છે તે પ્રત્યેક કર્મના સંસ્કાર તેના ચિત્તમાં અંકિત થયા છે. એ પ્રત્યેકે તેને એટલા બધા વળ આપ્યા છે કે જ્યારે ચેતના ચૈતન્ય થવા માટે ચિત્તમાં થઈને પસાર થવા લાગે છે ત્યારે એને કેટલીય વાર ઘૂમરાવું પડે છે. પહેલાં જ્યારે ચૈતન્ય ચેતના થવા માટે ચિત્તમાંથી પસાર થયું હતું, ત્યારે

કર્મોના સંસ્કારોની સાથે સાથે તેમાં વલય કે આંટા પડતા ગયા હતા. (આ ચૈતન્ય એની અંદર આંટા પાડ્યા છે. પ્રત્યેક સંસ્કારે એની અંદર (ચિત્તની અંદર) વલયો પાડ્યાં છે.) અને હજુ પણ એ ચેતના જગદાભિમુખીરૂપે ઈન્દ્રિયોના, મનના, બુદ્ધિના માધ્યમથી કાર્ય કરી રહી છે. આ જગદાભિમુખી ચેતના જ્યારે પ્રતિપ્રસવક્રમથી ચાલે છે ત્યારે તે પ્રથમ તેણે જે કુંડળો પાડ્યાં હતાં, જે સંસ્કારોના આંટા તેણે એમાં પાડ્યા હતા, તે જે પ્રમાણે ત્યારે ચાલતું હતું, તેને બદલે હવે એનાથી ઊલટું તે ચાલવા લાગે છે.

કુંડલિનીની આ ક્રિયાઓની ચિત્ત ઉપર અસર થાય છે. આ રીતે જે થાય છે તેને ચિત્તશુદ્ધિ કહેવામાં આવે છે (purification of mind). આ ચિત્ત શુદ્ધિ કેવી રીતે થાય છે? ચેતના જ્યારે ચિત્તમાંથી પાછી ફરે છે ત્યારે તે બધાં કુંડળોને ઉઘાડતી ઉઘાડતી આગળ વધે છે. બધા સંસ્કારોને છોડતી છોડતી, તેમને ક્રિયાઓનું રૂપ આપતી આપતી, બહાર ફેંક્તી અને બધાં કુંડળોને ઉઘાડતી તે જે શક્તિ છે તે ચૈતન્ય થવા માટે ઉપર તરફ, પોતાના આત્મા (કારણ) તરફ અગ્રેસર થાય છે. જેટલાં ચક્કરો – કુંડાળાં તે ખોલશે તેટલી તે ચૈતન્યની સ્થિતિ તરફ વધારે જશે. જન્મ જન્માંતરથી આપે આપના ચિત્તની અંદર કેટલોક સંચય કરી રાખ્યો છે એની આપને ખબર નથી. અને આપ હમણાં કહો છો : મહારાજ, છ વર્ષ થયાં પણ હજુ સુધી કશું થયું નથી. લાખો જન્મોના સંસ્કારો કે જેની કોઈ ગણતરી નથી, તેનાં અસંખ્ય કુંડાળાં એની અંદર નાખ્યાં છે અને હજુયે નાખતા જ જાઓ છો, પણ હવે જ્યારે તેને ખોલવાનો સમય આવ્યો છે, ત્યારે કહો છો કે પંદર વર્ષ થઈ ગયાં છે, પણ એને કેટલાં ચક્કરો આપ્યાં છે એ તો જુઓ. તેને તો ચિત્તની અંદર જ ઊલટાં ચક્કર પાછાં લગાવવાનાં છે, અને પછી ચૈતન્યની તરફ તેને જવાનું છે.

આંતરિક સાધનાથી ચિત્તશુદ્ધિ

આપણી જે સાધના છે તે ચિત્તશુદ્ધિ કરીને એકાગ્રતાની સ્થિતિ લાવવા

માટેનો માર્ગ છે. આપણા માર્ગને અભ્યાસવાળો માર્ગ નથી કહેતા, આપણા માર્ગને સાધનાનો માર્ગ કહે છે. આ સાધના છે. અભ્યાસમાં તમે સાઈકલ ચલાવતાં શીખો છો. થોડા અભ્યાસ કે મહાવરા પછી સાઈકલ ચલાવતાં શીખી જાઓ છો. પણ અહીં આપણા માર્ગમાં અભ્યાસ નથી. અહીં તો ચિત્તને શુદ્ધ કરવાનું છે, અને તે ક્રિયાઓના માર્ગથી. જુદા જુદા પ્રકારની ક્રિયાઓ શું કરે છે? તે ચિત્તની અંદર સંચિત સંસ્કારોને ક્રિયાઓમાં ફેરવીને, તેમને ક્રિયાઓનું રૂપ આપીને તેમને બહાર ફેંકી દે છે અને પરિણામે ચિત્ત શુદ્ધ થતું જાય છે.

જેમ જેમ ચિત્ત શુદ્ધ થતું જાય છે તેમ તેમ વિચારોનું આવવાનું બંધ થતું જશે. ક્રિયાઓ ચિત્તને શુદ્ધ કરે છે. સાધનામાં એક કલાક બેસીને જેટલા સંસ્કારોની શુદ્ધિ આપે કરી હશે, તેનાથી કેટલાય વધુ સંસ્કારો બાકીના ત્રેવીસ કલાકમાં આપે ચિત્તની અંદર સંચિત કર્યા છે. તો પછી ચિત્ત કેવી રીતે શુદ્ધ થશે? જ્યાં સુધી ચિત્તની અંદર સંસ્કારોના સંચયનો ક્રમ બંધ નહિ થાય ત્યાં સુધી તે બધા સંસ્કારોને શુદ્ધ કરવાનો જે ક્રમ છે તે અધૂરો જ રહી જશે. તો સાધના કરવાનો અર્થ એ છે કે એક તરફ તો તમારે ચિત્તની અંદરના સંચિત સંસ્કારોને બહાર કાઢવાના છે અને બીજી બાજુ નવા સંસ્કારોને સંચિત થતા રોકવાના છે. સંચિત સંસ્કારોને બહાર કાઢવા અને ચિત્તને શુદ્ધ કરવું એ આંતરિક સાધના છે. ચિત્તને નવા સંસ્કારોથી આક્રાન્ત થતું રોકવું એ બાહ્ય સાધના છે. જપ, પૂજા, ભજન, શ્રવણ, કીર્તન, પૂજાપાઠ, ધ્યાન કે કોઈપણ પ્રકારનો માર્ગ એ બધા ઉપક્રમો સંસ્કારોને અંદરથી બહાર કાઢવાના પ્રયત્નો છે. તે આંતરિક સાધના છે.

શક્તિ જ્યારે અંતરમાં જાગ્રત થઈને ક્રિયાઓ કરે છે ત્યારે સાધકને અનુભવ થાય છે કે કોઈ શક્તિ તેના અંતરમાં એમનાથી જુદી એમની ઈચ્છાથી સ્વતંત્ર રીતે કાર્ય કરી રહી છે. અને તે પોતે દૃષ્ટા છે. જ્યાં સુધી તે સાધનામાં હોય છે ત્યાં સુધી તેનું જે કર્તૃત્વાભિમાન છે તે દબાઈ જાય છે (કર્તાપણાની ભાવનાવૃત્તિ દબાઈ જાય છે.) દૃષ્ટાભાવનો ઉદય થાય છે. સાધના દરમિયાન જે જે થાય છે તે કાર્ય તે પોતે કરી શકતો નથી, પણ સાધનાના સમયે ઘણી

સહેલાઈથી તે કાર્ય થતું હોય છે. એવા સાધક જોયા છે કે જેઓ ક્યારેય ગાયન શીખ્યા નથી, પણ સાધનામાં બેઠા હોય છે ત્યારે તેઓ પૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિથી ગાય છે. જેમણે ક્યારેય કોઈ કવિતા રચી નથી તેઓ ક્યારેક કવિતાઓ રચે છે. ક્યારેક સાધક જે ભાષા ભણ્યો નથી તે ભાષામાં તે બોલે છે. જેમણે હઠયોગનાં કોઈપણ આસન શીખ્યાં નથી અથવા તેના અભ્યાસ વર્ગો કર્યા નથી, છતાં પણ તેઓ સાધનામાં ઘણી સરળતાથી જાતે જ તેમનું શરીર જાણે રબરનું બની ગયું હોય તેમ બધાં આસનો થતાં હોય છે એનો અનુભવ તેઓ કરે છે. આ પ્રકારે જે ભિન્ન ભિન્ન પ્રકારની ક્રિયાઓ સાધનામાં થતી હોય છે તે સાધનામાંથી ઊઠ્યા બાદ સાધક પોતે બીજીવાર કરી શકતો નથી. શરીરના માધ્યમ દ્વારા મન, બુદ્ધિ અને શરીરને રમકડું (પૂતળું) બનાવીને શક્તિ યંત્રવત્ કાર્ય કરાવે છે અને પોતે દૃષ્ટા બને છે. સાધકનું કર્તૃત્વાભિમાન ગલિત થવા લાગે છે.

જ્યાં સુધી શક્તિ ચિત્તની અંદર ચક્કરોને ખોલવાનું કાર્ય કરતી રહે છે ત્યાં સુધી તો શાક્તોપાયની સ્થિતિ રહે છે – ત્યાં સુધી સાધક શક્તિને પોતાનાથી જુદી અનુભવે છે. એક સમય એવો આવશે કે જ્યારે બધાં ચક્કરો કે કુંડળો ખૂલી જશે ત્યારે શક્તિ ચિત્તની સ્થિતિ ઉપર થઈને ચૈતન્યની સ્થિતિમાં પ્રવેશ કરશે, ત્યારે શાંભવોપાય આવશે. ત્યારે સાધક એવો અનુભવ કરશે કે જે શક્તિ પોતાનાથી ભિન્ન હોવાનો અનુભવ તેણે કર્યો હતો તે તો તેની જ શક્તિ છે. ત્યારે તેનો શાક્તોપાયમાંથી શાંભવોપાયમાં પ્રવેશ થશે. હવે એમની ક્રિયાઓનો લોપ થશે. ક્રિયાઓ બંધ પડી નથી, પરન્તુ ક્રિયાઓની આવશ્યકતા જ રહી નથી. ક્રિયાઓ કરવાનું કામ હતું ત્યાં સુધી ક્રિયાઓ થતી હતી. તમે તમારો ઓરડો સાફ કરો છો–ઝાડુ લગાવો છો. જ્યાં સુધી કચરો રહે છે, ત્યાં સુધી ઝાડુ મારવાની જરૂર રહે છે. બધું સ્વચ્છ થયા પછી ઝાડુ મારવાની ક્રિયા બંધ થઈ જાય છે. એ જ રીતે ક્રિયાશક્તિને અંદર ઝાડું મારવું પડે છે – શુદ્ધિકરણ કરવું પડે છે. જે ગડીઓ (folds)પડી છે તે ખોલવી (unfold) પડે છે. ચક્કરો ખૂલી જાય છે. એનો અર્થ એ કે શક્તિ ચેતનામાંથી ચિત્ત દ્વારા પસાર થઈને સંસ્કારોનો ક્ષય કરતી કરતી, ચિત્તને શુદ્ધ કરતી કરતી ચૈતન્યની સ્થિતિમાં

હવે પ્રવેશ કરી રહી છે. ત્યારે સાધક શામ્ભવોપાયનો સાધક બને છે. આ સૈદ્ધાન્તિક વાત છે.

તમે જ્યારે ધ્યાનનો અભ્યાસ કરો છો ત્યારે કોઈપણ ધ્યેય (object) પદાર્થને સામે રાખો છો. પ્રથમ તો કોઈક સ્થૂળ પદાર્થને ધ્યેય પદાર્થના રૂપે રાખો છો. પછી જ્યારે તેના પર તમારી એકાગ્રતા દૃઢ થઈ જાય છે ત્યારે એ એકાગ્રતાના જે આનંદની અનુભૂતિ થાય છે તે આનંદને પોતાનું ધ્યેય બનાવો છો અને પછી જ્યારે આનંદ પર એકાગ્રતા દૃઢ થાય છે ત્યારે પોતાની અસ્મિતા – પોતાના અહંને પોતાનું ધ્યેય બનાવો છો. જ્યાં સુધી મનુષ્ય સાધક હોય છે ત્યાં સુધી તે અહંને દૃષ્ટા બનાવીને ચાલે છે. વાસ્તવિક આત્મા જે દૃષ્ટા છે તે તો પાછળ રહી જાય છે, દૃષ્ટા થાય છે. ચૈતન્યની કાર્ય કરવાની જે શક્તિ છે તે ત્યાંથી જ આવે છે.

સ્થૂળ પદાર્થ જ્યારે સાધકનું ધ્યેય હોય છે ત્યારે તેને નિસર્ગાનુગત સંપ્રજ્ઞાત કહે છે. વિચાર ધ્યેય હોય છે ત્યારે તેને વિચારાનુગત સંપ્રજ્ઞાત કહે છે. આમ વિચાર અને સ્થૂળ પદાર્થ દૃશ્યની અંતર્ગત છે. તેના પછી જે આનંદ છે તે જ્ઞાનના સાધનનો (instrument of knowledge) વિષય બને છે. અર્થાત્ ચિત્ત કે બુદ્ધિનો વિષય બને છે. દૃષ્ટા સૌ પ્રથમ દૃશ્યમાં પોતાનું ધ્યેય બનાવે છે અને પછી જ્યારે તેના પર પોતાની એકાગ્રતા દૃઢ થાય છે ત્યારે તે દર્શનને અર્થાત્ આનંદને પોતાનું ધ્યેય બનાવે છે. જ્યારે દર્શન કે આનંદ પર એની એકાગ્રતા દૃઢ થાય છે ત્યારે તે પોતાની વૃત્તિને વધુ અંદર લઈ જાય છે અને અહં દૃષ્ટાને પોતાનો ધ્યેય પદાર્થ બનાવે છે, અને જ્યારે એને ધ્યેય પદાર્થ બનાવીને એના ઉપર તેની વૃત્તિ સ્થિર થઈ જાય છે ત્યારે તેની એ અવસ્થાને સંપ્રજ્ઞાતની ઉચ્ચતમ અવસ્થા સાસ્મિતા સંપ્રજ્ઞાત, અસ્મિતાનુગત સંપ્રજ્ઞાત કહે છે. એને જ આત્મદર્શન કહેવામાં આવે છે. એ આત્મસ્થિતિ કહેવાતી નથી પરન્તુ આત્મદર્શન કહેવાય છે. કારણ કે એ સ્થિતિમાં શુદ્ધ અહં ચિત્તમાં પ્રતિબિત શુદ્ધ ચૈતન્ય છે. તે પણ આત્માનું પ્રતિબિંબ છે. શુદ્ધ અહં પણ આત્માનું પ્રતિબિંબ

છે.) એ સ્થિતિમાં આત્મા આત્માનું દર્શન કરે છે. અહં જે શુદ્ધ ચૈતન્ય છે તે શુદ્ધ ચૈતન્ય જ પોતાને દૃશ્યરૂપે જુએ છે એટલે કે આત્મા આત્માને જુએ છે. આ જ આત્મદર્શન, આત્મરમણ, આત્મરતિ શબ્દો વડે શાસ્ત્રોમાં વર્ણવાયું છે.

આ જે અભ્યાસનો ક્રમ છે, તેમાં તમારે તમારી સામે ધ્યેય પદાર્થ નિશ્ચિત કરવો પડે છે. એ ધ્યેય પદાર્થને સ્થૂળથી સૂક્ષ્મ કરતાં કરતાં અસ્મિતા સુધી લાવવો પડે છે. આ અભ્યાસ, ક્રમશઃ સ્થૂળથી સૂક્ષ્મ અને સૂક્ષ્મથી આનંદ અને આનંદથી અસ્મિતા સુધી એટલે દૃશ્યથી દર્શન અને દર્શનથી દૃષ્ટા સુધી લાવવો પડે છે. આમ બહારથી અંદર વસ્તુ, સ્થૂળથી સૂક્ષ્મમાં થઈને પોતાની સંપ્રજ્ઞાત સમાધિને અસ્મિતા સુધી લાવવી પડે છે. આ અભ્યાસનો સામાન્ય માર્ગ છે. પરન્તુ શક્તિ જાગ્રત થઈને જ્યારે ક્રિયાઓ કરે છે, ત્યારે સાધકને કશું કરવાનું હોતું નથી. તેણે ફક્ત ક્રિયાઓને જોવાનું છે. આપની સમક્ષ જે ક્રિયાઓ થાય છે તે ક્રિયાઓ જ આપનું ધ્યેય છે. તમે તો દૃષ્ટા છો. તમે શાના દૃષ્ટા છો? તમારું ધ્યેય શું છે? ક્રિયાશક્તિની ક્રિયા જ આપનું ધ્યેય છે. એટલે સાધકને તો દૃષ્ટાભાવમાં જોતા રહેવાનું છે. ક્રિયાઓ બદલાતી રહે છે. સંસ્કારોને અનુસરીને અભ્યાસના ક્રમમાં જે એક મોટો તફાવત છે, તે એ છે કે અભ્યાસનો ક્રમ જે પહેલાં બતાવ્યો છે, તેમાં સંસ્કારોને શુદ્ધ કરવા માટે તમારે એની સાથે બીજું કોઈ સાધન પણ કરવું પડે છે. ધ્યાનનો અભ્યાસ પણ કરવાનો છે અને સંસ્કારોને નષ્ટ કરવા માટે સત્સંગ, પઠનપાઠન, પૂજાપાઠ, સેવા વગેરે જે સાધનો છે તેમનો પણ ચિત્તશુદ્ધિને માટે સહાયક તરીકે ઉપયોગ કરવાનો છે. એ સહાયક અંગો તો છે પણ સંસ્કારોના વાસ્તવિક શુદ્ધિકરણનું જે કાર્ય છે તે તેમની સાથે જ થઈ રહ્યું છે. તેમના દ્વારા તમારા સંસ્કાર વિભિન્ન રૂપ ધારણ કરીને જ તમારી સામેથી નીકળી જાય છે.

આપ સિનેમા જુઓ છો અને ફિલ્મની પટ્ટી ચાલતી જાય છે. ત્યારે નાયક ક્યારેક નૃત્ય તો ક્યારેક ઝગડો કરતો તો ક્યારેક નદી, પહાડ વગેરે અનેકવિધ દૃશ્યો તમારી આંખ સામેથી તમે બેઠા હો છો ત્યારે પસાર થઈ રહ્યાં હોય છે. તેમ જ તમારા સંસ્કારોની જે 'ટેઈપ' છે, તમારા સંસ્કારોનો જે ક્રમ છે,

એ ક્રિયાઓનું રૂપ લઈને – ક્રિયાઓમાં પરિવર્તિત થઈને સિનેમાની ફિલ્મની માફક તમારી આંખોની સામેથી નીકળતી જાય છે. તમે પિક્ચર જુઓ છો ત્યારે તમે એને પડદા ઉપર જુઓ છો દૃશ્ય બદલાય છે ત્યારે દૃશ્ય બદલાતાંની સાથે તમારો ધ્યેયપદાર્થ તમારે બદલવો પડતો નથી. તમે તો દૃષ્ટાભાવમાં બેઠા હો છો અને દૃશ્ય સ્વયં પરિવર્તિત થતું જાય છે. એ જ પ્રમાણે ક્રિયાશક્તિ જાગ્રત થયા પછી તમારા સંસ્કારોને ક્રિયાઓમાં પરિવર્તિત કરીને નીકળતી હોય છે, ત્યારે તે તમને દૃષ્ટા બનાવે છે. ત્યારે તમારે ફક્ત ક્રિયાઓને પોતાનું ધ્યેય બનાવીને જોતા રહેવાનું છે. સ્થૂળથી સૂક્ષ્મ અને સૂક્ષ્મથી આનંદ, દૃશ્યથી દર્શન અને દર્શનથી દૃષ્ટા વગેરે જે ક્રમ અભ્યાસ દ્વારા કરવાનો હોય છે તે (દીક્ષિત સાધક માટે) આમાં જાતે જ સિદ્ધ થતો જાય છે. ક્રિયાઓ સ્થૂળથી સૂક્ષ્મ, સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ એ રીતે સંસ્કારોને બહાર કાઢે છે અને ચિત્તનું શુદ્ધિકરણ થતું રહે છે. સાથે સાથે જે ધ્યેયપદાર્થ છે તે પણ સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ થતો રહે છે અને એક એવી સ્થિતિ આવે છે કે જ્યારે ક્રિયાશક્તિ પાસે કશું કામ રહેતું નથી. તેણે બધાં કુંડળો, ચક્કરો ખોલી નાખ્યાં હશે.

આ બધું એટલું જલદી થવાનું નથી. મેં તો ઘણી ઝડપથી કહી દીધું છે. આમાં સમય લાગે છે. તમે કેટલી સાધના કરો છો? તમારું કેટલું સમર્પણ છે? કુંડળ ખોલવાની સાથે બીજાં કુંડળો તો ઉભા કરતા તો નથી ને? કેટલીય બાબતો એમાં છે. તમે એને કેટલું કાર્ય (સ્વતંત્ર રીતે) કરવા દીધું છે? તેમાં કેટલાં કુંડળ છે? દશ હજાર કે લાખ છે? તો આમાં સમયનું અંતર આવશે. ક્રિયાશક્તિ કઈ ગતિથી કામ કરી રહી છે? દાખલા તરીકે તમારે મકાન બનાવવું છે. તમારે તે માટે ઈંટોની જરૂરત છે. જો તમારે એક લાખ ઈંટોની જરૂરત હોય તો તમે તે કેવી રીતે લાવવાના છો? માણસ દ્વારા, બળદગાડા દ્વારા કે ટ્રક દ્વારા લાવવાના હો તો દરેકની જુદી જુદી ગતિ થઈ. આમ મકાન બનાવવા માટે જે સામગ્રી લાવવાની છે તે તમે કેવી રીતે લાવવાના છો તે ધ્યાનમાં લેવાનું છે. કેટલી ઈંટોની, હજાર, લાખ કે દસ લાખની જરૂર છે? આનો અર્થ એ કે સંસ્કાર શુદ્ધ કરવાનું કેટલું કાર્ય તમે ચિત્તમાં સંગ્રહિત કરી રાખ્યું છે. આ એક બાબત (factor)

થઈ. બીજી બાબત એ છે કે તમે તેને કઈ ગતિથી શુદ્ધ કરી રહ્યા છો. એના ઉપરથી તમારી ઉન્નતિનાં સ્તર નક્કી થઈ જશે. તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ, મધ્યમ, મધ્ય–મધ્યમ,મંદમધ્યમ, મંદ, મંદતર અને મંદતમ એ નવ સ્તર તેની ઉન્નતિનાં– તેની ગતિનાં છે. ચેતના તમારા ચિત્તનું શુદ્ધિકરણ તથા સંસ્કારોનો ક્ષય કરતી હોય છે તે જોતા રહેવાનું છે. તે કઈ ગતિથી ચિત્તમાં થઈને ચૈતન્ય તરફ જાય છે તે જોવાનું છે. એક તો તમે કેટલો કચરો જમા કરી રાખ્યો છે તે એક બાબત છે. આ કચરો તમે કેટલી શીઘ્રતાથી શુદ્ધ કરો છો તે બીજી બાબત છે અને આ કચરાની સાફસૂફીની સાથે સાથે તમે બીજો નવો કચરો કેટલો જમા કરી રહ્યા છો એની ઉપર ઉન્નતિનો ક્રમ આધારિત છે. એ માટે ધીરજની જરૂરત પડશે.

જ્યારે સાધક એમ વિચાર કરવા લાગે છે કે 'આટલા સમયમાં આટલું ફળ મને મળવું જોઈએ', અથવા 'મને સાધના કરતાં આટલો સમય થઈ ગયો પણ હજુ સુધી અમુક પરિણામ મને પ્રાપ્ત થયું નથી' ત્યારે એ મનોભાવ સમર્પણ ભાવથી વિપરીત છે. એમ સમજવું રહ્યું કે આપની પ્રણાલી સમર્પણપ્રધાન પ્રણાલી છે. આમાં સાધકે ફકત સાધના કરવાની હોય છે. પરિણામ તો આપોઆપ યથાસમયે યથાયોગ્ય રીતે ઉપસ્થિત થતું રહે છે. (મળવાનું જ છે.) જ્યારે આપણે પરિણામ ઉપર ધ્યાન આપીએ છીએ ત્યારે સાધના ગૌણ બની જાય છે. સાધકને માટે તો સાધના મુખ્ય હોય છે અને પરિણામ ગૌણ હોય છે.

બધાં શાસ્ત્રો એ તરફ ઈશારો કરે છે કે સાધકે સાધનામાં ધૈર્ય અને ઉત્સાહ રાખવો. એ બન્ને શબ્દો આમ તો પરસ્પર વિરોધી લાગે. ધૈર્ય હોય તો ઉત્સાહ ન હોય અને ઉત્સાહ હોય તો ધૈર્ય ન હોય. પણ વિચાર કરતાં એમ સ્પષ્ટ થાય છે કે ઉત્સાહ ક્યાં હોવો જોઈએ ? સાધના કરવામાં ઉત્સાહ હોવો જોઈએ. અને ધૈર્ય ? સાધનાના ફળની પ્રાપ્તિમાં ધૈર્ય રાખવું જોઈએ. આ સાધનાનો સર્વ સામાન્ય સિદ્ધાન્ત છે, પછી ભલે ગમે તે પ્રકારની સાધનપ્રણાલી

હોય, તમે સાધના કરી શકો છો. *જેમ તમને કર્મ કરવાનો અધિકાર છે પણ કર્મના ફળમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર તમને નથી. તમે કર્મ કરી શકો છો. તે (કર્મ) કુશળતાપૂર્વક કરી શકો છો,* પરન્તુ કોઈ વિશેષ કર્મનું અમુક ફળ મળશે એવી કોઈ બાંહેધારી–ખાતરી નથી. આમ જે સાધનપ્રણાલી તમે સ્વીકારી છે તે પ્રમાણે કરી શકો છો. જેવો ભાવ તમારે રાખવો જોઈએ તેવો ભાવ તમે રાખી શકો છો, પરંતુ તે સાધનાનું, તે ભાવનાનું પરિણામ ક્યારે કેટલું આવશે તેની કશી બાંહેધરી કે ખાતરી આપવી અશક્ય છે. એના માટે તો સાધકના મનમાં ધૈર્ય હોવું જરૂરી છે.

ખૂબ જ ઝડપથી મેં આપને આ ઉન્નતિનો ક્રમ જણાવી દીધો છે. બધી સ્થિતિઓ બતાવી અને અંતિમ સ્થિતિની સમજ આપી છે. જે કરવાનું છે તેને સમય લાગશે. તેને માટે ધૈર્ય, પરિશ્રમ, સમર્પણ અને ભાવના જોઈશે. આ બધું એક સાથે થવું જોઈએ. તમારાં જેવાં કર્મો હશે તે પ્રમાણે તમારી ઉન્નતિ શીઘ્ર કે અતિશીઘ્ર રીતે થશે. પછી એક એવી સ્થિતિ આવી જશે કે જયારે ક્રિયાશક્તિની પાસે કશું કરવાનું બાકી રહ્યું નહિ હોય. તે વખતે ક્રિયાશક્તિ પોતાના કારણમાં વિલીન થઈ જશે. આત્મા પોતાના સ્વરૂપમાં અવસ્થિત થઈ જશે. સમાધિની સ્થિતિ પ્રાપ્ત થઈ જશે. એની વચ્ચે વચ્ચે પણ સમાધિની સ્થિતિ આવતી રહેશે– ક્યારેક સંપ્રજ્ઞાત, ક્યારેક સવિતર્ક તો ક્યારેક અન્ય પ્રકારની હશે. આમ આ ક્રિયાશક્તિ તમારું કલ્યાણ કરીને જ જશે. તેમાં તમારું કોઈ પણ પ્રકારનું અમંગળ કે અનિષ્ટ થવાનું જ નથી.

॥ શ્રીગુરુ મહારાજ કી જય ॥

પરિશિષ્ટ:૩

પ.પ.શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ તથા પ.પ શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરોનું સમીક્ષાત્મક અવલોકન

– શ્રી. ગોપાલભાઈ ભટ્ટ

(ખેડા જિલ્લાના વીરસદ ગામના વતની શ્રી. ગોપાલભાઈ ભટ્ટે અર્થશાસ્ત્ર વિષય સાથે એમ. એ.ની પદવી પ્રાપ્ત કરી છે. પ.પૂ. શ્રીમુક્તાનંદબાબાની આજ્ઞાથી પિતા શ્રી. જશવંતરાય પાસેથી જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ ચાર વરસ સુધી કર્યો છે. શ્રી. જશવંતરાય ભટ્ટે બનારસમાં અગિયાર વરસ રહીને અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. જ્યોતિષમાં સિદ્ધાંત, હોરા, ફલ જ્યોતિષનો અભ્યાસ કર્યો હતો અને શાસ્ત્રમાં નામના મેળવી હતી. શ્રી. ગોપાલભાઈના કુટુંબમાં છ પેઢીથી જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ પરંપરાગત રીતે ઊતરી આવ્યો છે. પ.પૂ. શ્રીમુક્તાનંદબાબાની અનુજ્ઞાથી જ આ વ્યવસાયમાં તેમણે ઝંપલાવ્યું છે. વ્યવસાયાર્થે ૧૯૭૧થી તેઓ યુરોપ , અમેરિકા, આફ્રિકા જેવા દેશોમાં છ સાત વખત પ્રવાસ કરી આવ્યા છે. જ્યોતિષશાસ્ત્રના લઘુપારાશરી, બૃહત્ જાતક, જાતક પારિજાતક, તારાવલિ, ફલદીપિકા, ઉત્તર કાલામૃત, ભાવાર્થ રત્નાકર જેવા અનેક ગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો છે. સાયન જ્યોતિષનો પણ તેમને અભ્યાસ છે. પ.પૂ. શ્રીમુક્તાનંદબાબા, પ.પૂ. શ્રીચંદ્રકિરણસ્વામી, પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજ તથા પ.પૂ. શ્રીપ્રેમ અવધૂતજી જેવા ઉચ્ચ કોટિના સંતોના સહવાસનો તથા આશીર્વાદનો લાભ તેમને મળ્યો છે.)

પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષર

જન્મ સમય : ૧૬–૪૫ (IST), ૧૬–૧૦ સ્થાનિક સમય.

જન્મ તારીખ : ૧૩–૮–૧૮૫૪, શ્રાવણ વદ ૫, શક ૧૭૭૬, રવિવાર

જન્મસ્થળ : માણગાંવ (સાવંતવાડી), મહારાષ્ટ્ર

શ્રીજન્મ લગ્ન



નવમાંશ



પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષર

જન્મ સમય : ૯–૧૮ (IST), ૯–૫૦ સ્થાનિક સમય.

જન્મ તારીખ : ૮ મે, ૧૮૯૨, વૈશાખ સુદ ૧૨, શક ૧૮૧૪, રવિવાર

જન્મસ્થળ : ઢાકા (બાંગલાદેશ)

શ્રીજન્મ લગ્ન



નવમાંશ



પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનો જન્મ શાલિવાહન શક સંવત ૧૭૭૬ના આનંદનામ સંવત્સરમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની પાંચમ (વરંષષ્ઠી) ને રવિવાર, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૮૫૪ના રોજ ભારતીય પ્રમાણસમય અનુસાર, બપોરે ૪ કલાક ને ૪૬ મિનિટે મહારાષ્ટ્ર પ્રાંતના સાવંતવાડી સંસ્થાનના માણગાંવ ગામમાં થયો હતો. જન્મ સમયે પંચાંગશુદ્ધિ હતી. તદનુસાર જન્મરાશિ મેષ તથા અશ્વિની નક્ષત્રનું બીજું ચરણ આવે છે. જન્મલગ્ન ધનુરાશિ વૃશ્ચિક નવમાંશમાં ઉદિત છે.

પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનો જન્મ શાલિવાહન શક સંવત ૧૮૧૪ના વૈશાખ સુદ બારસ ને રવિવારે, તારીખ ૮મી મે, ૧૮૯૨ના રોજ ભારતીય પ્રમાણસમય અનુસાર સવારના ૯ કલાકને ૧૮ મિનિટે ઢાકા નગરમાં (હાલ બંગલા દેશમાં) થયો હતો. જન્મરાશિ કન્યા આવે છે તથા જન્મ નક્ષત્ર હસ્તનું બીજું ચરણ છે. જન્મલગ્ન મિથુન રાશિ–મિથુન નવમાંશમાં ઉદિત છે.

પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનું ધનલગ્ન (ascendant) છે, જે પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજનું મિથુન લગ્ન હોવાથી (descendant) થાય છે. એકનું 'લગ્ન' બીજાનું સપ્તમ સ્થાન બને છે. બન્ને લગ્ન ભાવે સમસપ્તક છે, જે બન્નેના જીવનની સમાનતાનું સૂચક છે. બન્ને મહાત્માઓના જન્મના વાર રવિવાર છે. તેથી તેઓ આત્મજ્ઞાની હતા. :

आत्मज्ञानी सदा शूर : पैतृकः प्रियवल्लभ : ।
चतुरस्रतनुर्धीमान्रविवारे प्रसूयते ॥

રવિવારે જન્મનાર જાતક આત્મજ્ઞાની, સદા શૂરવીર, પરંપરાને અનુસરનાર, બધાનો વહાલો, સુંદર શરીરવાળો અને બુદ્ધિમાન હોય છે.

હંસયોગ : શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં લગ્નેશ ગુરુ લગ્નમાં સ્વગૃહી હોવાથી તથા શ્રીમદ્ લોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં મીન રાશિનો સ્વગૃહી ગુરુ દશમ ભાવમાં કેન્દ્રમાં હોવાથી પંચ મહાપુરુષ નામનો હંસયોગ થાય છે. 'જાતક પારિજાતક' અધ્યાય ૭ શ્લોક ૫૯ અને ૬૩માં આ યોગ વિશેનું વર્ણન આવે છે. બન્નેના જન્માક્ષરમાં કેન્દ્રમાં સ્વગૃહી ગુરુની હંસયોગની સ્થિતિ એ પ્રથમ સામ્ય છે. આ યોગમાં જન્મેલા બન્ને મહાનુભાવો સાધુ જીવન ગાળનારા અને શાસ્ત્રજ્ઞાનપરાયણ તથા શાસ્ત્રજ્ઞાનમાં અતિ નિપુણ હતા. 'જાતક પારિજાતક'માં આ વિશે વર્ણન છે :

रक्तास्योन्नतनासिकः सुचरणो हंसस्वर : श्लेष्मको ।
गौराङ्गः सुकुमारदारसहितः कन्दर्पतुल्यः सुखी ।।
शास्त्रज्ञानपरायणोऽतिनिपुणः श्रीहंसयोगे गुणी ।
यातोऽशीतिकमायुरेति स युगं साधुक्रियाचारवान् ।।

(અ . ૭, શ્લોક ૬૩)

બલવાન (વર્ગોત્તમી) ગુરુશુક્રની કેન્દ્રમાં ઉપસ્થિતિ હંસયોગ કરે છે. શાસ્ત્રનિષ્ઠા અને શાસ્ત્રાચારની આગ્રહવૃત્તિ સૂચવે છે. વેદાન્તનું જ્ઞાન આપે છે.

લગ્ન જીવન (વૈવાહિક જીવન) : પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં બલવાન (વર્ગ બલી) શુક્રની સપ્તસ્થાનમાં સ્થિતિ 'કારકો ભાવનાશાય' સૂત્ર પ્રમાણે સંન્યસ્તવૃત્તિ સૂચવે છે. સપ્તમેશ બુધ અષ્ટમ સ્થાનમાં તેના ઉપર શનિની જે દૃષ્ટિ છે તે તીવ્ર વૈરાગ્યસૂચક છે. વર્ગોત્તમી

ગુરુની સપ્તમથાન અને સપ્તમસ્થાનમાં રહેલ શુક્ર ઉપરની દૃષ્ટિના પરિણામે અને ભગવાન શ્રીદત્તાત્રેયની આજ્ઞાને કારણે વિવાહ થયો પરન્તુ વૈવાહિક જીવન અલ્પકાલીન નીવડ્યું. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં સપ્તમેશ ગુરુ ઉપર શનિની દૃષ્ટિ, નવમાંશમાં ગુરુ સપ્તમસ્થાનમાં, ચંદ્રથી સાતમે ગુરુ અને બલવાન ઉચ્ચ મંગળ અષ્ટમ ભાવમાં છે, જે વૈવાહિક જીવન પ્રત્યે ઔદાસિન્ય એટલે કે પ્રબલ સંન્યસ્તવૃત્તિ સૂચવે છે.

પ્રવજ્યા યોગઃ પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં લગ્નમાં વર્ગોત્તમી ગુરુ પરમહંસ યોગ સૂચવે છે. દશમ ભાવમાં રહેલ વર્ગબલી બલવાન મંગળની ચતુર્થસ્થાન ઉપરની દૃષ્ટિ પણ પ્રવજ્યા યોગ કરે છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં ચતુર્થસ્થાનમાં ચંદ્રશનિની યુતિ સંન્યાસ યોગ કરે છે. દશમે સ્વગૃહી ગુરુની તેના ઉપરની દૃષ્ટિ પ્રબલ સંન્યાસ યોગ કરે છે. તદુપરાંત અષ્ટમસ્થાને ઉચ્ચનો મંગળ નવમાંશમાં દશમે થઈને ચતુર્થ સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે. તે પણ પ્રવજ્યા યોગકારક છે. બન્નેની પત્રિકામાં ગુરુ બલવાન હોવાથી 'ભિક્ષુક' નામનો સંન્યાસયોગ થાય છે. આ યોગમાં જન્મેલ જાતક હાથમાં દંડ રાખી એકાગ્રચિત્તે પવિત્ર શાસ્ત્રોનું મનન ને શાસ્ત્રવચનાનુસાર પાલન કરતો સંન્યાસી થાય છે :

भिक्षुः स्यादेकदण्डी सततमुपनिषत्तत्त्वनिष्ठो महात्मा ।।

(जातक पारिजातक, अ.१५ श्लोक १६)

પરિવ્રાજકયોગ (અનિકેતી યોગ): પ.પ.શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે સમગ્ર ભારતનું ચાર વખત પગપાળા પરિભ્રમણ કરેલું. જ્યારે શ્રીલોકનાથતીર્થ સ્વામીજીએ રેલવે દ્વારા ભારતનાં અનેક શહેરોમાં પ્રવાસ

કરેલો. આ વિરોધાભાસ કાલચક્રના પરિવર્તનને કારણે છે. બન્નેની પત્રિકામાં તૃતીય સ્થાનના સ્વામી બલવાન છે. પૂ. શ્રીલોકનાથતીર્થ સ્વામીજીના જન્માક્ષરમાં તૃતીયેશ સૂર્ય ઉચ્ચનો થઈને એકાદશ સ્થાનમાં લગ્નેશ બુધની સાથે છે; જ્યારે પ.પૂ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં તૃતીયે શનિ છટ્ઠે રહીને પોતાના સ્થાનને (તૃતીય સ્થાનને) જુએ છે, જે પરિભ્રમણ – પરિવ્રાજક યોગ સૂચવે છે.

બન્ને મહાપુરુષોના જીવનમાં સતત પરિભ્રમણ રહેલ છે. પ.પૂ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં વ્યયેશ મંગળની ચતુર્થાધિપતિ ગુરુ ઉપર અને ચતુર્થ સ્થાન ઉપરની દૃષ્ટિ સ્થિર નિવાસનો નિષેધ દર્શાવે છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં ચોથા સ્થાનમાં ચંદ્ર શનિની યુતિ તથા ચતુર્થાધિપતિ બુધ ઉપર બલવાન (ઉચ્ચ) મંગળની પ્રબલ દૃષ્ટિ સ્થિર નિકેતન આપતું નથી. શ્રી. શંકરરાવ માર્કન્ડ દ્વારા વારાણસીમાં નિર્મિત આશ્રમ શ્રી. શંકરરાવ આર્થિક ભીડમાં આવ્યા એટલે સ્વામીજીએ તરત જ વેચીને આવેલી રકમ શંકરરાવને સુપ્રત કરી.

અપરિગ્રહ વૃત્તિઃ પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં દ્વિતીયેશ ચંદ્ર, શનિ સાથે ચતુર્થસ્થાનમાં (કેન્દ્રમાં) છે જે ધન માટે ઔદાસિન્ય એટલે અપરિગ્રહ વૃત્તિ સૂચવે છે. ખપ પૂરતા જ પૈસા તેઓ પોતાની પાસે રાખતા. શનિ વૈરાગ્યવૃત્તિસૂચક છે. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની પત્રિકામાં દ્વિતીયેશ શનિ રાહુની સાથે ષષ્ઠસ્થાનમાં છે તથા દ્વિતીયેશ શનિ ચંદ્રથી બીજે છે જે અપરિગ્રહ વૃત્તિને પુષ્ટિ પ્રદાન કરે છે.

ઉચ્ચપદનો અસ્વીકાર : પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી

મહારાજના જન્માક્ષરમાં દશમેશ બુધ અષ્ટમ સ્થાનમાં હોવાથી તથા પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં દશમેશ ગુરુ ઉપર સંન્યસ્તવૃત્તિના કારક શનિની દૃષ્ટિ હોવાથી ઉચ્ચપદોનો અસ્વીકાર બન્નેએ કર્યો હતો. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામીએ દ્વારકાના મઠાધિપતિ શંકરાચાર્યપદનો અસ્વીકાર કર્યો, જ્યારે પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામીએ ઢ ‌ાકાના શ્રીત્રિપુરલિંગ સરસ્વતી સ્વામીએ મઠાધિપતિ થવાની કરેલી વિનંતિ સ્વીકારી નહિ. તેવી જ રીતે પ.પ. શ્રીશંકરપુરુષોત્તમતીર્થ સ્વામી મહારાજે કાશીના 'સિદ્ધયોગાશ્રમના' મઠના ઉત્તરાધિકારી તરીકેનું પદ સ્વીકારવાની કરેલી વિનંતી પણ માન્ય રાખી નહિ.

આરોગ્ય (શારીરિક સ્વાસ્થ્ય): બન્ને મહાત્માઓનું શારીરિક સ્વાસ્થ્ય સામાન્ય પ્રકારનું હતું. બન્નેના જન્માક્ષરમાં લગ્નેશ (તન સ્થાનના સ્વામી) ઉપર બલવાન મંગળની દૃષ્ટિ છે. તે બન્ને શરીરમાં સમાન શારીરિક પીડા ઊભી કરે છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના લગ્નસ્થ (તન સ્થાનમાં) રહેલ શુક્ર ઉપર શનિની દૃષ્ટિ તથા ચતુર્થસ્થાનમાં ચંદ્ર શનિની યુતિ કફ, ઉધરસ જેવાં છાતીનાં દર્દ ઊભાં કરે છે. લગ્નેશ અને ચતુર્થેશ બુધ ઉપર ઉચ્ચ મંગળની દૃષ્ટિ તાવની બીમારી ઉત્પન્ન કરે છે. પ.પ. (શ્રીવાસુદેવાનંદ સરસ્વતી મહારાજના જન્માક્ષરમાં આરોગ્યસ્થાનમાં (ષષ્ઠ સ્થાનમાં) શનિરાહુની ઉપસ્થિતિ પેટના રોગો, અતિસાર, સંગ્રહણી જેવા આંતરડાંની નબળાઈના રોગોનો ઉદ્‌ભવ કરે છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજને બંધકોશની બીમારી હતી. બન્ને યોગી હતા એટલે ગમે તેટલી શારીરિક પીડા હોવા છતાંય આનંદી હતા. તેથી શારીરિક પીડા હસતે મોંએ સહન કરતા.

ઔષધિજ્ઞાન : બન્ને મહાત્માઓ ઔષધીય (વૈદ્યકીય) જ્ઞાન ધરાવતા હતા, પરંતુ તેઓ ઈષ્ટદેવને આધીન હોવાથી દવા લઈ શકતા નહિ. તેમનું ઔષધજ્ઞાન લોકોપકારક હતું. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની પત્રિકામાં ભાગ્યેશ કર્મેશ (દશમેશ)ની સૂર્યબુધની યુતિ તથા ષષ્ઠેશ શુક્ર ઉપર ગુરુની પૂર્ણ દૃષ્ટિ વૈદકસંબંધી જ્ઞાનની દ્યોતક છે. પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં ઉચ્ચનો સૂર્ય ઉપચય સ્થાનમાં છે અને ષષ્ઠેશ ઉચ્ચ મંગલ સૂર્ય સાથે કારકાખ્ય યોગ કરે છે. તે મેષ રાશિનું ફળ આપે છે. લગ્નેશ બુધ ઉચ્ચના સૂર્ય સાથે લાભસ્થાનમાં બેઠો છે. તેના ઉપર બલવાન ષષ્ઠેશ મંગળની દૃષ્ટિ છે, જે ઔષધિજ્ઞાન આપે છે.

મંત્રતંત્રાદિનું જ્ઞાન : પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની પત્રિકામાં પંચમસ્થાનમાં દેવતા નક્ષત્રમાં રહેલા ચંદ્ર ઉપર પંચમેશ મંગળ દશમેશ થઈને પંચમ સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે. તદુપરાન્ત લગ્નેશ સ્વગૃહી ગુરુની પંચમ સ્થાન ઉપરની દૃષ્ટિ મંત્રતંત્રાદિનું જ્ઞાન આપે છે. તેઓ મંત્ર, તંત્ર, વશીકરણ, ઉચ્ચાટનાદિ અભિચારના જ્ઞાતા હતા. તેથી પિશાચોને વશ રાખવા, મુક્તિ આપવી તથા આપત્તિમાં સંપડાયેલા ભક્તોની સહાયતા કરવાનું કાર્ય તેમણે કર્યું હતું. વ્યયભાવમાં (મોક્ષસ્થાનમાં) રહેલ મોક્ષદાતા કેતુની ઉપસ્થિતિ પુષ્ટિકારક નીવડી છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં પંચમેશ શુક્ર લગ્નમાં છે અને પંચમસ્થાનમાં રહેલ કેતુ ઉપર લગ્નેશ બુધની દૃષ્ટિ છે. તે મંત્રતંત્રાદિની વિદ્યામાં નૈપુણ્ય બક્ષે છે. હોશંગાબાદમાં તેમણે પિશાચોને વશમાં રાખીને તેમને મુક્તિ આપી હતી. બન્નેની પત્રિકામાં બલવાન સૂર્ય–મંગળ ગ્રહોની ત્રિકોણ સ્થાન (પંચમ સ્થાન) ઉપરની દૃષ્ટિ મંત્રતંત્રાદિ શાસ્ત્રની જાણકારી આપે છે.

લેખનકાર્યઃ પ.પ.શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે ઘણું બધું સાહિત્યસર્જન કર્યું છે. તેઓ દશગ્રંથી હોવાથી તેમને વેદ–વેદાન્ત અને પુરાણોની જાણકારી હતી. તેના ઉપર તેમણે પ્રવચન અને લેખનકાર્ય કર્યું છે. ભગવાન શંકરાચાર્યની જેમ તેમણે અનેક ભાવવાહી સ્તોત્રોની રચના પણ કરી છે. વર્ગોત્તમી બલવાન ગુરુની લગ્નમાં ઉપસ્થિતિ, ચંદ્રથી બીજે શનિ, ગુરુશુક્રનો સમસપ્તક અને સૂર્યબુધનો રાજયોગ આ કાર્ય માટે કારણભૂત છે. પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં લગ્નેશ–ચતુર્થેશ બુધ તથા ચતુર્થસ્થાનમાં રહેલ ચંદ્ર–શનિની યુતિ ઉપર બલવાન ગુરુની દૃષ્ટિ લેખનકાર્ય સૂચવે છે. તેઓએ અનેક ભક્તોને અસંખ્ય પત્રો લખ્યા છે. તેમાં તેમણે ભક્તોને તત્ત્વજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનનો ઉચ્ચકક્ષાનો બોધ આપેલો છે. અનેક સુંદર કાવ્યોની રચના પણ તેમણે કરી છે.

સિદ્ધિ–પ્રસિદ્ધિ : પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની પત્રિકામાં વર્ગબલી લાભેશ શુક્ર ઉપર બલવાન સ્વગૃહી ગુરુની દૃષ્ટિ, સિદ્ધિ પ્રસિદ્ધિ અને બહોળો શિષ્ય પરિવાર સૂચવે છે. તેવી જ રીતે પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં લાભેશ ઉચ્ચના મંગળની લાભસ્થાન ઉપર તથા લાભસ્થાનમાં સ્થિત લગ્નેશ બુધ અને ઉચ્ચના સૂર્ય ઉપરની દૃષ્ટિ પણ સિદ્ધિ, પ્રસિદ્ધિ અને મોટા શિષ્યપરિવારની પ્રદાતા બને છે. જાતક પારિજાતકના અધ્યાય ૭માં આવેલા ૯૦મા શ્લોકમાં ચંદ્રથી બીજા ભાવમાં શનિ હોય તો જાતક શહેર અને ગામોમાં રહેલા બહુ માણસો વડે પૂજાનાર, ધનવાન, સારી બુદ્ધિવાળો અને સર્વ કામોમાં હોશિયાર થાય છે. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં ચંદ્રથી બીજા ભાવમાં શનિ છે.

पुरग्रामस्थिताशेषै : पूजितो धनवान् सुधी :।
निपुण : सर्वकार्येषु चन्द्राद्वित्तगते शनौ ॥

(अ.७ श्लोक १०)

સાધના : બન્ને મહાપુરુષો જન્મથી જ સિદ્ધ પુરુષો હતા. આમ તેઓ ૨૧ વરસ સુધી તપસ્વી જીવન જીવ્યા અને નાની ઉંમરે જ તેમણે પૂર્વજન્મના તપોબળથી લોકોત્તર કાર્યો કરેલાં. પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે ગૃહસ્થાશ્રમ ભંગ થયા પછી તરત જ સંન્યાસ ગ્રહણ કર્યો અને પછી દંડ ધારણ કર્યો, જેનું શ્રેય લગ્ને રહેલ બલવાન ગુરુ અને મોક્ષસ્થાનમાં રહેલ કેતુને જાય છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજની પત્રિકામાં પંચમસ્થ રહેલ કેતુ પૂર્વજન્મમાં કરેલી સાધના બતાવે છે, જે આ જન્મમાં સિદ્ધિ સાથે ફળદાયી નીવડી છે. એકવીસ વરસની ઉંમરે તેમને *'દક્ષિણ તરફ જાવ'* એવો દૈવી આદેશ થયો. તેથી તેઓ દક્ષિણમાં, મધ્યપ્રદેશમાં હોશંગાબાદ આવ્યા, જ્યાં તેમણે પિશાચોને મુક્તિ આપી અને અનેક મુમુક્ષ સાધકોને વેધદીક્ષા પ્રદાન કરી, જેમાં પ્રમુખ શિષ્ય પ.પૂ. શ્રીગુળવણી મહારાજ હતા.

મોક્ષદાતા યોગ : પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં વ્યયભુવનમાં (મોક્ષસ્થાનમાં) કેતુની ઉપસ્થિતિ મોક્ષદાતા યોગ દર્શાવે છે. 'केतुः ददाति कैवल्यम् ।' મોક્ષસ્થાનનો માલિક (વ્યયેશ) યોગકારક મંગળ વર્ગોત્તમી થઈને અધિકાર (દશમ) સ્થાનમાં બેઠો છે. મોક્ષદાતા કેતુ મોક્ષસ્થાનમાં (વ્યયસ્થાનમાં) મંગળની રાશિમાં હોવાથી અષ્ટાંગયોગનું સંપૂર્ણ જ્ઞાન આપે છે. પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં પંચમ સ્થાનમાં કેતુની સ્થિતિ તથા પંચમેશ શુક્ર વ્યયેશ (મોક્ષસ્થાનનો માલિક) થઈને લગ્નમાં છે, જે મોક્ષદાતા યોગ કરે છે. તદુપરાન્ત 'યોગ' કારક ઉચ્ચનો મંગલ

લાભેશ થઈને અષ્ટમ સ્થાનમાં (મોક્ષ ત્રિકોણમાં) બેઠો છે. એ મંગળ નવમાંશમાં દશમ સ્થાનમાં (અધિકાર સ્થાનમાં) ગુરુના ગૃહમાં છે. નવમાંશમાં કેતુની મોક્ષસ્થાનમાં ઉપસ્થિતિ પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં કેતુની સ્થિતિનું સામ્ય બતાવે છે. ચતુર્થસ્થાનમાં ચંદ્રશનિની યુતિ ઉપર બલવાન ગુરુની (દશમેશની) દૃષ્ટિ તેમને ધ્યાનયોગના સિદ્ધ અને તેના પ્રવર્તક બનાવે છે.

કુલદીપક, અમલા અને ગજકેસરી યોગ : બન્ને મહાત્માઓના જન્માક્ષરમાં કુલદીપક યોગ છે. આ યોગ લગ્નમાં અને કેન્દ્રમાં બુધ, શુક્ર અને ગુરુ હોવાથી તથા દશમે મંગળ હોવાથી થાય છે:

लग्ने शुक्रबुधौ यस्य केंद्रे चैव बृहस्पति : ।
दशमोंऽगारकश्चैव स ज्ञेयः कुलदीपक : ॥

પ.પ. શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના જન્માક્ષરમાં કેન્દ્રમાં લગ્નમાં બલવાન ગુરુ છે. તદુપરાન્ત દશમે વર્ગબલી મંગળ છે જે કુલદીપક યોગ કરે છે. તેવી જ રીતે પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં કેન્દ્રમાં દશમ સ્થાનમાં સ્વગૃહી ગુરુ કુલદીપક યોગ ઉપરાન્ત અમલા યોગ કરે છે.

लग्नाद्वा चन्द्रलग्नाद्वा दशमे शुभसंयुते ।
योगोयममला नाम कीर्तिराचन्द्रतारकी ॥
राजपूज्यो महाभोगी दाता बन्धुजनप्रिय :।
परोपकारी गुणवानमलायोगसंभव : ॥

(जातक पारिजातक, अ.७ श्लोक ११९, १२०)

ચંદ્રથી અથવા લગ્નથી દશમા સ્થાનમાં શુભ ગ્રહ હોવાથી અમલા યોગ થાય છે. આ યોગમાં જન્મેલ વ્યક્તિની કીર્તિ ચંદ્ર ને તારાઓ જ્યાં સુધી રહે

ત્યાં સુધી રહે છે. તે રાજપૂજ્ય, પરોપકારી, ગુણવાન દાતા અને મનુષ્યોમાં પ્રિય હોય છે. ગુરુ ચંદ્રથી કેન્દ્રમાં હોવાથી ગજકેસરી યોગ થાય છે, જે પ.પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજના જન્માક્ષરમાં જોવા મળે છે:

केन्द्रस्थिते देवगुरौ मृगांकात् योगस्तदाहुर्गजकेसरीति ॥(११६)

गजकेसरी संजातस्तेजस्वी धनधान्यवान् ।
मेधावी गुणसंपन्नौ राजप्रियकरो भवेत् ॥

(जातक पारिजातक, अ.७ श्लोक ११७)

ગુરુચંદ્રનો નવપંચમ, સમસપ્તક યોગ કેન્દ્ર ત્રિકોણમાં થયો હોવાથી આ જ પ્રકારનું ફળ આપે છે.

ઉપરોક્ત પ્રબલ યોગોને કારણે શાસ્ત્રવચનાનુસાર આચરણ કરનારા મોક્ષ આપવાનો અધિકાર (ગુરુત્વ) ધરાવતા બન્ને મહાત્માઓને પોતાના શિષ્યોને પોતાના સમકક્ષ બનાવવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું છે. આ પ્રમાણે બન્ને મહાત્માઓના જીવનમાં બનેલ ઘટનાઓ જ્યોતિષશાસ્ત્રના સિદ્ધાન્તો પ્રમાણે ઘણું સામ્ય ધરાવે છે.

જે મહાપુરુષોનું પંચમહાભૂતો ઉપર પ્રભુત્વ હોય, નિયતિની શક્તિ ઉપર પણ નિયમન હોય એવા ઈશ્વરતુલ્ય સત્પુરુષોના જન્માક્ષર જન્મ સમયના આધારિત ગ્રહોની સ્થિતિવિશે સમીક્ષાત્મક વિવેચન કરવું એટલે આકાશને ફૂટપટ્ટીથી માપવા સમાન છે. શાસ્ત્રોને માન આપનાર સત્પુરુષો શાસ્ત્ર પ્રમાણે આચરણ કરતા હોય છે. આ બન્ને મહાપુરુષોના જન્મસમયના ગ્રહો આધારિત જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ કરેલું આ સમીક્ષાત્મક વિવેચન જ્યોતિષશાસ્ત્રમાં રસ ધરાવતા વાચકોને ગમશે એવી શ્રદ્ધા રાખું છું.

પરિશિષ્ટ:૪

પ.પ.શ્રીલોકનાથતીર્થ સ્વામી વિરચિત પદો..

(૧)

અબ તો વિનતિ હમારી નાથ સુનિયે,
ડૂબ રહા હૂં ભવસાગર બીચ,
કામ હમારા કીજિયે, ॥ ધ્રુ.॥

વાસના ઓઘ નીરગંભીર
કૃષ્ણતરંગતાને ખેલ રહે,
હોકર નાવિક ભવસિન્ધુમેં,
અબ તો દીનકો તારિયે (૧)

આયે હમ નાથ શરણમેં,
છોડકર લોકલાજ આપકી.
લોકનાથકો લોકનાથ અબ,
કૃપાદૃષ્ટિસે અવલોકિયે. (૨)

(૨)

અસાર સંસાર ગુરુતર પાપભાર,
એકમાત્ર સાર, હરિપદ રે.

પાપદહન સુખદ સુહિત ચરણ,
ભજત અનુદિન મુનિજન રે. (૧)

શ્રીહરિચરણ સમ નહિ આન પાવન,
ભવદુઃખ દારણ વિનાશન રે, (૨)

આનંદ નિકેતન પરમપુનિત શ્રીપતિ ચરણ,
કાહે નાહી મન ધ્યાવત રે. (૩)

[ગુરુવાર તા. : ૨૦/૪/૧૯૫૦]

(૩)

આનંદઘન શ્રીશામસુંદર,
હરિવૃન્દાવન વિપિનવિહારી.

યશોદાનન્દન મોહન મુરલીવાદન,
હરિકાલિન્દી પુલીન વિહારી. (૧)

વૃષભાનુસુતા કૃતપરિણય,
હરિકેશવ સુંદરવનમાલિ. (૨)

ઈન્દીવરકાન્તિ ઈન્દુવદન,
ગોપીમનમોહન શ્રીરાસબિહારી. (૩)

(૪)

રઘુવર અબ તો રાખો મેરી લાજ,
મુજ સરીખ ગરીબ નાહી,
તુમ સરીખ ગરીબનવાઝ.
સુગ્રીવ જબ શરણ આયો,
દિયો ધન,ઘર અરુ રાજ. (૧)

વિભીષણ જબ શરણ આયો,
કિયો લંકા કે અધિરાજ.

જબ જબ આપદ આયો ભક્તન પર,
તબ તબ તુમ ભયો રખબાર. (૨)

અબ કી બેર મુજકો સંભારો,
ગરીબપરવર મહારાજ.
વ્યાઘગીધગનિકા તાર્યો,
તાર્યો રીંછ વાનર અપાર. (૩)

લોકનાથ કો અબ તો તારો,
સમરથ અબોધ નરેશકુમાર. (૪)

(૫)

ચિદ્‌ઘન શ્રીશામસુંદર,
શમન પ્રબલ શમન.
મામુદ્ધર મુરલીધર ધીવર,
ભવવારિધિ તારણ. (૧)

શામય પાપં હર મે તાપમ્,
વિસ્તારય મનસિ વિવેક વિચારમ્.
પરમં કુરુ મે પ્રસાદમ્,
મુનિમનરંજન. (૨)

દામોદર પરમ ઉદાર,
ભક્તાનુમુદિત અશેષ ગુણમંદિર.
પરમંદારમ્ અપનયનમ્
શ્રીમધુસૂદન. (૩)

(૬)

ઓ ભાઈ કાનાઈ આય ગોઠે જાઈ,
બાજાઈએ મોહનવેણૂ.
પૂરવ ગગને ઓઈ રાગાવરણે,
દેખ રે ઉઠે છે ભાનુ. (૧)

ઓઈ દેખ રે જત ધેનુ વત્સગણ,
તોર પાને ધાય હરિ.
મુખોબુલ ખિલાય આય રે તોરાય,
ચલ ગોઠે જાઈ ચરાબો સકલ ધેનુ. (૨)

શાખે શાખે શિખી ડાકે થાકિ થાકિ,
કાકોલી કોકિલ કલકંઠ ગાયે.
ઓ તોર અધરે મધુર હાસિ બડ ભાલો બાસિ,
હાસિયે હાસિ બાજાયે વેણૂ. (૩)

સારા નિશિ તોર ના હેરિ ચન્દ્રવદન,
વ્યાકૂલ હોએ છે મોર મન.
હેરિબો મોહનમૂરતી અંગે પીતદ્યુતિ,
રક્તિમ અધરે પૂરિત વેણૂ. (૪)

કિબા ચાચર ચીકૂર માથાય પ્રચુર,
શિખિપુચ્છ શોભે સુંદર શામલ તનૂ.
અરુણ વરણ ચરણે નૂપુર,
બાજે રુણુ ઝુણુ રુણુ ઝુણુ (૫)

ગલે વનમાલ નયન વિશાલ,
ભુજદ્વય લંબિત જાનુ.

વિશાલવક્ષે શ્રીવત્સ કૌસ્તુભ,
સુંદર મનમોહન. (૬)

કંઠે વૈજયન્તીમાલા શોભે ભાલો,
કાશ્મીર ચંદન ચર્ચિત તનૂ.
અનુપમ તવ રૂપ હેરિ મુદિત ગોપ ગોપી,
ભુવનમોહન સુંદર કાનૂ. (૭)

વને વને શાખી કત ખેલા કોરિબી,
ઓ ભાઈ કૌતુક કુશલ કાનૂ.
લુટાબે ધરાય નાખીયે માથાય,
લોકનાથ તવ ચરણ રેણુ. (૮)

પરિશિષ્ટ : ૫
ઢાકેશ્વરી મંદિરનું સ્થળાન્તર

॥ વંદે માતરમ્ ॥
આનંદ બજાર પત્રિકા
વર્ષ: ૮૮ અંક : ૨૩૨ સોમવાર કાર્તિક બારશ શક ૧૪૦૮

બાંગાલ દુર્ગા

(એટલે પૂર્વ બંગાળની દુર્ગા)

૨૭મી જુન, ૧૯૫૦ની યુગાન્તર પત્રિકામાં આવેલા સમાચાર : "*મૂળ પૂજારીના વંશજ શ્રી.રાજેન્દ્રલાલ (કિશોર) તિવારી અને શ્રીવ્રજેન્દ્ર દોબે (ઢાકાના કાયેતટુલી વિસ્તારમાં લાલાબાબૂ નામથી પરિચિત) કોલકાતામાં આવ્યા છે.*"તેમનો હાથ પકડીને જ ઢાકાની ઢાકેશ્વરી દુર્ગા સીમા ઓળંગીને કોલકાતામાં સન ૧૯૪૯ના સપ્ટેમ્બર મહિનામાં આવી. ૨૩, હરચન્દ્રમલ્લીક સ્ટ્રીટ (શોભા બજાર) માં રહેતા શ્રી. દેવેન્દ્રનાથ ચૌધરીના ઘરમાં માતાજીએ પ્રથમ પગલાં મૂક્યાં. થોડા જ મહિનાની અંદર મણીંદ્ર કોટન મિલ, મણીંદ્ર આઈસ ફેકટરી વગેરેના માલિક શ્રી. દેવેન્દ્ર ચૌધરીએ કુમારટુલી વિસ્તારમાં બીજું ઢાકેશ્વરી મંદિર બાંધ્યું. (૭/એ, કુમારટુલી સ્ટ્રીટ, કોલકાતા–૫). તેમાં ૨૯મી સપ્ટેંબર ૧૯૫૦માં માતાજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી. એવી માન્યતા છે કે ઢાકામાં મંદિરનું નિર્માણ અને મૂર્તિની પ્રતિષ્ઠા રાજા માનસિંગે ૭૦૦ વરસ પહેલાં કરી હતી. અષ્ટધાતુની બનેલી આ મૂર્તિ ૨૩ ઈંચ ઊંચાઈ ધરાવે છે. મહિષાસુરના શિરે પાઘડી છે અને તે પાઘડી ઉપર ચતુર્ભુજ વિષ્ણુનું ચિત્ર છે. પૂર્વબંગાલના લોકોએ (ભાગલા) પહેલાંનાં સંસ્મરણો યાદ કરીને પૂજાસમારંભમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દેશના ભાગલાના સમયનાં સંસ્મરણો અને ઢાકામાં થતી પૂજાનાં સ્મરણો લોકો કરતા હતા ત્યારે જાણે ઢાકા જ કોલકાતામાં મૂર્તિમન્ત આવી ગયું છે, એવું લાગતું હતું.

বন্দে মাতরম্
আনন্দবাজার পত্রিকা
৮০ বর্ষ ২০২ সংখ্যা সোমবার ১২ কার্তিক ১৪০৮

বাঙাল দুর্গা

১৯৩০-এর ২৭ জুন [illegible] পত্রিকায় সংবাদ [illegible] বংশধর [illegible] এবং [illegible] (ঢাকা কায়েতটুলির [illegible] বলিয়া পরিচিত) কলিকাতায় আসিয়াছেন...।' তাঁদের হাত ধরেই ঢাকার ঢাকেশ্বরী-দুর্গা [illegible] পৌঁছে কলকাতায় এসেছিলেন '৪৮-এর সেপ্টেম্বর মাসে। প্রথম পাঁচ বছর পুজো হয় [illegible] মল্লিক স্ট্রিট (শোভাবাজার) দেবেন্দ্রনাথ চৌধুরীর বাড়িতে। [illegible] মধ্যেই [illegible] ছিল, [illegible] মালিক [illegible] চৌধুরী কুমারটুলিতে প্রতিষ্ঠা করেন দ্বিতীয় ঢাকেশ্বরী মন্দির (১/৩ এ, কুমারটুলি স্ট্রিট, কলকাতা-৫)। দেবীর [illegible] '৫০-এর ২১ সেপ্টেম্বর। [illegible] এই মূর্তি ও মন্দির প্রতিষ্ঠা করেছিলেন [illegible]। অষ্টধাতুর মূর্তি (২০ ইঞ্চি)। [illegible]

[illegible] নিশ্চয়ই। [illegible] ছিল 'ম্যাপ' [illegible] ছিল তাঁরা [illegible] [illegible] কুমারটুলিতে। [illegible] দেশভাগের পর [illegible] আর [illegible] ও [illegible] ঢাকা।

(ટીપ : ઢાકેશ્વરી મંદિરને કાલી બાડી એટલે કાલી મંદિર કહેવામાં આવતું. એવું કહેવામાં આવે છે કે રાજા માનસિંગ જ્યારે પૂર્વ બંગાલમાં ગયા હતા, ત્યારે ઢાકેશ્વરી મંદિરમાં તે વખતે જે કાલીમાતાની મૂર્તિ હતી તે લઈ આવ્યા અને તેની જગ્યાએ દુર્ગામાતાની મૂર્તિની સ્થાપના કરી. હાલમાં જયપુરમાં અંબર પેલેસમાં કાલીમાતાની જે મૂર્તિ છે તે મૂર્તિ ઢાકેશ્વરીની કાલીમાતાની છે, એવું પણ કહેવાય છે.)

પરિશિષ્ટ:૬

સંદર્ભ ગ્રંથો અને માહિતીની સૂચિ

(૧) શ્રીનારાયણ ઉપદેશામૃત :

લેખક: શિવોમ્પ્રકાશ બ્રહ્મચારી, પ્રકાશક : યોગશ્રી પીઠ ટ્રસ્ટ, ઋષિકેશ : ૨૪૯ ૨૦૧

(૨) યોગવિભૂતિ

લેખક: સ્વામી શિવોમ્તીર્થ, પ્રકાશક: યોગશ્રી પીઠ ટ્રસ્ટ, ઋષિકેશ: ૨૪૯ ૨૦૧

(૩) શ્રી જાંબવંતસિંહ તથા શ્રી. નાના ભાલેરાવ અને તેમના પરિવારની પ્રત્યક્ષ મુલાકાત લઈને પૂ. સ્વામીજી વિશે માહિતી પ્રાપ્ત.

—મૂળ મરાઠી ચરિત્ર લેખક: શ્રી .અ. સિ. પોટભરે

(૪) ઢાકા અને ઢાકેશ્વરી મંદિર પરિસરની માહિતી

ડો. શ્રી. રમાકાન્ત મિશ્રાની સહાયથી ગેઝેટમાંથી પ્રાપ્ત.

મૂળ લેખક: શ્રી. અ. સિ. પોટભરે

(૫) ઢાકેશ્વરીની તસવીર

***Illustrated Weekly** માંથી મળી છે. મૂળ મરાઠી ચરિત્રમાં તે છે.*

મૂળ લેખક: શ્રી.અ.સિ. પોટભરે

(૬) રાજપથ કે પથિક

લેખક : સ્વામી શ્રીનારાયણદેવતીર્થ પ્રકાશક: સંન્યાસ આશ્રમ, નારાયણ, દેવાસ(મ.પ્ર.)

પ.પ. શ્રીગંગાધરતીર્થ સ્વામી મહારાજની ગુરુ પરંપરા અંગે પ.પૂ. શ્રીશિવોમ્તીર્થ મહારાજે *રાજપથ કે પથિક* ગ્રંથની ભૂમિકામાં લખ્યું છે: "ગુરુદેવ શ્રીગંગાધરતીર્થ બ્રાહ્મણ કુળ ઉત્પન્ન અમરકંટક નિવાસી શ્રીપરમાનંદજીના શિષ્ય હતા. શ્રીપરમાનંદજી મુખરજી કુલોત્પન્ન હાવડા નિવાસી શ્રીઅયોધ્યાપુરીજીના શિષ્ય હતા. શ્રીઅયોધ્યાપુરીજીએ તુંગભદ્રા નદીને કાંઠે આવેલ ભદ્રાચલ ગામના નિવાસી શ્રીવિશ્વનાથજી પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી.



પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ
ચરણાધિષ્ઠાન

"આપણે જેટલા પણ ગુરુભાઈ
યોગી ગુરુ શ્રીનારાયણદેવતીર્થનાં સંતાન,
બ્રહ્મચારી અને સંન્યાસી છીએ. તે સર્વમાં
શ્રીલોકનાથતીર્થ સ્વામીનું જીવન તપોમય છે.
તેઓ હંમેશાં ત્યાગનો જ સ્વીકાર કરતા રહ્યા.
એમનું જીવન શુદ્ધ, સાત્ત્વિક અને તપોમય છે.
તેઓ અત્યંત સરલચિત્ત સાધુપુરુષ છે."

- યોગેન્દ્ર વિજ્ઞાની
('મહાયોગવિજ્ઞાન'ના લેખક)

એષ યોગસ્ય પરમો વિધિઃ ॥
- ગીતાશાંકર ભાષ્ય (૬.૨૫)

પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ
મહાયોગ સાધક નિવાસ, નાશિક-૫

પ. પ. શ્રીલોકનાથતીર્થ સ્વામી મહારાજ મહાયોગ, સાધકનિવાસ, નાશિક-૫



સાધકનિવાસના ભોંયરામાં આવેલ ધ્યાનમંદિર